શ્રી પ્રાચીન—
સ્તવનાદિ સંગ્રહ.

સંગ્રહ કર્તા—
પન્યાસજી શ્રી તિલકવિજયજી મણિવર.

પ્રકાશક—
ભાવનગર શ્રી જૈન સંઘ પુસ્તકાલય.

॥ શ્રી ઋષભસ્વામિને નમઃ ॥

શ્રી

પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ.

સંગ્રહ કર્તા—

પન્યાસજી શ્રી તિલકવિજયજી ગણિવર.

卐

પ્રકાશક—

ભાભેર શ્રી જૈન સંઘ પુસ્તકાલય.

મુદ્રક,
એ. બી. મહેતા.
પાલીતાણા-બી. પી. પ્રેસ

આવૃત્તિ ૧ લી.
પ્રત ૨૦૦૦.

વિક્રમ સં. ૧૯૯૩.
વીર સંવત ૨૪૬૩.

સમર્પણ પત્રિકા.

જૈનશાસન માન્ય નિષ્કલંક ચારિત્રપાત્ર સુવિહિત નામધેય પરમપૂજ્ય ગુરૂમહારાજશ્રી પન્યાસપ્રવર **શ્રી તિલકવિજયજી** ગણીવર તથા પૂજ્યપાદ્ શાન્તમૂર્તિ નિર્મલ ચારિત્રરત્ન ગુરૂરાજશ્રી મુનિપુંગવ **શ્રી બુદ્ધિવિજયજી** મહારાજની પવિત્ર સેવામાં—

આપશ્રીએ આપના શુદ્ધ ચારિત્ર અને નિર્મલ બ્રહ્મચર્ય તેમજ
શુભ જ્ઞાન ક્રિયાદિના પ્રભાવથી સદ્ધર્મોપદેશ આપીને અનેક ભવ્ય
જીવોને સમ્યક્ત્વ રૂપ દેશવિરતિ તેમજ સર્વવિરતિ આદિ પ્રાપ્ત
કરાવીને શુદ્ધ શિવમાર્ગે ચડાવવા રૂપ શાસનમાં પરમઉપકાર
કર્યો છે અને વર્તમાનમાં પણ તેવીજ રીતીએ સુશીલજીવો
સત્વરથી અચલાનંદ રૂપ શિવમાર્ગ તરફ વળે તે
માટે આપશ્રીજી ઉદ્યત છો અને મને પણ
ભવોદધિ અસાર સંસાર તરવા જહાજ સમાન
પરમ પવિત્ર પારમેશ્વરી પ્રવજ્યા પ્રદાન કરીને
આપશ્રીએ મહાન્ સદુપકાર કર્યો છે. તે
સદુપકારનું સ્મરણ કરવા બદલ આ
જનપ્રિય પુસ્તક આપશ્રીજીઓને
સમર્પણ કરી મારા આત્માને
સુકૃતાર્થ માનું છું.

લી૦ ભવદીય બાલભૃત્ય,
શિષ્યાણુ ભુવનવિજય.

પ્રસ્તાવના.

જુદી જુદી જાતના ગ્રન્થો તેમજ પુસ્તકોમાંથી પ્રાચીન સ્તવનાદિઓનો તેમજ ભિન્ન ભિન્ન જાતના અસરકારક ઉપદેશક પદોનો સંગ્રહ કરી આ પુસ્તક છપાવવામાં આવ્યું છે. જો કે! આવા પુસ્તક માટે પ્રસ્તાવનાની જરૂર ન હોય છતાં આ પુસ્તકમાં શું શું વિષય છે તે ધર્મરસીકજનોને જાણવાને માટે આ પુસ્તકની પ્રસ્તાવના લખવી હું ઉચિત માનું છું.

સ્તવનાદિઓમાં આવતા રાગો તથા ભાવાર્થો માણસની આધિ વ્યાધિ અને ઉપાધિ વિગેરેને ભૂલાવી સ્વપરને આનંદ આપનાર તથા આરોગ્યને સારી અસર કરનાર એક ચીજ છે. ગાયક સુંદર રીતે અને સહૃદયતાથી ગાતો હોય ત્યારે આસપાસના અશાન્તિ વાતાવરણને દૂર કરી આનંદમય વાતાવરણ કરી મૂકે છે. બ્હાનાથી તે મ્હોટા સુધી દરેકને સંગીત ગાવું અગર સાંભળવું બહુ પ્રિય લાગે છે, પ્રાયઃ સ્થળે સ્થળે સ્તવન સજ્ઝાયાદિ સાંભળવામાં એટલાં બધા લોકો શોખીન હોય છે કે ગાયક સારો હોય તો તે પોતાનાં અનેક કામોને દૂર કરી સાંભળવામાં અગ્ર ભાગ લ્યે છે, અને ઘણા બરા લોકોની માગણી પણ પ્રાચીન સ્તવનાદિ પ્રત્યેની હોય છે અને પ્રાયઃ જ્યાં જોઇએ ત્યાં શાસન રસિકોની માગણી પ્રાચીન સ્તવન સજ્ઝાયાદિ પુસ્તક માટેની હોય છે, તો તેવા શાસન રસીકોની મનોભિલાષાને પૂર્ણ કરવાને માટે આ અમારી પ્રથમ આવૃત્તિ પુસ્તકાકારે લોક સમક્ષ રજુ થાય છે અને હું એમ ધારું છું કે આ પુસ્તકમાં આવેલા વિષયોનો સંગ્રહ કરવામાં સંગ્રહ કર્તાનો પ્રયત્ન સાફલ્ય કરવામાં અને બહુ પુસ્તકોમાં શોધતાં તરત નહિ મલે એવાં પ્રાચીન સ્તવન સજ્ઝાય તેમજ અનેક વૈરાગ્યમય પદો વિગેરેથી ભરપૂર એવા આ

પ્રિય પુસ્તકનો સદુપયોગ કરવામાં ધર્મ-પ્રિયજનો અનહદ પ્રયત્ન કર્યા વિના રહેશે નહિ એવી હું આશા રાખું છું.

વિ. આ પુસ્તકની અંદર આવેલા પ્રાચીન ચૈત્યવંદનાદિને લખવા લખાવવામાં પન્યાસજી મહારાજ **શ્રી તિલકવિજયજી** ગણિએ અત્યંત પ્રયાસ કર્યો છે અને પન્યાસશ્રીજીએ આ પુસ્તકની અંદર ચૈત્યવંદનો સ્તુતિઓ અને અતિશય વૈરાગ્ય રસીક સ્તવનો તથા વૈરાગ્યમય અને નહિ છપાયેલી એવી સારી સજ્ઝાયોનો ઘણો શ્રેષ્ટ સંગ્રહ કરેલો છે. તદુપરાંત પ્રેસ કોપી તથા પ્રુફો ઘણો શ્રમ લઇને સવ્વતે સુધારેલ છે અને આ વખતે પ્રથમાવૃત્તિમાં શુધિ તરફ ઘણું લક્ષ રાખેલ છે છતાં કદાચ પ્રેસ દોષથી તેમજ દૃષ્ટીદોષથી અશુધિ રહી હોય તો તે દ્વિતીયાવૃત્તિમાં સુધરશે.

આ પ્રિય પુસ્તકની શરૂઆતમાં વયોવૃદ્ધ શાંતમૂર્તિ ચારિત્રપાત્ર તપોનિષ્ઠ દાદા ગુરૂ શ્રી ૧૦૦૮ શ્રીમાન્ જીતવિજયજી મહારાજનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત આપેલું છે ત્યારપછી ક્રમે ક્રમે પ્રભુસ્તુતિના ૨૨ શ્લોકો, ચૈત્યવંદનો ૫૧, વીશ સ્થાનકના દુહા ૨૦, સ્તવનો ૧૪૧ થોયોના જોડાઓ ૭૦, વૈરાગ્ય રસીક સજ્ઝાયો ૧૧૯, ઉપદેશક પદો ૧૯, બોધદાયક દુહાઓ ૪૧ અને પાછળના વિભાગમાં પાંચમા આરાનું કિંચિત સ્વરૂપ અપાયેલું છે અને ત્યારપછી પ્રભુ આરતી લાવણીઓ વિગેરે વિગેરે યોગ્ય વિષય આપેલો છે. તે સુજ્ઞવાંચકને પુસ્તકની અનુક્રમણીકા વાંચવાથી વાકેફ થવાશે. આ પુસ્તક પ્રગટ કરવામાં પૂજ્યપાદ મુનિરત્ન શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજના પરમ વિનેયી મુખ્ય શિષ્યરત્ન મુનિરાજ શ્રી શાન્તિવિજયજી મહારાજના સદુપદેશથી શ્રાવક શ્રાવિકા વર્ગની આ પુસ્તક માટેની જે સહાય મળેલી છે તે ધર્મીજનોનાં મુબારક નામોની યાદી આપવામાં આવી છે.

સંવત ૧૯૯૩.
મહાશુકલ એકમ.

લી૦ ચરણારવિંદ મુનિ **ભુવનવિજય.**
ઠે૦ શાન્તિભુવન—**પાલીતાણા.**

આ પુસ્તક છપાવવામાં મદદ આપનારના મુબારક નામો.

રૂા.	નામ.	
૨૦૦)	ધાયણોદવાળા દોશી વાડીલાલ હેમચંદ	
૧૦૦)	શ્રી ભાભેર સંઘ તરફથી.	
૧૦૦)	શા. મણીલાલ કરમચંદ હા. બ્હેન મણી પાટણ.	
૭૫)	શેઠ ડોસાભાઈ ખેંગારદાસના પુત્ર હેમચંદ ભાઈની ધર્મપત્ની બાઈ દીવાળીના સ્મરણાર્થે તેમના સાસુ બાઈ મેનાબાઇ ગામ સમીવાળા તરફથી.	
૭૫)	શેઠ ડામરશી રામચંદ તથા મફતલાલ રામચંદ ગામ સમીવાળા તરફથી.	
૫૦)	સીનરવાળા શેઠ સરૂપચંદ ગોવનજી તરફથી.	
૫૦)	શા. કેશવલાલ ભુરાભાઇ ગામ વીરમગામ વાળા તરફથી તેમના ભાઇના સ્મરણાર્થે.	
૩૧)	મણીઆર જીવરાજ હીરાચંદના પુત્રો તરફથી.	
૨૧)	બાઇ હસ્તુ તારાચંદ હા. બ્હેન મણી હરગોવિંદ જીવરાજ	રાધનપુર
૧૧)	શેઠ મણીલાલ કરમચંદ	”

રૂા.	નામ.	
૧૧)	શા. કાલીદાસ અમૃતલાલ દોશી	રાધનપુર
૧૫)	બેન જાસુદ મણીઆર જીવરાજ હીરાચંદની દીકરી.	,,
૧૧)	શા ખાતે શા હરગોવિંદ જીવરાજ	,,
૨૫)	વોરા લખમીચંદ પીતામ્બર તરફથી હા. માંડલવાળા શા. કરશનભાઈ તથા ગુલાબચંદ	
૨૫)	તપગચ્છની બાઇઓ તરફથી	મુ. માંડલ.
૧૫)	મોરખીઆ નરોતમદાસ મનસુખ	રાધનપુરવાળા.
૧૫)	માંગરોલવાળા બ્હેન જસોદા તરફથી શેઠ સવચંદ કચરાભાઈ મારફત.	
૧૦)	રાધનપુરવાળા શા. જમનાદાસની મારફત જ્ઞાનખાતાના.	
૧૦)	નાસીકવાળા શા. દેવીચંદ ચંદનમલતરફથી	
૧૦)	રાધનપુરવાળા શા. ચીમનલાલ માસુખ-લાલ ડોકટર.	
૧૧)	શા. ચુનીલાલ કમળશી હળવદવાળા તરફથી	

અનુક્રમણિકા.

પ્રાસ્તાવિક શ્લોકાદિ સંગ્રહ.

વિષય.		પૃષ્ટ.
૧ જીનેંદ્ર સ્તુતિ.	...	૧
૨ પંચ પરમેષ્ટિ સ્તુતિ....	...	૩
૩ પ્રાતઃસ્મરણ.	...	૪

ચૈત્યવંદન સંગ્રહ.

વિષય.		પૃષ્ટ.
૪ શ્રી ઋષભદેવસ્વામીનાં	બે ચૈત્યવંદન.	... ૫–૨૯
૫ શ્રી શાંતીનાથજીનું	”	... ૫
૬ શ્રી નેમિનાથજીનાં	ત્રણ ”	... ૫
૭ શ્રી પાર્શ્વનાથજીનાં	” ”	...૬–૨૮–૨૮
૮ શ્રી મહાવીરસ્વામીનાં	” ”	...૬–૩૨–૩૩
૯ બીજનું એક	” ”	... ૬
૧૦ પંચમીનાં	” ”	... ૭–૮
૧૧ અષ્ટમીનાં બે	”	... ૯–૧૦
૧૨ એકાદશીનાં ત્રણ	”	૧૦–૧૧–૩૧
૧૩ રોહિણી તપનું	”	... ૧૨
૧૪ નવપદજીનાં બે	”	... ૧૨–૧૩
૧૫ વર્ધમાન તપનાં ચાર	”	... ૧૪
૧૬ વીશ સ્થાનકનાં બે	”	... ૧૫
૧૭ પર્યુષણનાં ત્રણ	”	૧૬–૨૬–૨૭
૧૮ આવતિ ચોવીશીનાં બે	”	... ૧૭
૧૯ શ્રીમંધરસ્વામીનાં બે	”	... ૧૮–૧૯

વિષય.			પૃષ્ટ.
૨૦ વીશ વિહરમાનનું	ચૈત્યવંદન	...	૧૯
૨૧ એકસોને સીતેર જીનનું	”	...	૨૦
૨૨ બાવન જીનાલયનું	”	...	૨૦
૨૩ ચોવીશ તીર્થંકરના લંછનના બે	”	...	૨૦–૩૦
૨૪ અઢાર દોષ રહિતનાં બે	,,	...	૨૧–૨૨
૨૫ પંચતીર્થનું	,,	...	૨૨
૨૬ સિદ્ધાચળજીનું	,,	...	૨૨
૨૭ પુંડરીકસ્વામીનું	,,	...	૨૩
૨૮ ચૌદસો બાવન ગણધરનું	,,	...	૨૩
૨૯ ઉપદેશક	,,	...	૨૪
૩૦ દીવાળીનું	,,	...	૨૫
૩૧ જીનેશ્વરની સ્તુતિનું	,,	...	૨૫
૩૨ શાસ્વતા જીનનું	,,	...	૨૮

અથ સ્તવનાદિ સંગ્રહ.

વિષય.			પૃષ્ટ.
૧ શ્રી સંભવનાથજીન સ્તવન.	...	...	૩૪
૨ શ્રી પદ્મપ્રભજિન બે ,,	...	...	૩૫–૪૨
૩ શ્રી સુવિધિનાથજિન બે સ્તવન.	...	...	૩૫–૧૫૩
૪ શ્રી શાન્તીનાથ જિન ચાર સ્તવન.			૩૬–૬૮–૧૪૯–૧૫૬
૫ શ્રી કુંથુનાથ જિન બે ,,	...	...	૩૬–૬૮
૬ શ્રી અરનાથ જિન બે ,,	...	...	૩૭–૬૩
૭ શ્રી મલ્લિનાથ જિન એક ,,	...	...	૩૮
૮ શ્રી મુનિસુવ્રતસ્વામિ જિનએક ,,	...	...	૩૯
૯ શ્રી નેમીનાથપ્રભુનાં ત્રણ ,,	...		૪૦–૪૩–૪૬

વિષય.			પૃષ્ટ.
૧૦ શ્રી પાર્શ્વનાથ જિનનાં સાત—			
	સ્તવન.		૪૦-૪૧-૪૩-૧૦૨-૧૦૩-૧૫૨-૩૭૫
૧૧ મહાવીરપ્રભુના સ્તવનો, હાલરીયાં ચાર.			૪૨–૫૮–૬૧–૩૭૮
૧૨ સાતમી આંગી રચના પૂજાની ઢાળ.		...	૪૪
૧૩ શ્રી નમિનાથનું	સ્તવન	...	૪૫
૧૪ શ્રી સિદ્ધાચળજીનાં પાંચ	,, ,,		૪૬–૫૧–૫૫–૯૩–૧૪૪
૧૫ શ્રી આદિનાથજીનાં ૭	,, ,,		૪૭--૫૦--૫૪--૯૪ થી ૯૬–૧૪૮
૧૬ શ્રી વિજય શેઠ અને વિજયા રાણીનું સ્તવન.			૪૮
૧૭ શ્રી પર્યુષણ પર્વનું સ્તવન.	...	...	૫૩
૧૮ પ્રભુ પ્રાર્થના પદ ...		... ...	૫૪
૧૯ શ્રી પદ્મનાભસ્વામિનું સ્તવન.		... ...	૫૪
૨૦ શ્રી ગૌતમસ્વામીનો વિલાપ બે સ્તવન.		...	૫૭ ૧૨૦
૨૧ શ્રી અજીતસ્વામીનું	,,	...	૬૨
૨૨ શ્રી સુપાર્શ્વસ્વામીનું	,,	...	૬૩
૨૩ શ્રી બીજતિથિની ઢાળ ૨	,,	...	૬૪ થી ૬૬
૨૪ શ્રી જ્ઞાનપંચમીની ઢાળ ૬	,,	...	૬૫ થી ૭૧
૨૫ શ્રી અષ્ટમીની ઢાળ ૨	,,	...	૭૨ થી ૭૩
૨૬ શ્રી અષ્ટમીની ઢાળ ૪	,,	...	૭૩ થી ૭૬
૨૭ અગ્યારસની ઢાળ ૩	,,	...	૭૬ થી ૮૧
૨૮ શ્રી સિદ્ધચક્રજીનાં સ્તવન બે.		... ...	૮૨ થી ૮૫
૨૯ શ્રી વર્દ્ધમાન તપની ઢાળ ૩		... ...	૮૫ થી ૮૮
૩૦ વીશ સ્થાનકની ઢાળ		... ...	૮૯
૩૧ વીશ સ્થાનક તપ પૂજાના દુહા ૨૦		...	૯૦ થી ૯૨
૩૨ શ્રી અષ્ટાપદજીનું સ્તવન.		... ...	૯૩
૩૩ શ્રી વિમળનાથજીનું ,, ,,		... ...	૯૬

વિષય.			પૃષ્ટ.
૩૪ શ્રી ધર્મનાથજીનું સ્તવન	...	...	૯૭
૩૫ નેમિનાથજીનાં સ્તવન ત્રણ	...		૯૯-૧૦૨-૧૪૧
૩૬ શ્રી મહાવીર પ્રભુનાં સ્તવન ચાર.			૧૦૪ થી ૧૦૮
૩૭ શ્રી સાધારણ જીનનું ,,	...	...	૧૦૯
૩૮ ચૌદ સ્થાનકે ઉપજતા જીવોનું સ્તવન.		...	૧૧૦
૩૯ કુમતિને હિતશિક્ષાનું સ્તવન.	...	...	૧૧૧
૪૦ સાસુ વહુના સંવાદનું ,,	...	...	૧૧૨
૪૧ વીશ વિહરમાનનાં બે ,,	...	...	૧૧૩-૧૪૮
૪૨ શ્રીમંધરસ્વામીનાં			
સ્તવન અગીયાર. ૧૧૪ થી ૧૧૯-૧૫૧-૩૭૬-૩૭૭			
૪૩ સિદ્ધનું સ્તવન.	...	...	૧૨૦
૪૪ પાંચ કારણની ઢાળ ૬	...		૧૨૧ થી ૧૨૬
૪૫ સમકિતની ઢાળ ૭	...		૧૨૭ થી ૧૩૩
૪૬ પડાવસ્યકની ઢાળ ૬	...		૧૩૪ થી ૧૩૮
૪૭ પુખણું ઢાળ ૨	...	...	૧૩૮ થી ૧૪૦
૪૮ શ્રી સિદ્ધાચલજીનાં પાંચ.		...૧૪૫-૧૪૬-૩૭૪-૩૭૫	
૪૯ ચોવીશ તીર્થંકરના આંતરાનું.	...	...	૧૪૭
૫૦ પ્રતિમા સ્થાપનનું.	...	...	૧૫૦
૫૧ અભિનંદનસ્વામીનું.	...	...	૧૫૨
૫૨ વાસુપૂજ્યનું.	...	...	૧૫૪
૫૩ અનંતનાથજીનું.	...	...	૧૫૫
૫૪ વેદની કર્મની પૂજાની ઢાળ	...	...	૧૫૭
૫૫ રાયણ પગલાંનું સ્તવન.	...	...	૩૭૩
૫૬ પ્રભુ ગુણ ગાયન બે.	...	...	૩૭૮
૫૭ કેશરીઆજીની લાવણી.	...	...	૩૭૯

વિષય.		પૃષ્ટ.
૫૮ નેમનાથજીની લાવણી.	... ...	૩૮૦
૫૯ તપ પદ પૂજાની ઢાળ ૨.	... ...	૩૮૧-૩૮૨

સ્તુતિઓનો સંગ્રહ.

વિષય		પૃષ્ટ
૧ બીજની સ્તુતિ જોડો ૧	... ...	૧૫૮
૨ પંચમીની " જોડા ૪	... ૧૫૯-૧૬૦-૧૬૧-૩૮૩	
૩ અષ્ટમીની "	... ...	૧૬૨
૪ એકાદશીની " જોડા ૪	... ૧૬૨-૧૬૩-૧૬૪-૩૮૪	
૫ રોહિણીની " જોડા ૩	... ૧૬૪-૧૬૫-૧૬૪.	
૬ સિદ્ધચક્રની " જોડા ૫	૧૬૫-૧૬૬-૧૬૭-૧૬૮-૧૬૫	
૭ નવપદજીના દુહા સ્તુતિ.	... ...	૧૬૮
૮ વર્ધમાન તપની ,,	... ...	૧૭૦
૯ વીશ સ્થાનકની ,,	... ...	૧૭૦
૧૦ પર્યુષણના જોડા ૩ ,,	...	૧૭૧-૧૭૨-૨૦૩
૧૧ સિદ્ધાચળજીની તથા ગિરનારજીના જોડા ૫ સ્તુતિ.		૧૭૩-૨૦૧-૨૦૧-૨૦૨-૩૮૨
૧૨ શ્રી સુમતિનાથજીની ,,	... ...	૧૭૪
૧૩ નેમનાથજીના જોડા ૨ ,,	... ...	૧૭૫-૧૮૬
૧૪ મહાવીરસ્વામીના જોડા ૪ ,,	...	૧૭૬-૧૮૭-૧૮૮-૨૦૨
૧૫ શ્રીમંધર પ્રમુખ વિચરતા જીનના જોડા ૫ સ્તુતિ.	...	૧૭૭-૧૮૭-૧૯૫-૨૦૧
૧૬ દશત્રિકની સ્તુતિ.	... ...	૧૭૮
૧૭ રૂષભ દેવજીના જોડા ૨ સ્તુતિ....	...	૧૭૮-૨૦૨
૧૮ અભિનંદનસ્વામીની ,,	... ...	૧૭૯
૧૯ વાસુપૂજ્યની ,,	... ...	૧૮૦

	વિષય.	પૃષ્ટ.
૨૦	ધર્મનાથજીની સ્તુતિ	૧૮૦
૨૧	શ્રી શાંતિનાથજીના જોડા ૩ સ્તુતિ.	૧૮૧–૧૮૬–૧૮૮
૨૨	નમિનાથ તથા નેમિનાથજીના જોડા ૩ સ્તુતિ.	૧૮૨–૧૮૫–૧૮૬
૨૩	પાર્શ્વનાથજીના જોડા ૪ સ્તુતિ. ...	૧૮૩–૧૯૩–૧૯૪–૨૦૨
૨૪	અરનાથજીના જોડા ૨ ,, ...	૧૮૪–૧૯૧
૨૫	મલ્લિનાથજીના જોડા ૨ ,, ...	૧૮૪–૧૯૧
૨૬	સાધારણ જીનની ,, ...	૧૮૭
૨૭	નવતત્ત્વની ,, ...	૧૮૯
૨૮	અધ્યાતમની ,, ...	૧૯૦
૨૯	સુધર્મા દેવલોકની ,, ...	૧૯૨
૩૦	વીરવિજયજી કૃત સ્તુતિઓ ચારવાર બોલાય.	૧૯૬ થી ૨૦૦
૩૧	પંચતીર્થિની સ્તુતિ.	૨૦૩

અથ સજ્ઝાય સંગ્રહ.

	વિષય.	પૃષ્ટ.
૧	શ્રી દશવૈકાલિકની સજ્ઝાય ઢાળ ૧૧. ...	૨૦૪ થી ૨૧૫
૨	શ્રી ઉત્તરાધ્યયનની ” ઢાળ ૫ જુદી જુદી	૨૧૬ થી ૨૧૯
૩	શ્રી ભગવતી સૂત્રની ”	૨૨૦
૪	શ્રી વયર મુનિની ” સાંભળજ્યો તુમે અદ્‌ભૂત વાતો.	૨૨૧
૫	શ્રી ખંધક મુનિની ” ઢાળ ૨ ...	૨૨૩–૨૪૪
૬	શ્રી જંબુસ્વામીની ” રાજગૃહી નગરી વસે.	૨૨૫
૭	શ્રી રૂકમણીની ” વિચરંતા ગામોગામ.	૨૨૬
૮	શ્રી દેવાનંદાની ” જીનવર રૂપ દેખી મન હરખી.	૨૨૭
૯	હોકાની ”	૨૨૮
૧૦	ચરણકરણ સિત્તરીની ”	૨૨૯ થી ૩૧૩
૧૧	અસજ્ઝાય વારકની ”	૨૩૦

	વિષય.		પૃષ્ટ.
૧૨	ઉત્તરાધ્યયનની સજ્ઝાય	વીરવિમળ કેવળ ધણીજી	૨૩૨
૧૩	શ્રી કેશી ગોયમની	" એ દોંય ગણધર પ્રણમીએ	૨૩૪
૧૪	ગોચરીના સડતાલી દોષની સજ્ઝાય.	...	૨૩૫ થી ૨૩૮
૧૫	દશ ચંદ્રવાની સજ્ઝાય	ઢાળ ૩ ...	૨૩૮ થી ૨૪૨
૧૬	ચિત્ત ભલદત્તની સજ્ઝાય	ચિત્ત કહે ભલરાયનેરે	૨૪૨ થી ૨૪૪
૧૭	પડિક્કમણાની	" કર પડિક્કમણું ભાવશું.	૨૪૪
૧૮	નાલંદા પાડાની	" એક નાલંદે પાડે પ્રભુજીએ	૨૪૫
૧૯	સોલ સ્વપ્નની	" ઢાળ ૨ ...	૨૪૭ થી ૨૫૧
૨૦	છઠા રાત્રિભોજનની	"	૨૫૧
૨૧	વીર પ્રભુની	" સમવસરણ સિંહાસનેજી	૨૫૨
૨૨	જીભડલીની	"	૨૫૩
૨૩	આંબિલ તપની	"	૨૫૩ થી ૨૫૫
૨૪	માન ત્યાગની	"	૨૫૫ થી ૨૮૪
૨૫	કાયા માયાની	" કાયા માયા દોનું કારમી	૨૫૬
૨૬	અગીયાર પડિમાની	"	૨૫૭
૨૭	માયાની	" માયા કારમીરે....	૨૫૮
૨૮	ગૌતમસ્વામીની	" શ્રી ગૌતમ પૃછા કરે	૨૫૯
૨૯	વિજય શેઠની	"	૨૬૧
૩૦	ચૌદ પૂર્વની	"	૨૬૧ થી ૨૬૩
૩૧	મધુબિંદુના દૃષ્ટાંતની	"	૨૬૪
૩૨	સ્થુલિભદ્રની બે	" એકદિન કોશા ચિત્તરંગે	૨૬૫-૨૭૭
૩૩	જીતવિજયજી મહારાજજી કૃત સજ્ઝાયો ૫		૨૬૬-૨૭૧
૩૪	આષાઢા મુનિની સજ્ઝાય	ઢાળ ૫ ...	૩૭૧-૨૭૪
૩૫	ઢુંઢક પચવીશી	"	૨૭૪ થી ૨૭૬
૩૬	નેમ રાજીમતીની	"	૨૭૮ થી ૨૮૦
૩૭	અગ્યારસની	"	૨૮૦

	વિષય.	પૃષ્ટ.
૩૮	ત્રેશઠ શલાકા પુરૂષની સજ્ઝાય ...	૨૮૧ થી ૨૮૩
૩૯	આત્મહિત શિક્ષાની " ચેતના કહે કરજોડીનેરે,	૨૮૫
૪૦	અભક્ષ્યની " જીનશાસનરે. ...	૨૮૬
૪૧	અઢાર નાતરાંની " ઢાળ ૩ ...	૨૮૭ થી ૨૯૧
૪૨	અર્જુન માલીની " સદ્‌ગુરૂ ચરણે નમી કહુ સાર.	૨૯૨
૪૩	કર્મ પચીશીની " પેખ કર્મ ગતિ પ્રાણીઆ.	૨૯૩ થી ૨૯૫
૪૪	ધડપણની " ધડપણ તું કાં આવીયેા.	૨૯૬
૪૫	રૂતુવંતીની " સુણુસોભાગી.	૨૯૬
૪૬	તમાકુ પરિહારની સજ્ઝાય કંત તમાકુ પરિહરો.	૨૯૭
૪૭	હરિશ્ચંદ્રની " સત્ય શિરોમણી હરિશ્ચંદ્ર પૃથ્વીપતિ	૨૯૯ થી ૩૦૨
૪૮	બેરંદ્રિની સજ્ઝાય બેરંદ્રિ બોલેરે મુખથી એહવું	૩૦૩
૪૯	ચોરાસી લાખ જીવાયોનીનેા છપ્પેા સજ્ઝાય.	૩૦૪
૫૦	શ્રી નાગદત્ત શેઠની સજ્ઝાય ...	૩૦૪ થી ૩૦૮
૫૧	પર્યુષણ પર્વની "	૩૦૯
૫૨	બીજની સજ્ઝાય બીજ કહે ભવી જીવનેરે લેાલ.	૩૧૦
૫૩	પાંચમની " શ્રી ગુરૂ ચરણ પસાઉલેરે લેાલ.	૩૧૧
૫૪	શ્રી નવપદજીની સજ્ઝાય.	૩૧૨
૫૫	મન વશ કરવાની " ઢાળ ૨ ...	૩૧૪ થી ૩૧૫
૫૬	જીવદયાની સજ્ઝાય આદિજીનેશ્વર પાય પ્રણમેવ	૩૧૫ થી ૩૧૭
૫૭	દ્વારિકાનગરીની સજ્ઝાય બળતી દ્વારિકા દેખીને રે ભાઇ	૩૧૭ થી ૩૧૯
૫૮	બલભદ્રજીની સજ્ઝાય શામાટે બંધવમુખથી નબેાલેા.	૩૧૯ થી ૩૨૧
૫૯	જંબુકુમારનું ચેાઢાળીયું.	૩૨૧ થી ૩૨૪
૬૦	શાલિભદ્રજીની સજ્ઝાય રાજગૃહીનગરી મેાઝારેાજી સ. બે	૩૨૫-૩૨૮
૬૧	મારૂદેવી માતાની સજ્ઝાય ઢાળ ૨ ...	૩૨૯ થી ૩૩૧

	વિષય.	પૃષ્ટ.
૬૨	સુંદરીના આયંબિલની સઝાય... ...	૩૩૧
૬૩	રાજુલ અને રહનેમિનો સંવાદ. ...	૩૩૩
૬૪	નાગિલા અને ભવદેવની સઝાય. ...	૩૩૪
૬૫	નારકીની સઝાય ઢાળો ૬	૩૩૫ થી ૩૩૯
૬૬	અયવંતી સુકુમાલનુ તેરઢાળીયું ...	૩૩૯ થી ૩૫૩

ઉપદેશક પદોનો સંગ્રહ.

૧	જીતવિજયજી માહારાજજીના અવશાનની કવાલી ૨	૩૫૪-૩૫૭
૨	સાંકળચંદ કૃત પદો ૨	૩૫૮
૩	કાયા અને જીવનો સંવાદ.	૩૫૯
૪	કાયાને જીવનો ઉત્તર.	૩૬૦
૫	કન્યાવીક્રય કરનાર માબાપને પુત્રિનો શ્રાપ. ...	૩૬૧
૬	વ્યશનીનાં લક્ષણ.	૩૬૨
૭	સટોરીઆને શીખામણ.	૩૬૩
૮	જીવને તૃષ્ણાનુ પ્રાબલ્ય.	૩૬૪
૯	જીવને શીખામણનું પદ.	૩૬૫
૧૦	ઉપદેશક પદ અરે એ ભાઇ જંજાળી. ...	૩૬૬
૧૧	રડવા કુટવા વિષે કવાલી.	૩૬૭
૧૨	કાળને ભરોસે નહી રહેવા વિષે પદ. ...	૩૬૮
૧૩	કર્મ રાજાની વિચિત્રતા.	૩૬૯
૧૪	દલપત કવી કૃત પદ બે. ...	૩૬૯ થી ૩૭૧
૧૫	શીયલ વિષે પદ ધન્ય શીયલ વ્રત ધારીને ...	૩૭૧
૧૬	પરસ્ત્રી વિષે તુ નેત્રે નારીને નીરખિ. ...	૩૭૨
૧૭	શ્રી આદિજીનની આરતી, ...	૩૮૫
૧૮	શ્રી વર્ધમાન જીન આરતી, ...	૩૮૫
૧૯	શ્રી મંગળ દિવો.	૩૮૫-૩૮૫
૨૦	શ્રી પાંચમા આરાનું સ્વરૂપ.	૩૮૬-૩૯૬
૨૧	બોધદાયક દુહા સંગ્રહ.	૩૯૭-૪૦૦

॥ मणीपद्म जितहीर सद्गुरूभ्यो नमः ॥

વિશ્વ વિખ્યાત વાગડવાળા જૈન મહામુનિવર-
શ્રી જિતવિજયજી દાદાનું જીવન ચરિત્ર.

પ્રકરણ ૧ લું.

પૂર્વાવસ્થા.

મનફરામાં ઉકાજી અને અવલબાઈ.

આર્યના **રપા** દેશ પૈકિ કચ્છ નામનો એક વિશાળ દેશ છે. તેના "વાગડ" નામના પ્રાંતમાં **મનફરા** ગામ છે. તેમાં જૈનધર્મે દૃઢ અને શ્રદ્ધાળુ શ્રેષ્ટી **ઉકાજી** નામે રહેતા હતા તેમને **અવલબાઈ** નામના **ધર્મપત્નિ** જાણે અવલગુણોનો 'ગણુકોષ' હોયનિ શું!! તેમણે નિજ સ્વામીને કહ્યું કે તમારા સાથે ધાર્મિક પ્રશ્ન કરૂં, તેનો યથાવિધ ઉત્તર મલવાને દોહદ સમાન હોંશ પૂર્ણ કરશો. આ ટાંકણે શ્રીમતિ અવલબાઇ સગર્ભા અને પૂર્ણમાસવાળા હતા. પ્રશ્નના ઉત્તરમાં ઉકાજી અથડાયા, છેવટે બંનેને સંતોષ પમાડવાને ગર્ભે રહેલા ઉત્તમ જીવે માતાના મુખથી પૂરો પાડયો. જેથી પુત્રનો જન્મ થાય તો જયમલ્લ નામ હોય તો સારૂ.

જયમલ્લનો જન્મ.

આ પવિત્ર દંપતિ આપણા ચરિત્રનાયકના **પિતા-માતા** થાય છે. વિક્રમ સં. **૧૮૯૬** ના ચૈત્ર શુકલ દ્વિતિયા-૨ દિવસે થયો હતો. ક્રમે જયમલ્લ નામ પાડયું. પુત્રની હસ્તચરણની **રેખાઓ** ઉત્તમ ચિન્હોને ધારણ કરતી હતી. મુખની આકૃતિ અને શરિરનો

બાંધો લઢપુઢ હોવાથી સર્વને પ્રીય થઇ પડે તેમાં નવાઇ નથી. ઉભા થઇ ચાલતા શિખ્યા ઉકાજી શેઠ આ પુત્રના જન્મ પછી વેપારમાં અને સુધજતમાં વૃદ્ધિ પામતા હોવાથી મહાજનના મોટાઓની ગણત્રીમાં જોડાયા. જયમલ્લકુંવરની વય પાંચથી–સાત વર્ષની થઈ. આ ઉમ્મર ગોઠિયા–મિત્ર સાથે રમત ગમ્મતમાં પસાર કરવાથી ખાસ જરૂર હવે તેને નિશાળે ભણવા બેસાડવાની છે.

જયમલ્લનું નિશાળે ભણવા જવું.

સાતવર્ષની વયે જયમલને નિશાળે ભણવા બેસાડ્યા. આ સમયે ગામઠી નિશાળો ચાલતી હોવાથી થોડાજ અરસામાં ક્ષયો પશમના બળે પૂર્વ કર્માભ્યાસથી વેપારી વર્ગનુ કામકાજ કરી શકે તેટલો સારો વિદ્યાભ્યાસ થયો. અને સર્વે નિશાળિયામાં ' વડાનિશાળિયા ' તરિકે માસ્તરે સ્થાપ્યા. માસ્તરનો પણ પ્રેમ મેળવ્યો. પાંચ વર્ષમાં તો ' બુદ્ધિનું એક નિધાન ' હોયનિ શું ! તેવા લાયકને ગુણી થયા.

' લગ્ન કરવાને માબાપની ઉમેદ '

માબાપને હવે સંસારી લાહો લેવાનું મન થયું. તેથી જ્ઞાતિમાં કોઇ સારી કન્યા જોડે જેમલના ' પાણી ગ્રહણ ' ની વાત ચાલતી હતી. તેટલામાં અણધારેલ બનાવ બની આવ્યો, તેથી તે વાત તુર્ત માટે બંધ રહી.

' આંખોનો દુઃખાવો અને અંધત્વ પ્રાપ્તી '

કર્મ પાસે કોઇનું ચાલતું નથી. આંખ્યોનો દુઃખાવો મટાડવાને માબાપે અનેક પ્રકારના ઉપચાર કર્યા. પરંતુ કોઈ રીતે આરામ નજ થયો. પોતે અને સંબંધી વર્ગ આ પીડાથી બહુ દિલગીર થયા. પણ કરે શું ? ! ઉદય આવેલ કર્મ અવશ્ય જીવે ભોગવવાનુ છે. એમ ધારીને ધર્મ બુદ્ધિવંત જયમલે એક મહાન્ અભિગ્રહ ધારણ કરી લીધો.

વીશમી સદીનો અનાથી મુનિ.

શ્રમણ ભગવંત શ્રી મહાવીર દેવના સમયમાં કૌશાંબી નગરીના એક કોડપતિ જૈન શ્રેષ્ઠી વર્યને ' **અનાથી** ' નામે પુત્ર હતો. તેમને એક દિવસ એવો વ્યાધિ શરીરમાં થઈ આવ્યો, કે કોઇ રીતે સહન થતો નહોતો. માબાપે ધનવંત્રી જેવા રાજવૈદ્યોને બોલાવી ઉપચાર કર્યો, કોઇ રીતે આરામ નજ થયો. ત્યારે ધર્મરક્ત અનાથીએ અભિ-ગ્રહ ધારણ કર્યો કે- ' જો વ્યાધિ મટી જાય તો હું સંજમ વ્રત ગ્રહણ કરૂં ! આમ ચિંતવતાંજ વ્યાધિ તદ્દન દૂર થયો. જે દેખતાંજ ઘરથી બહાર નીકળીને ચારિત્ર અંગીકાર કર્યું.

આપણા અનાથી જયમલ.

જેમ મૂળ અનાથીને વ્યાધિ દૂર થવાના કારણે શ્રીમતિ દિક્ષા લેવાનું કારણ થયું, તેમ જયમલને આંખ્યોના અસહ્ય વ્યાધિ નહિં સહન થયો; ને આંખ્યો વિકલ એટલે તદ્દન ' અંધત્વ ' પ્રાપ્ત થયું ચચાર વર્ષ આ દુઃખ ભોગવાયું. પછી આ દશામાં એક દિવસ એવી ભાવના જાગૃત થઈ કે-' જો મારી ગયેલ આંખ્યો પાછી આવે તો હું દિક્ષા લેવાનો અભિગ્રહ કરૂં છું. અને ત્યારથી ચતુર્થ વ્રતને અંગિકૃત કરૂં છું ' આમ વિચાર થવાના સાથેજ જયમલ-ભાઇ દેખતા થયા. મનફરા ગામમાં આ એક ભારે આશ્ચર્ય ગણાયું ! ! કેવી વિચિત્રતા ! જયમલે પણ પૂર્વના અનાથી મુનિના પેઠેજ કર્યું.

' ખુશાલી પૂર્વક હવે માબાપની હોંશ. '

એકદમ ઉતાવળો વેગ કરવા લાગી. પુત્રની ગયેલ આંખ્યોની પુનઃ પ્રાપ્તિ દેખતા લગ્ન કરી નાંખીને આપણા શિરથી બોજો ઓછો કરવો. સંસાર ચક્રનું ચોગઠું ગોઠવાયાનું નિશ્ચય થતાં વખતે જયમલે માબાપને સંભળાવી દીધું કે-મેં નિયમ કર્યોની તમોને વાત કરી છે. તો કોઇ રીતે હું પરણવાનો નથી. અને જો પરણું તો શિવસુંદરી માટે પ્રથમ દિક્ષા કુમારીનેજ ગ્રહણ કરવાનો છું. કહો ધારેલ ટેક તથા ધર્મવ્રત પ્રત્યે કેટલો બધો ઉત્સાહી રાગ .....આનું નામ વૈરાગ્ય.....

માબાપની બાજી ઉંધી વળી.

ઘણી ઘણી રીતે માબાપ અને સગા સંબંધીઓએ જયમલને વિનવ્યો. કે હે ભાઇ! 'તું કોઇ રીતે માન્ય. અને લગ્ન કર.' આ વચનો શ્રવણીને ઉદાસિન થતાં સર્વેને **'ના'** કહીને મૌનત્વ સેવ્યું.

'યોગ્ય શાસ્ત્રાભ્યાસની જરૂર.'

શ્રીમાન પંચમચક્રિ સોહમ જિનપતિ દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના અધિષ્ઠાયિક દેવોની મારાપર પૂર્ણ કૃપા બની આવ્યાથી આંખ્યો નવી આવી છે. તો જરૂર જેટલો શાસ્ત્રાભ્યાસ કરી લઉ. અને માબાપને સાથે લઇ તિર્થાધિરાજ શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરી તેમને રાજી રાખી લઉં. અવસર હાથ ધરતા શ્રી સિદ્ધાચળજી આવીને દાદાજી શ્રી પ્રથમ જિનેશ્વર ઋષભદેવ ઉર્ફે આદિશ્વર ભગવાનની મહાન્ પ્રતિમા, કોઇ ધ્રતિ નહિં નડે તો પાંચમા આરાના પંદર વીશ વર્ષ ઉણે છેડા સુધી તો આ અત્યારની પ્રતિમાના દર્શન, વંદન, અને પૂજન બહુજ સારી રીતે કરીને ત્યાં સર્વના દેખતા ચોથા વ્રતને ઉચર્યું. જેથી સર્વે રાજી થયા અને શાબાશી આપી.

થોડો થોડો શાસ્ત્રાભ્યાસ કરતાં જરૂર કરતા આગળ વધ્યાથી વિશેષ કરવાને મન થયું. એટલે પાંચવર્ષ વધારે સંસારમાં ઉદ્વિગ્ન ભાવે રહીને પહન પાહન કર્યું. જેથી એક જ્ઞાનવિલાસી વિશારદ થયા નાની ઉમ્મરથી મિત્ર વર્ગે અને આડોશી પાડોશીમાં આમંત્રણ પૂર્વક જયને જાણે ઉપદેશ આપતા ન હોય! તેમ ધાર્મિક યોગ્ય વિષયોને વાર્તા રૂપે ઘણીવાર કહ્યાથી કેટલીક બિના મુખકંઠ થઈ ગઈ હતી.

'જયમલ રાહ જૂએ છે.'

અવસર સાધવાને શ્રી સિદ્ધાચળજીની ફેર યાત્રા કરી દાદાજીને ભેટ્યાં હવે સર્વત્ર સ્થળેથી શાંતિ જોવા લાગ્યા. અને ઘેર આવીને સાંભળ્યું કે આડિસર ગામમાં સંવિગ્ન ગિતાર્થ મહાન્ સાધુ 'પદ્મવિજયજી' પધાર્યા છે. તો હવે જે રાહ જોતો હું તે આવી મળ્યું.

પ્રકરણ ૨ જું.

જયમલ્લની ઉત્તરાવસ્થા.

દિક્ષાગ્રહણ.

સંસારની વિષયવાસના જ્યારે ઉઠી જાય છે, ત્યારેજ સંસારથી મુક્ત થવાની સાચી પ્રબળ ઇચ્છાઓ તે જીવને ઉદ્‌ભવે છે. પછી તે જીવને કોઈ રોકી શકે નહિં અને તે જીવના આડે આવનાર પણ સન્મુખ થઈ જાય છે. આપણા ચરિત્ર નાયકને પણ તેમજ થયું છે. વયોવૃદ્ધ સુવિહિત મહામુનિશ્વર ' મણીવિજયજી દાદા ' ના એક તપસ્વી શિષ્ય શ્રી **'પદ્મવિજયજી'** મહારાજને આડિસર મુકામે વંદનાર્થે આવ્યા. વંદનાદિ કરી શાતા પૂછી. બાદ કેટલોક વાર્ત્તાલાપ કરી પરિચય થતાં પોતાને જોઇતું હતું તેવુંજ મલ્યું. એમ સારી રીતે નિજ અંતરમાં ભાસ થયો. તેથી ત્યાંજ દિક્ષા લેવાની જયમલ્લે વિજ્ઞપ્તિ કરી. યોગ્ય અને સર્વ પ્રકારની સાનુકૂળતા જોઇ મુહૂર્ત્ત આપ્યું.

' દિક્ષા મહોત્સવ. '

માબાપ તથા સંબંધીની રજા મેળવી આવેલ જયમલ્લની દિક્ષાથી આડિસરનો સંઘ ઘણો ઘણો ખુશી થયો હતો. તેથી તેમના આ શુભ પ્રસંગમાં " અઠ્ઠાઈ મહોત્સવ " કરી વરઘોડા ચડાવીને વાર્ષિક દાન દેવરાવ્યું. આજનો રળિયામણો દિવસ સં. **૧૯૨૫** ના વૈશાખ શુદિ ૩ ત્રીજ કે જગતમાં આ કાળે પ્રથમ પહેલ વહેલો તપ વર્તનો દિવસ પ્રગટયો જે ' અક્ષય તૃતિયા ' થી યાને ' અખાત્રીજ ' થી ઓળખાયો. તેના શુભ ચોઘડીયામાં શ્રીમાન ગુરૂવર્ય પદ્મવિજયજી મહારાજે શ્રી સંઘ વચ્ચે વિધિ સહિત ક્રિયા કરાવી જય જયકારના શબ્દોચ્ચારમાં જયમલ્લને ભવતારણિય **દિક્ષા** અર્પણ કરી ' **જિતવિજયજી** ' નામ જાહેર કરી પોતાના શિષ્ય તરીકે ઓળખાવ્યા.

‘ દિક્ષા સમયના જાહેર ચમત્કાર ’

જયમલ્લનું નામ ‘ જિતવિજયજી ’ પડ્યું, જે આ ચરિત્રના નાયક છે, તેમની દિક્ષા એક રાજદનિ વૃક્ષ (રાયણ વૃક્ષ.) જે ઘણા વરસથી સુકાઈ ગયેલું, તેના નિચે કરવામાં આવી હતી. તેથી તે દિવસથી રાયણ ‘ નવપલ્લવિત ’ બની ગઈ, અને બાજુમાં ખારા-પાણીનો કુવો હતો. તેનું પાણી તેમના કાર્યમાં વપરાશ માટે લીધું હોવાથી તે ખારૂ મટી જઈને ‘ મીઠા પાણી ’ નો કુવો થઈ ગયો. કહો, આ જમાનામાં આશ્ચર્યકારી પ્રભાવનો પ્રતાપ, જિત-વિજયજી મહારાજનું બ્રહ્મચર્ય અને અંતરથીજ સાચી ક્રિયાનોજ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જણાવે છે કે આવા અને લગતા તુર્તના દેખાવ દેનાર પુણ્યાત્મા મહા યોગિ શાસન પ્રભાવક થાય છે. તો આ કાળે આ સમયે બનેલ ચમત્કાર ઘણા ભારે ગણાય ! વિશેષતામાં એક ‘ આગાહી ’ નો અવાજ બહુ દૂરથી આવતો હોય તેમ ધીમા અવાજનો ઘણાએ નિચે મુજબ શ્રવણ કર્યો. તે એ કે–‘ **આ યોગી પુરૂષ જિનશાસનમાં પ્રભાવક થશે.** ’

‘ ગુરૂવર્ય જિતવિજયજીના ચોમાસા ’

તેના અંદર

‘ શાસન પ્રભાવક થયેલા શુભકાર્યો. ’

પૂજ્યપાદ શ્રીમાન્ ગુરૂવર શ્રી જિતવિજયજી મહારાજાએ દિક્ષા લઇને ગુરૂભક્તિ માટે ગુરૂ પદ્મવિજયજી મહારાજના જોડે ચોમાસા કરીને ‘ ગુરૂકુળ વાસ ’ નો સારો લાભ લીધો છે.

સં. ૧૯૨૬ થી ૧૯૩૫ સુધીના ચોમાસા, આડિસરથી વિહાર કરીને ભીમાસર પધાર્યા પછીના જાણવા. સં. ૧૯૩૫ થી ૧૯૩૮ સુધી પલાંસવા ગામે થયા. કેમકે ગુરૂશ્રીની અતિવયોવૃદ્ધતાને લીધે વિહારશક્તિ મંદ હોઈ બંધ પડી હતી. તેથી તેમની સુશ્રુષા માટે

પોતે જુદા નજર પડયા, અને અંતસમય સુધી સેવા બજાવી ફરજ અદા કરી હતી.

' ગુરૂશ્રી પદ્મવિજયજીનો સ્વર્ગવાસ. '

પલાસવામાં શ્રી પદ્મવિજયજી મહારાજની માંદગી વૃદ્ધિ પામતી ગઈ. શ્રી જિતવિજયજી મહારાજે તથા સંઘે ઘણા ઇલાજ લીધા; પણ ટાંકી નજર લાગી. ગુરૂનું ધ્યાન એક સરખું સિદ્ધ પરમાત્મામાં જોડાઈ રહે તેવી બહુ સંભાળ ભરી કાળજી જિતવિજયજી મહારાજે રાખી હતી. છેલ્લે અંતસમયની ક્રિયા કરાવવામાં આવતાં ' સંવત્ **૧૯૩૮** ના વૈશાખ શુકલ એકાદશીના ચડતે પ્રહરે શ્રી પદ્મવિજયજી મહારાજ **કાળધર્મ** ' પામ્યા. શિષ્ય તથા સંઘને ભારે શોક સાગરમાં નાંખ્યાં. ગુરૂવરના દેહને અગ્નિ સંસ્કાર માટે એક ઉત્તમ શિબીકા (પાલખી–માંડવી.) બનાવીને તેમાં મૃત દેહને બિરાજમાન કર્યું. રૂપાનાણું, ત્રાંબાનાણું, અને ફળોથી ભરપુર તાંદુળ–ચોખા ઉછાળવામાં આવ્યા હતાં. જય જય નંદા અને જય જય ભદ્રાનો અવાજ બહુ લાંબે સુધી પ્રસરતો હતો. ઉત્તમ કાષ્ઠથી તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

' ચાતુર્માસની સંવત પૂર્વક નામાવળી. '

૧ સં. ૧૯૨૬ પલાંસવા, ૨ સં, ૧૯૨૭ અમદાવાદ, ૩ સં ૧૯૨૮ જામનગર, ૪ સં. ૧૯૨૯ અમદાવાદ ૫ સં. ૧૯૩૦ ધાણેરા, ૬ સં, ૧૯૩૧ રાધનપુર, ૭ સં. ૧૯૩૨ પલાંસવા, ૮ -૯ સં. ૧૯૩૩–૩૪ ફતેહગઢ, ૧૦–૧૧–૧૨–૧૩ સં. ૧૯૩૫–થી ૧૯૩૮ સુધી પલાંસવા, એ પ્રમાણેના ચોમાસા બાસ એક સરખા ગુરૂ સાથે કર્યા. ૧૪ સં. ૧૯૩૯ રાધનપુર, ૧૫ સં. ૧૯૪૦ અમદાવાદ, ૧૬ સં. ૧૯૪૧ ઉદયપુર, ૧૭ સં. ૧૯૪૨ સોજત, ૧૮ સં. ૧૯૪૩ પાલીમારવાડ ૧૯ સં. ૧૯૪૪ ડીસા, ૨૦ સં. ૧૯૪૫ પાલણપુર, ૨૧ સં. ૧૯૪૬ પલાંસવા, ૨૨ સં, ૧૯૪૭ પાલીતાણા. ૨૩ સં. ૧૯૪૮

દાહા ૨૪ સં. ૧૯૪૯ લીંબડી, ૨૫–૨૬–૨૭ સં. ૧૯૫૦ પા–પર અમદાવાદ, ૨૮ સં. ૧૯૫૩ વીજાપુર, ૨૯ સં. ૧૯૫૪ ડીસા, ૩૦ સં. ૧૯૫૫ વાવ, ૩૧ સં. ૧૯૫૬ સુઈ ગામ, ૩૨ મું સં. ૧૯૫૭ માં રાધનપુર, ૩૩ સં. ૧૯૫૮ ડીસા, ૩૪ સં. ૧૯૫૯ ભાભેર, ૩૫ સં. ૧૯૬૦ સાંતલપુર ૩૬ સં. ૧૯૬૧ આડિસર, ૩૭ સં. ૧૯૬૨ લાકડીયા, ૩૮ સં. ૧૯૬૩ આંજાર, ૩૯ સં. ૧૯૬૪ રાયણ ૪૦ સં. ૧૯૬૫ માંડવી, ૪૧ સં. ૧૯૬૬ જૂજનગર, ૪૨ સં. ૧૯૬૭ આણંદપુર (વાંઢીયા) ૪૩ સં. ૧૯૬૮ ખિદડા, ૪૪ સં. ૧૯૬૯ મુંદ્રા, ૪૫–૪૬–૪૭–૪૮–૪૯ સં. ૧૯૭૦–૭૧–૭૨–૭૩–૭૪ ફતેહગઢ, ૫૦–૫૧–૫૨–૫૩–૫૪ સં. ૧૯૭૫ થી ૭૬–૭૭–૭૮–૭૯ પલાંસવા ગામે ચોમાસા થયા.

‘ગુરૂવર્ય જિતવિજયજી હસ્તે થયેલ શુભ કાર્યાવલી.’

ચતુર્થ વ્રત ઉચ્ચરાવ્યા—પલાંસવાના ચોમાસાવાળા ‘**બેન ઝવેરબાઇ**’ તે શેઠ મોતીચંદ માનશંગના કુમારિકારત્ન, તથા ‘**બેન ગંગાબાઇ**’ તે શેઠ કસ્તુરચંદ હર્ખચંદના કુમારીકા રત્ન, એ બંનેએ પંદર વર્ષની ઉમ્મરે કુંવારાપણામાં ચોથું વ્રત ઉચર્યું. ‘લોદરિયા હેમચંદ ખેતશી બારવ્રત ઉચર્યા બાદ ચોથું વ્રત ઉચર્યા. તેટલા સમયમાં આજુ બાજુના ઘણા ભાઇઓ બાઇઓએ ચોથા વ્રતના નિયમ લીધા. અને કેટલાકો ઉચર્યા. બાદ રાધનપુરમાં પણ કેટલાક ભાઇઓ તથા બાઇઓએ ચતુર્થવ્રત અંગિકાર કર્યા અને આડિસરમાં આઠ જણાએ ચોથુંવ્રત ધારણ કર્યું. ફતેહગઢમા ચૌદ જણાએ વ્રતોચ્ચારણ કર્યું.

‘**દિક્ષા આરોપણ**’ રાધનપુરના ચોમાસા વેળા શા. પુનાજીને તથા નંદુબાઇને દિક્ષા આપીને ‘**પુણ્યવિજયજી**’ અને ‘**નિધાનશ્રીજી**’ નામ રાખ્યા. પલાંસવાના રહીશ ચંદુરા હરદાસને દિક્ષા આપી ‘**હીરવિજયજી**’ નામ રાખવામાં આવ્યું.

કોઠારી જેઠાલાલને આપીને તેમનું નામ ' જીવવિજયજી ' રાખ્યું. અને કુમારિકા અંદરબેનને આપીને તેમનું નામ **'આણંદશ્રીજી'** રાખ્યું. અને કુમારિકા ગંગાબેનને દિક્ષા આપીને તેમનુ **'જ્ઞાનશ્રીજી'** નામ રાખવામાં આવ્યું. પલાંસવાવાળા વાઘજી કોઠારીને અમદાવાદમાં દિક્ષા દઇને **'વીરવિજયજી'** નામ રાખ્યું. વળી ચોટીલાવાળા બાલબ્રહ્મચારી કુમારિકા મણીબેનને વીજાપુરમાં દિક્ષા આપીને **'માણેકશ્રીજી'** નામ રાખ્યું. કોડીયાનગરના રહીશ મેતા ડોસાભાઇ જેઠાને આપીને તેમનું નામ **'ધીરવિજયજી'** રાખ્યું. મુનિરાજશ્રી બુદ્ધિવિજયજી ભાભરવાળા સં. ૧૯૬૧–૬૫ સુધી ચાર ચોમાસાં વડગુરૂશ્રી જીતવિજયજી મહારાજના સાથે રહીને સેવાભક્તિથી અનુભવ સારો જાગૃત થયો. ભીમાસરમાં ચંદુરા કાનજીભાઇને દીક્ષા આપીને **'કીર્ત્તિવિજયજી'** નામ રાખ્યું. તથા ડુંગરભાઇ કસ્તુરચંદને દીક્ષા આપીને તેમનું **'હરખવિજયજી'** નામ રાખ્યું. કીર્ત્તિવિજયજીને વડીદિક્ષા વખતે નામ બદલીને **'કનકવિજયજી'** પાડીને જાહેર કર્યું છે. માંડવીબંદરમાં બે બાઇઓને દિક્ષા આપી **'મુક્તિશ્રીજી'** અને **'ચતુરશ્રીજી'** નામ રાખેલાં છે. વળી ભીમાસરમાં ગઢેચા ભગવાનસિંગજીના પુત્રો **'વીજાબેન'** ને દિક્ષા આપીને તેમનું **'વિવેકશ્રીજી'** નામ રાખ્યું છે.

' મહોત્સવો પ્રસંગે શાસનોન્નતિ. '

આડિસરમાં જ્યારે બાળબ્રહ્મચારી **બે ભાઇઓ** તથા બાળબ્રહ્મચારી **બે બાઇઓ** ને દિક્ષા મહોત્સવમાં સંઘે બેંશી હજાર કોરીનો ખર્ચ કર્યો હતો. ને પરગામનું જૈનયાત્રુ દશ હજાર એકઠું થયું હતું તે સર્વેની સગવડ અને પરોણાગત માનભરી રીતે થયું હતું. ત્યાંના નામદાર દરબારશ્રી રાણાજી પુંજાજીએ તથા નાના દરબારશ્રી જયદેવજી રાણાજી તરફથી આ શુભ ટાંકણે સારી મદદ મળી હતી.

આ પ્રસંગે હજારો ભાવુકોએ ચતુર્થવ્રત, બારવ્રત અને

વીશસ્થાનકાદિ નાના પ્રકારના વ્રતો યોગ્યતાએ નિયમ કર્યા હતા અમદાવાદના ચોમાસા વેલા પણ દિક્ષાઓ ધામધુમથી મહોત્સવ સહિત અપાવવામાં આવી હતી. વીજાપુરમાં બાળબ્રહ્મચારી બાઈને દિક્ષા બડા આડંબરથી અપાઈ હતી. બાદ ત્યાંથી ડીસામાં આવીને **'સત્તર છોડ'** નું મહાન્ ઉજમણાનો ઉપદેશ દઈને તુર્તમાં પ્રસંગ મેળવ્યો હતો. રાધનપુરમાં એક ભાગ્યવંત ભાઈની દિક્ષા વખતે શ્રેષ્ઠતાવાળી ધામધુમ થઈ હતી. શ્રી ભાભેરમાં 'માસક્ષમણાદિ ઉગ્ર તપસ્યા' થઇ હતી. તેથી બીજા અનેક કાર્યો થયા, અને શાસનનો સારો ઉદ્યોત થયો હતો. વળી ભીમાસરમાં બે બાઇઓની, અને માંડવીમાં બે બાઇઓની દિક્ષા પણ મોટી ધામધુમથી ઉજવાવા પામી હતી. તથા માંડવીનાજ વતિ નાથાભાઈ તથા તેમના પત્નિ લક્ષિમબાઇએ ચોથુંવ્રત ઉચરીને તે પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવમાં સમવસરણની રચના કરીને નિજ લક્ષિમનો સદ્વ્યય કર્યો હતો. અને **૬૪** પહોરના પૌષધ કરાવ્યા હતા. હે મહાનુ ભાવો ! ઉચ્ચગતિના જીવની લીલાનો કયાંઇ પાર છે? કેમકે સઘળા ચોમાસામાં ભવ્યજીવોને મુકિત મહેલના નજિકના દરવાજા તરફજ ખેંચ્યા છે. સઘળે જીત મેળવીને નામને સાર્થક કર્યું તે આનું નામ કહેવાય. વળી ફતેહગઢમાં શ્રેષ્ઠી દીપચંદ ગદૈયાને પ્રતિબોધી **'ઉપધાન'** વહેવરાવ્યા. તથા છરી+ પાળતો શ્રી સિદ્ધાચળજીનો સંઘ કઢાવ્યો. અને ભીમાસરમાં એક બાઇને ધામધુમથી દિક્ષા આપી હતી. આ પ્રમાણેના કોઇપણ કાર્યના વખતે બિલકુલ વિઘ્નની નડતર થઈ નથી. તેજ તેમની પુન્યાઇ ભરી જીત થવા પામી છે.

' ચમત્કાર કે પુણ્યરાશીનું પ્રગટવું ! '

ગ્રામાનુ ગ્રામ વિચરતા વિચરતા **'આંબેડી'** ગામે આવ્યા. ત્યાં એક ધણા વખતથી લંગડો ' જેટા ગુલાબચંદ ' નામનો ગરીબ-

---

+ છરિકારના નામ બ્રહ્મચારી (૧). પાદચારી (૨). દોટંકવારી (૩). સચિત પરિહારી (૪), ભુંઈ સંથારી (૫). એકલ અહારિ (૬).

શ્રાવક હતો. કાષ્ઠની ઘોડીએ ચાલતો ઉપાશ્રયે આવીને મુનિમહારાજશ્રીને વિનંતી કરી. કે કોઇ પ્રકારે મારૂં દુઃખ દૂર થાય. તેની સ્થીતિ જોતાંજ ગુરૂમહારાજનું દયાર્દ્ર દિલ થવાથી તેને ફકત **'પાંચ નવકારવાળી'** હૃદય શુદ્ધિથી ગણવી. તે લંગડે તુર્તજ અમલમાં મૂકયું. છેલ્લી નવકારવાળીના છેલ્લા પદે પહોંચતાજ નવકારવાળી હાથમાંથી પડી ગઈ. અને પોતે ઘોડી ટેકાવેલ તે પણ પડી ગઇ કે તુર્તજ બેસી જવાયું. અને ઉભો થયો કે 'બંને પગે સાજો' પોતાને દેખી ઉતાવળે પગે ગુરૂરાજ પાસે આવી તેમને વંદન કરી સઘળો વ્યતિકર સંભળાવ્યો. આ બનાવ મોટા સમુદાય વચ્ચે થવાથી સર્વ કોઇ આશ્ચર્યને પામ્યા હતા. આ શ્રી જીતવિજયજી મહારાજના અપૂર્વ બ્રહ્મચર્યાદિ ઉગ્ર તપોબળના તેજનો પુંજ ! !

'જીવ વધ માટે મનફરા દરબારને બોધ.'

મનફરા ગામમાં દરવર્ષે દેવીને બે મોટા જીવ અજ્ઞાન લોકો ચડાવતા હતા. તે બાબતનો ઉપયોગ લઇ પલાંસવેથી જીતવિજયજી મહારાજ તાબડતોબ મનફરામાં આવ્યા. ને દેવીના નામે મોટા જીવોની કે નાના કોઇપણ જીવોની હિંસા ફળને આપનાર નથી. માટે તે વધ બંધ થવો જોઇએ. ગુરૂવર્યના વચનને વધાવી લઈ તે વધ કાયમને માટે દરબારશ્રી પાસે બંધ કરાવ્યો. અને અભય તેવા જીવોને કરાવ્યા.

'સંઘ યાત્રા'

તિર્થાધિરાજની, કેસરિયાજીની, સંખેશ્વરજીની, અને ભદ્રેશ્વર વિગેરે તિર્થોની કરીને નિજાત્મનું કલ્યાણ સાધ્યું છે.

'પોતાની ફરજ પોતે અદા કરી.'

જ્યા ત્યાં સુધી નવકલ્પિ વિહાર કર્યો; તેથી જ્યાં જાય ત્યાં ઉપદેશમાં ચૌદપૂર્વનો તપ વિગેરે સંઘને જોઇએ તેવી તપસ્યા, શાસ્ત્રશ્રવણ, નિત્યનિયમી વ્રત પચ્ચખ્ખાણ, સ્વામિવાતસલ્ય, નવ-

કારમંત્રનું સ્મરણ, પૌષધ, પડિક્કમણા અને શિયળ પાળવાને મુખ્ય-પણામાં રાખીને સંઘ પ્રત્યે પોતાની ફરજ અદા કરી છે. પ્રથમ પોતામાં ઇષ્ટ ગુણોની છાપ ધારણ કરી રાખ્યાથી ટુંક સમયમાં પોતે એક સારી સંખ્યાના પરિવારથી પંકાઇ ગયા છે, એટલે 'જીતવિજયજી વાગડવાળાનો પરિવાર' એમ બોલીને ઓળખાય છે. સત્ય વાત છે કે જગતમાં ઉત્તમ પુરૂષો આપનામથી જાહેર થયા છે. પોતે એવા પ્રભાવશાળી કે પોતાના જેવા સદ્‌ગુણોની છાપ પરિવારમાં સારી ઉતરી છે, ને ઉતરે છે. કિંબહુના!

' પોતાની કાયમની તપશ્ચર્યા '

હમેશનાં એકાસણાં, માસિક છ ઉપવાસ, માંદગીના સમયે તો છઠ્ઠ અઠ્ઠમ કરતા, પણ ' અઠ્ઠાઈ ' સુધી ચાલુ રાખતા હતા. તેમને તપશ્ચર્યા ઉપર પ્રથમથીજ પ્રેમ હતો. જીંદગીના છેડા ઉપરની આવેલ અષાઢીપાખ્ખીનો પણ ' ઉપવાસ ' કર્યો હતો. પરલોક જવાની છેલ્લી ઘડીઓ સુધી આચાર વિચાર અને ક્રિયાને છોડયા નથી. આનું નામ ચારિત્રપાત્ર સાચા સાધુ કહેવાય.

' શિષ્યાદિ પરિવાર. '

વિશેષ વિશાળતા પામતાં જાય છે. સાધુ સાધ્વિની સંખ્યા સારી ઠીક છે. શ્રીમાન્ જિતવિજયજી ગુરૂવરના મુખ્ય શિષ્યરત્ન ' **શ્રી હીરવિજયજી** ' છે. તથા મુખ્ય સાધ્વિજી **'આણંદશ્રીજી'** હતાં તથા શ્રી હીરવિજયજીના મુખ્ય પટધર શિષ્યરત્નો બાળબ્રહ્મચારી શ્રી બુદ્ધિવિજયજી તથા પન્યાસ શ્રી તિલકવિજયજી ગણિવર છે.

'અંતસમય'

શ્રીમન્મહા મુનિશ્વર જિતવિજયજી તદ્દન બળહિન થવાથી પલાંસવામાં આવીને ઉપરા ઉપર ચોમાસા કર્યા. પોતાની છેલ્લી ઘડી સુધી આવ્યા તેઓને ઉપદેશજ દીધો. ગામના દરબારશ્રી તથા કારભારી રામચંદભાઇ શાતા પૂછવા દર્શનાર્થે આવ્યા તો તેઓને પણ

ધીમે સાદે અમૂલ્ય બોધ આપ્યો. સં. **૧૯૮૦** ના અષાડ વદ ૫ સુધીમાં નજિક તથા દૂરથી ઘણા ગામોના સંખ્યાબંધ લોકોએ હાજર થઇને છેલ્લી સેવામાં ભાગ લીધો. જેથી પોતે સંથારામાં રહ્યા છતાં સંતુષ્ટ થયા હતા. જે પોતાના પવિત્ર બ્રહ્મચર્ય વ્રતનું આકર્ષણ !!

કરાવેલું ધર્મધ્યાન.

હવે એકાદ દિવસ નીકળે એમ જાણીને શ્રી હીરવિજયજી મહારાજ તથા શ્રીમતિ આણંદશ્રીજીના મુખ્યપણા નીચે હાજર રહેલા સર્વ સાધુ સાધ્વિઓએ અત્યંત સેવા બજાવીને સારી રીતે **'નિઝામણાં'** કરાવ્યાં અને ધર્મ સાંભળવાની પોતાની ઇચ્છા દિવ્યવાણીના સંયોગથી થઈ આવી, નિચે મુજબ સારી સ્થીતિમાં રહીને ધર્મ સાંભળ્યું. ૪૨૫ પોતાના સાધુ સાધ્વિ તરફથી ઉપવાસ તથા ૧૨૫ એકાસણાં. બહારથી તથા આજુબાજુના ગામોમાંથી દર્શનાર્થે આવતા શ્રાવકોમાંથી ૮૦૦ ઉપવાસ, ૧૧૧ પૌષધ, ૭૦૦૦ સામાયિક, ૧૨૫ આયંબિલ, ૩૦૭૫ એકાસણાં, તથા રોકડા રૂપિયા ૫૦૦૦ પાંચ હજાર, એમ આપની પાછળ કરીને રૂપિયા શુભમાર્ગે વાપરીશું. જે સાંભળતાંજ ઘણી પ્રસન્નતા થઇ હોવાથી અનુમોદના કરી અને એકજ સિદ્ધ ભગવાનનું ધ્યાન ધરતા તથા ધર્મ ઉપર મુજબનો સાંભળતાં સમાધીપૂર્વક પોતાના પરિવારની ક્ષમાપના સ્વીકારી.

દાદા જિતવિજયજીનું સ્વર્ગગમન.

પલાંસવા અષાડ વદ ૬ સં. ૧૯૮૦

આ દિવસે દેહપિંજર છોડીને **દેવલોક** સિધાવ્યા–સ્વર્ગે ગયા. **અગ્નિસંસ્કાર**–ગુરૂશ્રીના મૃતદેહને ઉત્તમ કાષ્ટની ' પાલખી ' માં પધરાવી, સેંકડોની સંખ્યામાં લોકો હાજર થઇ. ' જય જય નંદા, જય જય ભદ્દા, ' ના અપૂર્વ ઘોષ--શબ્દ ઉચ્ચારતાં સ્મશાન ભુમિ તરફ લઇ ગયા, ત્યાં યોગ્ય જગ્યા શોધી પૂંજીને તેમાં પાલખીને પધરાવી, અને ચારે તરફ એકલું--નરચંદનજ ગોઠવીને અગ્નિ પ્રજ્વલિત

કર્યો. સંઘ આવેલો બહુ-શોકાતૂર તેમના ગુણોથી થયો હતો. બહારને ઉપાશ્રયે આવી ગુરૂ પાસે **મોટીશાંતિ** સાંભળી સ્વસ્થાનકે જતા હવા-ગયા.

' પાછળ થયેલ ધર્મકાર્યને કરણી. '

ચારે તરફ આ ખબર વિજળીની પેઠે ફેલાઈ જતાંજ એકદમ બહારથી ઉપરા ઉપર ' તાર અને પત્રો ' આવવા લાગ્યા. મહારાજશ્રીના પાછળ પલાંસવા સંઘે ' અઠ્ઠાઇ મહોત્સવ ' કર્યો. અને યોગ્ય દાન પુણ્ય કર્યું. બહારગામમાં ઘણે ઠેકાણે મહોત્સવો થયા. તેથી વિશેષ દહેરામાં પ્રભુજીને આંગી પૂજા, અને તેથી વિશેષ **દેવવંદન** સંખ્યાબંધ ગામના સંઘે કર્યું. વિગેરે.

દાદા જિતવિજયજી તો જીતી ગયા, સંઘમાં આવા મુનિરત્નની મોટી ખોટ પડી છે. કચ્છનું કોહિનૂર મુનિરત્ન, વાગડના સંઘનો તારણહાર, શુદ્ધ ક્રિયાપાત્ર ચારિત્ર ચૂડામણી સાદાઈવાળા ભોળાભદ્રિક બાળબ્રહ્મચારી જીવની ખામી પડી છે. તેમના અમરઆત્માને શાન્તિ મળો. અને શ્રી ચતુર્વિધ સંઘની દરેક વ્યકિતએ તેઓશ્રીના પગલે ચાલી પોતાનું આત્મકલ્યાણ કરવું. ૐ શાંતિ શાંતિ.

લી૰ **મુનિ બુદ્ધિવિજયજી.**



શ્રી પાટ પરંપરા.

શ્રી સુધર્માસ્વામિથી વીર પ્રભુની ૭૧ પાટે શ્રીમાન્ તપસ્વી સુવિહિત ગુરૂવર્ય દાદા
શ્રી મણિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યરત્નોની નામાવલિ—



મુનિ મહારાજ શ્રી બુદ્ધિવિજયજી મહારાજનો તથા પન્યાસ શ્રી તિલકવિજયજી ગણિવરનો શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર—



શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ.

પ્રાસ્તાવિક શ્લોકાદિ સંગ્રહ.

જિનેન્દ્ર સ્તુતિ.

અદ્યાભવત્ સફલતા નયનદ્વયસ્ય,
દેવ ! ત્વદીય ચરણાંબુજવીક્ષણેન;
અદ્ય ત્રિલોકતિલક ! પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણ. ૧

તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ !
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમઃ ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવોદધિશોષણાય. ૨

પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્દગ્મયમ્,
રૂપાતીતમયં સ્વરૂપરમણં સ્વાભાવિકીશ્રીમયમ્;
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં સ્યાદ્વાદવિદ્યાલયમ્,
શ્રીસિદ્ધાચલતીર્થરાજમનિશં વંદેઽહમાદીશ્વરમ્. ૩

કિં કર્પૂરમયં સુધારસમયં કિં ચંદ્રરોચિર્મયમ્,
કિં લાવણ્યમયં મહામણિમયં કારુણ્યકેલિમયમ્;

વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયમ્,
શુકલધ્યાનમયં વપુર્જિનપતે—ર્ભૂયાદ્ ભવાલંબનમ્. ૪

નેત્રાનંદકરી ભવોદધિતરી શ્રેયસ્તરોર્મંજરી,
શ્રીમદ્ધર્મમહાનરેન્દ્રનગરી વ્યાપદ્લતાધૂમરી;
હર્ષોત્કર્ષશુભપ્રભાવલહરી રાગદ્વિષાં જિત્વરી,
મૂર્તિઃ શ્રીજિનપુંગવસ્ય ભવતુ શ્રેયસ્કરી દેહિનામ્. ૫

જય સ્વામિન્ ! જિનાધીશ ! જય દેવ ! જગત્પ્રભો !
જય ત્રૈલોક્યતિલક ! જય સંસારતારણ ! ૬

સ્વામીનામપિ યઃ સ્વામી, ગુરૂણામપિ યો ગુરૂઃ
દેવાનામપિ યો દેવ-સ્તસ્મૈ તુભ્યં નમો નમઃ ૭

નમો દુર્વારરાગાદિ-વૈરીવારનિવારિણે;
અર્હતે યોગીનાથાય, મહાવીરાય તાયીને. ૮

કલ્યાણપાદપારામં, શ્રુતગંગાહિમાચલમ્;
વિશ્વાંભોજરવિં દેવં, વંદે શ્રીજ્ઞાતનંદનમ્. ૯

પાંતુ વઃ શ્રીમહાવીર—સ્વામિનો દેશનાગિરઃ
ભવ્યાનામાંતરમલ—પ્રક્ષાલનજલોપમાઃ ૧૦

પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નમ્,
વદનકમલમંકઃ કામિનીસંગશૂન્યઃ
કરયુગમપિયત્તે શસ્ત્રસંબંધવંધ્યમ્,
તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ. ૧૧

દીનોદ્ધારધુરંધર સ્ત્વદપરો નાસ્તે મદન્યઃ કૃપા—
પાત્રં નાત્ર જને જિનેશ્વર ! તથા પ્યેતાં ન યાચે શ્રિયમ્;

કિંત્વર્હન્નિદમેવ કેવલમહો ! સદ્બોધિરત્નં શિવમ્,
શ્રીરત્નાકરમંગલૈકનિલય ! શ્રેયસ્કરં પ્રાર્થયે. ૧૨

અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા ;
અદ્ય મે સફલં ગાત્રં, જિનેંદ્ર ! તવ દર્શનાત્. ૧૩

અદ્ય મિથ્યાંધકારશ્ચ, હતો જ્ઞાનદિવાકરઃ
ઉદિતેઽસ્મિ શરીરેઽસ્મિન્, જિનેંદ્ર ! તવ દર્શનાત્. ૧૪

અદ્ય મે ક્ષાલિતં ગાત્રં, નેત્રે ચ વિમલે કૃતે ;
સ્નાતોઽહં ધર્મતીર્થેષુ, જિનેંદ્ર ! તવ દર્શનાત્. ૧૫

દેવોઽનેકભવાર્જિતોર્જિતમહા—પાપપ્રદીપાનલો,
દેવઃ સિદ્ધિવધૂવિશાલહૃદયા—લંકારહારોપમઃ
દેવોઽષ્ટાદશદોષસિંધુરઘટા—નિર્ભેદપંચાનનો,
ભવ્યાનાં વિદધાતુ વાંછિતફલં શ્રીવીતરાગો જિનઃ ૧૬

પંચ પરમેષ્ઠી સ્તુતિ.

અર્હંતો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રીસિદ્ધાંતસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્. ૧૭

અર્હંતો વિશ્વવંદ્ય વિબુદ્ધપરિવૃઢૈઃ સેવ્યમાનાંઘ્રિપદ્મા :
સિદ્ધા લોકાંતભાગે પરમસુખધનાઃ સિદ્ધિસૌધે નિષણ્ણાઃ
પંચાચારપ્રગલ્ભાઃ સુગુણગણધરાઃ શાસ્ત્રદાઃ પાઠકાશ્ચ,
સદ્ધર્મધ્યાનલીનાઃ પ્રવરમુનિવરાઃ શશ્વદેતે શ્રિયે સ્યુઃ ૧૮

પ્રાતઃ સ્મરણ.

(ગૌતમ સ્તુતિ.)

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમપ્રભુઃ
મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલમ્. ૧૯

સર્વારિષ્ટપ્રણાશાય, સર્વાભીષ્ટાર્થદાયિને,
સર્વલબ્ધિનિધાનાય, ગૌતમસ્વામિને નમઃ ૨૦

(સોળ સતિ સ્તુતિ.)

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી રાજિમતિ દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા સીતા સુભદ્રા શિવા;
કુંતી શીલવતી નલસ્ય દયિતા ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી દિનમુખે કુર્વન્તુ વો મંગલમ્. ૨૧

(તીર્થ સ્તુતિ.)

ખ્યાતોઽષ્ટાપદપર્વતો ગજપદઃ સંમેતશૈલાભિધઃ
શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધમહિમા શંત્રુજયો મંડપઃ
વૈભારઃ કનકાચલોઽર્બુદગિરિઃ શ્રીચિત્રકુટાદય—
સ્તત્ર શ્રીઋષભાદયો જિનવરાઃ કુર્વન્તુ વો મંગલમ્. ૨૨

અથ ચૈત્યવંદન સંગ્રહ.

શ્રી ઋષભદેવ સ્વામીનું ચૈત્યવંદન.

પ્રથમ નમું શ્રી આદિનાથ, શત્રુંજય ગિરિ સોહે; નાભિરાય મરૂદેવી નંદ, ત્રિભુવન મન મોહે. ।।૧।। લાખચોરાશી વરસ આયુ, સુવર્ણ સમ કાય; રાણી સુનંદા સુમંગળા, તસ કાંત સોહાય. ।। ૨ ।। લંછન વૃષભ વિરાજતો એ; ધનુષ પાંચસો દેહ; વિનીતા નગરીનો ધણી, રૂપ કહે ગુણગેહ. ।। ૩ ।।

શ્રી શાંતિનાથ જિન ચૈત્યવંદન.

શાંતિકરણ શ્રી શાંતિનાથ, ગજપુર ધણી ગાજે; વિશ્વસેન અચિરા તણો, સુત સખળ દીવાજે. ।। ૧ ।। ચાલીશ ધનુષ કનક વર્ણ, મૃગ લંછન છાજે; લાખ વરસનું આઉખું, અરિજન મદ ભાજે. ।। ૨ ।। ચક્રવર્તી પ્રભુ પાંચમાં એ, સોલસમા જગદીશ; રૂપવિજય મન તું વસ્યો, પૂરણ સકલ જગીશ. ।। ૩ ।।

શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદન.

રાજુલ વર શ્રી નેમિનાથ, શામળીઓ સારો; શંખ લંછન દશ ધનુષ દેહ, મન મોહનગારો. ।। ૧ ।। સમુદ્રવિજય રાય×કુલતિલો, શીવાદેવી સુત પ્યારો; સહસ્ર વર્ષનું આઉખું, પાળી સુખકારો. ।। ૨ ।। ગિરનારે મુક્તિ ગયા એ, સોરીપુરે અવતાર; રૂપવિજય કહે વાલહો, જગજીવન આધાર. ।। ૩ ।।

× કુળમાં તિલક સમાન.

શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

જય જય જય શ્રી પાર્શ્વનાથ, સુખ સંપત્તિકારી; અશ્વસેન વામા તણેા, નંદન મનેાહારી. ॥ ૧ ॥ નીલ વર્ણ નવ હસ્ત દેહ, અહિ લંછનધારી; એકસેા વર્ષને આઉખે, વરી લક્ષ્મી સારી. ॥ ૨ ॥ જન્મ ઠામ વારાણુસી એ, પ્રત્યક્ષ *પરતેા દેવ; સાન્નિધ્યકારી સાહિબેા, રૂપ કહે નિત્ય મેવ. ॥ ૩ ॥

શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન.

વર્ધમાન ચેાવીશમા, ક્ષત્રિય કુળ જાણેા; સિદ્ધારથ ત્રિશલા તણેા, નંદન સપરાણેા. ॥ ૧ ॥ સુવર્ણ વર્ણ સાત હાથ, સિંહ લંછન સેાહે; વર્ષ બહેાંતેર આયુ જાસ, ભવિજન મન મેાહે. ॥ ૨ ॥ અપાપાએ શિવસુખ લહ્યા એ, વીર જીનેશ્વર રાય; વિનયવિજય ઉવઝાયનેા, રૂપવિજય ગુણ ગાય. ॥ ૩ ॥

બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જેણે ઉપદિશ્યેા, ચેાથા અભિનંદન; બીજે જન્મ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન. ॥ ૧ ॥ દુવિધ ધ્યાન તુંમે પરિહરેા, આદરેા દેાઉ ધ્યાન; એમ પ્રકાશ્યું સુમતિ જિને, તે ચવિયા બીજ દિન. ॥ ૨ ॥ દેાય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીએ; મુજપરે શીતલ જિન કહે, બીજ દિને શિવ ભજીએ. ॥ ૩ ॥ જીવાજીવ પદા-

* પ્રત્યક્ષ પ્રતાપવાળા–પ્રભાવવાળા.

ધંનુ. કરી નાણ સુજ્ઞાણ; બીજ દિને વાસુપૂજ્ય પરે, લહો કેવલનાણ. ॥ ૪ ॥ નિશ્ચય નય વ્યવહાર હોય, એકાંત ન ગ્રહીએ; અરજિન બીજ દિને ચવિ. એમ જન આગળ કહીએ. ॥ ૫ ॥ વર્ત્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ; બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ. ॥ ૬ ॥ એમ અનંત ચોવીશીએ, હુઆ બહુ કલ્યાણ; જિન ઉત્તમ પદ પમને. નમતાં હોય સુખખાણ. ॥ ૭ ॥

પંચમીનું ચૈત્યવંદન.

યુગલા ધર્મ નિવારીઆ, આદિમ અરિહંત; શાંતિકરણ શ્રીશાંતિનાથ. જગ કરૂણાવંત. ॥ ૧ ॥ નેમિનાથ બાવીશમા. બાળ થકી બ્રહ્મચારી; પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ. રત્નત્રય ધારી. ॥ ૨ ॥ વર્ત્તમાન શાસનધણી એ, વર્ધમાન જગદીશ; પાંચે જિનવર પ્રણમતાં, વાધે જગમાં જગીશ. ॥ ૩ ॥ જન્મ કલ્યાણક પંચરૂપ, સોહમપતિ આવે; પંચ વર્ણ કળશે કરી. સુરગિરિ નવરાવે. ॥ ૪ ॥ પંચસાખ અંગુલે, અમૃત સંચારે; બાળપણે જિનરાજ કાજ; એમ ભક્તિ શું ધારે. ॥ ૫ ॥ પાંચ ધાવ પાલીજ તે. જોવન વય પાચે; પંચ વિષય વિષવેલી તોડી, સંજમ મન ભાવે. ॥ ૬ ॥ છંડી પંચ પ્રમાદ પંચ-ઇંદ્રિય બળ મોડી; પંચ મહાવ્રત આદરે. દેઈ ધન કોડી. ॥૭॥ પંચાચાર આરામમાં, પામ્યા પંચમ જ્ઞાન; પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન ॥ ૮ ॥ પંચમી ગતિ ભરતાર તાર. પૂરણ પરમાનંદ; પંચમી તપ આરાધતાં, ક્ષમાવિજય જિનચંદ. ॥ ૯ ॥

પંચમીનું ચૈત્યવંદન.

બાર પરષદા આગળે, શ્રીનેમિ જિનરાય; મધુર ધ્વનિ દિયે દેશના, ભવિ જનને હિતદાય. ॥ ૧ ॥ પંચમી તપ આરાધીએ, જિમ લહીએ જ્ઞાન અપાર; કાર્તિક શુદિ પંચમી ગ્રહો, હરખ ઘણો બહુમાન. ॥ ૨ ॥ પાંચ વર્ષ ઉપર વળી, પંચ માસ લગે જાણ; અથવા જાવજ્જીવ લગે; આરાધો ગુણ આણ. ॥ ૩ ॥ વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી; અંતે આરાધન કરી, શિવપુરીને સાધી. ॥ ૪ ॥ ઇણિ પેરે જે આરાધશે એ, પંચમી વિધિ સંયુક્ત; જિન ઉત્તમ પદ પદ્મને, નમી થાયે શિવભક્ત. ॥ ૫ ॥

શ્રી સૌભાગ્ય પંચમીનું ચૈત્યવંદન.

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શણગાર; પાંચે જ્ઞાનને પૂજીએ, થાય સફળ અવતાર. ॥ ૧ ॥ સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર; સુગંધ ચુર્ણાદિક થકી; જ્ઞાન ધ્યાન મનોહાર. ॥ ૨ ॥ પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર; પંચ વર્ણ જિનબિંબને, થાપી જે સુખકાર. ॥ ૩ ॥ પંચ પંચ વસ્તુ મેળવી, પુજા સામગ્રી જોગ; પંચ વર્ણ કળશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ॥ ૪ ॥ યથાશકિત પુજા કરો, મતિજ્ઞાનને કાજે; પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ॥૫॥ મતિ શ્રુત વિણ હોવે નહી એ, અવધિ પ્રમુખ મહાજ્ઞાન; તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિમાન. ॥ ૬ ॥ ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમ કાળે; સ્વામ્યાદિકથી

અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાળે. ॥ ૭ ॥ લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગ; મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કળશ સંયોગ. ॥ ૮ ॥ પરમાતમ પરમેશ્વર એ, સિદ્ધ સકળ ભગવાન; મતિજ્ઞાન પામી કરી, કેવળલક્ષ્મી નિધાન. ॥ ૯ ॥

અષ્ટમીનું ચૈત્યવંદન.

ચૈતર વદિ આઠમ દિને, મરૂદેવી જાયો; આઠ જાતિ દિશીકુમરીએ, આઠે દિશી ગાયો. ॥ ૧ ॥ આઠ ઇંદ્રાણી-નાથ શું, સુર સંગતે લઇ આવે; સુરગિરિ ઉપર સુરવરા, સર્વે મળી આવે. ॥ ૨ ॥ આઠ જાતિ કલશા ભરી, ચોસઠ હજાર; દો સય ને પચ્ચાસ માનો, અભિષેક ઉદાર. ॥ ૩ ॥ એક ક્રોડ ને સાઠ લાખ, ઉંચા શત કોષ; પોળપણે અડિયાલ કોષ, કલશા જળકોષ. ॥ ૪ ॥ ચાર રિખભ અડ શૃંગ રંગ, આઠે જલ ધારે; ન્હવરાવી જિનરાજને, સુરેંદ્ર પાપ પખાળે. ॥ ૫ ॥ ક્ષુદ્રાદિક અડ દોષ શોષ, કરી અડ-ગુણ પોખે; ટાળી આઠ પ્રમાદ આઠ,–મંગળ આળેખે. ॥ ૬ ॥ ક્રોડી આઠ ચઉગુણા, કંચન વરસાવે; પ્રભુ સોંપી નિજ માતને, નંદીશ્વર જાવે, ॥ ૭ ॥ અઠ્ઠાઇ મહોત્સવ કરે એ, ઠવણા જિન ઉદ્દેશ; અષ્ટ પ્રકારે પૂજીએ, અષ્ટમી દિન સુવિશેષ. ॥૮॥ રિખભ અજીત સુમતિ નમિ, મુનિ-સુવ્રત જન્મ; અભિનંદન ને નેમિ પાસ, પામ્યા શિવશર્મ. ॥ ૯ ॥ સંભવદેવ સુપાસ દોય, સુરભવથી ચવિયા; સેના પુહવી માત દુગ, ઉદરે અવતરિયા. ॥ ૧૦ ॥ વરસ એક ઉદ્‌ઘોષણાએ, ઋષભ લીએ ચારિત્ર; અષ્ટમી દીન અગીયાર

એમ, કલ્યાણક સુપવિત્ર. ।। ૧૧ ।। દર્શન જ્ઞાન ચારિત્રના, આઠે અતિચાર; ટાળે ગાળે પાપને, પાળે પંચાચાર. ।।૧૨।। અણિમાદિક અડ સિદ્ધિ ઋદ્ધિ, ખીણમાંહે પામી; અષ્ટ કર્મ હણીને થયા, અડ ગુણ અભિરામી. ।। ૧૩ ।। અષ્ટમી દિન ઉજ્વળ મને એ, સમરો દશ અરિહંત ખીમાવિજય જિન નામથી પ્રગટે જ્ઞાન અનંત. ।। ૧૪ ।।

અષ્ટમીનું ચૈત્યવંદન.

મહા શુદિ આઠમને દિને, વિજયાસુત જાયો; તેમ ફાગણ શુદિ આઠમે, સંભવ ચવી આયો. ।। ૧ ।। ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ; દીક્ષા પણ એ દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ. ।। ૨ ।। માધવ[૧] શુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર; અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ।। ૩ ।। એહીજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિ જિણંદ; આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર. ।। ૪ ।। જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી; નેમ અષાડ શુદિ આઠમે, અષ્ટમી ગતિ[૨] પામી. ।। ૫ ।। શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગભાંણ; તેમ શ્રાવણ શુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ।। ૬ ।। ભાદ્રવા વદિ આઠમને દિને, ચવીયા સ્વામી સુપાસ; જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ।। ૭ ।।

એકાદશીનું ચૈત્યવંદન.

અંક અગ્યાર આરાધીએ, એકાદશી દિવસે; એકા-

---

૧ વૈશાખ. ૨ મોક્ષ.

દશ પ્રતિમા વહો; સમક્તિ ગુણ વિકસે. ॥ ૧ ॥ એકાદશી દિવસે થયા, દીક્ષાને નાણ; જન્મ લહ્યા કેઈ જિનવરા, આગમ પરમાણ. ॥ ૨ ॥ જ્ઞાનવિમળ ગુણ વાધતાં એ, સકળ કળા ભંડાર; અગીયારસ આરાધતાં, લહીએ ભવ-જળ પાર. ॥ ૩ ॥

એકાદશીનું ચૈત્યવંદન.

નેમિજિનેશ્વર ગુણનિલો, બ્રહ્મચારી શિરદાર; સહસ પુરૂષશું આદરી, દીક્ષા જિનવર સાર. ॥ ૧ ॥ પંચાવનમે દિન લહ્યું, નીરૂપમ કેવળનાણ; ભવિક જીવ પડિબોધવા, વિચરે મહીયલ જાણ. ॥ ૨ ॥ વિહાર કરતાં આવીયા એ, બાવીશમા જિનરાય; દ્વારિકા નગરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય. ॥ ૩ ॥ બાર પરષદા તિહાં મળી, ભાખે જિનવર ધર્મ; સર્વ પર્વ તિથિ સાચવો, જિમ પામો શિવશર્મ. ॥ ૪ ॥ તવ પુછે [1]હરિ નેમિને, દાખો દિન મુજ એક; થોડો ધર્મ કર્યો થકી, શુભ ફળ પામું અનેક. ॥ ૫ ॥ નેમિ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય; માગશર શુદિ એકાદશી, એ સમ અવર ન કોય. ॥ ૬ ॥ ઇણ જીન કલ્યાણક થયાં, નેવું જિનનાં સાર; એ તિથિ વિધિ આરાધતાં, સુવ્રત થયો ભવપાર. ॥ ૭ ॥ તે માટે મોટી તિથિ, આરાધો મન શુદ્ધ; અહોરાત્ર પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ. ॥ ૮ ॥ દોઢસો કલ્યાણક તણું, ગુણણું ગણો મનરંગ; મૌન કરી આરાધીએ, જિમ પામો સુખ સંગ. ॥ ૯ ॥ ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી

---

૧ કૃષ્ણ વાસુદેવ.

ઉલ્લાસ; પાઠાં ને વીંટાગણાં, ઇત્યાદિ કરો ખાસ. ।।૧૦।। ઇમ એકાદશી ભાવશું, આરાધે નરરાય; ક્ષાયિક સમક્તિનો ધણી, જિન વંદી ઘેર જાય. ।। ૧૧ ।। એકાદશી ભવિયણ ધરો; ઉજ્જવલ ગુણ જિમ થાય; ક્ષમાવિજય જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય. ।। ૧૨ ।।

રોહિણી તપનું ચૈત્યવંદન.

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રીવાસુપૂજ્ય; દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોએ પૂજ્ય. ।।૧।। પહેલાં કીજે વાસક્ષેપ, પ્રહ ઉઠીને પ્રેમે; મધ્યાન્હે કરી ધોતીઆ, મન વચન કાય ખેમે. ।। ૨ ।। અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજા નૃત્ય વાજિત્ર; ભાવે ભાવના ભાવીએ, કીજે જન્મ પવિત્ર. ।। ૩ ।। ત્રિહું કાળે લઈ ધુપ દીપ, પ્રભુ આગળ કીજે; જિનવર કેરી ભક્તિ શું, અવિચળ સુખ લીજે. ।। ૪ ।। જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ; જિનવર પદને ધ્યાઇએ, જિમ નાવે સંતાપ. ।। ૫ ।। કોડ કોડ ફળ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ; માન કહે ઇણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ. ।। ૬ ।।

નવપદનું ચૈત્યવંદન.

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિરં; ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં. ।।૧।। અરિહંત સિદ્ધ સૂરીશ વાચક, સાધુ દર્શન સુખકરં; વર જ્ઞાન પદ ચારિત્ર તપ એ, નમો નવપદ જયકરં. ।। ૨ ।। શ્રીપાલ રાજા શરીર સાજા, સેવતાં નવપદ વરં; જગમાંહી

ગાજા કીર્તિ ભાજા, નમો નવપદ જયકરં. ॥ ૩ ॥ શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવે; વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ॥ ૪ ॥ આંબિલ નવ દિન દેવવંદન, ત્રણ ટંક નિરંતરં; બે વાર પડિક્કમણું પલેવણ, નમો, નવપદ જયકરં. ॥ ૫ ॥ ત્રણ કાળ ભાવે પૂજીએ, ભવ તારકં તીર્થંકરં; તિમ ગુણણું દોય હજાર ગણીએ, નમો નવપદ જયકરં. ॥ ૬ ॥ વિધિ સહિત મન વચન કાયા, વશ કરી આરાધીએ; તપ વર્ષ સાડાચાર નવપદ, શુદ્ધ સાધન સાધીએ. ॥ ૭ ॥ ગદ કષ્ટ ચૂરે શર્મ પૂરે, યક્ષ વિમલેશ્વર વરં; શ્રી સિદ્ધચક્ર પ્રતાપ જાણી, વિજય વિલસે સુખભરં. ॥ ૮ ॥

નવપદનું ચૈત્યવંદન.

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, આસો ચૈતર માસ; નવ દિન નવ આંબિલ કરી, કીજે ઓળી ખાસ. ॥ ૧ ॥ કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તૂરી બરાસ; જુગતે જિનવર પૂજીયા, મયણા ને શ્રીપાળ. ॥ ૨ ॥ પૂજા અષ્ટ પ્રકારની દેવવંદન ત્રણ કાળ; મંત્ર જપો ત્રણ કાળ ને, ગુણણું તેર હજાર.* ॥ ૩ ॥ કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન; શ્રી શ્રીપાળ નરીંદ થયા, વાધ્યો બમણો વાન. ॥ ૪ ॥ સાતસો કોઢી સુખ લહ્યા, પામ્યા નિજ આવાસ; પુણ્યે મુક્તિ વધૂ વર્યા, પામ્યા લીલ વિલાસ. ॥૫॥

*પાંચ પરમેષ્ઠિના (૧૦૮) અને જ્ઞાનના (૫) દર્શનના (૫) ચારિત્રના (૧૦) ને તપના (૨) એમ કુલ ૧૩૦ ભેદની એકેક નવકારવાળી ગણતાં (તેના ૧૦૦ ગણાતા હોવાથી) ૧૩૦૦૦ ગુણણું થાય છે.

શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

વર્ધમાન જિનપતિ નમી. વર્ધમાન તપ નામ; ઓળી આંબિલની કરૂં, વર્ધમાન પરિણામ. ॥ ૧ ॥ એકાદિ આયત શત, ઓળી સંખ્યા થાય; કર્મ નિકાચિત તોડવા વજ્ર સમાન ગણાય. ॥ ૨ ॥ ચૌદ વરસ ત્રણ માસની, સંખ્યા દિનની વીશ; યથાવિધિ આરાધતાં, ધર્મરત્ન પદ ઈશ. ॥ ૩ ॥

શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

વર્ધમાન જિન ઉપદિશે, વર્ધમાન તપ સાર; કરવો વિધિ જોગે સદા, કઠિન કર્મ સંહાર. ॥ ૧ ॥ એકેકું આંબિલ વધે, યાવત્ શત પરિમાણ; સાધિક ચૌદે વર્ષમાં, પૂરણ ગુણમણિ ખાણ. ॥ ૨ ॥ તપ મંદિરની ઉપરે એ, શોભે શિખર સમાન; ધર્મરત્ન તપસ્યા કરી, પામો પદ નિર્વાણ. ॥ ૩ ॥

શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

ત્રિગડે ત્રિભુવન વાલહો, ભાખે તપના ભેદ; એકસો ત્રેવીશ મુખ્ય છે, કરવા કર્મ વિચ્છેદ. ॥ ૧ ॥ તેમાં પણ ધુર મોટકો, મહા ઉગ્ર તપ એહ; શૂરવીર કોઇ આદરે, નિર્મળ થાશે દેહ. ॥ ૨ ॥ રોગ વિઘ્ન દૂરે કરે એ, ઉપજે લબ્ધિ અનેક; ક્ષમા સહિત આરાધતાં, ધર્મરત્ન સુવિવેક. ॥ ૩ ॥

શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

બે કર જોડી પ્રણમીએ, વર્ધમાન તપ ધર્મ; ત્રિકરણ શુદ્ધે પાળતાં, ટળે નિકાચિત કર્મ. ॥ ૧ ॥ વર્ધમાન તપ

મેરૂને, કોઇ પામ્યા ભવ પારઃ અંતગડ સૂત્રે વર્ણવ્યા, બહુ વારંવાર. ॥ ૨ ॥ અંતરાય પંચક ટળે એ, આંબે જિનવર ગોત્રઃ નમો નમો તપરત્નને, પ્રગટે આતમ જ્યોત. ॥ ૩ ॥

વીશસ્થાનકનું ચૈત્યવંદન.

પહેલે પદ [૧]અરિહંત નમું, બીજે સર્વ [૨]સિદ્ધઃ ત્રીજે [૩]પ્રવચન મન ધરૂં, [૪]આચાર્ય સિદ્ધ. ॥ ૧ ॥ નમો [૫]થેરાણું પાંચમે, [૬]પાઠક પદ છઠ્ઠે; નમો લોએ સવ્વ [૭]સાહુણું, જે છે ગુણ ગરિઠ્ઠ ॥ ૨ ॥ નમો [૮]નાણસ્સ* આઠમે, [૯]દર્શન મન ભાવેઃ વિનય[૧૦] કરો ગુણવંતનો, [૧૧]ચારિત્ર પદ ધ્યાવે. ॥ ૩ ॥ [૧૨]નમો બંભવયધારીણું, દશમે [૧૩]ક્રિયા વખાણઃ નમો [૧૪]તવસ્સ ચૌદમે, [૧૫]જોયમx નમો [૧૬]જિણાણું. ॥ ૪ ॥ [૧૭]સંયમ [૧૮]જ્ઞાન+ [૧૯]સુઅ-ભત્તિ++ એ, નમો [૨૦]તિત્થસ્સ વખાણીઃ જિન ઉત્તમ પદ પામને, નમતાં હોય સુખ આણી. ॥ ૫ ॥

વીશ સ્થાનકનું ચૈત્યવંદન.

[૧]બેવીશ [૨]બેંદર [૩]બેંતાલીશનો, [૪]છત્રીશનો કરીએ, [૫]અડત્રીશ [૬]પચ્ચીશ [૭]સત્તાવીશનો, કાઉસ્સગ્ગ મન ધરીએ. ॥ ૧ ॥ [૮]પાંચ [૯]સડસઠ [૧૦]બહુત્તર વળી, [૧૧]શીત્તેર [૧૨]નવ [૧૩]ચોરાણુંશ. [૧૪]બાર [૧૫]અઠ્ઠાવીશ લોગસ્સ તણો, કાઉસ્સગ્ગ ધરો ગુણીશ. ॥ ૨ ॥ [૧૬]વીશ [૧૭]અત્તર ને [૧૮]એકા-

* આ પદનું બીજું નામ જ્ઞાનપદ છે.
+ અભિનવ જ્ઞાન. ++ માત્ર શ્રુતજ્ઞાન.

વન, ૧૯દ્વાદશ ને ૨૦પંચ; એણી પેરે કાઉસ્સગ્ગ જે કરે, તો જાએ ભવ સંચ. ॥ ૩ ॥ એણી પેરે કાઉસ્સગ્ગ મન ધરો, નવકારવાળી વીશ; વીશ સ્થાનક એમ જાણીએ, સંક્ષેપથી જગીશ. ॥ ૪ ॥ ભાવ ધરી મનમાં ઘણો એ, જે એક પદ આરાધે; જિન ઉત્તમ પદપદ્મને; નમી નિજ કારજ સાધે. ॥ ૫ ॥

પર્યુષણનું ચૈત્યવંદન.

નવ ચોમાસી તપ કર્યા, ત્રણ માસી દોય; દોય દોય અઢી માસી તેમ, દોઢ માસી હોય. ॥ ૧ ॥ બહોંતેર માસખમણ કર્યા, માસખમણ કર્યા બાર; ષડ દ્વિમાસી તપ આદર્યા, બાર અઠ્ઠમ તપ સાર. ॥ ૨ ॥ ષડમાસી એક તપ કર્યો, પંચ દિન ઉણ ષડ્ માસ; બસો ઓગણત્રીશ છઠ્ઠ ભલા, દીક્ષા દિને એક ખાસ. ॥ ૩ ॥ ભદ્ર પ્રતીમા દોય ભલી, મહાભદ્રદિન ચાર; દશ દિન સર્વતો ભદ્રના, લાગઠ નિરધાર. ॥ ૪ ॥ વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ; દ્રવ્યાહારે પારણાં કર્યાં, ત્રણસો ઓગણપચાસ. ॥ ૫ ॥ છદ્મસ્થા એણી પરે રહ્યા એ સહ્યા પરિષહ ઘોર; શુકલ ધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ॥ ૬ ॥ શુકલધ્યાન અંતે રહ્યા એ, પામ્યા કેવળજ્ઞાન; પદ્મવિજય કહે પ્રણુમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ॥ ૭ ॥

આવતી ચોવીશીનું ચૈત્યવંદન.

અતીત ચોવીશી પ્રથમ દેવ, જિન કેવળ[૧]જ્ઞાની; નિર્વાણી[૨] સાગર[૩] મહા,–જસ[૪] વિમલ[૫] અભિધાની. ॥૧॥

સર્વાનુભૂતિ[૯] શ્રીધર[૧૦] સુદત્ત[૧૧] દામોદર[૧૨] સુતેજા[૧૩] સ્વામી[૧૪] સુવ્રત[૧૫] સુમતિ[૧૬] ને, શિવગતિ[૧૭] સુહેજા. ॥ ૨ ॥ અસ્તાઘ[૧૮] નેમીશ્વર[૧૯] અનિલ[૨૦], યશોધર[૨૧] કૃતાર્થ[૨૨] જિનેશ[૨૩]; શુદ્ધમતિ[૨૪] નેશિવંકરો[૨૫] સ્વયંદન[૨૬] સાંપ્રતિ[૨૭] કહેશ. ॥ ૩ ॥

આવતી ચોવીશીનું ચૈત્યવંદન.

(તે કોના કોના જીવ છે તેમના નામ સહિત.)

પદ્મનાભ પહેલા જીણંદ શ્રેણીક નૃપ જીવ; સૂરદેવ બીજા નમું, સુપાસ શ્રાવક જીવ. ॥ ૧ ॥ સુપાસ ત્રીજા વળી, જીવ કોણિક[૧]ઉદયી; સ્વયંપ્રભ ચોથા જિણંદ, પોટિલ મુનિ ભાઇ.॥૨॥ સર્વાનુભૂતિ જિન પાંચમા એ, દૃઢાયુ શ્રાવક જાણ; દેવશ્રુત છઠ્ઠા જિણંદ, કાર્તિક શેઠ વખાણુ. ॥ ૩ ॥ શ્રી ઉદય જિન સાતમા, શંખ શ્રાવક જીવ; શ્રી પેઢાલ જિન આઠમા, આણંદ મુનિ જીવ. ॥ ૪ ॥ પોટિલ નવમા વંદીએ, જીવ જેહ સુનંદ, શતકીર્તિ દશમા જિણંદ, શતક[૨] શ્રાવક આણંદ. ॥ ૫ ॥ સુવ્રત જિન અગ્યારમા, દેવકી રાણી જાણ; અમમ જિનવર બારમા, જીવ કેશવ[૩] ગુણખાણ. ॥ ૬ ॥ નિષ્કષાય જિન તેરમા, સત્યકી વિદ્યાધર; નિષ્પુલાક જિન ચૌદમા, બળભદ્ર સુહંકર. ॥ ૭ ॥ શ્રી નિર્મમ જિન પંદરમા, જીવ સુલસા સાચી[૪]; ચિત્રગુપ્ત જિન સોળમા, રોહિણી જીવ ભાખી. ॥ ૮ ॥ શ્રી સમાધિ જિન સત્તરમા રેવતી શ્રાવિકા જાણ; સંવર જિન અઢારમા, જીવ શતા-

૧ કોણિકના પુત્ર ઉદાયી. ૨ જીવ. ૩ કૃષ્ણ. ૪ શ્રાવિકા.

નિક વખાણુ, ।। ૯ ।। શ્રી યશોધર ઓગણીશમા; જીવ કૃષ્ણદ્વીપાયન; વિજય નામે વીશમા જિન, જીવ કર્ણ સોહાય. ।। ૧૦ ।। એકવીશમા શ્રી મલ્લિનાથ, કૃષ્ણ નારદ[૧] કહીએ; અંબડ શ્રાવક જીવ દેવ, બાવીશમા લહીએ. ।। ૧૧ ।। અનંતવીર્ય ત્રેવીશમા એ, જીવ અમરનો જેહ; ભદ્રંકર જિન ચોવીશમા, સ્વાતિબુદ્ધ ગુણ ગેહ. ।। ૧૨ ।। એ ચોવીશે જિનવરા, હોશે આવતે કાળે; ભાવ સહિત તે વંદીએ, કર જોડીને ભાલે. ।। ૧૩ ।। લંછન વર્ણ પ્રમાણ આયુ, અંતર સવિ સરખાં; સંપ્રતિ જિન ચોવીશ પરે, ચઢતે ભાવે નીરખ્યાં. ।। ૧૪ ।। પંચ કલ્યાણક તેહનાં એ, હોશે એહીજ દિવસ; ધીરવિમળ ગુરૂનો કહે, જ્ઞાનવિમળ સૂરીશ. ।।૧૫।।

સીમંધર સ્વામીનું ચૈત્યવંદન.

સીમંધર જિન વિચરતા, સોહે વિજય મોઝાર; સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ।। ૧ ।। નવ તત્ત્વની દીએ દેશના, સાંભળી સુર નર કોડ; ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કર જોડ. ।। ૨ ।। ઇહાં થકી જિન વેગળા, સહસ્ર તેત્રીશ શત એક; સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ।। ૩ ।। દ્રવ્ય થકી જીન વેગળા, ભાવથી હૃદય મોઝાર; ત્રિહું કાળે વંદન કરૂં, શ્વાસ માંહે સો વાર. ।। ૪ ।। શ્રી સીમંધર જીનવરૂ એ, પુરે વાંછિત કોડ; કાંતિવિજય ગુરૂ પ્રણમતાં ભક્તિ બે કરજોડ. ।। ૫ ।।

---

૧ કૃષ્ણ વાસુદેવના વખતમાં નારદ હતા તે.

શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન.

વિમલ કેવલ જ્ઞાન કમલા–એ દેશી.

જયતુ જિન જગદેકભાનુ, કામ કરમલ તમહરં; દુરિત ઓઘ વિભાગ વર્જિત, નૌમિ શ્રી જિનમંધરં. ॥ ૧ ॥ પ્રભુ પાદપદ્મે ચિત્ત લયનો, વિષય દોલિત નીર્ભરં; સંસાર રાગ અસાર ઘાતિક, નૌમિ શ્રી જિનમંધરં. ॥ ૨ ॥ અતિ રોષ બહ્વનિ માન મહીધર, તૃષ્ણાજલધિ હતકરં; વંચનોર્જિત જંતુઓઘક, નૌમિ શ્રી જિનમંધરં. ॥ ૩ ॥ અજ્ઞાન તર્જિત રહિત ચરણું, પરગુણોમેં મત્સરં; અરતિ અર્દિત ચરણ શરણું, નૌમિ શ્રી જિનમંધરં. ॥ ૪ ॥ ગંભીર વદનં ભવતુ દિન દિન, દેહિ મે પ્રભુદર્શનં; ભવવારિ જય શ્રી દદતુ મંગલ, નૌમિ શ્રી જિનમંધરં. ॥ ૫ ॥

શ્રી વીશ વિહરમાન જિન ચૈત્યવંદન.

સીમંધર યુગમંધર પ્રભુ, બાહુ સુબાહુ ચાર; જંબૂદ્વીપના વિદેહમાં; વિચરે જગદાધાર. ॥ ૧ ॥ સુજાત આહેઅ ને સ્વયંપ્રભુ, ઋષભાનન ગુણમાલ; અનંતવીર્ય ને સુરપ્રભુ, દસમા દેવ વિશાલ. ॥ ૨ ॥ વજ્રધર ચંદ્રાનન નમું, ધાતકી ખંડ મોઝાર; અષ્ટ કર્મ નિવારવા, વંદું વાર હજાર. ॥ ૩ ॥ ચંદ્રબાહુ ને ભુજંગમ પ્રભુ, નમિ ઇશ્વરસેન; મહાભદ્ર ને દેવજશા, અજિતવીર્ય નામેણ. ॥ ૪ ॥ આઠે પુષ્કર અર્ધમાં, અષ્ટમી ગતિ દાતાર; વિજય અડ નવ ચઉવીશમી, પણુવીશમી કિરતાર. ॥ ૫ ॥ જગનાયક જગદીશ્વરૂ એ, જગબંધવ હિતકાર, વિહરમાનને વંદતાં, જીવ લહે ભવ પાર. ॥ ૬ ॥

એકસો શીત્તેર જિન ચૈત્યવંદન.

સોળ જિનવર શ્યામળા, રાતા ત્રીશ વખાણુ; લીલા મરકત મણિ સમા, અડત્રીશ ગુણખાણ. ॥ ૧ ॥ પીળા કંચન વર્ણ સમા, છત્રીશ જિનચંદ; શંખ વર્ણ સોહામણું, પચાસે સુખકંદ. ॥ ૨ ॥ શીત્તેર સો જિન વંદીએ એ. ઉત્કૃષ્ટા સમ કાળ; અજિતનાથ વારે હુઆ, વંદુ થઈ ઉજમાળ. ॥ ૩ ॥ નામ જપંતા જિન તણું, દુર્ગતિ દુરે જાય; ધ્યાન ધ્યાતાં પરમાત્માનું, પરમ મહોદય થાય. ॥ ૪ ॥ જિનવર નામે જશ ભલો, સફળ મનોરથ સાર; શુદ્ધ પ્રતીતિ જિન તણી, શિવસુખ અનુભવ પાર. ॥ ૫ ॥

શ્રી બાવન જિનાલયનું ચૈત્યવંદન.

શુદિ આઠમ ચંદ્રાનન, સર્વ જ્ઞાની ગણીજે; ઋષભાનન શુદિ ચૌદશે, શાશ્વત નામ ભણીજે. ॥ ૧ ॥ અંધારી આઠમ દિને, વર્ધમાન જિન નમીએ; વારિષેણ વદ ચૌદશે, નમતાં પાપ નિગમીએ. ॥ ૨ ॥ બાવન જિનાલય તપ એ, ગુણ ગણણો સુખકાર; શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર. ॥ ૩ ॥

ચોવીશ તીર્થંકરના લંછનનું ચૈત્યવંદન.

આદિદેવ લંછન વૃષભ, અજિત જિન હસ્તિ મોહે; સંભવનાથને હય ભલો, અભિનંદન હરિ[૧] સોહે, ॥ ૧ ॥ સુમતિનાથને ક્રૌંચ પક્ષી, પદ્મપ્રભુ રકત કમળ; સુપાર્શ્વ-

---

૧ વાનર.

જિનને સાથીઓ, ચંદ્રપ્રભુ શશિ નિર્મળ. ॥ ૨ ॥ સુવિધિ જિનેશ્વર મત્સ્યનું એ, શીતળ જિન શ્રીવત્સ; ખડ્ગી[૧] જિનવર શ્રેયાંસને, પ્રણમો મન ધરી રંગ. ॥ ૩ ॥ વાસુપૂજ્ય [૨]મહિષનું, વિમળજિન સૂઅર જોય; સીંચાણો પક્ષી અનંતને, શ્રી ધર્મને વજ્ર એ હોય. ॥ ૪ ॥ શાંતિજિન મૃગલો ભલો, શ્રી કુંથુ વળી છાગ[૩]; નંદાવર્ત શ્રી અરપ્રભુ, શ્રીમલ્લી કુંભ[૪] ચંગ. ॥ ૫ ॥ મુનિસુવ્રતને કાચબો એ, નીલ કમળ નમિરાય; દક્ષિણાવર્ત શંખજ જયો, શ્રી નેમિજિનને પાયો. ॥ ૬ ॥ પુરૂષાદાણી પાર્શ્વપ્રભુ, લંછન નાગનું સાર; વીર જિનેશ્વરને ભલું, સિંહ કહ્યો ઉદાર. ॥૭॥ ગર્ભ કાળથી એ સહી, સર્વ જિનને તુંગ; જમણે પગે જંઘા તણો, એ આકાર ઉત્તંગ. ॥ ૮ ॥ લંછન એ સવિ શાશ્વતા એ, આગમ માંહિ જોજો; ક્ષમાવિજય જસ નામથી, શુભને જશ સુખ હોજો. ॥ ૯ ॥

અઢાર દોષ વર્જિત જિન ચૈત્યવંદન.

દાન[૧] લાભ[૨] [૩]ભોગોપભોગ[૪], બળ[૫] પણ× અંતરાય; હાસ્ય[૬] અરતિ[૭] રતિ[૮] ભય[૯] દુગંછા [૧૦]સોક [૧૧]પટ+ કહેવાય. ॥ ૧ ॥ કામ [૧૨]મિથ્યાત્વ [૧૩]અજ્ઞાન [૧૪]નિદ્રા, [૧૫]અવિરતિ [૧૬]એ પાંચ; રાગ[૧૭] દ્વેષ[૧૮] દોય દોષ એ, અઠ્ઠારસ સંચ ॥ ૨ ॥ એ જેણે દૂરે કર્યા એ, તેને કહીએ દેવ; જ્ઞાનવિમળ પ્રભુ ચરણની, કીજે અહોનિશ સેવ. ॥ ૩ ॥

---

૧ ગેંડો. ૨ પાડો. ૩ બોકડો. ૪ કળશ. ×પાંચ +છ

અઢાર દોષ વર્જિત જિન ચૈત્યવંદન.

ક્રોધ[૧] માન[૨] મદ[૩] લોભ[૪] માય[૫] અજ્ઞાન[૬] અરતિ[૭] રતિ; હિંસાદિક* નિદ્રા[૧૦] અને, મત્સર[૧૧] ને અપ્રીતિ[૧૨]. +શોક[૧૩], ભય[૧૪] અને પ્રીતિ[૧૫], રતિક્રીડા[૧૬] પ્રસંગ; દોષ અઢાર પ્રગટ નિકટ, નહીં જેને અંગ. ॥ ૨ ॥ દેવ સર્વ શિર સેહરો એ, તે કહીએ નિરધાર; જ્ઞાનવિમળ પ્રભુ ભુવનનો, પુણ્ય તણો ભંડાર. ॥ ૩ ॥

શ્રી પંચતિર્થનું ચૈત્યવંદન.

સિદ્ધાચળ ગિરનાર ગિરિ, અબુંદ અતી ઉત્તંગ; સમેતશિખર જીન વીશનાં, મોક્ષ કલ્યાક ચંગ. ॥ ૧ ॥ કોટિશિલા અષ્ટાપદે, મેરૂ રૂચક સમીપ; શાશ્વત જિનવર ગૃહ ઘણાં, શ્રી નંદીશ્વર દ્વીપ. ॥ ૨ ॥ દેવલોક ગ્રૈવેક છે, ભવનપતિ વર ભવન, જિનવર બિંબ અનેક છે, પૂજું તે સર્વ સુમન. ॥ ૩ ॥ વિહરમાન જિનવર ભલા, અતીત અનાગત અદ્ધા; નામ સ્થાપના દ્રવ્ય ભાવ, ચાર નિક્ષેપા લદ્ધા. ॥ ૪ ॥ સહેજાનંદી સુખકરૂ એ, પરમ દયાળ પ્રધાન; પુન્યે મહોદયે પૂજતાં, લહીએ પરમ કલ્યાણ. ॥ ૫ ॥

શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

અષ્ટાપદ આદિ અનેક, જગ તીર્થો મોટાં; તેહથી અધિકું સિદ્ધક્ષેત્ર, એહ વચન નહિ ખોટાં. ॥૧॥ જે માટે

---

* હિંસા અસત્ય ને અદત્ત, + આને બદલે માગધી ગાથાઓમાં હાસ્ય કહેલાં છે.

એ તીર્થ સાર; શાશ્વત પ્રતિરૂપ; જેહ અનાદિ અનંત શુદ્ધ, ઇમ કહે જિનભૂપ. ॥ ૨ ॥ કળિકાળે પણ જેહનો એ, મહિમા પ્રબળ પડુર; શ્રી વિજયરાજ સૂરીંદથી, દ્વાન વધે બહુ નુર. ॥ ૩ ॥

શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય માહાત્મ્યની, રચના કીધી સાર; પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિન ગણુધાર. ॥ ૧ ॥ એક દિન વાણી જિન તણી, સુણી થયેા આનંદ; આવ્યા શત્રુંજય ગિરિ, પંચ ક્રોડ સહ રંગ. ॥ ૨ ॥ ચૈત્રી પુનમને દિને એ, શિવશું કીધેા યેાગ; નમીએ ગિરિને ગણુધર, અધિક નહીં ત્રિલેાક. ॥ ૩ ॥

ચૌદસેાબાવન ગણુધરનું ચૈત્યવંદન.

(ચેાપાઈ)

સરસ્વતી આપે સરસ વચન, શ્રી જિન થુણતાં હરખે મન; જિન ચેાવીશે ગણુધર જેહ, પભણું સંખ્યા સુણેા તેહ. ॥ ૧ ॥ ઋષભ ચેારાસી ગણુધર દેવ, અજિત પંચાણું કરેા નિત્ય સેવ; શ્રી સંભવ એકસેા વળી દેાય, અભિનંદન એકસેા સેાળ હેાય. ॥ ૨ ॥ એકસેા સુમતિ શિવપુર વાસ, પદ્મપ્રભુ એકસેા સાત ખાસ; સ્વામી સુપાર્શ્વ પંચાણું જાણુ, ચંદ્રપ્રભુ ત્રાણું ચિત્ત આણુ. ॥ ૩ ॥ અઠયાસી સુવિધિ પુષ્પદંત, એકાશી શીતલ ગુણવંત; શ્રેયાંસ જિનવર છેાંતેર સુણેા, વાસુપુજ્ય છાસઠ ભવી ગણેા. ॥ ૪ ॥ વિમલનાથ સત્તાવન સુણેા, અનંતનાથ પચાસજ ગુણેા; ત્રેંતાલીશ ગણુ-

ધર ધર્મ નિધાન, શાંતિનાથ છત્રીશ પ્રધાન. ।।૫।। કુંથુ જિનેશ્વર કહું પાંત્રીશ, અરજિન આરાધો તેત્રીશ; મલ્લી અઠ્ઠાવીશ આનંદ અંગ, મુનિસુવ્રત અષ્ટાદશ ચંગ. ।।૬।। નમિનાથ સત્તર સંભાળ, એકાદશ નમો નેમિ દયાળ; દશ ગણધર શ્રી પાર્શ્વકુમાર, વર્ધમાન એકાદશ ધાર. ।। ૭ ।। સર્વ મળી સંખ્યા એ સાર, ચૌદસો બાવન ગણધાર; પુંડરીક ને ગૌતમ પ્રમુખ, જસ નામે લહીએ બહુ સુખ. ।। ૮ ।। પ્રહ ઉઠી જપતાં જય જયકાર, ઋદ્ધિ વાંછિત દાતાર; રત્નવિજય સત્યવિજય બુધરાય, તસ સેવક વૃદ્ધિ-વિજય ગુણ ગાય. ।। ૯ ।।

ઉપદેશક ચૈત્યવંદન.

ક્રોધે કાંઇ ન નીપજે, સમકિત તે લુંટાય; સમતા રસથી ઝીલીએ તો વેરી કોઇ ન થાય. ।। ૧ ।। વહાલા શું વઢીએ નહીં, છટકી ન દીજે ગાળ; થોડે થોડે છંડીએ, જિમ છંડે સરોવર પાળ. ।। ૨ ।। અરિહંત સરખી ગોઠડી, ધર્મ સરીખો સ્નેહ; રત્ન સરીખાં બેસણાં, ચંપક વર્ણી દેહ. ।। ૩ ।। ચંપકે પ્રભુજી ન પૂજીયા, ન દીધું મુનિને દાન; તપ કરી કાયા ન શોચવી, કીમ પામશો નિર્વાણ. ।। ૪ ।। આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય; ઉન્મત્ત સરખી માંકડી, લોચ બણુંતી જાય. ।। ૫ ।। આંગણ મોતી વેરીયા, વેલે વિંટાળી વેલ; હીર-વિજય ગુરૂ હીરલો, મારૂં હૈડું રંગની રેલ. ।। ૬ ।।

દીવાળીનું ચૈત્યવંદન.

મગધદેશ પાવાપુરી, વીર પ્રભુજી પધાર્યા; સોલ પહોર દીયે દેશના, ભવીક જીવ તુમે તાર્યા. ॥ ૧ ॥ અઢાર ભેદે ભાવે ભણી, અમૃત જેવી વાણી; દેશના દેતા રયણીએ, પરણ્યા શીવરાણી. ॥ ૨ ॥ ઉઠો રાય દીવા કરો, અજુવાળો દીન એહ; આસો માસે કાર્તકી, દીવાળી દીન એહ. ॥ ૩ ॥ મેરૂ થકી ઇંદ્ર આવીયા, લેઈ હાથમાં દીવો; મેરૈયા ! તે કારણે, લોક કહે વીરંજીવો. ॥ ૪ ॥ કલ્યાણીક કર્યાં જેણે, ગુરણું જે ગણશે; જાપ જપે જીનરાજનું, સો પુસ્તક નમશે. ॥ ૫ ॥ પહેલે દીન ગૌતમ નમુ, પામ્યા કેવળ જ્ઞાન; બાર સહસ ગુરણું ગણે, તેથી કોડ કલ્યાણ. ॥ ૬ ॥ સુરનર વંદુ નિર્મળા, ગૌતમને આપો; આચારજ પદ્વી થયા, સો સાખે સ્થાપો. ॥ ૭ ॥ જવાર પટોરાં તે કારણે, લોકાંતિક વ્યવહાર; બેને ભાઇ જમાડીયો, નંદીવર્ધન સાર. ॥ ૮ ॥ ભાવડ બીજ તીહાં થઇ, વીરે જાણ્યું સાર; નયવિમળ સુખ સંપદા, મેરૂ શીખર ઉવઝાય. ॥ ૯ ॥

જીનેશ્વરની પાસે સ્તુતિનું ચૈત્યવંદન.

જય જય તું જીનરાજ, મળીયો મુજ સ્વામી; અવીનાશી અકલંક રૂપ, જગ અંતરજામી. ॥ ૧ ॥ રૂપા રૂપી ધર્મદેવ, આતમ આરામી; ચિદાનંદ ચેતન અચિંત્ય, શીવ લીલા પામી. ॥ ૨ ॥ સિદ્ધ બુદ્ધ તું વંદતાં, સકળ સિદ્ધ વર બુદ્ધ; રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ રૂદ્ધ.

॥ ૩ ॥ કાળ બહુ સ્થાવર ભમ્યેા, ભમીયેા ભવમાંહી; વિકલેંદ્રિમાંહિ વસ્યેા, પણ સ્થિરતા નહિ કયાંહિ. ॥ ૪ ॥ તિર્યંચ પંચેંદ્રિમાંહી દેવ, કર્મે હું આવ્યેા; કરી કુકર્મ નરકે ગયેા, તુમ દર્શન નવી પાયેા. ॥ ૫ ॥ એમ અનંતકાળે કરી એ, પામ્યેા નર અવતાર; હવે જગતારક તું મીલ્યેા, ભવજળ પાર ઉતાર. ॥ ૬ ॥

શ્રી પર્યુષણનું ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણ નીલેા, નવકલ્પી વિહાર; ચાર માંસાંત્તર સ્થીર રહી, એહિજ અર્થ ઉદાર. ॥ ૧ ॥ અષાઢ શુદિ ચૌદશ થકી, સંવચ્છરી પંચાસ; મુનીવર દીન સીંતેરમાં, પડીકમતા ચૌમાસ. ॥ ૨ ॥ શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરૂનુ બહુ માન; કલ્પસૂત્ર સુવિહીત મુખે, સાંભળીએ એકતાન. ॥ ૩ ॥ જીનવર ચૈત્ય જુહારીએ, ગુરૂભક્તિ વિશાલ; પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શીવ વરમાળ. ॥ ૪ ॥ દર્પણથી નિજ રૂપને, જુવે સુદૃષ્ટિ રૂપ; દર્પણ અનુભવ અર્પણેા, જ્ઞાન રયણ મુનિભૂપ. ॥ ૫ ॥ આત્મ સ્વરૂપ વિલેાકતાં એ, પ્રગટે મિત્ર સ્વભાવ; રાય ઉદાઇ ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ॥ ૬ ॥ નવ વ્યાખ્યાન પુજી સુણેા, સકલ ચતુર્થી સીમા; પંચમી દીન વાંચે સુણે, હેાય વીરાધક નીમા. ॥ ૭ ॥ એ નહી પર્વી પંચમી, સર્વ સમાંણી ચેાથે; ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યુ અરિહાનાથે. ॥ ૮ ॥ શ્રુતકેવળી વયણાં સુણીએ, લહી માનવ અવતાર; શ્રી શુભવીરને શાસને, થાયે તે જય જયકાર. ॥ ૯ ॥

પર્યુષણનું ચૈત્યવંદન બીજું.

સકલ પર્વ શ્રૃંગાર હાર, પર્યુષણ કહીએ; મંત્રમાંહી નવકાર મંત્ર. મહિમા જગ લહીએ. ॥ ૧ ॥ આઠ દીવસ અમારી સાર, અઠાઇ પાળો; આરંભાદિક પરિહરી, નરભવ અજુઆળો. ॥ ૨ ॥ ચૈત્ય પરિપાટી શુદ્ધ સાધુ, વિધિ વંદન જાવે; અઠમ તપ સંવચ્છરી, પડિક્કમણુ ભાવે. ॥ ૩ ॥ સાધર્મીક જન ખામણાં એ, ત્રિવિધ સુકીજે; સાધુમુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે. ॥ ૪ ॥ નવ વ્યાખ્યાને કલ્પસૂત્ર, વિધિપુર્વક સુણીજે; પુન્ય નવ પ્રભાવના, નિજ પાતિક હણીજે. ॥ ૫ ॥ પ્રથમ વીર ચરિત્ર બીજ, પાર્શ્વ ચરિત્ર અંકુર; નેમિ ચરિત્ર પ્રબંધ સ્કંધ, સુખ સંપત્તિ પુર. ॥ ૬ ॥ ઋષભ ચરિત્ર પવિત્ર પત્ર, શાખા સમુદાય; સ્થવીરાવળી બહુ કુસુમપુર, સરીખો કહેવાય. ॥ ૭ ॥ સમાચારી સુધત્તાએ, વરગંધ વખાણો; શિવસુખ પ્રાપ્તિ ફલ સહિ, સુરતરૂ સમ જાણો. ॥ ૮ ॥ ચૌદ પુર્વધર શ્રીભદ્રબાહુ, જેણે કલ્પ ઉદ્ધરીઓ; નવમા પુર્વથી યુગ પ્રધાન, આગમ જળ ભરીયો. ॥ ૯ ॥ સાતવાર શ્રી કલ્પસૂત્ર, જે સુણે ભવીપ્રાણી; ગૌતમને કહે વીરજીન, પરણે શીવરાણી. ॥ ૧૦ ॥ કાલિકસૂરિ કારણે એ, પર્યુષણ કીધાં; ભાદરવા શુદિ ચોથમાં, નિજ કારજ સીધ્યાં. ॥ ૧૧ ॥ પંચમી કરણી ચોથમાં, જીનવર વચન પ્રમાણે, વીર થકી નવસે એંસી, વરસે તે આણે. ॥ ૧૨ ॥ શ્રી લક્ષ્મીસાગરસૂરિચ્વરૂએ; પ્રમોદસાગર સુખ સાર; પર્વ પર્યુષણ પાળતાં, હોયે જય જયકાર. ॥ ૧૩ ॥

શાશ્વતા જીનનું ચૈત્યવંદન.

અજવાળી આઠમ દીને, ચંદ્રાનન સર્વજ્ઞાય; ગણી જે ઋષભાનન સુદિ ચૌદસે, શાસય નામ ભણી જે. ॥ ૧ ॥ અંધારી આઠમ દીને, વર્ધમાન જીન નમીયે; વારીષેણ વદી ચૌદસે, નમતાં પાપ નીગમીયે. ॥ ૨ ॥ આવન જીનાલય તપ એ, ગુણણુ ગણો સુખકાર; શ્રી શુભવીરને શાસને, કરીએ એક અવતાર. ॥ ૩ ॥

શ્રી પાર્શ્વનાથજીના દશભવનું ચૈત્યવંદન.

અમર ભૂતિને કમઠ વિપ્ર, પહેલે ભવે કહીએ; બીજે ગજકુર કટ સહિ, ત્રીજે ભવે લહીએ. ॥ ૧ ॥ અઠમ કલ્પ પાંચમી નરક, કિરણ વેગ કખ જાણુ; મોરગ સર્પ ચોથે ભવે, અચ્યુત સુર મન આણુ. ॥ ૨ ॥ પાંચમી નરક પાંચમે ભવે, છઠે રાય વજ્રનાભ; ચંડાળ કુલે કમઠ જનીત, મધ્યમ ગ્રૈવેયકે લાભ. ॥ ૩ ॥ લલીતાંગ દેવ સાતમે ભવે, સાતમી નરકે લાગ; કનક પ્રભ ચક્રી થયા, કમઠ સિંહનો ભાગ. ॥ ૪ ॥ પ્રાણુત કલ્પ ચોથી નરક, પાર્શ્વનાથ ભવ દસમે; કમઠ થયો તાપસ વળી, અન્ય તીર્થિ બહુ પ્રણમે. ॥ ૫ ॥ દીક્ષા લેઇ મુગતે ગયા, પાર્શ્વ નાથજી દેવ; પદ્મવિજય સુ પસાઉલે, જીત પ્રણમે નિત્યમેવ. ॥ ૬ ॥ ઇતિ૦ ॥

પ્રાર્શ્વનાથજીનું ચૈત્યવંદન.

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણીયતે; હ્રીં ધરણેંદ્ર વૈરોટયા, પદ્માદેવી યુતાયતે. ॥ ૧ ॥ શાંતિ તુષ્ટિ

મહા પુષ્ટિ, ધૃતિકીર્તિ વિધાયિને; ૐ હ્રીં ધ્વિટ્ વ્યાલ વૈતાલ, સર્વોધિ વ્યાધિ નાશને. ॥ ૨ ॥ જયા જીતાખ્યા વિજયા, જ્યાપરા જીતયાન્વિતાઃ દિશાપાલૈ ર્ગ્રહૈર્યક્ષૈ, વિદ્યાદેવી ભિરન્વિતઃ ॥ ૩ ॥ ૐ અસિ આઉસાય નમઃ સ્તત્ર સ્ત્રેલોકય નાથતાં; ચતુઃ ષષ્ટિ સુરેંદ્રાસ્તે, ભાષંતે છત્ર ચામરૈઃ ॥ ૪ ॥ શ્રી શંખેશ્વર મંડન, પાર્શ્વજીન પ્રણુત કલ્પતરૂ કલ્પ; ચુરય દુષ્ટ વ્રાતં, પુરયમે વાંછિત નાથ. ॥ ૫ ॥ ઇતિ૦ ॥

પાર્શ્વનાથજીનું ચૈત્યવંદન.

ગોડી ગ્રામે સ્થંભને ચારૂ તીર્થે જીરા વલ્યામ્ પત્તને લોદ્રવ્યાખ્યે વારાણસ્યામ્ ચાપિ વિખ્યાત કીર્તિં, શ્રી પાર્શ્વેશં નૌમિ શંખેશ્વરસ્થં. ॥ ૧ ॥ ઇષ્ટાર્થાનામ્ સ્પર્શને પારિજાતં, વામાદેવ્યા નંદનં દેવવંદ્યં; સ્વર્ગે ભૂમૌ નાગલોકે પ્રસિદ્ધં. શ્રી પાર્શ્વેશં૦ ॥ ૨ ॥ ભિત્વા ભેદ્યં કર્મજાલં વિશાલં, પ્રાપ્યાનંતં જ્ઞાનરત્નં ચિરત્નં; લબ્ધ્વા મંદા નંદ નિર્વાણ સૌખ્યં. શ્રી પાર્શ્વેશં૦ ॥ ૩ ॥ વિશ્વાધીશં વિશ્વલોકે પવિત્રં, પ્રાપ્તાગમ્યં મોક્ષલક્ષ્મી કલત્રં; અંભો જાક્ષં સર્વદા સુપ્રસન્નં. શ્રી પાર્શ્વેશં૦ ॥ ૪ ॥ વર્ષે રમે ખંગ દો નાગચંદે; શંખેમાસે માધવે કૃષ્ણપક્ષે; પ્રાપ્તં પુન્યં દર્શનં યસ્યતંચ. શ્રી પા૦ ॥ ૫ ॥

આદીશ્વરજીનનું ચૈત્યવંદન.

કલ્પવૃક્ષની છાંહડી, નાનડીઓ રમતો; સોવન હિંડોળે હિંચતો, માતાને મન ગમતો. ॥ ૧ ॥ સો દેવી બાલક

થયા, ઋષભજી ક્રીડે; વ્હાલા લાગેા છેા પ્રભુજી, હૈડા શું ભીડે. ॥ ૨ ॥ જીનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન; ઇંદ્રે ધાલ્યેા માંડવેા, વિવાહનેા સામાન. ॥ ૩ ॥ ચેારી બાંધી ચિહું દિશેં, સુર ગેારી ગાવે; સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ॥ ૪ ॥ ભરતે બિંબ ભરાવીઆએ, સ્થાપ્યાં શત્રુંજય ગિરિરાય; શ્રી વિજયપ્રભસૂરિ મહિમા ઘણેા, ઉદયરત્ન ગુણ ગાય. ॥ ૫ ॥

(ચેાવીશ તીર્થંકરના તપ, દીક્ષા, નગરી વિગેરેનું ચૈત્યવંદન.)

સુમતિનાથ એકાસણું, કરી સંયમ લીધ; મલ્લિપાસજીન રાજદેાષ, અઠમશું પ્રસિદ્ધ. ॥ ૧ ॥ છઠ્ઠ ભક્ત કરી અવર સર્વ, લીયે સંયમ ભાર; વાસુપૂજ્ય કરી ચેાથ ભક્ત, થયા શ્રી અણગાર. ॥ ૨ ॥ વર્ષાંતે પારણું કરેએ, ઇક્ષુરસે રિસહેસ; પરમાન્ને બીજે દિને, પારણું અવર જીનેશ. ॥ ૩ ॥ વિનીતા નયરીએ લીએ, દીક્ષા શ્રી પ્રથમ જીણંદ; દ્વારા નયરી નેમિનાથ, સહસાવનને વૃંદ. ॥ ૪ ॥ શેષ તીર્થંકર જન્મભૂમિ, લીયે સંયમ ભાર; અણ પરણ્યા શ્રી મલ્લિનાથ, નેમિનાથ કુમાર. ॥ ૫ ॥ વાસુપૂજ્ય પાસ વીરજીએ, ભુપ થયા નવી એહ; અવર રાજ્ય ભેાગવી થયા, જ્ઞાન વિમળ ગુણગેહ. ॥ ૬ ॥ ચાર સહસ શું રિષભદેવ, શ્રી વીર એકાકી; ત્રણ શત સાથે મલ્લિ પાસ, સહસ સાથે બાકી. ॥ ૭ ॥ ષટશત સાથે વાસુપૂજ્ય, લહે સંયમ ભાર; મનઃપર્યવ તવ ઉપજે,

નવિજનને સુખકાર. ॥ ૮ ॥ એમ ચોવીશે જીનવરાચે, ભાખ્યો સુખ ધાય; જ્ઞાનવિમલસૂરિ ધર્મ કહે, હોજો જીન સુપસાય. ॥ ૯ ॥

અથ દોઢસો કલ્યાણકનું ચૈત્યવંદન.

ઋષભ નાયક જગ જીરો, વર્ધમાન જગ ઈશ; આતમહિતને કારણે, પ્રણમું પરમ મુનીશ. ॥ ૧ ॥ અટ પરવી જેણે ગણી, તેહમાં અધિકી જેહ; એકાદશી સમ કો નહીં, આરાધો ગુણગેહ. ॥ ૨ ॥ માગશર શુદી એકા-દશી, આરાધો શીવવાસ; કલ્યાણક નેવું જીન તણાં, એક સો ને પચાસ. ॥ ૩ ॥ મહાશય સર્વાનુભૂતિ, શ્રી ધર નમિ મલ્લિ અરનાથ; સ્વયંપ્રભ દેવ શ્રુત ઉદય, મલીયો શિવ-પુર સાથ. ॥ ૪ ॥ અકલંક શુભંકર સત્યનાથ, બ્રહ્મેંદ્ર ગુણગોગીક. સાંપ્રત મુનિ વિશિષ્ટ જીન, પામ્યા પુન્યની નીક. ॥ ૫ ॥ સુવ્રતદુ વ્યક્તિ કલાસત, અરણ્ય યોગ અયોગ; પરમ સુધારતી નિકસે તેમ, પામ્યા શિવ સંયોગ. ॥ ૬ ॥ સર્વાર્થ હરિભદ્ર મગધાધિપ, પ્રયચ્છ અક્ષોભ મલયસિંહ; દિનકૃત ધનદ પૌષધ તથા, જપતાં સકૃલિ જીહ. ॥ ૭ ॥ પ્રલંબ ચારિત્રનિધિ પ્રશામરા જીત, સ્વામી વિપરિત પ્રસાદ; અધરિત સમણેંદ્ર કૃષભચંદ્ર, સમર્યા શિવ આસ્વાદ. ॥ ૮ ॥ દયાંત અભિનંદન રત્નેશનાથ, શ્યામ કોષ્ઠ મરૂ-દેવ અતિપાર્શ્વ; નંદિષેણ વ્રત ધર નિર્વાણિ તથા, થાયે શિવ સુખ આસ. ॥ ૯ ॥ સૌંદર્ય વિવિકમ નરસિંહ, દમંત સંતોષિત કામનાથ; મુનિનાથ ચંદ્ર દાહ દિલાદિત્ય, નમિયે શિવ પુરનાથ. ॥ ૧૦ ॥ અષ્ટાન્હિક વણિક ઉદય-

નાથ, તમોકંદ સાયકાક્ષ ખેમંત; નિર્વાણ રવિરાજ પ્રશમ, નમતાં દુઃખનો અંત, ।। ૧૧ ।। પુરૂરવાસ અવબોધ વિક્રમેંદ્ર, સુશાંતિ હરદેવ નંદિકેશ; મહામૃગેંદ્ર અશોચિત ધર્મેંદ્ર, સંભારો નામ નિવેશ. ।। ૧૨ ।। અશ્વવૃંદ કુટિલક વર્ધમાન, નંદિકેશ ધર્મ ચંદ્ર વિવેક; કલાપક વિસોમ અરણનાથ, સમર્યા ગુણ અનેક. ।। ૧૩ ।। ત્રણ પદે ત્રણ ચોવીસીયો, પદે પદે કોઠા જાંણ; ચોથા પદમાં ભાવના, આરાધો ગુણ ખાંણ. ।। ૧૪ ।। દોઢસો કલ્યાણક તણો, ગુણણો એહ મનોહાર; ચિત્ત આણીને આદરો, જિમ પામો ભવપાર. ।। ૧૫ ।। જીનવર ગુણ માલા, પુન્યની એ પ્રનાલા, જે શિવ સુખ રસાલા, પામીયે સુવિશાલા. ।। ૧૬ ।। જીન ઉત્તમ થુણિજે, પાદ તેહના નમીજે; નિજરૂપ સમરીજે, શિવલક્ષ્મી વરીજે. ।। ૧૭ ।।

મહાવીરના પંચ કલ્યાણકનું ચૈત્યવંદન,

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલા દેવીમાય; ક્ષત્રિય કુંડમાં અવતર્યા, પ્રભુજી પરમ દયાળ. ।। ૧ ।। ઉજવલી છઠ આષાઢની, ઉત્તર ફાલ્ગુની સાર, પુષ્પોત્તર વિમાનથી, ચવીયા શ્રી જીન ભાણ. ।। ૨ ।। લક્ષણ અડહિય સહસ્ત્રએ, કંચન વર્ણી કાય; મૃગપતિ લંછન પાઉલે, વીરજીનેશ્વર-રાય. ।। ૩ ।। ચૈત્રિ સુદિ તેરસ દિને, જન્મ્યા શ્રી જીન-રાય; સુરનર મળી સેવા કરે, પ્રભુનું જન્મ કલ્યાણ. ।। ૪ ।। માગશર વદિ દશમિ દિને, લીયે પ્રભુ સંયમ ભાર; ચઉનાણી જીનજી થયા, કરવા જગ ઉપગાર. ।। ૫ ।। સાડા બાર વરસ લગે, સહ્યા પરિસહ ઘોર, ઘન ઘાતી

ચઉકર્મનો, ત્યજ કર્યો ચક્ષુર. ॥ ૬ ॥ વૈશાખ શુદિ દશમી દિને, ધ્યાન શુકલ મન ધ્યાય; શમી વૃક્ષ તળે પ્રભુ, પામ્યા પંચમનાણ. ॥ ૭ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપવા, દેશના દિયે મહાવીર; ગૌતમ આદિ ગણધરૂ, કર્યા વજીર હજુર. ॥ ૮ ॥ કાર્તિક અમાવાસ્યા દિને, શ્રી વીર લહ્યા નિર્વાણ; પ્રભાતે ઇંદ્રભૂતિને, આપ્યું કેવળનાણ. ॥ ૯ ॥ જ્ઞાન ગુણે દીવા કર્યાએ, કાર્તિક કમલા સાર; પુણ્યે મુક્તિ વધુ વર્યા, વરતી મંગળ માળ. ॥ ૧૦ ॥

વીરપ્રભુનું ચૈત્યવંદન.

વીરજીનવર, વીરજીનવર, ચરમ ચૌમાસ, નયરી અપાપાએ આવીયા, હસ્તિપાલરાજન સભાએ, કાર્તિક અમાવાસા રયણિએ, મુહુર્ત્ત શેષ નિર્વાણતાંહિ, શૈલપહોર દેઇ દેશના, પોહોત્યા મુક્તિ મોજાર, નીત્ય દીવાળી નય કહે, મળીયા નૃપતિ અઢાર. ॥ ૧ ॥ દેવ મળીયા દેવ મળીયા, કરે ઓચ્છવરંગ મેરઇયાં હાથે ગ્રહી દ્રવ્યતેજ ઉદ્યોત કીધો; ભાવ ઉદ્યોત જીનેંદ્રને, હામહામ એ ઓચ્છવ પ્રસિદ્ધો, લખ કોડી છઠ ફળ કરી, કલ્યાણ કરો એહ, કવિ નય વિમળ કહે ઇશ્યું, ધન ધન દહાડો તેહ. ॥ ૨ ॥ શ્રી સિદ્ધાર્થ નૃપકુલ તીલો, ત્રિસલા જસમાત, હરિલંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત, ત્રીશ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર, બાર વરસ છદ્મસ્થમાન લહી કેવળસાર; ત્રીસ વરસ એમ સવી મળીએ, બોતેર આયુ પ્રમાણ, દીવાળીદીન શિવ ગયા, કહે નય તે ગુણખાણ. ॥૩॥

અથ સ્તવન સંગ્રહ.

શ્રી સંભવનાથ સ્તવન.

કંકણો મોલ લીયો—એ દેશી.

સંભવ ભવ ભય ભંજણોરે જિનજી, મયનોમદના વિકાર, દિલડે વસી રહ્યો, જનમ થકી પણ જેહનારે જિનજી, અનોપમ અતિશય ચાર. દિલડે૦ ॥ ૧ ॥ પ્રસ્વેદ ન હોયે કદારે જિનજી, અદ્‌ભૂત રૂપ સુવાસ. દિલડે૦ કાયા જેહની એહવીરે જિનજી, રોગ ન આવે પાસ. દિલડે૦ ॥ ૨ ॥ આહારકો દેખે નહીરે જિનજી, રૂધિર ગોખીર સમાન. દિલડે૦ શ્વાસોશ્વાસ સુખે લહેરે જિનજી, કમળ સુગંધી પ્રધાન. દિલડે૦ ॥ ૩ ॥ આઠ કર્મના નાશથીરે જિનજી, પામી અડગુણ સિદ્ધિ. દિલડે૦ સાદિ-અનંતે ભોગવેરે જિનજી, કેવળ કમળા રિદ્ધિ. દિ૦ ॥ ૪ ॥ જીતારી નૃપ નંદનોરે જીનજી, અંતર અરી કરે ઘાત. દિ૦ તેહમાંકો અચરીજ નહિરે જિનજી, ઉત્તમ કુલ અવદાત, દિ૦ ॥ ૫ ॥ સ્વપ્ન માંહિ પણ સાંભળેરે જિનજી, સાહેબરો

દેદાર; દિ૦ પંડિત ક્ષમાવિજય તણોરે જિનજી, કહે જિન દિલ આધાર. દિલડે૦ ॥ ૬ ॥

શ્રી પદ્મપ્રભજિન સ્તવન.

આછે લાલની—એ દેશી.

પદ્મચરણ જિનરાય, બાલ અરૂણ સમકાય; જિવનલાલ, ઉદયેાધર નૃપ કુલતીલેાજી૦ ॥ ૧ ॥ મેાહાદિક અંતરંગ, અરીયણ આઠ અભંગ, જિ૦ મારવા મનુરાતેા થયેાજી. ॥ ૨ ॥ ચઢી સંયમ ગજરાય, ઉપસમ ઝુલ બનાય, જિ૦ તપ સિંદુરે અલંકર્યોજી. ॥ ૩ ॥ પાખર ભાવના ચાર, સુમતિ ગુપતિ શણગાર, જિ૦ અધ્યાતમ અંબાડીયેજી. ॥ ૪ ॥ પંડિત વીર્ય કમાન, ધર્મધ્યાન શુભ બાણ, જિ૦ ક્ષપકસેન સેના વળીજી. ॥ ૫ ॥ શુકલ ધ્યાન સમશેર, કર્મ કટક કીયેાજેર; જિ૦ ક્ષમાવિજય જિનરાજવીજી. ॥ ૬ ॥

શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

વીર વખાણી રાણી ચેલણાજી—એ દેશી.

સુવિધિ જિન વલી વલી વિનતીજી, મીનતી કેતીક રાય; જગ ગુરૂ મેાટીમમાં રહેાજી, આતુર જન અકલાય. સુ૦ ॥ ૧ ॥ નાયક નજર માંડે નહીજી, પાયક કરે અરદાસ જેહની પુંઠે જે સરજીયાજી, તેહને તેહની આશ. સુવિધિ૦ ॥ ૨ ॥ આપ અનંત સુખ ભેાગવેાજી, તેહનેા અંશધેા મુજ; મિઠડું સહુ જાણે દીઠડું જી, અવર શું ભાખીયે તુજ. સુ૦ ॥ ૩ ॥ રયણ એક હેત રયણાયરેજી, ઉણીમ કાંઇ ન થાય; હાથીના મુખથી દાણેા પડેજી, કીડીનું કુટુંબ વરતાય. સુ૦

॥ ૪॥ ચંદ્રની ચંદ્રિકા વિસ્તરેજી, અમૃતમાં નહિ હાણુ; ક્ષમા-વિજય જિન લહેરથીજી, જગજિન લહત કલ્યાણુ. સુ૦ ॥૫॥

શ્રી શાંન્તીનાથ જીન સ્તવન.

તાહરી આંખડીયે ઘર ઘાલ્યું, ગહગ્ન ગીરધારી—એ દેશી.

તું પારંગત તું પરમેશ્વર, વાલા મારા તું પરમારથ વેદી; તું પરમાતમ તું પુરૂષોત્તમ, તું અચ્છેદી અવેદીરે. ॥ ૧ ॥ મનના મોહનીયા, તાહરી કીકી કામણુગારી, જગના સોહનીયા. એ ટેક૦ યોગી અયોગી ભોગી અભોગી, વા૦ તુંહીજ કામી અકામી; તુંહી અનાથ નાથ સહુ જગનો, આતમ સંપદ રામીરે. મનના૦ ॥ ૨ ॥ એક અસંખ્ય અનંત અનુચર; વા૦ અકલ સકલ અવિનાશી, અરસ અવર્ણ અંગધ અફાસી, તુંહી અપાસી અનાસીરે. મનના૦ ॥ ૩ ॥ મુખ પંકજ ભમરી પરે અમરી, વા૦ તુંહી સદા બ્રહ્મચારી; સમોસરણ લીલા અધિકારી, તુંહીજ સંયમ ધારીરે, મનના૦ ॥ ૪ ॥ અચિરાનંદન અચરિજ એહી, વા૦ કહણી માંહે ન આવે; ક્ષમાવિજય જિન વયણ સુધારસ, પીવે તેહિજ પાવેરે. મનના૦ ॥ ૫ ॥

શ્રી કુંથુનાથ જીન સ્તવન.

દેશી લલનાની.

કરૂણા કુંથુજીણુંદની, ત્રિભુવન મંડલ માંહિ લલના; પરમેશ્વર પંચ કલ્યાણુકે, પ્રગટ ઉંદ્યોત ઉછાંહ લલના. કરૂણા૦ ॥ ૧ ॥ સુરસુત તન ખટકાયને, રખે અચરીજ

રૂપ લલના, ભાવ અહિંસક ગુણ તણો, એ વ્યવહાર અનુપ લલના. ક૦ ॥ ૨ ॥ દાધો દુષ્ટ વ્યંતર થકાં, છાગ રહ્યો પગ આપ લલના, પરમ કૃપાળુ પ્રભુ મીલે, કહો કિમ અલગો થાય લ૦ ક૦ ॥ ૩ ॥ શાન્ત અનુમત વય તણો, લોકોત્તર આચાર લ૦ ઉદયક પણ અરિહંતનો, ન ધરે વિષય વિકાર લ૦ ક૦ ॥ ૪ ॥ અસંખ્યપ્રદેશે પરિણમે, અવ્યાબાધ અનંત લ૦ વાનગી અવની મંડલે, વિહારે ઇતિ સમતંત લ૦ ક૦ ॥ ૫ ॥ જગ જંતુ જીનવર તણો, શરણે સિદ્ધિ લહંત લલના, ક્ષમા વિજય જિન દેશના, જલધર પરે વરસંત. લ૦ ક૦ ॥ ૬ ॥

શ્રી અરનાથ પ્રભુ જીન સ્તવન.

મારે માથે પંચરંગી પાઘ, સોનારો છોગલો માઝ્ઝ, એ દેશી.

અર જિનવર નમીયે, નિજ ઘર રમીએ, જીવનાં સાહેબજી; પર પરણતી દમીએ, નવિ ભમીએ ભવ ગહનમાં સાહેબજી. સા૦ ॥ ૧ ॥ ગયો કાલ અનંતો, પ્રભુ અણ લહતો નિંદમાં; સા૦ મિથ્યામતિનિ ડોકીનો વિષયા લિંદમાં સા૦ ॥ ૨ ॥ વર રમણિ રૂપેલીનોદિનો મૈથુને, સા૦ આશ્રવ ભરભારી પાપ અંધારી પૈશુને. સા૦ ॥ ૩ ॥ થયો લાખ ચોરાશી યોની વાસી મોહ વસે, સા૦ વર્યો તૃષ્ણા દાસી પુદ્ગલ આસી બહુ ધસે. સા૦ ॥ ૪ ॥ વિશ્વાનર રાતો માને માતો કુકરો, સા૦ માયા વિષવેલી કરતો કેલી વાનરો સા૦ ॥ ૫ ॥ લોભાનલ દાધો આધો મમતા સાપિણી, સા૦ ડાકણ પરે વળગી, ન રહે અલગી પાપીણી. સા૦ ॥ ૬ ॥ લોકો દર દેગે અરિયણ સંગે હેલવ્યો, સા૦

ભવિતવ્યતા અમરી સમરી નર ભવ મેળવ્યો. સા૦ ॥ ૭ ॥ નવિ કીજે ખામી અવસર પામી પુણ્યથી, સા૦ જ્ઞાના વરણાદિ કર્મ મર્મથી તિનું નથી. સા૦ ॥ ૮ ॥ સમ્યકત્વ સદ્દા ગણુ ગુણુ ગણ્ય આગમ પામીને; સા૦ કહે ચેતના નારી પ્યારી આતમ રામને. સા૦ ॥ ૯ ॥ કેમ તજીએ ભજીએ, ક્ષમા વિજય જીન નામને; સા૦ જો વાંછો અનોપમ અક્ષય લીલા ધામને. સા૦ ॥ ૧૦ ॥

શ્રી મલ્લિનાથ જીન સ્તવન.

સુણ બહેની પીયુડો પરદેશી-એ દેશી.

મલ્લિજીનેશ્વર ધર્મ તમારો, સાદિ અનંત સ્વાભાવજી; લોકા લોક વિશેષા ભાષણ, જ્ઞાનાવરણી અભાવજી, મ૦ ॥ ૧ ॥ એક નિત્યને સઘલે વ્યાપી, અવયવ વિણ સામાન્યજી; બિઆવરણ અભાવે દેખે, ઉપયોગાન્તર માન્યજી. મ૦ ॥ ૨ ॥ આતમ એક અસંખ્ય પ્રદેશી, અવ્યાબાધ અનંતજી; વેદની વિનાસે માયે, લોકે દ્રવ્ય મહંતજી. મ૦ ॥ ૩ ॥ મોહની ક્ષયથી ક્ષાયિક સમકિત, યથા ખ્યાત ચારિત્રજી; વિતરાગતા રમણો આયુ, ક્ષય અક્ષય સ્થિતિ નિત્યજી. મ૦ ॥ ૪ ॥ પંચ દેહ અવગાહના આકૃતિ, નામ વિભાવ અનુપજી; વર્ણ ગંધ રસ ફાસે વર્જીત, અતિંદ્રય સરૂપજી, મ૦ ॥ ૫ ॥ અગુરૂ લઘુ ગુણ ગોત્ર અભાવે, નહિ હલવા નહિં ભારજી, અંતરાય વિજયથી દાના, દિકલબ્ધિ ભંડારજી. મ૦ ॥ ૬ ॥ ચેતન સમતાયે મુજ સત્તા, પરખી પ્રભુપદ પામીજી; આરીસો કાટે અવરાણો, મલ નાસે નિજ ધામજી. મ૦ ॥ ૭ ॥

સંગ્રહ નય જે આતમા સત્તા, કરવા એવં ભુતજી; ક્ષમા-વિજય જીનપદ અવલંબી, સુરનર મુનિ પુહુત્તજી. મ૦ ।।૮।।

મુનિસુવ્રત સ્વામી જીન સ્તવન.

જય જય મુનિસુવ્રત જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીસ; વારે ઘાતી સુડતાળીસ, જેહથી પ્રગટેરે, જેહથી પ્રગટે ગુણ એકત્રીશરે. ।। ૧ ।। મુણિંદા તુજ દેશના સુખ ખાણી, સુખ ખાણીરે મેં જાણીરે મુણિંદા; જેહથી લાજે સાકરપાણીરે; મુ૦ એતો ધર્મરાય પટરાણીરે, મુ૦ એ આંકણી. ।। ૨ ।। એહનાં અંગ ઉપાંગ અનુપ, એહનું મુખડું મંગલ રૂપ; એ તો નવ રસ રંગ સરૂપ, એહનાં પગલાંરે એહનાં પગલાં પ્રણમે ભૂપરે. મુ૦ ।। ૩ ।। એતો એક અનેક સ્વભાવ, એતો ભંગીરે એતો ભંગી સત્ય બનાયરે, મુણિંદા૦ ।। ૪ ।। એતો નય ગર્ભિત અવદાત, એહનો તીર્થંકર પદ તાત, એ ચઉ પુરૂષાર્થની માત, એહના સકલારે, એહના સકલા અર્થ છે જાતરે. મુ૦ ।। ૫ ।। એહનો ત્રિહુ જગમાં ઉદ્યોત, જીપે રવિ શશિ દીપક જ્યોત; બીજા વાદી શ્રુત ખદ્યોત, એતો તારેરે એતો તારે જિમ જલ પોતરે. મુ૦ ।। ૬ ।। એહને ગણુ-ધર કરે શણગાર, એહને સેવે સહુ અણગાર, એતો ધુરથી સદા બ્રહ્મચાર, એતો ત્રિપદીરે એતો ત્રિપદીનો વિસ્તારરે. મુ૦ ।। ૭ ।। એહથી જાતિનાં વયર સમાય, એસેં વાઘણ ભેગી ગાય, આવે સુરદેવી સમુદાય, એહને ગાવેરે એહને ગાવે પાપ પલાયરે. મુ૦ ।। ૮ ।। એહને વાંછે નરને નાર, એહથી નાસે કામ વિકાર, એહથી ઘર

ઘર મંગલ ચાર, એતો મુનિજીનરે એતો મુનિજીન પ્રાણ આધારરે. મુ૦ ॥ ૯ ॥

શ્રી નેમીનાથ પ્રભુનું સ્તવન.

જો હરિ નહિ મળેરે, જોરે મારા પાપી પ્રાણ–એ દેશી.

નિરૂપમ નેમીજીરે, વાલમ મુકી કયાં જાઓ; તોરણ આવીનેરે, એમ કાંઇ વિરહ જગાવો. ॥ ૧ ॥ કરૂણા પશુ તણીરે, કરતાં અબલા ઉવેખો; દુર્જન વયણથીરે, એ નહિ સાજન લેખો. ॥ ૨ ॥ શશિ લંછન કીઓરે, સિતા-રામ વિયોગો; વિબુધ જને કહ્યોરે, ન્યાએ નામ કુરંગો. ॥ ૩ ॥ ગુન્હો કો કીઓરે, જો રહતી એકલડી છંડી; ગુણિકા સિદ્ધ વધુરે, તેહસું પ્રીતડી મંડી. ॥ ૪ ॥ અડ-ભવ નેહલોરે, નવમેં છેહ મ દાખો; દાસી રાઉલીરે, સાહેબ ગોદમાં રાખો. ॥ ૫ ॥ પુણ્યે પરવડારે, મુજથી યાચક લોગા; દાન સંવત્સરેરે, પામ્યા વંછિત ભોગા. ॥ ૬ ॥ વિહવા અવસરેરે, જમણો હાથ ન પામી; દીક્ષા અવસરેરે, દીજે અંતરજામી. ॥ ૭ ॥ માતશિવા તણોરે, નંદન ગુણ મણિ ખાણી; સંયમ આપીનેરે, તારી રાજુ-લનારી. ॥ ૮ ॥ મુગતિ મહેલે મળ્યાંરે, દંપતિ અવિચલ ભાવે; ક્ષમાવિજય તણોરે, સેવક જીન ગુણ ગાવે. ॥ ૯ ॥

શ્રી પાર્શ્વનાથ સ્વામિનું સ્તવન.

ધોડીજી આઇ થારા દેશમાં મારજી–એ દેશી.

પરમ પુરૂષ પરમાતમા સાહેબજી, પુરીસાદાણી પાસહો શિવસુખરા ભમર થાશે વિનતી સાહેબજી, અવસર

પામી ઓલગુ. સા૦ સફલ કરો અરદાસહો. શિવ૦ ॥૧॥ દોય નંદન મોહ ભુપરા, સા૦ તિણે કયો જગ ધંધોલહો; શી૦ દ્વેષ કરી રાગકે હરી, સા૦ તેહના રાણા સોલહો. શી૦ ॥ ૨ ॥ મિથ્યા મોહતો આકરો, સા૦ કામકટક સિરદારહો. શિ૦ ત્રણ રૂપ ધરી તે રમે; સા૦ હાસ્યાદિક પરિવાર હો. શિ૦ ॥ ૩ ॥ મોહ મહી પરાજેરથી; સા૦ જગ સઘલો થયો જેરહો. શિ૦ હરિહર સુરનર સહુ નમ્યા; સા૦ જકડી ઉર્મને ઘેર હો, શિ૦ ॥ ૪ ॥ ભવ સ્થિતિ ચૌગતિ ચોકમાં; સા૦ લોક કરે પોકાર હો; શિ૦ આપ ઉદાશી થઇ રહ્યા, સા૦ ધ્રમિકિમ રહસ્યે કારહો. શિ૦ ॥ ૫ ॥ ક્ષપક શ્રેણીરે ગજઘટા, સા૦ હલકારો અરિહંત હો. શી૦ નાણ ખડગ ભુજ કર દીયો, સા૦ ક્ષણમાં કરૂં અરિઅંત હો. શિ૦ ॥ ૬ ॥ કરૂણા નયણ કટાક્ષથી, સા૦ રિપુદલ હોએ વિસરાલ હો. શિ૦ ક્ષિમાવિજય જિન સંપદા, સા૦ પ્રગટે ઝાક ઝમાલહો. શિ૦ ॥ ૭ ॥

પાર્શ્વનાથનું સ્તવન.

ચાલ ચાલ કુમર ચાલ તાહરી ચાલ ગમેરે, તુજ દીઠડા વિના મીઠડા મારા, પ્રાણ ભમેરે. ચા૦ ॥ ૧ ॥ ખોળા માંહિ પડતુ મેલે; રીસ દમેરે, માવડી વિના આવડુ બુધ્યુ કુણ ખમેરે. ચા૦ ॥ ૨ ॥ માતાવામા કહે મુખડું જોતાં, દુઃખડાં સમેરે, લળી લળી ઉદયરત્ન પ્રભુ તુજને નમેરે. ચા૦ ॥ ૩ ॥

શ્રી મહાવીર પ્રભુનું સ્તવન.

આવ આવરે માહરા મનડા માંહે, તું છે પ્યારોરે. હરી હરાદિક દેવ હુંતી, હું છું ન્યારો રે. આ૦ ॥ ૧ ॥ એવો માહવીર ગંભીર તુંતો, નાથ માહરોરે. હું નમું તને ગમે મુને, સાથ તાહરોરે. આ૦ ॥ ૨ ॥ સાહી સાહીરે મીઠડાં હાથ માહરા વૈરી વારોરે, દયો દયો રે દર્શન દેવ મુને, દેને લારોરે. આ૦ ॥ ૩ ॥ તુજ વિના ત્રિલોકમાં કેહનો, નથી ચારોરે. સંસાર પારાવારનો સ્વામી, આપને આરોરે. આ૦ ॥ ૪ ॥ ઉદય રત્ન પ્રભુ જગમે જોતાં તું છે તારોરે, તાર તારરે મુને તારતું સંસાર સારોરે. આ૦ ॥૫॥

પદ્મપ્રભ સ્વામીનું સ્તવન.

ગઝલ.

પદ્મ પ્રભુ પ્રાણુસે પ્યારા, છુડાવો કર્મકી ધારા, કર્મ ફંદ તોડવા ધોરી, પ્રભુ જીસે અરજ હે મોરી. પદ્મ૦ ॥૧॥ લઘુ વય એક થે જીયા, મુક્તિ મે વાસ તુમ કીયા, ન જાણી પીર તે મોરી, પ્રભુ અબ એચ લે દોરી. પદ્મ૦ ॥૨॥ વિષય સુખ માંની મો મનમે, ગયો સબ કાલ ગફલત મે, નરક દુઃખ વેદના ભારી, નીકળવા ન રહી બારી. પદ્મ૦ ॥૩॥ પરવશ દિનતા કિની, પાપકી પોટ શિર લીની, ન જાણી ભક્તિ તુમ કેરી, રહ્યો નીશ દિન દુઃખ ઘેરી. પદ્મ૦ ॥ ૪ ॥ ઇશ વિધ બિનતી મોરી, કરૂ મે દોય કરજોડી, આતમ આનંદ મુજ દિજો, વીરનું કાજ સબ કીજો. પદ્મ૦ ॥ ૫ ॥

નવ ખંડા પાર્શ્વનાથ સ્તવન.

નવખંડા સ્વામી આપ બીરાજો ઘોઘા શહેરમે, હાંહાંરે ઘોઘા શહેરમે. નવ૦ દેશ દેશ કે યાત્રિ આવે, પૂજા આંગી રચાવે. નવખંડાજી નામ સમરકે, પૂરણ પર્યા પાવેરે. નવ૦ ॥ ૧ ॥ અશ્વશેન વામા સુત કેરી, મુરતિ મોહનગારી. ચંદ્રસૂર્ય આકાશે ચડીયા, તુમરે રૂપસે હારીરે. નવ૦ ॥૨॥ મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુરનર, કોડી, ઓર દેવનકું, હમ નહી ધ્યાવે, એમ કહે કરજોડીરે. નવ૦ ॥ ૩ ॥ તું જગ સ્વામી અંતર જામી, આતમ રામી મેરા. દીલ વિસરામી તુમસે માગુ, ટાળો ભવકા ફેરારે. નવ૦ ॥ ૪ ॥ કલ્પતરુ ચિંતામણી આશા, પૂરે નહી જડ ભાષા. તિન ભુવનકે નાયક જીનજી, પુરો અમારી આશારે. નવ૦ ॥ ૫ ॥ દાયક નાયક તુંમ હો સચ્ચા, ઓર દેવ સબ કચ્ચા. હરિહર બ્રહ્મ પુરંદર કેરા, જુઠે જુઠ તમાસારે. નવ, ॥ ૬ ॥ ભટક ભટક ઘોઘા બંદરમે, દર્શન દુર્લભ પાયા. વીરવિજય કહે આતમ આણંદ, આપો જીનવર રાયારે. નવ૦ ॥ ૭ ॥

નેમનાથ સ્વામીનું સ્તવન.

મેં આજે દરિશન પાયા, શ્રી નેમનાથ જીન રાયા; પ્રભુ શિવાદેવીના જાયા, પ્રભુ સમુદ્ર વિજય કુળ આયા. કર્મો કે ફંદ છોડાયા, બ્રહ્મચારી નામ ધરાયા; જેણે તોડી જગતકી માયા, શ્રી નેમનાથ જીનરાયા૦ ॥ ૧ ॥ રૈવતગિરિ મંડણ રાયા, કલ્યાણિક તીન સોહાયા, દીક્ષા કેવળ શિવરાયા; જગ તારક બીરૂદ ધરાયા, તુમ બેઠે ધ્યાન

લગાયા, મે આજે દરિશન પાયા. શ્રી નેમ૦ ।। ૨ ।। અબ સુણેા ત્રિલેાવન રાયા, મેં કર્મો કે વશ આયા; હું ચતુર્ગતિ ભટકાયા, મેં દુખ અનંતે પાયા, તે ગીણુતિ નહી ગણુાયા, મેં આજે દરિશન પાયા. શ્રી નેમ૦ ।। ૩ ।। મેં ગર્ભાવાસમે આયા, ઉંધે મસ્તક લટકાયા, આહાર અરસ વિરસ ભુક્તાયા, એમ અશુભ કર્મ ફલ પાયા, ઇંણ દુખસે નહી મુંકાયા, મે આજે દરિશન પાયા. શ્રી નેમ૦ ।। ૪ ।। નર ભવ ચિંતામણી પાયા, તબ ચાર ચેાર મીલ આયા, મુજે ચૌટે મેં લુટ ખાયા, અબ સાર કરેા જીન રાયા, કીસ કારણ ડેર લગાયા, મેં આંજે દરિશન પાયા. શ્રી નેમ૦ ।। ૫ ।। જેણે અંતરગત મિલાયા, પ્રભુ નેમ નીરંજન ધ્યાયા, દુઃખ સંઘન વિઘન હટાયા, તે પરમાનંદ પદ પાયા, ફિર સંસારે નહી આયા, મેં આજે દરિશન પાયા. શ્રી નેમ૦ ।। ૬ ।। મેં દુર દેશસે આયા, પ્રભુ ચરણે શિશ નમાયા, મેં અરજ કરી સુખ દાયા, તે અવધારેા મહારાયા, એમ વીર વિજય ગુણ ગાયા, મેં આજે દરિશન પાયા. શ્રી નેમ૦ ।। ૭ ।।

સાતમી આંગી રચના પૂજાની ઢાળ.

તુમ ચિદઘન ચંદ આનંદ લાલ, તેારે દરિશનકી બલિહારી, પંચ વર્ણ કુલેા સે અંગિયાં, વિકસે જ્યુ કેસર કયારી; લાલ તેારે દરિશનકી બલિહારી. તુમ૦ ।। ૧ ।। કુંદ ગુલાબ મરૂક અર વિંદેા, ચંપક જાતિ મંદારી, સેાવન જાતિરે દમનક સેાહે, મન તનુ તજીત વિકારી.

લાલ તોરે. તુમ૦ ॥ ૨ ॥ અલખ નિરંજન જ્યોતિ પ્રકાશે, પુદ્‌ગલ સંગ નિવારી, સમ્યક્‌ દર્શન જ્ઞાન સ્વરૂપી, પૂર્ણાનંદ વિહારી, લાલ તોરે. તુમ૦ ॥ ૩ ॥ આતમ સત્તા જબહીં પ્રગટે, તબ હીલ હે ભવ પારી, લાલ તોરે દરિશનકી બલિહારી. તુમ૦ ॥ ૪ ॥

શ્રી નમિનાથનું સ્તવન.

શ્રી નમિ જીણુંદ દયાળ, અનુપમ ભોગ રસાલ, આ છે લાલ જગવંદન જીન ભેટિએજી૦ ॥ ૧ ॥ અંબુજ દલ પરે નયણુ, દુર્જય જીત્યો મયણુ, આ૦ સયણુ વયણુ પરે સુખ કરૂજી. ॥ ૨ ॥ લક્ષણુ સોભીત અંગ, અડહીઅ સહસ ઉતંગ, આ૦ અભ્યંતર અગણીત સદાજી. ॥ ૩ ॥ લાજ્યો શશી મુખ જોય, તપન તણ દ્યુત સમ હોય, આ૦ અધર અરૂણોદય સમ પ્રભાજી. ॥ ૪ ॥ અષ્ટમી શશી સમ ભાલ, ઈંદ્ર નાગેંદ્ર નિહાલ, આ૦ ચકીત થકીત નયણે જુએજી. ॥ ૫ ॥ સહજ અદ્‌ભૂત રૂપ કાંતિ નિરખિ હરખે જીન ખાંતિ, આ૦ કાંત એકાંત નહી તુમ અમોજી. ॥ ૬ ॥ ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર, કીનર અનંગ દિણુંદ, આ૦ ઉપમ સવી તુજ પદ નમેજી ॥ ૭ ॥ ભેટે નીરૂપમ જીનરાજ, ચિદાનંદ ઘન સાજ, આ૦ શોક રહિત સ્થિતિ નિત્ય રહેજી. ॥ ૮ ॥ વિઘ્ન નીવારક દેહ, ધ્યેય સ્વરૂપી ગુણ ગેહ, આ૦ શીવગામી નામી સાહિબોજી. ॥ ૯ ॥ અનુક્રમે ગ્રહી ગુણ ઠાણુ, પામ્યા કેવળ ગુણ ખાંણુ, આ૦ તે મુજ સાહેબ નમિ જીનજી૦ ॥ ૧૦ ॥ એહિ વિનતિ ચિત્ત ધાર, અવધારો માહારાજ, આ૦ સેવક ભવ નિવારીએજી. ॥ ૧૧ ॥ ગીરવા

ગરિબ નિવાજ, મહેર કરી માહારાજ, આ૦ સૌભાગ્ય લક્ષ્મી સૂરિ સુખ દીયેાજી. ॥ ૧૨ ॥

નેમનાથનું સ્તવન પૂજા સાતમી.

રાજુલ પેાકારે નેમ પશુ બાંના હુંવા, સચ પુછેા તેા સ્વામી ઠગાના હુવા, રાજુલ પેાકારે નેમ પશુ બાંના હુંવા. આંકણી૦ કુંમકુંમ પત્રિ લખાય, વરઘેાડેા ચડાય; જાન જુગતે ચલાય, વાપસ જાના થા તેા કયુ આના હુંવા. રાજુલ૦ ॥ ૧ ॥ ચારૂ ચૅારી રચી, ધુમ ધામ મચી; બાત બનાઈ કચી, જાના ગિરનારથા તેા કયું લગ્નના હુંવા. રાજુલ૦ ॥ ૨ ॥ આંખે કજલ અંજાય, ઠાઠ માઠ બનાય; ગાના ભાભીસેં ગવાય, જનાથા તેા ગાના કયું ગવાના હુવા. રાજુલ૦ ॥ ૩ ॥ આઠ ભવ રહે સાથ, પ્રીત પાળી પૂર્ણ નાથ; અબ મીલાકે હાથ, નવમે ભવ કયું ન નિભાના હુવા. રાજુલ૦ ॥ ૪ ॥ રાજુલ કરે વિચાર, યહ કર્મો કી માર; મીટાઉંગી જાલ્હાર, હંસસમા વિવેકકા ચાના હુવા. રાજુલ૦ ॥ ૫ ॥

સિદ્ધાચલજીની નવમી પૂજા.

દેાહા.

રામ ભરત ત્રણુ કેાડીસુ, કેાડી મુનિ શ્રી સાર; કેાડી સાડી આઠે શિવ વર્યા, સાંબ પ્રદ્યુમ્ન કુમાર. ॥ ૧ ॥ ઢાળ. ધન ધન વેા જગમેં નરનાર, વિમલાચલકે જાનેવાલે; સિદ્ધાચલ શિખર નિહાર, આદિશ્વર પ્રભુકેા જુહાર; માનેા

દર્શન અમૃતધાર, ભવિમુકિતકે જનેવાલે. ધ૦ ॥ ૧ ॥ શીવ સોમજસાકે લાર, તેરાં કોટી મુનિ પરિવાર; હુએ શિવસુંદરી ભરતાર, પ્રભુકે ધ્યાન લગાનેવાલે. ધ૦ ॥ ૨ ॥ લાખ એકાણું કે સાથ, ભએ નારદજી શિરનાથ; લંઘે ઝટપટ ભવજલ પાથ, સદા પ્રભુ ગુણકે ગાનેવાલે. ધ૦ ॥ ૩ ॥ વસુદેવ ભૂપકી નાર, સિદ્ધ હુઈ પૈતીસ હજાર; દીયા આવાગમન નીવાર, સદા શિવફલકે પાનેવાલે. ધ૦ ॥ ૪ ॥ એક કોડી બાવન લાખ, પંચાવન ઉપર આખ; સાતસો સત્યોતેર લે દાખ, નહિ ધોખાંકે ખાનેવાલે. ધ૦ ॥ ૫ ॥ કિયા શાંતિનાથ ચોમાસ, તબ હુએ એ સબ શિવવાસ; શુભ વીરવિજય કહે ખાસ, પ્રભુ હૈ પાર લગાનેવાલે. ધ૦ ॥ ૬ ॥

શ્રી આદિનાથજીનું સ્તવન.

માતા મારૂદેવીનો લાડલોરે લોલ, પ્રભુ નાભીરાયા કુળચંદ; અવધારો રિષભ મારી વિનતીરે લોલ, પ્રભુ પાંચસે ધનુષ્ય ઉંચી દેહડીરે લોલ, તારી કંચવરણી છે કાય. અવ૦ ॥ ૧ ॥ પ્રભુ ત્રણ ભુવન શિરદાર છોરે લોલ, મારા પ્રાણતણા આધાર; અવ૦ તારી મુરતી મોહન વેલડીરે લોલ, મારૂ મનડુ લીધું તેં ચોર. અવ૦ ॥ ૨ ॥ મને માયા લાગી છે તાહરીરે લોલ, હવે ન ગમે કુટુંબ પરિવાર; અવ૦ કરી કામણ હવે કીહાં જાવસોરે લોલ, મારો દુઃખભર્યો દિલડો હાર. અવ૦ ॥ ૩ ॥ તુમે મોહની મંત્રને સાધીયોરે લોલ, તેથી મોહી રહ્યા ત્રણે લોક; અવ૦ મલી ચોસઠ ઇંદ્ર સેવા કરેરે લોલ, સર્વે સુરનરના કોઇ થોક. અવ૦ ॥ ૪ ॥ સજી સોળ શણગાર ઇંદ્રાણી-

ઓરે લોલ, જીન આગળ રહી ગીત ગાય; અવ૦ થથા થેઇ થથા થેઈ નાચતીરે લોલ, લેતી પુદડી ફરતી કાય. અવ૦ ।। ૫ ।। માદલ ભુંગળ ભેરી વાજતીરે લોલ, ધુમ ધુમ નગારાંની ધુસ; અવ૦ પાયે નમતીને લેતી વારણુંરે લોલ, પ્રભુ પુરજો અમારી હુંશ. અવ૦ ।। ૬ ।। કીમ મૌન કરીને બેસીયારે લોલ, મને સેવક કહી બોલાય; અવ૦ મને દાન દેવો હવે મોક્ષનોરે લોલ, મારો જીવ રહ્યો લલચાય. અવ૦ ।। ૭ ।। તમે મોક્ષ મફત નથી આપતારે લોલ, મારી ખરી મજુરી ખરાબત; અવ૦ પ્રભુ રંગ રસીલા દીજીએરે લોલ, મને શિવનારીનો સાથ. અવ૦ ।। ૮ ।। તારા મુખડાને મટકે મોહીઓરે લોલ, મારો જીવ અટકયો તુજ માંહી; અવ૦ પ્યારી મોહની મૂરતી દેખતાંરે લોલ, મને અવર ન આવે દાય. અવ૦ ।। ૯ ।। મારી ભવોભવ પ્રીતિ પાળજોરે લોલ, સેવક જાણીને રાખો પાસ; અવ૦ જે સંઘપદ સ્થાપીને વર્યારે લોલ, તે સંઘની પુરજો આશ. અવ૦ ।। ૧૦ ।। ધુલેવા નગર ધુસ વાજતીરે લોલ, દાદા રિષભ તણે દરબાર; અવ૦ દાન દયા કરીને દીજીએરે લોલ, તો સુમતી વિમળ ભવપાર. અવ૦ ।। ૧૧ ।।

શ્રી વિજય શેઠ અને વિજયારાણીનું સ્તવન.

એકવાર વચ્છ દેશ આવીએ જીણુંદજી, એકવાર વચ્છ દેશ આવીએ જીણુંદજી, વિજયને વિજયા વંદાવીએ જીણુંજી. એક૦ ।। ૧ ।। પૂર્વ દેશ વચ્છ દેશ બહુ અંતરે, કીમ કરી લેખ પઠાવીએ; જીણુંદજી૦ ઘણી ઘણીઆણી અમો

શ્રાવક તુમારાં, કોઇ દીન ધર્મ લાભ કહાવીએ જીણુંદજી. એક૦ ॥ ૨ ॥ લોહી ખંડ ઉપસર્ગ છે તુમોને, વ્યતિ કર સર્વે જણાવીએ જીણુંદજી; જે દીયે સુખ શાતાની વધાઈ, કોટ વધાઇ વધાવીએ જીણુંદજી. એક૦ ॥ ૩ ॥ બેઉ પખમાં શીલ લાભ છે અમારે, વલી લાભે લાભ કમાઇએ જીણુંદજી; મુંધા દરિશન પૂજજી તુમારાં, દુરથી ભાવના ભાવીએ જીણુંદજી. એક૦ ॥ ૪ ॥ સમવસરણ ઠકુરાઇ નીહાળી, ત્રિસલા માતને મલાવીએ જીણુંદજી; રાત દિવસ અમો દર્શન તરસ્યાં, તરસ્યાંને નવી તલસાવીએ જીણુંદજી. એક૦ ॥ ૫ ॥ શ્રવણ રસીક પ્રભુ વાણી સુણવા, અમૃત વાણી સુણાવીએ જિણુંદજી; ઉદયી નૃપતિ વંદાવા પધાર્યા, અમે કેમ મન મનાવીએ જીણુંદજી. એ૦ ॥ ૬ ॥ ચોરાસી હજાર મુનિ આહારને તોલે, મહોદય કેમ બનાવીએ જીણુંદજી: પર્ષદા બાર માંહી શ્રેણિક આગળે, પ્રગટ કર્યાં તો દયા લાવીએ જીણુંદજી. એક૦ ॥ ૭ ॥ ગુપ્ત હતાં અમે શીલવ્રત ધારી, પ્રગટ કરીને કિમ મનાવીએ જીણુંદજી; પ્રગટ થાશું ત્યારે સંજમ લેશું, અભિગ્રહ સત્ય કરાવીએ જીણુંદજી. એક૦ ॥ ૮ ॥ ચંદનબાલા જે માવડી અમારી, સરખી તે જોડ બનાવીએ જીણુંદજી; જગ સૌને ઉપગાર કરો છો, અમને તે કેમ લલચાવીએ જીણુંદજી. એક૦ ॥ ૯ ॥ સેવક જાણી દયા મન આણી, મહાવ્રત પંચ ઉચરાવીએ જીણુંદજી; કેવળીને મોકલ્યા બારહ વચ્છ દેશ, સંજમ લેવે જોગ ભાવીએ જીણુંદજી. એક૦ ॥ ૧૦ ॥ કેવલ લેઈ બેહુ મુક્તિ પધાર્યા, વળી વળી શિશ નમાવીએ જીણુંદજી; વિજયને વિજયા દંપતિને

ગાતો, ક્રોડ ક્રોડ કર્મ ખપાવીએ જીણુંદજી. એક૦ ।।૧૧।। વીક્રમ રાજ્યથી અઢારસે અઠયાસી, ખંભાત નગર સોહાવીએ જીણુંદજી; દીપવિજય કવિરાજ વ્રતધારી, નિત્ય નિશાન વજડાવીએ જીણુંદજી. એક૦ ।। ૧૨ ।।

રિષભદેવનું સ્તવન.

ભરતજી કહે સુણો માવડી, પ્રગટયાં નવે નિધાન; નિત્ય નિત્ય દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રનાં માન. રિષભની શોભા શી કહું૰ ।। ૧ ।। અઢાર કોડાકોડી સાગરે, વશીયો નયર અનુપ; ચાર જ્ઞેયણનું માન છે, જોવા ચાલોને ચુપ. રિષભ૰ ।। ૨ ।। પેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન સમાન; બીજો કંચનનો કોટ છે, કાંગરા રતન સમાન. રિષભ૰ ।। ૩ ।। ત્રીજો રતનનો કોટ છે, કાંગરા મણીમય જાણ; તેમાં મધ્ય સિંહાસન, હુકમ કરે પરમાણ. રિષભ૰ ।। ૪ ।। પૂર્વ દિશિની સંખ્યા સુણો, પગથીયાં વીસ હજાર; એણીપેરે ગણતાં ચારે દિશા, પગથીયાં એશી હજાર. રિષભ૰ ।। ૫ ।। શીરપર ત્રણ છત્ર જળહળે, તેહથી ત્રિભુવન રાય; ત્રણ ભુવનનોરે પાદશાહ; કેવળજ્ઞાન સોહાય. રિષભ૰ ।। ૬ ।। ત્રીશ બત્રીશ સુરપતિ, વળી દોય ચંદ્રને સૂર્ય; દોય કરજોડી ઉભા બડા, તુમ સુત રિષભ હજુર. રિષભ૰ ।। ૭ ।। ચામર જોડા ચોવીશ છે, ભામંડલ ઝલકંત; ગાજે ગગનેરે દુંદભી, કુલ પગર વરસંત. રિષભ૰ ।। ૮ ।। બાર ગુણો પ્રભુ દેહથી, અશોક વૃક્ષ શ્રીકાર; મેઘ સમાન દે દેશના, અમૃતવાણી જયકાર. રિષભ૰ ।। ૯ ।। પ્રતિહારજરે આ-

હથી, તુમ સુત દીપે દેદાર; ચાલો જોવાને સાવડી, ગયવર સ્કંધ અસવાર. રિષભ૦ ।। ૧૦ ।। દુરથી વાજાંરે સાંભળી, જોવા હર્ષ ન માય; હર્ષનાં આંસુથી ફાટીયાં; પડલ તે દૂર પલાય. રિષભ૦ ।। ૧૧ ।। ગયવર સ્કંધથી દેખીયા, નિરૂપમ પુત્ર દેદાર; આધાર દીધો નહિ માયને, માય મન ખેદ અપાર. રિષભ૦ ।। ૧૨ ।। કેનાં છોરૂને માવડી, એ તો છે વીતરાગ; ઇણીપેરે ભાવના ભાવતાં, કેવળ પામ્યા માહા ભાગ્ય. રિષભ૦ ।। ૧૩ ।। ગયવર સ્કંધથી મુક્તિ ગયાં, અંતગઢ કેવળી એહ; વંદો પુત્રને માવડી, આણી અધીક સસ્નેહ. રિષભ૦ ।। ૧૪ ।। રિષભની શોભાને વર્ણવી, સમકિત શહેર મોઝાર; શ્રી સિદ્ધગિરિ માહાત્મ્ય સાંભળો, શ્રી સંઘને ગૃહ ગહાટ. રિષભ૦ ।। ૧૫ ।। સંવત અઢાર એશીએ, માગશર માસ સોહાય; દીપવિજય કવીરાયના, મંગલ માલા સવાય. રિષભ૦ ।।૧૬।।

શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

ચાલો ચાલોને જઇએ સોરઠ દેશમાંરે, જીહાં પુંડરિકગિરિ પ્રખ્યાત; નમો નેહ ધરી ગીરિરાજનેરે, એહ તરણ તારણ તીર્થ જાણીએરે. ગિરિ મહિમા અપરંપાર. આંકણી૦ સાખી—અનંત મુનિવર એ ગિરિ, વરિયા શિવ વધુ નાર; વલી અનંતા આંહિકને, પામશે ભવનો પાર. નવ સંદેહ મનમાં આણશોરે, જેની શાસ્ત્રમાં ઘણી છે શાખ. નમો૦ ।। ૧ ।। સાખી—અઢાર કોડા કોડી સાગરૂ, નાભી રાયા કુળચંદ, પ્રથમ ધર્મ ચલાવતાં; મરૂ દેવીનો નંદ, લાખ ત્રાશી પૂર્વ ઘરમાં રહ્યા રે, પ્રભુ દેતા વરસી-

દાન. નમો૦ ॥ ૨ ॥ સાખી—રાજ્ય ભળાવી ભરતને, લેવે સંજમ ભાર; વરસીતપનું કર્યું પારણું, શ્રી શ્રેયાંસ કુમાર; લેવે શેલડી રસ સુઝતોરે, રૂડી અક્ષત્રિ મનોહાર. નમો૦ ॥ ૩ ॥ સાખી—પ્રથમ જીનેશ્વર આવીયા, પૂર્વ નવાણું વાર; રાયણ હેઠે સમોસર્યા, કીધો ગિરી વિસ્તાર; સુણી ભરત સંઘ લેઇ આવીયારે, તીર્થ ફરસીને કરતા ઉદ્ધાર. નમો૦ ॥ ૪ ॥ સાખી—ચૈત્ર સુદની પુનમે, પાંચ ક્રોડ મુનિસાર; પુંડરિક ગણધર એ ગિરિ, પામ્યો શિવ વધુ હાથ; એહથી પુંડરિકગિરિ નામ સ્થાપીયુંરે, તીહાં તીર્થ પતિશ્રી આદિનાથ. નમો૦ ॥ ૫ ॥ સાખી—પ્રથમ પ્રભુજી પોતરા, દ્રાવિડને વારિખિલ; સિદ્ધાચલ સિધિ વર્યા, કારતિક પુનમ દિન; પ્રભુ અજીત શાંતિ દોય જણારે, આવી ચાતુર્માસ તીહાં કીધ. નમો૦ ॥ ૬ ॥ સાખી—ફાગણ સુદની દસમે, નમી વિનમી બે જોડ; અણુસણ કરીને શિવ વર્યા, સાથે મુનિ બે ક્રોડ; સિદ્ધ થયા વીસ કોડી અણગારથીરે, પાંચે પાંડવ એ ગિરિરાજ. નમો૦ ॥ ૭ ॥ સાખી—નમી પુત્રિ ચોસઠ કહી, કરતી આતમ કામ; ચૈત્રી વદની ચૌદસે, પામી અવીચળ ઠામ; રામ ભરત ત્રણ ક્રોડ શું રે, કર્મ કાપી પામ્યા શીવરાજ. નમો૦ ॥ ૮ ॥ સાખી—ફાગણ ઉજળી તેરસે, શાંબ પ્રદ્યુમ્ન કહેવાય; સાડી આઠ કોડી મુનિવર, સહેજે શીવપુર જાય; છેલા નારદ એકાણું લાખથીરે, ગિરી ઉપર વરિયા શીવનાર. નમો૦ ॥ ૯ ॥ સાખી....ગઇ ચોવીશીના પ્રભુ, બીજા નિર્વાણ નાથ; કદમ ગણધર એક ક્રોડીસું, ભરત મુક્તિસે બાથ; તેને કદમગિરિ બોલતારે, જેના નામથી નવનિધિ થાય.

નમો૦ ॥ ૧૦ ॥ સાખી—એમ અસંખ્યાત મુનિવરૂ, એ તીર્થ મોઝાર; સિદ્ધાને વળી સિધસે, મહિમા અપરંપાર; ભાખે દાન દયા પન્યાસનોરે, શિષ્ય સોભાગ્ય વિમળ સુખકાર. નમો નેહ૦ ॥ ૧૧ ॥

અથ શ્રી પજુષણપર્વનું સ્તવન.

સુણજો સાજન સંત પજુષણ આવ્યાં રે, તુમે પૂણ્ય કરો પુણ્યવંત ભવિક મન ભાવ્યારે; વીર જીણેસર અતિ અલવેસર, વાહલા મારા પરમેશ્વર એમ બોલેરે; પર્વમાંહે પજુષણ મહોટાં, અવર ન આવે તસ તોલેરે. ૫૦ તુ૦ ભ૦ ॥ ૧ ॥ ઔષદમાં જેમ કેસરી મોટો, વા૦ ખગમાં ગરૂડ કહીએ રે; નદીમાંહે જેમ ગંગા મહોટી, નગમાં મેરૂ લહીએરે. પર્વ૦ ॥ ૨ ॥ ભૂપતિમાં ભરતેસર ભાખ્યો, વા૦ દેવમાંહે સુર ઈંદ્રરે, તિરથમાં શેત્રુંજે દાખ્યો, ગ્રહ ગણમાં જેમ ચંદ્રરે. પર્વ૦ ॥ ૩ ॥ દશરા દીવાળી ને વળી હોળી; વા૦ અખાત્રીજ દિવાસોરે, બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસોરે. પર્વ૦ ॥ ૪ ॥ તે માટે તમે અમર પળાવો, વા૦ અઠ્ઠાઇ મહોત્સવ કીજેરે; અઠ્ઠમ તપ અધિકાઈએ કરીને; નરભવ લાહો લીજેરે. પર્વ૦ ॥ ૫ ॥ ઢોલ દદામા ભેરી નફેરી, વા૦ કલ્પસૂત્રને જગાવોરે; ઝાંઝરનાં ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવોરે. પર્વ૦ ॥ ૬ ॥ સોના રૂપાને ફુલડે વધાવો, વા૦ કલ્પસૂત્રને પૂજોરે; નવ વ્યાખ્યાન વિધિ એ સાંભળતાં, પાપ મેવાસી ધુજે રે. પર્વ૦ ॥ ૭ ॥ એમ અઠ્ઠાઇ

મહોત્સવ કરતા, વા૦ બહુ જીવ જગ ઉધરિયારે; વિબુધ વિમળવર સેવક એહથી; નવનિધિ ઋદ્ધિ વરિયારે. ૫૦ ॥ ૮ ॥

પ્રભુ પ્રાર્થના પદ.

વા પદવી કબ પાવું દીનાનાથ, વા પદવી કબ પાવું. વા પદવી પાઇ અમૃત રસ જીતું; આનંદમય હોઈ જાવું. દીના૦ ચારે ચોર બડે વાટપાડુ, તાકુ દુર બેઠાવું; ચાર ચુગલકું પકડી બંધાવું. ન્યાય અદલ વરતાવું. દીના૦ ॥૧॥ અપનું રાજ્ય અપને વશ રાખી, પરવશપણું ન રહાવું; રૂપચંદ કહે નાથકુ પાસે, અબ મેં નાથ કહાવું. દી૦ ॥૨॥

આવતી ચોવીશીના પ્રથમ જીનેશ્વર શ્રી પદ્મનાભ સ્વામીનું સ્તવન.

(પંથડો નિહાળું રે બીજા જીનતણોરે—એ દેશી.)

વાટડી વિલોકું રે ભાવી જીનતણીરે, પદ્મનાભ જપુ નામ; દુઃખમદુખિત ભરત કૃપા કરૂરે, ઉપશમ અમૃત ધામ, વા૦ ॥ ૧ ॥ વીરની ભક્તે શ્રેણિકને ભવેરે, તુમે બાંધ્યું જીન નામ; કલ્યાણક અતિશય ઉપકારથીરે, વીર સમાન સ્વભાવ. વા૦ ॥ ૨ ॥ શુદ્દિ અષાઢે છઠ્ઠીને દિનેરે, ઉપજશો ઇમ જગનાથ; ચૈત્ર ધવલ તેરસે પ્રભુ જન્મશોરે, થાશે મેરૂ સનાથ. વા૦ ॥ ૩ ॥ મૃગશિર વદિ દશમી દીક્ષા ગ્રહીરે; વરતશો ચરણ ઉદાર; શુદ્દિ વૈશાખી દશમે કેવળીરે, ચઉવિંહ સંઘ આધાર. વા૦ ॥ ૪ ॥ સમવસરણ સિંહાસન બેસીનેરે, પ્રભુ કરશો વ્યાખ્યાન; આતમ

ધર્મ સુણંતે અવસરેરે, ધરતો પ્રભુ ગુણ ધ્યાન. વા૦ ॥ ૫ ॥ સ્વયં મુખ ત્રિપદી પામી ગણધરારે, રચશે દ્વાદશ અંગ; તે વેળા હું પ્રભુ ચરણે રહુંરે, જિન ધરમે દૃઢરંગ; વા૦ ॥ ૬ ॥ દીવાળી દિન શિવપદ પામશોજી, શુદ્ધાતમ મકરંદ; દેવચંદ સાહિબની સેવનારે, કરતાં પરમાનંદ. વા૦ ॥ ૭ ॥

સિદ્ધાચલજીનું સ્તવન.

જે કોઇ સિદ્ધગિરિ રાજને આરાધસે રે લોલ, તેની સંપદા મનોરથ વાધસેરે લોલ; ગિરિરાજ છે ભવોદધિ તારણોરે લોલ. ॥ ૧ ॥ પુંડરગિરિ છે મનોરથ પૂરણો રે લોલ, સિદ્ધક્ષેત્ર છે ભવોદધિ ચુરણો રે લોલ; એનાં એકવીશ નામ છે સોહામણાં રે લોલ, હુંતો વંદણા કરીને લહુ ભામણાં રે લોલ. ॥ ૨ ॥ એના સાધનથી તપ જપ આકરે રે લોલ, મુનિ સિધ્યા છે કાંકરે કાંક રે લોલ; મુનિરાજજી અનંત મુક્તે ગયા રે લોલ, સિદ્ધરાજ થઇ અવિનાશી થયારે લોલ. ॥ ૩ ॥ તેહનાં નામ કહું ને વિનંતિ કરૂરે લોલ, એના નામથી પાપ સર્વે હરૂરે લોલ; પાંચ પાંડવ ને નારદ મુનિવરારે લોલ, સેલાંગસૂરિ સુદર્શન મુનિ તર્યારે લોલ. ॥ ૪ ॥ દ્રાવિડ વારિ ખીલરે દેવકીના નંદજીરે લોલ, મહીપાલજી ને મહિપતિ ચંદજીરે લોલ; થાવચ્ચા કુંવરને મુનિ વિદ્યાધરારે લોલ, સિદ્ધિ સાંબને પ્રદ્યુમ્નજી જીહાં વર્યારે લોલ. ॥ ૫ ॥ વલી જાલી મયાલી ઉવયાલીનેરે લોલ, ધ્યાન ધરીયાં છે ચિત એક આશનેરે લોલ; જોગી તરિયા-છે ચંદ્રપ્રભ શાસ-

નેરે લોલ; ભરત રામચંદ્રજી ને નંદીષેણજીરે લોલ, સિદ્ધ-સિલ્લા ચઢ્યા છે ક્ષપક શ્રેણિથીરે લોલ. ॥ ૬ ॥ નમી વિનમી ને મુનિ શુકરાજજીરે લોલ, જ્ઞાતા સુત્રમાં સાર્યાં છે સર્વ કાજજીરે લોલ; કેતાં નામ કહું તે મુનિરાજનાંરે લોલ, જીભ એકને અનંત નામ સાજનાંરે લોલ. ॥ ૭ ॥ એવા અનંત અનંત મુનિજી તર્યારે લોલ, તેતો દર્શન જ્ઞાન થકી ભર્યારે લોલ; નમોત્થુણં તે સાત પદમેં મલ્યારે લોલ, તેતો ચાર અનંત સુખમાં ભલ્યારે લોલ. ॥ ૮ ॥ જઇ વસીયા છે સિદ્ધ શીલ્યા ઉપરેરે લોલ, તેની સાદી અનંત સ્થિતિ છે ખરીરે લોલ; હું તો જાણું છું ગણધર વાણી એ રે લોલ, સહું સિદ્ધગિરિ માહાતમ જાણીયેરે લોલ. ॥ ૯ ॥ વાર પુરવ નવાણું આદિનાથજીરે લોલ, સમોસર્યા છે પુંડરીક સાથજીરે લોલ; ગિરિ ફરસ્યો ત્રેવીશ જીનરાજજીરે લોલ, અણસણ કીધાં અનંત મુનિરાજજીરે લોલ. ॥ ૧૦ ॥ સેવો સેવો એ ગિરિ સુખકંદનેરે લોલ, સેવો સેવો મરૂદેવીના નંદનેરે લોલ; વંદો વંદો ઇક્ષ્વાકુ કુલ સુરનેરે લોલ, પૂજો પૂજો શ્રી ઋષભ હજુરનેરે લોલ. ॥ ૧૧ ॥ નાભી રાજના કુલમાં દિનકરૂરે લોલ, ઋષભના-થજીનો વંશ તે ગુણકરૂરે લોલ; આદિનાથજીના પાટવી પ્રભાકરૂરે લોલ, જેહના આઠ પાટ આરિસા ભુવનમાંરે લોલ, પામ્યા કેવળ જ્ઞાન શુભ ધ્યાનમાંરે લોલ. ॥ ૧૨ ॥ જેહના પાટવી અસંખ્ય મુગતે ગયારે લોલ, તેતો સિદ્ધિ દંડીકામાં સર્વે કર્યારે લોલ; ભરતરાયજી ઉદ્ધાર સોલ છે સહુરે લોલ. વિશે અંતરે ઉદ્ધાર થયા છે બહુરે લોલ.

॥ ૩ ॥ જે કોઇ ગીરિરાજ હરિસણ ભાવિયારે લોલ, ઇંડા બંધની અસંખ્ય બંધ લાવીયારે લોલ; માતા ચક્રેશ્વરિ સુખદાયીનીરે લોલ, ભુજ આઠને ગરૂડ સિંહ વાહીનીરે લોલ. ॥ ૪ ॥ સવંત અઢારસે સત્યોતેરરે લોલ, માગસિર માસને ત્રયોદસી વાસરેરે લોલ; ગરણી ગાઈ છે કવી દીપરાજજીરે લોલ, જે સાંભળે તેહના સરશે કાજજીરે લોલ. ॥ ૫ ॥ જે કોઈ સિદ્ધ ગિરિરાજને આરાધશેરે લોલ.

ગૌતમ સ્વામીનો વિલાપ.

આધારજ હતા રે, એક વિર તાહરા રે, હવે કોણ કરશે મોરી સાર, પ્રીતડી જે હતી રે; પેલા ભવ તણી રે, તે કેમ વિસરી રે જાય. ॥ ૧ ॥ મુજને મુકયો રે ટળવળતા કહીં રે, નથી કોઇ આંસુ લોવણહાર; ગૌતમ કહીને રે કોણ બોલાવશે રે, કોણ કરશે મોરી સાર. ॥ ૨ ॥ અંતરજ્ઞતમીરે અણઘટતું કર્યું રે, મુજને મોકલીઓરે ગામ; અંતકાળે હું સમજ્યો નહિ રે, જે કેહ દેશે મુજને આમ. ॥ ૩ ॥ થઈ હવે શોભા રે ભરતના લોકની રે, હું અજાની રહ્યો છું આજ; કુમતી મીથ્યાત્વી જીમ તીમ બોલશે રે, કોણ રાખશે મોરી લાજ. ॥ ૪ ॥ વલી શુલ પાની રે અજાની ઘણારે, દીધુ તુજને રે દુઃખ; કરૂણા આંણીરે તેહના ઉપરે રે, આપ્યું બોહોળુરે સુખ. ॥ ૫ ॥ જે અઇમંતારે આવક આવીઆ રે, રમતો જલશુરે તેહ; કેવળ આપી આપ સમા કીધા રે, એવડો સાત સનેહ. ॥ ૬ ॥ જે તુજ ચરણે આવી દંપતીઆ રે, કીધા તુજને ઉપસર્ગ; સમતાવાલી રે એ કોઇકેવલી પામ્યા આહમું સ્વર્ગ. ॥ ૭ ॥ ચંદન

બાલાએ અડદના બાકુલા રે, પડીલાભ્યા તુંજ; સ્વામ તેહને કીધી રે સાહુણીમાં વડી રે, પહોંચાડી શીવ ધામ. ॥ ૮ ॥ દીન બ્યાશીનાં રે માત પિતા હતાં રે, બ્રાહ્મણ બ્રાહ્મણિ દોય; શીવ પદ સંગી રે તેહને તે કર્યાં રે, મીથ્યા મલ તસ ધોય. ॥ ૯ ॥ અર્જુનમાલી રે જેહ માહા પાતકી રે, કરતો મનુષ્ય સંહાર; તે પાપીને પ્રભુ તમે ઉધર્યો રે, કરી તેહ સુસુંપ સાય. ॥ ૧૦ ॥ જે જલ ચારીરે હતો ડેડકોરે, તે તુંજ ધ્યાન સહાય; સોહમ વાસી રે તેં સુરવર કર્યો રે, સમકીત કરી શુપસાય. ॥ ૧૧ ॥ અધમ ઉધર્યારે એહવા તે ઘણા રે, કેતાં કહુ તસ નામ; માહરે તાહરા નામનો આશરો રે, તેહથી સરશે રે કામ. ॥ ૧૨ ॥ હવે મેં જાણ્યું રે પદ વિતરાગનું રે, જે તેં ન ધર્યો રે રાગ; રાગ ગયેથી ગુણ પ્રગટે સહુ રે, એ તુજ નાણી માહા ભાગ. ॥ ૧૩ ॥ સવેંગ સંગીરે ક્ષપક શ્રેણી ચડયારે, કરતા ગુણનો જમાવ; કેવલ પામી રે લોકા લોકનોરે, દીઠો સઘળો રે ભાવ. ॥ ૧૪ ॥ ઇંદ્રે આવી રે જીનપદ થાપીયુ રે, દેશના અમૃત ધાર; પરષદા બોધી રે આતમ રંગથી રે, પામ્યા શીવપદ સાર. ॥ ૧૫ ॥

અથ શ્રી મહાવીર સ્વામીનું હાલરિઉં.

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત; સોના રૂપાને વળી રતને જડીયું પાલણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત. હાલો હાલો હાલો હાલો મારા નંદને૦ ॥ ૧ ॥ જીનજી પાસ પ્રભુથી વરસ અઢીશે અંતરે, હોશે ચોવીશમો તીર્થંકર

ઇત પરમાનુ કે મીસ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે આરે અમૃત વાણ. હા૦ ॥ ૨ ॥
ચૌદે સ્વપને હોયે ચક્રી કે જીનરાજ; વીત્યા બારે ચક્રી
નહી હવે ચક્રીરાજ; જીનજી પાસ પ્રભુના શ્રીકેશી ગણ-
ધાર, તેહને વચને જાણ્યા ચોવીસમા જીનરાજ;
મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ, મારી કુખે
આવ્યા ત્રણ ભુવન શિરતાજ, મારી કુખે આવ્યા
સંઘ તીરથની લાજ; હું તો પુન્ય પનોતિ ઇંદ્રાણી થઇ
આજ. હા૦ ॥ ૩ ॥ સુજને દોહલો ઉપન્યો જે એસુ ગજ
અંબાડીએ, સિંહાસન પર એસું ચામર છત્ર ધરાય; એ
સહુ લક્ષણ સુજને નંદન તારા તેજનાં, તે દિન સંભારને
આનંદ અંગે ન માય. હા૦ ॥ ૪ ॥ કરતલ પગતલ
લક્ષણ એહ હજારને આઠ છે, તેથી નિશ્ચે જાણ્યા જીન-
વર શ્રી જગદીશ. નંદન જગણી જંઘે લંછન સિંહ બી-
રાજતા; જે પેહલે સુપને દીઠા વિશ્વાવીશ. હા૦ ॥ ૫ ॥
નંદન નવલા અંબિત નંદી વચનના લખે, નંદન લોબ્બાઇ-
આના દેવર છો સુકુમાલ; હસશે ભોબ્બાઇઓ કહી દીયર
માહરા લાડકા, હસશે રમશેને વલી ચુંટી ખણશે ગાલ;
હસશે રમશેને વલી કુંમા કેશે ગાલ. હા૦ ॥ ૬ ॥
નંદન નવલા ચેડારાજાના ભાણેજ છો, નંદન નવલા
માંચશે માંગીના ભાણેજ છો, નંદન મામલીયાના
ભાણેજ સુકુમાલ, હસશે હાથે ઉછાળી કહીને નાના ભા-
ણેજ; આંખો આંખને પળી ટચકું કરશે ગાલ. હા૦ ॥ ૭ ॥
નંદન આગા મામી હાશે ઊંચી આંગલાં, રત્ને જડીયાં

ઝાલર મોતી કસણી કોર; નીલાં પીળાં ને વળી રાતાં સર્વે જાતનાં, પહેરાવશે મામી મારા નંદકીશોર, હા૦ ॥ ૮ ॥ નંદન મામા માંમી સુખડલી સહુ લાવશે, નંદન ગજુએ ભરવા લાડુ મોતી ચુર; નંદન મુખડાં જોઈને લેશે માંમી ભાંમણું, નંદન માંમી કહેશે જીવો સુખ ભરપુર. હા૦ ॥ ૯ ॥ નંદન નવલા ચેડારાજાની સાતે સતી, મારી ભત્રીજી ને બેન તમારી નંદ; તે પણ ગજુએ ભરવા લાખણુસાઇ લાવશે, તુંમને જોઈ જોઇ હોસે અધીકો પરમાનંદ. હા૦ ॥ ૧૦ ॥ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વલી સુડા મેનાં પોપટને ગજરાજ; સારસ હંસ કોયલ તીતર ને વળી મોરજી, માંમી લાવશે રમવા નંદ તમારે કાજ. હા૦ ॥ ૧૧ ॥ છપ્પન કુમરી અમરીએ જલ કલશે નવરાવીયા, નંદન તુમને અમને કેલી ઘરની માંહે; પુલની વૃષ્ટિ કીધી જોજન એકને મંડલે, બહુ ચિરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહે. હા૦ ॥ ૧૨ ॥ તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય; મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા, વળી તન પર વારૂ ગ્રહ ગણુનો સમુદાય. હા૦ ॥ ૧૩ ॥ નંદન નવલા ભણુવા નીશાળે પણ મૂકશું, ગજપર અંબાડી બેસાડી મોટે સાજ; પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી લેશું નીશાળીઆઓને કાજ. હા૦ ॥ ૧૪ ॥ નંદન નવલા મોટા થાશો ને પરણાવશું, વર વહુ સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઇ વેવાણુને પધરાવશું, વર વહુ પોંખી લેશું

જોઇ જોઇને દેદાર, હા૦ ।। ૧૫ ।। પીયર સાસર સારા બેહુ પક્ષ નંદન ઉજળા, મારી કુખે આવ્યા તાત પનોતા નંદ; માહરે આંગણ વુઠ્યા અમૃત દુધે મેહુલા, મારે આંગણ ફલીયા સુરતરૂ સુખના કંદ. હા૦ ।। ૧૬ ।। ઇણી પેરે ગાયુ માતા ત્રિસલા સુતનુ પાલણું, જે કોઇ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ; બીલીમોરા નગરે વરણવું વીરનું હાલરૂ, જયજય મંગલ હોજો દીપવિજય કવીરાજ. હા. ।।૧૭।।

આમલકી ક્રિડાનું સ્તવન.

માતા ત્રિશલા નંદ કુમાર જગતનો દીવોરે, મારા પ્રાણતણો આધાર વીર ધણું જીવોરે. એ આંકણી૦ આમલકી ક્રિડાએ રમતાં હાર્યો સુર પ્રભુ પામીરે, સુણજો તે સ્વામી આતમરામી, વાત કહું શીર નામીરે. માતા૦ ।। ૧ ।। સૌધર્મા સુર લોકે રહેતાં, અમો મિથ્યાત ભરાણારે; નાગદેવની પૂજા કરતાં, શીર ન ધરી પ્રભુ આણારે. માતા૦ ।। ૨ ।। એક દિન ઇંદ્ર સભામાં બેઠા, સોહમ પતિ એમ બોલેરે; ધીરજ બલ ત્રિભુવનનું ન આવે, ત્રિસલા બાલક તોલેરે. માતા૦ ।। ૩ ।। સાચુ સાચુ સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માનીરે; ફણીધરને લઘુ બાલક રૂપે, રમત રમીયો છાનીરે. માતા૦ ।। ૪ ।। વર્ધમાનનું ધીરજ મોટું, બલમાં પણ નહી કાચુરે; ગિરૂવાના ગુણ ગિરૂવા ગાવે, હવે મેં જાણ્યું સાચુરે. માતા૦ ।। ૫ ।। એક મુષ્ટિ પણરે મારૂં મિથ્યાત્વ ભાગ્યું જાયરે; કેવળ પ્રગટે મોહરાયને, રહેવાનું નહી થાયરે. માતા૦ ।। ૬ ।। આજથકી તું સાહેબ મારો, હું

છું સેવક તારોરે; ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણથકી તું પ્યારોરે. માતા૦ ॥ ૭ ॥ મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સધાવેરે; મહાવીર પ્રભુનું નામ ધરાવે, ઇંદ્રસભા ગુણ ગાવેરે. માતા૦ ॥ ૮ ॥ પ્રભુ મલપતા નીજ ઘરે આવે, સરખા મિત્ર સોહાવેરે; શ્રીશુભ વીરનું મુખડું દેખી, માતાજી સુખ પાવેરે. માત૦ ॥ ૯ ॥

અજીતનાથ પ્રભુનું સ્તવન.

અજીત જીનેશ્વર સાહિબોરે લોલ, વિનતડી અવધાર માહરા વાલાજીરે; હવે નહિ છોડું તોરી ચાકરીરે લોલ, તું મનરંજન માહરોરે લોલ; દીલડાનો જાણુહાર. મા૦ ॥ ૧ ॥ લાખ ચોરાસી હું ભમ્યોરે લોલ, કાલ અનંતોનંત; મા૦ ઓલગ લીધી મેં તાહરીરે લોલ, ભાંગી છે ભવતણી ભ્રાંત. મા૦ ॥ ૨ ॥ કરજો નજર હવે સાહિબારે લોલ, દાસ ધરો દિલમાંહી; મા૦ લાખ ગુણ નહિ પણ તાહરોરે લોલ, સેવક હું મહારાય. મા૦ ॥૩॥ અવગુણ ગણતાં માહરારે લોલ, નહી આવે પ્રભુ પાર; મા૦ પણ જીન પ્રવહણની પેરે લોલ, તુમે છો તારણહાર. મા૦ ॥ ૪ ॥ નગરી અયોધ્યાનો ધણીરે લોલ, વિજયા ઉરે સર હંસ; મા૦ જીત શત્રુરાયનો નંદલોરે લોલ, ધન્ય ઇક્ષુકનો વંશ. મા૦ ॥ ૫ ॥ ધનુષય સાડાચારનીરે લોલ, દેહડી રંગ સનુર; મા૦ બહોતેર પુરવ લાખનુરેલોલ, આયુ અધીક સુખ પુર. મા૦ ॥ ૬ ॥ પાંચમે આરે તું મલ્યોરે લોલ, પ્રગટયાં છે પુન્ય નિધાન; મા૦ સુમતી

ગુરૂ પદ સેવતાંરે લોલ, રામ અધીક તનુવાન; મારા વા-
લાજીરે, હવે નહિ છોડુ તારી ચાકરીરે લોલ. મા૦ ।। ૭ ।।

જીનવિજયકૃત અરનાથજીનું સ્તવન.

મ્હેંતો આણુ વહેસ્યાંજી, માહરારે સાહેબરી મ્હેતો આણુ વહેસ્યાંજી આંકણી. આણુ વહેસ્યાં ભક્તિ કરેસ્યાં, રહેસ્યાં નયણુ હજુર; અરજીન આગળ અરજ કરંતાં, લહેસ્યાં સુખ ભરપુર. મ્હેંતો૦ ।। ૧ ।। એકને છંડી બેને ખંડી, ત્રણુસું ત્રોડી નેહ; ચાર જણા શિર ચોટ કરેસું, પણ નો આણી છેહ. મ્હેંતો૦ ।। ૨ ।। છ સત અડનવ-દસને ટાળી, અજવાળી અગ્યાર; બાર જણાનો આદર કરેસ્યું, તેરનો કરી પરિહાર. મ્હેંતો૦ ।। ૩ ।। પણ અડ નવ દસ સતર પાળી, સતાવીશ ધરી સાથ; પચવીશ જણુસું પ્રીતિ કરેસ્યું, ચાર ચતુર કરી હાથ. મ્હેંતો૦ ।। ૪ ।। બત્રીશ તેત્રીશને ચોરાસી, ઓગણીસ દુર નીવારી; અડતાલીશનો સંગ તજેસું, એકાવન દીલધારી. મ્હેંતો૦ ।। ૫ ।। વીસ આરાધી બાવીશ બાંધી, ત્રેવીશનો કરી ત્યાગ; ચોવીશ જીનના ચરણ નમીને, પામશું ભવજલ તાગ. મ્હેંતો૦ ।। ૬ ।। ધ્યાતા ધ્યેયને ધ્યાન સ્વરૂપી, તન મન તાન લગાય; ક્ષિમા વિજય કવી પદકજ મધુકર, સેવક જીન ગુણ ગાય. મ્હેંતો૦ ।। ૭ ।।

શ્રી સુપાર્શ્વસ્વામીનું સ્તવન.

શ્રી સુભંકરા સુપાર્શ્વજીનવરા તાર તાર તાર તાપ આપદાહરા. ત્રિભુવન મંડન, પાપ નીહંડન દેવ દેવના

દેવ; ભવ જલ તારણ શિવસુખ કારણ, સારૂ તુંજ પદ સેવ. શ્રી સુ૦ ॥ ૧ ॥ ભવ આથડીઓ મોહે નડીઓ, પામ્યો દુઃખ અનંત; નામ તમારૂ તારક જાણી, આવ્યો છું ભગવંત. શ્રી સુ૦ ॥ ૨ ॥ ગુણમણી સિંધુ ભવિજન બંધુ, સાહેબ દિન દયાળ; સેવકને પ્રભુ નેહ નજરથી, એકવાર નિહાળ. શ્રી સુ૦ ॥ ૩ ॥ ઘોર તમો ભર હરણ દીવાકર, પરમાતમ પ્રધાન; ભ્રાત તાત તુંહિ મુજ ત્રાતા, કરજો આપ સમાન. શ્રી સુ૦ ॥ ૪ ॥ વિશ્વંભર કરૂણાકર સ્વામી, સકલ જીવ વિશ્રામ; સંકટ કાપો શિવસુખ આપો, જીન માણેક સુખધામ. શ્રી સુ૦ ॥ ૫ ॥

બીજ તિથિનું સ્તવન.

દુહા.

સરસ વચન રસ વરસતી, સરસતી કળા ભંડાર; બીજતણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મુઝાર. ॥ ૧ ॥ જંબૂદ્વીપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન; વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ॥ ૨ ॥ શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય; પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય. ॥ ૩ ॥ ત્રિગડે બેઠા ત્રિભુવન પતિ, દેશના દિયે જિનરાય; કમળ સુકોમળ પાંખડી, એમ જિનહૃદય સોહાય. ॥ ૪ ॥ શશિ પ્રગટે જિમ તે [1] દિને, ધન્ય તે દિન સુવિહાણ, એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ. ॥ ૫ ॥

---

૧ બીજને દિવસે.

ઢાળ ૧ લી.

કલ્યાણક જિનના કહું, સુણ પ્રાણીજીરે; અભિનંનંદન અરિહંત, ભગવંત, ભવિ પ્રાણીજીરે. માઘ શુદિ બીજને દિને, સુણ૦ પામ્યા શિવસુખ સાર, હરખ અપાર. ભવિ૦ ॥ ૧ ॥ વાસુપૂજ્ય જિન બારમા, સુણ૦ એહ જ તિથે થયું નાણ, સફળ વિહાણ; ભવિ૦ અષ્ટ કર્મ ચુરણ કરી, સુણ૦ અવગાહન એક વાર, મુક્તિ મોઝાર. ભવિ૦ ॥ ૨ ॥ અરનાથ જિનજી નમું, સુણ૦ અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત, ભવિ૦ ઉજવળ તિથિ ફાગણ ભલી, સુણ૦ વરીયા શિવવધુ સાર, સુંદર નાર. ભવિ૦ ॥ ૩ ॥ દશમા શીતલ જિનેશ્વરૂ, સુણ૦ પરમપદની એ વેલ ગુણની ગેલ, ભવિ૦ વૈશાખ વદિ બીજને દિને, સુણ૦ મૂકયો સરવે એ સાથ, સુર નર નાથ. ભવિ૦ ॥ ૪ ॥ શ્રાવણ શુદની બીજ ભલી, સુણ૦ સુમતિનાથ જિન દેવ, સારે સેવ; ભવિ૦ એણિ તિથએ જિનજીતણા, સુણ૦ કલ્યાણક પંચ સાર, ભવનો પાર. ભવિ૦ ॥ ૫ ॥

ઢાળ ૨ જી.

જગપતિ જિન ચોવીશમોરે લાલ, એ ભાખ્યો અધિકારરે, ભવિક જન; શ્રેણિક આદે સહુ મળ્યારે, શક્તિ તણે અનુસારરે, ભવિકજન; ભાવ ધરીને સાંભળોરે, આરાધો ધરી ખંતરે. ભવિકજન ! ભાવ૦ ॥ ૧ ॥ દોય વરસ દોય માસનીરે લાલ, આરાધો ધરી હેતરે; ભવિક૦ ઉજમણું વિધિશું કરોરે લાલ, બીજ તે મુક્તિ સંકેતરે,

ભવિક૦ ભાવ૦ ।। ૨ ।। માર્ગ મિથ્યા દૂરે તજોરે લાલ, આરાધો ગુણ થોકરે; ભવિક૦ વીરની વાણી સાંભળીરે લાલ, ઉછરંગ થયા બહુ લોકરે. ભવિક૦ ભાવ૦ ।। ૩ ।। એણી બીજે કેઈ તર્યારે લાલ, વળી તરશે કેઈ દાસરે; ભવિક૦ શશિ નિધિ અનુમાનથીરે લાલ, સઇલા નાગધર એષરે. ભવિક૦ ભાવ૦ ।। ૪ ।। અષાડ શુદિ દશમી દિને રે લાલ, એ ગાયેા સ્તવન રસાળરે; ભવિક૦ નવલવિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગળ માલરે. ભ૦ ભા૦।।૫।।

કળશ.

ઇમ વીર જિનવર, સયલ સુખકર, ગાયેા અતિ ઉલટ ભરે, અશાડ ઉજ્વળ દશમી દિવસે, સંવત અઢાર અઠ્ઠોતરે; બીજ મહિમા એમ વર્ણવ્યેા, રહી સિદ્ધપુર ચેામાસએ, જેહ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘરે લીલ વિલાસ એ. ।। ૧ ।।

જ્ઞાન પંચમીનું સ્તવન.

ઢાળ ૧ લી.

(દેશી-રસીઆલી.)

પ્રણમી પાર્શ્વ જિનેશ્વર પ્રેમશું, આણી ઉલટ અંગ; ચતુર નર ! પંચમી તપ મહિમા મહિયલ ઘણેા, કહેશું સુણજોરે રંગ ચતુર૦ ભાવ ભલે પંચમી તપ કીજીએ. ।। ૧ ।। ઇમ ઉપદેશે હેા નેમિ જિનેશ્વર, પંચમી કરજોરે તેમ; ચ૦ ગુણમંજરી વરદત્ત તણી પરે, આરાધે ફળ જેમ. ચ૦ ભાવ૦ ।। ૨ ।। જંબૂદ્વીપે ભરત મનોહરૂ, નયરી પદ-

મપૂર ખાસ; ચ૦ રાજા અજિતસેનાભિધ તિહાં કણે, રાણી યશોમતી તાસ. ચ૦ ભાવ૦ ॥ ૩ ॥ વરદત્ત નામે હો કુંવર તેહનો, કોઢે વ્યાપી રે દેહ; ચ૦ નાણુ વિરાધન કર્મ જે બાંધીયું, ઉદયે આવ્યું રે તેહ. ચ૦ ભાવ૦ ॥ ૪ ॥ તેણે નયરે સિંહદાસ ગૃહી વસે, કપૂરતિલકા તસ નારી, ચ૦ તસ બેટી ગુણમંજરી રોગિણી, વચને મૂંગી રે ખાસ. ચ૦ ભાવ૦ ॥ ૫ ॥ ચઉનાણી વિજયસેન સૂરિશ્વરૂ, આવ્યા તિણ પુર જામ; રાજા શેઠ પ્રમુખ વંદન ગયા, સાંભળી દેશના તામ. ચ૦ ભાવ૦ ॥ ૬ ॥ પૂછે તિહાં સિંહદાસ ગુરૂ પ્રત્યે, ઉપજ્યા પુત્રીને રોગ; ચ૦ થઈ મૂંગી વળી પરણેકો નહીં, એ શા કર્મના ભોગ. ચ૦ ભાવ૦ ॥ ૭ ॥ ગુરૂ કહે પૂરવ ભવ તમે સાંભળો, ખટક નયરે વસંત; ચ૦ શ્રી જિનદેવ તિહાં વ્યવહારીઓ, સુંદરી ગૃહણીનો કંત. ચ૦ ભાવ૦ ॥ ૮ ॥ બેટા પાંચ થયા હવે તેહને, પુત્રી અતિ ભલી ચાર; ચ૦ ભણવા મૂકયા પાંચે પુત્રને, પણ તે ચપળ અપાર. ચ૦ ભાવ૦ ॥ ૯ ॥

ઢાળ ૨ જી.

(સોરાહીનો ચેલો હો કે—એ દેશી.)

તે સુત પાંચે હો કે, પઢણ કરે નહી, રમતાં રમતાં હો કે, દિન જાયે વહી; શીખવે પંડિત હો કે, [1]છાત્રને સીખ [2]કરી, આવી માતાને હો કે, કહે સુત રૂદન કરી. ॥ ૧ ॥ માત [3]અધ્યારૂ હો કે, અમને મારે ઘણું, કામ અમારે હો કે, નહીં ભણવા તણું; શંખણી માતા હો કે,

---

૧ વિદ્યાર્થીને. ૨ શિક્ષા કરીને-મારીને. ૩ અધ્યાપક.

સુતને શીખ× દીયે, ભણવા મત જાજો હો કે, શું કંઠ શોષ કીયે. ।। ૨ ।। તેડવા તુમને હો કે, અધ્યારૂ આવે, તો તસ હણજો હો કે, પુનરપિ જિમ નાવે; શીખવી સુતને હો કે, સુંદરીએ તિહાં, પાટી પોથી હો કે, અગ્નિમાં નાંખી દીયા. ।। ૩ ।। તે વાત સુણીને હો કે, જિનદેવ બોલે ઇસ્યું, પ્રીટ રે સુંદરી હો કે, કામ કર્યું કીસ્યું; મૂરખ રાખ્યા હો કે, એ સર્વ પુત્ર તમે, નારી બોલી હો કે, નવિ જાણું અમે. ।। ૪ ।। મૂરખ મોટા હો કે, પુત્ર થયા જ્યારે, ન દીયે કન્યા હો કે. કોઇ તેહને ત્યારે; કંત કહે સુણ હો કે, એ કરણી તુમચી, વયણ ન માન્યાં હો કે, તેં પહેલાં અમચાં. ।। ૫ ।। એમ વાત સુણીને હો કે, સુંદરી ક્રોધે ચડી, પ્રીતમ સાથે હો કે, પ્રેમદા અતિહિ વઢી; કંતે મારી હો કે, તિહાંથી કાળ કરી, એ તુમ બેટી હો કે, થઈ ગુણમંજરી. ।। ૬ ।। પૂર્વ ભવે એણે હો કે, જ્ઞાન વિરાધીયું, પુસ્તક બાળી હો કે, જે કર્મ બાંધીયું; ઉદયે આવ્યું હો કે, દેહે રોગ થયો, વચને મૂંગી હો કે, એ ફળ તાસ લહ્યો. ।। ૭ ।।

ઢાળ ૩ જી.

(દેશી–લલનાની.)

નિજ પૂરવ ભવ સાંભળી, ગુણમંજરીએ તાંહિ; લલના જાતિસમરણ પામીયું, ગુરૂને કહે ઉત્સાહ, લલના, ભવિકા જ્ઞાન અભ્યાસીએ. ।।૧।। જ્ઞાન ભલો ગુરૂજી તણો, ગુણમંજરી

× ૪ શીખામણ

કહે એમ; લલના, શેઠ પૂછે ગુરૂને તિહાં રોગ જાવે હવે કેમ, લલના, ભવિ૦ ।।૨।। ગુરૂ કહે હવે વિધિ સાંભળો, જે કહ્યો શાસ્ત્ર મોઝાર; લલના કાર્તિક શુદિ દિન પંચમી, પુસ્તક આગળ સાર, લલના ભવિ૦ ।। ૩ ।। દીવો પંચ દીવટ તણો, કીજીએ સ્વસ્તિક સાર; લલના નમો નાણસ્સ ગુણણું ગુણો, ચૌવિહાર ઉપવાસ, લલના. ભવિ૦ ।। ૪ ।। પડિક્કમણાં દોય કીજીએ, દેવવંદન ત્રણ કાળ; લલના પાંચ વરસ પાંચ માસની, કીજીએ પંચમી સાર, લલના. ભવિ૦ ।। ૫ ।। તપ ઉજમણું પારણે, કીજીએ વિધિનો પ્રપંચ; લલના પુસ્તક આગળ મુકવાં સઘળા વાનાં પાંચ, લલના. ભવિ૦ ।। ૬ ।। પુસ્તક ઠવણી પુજણી, નવકારવાળી પ્રત; લલના લેખણ ખડીયા દાભડા, પાટી કવળી જુક્ત, લલના ભવિ૦ ।।૭।। ધાન્ય ફળાદિક ઢોઇએ, કીજીએ જ્ઞાનની ભક્તિ; લલના ઉજમણું એમ કીજીએ, ભાવથી જેવી શકિત લલના. ભવિ૦ ।। ૮ ।। ગુરૂ વાણી એમ સાંભળી, પંચમ કીધી તેહ લલના ગુણમંજરી મુંગી ટળી, નીરોગી થઇ દેહ, લલના. ભવિ૦ ।। ૯ ।।

ઢાળ ૪ થી.

[યાદવરાય જદુ રહ્યો—એ દેશી.]

રાજા પૂછે સાધુને રે, વરદત્ત કુમરને અંગ; કોઢ રોગ એ કિમ થયો રે, મુજ ભાખો ભગવંત. સદ્દગુરૂજી ધન્ય તમારૂં જ્ઞાન ગુરૂ કહે જંબુદ્વિપમાં રે, ભરતે શ્રીપુર ગામ વસુનામા વ્યવહારીઓ રે, દો પુત્ર તસ નામ. સદ્દ૦ ।। ૨ ।। વસુસાર ને વસુદેવજી રે, દીક્ષા લીએ ગુરૂ પાસ,

લઘુ બંધવ વસુદેવને રે, પદવી દીએ ગુરૂ તાસ. સદ્દ૦ ॥ ૩ ॥ પંચ સહસ અણગારને રે, આચારજ વસુદેવ; શાસ્ત્ર ભણાવે બંતશું રે, નહીં આળસ નિત્યમેવ. સદ્દ૦ ॥ ૪ ॥ એકદીન સૂરિ સંથારીયા રે; પૂછે પદ એક સાધ; અર્થ કહીએા તેહને વળી રે, આવ્યેા બીજો સાધ સદ્દ૦ ॥ ૫ ॥ એમ બહુ મુનિ પદ પૂછવા રે, એક આવે એક જાય; આચારજની ઉંઘમાં રે, થાય અતિ અંતરાય. સદ્દ૦ ॥ ૬ ॥ સૂરિ મને એમ ચિંતવે રે, કયાં મુજ લાગ્યું પાપ. શાસ્ત્ર મેં એ અભ્યાસીયા રે, તેા એટલેા સંતાપ. સદ્દ૦ ॥ ૭ ॥ પદ ન કહું હવે કેહને રે, સઘળા મૂકું. વિસારી; જ્ઞાન ઉપર એમ આણીએા રે, ત્રિકરણ ક્રોધ અપાર. સદ્દ૦ ॥ ૮ ॥ બાર દિવસ અણબેાલીઆરે, અક્ષર ન કહ્યો એક; અશુભ ધ્યાને તે મરીરે, એ સુત તુજ અવિવેક. સદ્દ૦ ॥ ૯ ॥

ઢાળ ૫ મી.

(મુખને મરકલડે—એ દેશી.)

વાણી સુણી વરદત્તેજી, જાતિસ્મરણ લહ્યું, નિજ પૂર્વ ભવ દીઠેાજી, જેમ ગુરૂએ કહ્યું; વરદત્ત કહે તવ ગુરૂનેજી, રેાગ એ કેમ જાવે, સુંદર કાય હેાવેજી, વિદ્યા કેમ આવે. ॥ ૧ ॥ ભાખે ગુરૂજી ભલીભાતજી પંચમી તપ કરેા, જ્ઞાન આરાધેા રંગેજી, ઉજમણું કરેા; વરદત્તે તે વિધિ કીધીજી, રેાગ દૂરે ગયેા, ભુકત ભેાગી રાજ પાળીજી, અંતે સિદ્ધ થયેા. ॥ ૨ ॥ ગુણમંજરી પરણાવીજી, શાહ જિનચંદ્રને, સુખ ભેાગવી પછી લીધુંજી, ચારિત્ર સુમતિને

ગુણમંજરી વરદત્તેજી, ચારિત્ર પાળીને, વિજય વિમાને પહોંચ્યાજી, પાપ પ્રજાળીને. ॥ ૩ ॥ ભોગવી સુર સુખ તિહાંથીજી, ચવિયા દોય સુરા, પામ્યા જંબૂ વિદેહેજી, માનવ અવતારા; ભોગવી રાજ્ય ઉદારાજી, ચારિત્ર લીયે સારા, હુવા કેવળજ્ઞાનીજી, પામ્યા ભવ પારા. ॥ ૪ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

(ગિરિથી નદીયાં ન તરેરે લોલ—એ દેશી.)

જગદીશ્વર નેમીશ્વરૂરે લોલ, એ ભાખ્યો સંબંધરે, સોભાગી લાલ, બારે પર્ષદા આગળેરે લોલ, એ સઘળો પરબંધરે. સો૦ ॥ ૧ ॥ નેમીશ્વર જિન જયઉરે લોલ, ॥ આંકણી. ॥ પંચમી તપ કરવા ભણીરે લોલ, ઉત્સુક થયા બહુ લોકરે; સો૦ મહાપુરૂષની દેશનારે લોલ, તે કિમ હોવે ફોકરે. સો૦ ॥ ૨ ॥ કાર્તિક શુદિ જે પંચમી રે લોલ, સૌભાગ્ય પંચમી નામરે; સો૦ સૌભાગ્ય લહીએ એહથીરે લોલ, ફળે મનવાંછિત કામરે. સોભા૦ ॥ ૩ ॥ સમુદ્રવિજય કુળ સેહરોરે લોલ, બ્રહ્મચારી શિરદારરે; સો૦ મોહનગારી માનિનીરે લોલ, રૂડી રાજુલ નારીરે. સો૦ ॥ ૪ ॥ તે નવિ પરણી પદ્મિણીરે લોલ, પણ રાખ્યો જેણે રંગરે; સો૦ મુક્તિ મહેલમાં બેહુ મળ્યારે લોલ, અવિચળ નેડ અભંગરે. સો૦ ॥ ૫ ॥ તેણે એ માહાત્મ્ય ભાખીયુંરે લોલ, પાંચમનું પરગટરે; સો૦ જે સાંભળતાં ભાવશુંરે લોલ, શ્રી સંઘને ગહગટરે. સો૦ ॥ ૬ ॥

કળશ.

એમ સયળ સુખકર સયળ દુઃખહર, ગાયો નેમિ

જિણેસર; તપગચ્છ રાજા વડ દિવાજા, વિજયાનંદસૂરિશ્વર; તસ ચરણ પદ્મ પરાગ મધુકર, કેવિંદ કુંવરવિજય ગણી; તસ શિષ્ય પંચમી સ્તવન ભાખી, ગુણવિજય રંગે મુનિ. ॥૭॥

અષ્ટમીનું સ્તવન.

ઢાળ ૧ લી.

(તને ગોકૂળ બોલાવે કાન, ગોવિંદ ગોરીરે;
આલો મહીનાં દાણ, કરીને ચોરીરે-એ દેશી.)

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દીવાજેરે; વિચરંતા વીર જિણુંદ, અતિશય છાજેરે. ॥ ૧ ॥ તિહાં ચોત્રીશ ને પાંત્રીશ, વાણી ગુણ લાવેરે; પધાર્યા વર્ધામણી જાય, શ્રેણિક આવેરે. ॥ ૨ ॥ તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રિગડું બનાવેરે; તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવેરે. ॥ ૩ ॥ તિહાં સુર નરનારી તિર્યંચ, નિજ નિજ ભાષારે; મન સમજીને ભાવ તીર, પામે સુખ બાસારે. ॥ ૪ ॥ તિહાં ઇંદ્રભૂતિ મહારાજ, શ્રી ગુરૂ વીરનેરે; પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમનેરે. ॥ ૫ ॥ તવ ભાખે વીર જિણુંદ, સુણો સહુ પ્રાણીરે; આઠમદિન જિનના કલ્યાણ, ધરો ચિત્ત આણીરે. ॥ ૬ ॥

ઢાળ ૨ જી.

(વાલાજીની વાટડી અમે જોતાંરે-એ દેશી.)

શ્રી ઋષભનું જન્મ કલ્યાણરે, વળી ચારિત્ર લહો ભલે વાનરે; ત્રીજા સંભવનું નિર્વાણ, ભવી તમે અષ્ટમી તિથિ સેવોરે, એ છે શિવવધુ નારીનો મેવો. ભવી૦

॥ ૧ ॥ શ્રી અજિત સુમતિજિન જન્મ્યા રે, અભિનંદન શિવપદ પામ્યા રે; જિન સાતમા શિવ વિશરામ્યા. ભવી૦ ॥ ૨ ॥ વીશમા મુનિસુવ્રત સ્વામી રે, તેહના જન્મ મોક્ષ ગુણધામીરે, એકવીશમા શિવ વિશરામી. ભવી૦ ॥૩॥ પાર્શ્વ-નાથજી મોક્ષ મહંત રે, ઇત્યાદિક જિન ગુણવંતરે; કલ્યાણુક મુખ્ય કહંત. ભવી૦ ॥ ૪ ॥ શ્રી વીર જિણંદની વાણી રે, સુણી સમજ્યા બહુ ભવ્ય પ્રાણી રે; આઠમ દિન અતિ ગુણ ખાણી. ભવી૦ ॥ ૫ ॥ આઠ કર્મ તે દૂરે પલાય રે, એથીઅડ સિદ્ધિ અડબુદ્ધિ થાય રે; તેણે કારણ સેવો ચિત્ત લાય. ભવી૦ ॥ ૬ ॥ શ્રી ઉદયસાગર સૂરરાયા રે, ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયા રે; તસ ન્યાયસાગર જસ ગાયા. ભવી૦ ॥ ૭ ॥

અષ્ટમીનું સ્તવન.

દુહા.

પંચ તીર્થ પ્રણમું સદા, સમરી શારદ માય;
અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય. ૧

ઢાળ ૧ લી.

હાંરે લાલા જંબૂદ્વિપના ભરતમાં, મગધ દેશ મહંત રે લાલા; રાજગૃહી નયરી મનોહરૂ, શ્રેણિક બહુ બળવંત રે લાલા, અષ્ટમી તિથિ મનોહરૂ. ॥ ૧ ॥ હાંરે લાલા ચેલણા રાણી સુંદરૂ, શિયલવંતી શિરદારરે લાલા; શ્રેણિક શુદ્ધ બુદ્ધ છાજતા, નામે અભયકુમાર લાલા. અષ્ટમી૦ ॥ ૨ ॥ હાંરે લાલા વર્ણણા આઠ મીટે એહથી, અષ્ટ સાધે સુખ નિધાનરે લાલા; અષ્ટ મદ ભંજન વજ્ર છે, પ્રગટે

સમકિત નિધાન રે લાલા. અષ્ટમી૦ ॥ ૩ ॥ હાંરે લાલા અષ્ટ ભય નાસે એહથી અષ્ટ બુદ્ધિ તણેા ભંડાર રે લાલા; અષ્ટ પ્રવચન માતા સંપજે, ચારિત્ર તણે આગાર રે લાલા. અષ્ટમી૦ ॥ ૪ ॥ હાંરે લાલા અષ્ટમી આરાધન થકી, અષ્ટ કર્મ કરે ચકચૂર રે લાલા; નવ નિધિ પ્રગટે તસ ઘરે, સંપૂર્ણ સુખ ભરપૂર રે લાલા. અષ્ટમી૦ ॥ ૫ ॥ હાંરે લાલા અડ દૃષ્ટિ ઉપજે એહથી, શિવ સાધે ગુણ અનુપ રે લાલા; સિદ્ધના આઠ ગુણ સંપજે, શિવકમળા રૂપ સ્વરૂપ રે લાલા. અષ્ટમી૦ ॥ ૬ ॥

ઢાળ ૨ જી.

જીહેા રાજગૃહી રળિયામણી, જીહેા વિચરે વીર જિણંદ; જીહેા સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહેા સુર અસુરનેા વૃંદ, જગત સહુ વંદેા વીર જિણંદ. ॥ ૧ ॥ જીહેા દેવરચિત્ત સિંહાસને, જીહેા બેઠા શ્રી વર્ધમાન; જીહેા અષ્ટ પ્રાતિહારજ શેાભતા, જીહેા ભામંડળ અસમાન. જગત૦ ॥ ૨ ॥ જીહેા અનંત ગુણે જિનરાજજી, જીહેા પર ઉપકારી પ્રધાન; જીહેા કરૂણાસિંધુ મનેાહરૂ, જીહેા ત્રિલેાકે જિન ભાણુ. જગત૦ ॥ ૩ ॥ જીહેા ચેાત્રીશ અતિશય વિરાજતા, જીહેા વાણી ગુણ પાંત્રીશ; જીહેા બારે પર્ષદા ભાવશું, જીહેા ભકત નમાવે શિશ. જગત૦ ॥ ૪ ॥ જીહેા મધુર ધ્વનિ દીએ દેશના, જીહેા જિમ રે અષાઢેા રે મેહ; જીહેા અષ્ટમી મહિમા વર્ણવે, જીહેા જગબંધુ કહે તેહ. જગત સહુ૦ ॥ ૫ ॥

ઢાળ ૩ જી.

(રૂડી ને રળિયામણી રે વહાલા તારી દેશનારે, તે તો મહારા મંદિરીએ સંભળાય–એ દેશી.)

રૂડી ને રઢિયાળી રે પ્રભુ તારી દેશના રે, તે તો એક જોજન લગે સંભળાય; ત્રિગડે વિરાજે જિન દીએ દેશના રે, શ્રેણિક વંદે પ્રભુના પાય. અષ્ટમી મહિમા કહો કૃપા કરી રે, પૂછે ગોયમ અણગાર, અષ્ટમી આરાધન ફળ સિદ્ધિનું રે. ॥ ૧ ॥ વીર કહે તપથી મહિમા એહનો રે, ઋષભ જન્મ કલ્યાણ; ઋષભ ચારિત્ર હોયે નિર્મળું રે, અજિતનું જન્મ કલ્યાણ. અષ્ટમી૦ ॥ ૨ ॥ સંભવ ચ્યવન ત્રીજા જિનેશ્વરૂ રે, અભિનંદન નિર્વાણ; સુમતિ જન્મ સુપાર્શ્વ ચ્યવન છે રે, સુવિધિ નમિ જન્મ કલ્યાણ. અષ્ટમી૦ ॥ ૩ ॥ મુનિ સુવ્રત જન્મ અતિ ગુણનિધિ રે, નેમિ શિવપદ લહ્યું સાર; પાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂ રે, એ તિથિ પરમ આધાર. અષ્ટમી૦ ॥ ૪ ॥ ઉત્તમ ગણધરૂ મહિમા સાંભળી રે, અષ્ટમી તિથિ પ્રમાણ; મંગળ આઠ તણી ગુણમાલિકા રે, તસ ઘર શિવકમળા પ્રધાન. અષ્ટમી૦ ॥ ૫ ॥

ઢાળ ૪ થી.

કાઉસગ્ગની નિર્યુક્તિએ, ભાખે મહાનિશીથ સૂત્રે રે; ઋષભ વંશ દઢવીરજી આરાધી, શિવસુખ પામે પવિત્રે રે. શ્રી જિનરાજ જગત ઉપકારી. ॥ ૧ ॥ એ તિથિ મહિમા વીર પ્રકાશે, ભવિક જીવને ભારે રે; શાસન તારૂં અવિચળ

રાજે, દિન દિન દ્વોલત વાધે રે. શ્રી૦ ॥ ૨ ॥ ત્રિશલા-નંદન દોષ નિકંદન, કર્મશત્રુને જીત્યારે; તીર્થંકર મહંત મનોહર, દોષ અઢાર નિવર્ત્યા રે. શ્રી૦ ॥ ૩ ॥ મન મધુકર વર પદકજ લીનો, હરખી નિરખી પ્રભુ ધ્યાઉં રે; શિવકમલા સુખ દીએો પ્રભુજી, કરૂણાનંદ પદ પાઉં રે. શ્રી૦ ॥ ૪ ॥ વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચામર છત્ર વિરાજે રે; આસન ભામંડળ જિન દીપે, દુંદુભિ અંબર ગાજે રે. શ્રી૦ ॥ ૫ ॥ બંભાત બંદર અતિ મનોહર, જિનપ્રાસાદ ઘણા સોહેરે; બિંબ સંખ્યાનો પારજ ન લહું, દરિસણ કરી મન મોહે રે. શ્રી૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણચાલીશ વરસે, આશ્વિન માસ ઉદારે રે; શુકલ પક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યારે રે. શ્રી૦ ॥ ૭ ॥ પંડિત દેવસૌભાગ્ય બુદ્ધિ લાવણ્ય, રત્નસૌભાગ્ય તેણે નામ રે; બુદ્ધિ લાવણ્ય લીએો સુખ સંપૂરણ, શ્રી સંઘને કોડ કલ્યાણરે. શ્રી૦ ॥ ૮ ॥

એકાદશીનું સ્તવન.

ઢાળ ૧ લી.

ચંદ્રાવલાની દેશી.

દ્વારકા નગરી સમોસર્યારે, બાવીશમો જિનચંદ; બે કરજોડી ભાવશું રે, પૂછે કૃષ્ણ નરીંદ. (ત્રુટક) પૂછે કૃષ્ણ નરિંદ વિવેકે, સ્વામી અગ્યારશ માની અનેકે; એહ તણો કારણ મુજ દાખો, મહિમા તિથિનો યથાર્થ દાખ્યો, જીરે જિણંદજી જીરે. ॥ ૧ ॥ નેમિ કહે કેશવ સુણોરે,

પર્વ વડું છે એહ; કલ્યાણક જિનનાં કહ્યાંરે, દોઢસો એણે દિન જેહ. (ત્રુટક) દોઢસો એણે દિન સૂત્ર પ્રસિદ્ધા, કલ્યાણક દશ ક્ષેત્રનાં લીધાં, અતીત અનાગત્ત ને વર્તમાન, સર્વ મળી દોઢસો તસ માન. જીરે૦ ॥ ૨ ॥ કલ્પવૃક્ષ તરૂમાં વડોરે, દેવમાંહે અરિહંત; ચક્રવર્તી નૃપમાં વડોરે, તિથિમાં તિમ એ હુંત. (ત્રુટક) તિથિમાં તિમ એ હુંત વડેરો, ભેદે કર્મ સુભટનો ઘેરો, મૌન આરાધે શિવપદ આપે, સંકટ વેલતણા મૂળ કાપે. જીરે૦ ॥ ૩ ॥ અહોરત્ત પોસો કરીરે, મૌન તપ ઉપવાસ; અગ્યાર વરસ આરાધીએરે, વળી અગ્યારહ માસ. (ત્રુટક) વળી અગ્યારહ માસ જે સાધે, મન વચકાયે શુદ્ધ આરાધે; ભવ ભવ સુખીયા તે નર થાશે, સુવ્રત શેઠ પરે ગવરાશે. જી૦ ॥ ૪ ॥ કૃષ્ણ કહે સુવ્રત કીએ રે, કિમ પામ્યો સુખ સાત; નેમ કહે કેશવ સુણોરે, સુવ્રતનો અવદાત. (ત્રુટક) સુવ્રતનો અવદાત વખાણું, ધાતકીખંડ વિજયાપુરી જાણું; પૃથ્વીપાળ તિહાં રાજ વિરાજે, ચંદ્રાવતી તસ રાણી છાજે. જી૦ ॥ ૫ ॥ વાસ વસે વ્યવહારીઓરે, સુર નામે તિહાં એક; સદ્‌ગુરૂ મુખે એક દિન ગ્રહીરે, અગ્યારશ સુવિવેક. (ત્રુટક) અગ્યારશ સુવિવેક લીધી, રૂડી ઉજમણાની વિધિ કીધી; પેટ શૂળથી મરણ લહીને, પહોંચ્યો અગ્યારમે સ્વર્ગ વહીને. જી૦ ॥ ૬ ॥ એકવીશ સાગર તણોરે, પાળી નિરૂપમ આય; ઉપજ્યો જિહાં તે કહું રે, સુણજો જાદવરાય. (ત્રુટક) સુણજો જાદવરાય એક ચિત્તે, સૌરિપુર વસે શેઠ સમૃદ્ધદત્તે; પ્રીતિમતી તસ ઘરણીને પેટે, પુત્રપણે ઉપજ્યો.

પુણ્ય ભેટે. જી૦ ॥ ૭ ॥ જન્મ સમયે પ્રગટ હુવારે, ભૂમિથી સબળ નિધાન; ઉચિત જાણી તસ થાપીયેારે, સુવ્રત નામ પ્રધાન. (ત્રુટક) સુવ્રત નામ ઠવ્યેા માય તાયે, વાધ્યેા કુમાર કળાનિધિ થાયે; અગ્યાર કન્યા વર્યો સમ જોડી, અગ્યાર હોય સ્થિર સુવર્ણ કોડી. જી૦ ॥ ૮ ॥ વિલસે સુખ સંસારનાંરે, દોગુંદુક સુર જેમ; અન્ય દિવસ સહગુરૂ મુખેરે, દેશના સુણી તેણે એમ. (ત્રુટક) દેશનામાં સુણ્યું એમ મહાતમ, બીજ પ્રમુખ તિથિઓ અતિ ઉત્તમ; સાંભળીને ઇહાપોહ કરંતે, જાતિસ્મરણ લહ્યો ગુણવંતે. જી૦ ॥ ૯ ॥ કરજોડી સુવ્રત એમ ભણેરે, વરસ દિવસમાં સાર; દિવસ એક મુજ દાખવોરે, જેહથી હોય ભવપાર. (ત્રુટક) જેહથી હોય ભવપાર તે દાખેા, ગુરૂ કહે મૌન એકાદશી રાખેા, તે તહત્તી કરી વિધિશું આરાધે, માગશર શુદિ એકાદશી સાધે. જી૦ ॥ ૧૦ ॥ શેઠને સુખીયેા દેખીનેરે, જન કહે એ ધર્મ સાર; પ્રેમ સહિત આરાધતાંરે, કાંતિવિજય જયકાર. (ત્રુટક) કાંતિવિજય જયકાર સદાઇ, નિત્ય નિત્ય સંપદા હોઇ સવાઇ; એતિથિ સકલતણે મન ભાવી, પહેલી ઢાળ થઇ સુખદાઇ. જી૨૦ ॥ ૧૧ ॥

ઢાળ ૨ જી.

એક દિવસેરે, શેઠ સુવ્રત પોસહ ધરે; સહ કુટુંબેરે, રયણી સમય કાઉસ્સગ્ગ કરે; તવ આવ્યારે, ચોર લેવા ધન આંગણે; કસી બાંધેરે, ધનની ગાંસડી તત્ક્ષણે (ત્રુટક) તત્ક્ષણે બાંધ્યેા દ્રવ્ય બહુલેા, શિર ઉપાડી સંચરે; તવ

દેવ શાસનતણે થંભ્યા, ચોર ચિંતા અતિ કરે; દીઠા પ્રભાતે કોટવાળે, બાંધી સોંપ્યા રાયને; વધ હુકમ દીધો રાયે તવ તિહાં, શેઠ આવ્યા ધાઇને. ।। ૧૨ ।। નૃપ આગળેરે, શેઠ મૂકી તિહાં ભેટણું; છોડાવ્યુંરે, ચોર સહુનું બંધણું; જગમાં વધ્યોરે, મહિમા શ્રી જિન ધર્મનો; કેઇ છંડેરે, મિથ્યાત્વ મારગ ભરમનો. (ત્રુટક) મિથ્યાત્વ મારગ તજી, પુરજન, જૈનધર્મ અંગી કરે; એક દિવસ ધગધગ કરત ઉદ્ભટ, અગ્નિ લાગી તિણે પુરે; બળે તે મંદિર હાટ સુંદર, લોક નાઠા ધસમસે; સહ કુટુંબ પોષધ સહિત તિણે દિન શેઠ બેઠા સમરસે. ।। ૧૩ ।। જન બોલેરે, શેઠ સલુણા સાંભળો; હઠ કાં કરોરે, નાસો અગ્નિમાં કાંબળે; શેઠ ચિંતવેરે, પરિષહ સહશું તે સહી; વ્રત ખંડનરે, એણે અવસરે કરશું નહીં (ત્રુટક) નહીં યુક્ત મુજને વ્રત વિલોપન, એમ રહ્યા દૃઢતા ગ્રહી; પુર બળ્યું સઘળું શેઠનું, ઘર હાટ તે ઉગર્યા સહી; પુરલોક અચરજ દેખી સઘળો, અતિ પ્રશંસે દૃઢપણે; હવે શેઠ કરે સામાન રૂડો, ઉજમણું કરવા તણે. ।। ૧૪ ।। મુક્તાફળરે, મણિ માણિક્ય ને હીરલા, પીરોજીરે, વિદ્રુમ ગોલક અતિ ભલા; સ્વર્ણાદિકરે, સપ્ત ધાતુ મેળી રૂડી; ક્ષીરોદકરે; પ્રમુખ વિવિધ ઉંબર વળી. (ત્રુટક) ધાન્ય ને પકવાન્ન બહુવિધ, ફળ પુલ મન ઉજળે; અગ્યાર સંખ્યા એક એકની હવે શ્રી જિન આગળે, જિન ભકિત મંડે દુરિત ખંડે લાભ લે નરભવતણે; મહિમા વધારે સુવિધિ દ્વારે, ભવ સુધારે આપણે. ।। ૧૫ ।। સાતે ક્ષેત્રેરે, અરચે ધન

મન ઉલ્લસે; સંઘ પૂજારે, સ્વામી ભક્તિ કરે હસે; દીયે મુનિનેરે, જ્ઞાનો પકરણ શુભ મને, અગ્યારશરે, એમ ઉજવી તેણે સુવ્રતે. (ત્રુટક) તેણે સુવ્રતે એક દિવસ વાંદા સૂરિ જયશેખર ગુરૂ; સુણી ધર્મ અનુમતિ માગી સુતની, લીયે સંયમ સુખકરૂ; અગ્યાર તરૂણી ગ્રહી સંયમ, તપ તપી અતિ નિર્મળું; લહી નાણ કેવળ મુકિત પહોંચ્યા, લહ્યું સુખ ધન ઉજળું. ॥ ૧૬ ॥ દોય સો છઠ્ઠરે, એક સો અઠ્ઠમ સારરે; ષટમાસીરે, એક ચોમાસી ચારરે; ઇત્યાદિ-કરે, સુવ્રત મુનિવર તપ કરે, અગ્યારશરે, તે તિથિ સેવે મન ખરે. (ત્રુટક) મન ખરે પાળે શુદ્ધ સંયમ, એક દિન એ ઋષિતણે; થઇ ઉદર પીડા તીણે દિવસે, અછે તે સુવ્રતપણે; એક દેવ વૈરી પૂર્વ ભવનો, ચળાવા આવ્યો સહી; મુનિરાય સુવ્રત તણે અંગે, વેદના કીધી વહી. ॥ ૧૭ ॥ સમતા ધરીરે, નિશ્ચળ મેરૂ પરે રહ્યો; સુર પ-રિસહરે, સ્થિર થઇને અહોનિશ સહ્યો; નવિ લોપેરે, મન સુવ્રત મુનિરાજીઓ; ઔષધ પણરે, સુર દાખ્યો પણ નવિ કીયો. (ત્રુટક) નવિ કીયો ઔષધ રોગ હેતે, અસુર અતિ કોપે ચડયો; પાટુ પ્રહારે હણ્યો તે વારે, મિથ્યામતિ પાયે પડયો; ઋષિ ક્ષપકશ્રેણીએ ચઢીઓ, કેવળ લહી મુકિત ગયો; એમ ઢાળ બીજી કાંતિ ભણુતાં, સકળ સુખ મંગળ થયો. ॥ ૧૮ ॥

ઢાળ ૩ જી.

(સુણીએ હો જિન સુણીએ એ દેશી.)

ભાખી હો જિન ભાખી નેમિજિણુંદ, એણીપરે હો

જિન એણીપરે સુવ્રતની કથાજી; સદ્દહે હો તેહ સદ્દહે કૃષ્ણ નરિંદ, છેદન હો ભવ છેદન ભવ ભયની વ્યથાજી. ॥ ૧૯ ॥ પર્વદ છો જિન પર્વદ લોક તિવાર, ભાવે હો તિહાં ભાવે અગ્યારશ ઉચ્ચરીજી; એહથી હો એમ એહથી ભવિક અપાર, સહેજે હો ભવ સહેજે ભવસાયર તરીજી. ॥ ૨૦ ॥ તારક હો જિન તારક ભવથી તાર, મુજને હો પ્રભુ મુજ નિર્ગુણીને હિત કરીજી; તરશું હો જિન તરશું જો તપ સાધ, તુમચી હો પ્રભુ તુમચી તિહાં મોટીમ કી-સીજી. ॥ ૨૧ ॥ સાચી હો જિન સાચી ચિત્ત અવધાર, કીધી હો એમ કીધી મેં તાહરી ચાકરીજી; દેઈશ હો જિન દેઈશ તુંહી સમાધી, એવડી હો જિન એવડી કાંઇ ગાઢીમ યસીજી. ॥ ૨૨ ॥ છેહડો હો તુજ છેહડો સાહ્યો આજ, મોટી હો જિન મોટી મેં આશા કરીજી; દીધાહો જીન દીધા વિણ મહારાજ, છૂટીશ હો કિમ છૂટીશ કિમ વિણ દુઃખ હરિજી. ॥ ૨૩ ॥ ભવ ભવ હો જિન ભવ ભવ શરણું તુજ, હોજો હો જિન હોજો કહું કેતું વળીજી; દેજો હો જિન દેજો સેવા મુજ, રંગે હો પ્રભુ રંગે પ્રણમું લળી લળીજી. ॥ ॥ ૨૪ ॥ ત્રીજી હો એહ ત્રીજી પુરી થઇ ઢાળ, પ્રેમે હો એમ પ્રેમે કાંતિવિજય કહેજી; નમતાં હો પ્રભુ નમતાં નેમ દયાળ, મંગળહો ધરી મંગળમાળા મહમહેજી. ॥ ૨૫ ॥

કલશ.

એમ સકળ સુખકરૂ દુરિત દુઃખહરૂ, ભવિક તરવા જળધરૂ; ભવ્ય તિમિરવારક જગત તારક, જયો જિન-

પતિ જગગુરૂ ।। સત્તર સો ઓગણોતેર વરસે, રહી ડભોઇ ચોમાસએ; શુદિ માગશર તિથિ અગ્યારશ, રચ્યો ગુણ સુવિલાસ એ. ।। ૨૬ ।। થઇ થુઈ મંગળ કોટી ભવનાં, પાપ પડલ દુરે કરે; જયવાદ આપે કીર્તિ થાપે, સુજસ દશ દિશિ વિસ્તરે. ।। ૨૭ ।। તપગચ્છ નાયક વિજયપ્રભ ગુરૂ, શિષ્ય પ્રેમવિજયતણો; કહે કાંતિ સુણતાં ભવિક ભણતાં, લહે મંગળ અતિ ઘણો. ।। ૨૮ ।।

શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

નવ પદ ધરજો ધ્યાન; ભવિજન નવ પદ ધરજો ધ્યાન; એ નવ પદનું ધ્યાન કરતાં પામે જીવ વિશ્રામ. ભવિજન૦ ।। ૧ ।। અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણખાણ; ભવિ૦ ।। ૨ ।। દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુ માન; ભવિ૦ ।। ૩ ।। આસો ચૈત્રની શુદિ સાતમથી, પુનમ લગી પ્રમાણ; ભવિ૦ ।। ૪ ।। એમ એકાશી આંબિલ કીજે, વરસ સાડાચારનું માન; ભવિ૦ ।। ૫ ।। પડિક્કમણાં દોય ટંકના કીજે, પડિલેહણ બે વાર; ભવિ૦ ।। ૬ ।। દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ; ભવિ૦ ।। ૭ ।। બાર આઠ છત્રીશ પચવીશનો, સત્તાવીશ સડસઠ સાર; ભવિ૦ ।। ૮ ।। એકાવન સીત્તેર પચાસનો, કાઉસગ્ગ કરો સાવધાન; ભવિ૦ ।। ૯ ।। એક એક પદનું ગુણણું, ગણીએ દોય હજાર; ભવિ૦ ।। ૧૦ ।। એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવ પાર; ભવિ૦ ।। ૧૧ ।। કર જોડી સેવક ગુણ ગાવે, મોહન ગુણ મણિમાળ, ભવિ૦

॥ ૧૨ ॥ તાસ શિષ્ય મુનિ હેમ કહે છે, જન્મ મરણ દુઃખ ટાળ; ભવિ૦ ॥ ૧૩ ॥

શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

(સાંભળ રે તું સજની મોરી, રજની ક્યા રમી આવીજીરે–એ દેશી.)

સિદ્ધચક્ર વર સેવા કીજે, નર ભવ લાહો લીજે જીરે; વિધપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે. ભવિજન ભજીયે જીરે, અવર અનાદિની ચાલ, નિત્ય નિત્ય તજીએ જીરે. એ ટેક૦ ॥ ૧ ॥ દેવનો દેવ દયાકર ઠાકર, ચાકર સુર નર ઇંદા જીરે; ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિન ચંદા. ભવિજન૦ ॥ ૨ ॥ અજ અવિનાશી અકળ અજરામર, કેવલ દંસણ નાણી જીરે; અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ભવિ પ્રાણી. ભવિ૦ ॥ ૩ ॥ વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર યોગરાજ પીઠજી રે; સુમેરૂ પીઠ પંચ પ્રસ્થાને, નમું આચારજ હીઠ. ભવિ૦ ॥ ૪ ॥ અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી રે; દસ પયન્ના એમ પણુયાલીસ, પાઠક તેહના ધાર. ભવિ૦ ॥ ૫ ॥ વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી રે; ચૌદ અભ્યંતર નવવિધ બાહ્યની, ગ્રંથિ તજે મુનિરાય. ભવિ૦ ॥ ૬ ॥ ઉપશમ ક્ષય ઉપશમ ને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી રે; શ્રદ્ધા પરિણતિ આત્મા કેરી, નમીએ વારંવાર. ભવિ૦ ॥ ૭ ॥ અઠ્ઠાવીશ ચૌદ ને ષટ દુગ ઈગ, મત્યાદિકના જાણોજી રે; એમ એકાવન ભેદે પ્રણમો, સાતમે પદ વર નાણ. ભવિ૦ ॥ ૮ ॥ નિવૃત્તિ ને પ્રવૃત્તિ બેદે, ચારિત્ર છે વ્યવહારજી રે; નિજ ગુણ સ્થિરતા

ચરણ તે પ્રણમ્યા, નિશ્ચય શુદ્ધ પ્રકાર. ભવિ૦ ।। ૯ ।। બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી રે; તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાયરમાં સેતુ. ભવિ૦ ।। ૧૦ ।। એ નવ પદમાં પણ[1] છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી રે; દેવ ગુરૂ ને ધર્મ તે એહમાં, દોય ત્રણ ચાર પ્રકાર. ભવિ૦ ।। ૧૧ ।। માર્ગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતે જી રે; સહાયપણું ધરતા સાધુજી, પ્રણમ્યા એહ જ હેતે. ભવિ૦ ।। ૧૨ ।। વિમલેશ્વર સાનિધ્ય કરે તેહની, ઉત્તમ જે આરાધેજી રે; પદ્મવિજય કહે તે ભવી પ્રાણી, નિજ આતમ હિત સાધે. ભવિ૦ ।। ૧૩ ।।

શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

(તમે પીતાંબર પહેર્યાંજી, મુખને મરકલડે—એ દેશી.)

શ્રી સિદ્ધચક્રને વંદોજી મનોહર મનગમતાં, અવિચળ સુખનો કંદોજી મનોહર મનગમતાં; માસ આસોએ મધુરે સોહાવેજી મ૦, ભવિ આદરો તમે ભલે ભાવેજી મ૦ ।। ૧ ।। નવ આંબિલ તપ કીજેજી મ૦, તો અવિચળ સુખડાં લીજેજી મ૦; શુદિ સાતમથી તમે માંડીજી મ૦, ઘરના આરંભ સવિ છાંડી જી મ૦ ।। ૨ ।। પહેલે પદે અરિહંત સેવાજી મ૦, આપે મુક્તિના મેવાજી મ૦; બીજે પદે સિદ્ધ સોહાવેજી મ૦, મન શુદ્ધે પૂજો ભલે ભાવે જી મ૦ ।। ૩ ।। આચાર્ય ત્રીજે પદે નમોજી મ૦, તમે ક્રોધ કષાયને દમોજી મ૦; ઉવઝાય તે ચોથે વંદોજી મ૦, સાધુ

---

૧ પાંચ.

પાંચમે દેખી આણુંદોજી મ૦ ॥ ૪ ॥ છઠ્ઠે દરિસણ જાણોજી મ૦, શ્રી જ્ઞાનને સાતમે વખાણોજી મ૦; ચારિત્ર પદ આઠમે સોહેજી મ૦, વળી નવમે તપ મન મોહેજી મ૦ ॥ ૫ ॥ રસ ત્યાગે આંબિલ કીજેજી મ૦, તો મુકિત તણું ફળ લીજેજી મ૦; સંવત્સર યુગ (૪)ષટ(૬) માસેજી મ૦, તે તપ કીજે ઉલ્લાસેજી મ૦ ॥ ૬ ॥ એ તો મયણું ને શ્રીપાળજી મ૦ તપ કીધો થઈ ઉજમાળજી મ૦; તેનો કોઢ શરીરનો ટાળ્યોજી મ૦, જગમાં જશવાદ પ્રગટાયોજી મ૦ ॥ ૭ ॥ પંચમ કાળે તુમે જાણોજી મ૦, પ્રગટ પરચો પરમાણોજી મ૦; એનું ગુણણું બે હજારજી મ૦, તમે ધરો હૃદય મોઝારજી મ૦ ॥ ૮ ॥ નર નારી એ પદને ધ્યાવેજી મ૦, તે તો સંપદ સઘળી પાવેજી મ૦; મુનિ રત્ન-સુંદર સુપસાયજી મ૦, સેવક મોહન ગુણ ગાયજી મનોહર મનગમતાં. ॥ ૯ ॥

શ્રી વર્ધમાનતપનું સ્તવન.

ઢાળ ૧ લી.

(જિમ જિમ એ ગિરિ ભેટીયે રે—એ દેશી.)

જિમ જિમ એ તપ કીજીએ રે, તિમ તિમ ભવ પરિપાક સલુણા; નિકટ ભવી જીવ જાણવો રે, ઇમ ગીતારથ સાખ સલુણા. જિમ૦ ॥ ૧ ॥ આંબિલ તપ વિધિ સાંભળો રે, વર્ધમાન ગુણ ખાણ સલુણા; પાપ મળ ક્ષય કારણે રે, કનક ફળ ઉપમાન. સ૦ જિ૦ ॥ ૨ ॥ શુભ મુહૂર્ત શુભ યોગમાં રે, સદ્‌ગુરૂ નાંદી યોગ સ૦; આંબિલ તપ પદ ઉચ્ચરી રે, આરાધો અનુયોગ સ૦ જિ૦ ॥ ૩ ॥

ગુરૂમુખ આંબિલ ઉચ્ચરી રે, પુજી પ્રતિમા સાર સ૦; નવપદની પુજા ભણી રે, માગે પદ અણાહાર સ૦ જિ૦ ॥ ૪ ॥ ષટ રસ ભોજન ત્યાગવા રે, ભૂમિસંથારો પ્રાય સ૦; બ્રહ્મચર્યાદિ પાળવા રે, આરંભ જયણા થાય સ૦ જિ૦ ॥ ૫ ॥ તપ પદની આરાધના રે, કાઉસ્સગ્ગ લોગસ્સ બાર સ૦; ખમાસમણ બાર આપવા રે, ગુણણું હોય હજાર સ૦ જિ૦ ॥ ૬ ॥ અથવા સિદ્ધ પદ આશ્રયી રે, કાઉસ્સગ્ગ લોગસ્સ આઠ સ૦; ખમાસમણા આઠ જાણવાં રે, નમો સિદ્ધાણ પાઠ સ૦ જિ૦ ॥ ૭ ॥ બીજે દીન ઉપવાસમાંરે, પૌષધાદિ વ્રત યુક્ત સ૦; પડિક્કમણાદિક ક્રિયા કરીરે, ભાવના પરિમલ યુક્ત સ૦ જિ૦ ॥ ૮ ॥ ઇમ આરાધો ભાવથી રે, વિધિપૂર્વક ધરી પ્રેમ સ૦; ભાવો ધ્યાવો ભવિજના રે, ધર્મરત્ન પદ એમ સ૦ જિ૦ ॥ ૯ ॥

ઢાળ ૨ જી.

(નવપદ ધરજો ધ્યાન ભવિક જન—એ રાગ)

તપ પદ ધરજો ધ્યાન ભવિક તમે, તપ પદ ધરજો ધ્યાન, નામે શ્રી વર્ધમાન ભવિક૦, દિન દિન ચઢતે વાન ભવિ૦, તપ પદ ધરજો ધ્યાન. પ્રથમ ઓળી એમ પાળીને રે, બીજીએ આંબિલ હોય ભ૦; ત્રીજીએ ત્રણ ચોથી ચાર છે રે, ઉપવાસાંતર હોય ભ૦ ॥ ૧ ॥ એમ સો આંબિલ વ્રતની રે, સોમી ઓળી થાય ભ૦; શકિત અભાવે આંતરે રે, વિશ્રામે પહોંચાય ભ૦ ॥ ૨ ॥ ચૌદ વર્ષ ત્રણ માસની રે, ઉપર સાંઝ્યા દિન વીશ ભ૦; કાળ માન એ જાણવું રે, કહે વીર જગદીશ ભ૦ ॥ ૩ ॥ અંતગડ અંગે વર્ણવ્યું

રે, આચારદિનકર લેખ ભ૦; ગ્રંથાંતરથી જાણવો રે, એ તપનો ઉલ્લેખ ભ૦ ॥ ૪ ॥ પાંચ હજાર પચાસ છે રે, આંબિલ સંખ્યા સર્વ ભ૦; સંખ્યા સો ઉપવાસનીરે, તપમાં ન કરો ગર્વ ભ૦ ॥ ૫ ॥ મહાસેન કૃષ્ણા સાધવી રે, વર્ધમાન તપ કીધ ભ૦; અંતગડ કેવળ પામીને રે, અજરામર પદ લીધ ભ૦ ॥ ૬ ॥ શ્રીચંદ કેવળી એ તપ સેવીને રે, પામ્યા પદ નિર્વાણ ભ૦; ધર્મરત્ન પદ પામવા રે, એ ઉત્તમ અનુષ્ઠાન ભ૦ ॥ ૭ ॥

ઢાળ ૩ જી.

(નરભવ નગર સોહામણું, વણઝારારે—એ રાગ.)

જિનધર્મ નંદન વન ભલો રાજહંસારે, તપ સુરતરૂ ઉપમાન અહો રાજહંસારે; શીતળ છાયા સેવીને રા૦ પ્રાણી તું થા સાવધાન અહો રાજ૦ ॥ ૧ ॥ અમૃત ફળ આસ્વાદીને રા૦ કાઢ અનાદિની ભૂખ અહો રા૦ ભવ પરિભ્રમણા ભગ્ન તું, રા૦ અવસર પામી ન ચુક. અહો૦ રા૦ ॥ ૨ ॥ શત શાખાથી શોભતો, રા૦ પાંચ હજાર પચાસ; અહો રા૦ આંબિલ ફુલે અલંકાર્યો, રા૦ અક્ષયપદ ફળ તાસ. અહો રા૦ ॥ ૩ ॥ વિમલેશ્વર સુર સાંનિધ્યે, રા૦ તું નિર્ભય થયો આજ; અહો રા૦ કૃતકૃત્ય થઇ માગ તું, રા૦ અકળ સ્વરૂપી રાજ. અહો રા૦ ॥ ૪ ॥ વિગ્રહ ગતિ વોસિરાવીને, રા૦ લોકાગ્રે કર વાસ; અહો રા૦ ધન્ય તું કૃતપુણ્ય તું, રા૦ સિદ્ધ સ્વરૂપ પ્રકાશ. અહો રા૦ ॥ ૫ ॥ તપ ચિંતવણી કાઉસ્સગે, રા૦ વીર તપોધન ધ્યાવ; અહો રા૦ મહાસેન કૃષ્ણા સાધવી,

રા૦ શ્રીચંદ ભવજળ નાવ. અહો રા૦ ॥ ૬ ॥ સૂરિ શ્રી જગચંદ્રજી, રા૦ હીરવિજય ગુરૂ હીર; અહો રા૦ મલ્લવાદી પ્રભુ કુરગડુ, રા૦ આર્ય સુહસ્તી વીર. અહો રા૦ ॥ ૭ ॥ પારંગત તપ જલધિના, રા૦ જે જે થયા અણુગાર; અહો રા૦ જીત્યા જીહ્વા સ્વાદને, રા૦ ધન્ય ધન્ય તસ અવતાર. અહો રા૦ ॥ ૮ ॥ એક આંબિલે ટુટશે, રા૦ એક હજાર ક્રોડ વર્ષ; અહો રા૦ દસ હજાર ક્રોડ વર્ષનું, રા૦ ઉપવાસે નરક આયુષ્ય. અહો રા૦ ॥ ૯ ॥ તપ સુદર્શન ચક્રથી, રા૦ કરો કર્મનો નાશ; અહો રા૦ ધર્મરત્ન પદ પામવા રા૦ આદરો તપ અભ્યાસ. અહો રા૦ ॥ ૧૦ ॥ ઇતિ૦ ॥

કળશ.

તપ આરાધન ધર્મ સાધન વર્ધમાન તપ પરગડો, મન કામના સહુ પુરવાને સર્વ થાયે સુરઘડો; અતિ દાનથી શુભ ધ્યાનથી ભવિ જીવ એ તપસ્યા કરો, શ્રી વિજયધર્મ સૂરિશ સેવક રત્નવિજય કહે શિવ વરો. ૧

શ્રી વિશસ્થાનકનું સ્તવન.

હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસળે, વીશરે તપ સ્થાનક મહિમા ગાઈશું રે લોલ; હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીશળે, બીજેરે સિદ્ધ સ્થાનક પંદર ભાવશું રે લોલ. ॥ ૧ ॥ હાંરે મારે ત્રીજે પવયણ શું ગણો લોગસ્સ સાતળે, ચઉથેરે આયરિયાણું છત્રીશનો સહીરે લોલ; હાંરે થેરાણું પદ પંચમે દશ લો-

ગસ્સ ઉદ્દાર જો, છઠ્ઠે રે ઉવજ્ઝાયાણું પચવીશનો સહી રે, લોલ. ॥ ૨ ॥ હાંરે સાતમે નમો લોએ સવ્વસાહૂ સત્તા-વીશ જો, આઠમે નમો નાણસ્સ પંચ લોગસ્સ ભાવશું રે લોલ; હાંરે નવમે દરિસણ સડસઠ મનને ઉદ્દાર જો, દ-શમે નમો વિણયસ્સ દશ વખાણીએરે લોલ. ॥ ૩ ॥ હાંરે અગ્યારમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સત્તર જો, બારમે નમો બંભસ્સ નવ ગણો સહી રે લોલ; હાંરે કિરિયાણું પદ તે-રમે વળી ગણો પચવીશ જો; ચૌદમે નમો તવસ્સ બાર ગણો સહી રે લોલ ॥ ૪ ॥ હાંરે પંદરમેં નમો ગોયમસ્સ અઠ્ઠા-વીશ જો, નમો જિણાણું, ચઉવીશ ગણશું સોળમે રે લોલ; હાંરે સત્તરમે નમો ચારિત્ત લોગસ્સ શીત્તેર જો, નાણસ્સ પદ ગણશું એકાવન અઢારમે રે લોલ. ॥ ૫ ॥ હાંરે ઓગ-ણીશમે નમો સુઅસ્સ વીશ પીસ્તાળીશ જો, વીશમે નમો તિત્થસ્સ વીશ લોગસ્સ ભાવશું રે લોલ; હાંરે એ તપનો મહિમા ચારસે ઉપવાસે કરી જો, ષટ માસે એક ઓળી પૂરી કીજીએ રે લોલ. ॥ ૬ ॥ હાંરે એ તપ કરતાં વળી ગણીએ દોય હજાર જો, નવકારવાળી વીષે સ્થાનક ભાવશું રે લોલ; હાંરે પ્રભાવના સંઘ સ્વામીવત્સલ સાર જો, ઉજ-મણાં વિધિ કીજીએ વિજય લીજીએ રે લોલ. ॥ ૭ ॥ હાંરે એ તપનો મહિમા કહ્યો શ્રી વીર જિનરાય જો, વિસ્તારે ઇમ સંબંધ ગોયમસ્વામીને રે લોલ; હાંરે એ તપ કરતાં વળી તીર્થંકર પદ હોય જો, દેવગુરૂ એમ કાંતિ સ્તવન સોહામણો રે લોલ. ॥ ૮ ॥

શ્રી વીશસ્થાનક તપ પૂજાના દુહા.

શ્રી અરિહંત પદ પૂજા.

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો જિનભાણ. ૧

શ્રી સિદ્ધ પદ પૂજા.

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મ મળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. ૨

શ્રી પ્રવચન પદ પૂજા.

ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ,
ત્રિભુવન જીવને સુખકરી, જય જય પ્રવચન દૃષ્ટિ. ૩

શ્રી આચાર્ય પદ પૂજા.

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતાં, નમો નમો તેહ સૂરીંદ ૪

શ્રી સ્થવિર પદ પૂજા.

તજી પર પરિણતિ રમણતા, લહે નિજ ભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભવિ લોકને, જય જય સ્થવિર અનૂપ, ૫

શ્રી ઉપાધ્યાય પદ પૂજા.

બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૬

શ્રી સાધુ પદ પૂજા.

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. ૭

શ્રી જ્ઞાન પદ પૂજા.

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૮

શ્રી સમ્યગદર્શન પદ પૂજા.

લોકાલોકના ભાવ જે, કેવળી ભાષિત જેહ;
સત્ય કરી અવરાધતો, નમો નમો દર્શન તેહ. ૯

શ્રી વિનય પદ પૂજા..

શૌચમૂલથી મહાગુણી, સર્વ ધર્મનો સાર;
ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર. ૧૦

શ્રી ચારિત્ર પદ પૂજા.

રત્નત્રય વિણ સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવરયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૧૧

શ્રી બ્રહ્મચર્ય પદ પૂજા.

જિન પ્રતિમા જિન મંદિરા, કંચનના કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયળ સુદેહ. ૧૨

શ્રી ક્રિયા પદ પૂજા.

આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાળક ચાલ;
તત્ત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાલ. ૧૩

શ્રી તપ પદ પૂજા.

કર્મ તપાવે ચીકણાં, ભાવમંગળ તપ જાણ;
પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ. ૧૪

શ્રી ગૌતમ પદ પૂજા.

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;
એ સમ શુભ પાત્ર કો નહિં, નમો નમો ગોયમસ્વામ. ૧૫

શ્રી જિન પદ પૂજા.

દોષ અઢારે ક્ષય ગયા, ઉપના ગુણ જસ અંગ;
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ ૧૬

શ્રી સંયમ પદ પૂજા.

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઇંદ્રિય આશંસ;
સ્થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ. ૧૭

શ્રી અભિનવ જ્ઞાન પદ પૂજા.

જ્ઞાન વૃક્ષ સેવા ભવિક, ચારિત્ર સમકિત મૂલ;
અજર અગમ પદ ફળ લહો, જિનવર પદવી પુલ. ૧૮

શ્રી શ્રુત પદ પૂજા.

વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખ લીન. ૧૯

શ્રી તીર્થ પદ પૂજા.

તીરથ યાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ જહાજ. ૨૦

શ્રી અષ્ટાપદનું સ્તવન.

મનડું અષ્ટાપદ મોહ્યું માહરૂંજી, નામ જપું નિશદિશજી; ચઉ અઠ દસ દોય વંદીએજી, ચઉ દિશિ જિન ચોવીશજી. મનડું૦ ।। ૧ ।। એક એક જોજન આતરૂંજી, પાવડીઆં છે આઠજી; આઠ જોજન ઉંચુ દેહરૂંજી, દુઃખ દોહગ જાય નાઠજી. મ૦ ।। ૨ ।। ભરતે ભરાવ્યાં રૂડાં દેહરાંજી, શોભે હીરાનાં તિહાં થુભજી; આપે જો મુહુરત સેવનાજી, જાણી જુઓ જઈ ઉપજી. મ૦ ।। ૩ ।। ગૌતમસ્વામી તિહાં ચડયાજી, આણી ભગીરથે ગંગજી; ગોત્ર તીર્થંકર તિહાં બાંધીયુંજી, રાવણે કરી નાટારંભજી. મ૦ ।। ૪ ।। દૈવે ન દીધી મુજને પાંખડીજી, કિમ કરી આવું હજુરજી; સમયસુંદર કહે વંદણાજી, પ્રહ ઉગમતે સૂરજી.।।પા।

શ્રી સિદ્ધાચળનું સ્તવન.

સુખના હો સિંધુરે સખી મારે ઉલટયારે, દુઃખના તે દરીઆ નાઠા જાયે દુર; પુણ્યતણા અંકુરા હોજી માહરે પ્રગટીયારે, મેં તો ભેટયો શત્રુંજય ગિરિરાય. સુખના૦ ।। ૧ ।। પૂર્વ નવાણું વાર સમોસર્યારે, ધન્ય ધન્ય રાયણ કેરૂંરે રૂખ; પ્રેમે પૂજે પગલા પ્રભૂજી તણુંરે, ભવોભવ કેરાંરે જાય દુઃખ. સુખના૦ ।। ૨ ।। નયણે-નીરખ્યો નાભિ નરેંદ્રનોરે, નંદ તે કરૂણારસનો કંદ; આંખલડી તે જોઈરે કમળની પાંખડીરે, મુખડું તે જોયું પુનમ કેરો ચંદ. સુખના૦ ।। ૩ ।। સુર નર મુનિવર મોટા રાજવીરે, વળી વિદ્યાધર કેરોરે વૃંદ; ભવોભવ કેરારે તાપ

શમાવવારે, મુખડું તે જાણે શરદ કેરોરે ચંદ. સુખના૦ ॥ ૪ ॥ ધન્ય ધન્ય રાજારે શ્રી ઋષભ જિનેશ્વરૂરે, ધન્ય ધન્ય શત્રુંજય ગિરિરાય; રૂપની કીર્તિરે ચરણ પસાઉલેરે, ઇમ સાધુ માણેક ગુણ ગાય. સુખના૦ ॥ ૫ ॥

શ્રી ઋષભદેવજિન સ્તવન.

આજ તો વધાઈ રાજા, નાભિ કે દરબારરે; મરૂદેવાએ બેટો જાયો, ઋષભ કુમારરે. આ૦ ॥ ૧ ॥ અયોધ્યામાં ઓચ્છવ હોવે, મુખ બોલે જયકારરે; ધનનન ધનનન ઘંટા વાજે, દેવ કરે થેઇકારરે. આ૦ ॥ ૨ ॥ ઇંદ્રાણી મળી મંગળ ગાવે, લાવે મોતી માળરે; ચંદન ચર્ચી પાયે લાગે, પ્રભુ જીવો ચિરકાળરે. આ૦ ॥ ૩ ॥ નાભિ રાજા દાનજ દેવે, વરસે અખંડ ધારરે; ગામ નગર પુર પાટણ દેવે, દેવે મણિ ભંડારરે. આ૦ ॥ ૪ ॥ હાથી દેવે સાથી દેવે, દેવે રથ તોખારરે; હીર ચીર પીતાંબર દેવે, દેવે સવી શણગારરે. આ૦ ॥ ૫ ॥ તિન લોકમેં દિનકર પ્રગટયો, ઘર ઘર મંગળ માળરે; કેવલ કમલારૂપ નિરંજન, આદીશ્વર દયાળરે. આ૦ ॥ ૬ ॥

શ્રી ઋષભદેવસ્વામીનું પારણું.

શ્રી જિન વનમાં જઇ તપ કરે, કર્યા માસ છ માસ; તપતાં તપતાં પુરમહીં, આવ્યા વહોરવા કાજ; પ્રથમ જિનેશ્વર પારણે ॥ ૧ ॥ વિનીતા નગરી રળીયામણી, ફરતા શ્રી જિનરાજ; ગલીયે ગલીયેરે જો ફરે, વહોરાવે નહીં કોઈ આહાર. પ્રથમ૦ ॥ ૨ ॥ હાળી હાલેરૂં ફેરવે;

બળદ ધાન્યજ બાય; હાળી મારેરે મૂરખો, તે દેખે જિનરાય. પ્રથમ૦ ॥ ૩ ॥ શીંકલી સારીરે શોભતી, કરી આપે જિનરાજ; બળદને શીંકાં બંધાવીઆં, ઉદય આવ્યાં એ આજ. પ્રથમ૦ ॥ ૪ ॥ હાથી ઘોડા ને પાલખી, લાવી કરીરે હજુર; રથ શણુગાર્યા શોભતા; લ્યો લ્યો વળી કે વળી સૂર. પ્રથમ૦ ॥ ૫ ॥ થાળ ભર્યો સગ મોતીડે, ધુમર ગોતડી ગાય; વીરા વચને ઘણું કરે, તે લે નહીં લગાર. પ્ર૦ ॥ ૬ ॥ વિનીતા નગરીમાં વેગશું, ફરતા શ્રી જિનરાય; શેરીયે શેરીયેરે જે ફરે, આપે નહીં કોઈ આહાર. પ્રથમ૦ ॥ ૭ ॥ હરિશ્ચંદ્ર સરખોરે રાજીયો, સુ તારા સતી નાર; માથે લીધોરે મોરીયો, નીચ ઘેર પાણીડાં જાય. પ્રથમ૦ ॥ ૮ ॥ સીતા સરખીરે મહા સતી, રામ લક્ષ્મણ દોય જુદ્ધ; કર્મે કીધારે ભમંતડાં, બાર વરસ વન દુર. પ્રથમ૦ ॥ ૯ ॥ કર્મ તો કેવળીને નડયાં, મૂકયા લોહીજ થામ; કર્મથી ન્યારારે જે હુવા, પહોંચ્યા શિવપુર ઠામ. પ્રથમ૦ ॥ ૧૦ ॥ કર્મે સુધાકર સૂરને, ભમતા કર્યા દીનરાત; કર્મે કરણી જેવી કરી, ઝંપે નહીં તિલ માત્ર. પ્રથમ૦ ॥ ૧૧ ॥ વિનીતા નગરી રળીયામણી, માંહી છે વર્ણ અઢાર; લોક કોલાહલ ઘણો કરે, કંઈ ન લે મહારાજ. પ્રથમ૦ ॥ ૧૨ ॥ પ્રભુજી તિહાં ફરતા થકા, માસ ગયા દશ દોય; ત્યાં કને અંતરાય તુટશે, પામશે આહારજ સોય. પ્રથમ૦ ॥ ૧૩ ॥ શ્રી શ્રેયાંસ નરેશરૂ, બેઠા ચોબારા બહાર; પ્રભુજી ફરતારે નિરખીયા, વહોરાવે નહીં કોઇ આહાર. પ્રથમ૦ ૧૪ ॥ શ્રી શ્રેયાંસ નરેશરૂ, મોક-

લ્યા સેવક સાર; પ્રભુજી પધારો પ્રેમશુ, છે સૂઝતો આહાર. પ્રથમ૦ ।। ૧૫ ।। સો દશ ઘડા ત્યાં લાવીયા, શેરડી રસનોરે આહાર; પ્રભુજીને વહોરાવે પ્રેમશુ, વહોરાવે ઉત્તમ ભાવ. પ્રથમ૦ ।। ૧૬ ।। કરપાત્ર તિહાં માંડીયા, શગજ ચઢી અઘ નાશ; છાંટો એક ન ભૂમિ પડે, ચોત્રીશ અતિશય સાર. પ્રથમ૦ ।। ૧૭ ।। પ્રથમ પારણું તિહાં કર્યું, દેવ બોલ્યા જેજેકાર; ત્યાં કને વૃષ્ટિ સોના તણી, ક્રોડ સાડાબાર. પ્રથમ૦ ।। ૧૮ ।। શ્રી શ્રેયાંસ નરેશરૂ, લેશે મુક્તિનો ભાર; જ્યોતમેં જોતી ઝળમળે, ફરી એ નાવે સંસાર. પ્રથમ૦ ।। ૧૯ ।। સંવત અઢારક શોભતું, વર્ષ એકાણું જાણ, સાગરચંદ કહે શોભતું, પારણું કીધું પ્રમાણ. પ્રથમ૦ ।। ૨૦ ।। જે એ શીખે જે સાંભળે, તેને અભિમાન ન હોય; તે ઘર અવિચળ વધામણાં, લેશે શિવપુર સોય. પ્રથમ૦ ।। ૨૧ ।।

શ્રી વિમલનાથ પ્રભનું સ્તવન.

જીહો વિમળ જીનેશ્વર સુંદરૂ, લાલા વિમળ વચન તુજ દીઠ; જીહો વિમળ થયો મુજ આતમા. લાલા તેણે તું અંતર પઇઠ; જિનેશ્વર તું મુજ પ્રાણ આધાર, લાલા સકલ જંતુ હિતકાર; જિનેશ્વર૦ ।। ૧ ।। જીહો વિમળ રમે વિમળે સ્થળે, લાલા સમલે સમલ રમેય; જીરે માન સરે રમે હંસલો, લાલા વાયસ ખાઈ જલેય. જિ૦ સ૦ ।। ૨ ।। જીહો તેમ મિથ્યાત્વી ચિત્તમાં, લાલા કેમ હોય તુજ આભાસ; જીહો તિહાં કુદેવ રંગે રમે, લાલા સમકિતી ચિત્ત તુજ વાસ. જી૦ સ૦ ।। ૩ ।। જીહો હીરો

કુંદનસ્યું જડ્યો, લાલા દૂધ ને સાકર જોગ; જીહો ઉલટે જોગે વસ્તુનો, લાલા ન હોયે ગુણ આભોગ. જી૦ સ૦ ॥ ૪ ॥ જીહો વિમળ પુરૂષ રહેવા તણું, લાલા સ્થાનક વિમળ કરેય; જીહો ગૃહપતિને તિહાં શી ત્રપા, લાલા ભાટક ઉચિત ગ્રહેય. જિ૦ સ૦ ॥ ૫ ॥ જીહો તેમ તેં મુજ મન નિર્મળું, લાલા કીધું કરતેરે વાસ; જીહો પુષ્ટિ શુદ્ધિ ભાટક ગ્રહી, લાલા હું સુખીઓ થયો ખાસ. જિ૦ સ૦ ॥ ૬ ॥ જીહો વિમળે વિમળ મળી રહ્યા, લાલા ભેદ ભાવ રહ્યો નાંહિ; જીહો માનવિજય ઉપાધ્યાયને, લાલા અનુભવ સુખ થયો ત્યાંહિ. જિ૦ સ૦ ॥ ૭ ॥

શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

ઈમ કરીએરે નેડો ઇમ કરીએરે, સુગુણાશું નેડો ઈમ કરીએ; ચિત્ત અટકયું પ્રભુની આકરીએ, ભવસાગર સુખથી તરીએરે. જિનજીશું નેડો ઇમ કરીએ. ॥ ૧ ॥ એકને મૂકી બેને ખંડી, ત્રણનો સંગ તે પરિહરિએ; સુ૦ ચાર જણા શિર ચોટ કરીને, પાંચની સેવા અનુસરીએ. સુગુણા૦ ॥ ૨ ॥ છ સત્ત અઠ નવ દશને છંડી, એકા-દશ દિલમાં ધરીએરે; સુગુણા૦ બારનો આદર કરી અ-હોનીશ, તેરથી મનમાં ઘણું ડરીએરે. સુ૦ ॥ ૩ ॥ પાંચ આઠ નવ દશ તેરને, બાંધી નાંખીએ ભરદરીએરે; સુ૦ સત્તાવીશનો સંગ કરીને, પચીશની પ્રીતે ઠરીએરે. સુ૦ ॥ ૪ ॥ બત્રીશ તેત્રીશ ચોરાશી ઓગણીશ, ટાળી ચારથી નવિ ફરીએરે; સુ૦ સુડતાલીશથી દૂરે રહીએ, એકાવન

મનમાં ભરીએરે. સુ૦ ।। ૫ ।। વીશને સેવી આવીશ આંધી, ત્રેવીશથી નિશદિન લહીએરે; સુ૦ ધર્મ પ્રભુશું સ્નેહ કરતાં, અમૃત સુખ રંગે વરીએરે. સુ૦ ।। ૬ ।।

શ્રી શાંતિનાથ જિન સ્તવન.

શાંતિ જિન એક મુજ વિનતિજી, સાંભળો જગત આધાર; સાહિબ હું બહુ ભવ ભમ્યોજી, સેવતાં પાપ અઢાર. શાંતિ૦ ।। ૧ ।। પ્રથમ હિંસા માંહી રાચીયોજી, નાચીયો બોલી મૃષાવાદ; માચીયો લેઈ ધન પારકુંજી, હારીયો નિજ ગુણ સ્વાદ. શાંતિ૦ ।। ૨ ।। દેવતા માનવ તિર્યંચ તણાજી, મૈથુન સેવ્યાં ઘણી વાર; નવ વિધ પરિગ્રહ મેળીયોજી, ક્રોધ કીધોરે અપાર. શાંતિ૦ ।। ૩ ।। માન માયા લોભવશ પડયોજી, રાગ ને દ્વેષ પરિણામ; કલહ અભ્યાખ્યાન તિમ સહીજી, પૈશુન્ય દુરિતનું ઠામ. શાંતિ૦ ।। ૪ ।। રતિ અરતિ નિંદા મેં કરીજી, જેહથી હોય નરકવાસ; કપટ સહિત જુહું ભાખીયુંજી, વાસીયું ચિત્ત મિથ્યાત્વ. શાંતિ૦ ।। ૫ ।। પાતક સ્થાનક એ કહ્યાજી, તિમ પ્રભુ આગમ માંહી; તેહ અશુદ્ધ પરિણામથીજી, રાખીએ ગ્રહી મુજ બાંહી. ।। શાંતિ૦ ।। ૬ ।। તું પરમાત્મા જગગુરૂજી, હિતકર જગ સુખદાય! હંસવિજય કવિરાજનોજી મોહનવિજય ગુણ ગાય. શાંતિ૦ ।। ૭ ।।

શ્રી કુંથુનાથજીનું સ્તવન.

કુંથુ જિનેશ્વર જાણજોરે લાલ, મુજ મનનો અભિપ્રાયરે જિનેશ્વર; તુજ આતમ અલવેશ્વરૂરે લાલ, રખે

તુજ વિરહો થાયરે; જિ૦ તુજ વિરહો કેમ વેઠીએરે લાલ, તુજ વિરહો દુઃખદાયરે; જિ૦ તુજ વિરહો ન ખમાયરે લાલ, ક્ષણ વરસાં સો થાયરે, જિ૦ વિરહો મોટી બલાયરે જિનેશ્વર, કું૦ ॥ ૧ ॥ તાહરી પાસે આવવું રે લાલ, પહેલાં નાવે તું દાયરે, જિ૦ આવ્યા પછી તો જાયવું રે લાલ, તુજ ગુણવશ ન સોહાય રે જિ૦ કું૦ ॥ ૨ ॥ ન મળ્યાનો ધોખો નહીં રે લાલ, જસ ગુણનું નહીં નાણ રે જિ૦ મળીઆ ગુણ કળીઆ પછી રે લાલ, વિછડત જાયે પ્રાણ રે જિ૦ કું૦ ॥ ૩ ॥ જાતિ અંધને દુઃખ નહીં રે લાલ, ન લહ્યો નયનનો સ્વાદ રે જિ૦; નયન સ્વાદ લહી કરી રે લાલ, હાર્યાને વિખવાદ રે જિ૦ કું૦ ॥ ૪ ॥ બીજે પણ કિહાં નવિ ગમે રે લાલ, તુજ વિરહો ન સોહાય રે જિ૦; માલતી કુસુમે મોહીઓ રે લાલ, મધુપ [1]કરી રે ન જાય રે જિ૦ કું૦ ॥ ૫ ॥ વનદવ દાઝયાં રૂખડાં રે લાલ, પલવે વળી વરસાદ રે જિ૦; તુજ વિરહાનળના બલ્યો રે લાલ, કાળ અનંત ગમાય રે જિ૦ કું૦ ॥ ૬ ॥ ટાઢક રહે તુજ સંગમાં રે લાલ, આકુળતા મિટી જાય રે જિ૦; તુજ સંગે સુખીઓ સદા રે લાલ, માનવિજય ઉવઝાય રે જિ૦ કું૦ ॥ ૭ ॥

શ્રી નેમનાથજીનું સ્તવન.

ના કરીએ રે નેડો[2] ના કરીએ, નિગુણા શું રે નેડો ના કરીએ; અમે રોઈ રોઈ આંખડીમાં નીર ભરીએ રે,

---

૧ ભમરો કેરડે ન જાય. ૨ સ્નેહ.

નિગુણા૦ પ્રેમ નિરવહી વ્હાલા પ્રેમી જનનો, અવિચાયું નવિ ડગ ભરીએજી. નિ૦ ॥ ૧ ॥ જાદવ જાન સજીને યદુપતિ, તોરણ આવીને કેમ ફરીએજી. નિ૦ ॥ ૨ ॥ સંજમ નારી વાલે કીધી પ્યારી, રાજુલ મૂકી ભરદરીએજી. નિ૦ ॥ ૩ ॥ અમ અબળાની સહામું નીરખો, વિરહ જલધિથી કેમ તરીએજી. નિ૦ ॥ ૪ ॥ જોવન વય કેમ કરી નિરગમીએ, લોક લાજથી ઘણું ડરીએજી. નિ૦ ॥ ૫ ॥ દિલ રંજન પ્રભુ દિલમાં ધરીએ, નિશદિન અવટાઇ મરીએજી. નિ૦ ॥ ૬ ॥ ચતુર થઇ અવસર શું ચૂકો, અમૃત સુખ રંગે વરીએજી, નિ૦ ॥ ૭ ॥

શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન.

રાજુલ ઉભી માળીએ રે, જંપે જોડી હાથ; સાહિબ શામળીઆ. ॥ ૧ ॥ મુખ મટકાળું તાહરૂં રે, આણીઆળાં લોચન સા૦; મોહનગારી મૂરતિ રે, મોહ્યું મારૂં મન. સા૦ ॥ ૨ ॥ વહાલા કિમ રહ્યા વેગળા રે, તોરણ ઉભા આય સા; પૂર્વ પુણ્યે મેં લહ્યો રે, એહવો આજ બનાવ. સા૦ ॥ ૩ ॥ એહવે સહુ પશુએ મળી રે, કીધો સબળો શોર સા૦; છોડાવી પાછા વળ્યા રે, રાજુલ ચિત્તડું ચોર. સા૦ ॥ ૪ ॥ સહેસાવન માંહે જઇ રે, સહસ્ત્ર પુરૂષ સંઘાત સા૦, સર્વ વિરતિ નારી વરી રે, આપણુ સરખી જાત. સા૦ ॥ ૫ ॥ પંચાવનમે દહાડલે રે, પામ્યા કેવળ નાણ સા૦; લોકાલોક પ્રકાશતું રે, જાણે ઉગ્યો ભાણ. સા૦ ॥ ૬ ॥ રાજુલ આવી રંગશું રે, લાગી પ્રભુને પાય

સા૦; મુજને મૂકી એકલી રે, કેમ શિવમંદિર જાય. સા૦ ॥ ૭ ॥ વીતરાગ ભાવે વર્યા રે, સંજમ લે જિન હાથ સા૦; શિવમંદિર ભેળાં થયાં રે, અવિચળ બેહુનો સાથ. સા૦ ॥ ૮ ॥ વાચક રામવિજય કહે રે, સુણ સ્વામી અરદાસ સા૦; રાજુલ જિમ તારી તુમે રે, તિમ તારો હું દાસ. સા૦ ॥ ૯ ॥

શ્રી નેમિનાથ સ્વામીનું સ્તવન.

(અંતરથી અમને આજ–એ દેશી.)

તોરણ આવી કંત, પાછા વળીઆ રે, મુજ ફરકે દાહિણ અંગ, તિણે અટકળીઆરે. ॥ ૧ ॥ કુણ જોષી જોયા જોષ, ચુગલ કુણ મીલીઆ રે; કુણ અવગુણ દીઠા આજ, જિણથી ટળીઆ રે. ॥ ૨ ॥ જાઓ રે જાઓ રે સહીઓ દૂર, શ્યામને છેડો રે; પાતળીઓ શ્યામળ વાન, વાલમ તેડો રે. ॥ ૩ ॥ જાદવ કુળ તિલક સમાન, એમ ન કીજે રે; એક હાસ્ય ને બીજી હાણિ, કેમ ખમીજે રે. ॥ ૪ ॥ ઈહાં વાયે ઝાઝ સમીર, વીજળી ઝબકે રે; બપૈયો પિયુ પોકાર, હઈડું ચમકે રે. ॥ ૫ ॥ ડરપાવે [૧]દાદુર શોર, નદીઓ [૨]માતી રે; ઘન [૩]ગજ્જરવ ઘોર, ફાટે છાતી રે. ॥ ૬ ॥ હરિતાંશુક [૪]પહેર્યા તાંહિ. નવરસ રંગે રે; બાવલીયા નવરસ હાર, પ્રીતમ સંગે રે. ॥ ૭ ॥ મેં પૂર્વે કીધાં પાપ, તાપે દાધી રે; પડે આંસુધાર વિષાદ, વેલડી

૧ દેડકાંઓના શબ્દ. ૨ મદોન્મત્ત. ૩ મેઘ. ૪ લીલી વનસ્પતિ–હરિયાળીરૂપ વસ્ત્ર.

વાધી રે. ॥ ૮ ॥ મુને ચડાવી મેરૂ શિષ, પાડી હેઠી રે; કેમ સહેવાયે મહારાજ, વિરહ અંગીઠી રે. ॥ ૯ ॥ મુને પરણી પ્રાણ આધાર, સંયમ લેજો રે; હું પતિવ્રતા છું સ્વામી, સાથે વહેજો રે. ॥ ૧૦ ॥ એમ આઠ ભવની પ્રીત, પીયુડા વળશે રે; મુજ મનના મનોરથ નાથ, પૂરણ ફળશે રે. ॥ ૧૧ ॥ પછે ચાર મહાવ્રત સાર, ચુંદડી દીધી રે; રંગીલી રાજુલ નાર, પ્રેમે લીધી રે. ॥ ૧૨ ॥ મૈત્ર્યાદિક ભાવના ચાર, ચોરી બાંધી રે; દહી ધ્યાનાનળ સળગાય, કર્મ ઉપાધિ રે. ॥ ૧૩ ॥ થયો રત્નત્રયી કંસાર, એકી ભાવે રે; આરોગે વર ને નાર, શુદ્ધ સ્વભાવે રે. ॥ ૧૪ ॥ તજી ચંચળતા ત્રિક યોગ, મળીયા રે; ક્ષમાવિજય જિન નેમ, અનુભવ ફળીયા રે. ॥ ૧૫ ॥

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

પ્રભુ વામા નંદ કુમાર નયને દીઠારે, આ અમૃતથી મહારાજ અતીશે મીઠારે; પૂરણ પુન્ય પસાય પ્રભુજી ભેટયારે, આ મિથ્યા મતના ફંદ સર્વે મેટયારે. ॥ ૧ ॥ ગીરૂઆ ગુણ ભંડાર કરૂણા કીજેરે, મૂકી મનની ભ્રાંત દર્શન દીજેરે; લટપટ નાવે દાય કહું કરજોડીરે, પસરી પૂરણ પ્રીત જાય નવિ છોડીરે. ॥ ૨ ॥ રાત દિવસ ભગવાન ચરણે રહીએરે, આપો વંછિત દાન ઘણું શું કહીએરે; ખોટ નથી મહારાજ ખજાના માંહ્યરે, દિલ ખોલીને દેવ દેતાં શું જાયરે. ॥ ૩ ॥ નિરાગી જગનાથ કેમ કહાવોરે, જગજીવન આધાર બિરૂદ ધરાવોરે; બાંહ ગ્રહ્યાની

લાજ કરૂણા કીજેરે, આસંગે અરદાસ નિવાહી લીજેરે. ॥ ૪ ॥ હું સેવક મહારાજ તુ પ્રભુ માહરોરે, નેહ ધરીને નાથ નજરે નિહાળોરે; એક અમર વિમાને જાય પ્રભુ તુમ નામેરે, પ્રભુ પતિત ઉદ્ધારણહાર હવે શિવ ઠામેરે. ॥ ૫ ॥ કરૂણાવંત ભગવાન ભવ્યને તારોરે, ભવદુઃખ ભંજણહાર પાર ઉતારોરે; સકલ દેવ શિરદાર મુગટને તોલેરે, પારસ જિન પસાય પદ્મ એમ બોલેરે. ॥ ૬ ॥

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન.

સુણો સખી શંખેશ્વર જઈએ, વિશ્વંભરને શરણે રહીએ; દુઃખ છંડીને સુખીયાં થઈએ, સુણો સખી શંખેશ્વર જઈએ. ॥ ૧ ॥ નમીએ દેવાધિદેવા, સાચે શુદ્ધે કરૂં સેવા; ચિત્ત વસે સાચું જ કહેવા. સુણો૦ ॥ ૨ ॥ આણી કષ્ટ થકી તો આરે, સેવક સાહિબ દિલ ધારે; ભરાવી ઢામોદર વારે. સુણો૦ ॥ ૩ ॥ પડિમા પાર્શ્વનાથ તણી, ગંગા જમના માંહે ઘણી; કાળ અસંખ્ય જિનેંદ્ર ભણી. સુણો૦ ॥ ૪ ॥ લવણોદધિ વ્યંતર નગરે, ભુવનપતિમાં એમ સઘળે; પૂજી ભાવ ઘણેરે અમરે. સુણો૦ ॥ ૫ ॥ ચંદ્ર સૂર્ય વિમાને, કલ્પે સૌધર્મ ઈશાને; અર્ચી બારમા ગીર્વાણે. સુણો૦ ॥ ૬ ॥ જાદવ લોક જરા વાસી, [1]રામ હરિ રહ્યા ઉદાસી; અઠ્ઠમ ધ્યાન ધરે આસી. સુણો૦ ॥૭॥ પદ્માવતી દેવી તુઠી, શંખેશ્વર પ્રતિમા દીધી; જાદવ લોકની જરા નીઠી. સુણો૦ ॥ ૮ ॥ પાર્શ્વ પ્રભુજીનો જશ

૧ બળદેવ.

વ્યાપે, શંખેશ્વર નગરી થાપે; સેવકને વંછિત આપે. સુણો૦ ।। ૯ ।। ગામ ગામે ઓચ્છવ થાવે, થોકે ગુણીજન ગુણ ગાવે; શંખેશ્વર નગરી પાવે. સુણો૦ ।। ૧૦ ।। તે પ્રભુ ભેટણને કામે, શા મૂળચંદ સુત શ્રી પામે; સંઘવી માણેકશા નામે. સુણો૦ ।। ૧૧ ।। વંશે વડા છે શ્રીમાળી, ઇચ્છાચંદ માણેક જોડ ભલી; ગુર્જર દેશનો સંઘ મળી. સુણો૦ ।। ૧૨ ।। અઢારસો સીતોતેર વરસે, માગશર વદ પડવા દિવસે; વિશ્વંભર ભેટયા છે ઉલસે. સુણો૦ ।। ૧૩ ।। સાહિબ મુખ દેખી હસતા શ્રી શુભવીર વિઘ્ન હરતા પ્રભુ નામે કમળા વરતા. સુણો૦ ।। ૧૪ ।।

શ્રી મહાવીરજિન સ્તવન.

વીર જિણંદ જગત ઉપગારી, મિથ્થા ધામ નિવારી જી; દેશના અમૃત ધારા વરસી, પર પરિણતિ સવિ વારી જી. વીર૦ ।। ૧ ।। પાંચમે આરે જેહનું શાસન, દોય હજાર ને ચાર જી; યુગપ્રધાન સૂરીશ્વર વહશે, સુવિહિત મુનિ આધાર જી. વીર૦ ।। ૨ ।। ઉત્તમ આચારજ મુનિ અજજા, શ્રાવક શ્રાવિકા અચ્છજી; લવણ જલધિ માંહિ મીઠો જળ, પીવે શૃંગી મચ્છજી. વીર૦ ।। ૩ ।। દશ અચ્છેરે દુષિત ભરતે, બહુ મત ભેદ કરાળજી; જિન કેવળ પૂર્વધર વિરહે, ફણી સમ પંચમ કાળ જી. વીર૦ ।। ૪ ।। તેહનો ઝેર નિવારણ મણિ સમ, તુજ આગમ તુજ બિંબ જી; નિશિદીપક પ્રવહણ જિમ દરીએ, ભરૂમાં સુરતરૂ લુંબજી. વીર૦ ।। ૫ ।। જૈનાગમ વકતા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી; કળિકાળે પણ પ્રભુ તુજ શાસન,

વર્તે છે અવિરોધજી. વીર૦ ॥ ૬ ॥ મારે તો સુસમાથી દુસમા, અવસર પુણ્ય નિધાન જી; ક્ષમાવિજય જિન વીર સમાગમ પામ્યો સિદ્ધિ નિદાન જી. વીર૦ ॥ ૭ ॥

શ્રી મહાવીરજિન સ્તવન.

(રાગ ધનાશ્રી—તે તરીઆ—એ દેશી.

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિશલા દેવીના જાયા રે; હરિલંછન કંચનમય કાયા, અમરવધુ હુલરાયા રે. વંદો૦ ॥ ૧ ॥ બાળપણે સુરગિરિ ડોલાયા, અહિ વૈતાલ હરાયા રે; ઇંદ્ર કહણ વ્યાકરણ નીપાયા, પંડિત વિસ્મય પાયા રે. વંદો૦ ॥ ૨ ॥ ત્રીશ વરસ ઘરવાસ રહાયા, સંયમશું લય લાયા, રે; બાર વરસ તપ કર્મ ખપાયા, કેવળ નાણ ઉપાયા રે. વંદો૦ ॥ ૩ ॥ ક્ષાયિક ઋદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સોહાયા રે; ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયા રે. વંદો૦ ॥ ૪ ॥ ત્રણ ભુવનમેં આણ મનાયા, દશ દોય[૧] છત્ર ધરાયા રે; રૂપ્ય કનક મણિ ગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામ ધરાયા રે. વંદો૦ ॥ ૫ ॥ રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુભિ નાદ વજાયા રે; દાનવ માનવ વાસવ આયા, ભક્તે શીર્ષ નમાયા રે. વંદો૦ ॥ ૬ ॥ પ્રભુ ગુણ ગણ ગંગાજલ નાહ્યા, પાવન તેહની કાયા રે; પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક જીન સુખદાયા રે. વંદો૦ ॥ ૭ ॥

શ્રી મહાવીરજિન સ્તવન.

વીરજી સુણો મોરી વિનતિ, કર જોડી હો કહું મનની વાત; બાળકની પરે વિનવું, મારા સ્વામી હો તમે ત્રિભુવન તાત. વી૦ ॥ ૧ ॥ તુમ દરિસણ વિણ હું ભમ્યો, ભવ માંહિ હો સ્વામી સમુદ્ર મઝાર; દુઃખ અનંતા મેં સહ્યાં, તે કહેતાં હો કિમ આવે પાર. વી૨૦ ॥ ૨ ॥ પર ઉપકારી તું પ્રભુ, દુઃખભંજક હો જગ દીનદયાળ; તેણે તોરે ચરણે હું આવીઓ, સ્વામી મુજને હો નિજ નયણે નિહાળ. વી૦ ॥ ૩ ॥ અપરાધી પણ ઉદ્ધર્યા, કહું કેતા હો તેરા અવદાત; સાર કરો હવે માહરી, મન આણો હો સ્વામી મોરી વાત. વી૦ ॥ ૪ ॥ શૂલપાણી પ્રતિબુઝવ્યો, જેણે કીધો હો તુજને ઉપસર્ગ; ડંખ દીધો ચંડકોશીએ, તેને દીધો હો તમે આઠમો સ્વર્ગ. વી૦ ॥ ૫ ॥ ગોશાળો ગુનહી[1] ઘણો, જેણે બોલ્યા હો તારા અવર્ણવાદ; તે બળતો તેં રાખીઓ, શીતલેશ્યા હો મૂકી સુપ્રસાદ. વી૦ ॥ ૬ ॥ એ કુણ છે ઇંદ્રજાળીઓ, ઇમ કહેતો હો આવ્યો તુમ તીર; તે ગૌતમને તુમે કીઓ, પોતાનો હો પ્રભુ મુખ્ય વજીર. વી૦ ॥ ૭ ॥ વચન ઉથાપ્યા તાહરા, જે ઝગડયા હો તુમ સાથે જમાલિ;[2] તેહને પણ પનરે ભવે, શિવગામી હો તેં કીધો કૃપાળ. વી૦ ॥ ૮ ॥ અયમત્તા ઋષિ જે રમ્યા, જળમાંહી હો બાંધી માટીની પાળ; તરતી મૂકી કાચલી, તેં તાર્યા હો તેહને તત્કાળ. વી૦

---

૧ ગુન્હેગાર. ૨ પ્રભુનો જમાઈ જમાલિ નિહ્નવ.

॥ ૯ ॥ મેઘકુમાર ઋષિ બૂષ૦યો,[૧] ચિત્ત ચૂકયો હો ચા-
રિત્રથી અપાર; એકાવતારી તેહને, તેં કીધો હો કરૂણા
ભંડાર. વી૦ ॥ ૧૦ ॥ રાય શ્રેણિક રાણી ચેલણા, રૂપ
દેખી હો ચિત્ત ચૂકયા જેહ; સમવસરણ સાધુ સાધવી,
તેં કીધા હો આરાધક તેહ. વી૦ ॥ ૧૧ ॥ બાર વરસ
વેશ્યા ઘરે, રહ્યા મૂકી હો સંજમનો ભાર; નંદિષેણ પણ
ઉદ્ધર્યા, સુરપદવી હો દીધી અતિ સાર. વી૦ ॥ ૧૨ ॥
પંચ મહાવ્રત પરિહારી, ગૃહવાસે હો રહ્યા વર્ષ ચોવીશ;
તે પણ આર્દ્રકુમારને, તેં તાર્યા હો તોરી એહ જગીશ.
વી૦ ॥ ૧૩ ॥ વ્રત નહીં નહીં આખડી, નહીં પોસહ હો
નહીં આદર દીક્ષ;[૨] તે પણ શ્રેણિક રાયને, તુમે કીધો હો
સ્વામી આપ સદૃક્ષ.[૩] વી૦ ॥ ૧૪ ॥ એમ અનેકને ઉદ્ધર્યા,
કહું કેતા હો કરૂણાકર શામ; હું પ્રભુ ભક્ત છું તાહરો,
તેને તારો હો નહીં ઢીલનું કામ. વી૦ ॥ ૧૫ ॥ શુદ્ધ
સંજમ તો નવિ પળે, નહીં તેહવો હો મુજ દરિસણ જ્ઞાન;
પણ આધાર છે એટલો, એક તોરૂં હો ધરૂં નિશદિન ધ્યાન.
વી૦ ॥ ૧૬ ॥ મેહ મહીતલ વરસતાં, નહિ જોવે હો સમ
વિષમ ઠામ; ગીરૂઆ સહેજે ગુણ કરે, સ્વામી સારો હો
મોરાં વંછિત કામ. વી૦ ॥ ૧૭ ॥ તુમ નામે સુખ સંપદા,
તુમ નામે હો દુઃખ જાયે દૂર; તુમ નામે વંછિત ફળે,
તુમ નામે હો મુજ આનંદ પૂર. વી૦ ॥ ૧૮ ॥

કળશ.

ઈમ નગર જેસલમેર મંડણ, તીર્થંકર ચોવીશમો;

૧ દોષ લગાડ્યો. ૨ દીક્ષાનો આદર. ૩ પોતાની સદશ ભાવી તીર્થંકર.

શાસન ધીર શ્રી સિંહ લંછન, સેવતાં સુરતરૂ સમો; જિનચંદ્ર ત્રિશલા માત નંદન, સકળ ચંદ્રકલાનિલો, વાચનાચારજ સમયસુંદર, સંથુણ્યો ત્રિભુવન તિલો. ॥ ૧૯ ॥

શ્રી મહાવીર પ્રભુનો ચૂડો.

તારા મુખડાં ઉપર જાઉં વારીરે વીર મારા મન માન્યા, તારા દર્શનની બલિહારીરે; વીર૦ મુઠી બાકુળા માટે આવ્યારે, વીર૦ મને હેત ધરી બોલાવ્યારે. વીર૦ ॥ ૧ ॥ પાયે કીધી ઝાંઝરની ઝેણુરે, વીર૦ માથે કીધી મુગટની વેણુરે; વીર૦ પ્રભુ શાસનનો એક રૂડોરે, વીર૦ મેં તો પહેર્યો તારા નામનો ચુડોરે. વીર૦ ॥ ૨ ॥ એ ચુડો સદાકાળ છાજેરે, વી૦ મારે માથે વીર ઘણી ગાજેરે; વી૦ મને આપી જ્ઞાનની હેલીરે, વી૦ પહેલા થયા ચંદનબાળા ચેલીરે. વી૦ ॥ ૩ ॥ એને ઓઘો મુહપત્તિ આલ્યારે, વી૦ તિહાં મહાવીર વિચરતાં આવ્યારે; વીર૦ મને આપી જ્ઞાનના હેલીરે; વી૦ બીજા થયા મૃગાવતી ચેલીરે. વી૦ ॥ ૪ ॥ તિહાં દેશના અમૃત ધારોરે, વી૦ ભવિ જીવને કીધો ઉપગારોરે; વી૦ ચંદ્ર સૂર્ય મૂળ વિમાને આવ્યારે, વી૦ ચંદનબાળા ઉપાશ્રયે આવ્યારે. વી૦ ॥ ૫ ॥ ચંદ્ર સૂર્ય સ્વસ્થાને જાયરે, વી૦ મૃગાવતી ઉપાશ્રયે આવ્યારે; વી૦ ગુરૂણીજી બાર ઉઘાડોરે, વીર૦ ગુરૂણીએ કીધો તાડોરે. વી૦ ॥ ૬ ॥ ગુરૂણીને ખમાવવા લાગ્યારે, વી૦ કેવળ પામ્યા ને કર્મ ભાગ્યારે; વી૦ એણે આવતાં સર્પને દીઠોરે, વી૦ ગુરૂણીજીનો હાથ ઉંચો કીધોરે. વી૦ ॥ ૭ ॥ ગુરૂણીજી ઝબકીને જાગ્યારે, વી૦ સા-

ધ્વીને પૂછવા લાગ્યારે; વી૦ તને એ શું કેવળ થાયરે, વી૦ ગુરૂણીજી તમારે પસાયરે. વી૦ ।। ૮ ।। ચંદનબાળા ચેલીને ખમાવ્યારે, વી૦ તિહાં ખામતાં તે કેવળ પામ્યા રે; વી૦ ગુરૂણીને ચેલી મોક્ષ પાયારે; વી૦ તેમ પદ્મવિજયજી ગુણ ગાયારે. વી૦ ।। ૯ ।।

શ્રી સાધારણ જિન સ્તવન.

સકલ સમતા સરલતાનો, તુંહી અનુપમ કંદરે; તુંહી કૃપારસ કનક કુંભો, તુંહી જિણંદ મુણિંદરે. ।। ૧ ।। તુંહી તુંહિ તુંહિ તુંહિ, યુંહિ ધરતા ધ્યાનરે; તુજ સરૂપી જેહ થયા તે, લહ્યા તાહરૂં ધ્યાનરે. તું૦ ।। ૨ ।। તુંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામરે; પાર ભવનો તેહ પામે, એહિ અચરજ ઠામરે.. તું૦ ।। ૩ ।। જન્મ પાવન આજ મારો, નિરખિયો તુજ નૂરરે; ભવોભવ અનુમોદના જે, થયો તુજ હજૂરરે. તું૦ ।। ૪ ।। એહ મારો અક્ષય આત્મા, અસંખ્યાત પ્રદેશરે; તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશરે. તું૦ ।। ૫ ।। એક એક પ્રદેશે તારા, ગુણ અનંત નિવાસરે; એમ કહી તુજ સહજ મિલતાં, હોય જ્ઞાન પ્રકાશરે. તું૦ ।। ૬ ।। ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોયે એમરે; એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે એમરે. તું૦ ।। ૭ ।। એક સેવા તાહરી જો, હોય અચળ સ્વભાવરે; જ્ઞાનવિમલ સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવરે. તું૦ ।। ૮ ।।

સંમૂર્છિમ જીવોને ઉપજવાના ચૌદ સ્થાનક વિગેરેની સમજુતીનું સ્તવન.

(ચાલો સહીરા મંગળ ગાઇએ, લહીએ પ્રભુનાં નામરે—એ આંકણી.)

પહેલું મંગળ વીર પ્રભુનું, બીજું ગૌતમ સ્વામી; રે; ત્રીજું મંગળ સ્થૂલભદ્રનું, ચોથું મંગળ ધર્મ રે. ચાલો૦ ॥ ૧ ॥ જીનની જયણા નિત્ય જ કરીએ, સેવીએ શ્રી જિનધર્મ રે; જીવ અજીવને ઓળખીએ તો, પામીએ સમકિત મર્મ રે. ચાલો૦ ॥ ૨ ॥ છાણાં ઇંધણાં નિત્ય પુંજીએ, ચુલે ચંદરવો બાંધી રે; પોચે હાથે વાસીદું વાળીએ, દીવે ઢાંકણુ ઢાંકી રે. ચાલો૦ ॥ ૩ ॥ શીયાળે પકવાન્ન દિન ત્રીશ, ઉનાળે દિન વીશ રે. ચોમાસે પંદર દિન માન, ઉપર અભક્ષ્ય ઇશ રે ચાલો૦ ॥ ૪ ॥ ચૌદ સ્થાનકીયા જીવ ઓળખીએ, પન્નવણા સૂત્રની શાખે રે; વડીનીત[૧] લઘુનીત[૨] બડખા[૩] માંહે, અંતર્મુહુર્ત્ત પાખે રે ચાલો૦ ॥ ૫ ॥ શરીરનો મેલ[૪] નાકનો મેલ[૫] વમન[૬] પિત્ત[૭] સાતમે રે; શુક્ર[૮] શોણિત[૯] મૃત કલેવર,[૧૦] બીનું કલેવર[૧૧] અગ્યારમે રે. ચાલો૦ ॥ ૬ ॥ નગરનો ખાળ[૧૨] અશુચિ [૧૩]સ્થાન, સ્ત્રી પુરૂષ સંગમે[૧૪] રે; ઉપજે ત્યાં મનુષ્ય સંમૂર્છિમ, સ્થાનક જાણો ચૌદમે રે. ચાલો૦ ॥ ૭ ॥ અસંખ્યાતા અંતર્મુહુર્ત્ત આઉખે, બીજાનો નહી પાર રે; બાવીશ અભક્ષ્ય બત્રીશ અનંતકાય, વર્જે નર ને નાર રે. ચાલો૦ ॥ ૮ ॥ આપ વેદના પરવેદના સરખી, લેખવીએ

આઠે જામ રે; પદ્મવિજય પસાયથી પામે, જીત તે ઠામો ઠામ રે. ચાલો૦ ॥ ૯ ॥

કુમતિને હિતશિક્ષારૂપ સ્તવન.

જિમ જિન પ્રતિમા વંદન દીસે, સમકિતને આલાવે; અંગ ઉપાસક પ્રગટ અર્થ એ, મૂરખ મનમાં નાવે રે. કુમતિ !, કાં જિન પ્રતિમા ઉથાપી, ઇમ તેં શુભમતિ કાપી રે કુમતિ૦ મારગ લોપે પાપી રે. કુમતિ૦ ॥ ૧ ॥ એહ અર્થ અંબડ અધિકારે, જુઓ ઉપાંગ ઉવવાઇ; એહ સમકિતનો મારગ મરડી, કહે દયા શી ભાઈ રે. કુમ૦ ॥૨॥ સમકિત વિણ સૂરિ દુર્ગતિ પામ્યો, અરસ વિરસ આહારી; જુઓ જમાલિ દયાએ ન તરીઓ, હુવો બહુલ સંસારી રે. કુમતિ૦ ॥ ૩ ॥ ચારણ મુનિ જિનપ્રતિમા વાંદી, ભાખીઉં ભગવતી અંગે; ચૈત્ય શાખે આલોયણ ભાખી, વ્યવહારે મન રંગે રે. કુમતિ૦ ॥ ૪ ॥ પ્રતિમા નતિફળ[૧] કાઉસગ્ગે, આવશ્યક માંહે ભાખ્યું; ચૈત્ય અર્થ વૈયાવચ્ચ મુનિને, દશમે અંગે દાખ્યું રે. કુમતિ ॥ ૫ ॥ સૂરિયાભ સુરે પ્રતિમા પૂજી, રાયપસેણી માંહી; સમકિત વિણ ભવજળમાં પડતાં, દયા ન સાહે બાંહી રે. કુમતિ૦ ॥ ૬ ॥ દ્રૌપદીએ જિનપ્રતિમા પૂજી, છઠે અંગે વાંચે; તો શું એક દયા પોકારે, આણા વિણ તું માચે રે. કુમતિ૦ ॥ ૭ ॥ એક પ્રતિમા વંદન દ્વેષે, સૂત્ર ઘણાં તું લોપે; નંદીમાં જે આગમ સંખ્યા, આપ મતિ

૧. નમસ્કારનું ફળ.

કાં ગોપે રે. કુમતિ૦ ॥ ૮ ॥ જિનપુજા ફળ દાના-દિક સમ, મહાનિશિથે લહીએ; અંધ પરંપર કુમતિ વાસના, તો કિમ મનમાં વહીએ રે. કુમતિ૦ ॥ ૯ ॥ સિદ્ધારથ રાજે જિન પૂજ્યા, કલ્પસૂત્રમાં દેખો; આજ્ઞા શુદ્ધ દયા મન ધરતાં, મળે સૂત્રના લેખો રે. કુમતિ૦ ॥ ૧૦ ॥ સ્થાવર હિંસા જિનપૂજામાં, જો દેખી તું ધ્રૂજે; તો પાપી તે દૂર દેશથી, જે તુજ આવી પૂજે રે. કુમતિ૦ ॥ ૧૧ ॥ પડિક્કમણે મુનિદાન વિહારે, હિંસા દોષ અશેષ; લાભાલાભ વિચારી જોતાં, પ્રતિમામાં શો દ્વેષ રે. કુમતિ૦ ॥ ૧૨ ॥ ટીકા ચૂરણિ ભાષ્ય ઉવેખી, ઉવેખી નિર્યુક્તિ; પ્રતિમા કરણ સૂત્ર ઉવેખ્યાં, દૂર રહી તુજ મુક્તિ રે. કુમતિ૦ ॥ ૧૩ ॥ શુદ્ધ પરંપર ચાલી આવી, પ્રતિમા વંદન વાણી; સંમૂછિમ જે મૂઢ ન માને, તેહ અદીઠ કલ્યાણી રે. કુમતિ૦ ॥ ૧૪ ॥ જિનપ્રતિમા જિન સરખી જાણે, પંચાંગીના જાણુ; જશવિજય વાચક કહે તે ગિરૂઆ, કીજે તાસ વખાણુ રે. કુમતિ૦ ॥ ૧૫ ॥

સાસુ વહુના સંવાદરૂપ સ્તવન.

(રાગ ગરબાનો.)

હીરાબાઈ સાસુ ને વીરાબાઈ વહુજી, દર્શન કરવાને જાય જો; વહુ ઉંચા ને બારણાં નીચાં, દેખી શીષ નમાય; સજ્જન સુણજો જી, એક સાસુ ને વહુ સંવાદ. સજ્જન૦ ॥ ૧ ॥ બાઇજી શિખર મહોટા બંધાવીઆ ને, બારણાં નીચાં કીધાં રે; સાંભળી સાસુ રીસ ચડાવી; વહુને મહેણાં દીધાં. સજ્જન૦ એક૦ ॥ ૨ ॥ જો વહુજી તમારે હોંશ

હોય તેા, પિયરથી દ્રવ્ય મંગાવેા રે; નાના મેાટા સમજીને વળી, મેાટા શિખર બંધાવેા. સજ્જન૦ એક૦ ॥ ૩ ॥ સાસુનાં મહેણાં ઉપર વહુએ, પિયરથી દ્રવ્ય મંગાવ્યાં રે; નાનાં મેાટાં સમજીને વળી, મેાટાં શિખર બંધાવ્યાં. સજ્જન૦ એક૦ ॥ ૪ ॥ પાંચ વરસમાં ભાવન જિનાલય, દેવી કીર્તિ બનાવી રે; સંવત સેાળ પંચાણુંએ વહુએ, મેાટી મૂર્તિ બનાવી. સજ્જન૦ એક૦ ॥ ૫ ॥ તપગચ્છપતિશ્રી શિવસૂરીશ્વર, તે પણ તિહાં આવે રે; રત્નતિલક પ્રાસાદ કરાવી, ઉત્તમ નામ સુહાવે. સજ્જન૦ એક૦ ॥ ૬ ॥

વીશ વિહરમાન જિન સ્તવન.

શ્રીમંધર પહેલા નમું રે; મન મેાહના રે લાલ; બીજા જુગમંધર દેવ રે, ચિત્ત રંજના રે લાલ; શ્રી બાહુ ત્રીજા ભલા રે, મન૦ ચેાથા સુબાહુ કરેા સેવ રે. ચિત્ત૦ ॥ ૧ ॥ શ્રી સુજાત જિન પાંચમા રે, મન. છઠ્ઠા સ્વયંપ્રભ સ્વામી રે ચિ; શ્રી ઋષભાનન સાતમા રે, મન. આઠમા અનંતવીર્ય નામ રે. ચિ૦ ॥ ૨ ॥ નવમા સુરપ્રભ પ્રભુ નીરખતાં રે, મન. વિશાળનાથ દશમા વિખ્યાત રે ચિ૦ શ્રી વજ્રધર અગ્યારમા રે, મન. બારમા ચંદ્રાનન શુભ ગાત્ર રે. ચિ૦ ॥ ૩ ॥ ચંદ્રબાહુ જિન તેરમા રે, મન૦ ચૌદમા ભુજંગ ભગવંતરે ચિ૦; શ્રી ઈશ્વર જિન પંદરમા રે, મન૦ સેાળમા નેમિપ્રભ સંત રે. ચિ૦ ॥ ૪ ॥ વીરસેન સત્તરમા વંદીએ રે, મન૦ અઠ્ઠારશમા મહાભદ્ર રે ચિ૦; દેવજસા ઓગણીશમા રે, મન૦ વીશમા અજિ-

તવીર્ય જિતચંદ્ર રે. ચિ૦ ॥ ૫ ॥ ચિત્ત ચોખે છઠ્ઠ તપ કરો રે, મન૦ ગુણણું ગણો દોય હજાર રે ચિ૦; સર્વજ્ઞાય સઘળે નમું રે, મન૦ ઉતારે ભવ પાર રે. ચિ૦ ॥ ૬ ॥ સકળ વિદ્યાનો સાગરૂ રે, મન૦ શ્રી અમૃતવિજય ઉપાધ્યાય રે ચિ૦; કોવિદ શુભવિજય તણો રે, મન૦ માણિક્ય જિન ગુણ ગાય રે. ચિ૦ ॥ ૭ ॥

શ્રી સીમંધરજિન સ્તવન.

(દુહા.)

સુણ સુણ સરસ્વતી ભગવતી, તાહરી જગ વિખ્યાત; કવિ જનની કીર્તિ વધે, તિમ તુમે કરજો માત. ॥ ૧ ॥ સીમંધર સ્વામી મહાવિદેહમાં, બેઠા કરે વખાણ; વંદણા મારી ત્યાં જઈ, કહેજો ચંદા ભાણ. ॥ ૨ ॥ મુજ હૃદય સંશય ભર્યું, કોણ આગળ કહું વાત; જેશું બાંધું ગોઠડી, તસ મુજ ન મિલે ઘાત. ॥ ૩ ॥ જાણું તો આવું કને, વિષમ વાટ પંથ દૂર; ડુંગર ને દરિયા ઘણા, વચ્ચે નદી વહે પૂર. ॥ ૪ ॥ તે માટે ઇહાં કને રહી, જે જે કરૂં વિલાપ; તે તમે પ્રભુજી સાંભળી. અવગુણ કરજો માફ. ॥૫॥

ઢાળ ૧ લી.

ભરતક્ષેત્રના માનવી રે, જ્ઞાની વિના રે મુંઝાય; તેણે કારણ તુમને ઘણું રે, પ્રભુજી મનમાં સહાય રે. ॥ ૧ ॥ સ્વામી આવો આણે ક્ષેત્ર, તુમ દર્શન જો દેખીએ રે; તો નિર્મળ થાય મારા નેત્ર રે, સ્વામી આવો આણે ક્ષેત્ર. ॥ ૨ ॥ ગાડરિયો પરિવાર મીલ્યો રે, ઘણા કરે તે ખાસ;

પરીક્ષાવંત થોડા હુવા રે, સરધાનો વિશ્વાસ રે, સ્વામી૦ ॥ ૩ ॥ ધર્મીની તો હાંસી કરે રે, પક્ષ વિહુણો સીદાય; લોભ ઘણો જગ વ્યાપીયો રે, તેણે સાચું નવિ થાય રે. સ્વામી૦ ॥ ૪ ॥ સામાચારી જુદી જુદી રે, સહુ કહે માહરો ધર્મ; ખોટું ખરું કેમ જાણીએ રે, તે કોણ ભાંગે ભર્મ રે. સ્વામી૦ ॥ ૫ ॥

ઢાળ ૨ જી.

વીરજી જ્યારે ઇહાં વિચરતા, ત્યારે વર્તતી શાંતિ રે; જે જન આવીને પૂછતા, તસ ભાંગતી ભ્રાંતી રે. ॥ ૧ ॥ હે હે જ્ઞાનીનો વિરહ પડયો, તે તો દહે મુજ દુઃખ રે; સ્વામી સીમંધર તુજ વિના, તે મુજ કુણ કરે સુખ રે. હે૦ ॥ ૨ ॥ વિરહિણીની રયણી જેસી, તેસી મુજ ઘડી જાય રે; વાત મુખે નવનવિ સાંભળી, પણ નિર્ણય નવિ થાય રે. હે૦ ॥ ૩ ॥ જે જે દુર્ભાગી જીવ-ડા, તે તો અવતર્યા અહીં રે; ભૂલા ભમે રે વાડોલીયે, જિહાં કેવળી નહીં રે. હે૦ ॥ ૪ ॥ ધન્ય મહાવિદેહના માનવી, જિહાં જિનજી આરોગ્ય રે; જ્ઞાન દર્શન ચરણ આદરી, સંયમ લીયે ગુરૂ યોગ રે, હે૦ ॥ ૫ ॥

ઢાળ ૩ જી.

સીમંધર સ્વામી માહરા રે, તું ગુરૂ ને તું જ દેવ; તુજ વિણ અવર ન ઓળખું રે ન કરૂં અવરની સેવ રે; ઇહાં કને આવજો, વળી ચતુર્વિધ સંઘને રે સાથે લાવજો. એ આંકણી૦ ॥ ૧ ॥ તે સંઘ કેમ ક્રિયા કરે, કેણી

પેરે ધ્યાવે રે ધ્યાન; વ્રત પચ્ચખ્ખાણ કિમ આદરે રે, કેણી પરે દીયે બહુ દાન. ઈહાં૦ ॥ ૨ ॥ ઈહાં ઉચિત ક્રિયા નહીં રે, અનુકંપા લવ લેશ; અભય સુપાત્ર અલ્પ હુઆ રે, એવો ભરત આ દેશ રે. ઇહાં૦ ॥ ૩ ॥ નિશ્ચય સરસવ જેટલો રે, બહુ ચાલ્યો વ્યવહાર; અભ્યંતર વિરલા હુવા રે, ઝાઝો બાહ્ય આચાર રે. ઇહાં૦ ॥ ૪ ॥

ઢાળ ૪ થી.

સીમંધર તું માહરો સાહિબ, હું સેવક તારો દાસ રે; તુંજ વિના ભવ ભમી કરી થાકયો, હવે આપો શિવ-વાસ રે. સી૦ ॥ ૧ ॥ એણે વાટે વટેમાર્ગુ નાવે, નાવે કાસિદ કોઈ રે; કાગળ કુણ સાથે પહોંચાડું, હું મોહ્યો તુજ માંહી રે. સી૦ ॥ ૨ ॥ તૃષ્ણાનું દુઃખ હોત ન મુજને, હોત સંતોષનું ધ્યાન રે; તો હું ધ્યાન ધરત પ્રભુ તાહરૂં, સ્થિર કરી રાખત મન્ન રે સી૦ ॥ ૩ ॥ ચાર કષાય ઘટમાં રહ્યા વ્યાપી, રાતો ઇંદ્રિય રસ રે; મદનપણું કહો કયારે વ્યાપે, મન નાવે મુજ વશ રે. સી૦ ॥ ૪ ॥ નિવડ પરિણામે ગાંઠો બાંધી, તે કેમ છુટશે સ્વામ રે; તે હુન્નર છે તુજમાં પ્રભુજી, આવો અમારે કામ રે. સી૦ ॥ ૫ ॥

ઢાળ ૫ મી.

સીમંધર જિન એમ કહે, પુછે તિહાંના લોક રે; ભરત ક્ષેત્રની વાતડી; સાંભળે સુર નર થોક રે. સી૦ ॥ ૧ ॥ ત્રીજો આરો બેઠા પછી, જાશે કેટલોક કાળ રે; પદ્મનાભ જિન તવ હોશે, જ્ઞાનનો ઝાકઝમાળ રે. સી૦ ॥ ૨ ॥ છઠ્ઠે આરે જે હોશે, તે પ્રાણી મહાપાપ રે; શાતા નહીં એકે

ઘડી, રવિના ઝાઝેરા તાપ રે. સી૦ ॥ ૩ ॥ ઓછા આયુ માણુસ તણા, મોટા દેવના આય રે; સુખ ભોગવતાં સ્વર્ગમાં, સાગર પલ્યોપમ જાય રે. સી૦ ॥ ૪ ॥ સરાગી નર એમ કહે, તુમે તારો ભગવંત રે; આપેથી આપે તરે; એમ સુણો સહુ સંત રે. સી૦ ॥ ૫ ॥

ઢાળ ૬ ઠી.

એવી સૂત્રમાં જીવ તેં વાતો સાંભળી રે, મ કર તું હવે વિખવાદ; જો રે જીવ તેં પૂરણ પુણ્ય કીધાં નહીં રે, તો કિમ પહોંચે આશ. જિનજી કિમ મળે રે, ભોળા શું ટળવળે રે. ॥ ૧ ॥ ચોળ મજીઠ સરીખો જિનજી સાહિબો રે, તું તો ગળીનો રે રંગ; કટકા કાચ તણું મુલ્ય તુજમાં નહીં રે, પ્રભુ તો નગીનો નંગ, જિનજી૦ ॥ ૨ ॥ ભમર સરીખો ભોગી શ્રી ભગવંતજી રે, તું તો માખી તોલ; સરખા સરખી વિણ કિમ બાઝે ગોઠડી રે હૃદય વિચારી બોલ. જિ૦ ॥ ૩ ॥ તું સરાગી પ્રભુ વિરાગીમાં વડો રે, કિમતેડે તુજ ત્યાંહિ; શો ગુણ દેખી તુજ ઉપર કરૂણા કરે રે, કિમ આવે પ્રભુ આંહી. જિ૦ ॥ ૪ ॥ કર્મ સાથે લપટાણો જીવડો જિહાં લગે રે, તિહાં લગે નહીં અવકાશ; જ્યારે તુજમાં સમતાના ગુણ આવશે રે, ત્યારે જઇશ પ્રભુજીની પાસ. જિ૦ ॥ ૫ ॥

ઢાળ ૭ મી. કળશ.

સીમંધર સ્વામી તણી ગુણમાળા, જે નર ભાવે ભણશે; તસ શિર વૈરિ કોઇ ન વ્યાપે, કર્મ શત્રુને હણશે

રે. હમચડી ।। ૧ ।। સીમંધર સ્વામી તણી ગુણ રચના, જે નારી નિત્ય ગણુશે; સખી સોભાગણી પિયર પનોતી, પુત્ર સુલક્ષણ જણુશે રે. હ૦ ।। ૨ ।। સીમંધર સ્વામી સિવપુર ગામી, કવિતા કહે શિર નામી; વંદના મારી હૃદયમાં ધારી, ધર્મલાભ દ્યો સ્વામી રે. હ૦ ।। ૩ ।। શ્રી તપ-ગચ્છનો નાયક સુંદર, વિજયદેવ પટધારી; કીર્તિ જેહની જગમાં ગાજી, બોલે નર ને નારી રે. હ૦ ।। ૪ ।।

શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન.

અનંતવીર્ય અરિહંત સુણો મુજ વિનતિ, અવસર પામી આજ કરૂં જે દિલ છતી; આતમ સત્તા હારી સંસારે હું ભમ્યો, મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ।। ૧ ।। ક્રોધ દાવાનળ દગ્ધ માન વિષધર ડસ્યો, માયા જાળે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો; મન વચ કાયા જોગ ચપળ થયા પરવશા, પુદ્ગલ પરિચય પાપ તણી અહોનિશ દશા. ।। ૨ ।। કામરાગે અણનાથ્યા સાંઢ પરે ધસ્યો, સ્નેહ રાગની રાચે નવ પંજર વસ્યો; દૃષ્ટિરાગ રૂચિ કામપાશ સમકિત ગણું, આગમ રીતે નાથ ન નીરખું નિજપણું. ।। ૩ ।। ધર્મ દેખાડું માંડ ભાંડ પેરે અતિ લવું, અચરે અચરે રામ શુક પેરે જપુ; કપટ પટુ નટવા પરે મુનિમુદ્રા ધરૂં, પંચ વિષય સુખ પોષ સદોષ વૃત્તિ વરૂ. ।। ૪ ।। એક દિનમાં નવ વાર કરેમિભંતે કરૂં, ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણે ક્ષણ એક નવિ ઠરૂં; મા સાહસ બગ રીતિ નીતિ ઘણી કહું, ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિર્વહું. ।। ૫ ।। દીન દયાલ ભુજાલ પ્રભુ મહારાજ છો,

જાણુ આગળ શું કહેવું ગરીબનિવાજ છો; પૂરવ ધાતકી ખંડ વિજય નલિનાવતી, નયરી અયોધ્યા નાયક લાયક જિનપતિ. ॥ ૬ ॥ મેઘ મહીપ મંગલાવતી સુત વિજયા-પતિ, આનંદઘન ગજલંછન જગજન તારતી; ક્ષમાવિજય જિનરાજ પાપ નિવારજો, વિહરમાન ભગવાન સુનજરે તારજો. ॥ ૭ ॥

શ્રી વજ્રંધર વિહરમાન જિન સ્તવન.

વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ, જગ તારક જગનાથ કે છો ત્રિભુવન પતિ; ભાસક લોકાલોંક તિણે જાણો છતિ, તોપણ વીતક વાત કહું છું તુજ પ્રતિ. ॥ ૧ ॥ હંસ રૂપ નિજ છોડી રમ્યો પર પુદ્ગલે, ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણા જળે; આશ્રવ બંધ વિભાવ કરૂં રૂચિ આપણી, ભૂલ્યો મિથ્યાવાસ દોષ દઉં પરભણી. ॥ ૨ ॥ અવગુણ ઢાંકણ કાજ કરૂં જિનમત ક્રિયા, ન તજું અવગુણ અલ્પ અનાદિ જે પ્રિયા; દૃષ્ટિરાગનો પોષ તેહ સમકિત ગણું, સ્યાદ્વાદની રીત ન દેખું નિજપણું. ॥ ૩ ॥ મન તનુ ચપળ સ્વભાવ વચન એકાંતતા, વસ્તુ અનંત સ્વભાવ ન ભાસે જે છતા; જે લોકોત્તર દેવ નમું લૌકિ-કથી, દુર્લભ સિદ્ધ સ્વભાવ પ્રભો તહકીકથી. ॥ ૪ ॥ મહાવિદેહ મોઝાર કે તારક જિનવરૂ, શ્રી વજ્રંધર અરિ-હંત અનંત ગુણાકરૂ; તે નિર્યામક શ્રેષ્ટ સહી મુજ તારશે, મહાવૈદ્ય ગુણયોગ રોગ ભવ વારશે. ॥ ૫ ॥ પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ સુણજો માહરો, તો હી પામે પ્રમોદ એહિ ચેતન અરો; થાયે શિવપદ આશ રાશિ સુખવૃંદની, સહજ

સ્વતંત્ર સ્વરૂપ ખાણ આણંદની. ॥ ૬ ॥ વળગ્યા જે પ્રભુ નામ ધામ તે ગુણતણા, ધારો ચેતન રામ એહ સ્થિર વાસના; દેવચંદ્ર જિનચંદ્ર હૃદય સ્થિર સ્થાપજો, જિન આજ્ઞા યુત ભક્તિ મુક્તિ મુજ આપજો. ॥ ૭ ॥

શ્રી સિદ્ધનું સ્તવન.

સિદ્ધ જગત શિર શોભતા, રમતા આતમરામ; લક્ષ્મી લીલાની લહેરમાં, સુખીઆ છે શિવ ઠામ. સિ૦ ॥ ૧ ॥ મહાનંદ અમૃત પદ નમો, સિદ્ધ કેવળ નામ; અપુનર્ભવ બ્રહ્મપદ વળી, અક્ષય સુખ વિશરામ. સિ૦ ॥ ૨ ॥ સંશ્રેય નિશ્રેય અક્ષરા, દુઃખ સમસ્તની હાણ; નિવૃત્તિ અપવર્ગતા મોક્ષ મુક્તિ નિર્વાણ. સિ૦ ॥ ૩ ॥ અચળ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ; નિજ નિજ રૂપે રે જુજુઆ, વીત્યા કર્મ તે આઠ. સિ૦ ॥ ૪ ॥ અગુરૂલઘુ અવગાહના, નામે વિકસે વદન; શ્રી શુભવીરને વંદતાં, રહીએ સુખમાં મગન. સિ૦ ॥ ૫ ॥

શ્રી ગૌતમસ્વામીનું સ્તવન.

પહેલો ગણધર વીરનો રે, શાસનનો શણગાર; ગૌતમ ગોત્ર તણો ધણી રે, ગુણ મણિરયણ ભંડાર. જયંકર જીયો ગૌતમ સ્વામ, ગુણ મણિ કેરો ધામ, જ૦ નવનિધિ હો જસ નામ, જ૦ પૂરે વંછિત કામ. જ૦ જીયો૦ ॥ ૧ ॥ જ્યેષ્ઠા નક્ષત્રે જનમીઓ રે, ગોબર ગામ મોઝાર; વિશ્વભૂતિ પૃથ્વીતણો રે, માનવી મોહનગાર. જ૦ ॥ ૨ ॥ વીર કને દીક્ષા ગ્રહી રે, પાંચસોનો પરિવાર; છઠ્ઠ છઠ્ઠ કરી પારણું

રે, ઉગ્ર કરે વિહાર. જ૦ ॥ ૩ ॥ અષ્ટાપદ લબ્ધે કરી રે, વાંધાં જિન ચોવીશ; જગચિંતામણી તિહાં કરીરે, સ્તવીઆ એ જગદીશ. જ૦ ॥ ૪ ॥ પનરસો તાપસ પારણું રે, ખીર ખાંડ ઘૃત આણ; અમૃત જસ અંગુઠડે રે, ઉગ્યો કેવળ ભાણ. જ૦ ॥ ૫ ॥ દીવાળી દિન ઉપજ્યું રે, પ્રત્યક્ષ કેવળ નાણ; અક્ષય લબ્ધિ તણો ધણી રે, ગુણ મણિ રયણ ભંડાર. જ૦ ॥ ૬ ॥ પચાસ વર્ષ ગૃહવાસમાં રે, છદ્મસ્થપણાએ ત્રીશ; બાર વર્ષ લગે કેવળી રે, આયુ બાણું જગીશ. જ૦ ॥ ૭ ॥ ગૌતમ ગણધર સારીખા રે, શ્રી વિજયસેન સૂરીશ; એ ગુરૂ ચરણ પસાઉલે રે, વીર નમે નિશદિશ. જ૦ ॥ ૮ ॥

શ્રી પાંચ કારણનું સ્તવન.

દુહા.

સિદ્ધારથ સુત વંદીએ, જગદીપક જિનરાજ;
વસ્તુ તત્ત્વ સવિ જાણીએ, જસ આગમથી આજ. ૧

સ્યાદ્વાદથી સંપજે, સકળ વસ્તુ વિખ્યાત;
સપ્ત ભંગી રચના વિના, બંધ ન બેસે વાત. ૨

વાદ વદે નય જૂજુઆ, આપ આપણે ઠામ;
પુરણ વસ્તુ વિચારતાં, કોઇ ન આવે કામ. ૩

અંધ પુરૂષે એહ ગજ, ગ્રહી અવયવ એકેક;
દૃષ્ટિવંત લહે પુર્ણ ગજ, અવયવ મળી અનેક. ૪

સંગતિ સકળ નયે કરી, જુગતિ યોગ શુદ્ધ બોધ;
ધન્ય જિનશાસન જગ જયો, જિહાં નહિં કિરયો વિરોધ. ૫

ઢાળ ૧ લી કાળવાદ.

રાગ– આશાવરી.

શ્રી જિનશાસન જગ જયકારી, સ્યાદ્વાદ શુદ્ધ રૂપરે, નય એકાંત મિથ્યા નિવારણ, અકળ અભંગ અનુપરે. શ્રી૦ ॥ ૧ ॥ કોઇ કહે એક કાળ તણે વશ, સકળ જગત ગતિ હોયરે, કાળે ઉપજે કાળે વિણસે, અવર ન કારણ કોયરે, શ્રી૦ ॥ ૨ ॥ કાળે ગર્ભ ધરે જગ વનિતા, કાળે જન્મે પુત્તરે, કાળે બોલે કાળે ચાલે, કાળે ચાલે ઘર સુત્તરે. શ્રી૦ ॥ ૩ ॥ કાળે દુધ થકી દહીં થાયે, કાળે ફળ પરિપાકરે; વિવિધ પદારથ કાળ ઉપજાવે, કાળે સહુ થાયે આખરે. શ્રી૦ ॥ ૪ ॥ જિન ચોવીશ બાર ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવરે, કાળે કલિત કોઇ નવિ દીસે, જસુ કરતા સુર સેવરે. શ્રી૦ ॥ ૫ ॥ ઉત્સર્પિણી અવસર્પીણી આરા, છએ જુઇ જુઇ ભાતરે; ષડ્ ઋતુ કાળ વિશેષ વિચારો, ભિન્ન ભિન્ન દિનરાતરે. શ્રી૦ ॥ ૬ ॥ કાળે બાળ વિલાસ મનોહર, યૌવન કાળા કેશરે, વૃદ્ધ પણ વળી પળી વપુ અતિ દુર્બળ, શક્તિ નહિ લવ લેશરે. શ્રી૦ ॥ ૭ ॥

ઢાળ ૨ જી સ્વભાવવાદ.

ગિરૂઆ ગુણ વીરજી ॥ એ દેશી ॥

તવ સ્વભાવવાદી વદેજી, કાળ કિસ્યું કરે રંક ? વસ્તુ સ્વભાવે નિપજેજી, વિણસે તિમજ નિઃશંક, સુવિવેક વિચારી જુઓ જુઓ, વસ્તુ સ્વભાવ. ॥ ૧ ॥ છતે યોગ જોબન વતીજી, વાંઝણી ન જણે બાળ, મુછ નહિં મહિલા

મુખેજી, કરતલ ઉગેનવાળ. સુ૦ ॥ ૨ ॥ વિણુસ્વભાવ નવિ નિપજેજી, કેમ પદારથ કોય, આંબ ન લાગે લિંબડેજી, બાગ વસંતે જોય. સુ૦ ॥ ૩ ॥ મોર પિચ્છ કુણચિતરેજી? કોણ કરે ચંદ્રિયા રંગ, અંગ વિવિધ સવિ જીવનાંજી, સુંદર નયન કુરંગ. સુ૦ ॥ ૪ ॥ કાંટા બોર અણુલનાજી, કોણે અણિયાળા કીધ, કૃપ રંગ પણ વ્યુજૂઆજી, તરૂફળ ફુલ પ્રસિદ્ધ સુ૦ ॥ ૫ ॥ વિષધર મસ્તક નિત્ય વસેજી, મણિહરે વિષ તતકાળ; પર્વત થિર ચળ વાયરોજી, ઉર્ધ્વ અગ્નિની જ્વાળ મત્સ્ય તુંબ જળમાં તરેજી, બૂડે કાગ પહાણ, પંખી જાત ગયણે ફિરેજી, ઇણિપરે સયલ વિનાણ સુ૦ ॥ ૭ ॥ વાયું સુંહથી ઉપશમેજી. હરડે કરે વિરેચ, સીઝે નહિં કણ કાંગડુજી, શકિત સ્વભાવ અનેક. ॥ ૮ ॥ દેશ વિશેષે કાષ્ઠનાજી, ભૂમિમાં થાય પહાણ, શંખ અસ્થિનો નીપજે જી, ક્ષેત્ર સ્વભાવ પ્રમાણ ॥ ૯ ॥ રવિતાતે શશી શીતલોજી, ભવ્યાદિક બહુ ભાવ, છએ દ્રવ્ય આપ આપણાજી, ન તજે કોઈ સ્વભાવ. સુ૦ ॥ ૧૦ ॥

ઢાળ ૩ જી ભવિતવ્યતાવાદ.

કપુર હોય અતિ ઉજળોરે. ॥ એ દેશી ॥

કાળ કિસ્યું કરે બાપડોજી, વસ્તુસ્વભાવ અકજજ, જો નવિહોય ભવિતવ્યતાજી, તો કેમ સીજે કજજરે ? પ્રાણી મ કરો મન જંજળ, ભાવિભાવ નિહાળ રે૦ પ્રાણી૦ ॥ ૧ ॥ જળનિધિ તરે જંગલ ફરેજી, કોડિ જગન કરે કોય; અણુભાવિ હોવે નહિંજી, ભાવી હોય તે હોય રે, પ્રા૦ ॥ ૨ ॥ આંબે મોર વસંતમાંજી, ડાળે ડાળે કેઇ લાખ, કેઇ ખર્યા

કેઈ ખાખટીજી, કેઇ આધા કેઈ સાખરે. પ્રા૦ ॥ ૩ ॥ બા-ઉલ જેમ ભવિતવ્યતાજી, જિણ જિણ દીશી ઉજાય, પરવશ મન માણસ તણું જી તૃણ જેમ પુંઠે ધાયરે. પ્રા૦ ॥ ૪ ॥ નિયતિવશે વિણ ચિંતવ્યું જી, આવી મળે તત્કાળ, વરસા સેાનું ચિંતવ્યું જી, નિયતિ કરે વિસરાળરે. પ્રા૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત ચક્રીતણાંજી, નયણ હણે ગેાવાળ, દેાય સહસ જસ દેવતાજી, દેહતણા રખવાલરે. પ્રા૦ ॥ ૬ ॥ કેાહુકેા કેાયલ કરેજી. કેમ રાખી શકે પ્રાણ ? આહેડી શરતાકિ યેાજી, ઉપર ભમે સિંચાણરે. પ્રા૦ ॥ ૭ ॥ આહેડી નાગે ડસ્યેાજી, બાણલાગ્યેા સિંચાણ. કેાકુહેા ઉડી ગયેાજી, જુએા જુએા નિયતિ પ્રમાણુરે. પ્રા૦ ॥ ૮ ॥ શસ્ત્રહણ્યા સંગ્રા-મમાંજી, રાને પડયા જીવંત; મંદિરમાંથી માનવિજી, રાખ્યા નહિં રહંતરે. પ્રા૦ ॥ ૯ ॥

ઢાળ ૪ થી કર્મવાદ.

રાગ માઢણી—મનેાહર હીરજીરે—એ દેશી.

કાળ સ્વભાવ નિયત મતી કુડી, કર્મ કરે તે થાય; કર્મે નિરય તિરિય નર સુરગતિજી, જીવ ભવાંતરે જાય, ચેતન ચેતીએ રે; કર્મ સમેા નહિં કેાય. ચેતન૦ ॥ ૧ ॥ કર્મે રામવસ્યા વનવાસે, સિતા પામે આળ, કર્મે લંકા-પતિ રાવણનું, રાજ થયું વિસરાળ ચે૦ ॥ ૨ ॥ કર્મે કીડી કર્મે કુંજર, કર્મે નર ગુણવંત, કર્મે રેાગ શેાક દુઃખ પિડિત, જન્મ જાય વિલપંત. ચેતન૦ ॥ ૩ ॥ કર્મે વરસ લગે રિસહેસર ઉદક ન પામે અન્ન, કર્મે વિરને જુવેા યેાગમાં રે, ખીલા રેાપ્યા કન્ન. ચેતન૦ ॥ ૪ ॥ કર્મે એક

સુખપાલે બેસે, સેવક સેવે પાય, એક હય ગય રથ ચઢ્યા, ચતુરનર, એક આગળ ઉજાય. ચેતન૦ ॥ ૫ ॥ ઉદ્યમ માની અંધ તણીપરે, જગહીંડે હા હુતો, કર્મ બળી તે લહે સકળ ફળ, સુખભર સેજે સુતો રે. ચેતન૦ ॥ ૬ ॥ ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કરકોલે, માંહે ઘણા દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ ડોલે રે. ચેતન૦ ॥ ૭ ॥ વિવર કરી મૂષક તસ મુખમાં, દિયે આપણો દેહ; માર્ગ લઇ વન નાગ પધાર્યા, કર્મ મર્મ જુઓ એહ. ચેતન૦ ॥૮॥

ઢાળ ૫ મી. ઉદ્યમવાદ.

હવે ઉદ્યમવાદી ભણે એ, એ ચારે અસમર્થ તો; સકળ પદારથ સાધવાએ, એક ઉદ્યમ સમર્થતો. ॥ ૧ ॥ ઉદ્યમ કરતાં માનવીએ, શું નવિ સીઝે કાજતો? રામે રયણાયર તરીએ, લીધું લંકા રાજ્યતો. ॥ ૨ ॥ કરમ નિયત તે અનુસરેએ, જેહમાં શક્તિ ન હોયતો; દેઉલવાધ મુખે પંખીયાએ, પિયું પેસંતા જોયતો. ॥ ૩ ॥ વિણ ઉદ્યમ કિમ નીકળેએ, તિલ માંહેથી તેલતો, ઉદ્યમથી ઊંચી ચઢેએ, જુઓ એકેંદ્રિય વેલતો. ॥ ૪ ॥ ઉદ્યમ કરતાં એક સમે એ, જેહ નવિ સીઝે કાજતો; તે ફરી ઉદ્યમથી હુવે એ, જો નવિ આવે વાજતો. ॥ ૫ ॥ ઉદ્યમ કરી ઓર્યા વિનાએ, નવિ રંધાયે અન્નતો; આવી ન પડે કોળીએ એ, મુખમાં પાખે જતન્નતો. ॥ ૬ ॥ કર્મ પુત્ર ઉદ્યમ પિતા એ, ઉદ્યમે કીધાં કર્મતો, ઉદ્યમથી દુરે ટળે એ, જુવો કર્મના મર્મતો. ॥ ૭ ॥ દૃઢ પ્રહારી હત્યા કરીએ, કીધાં પાપ અનંતતો; ઉદ્યમથી ષટ માસમાં

એ, આપ થયા અરિહંતતો. ॥ ૮ ॥ ટીપે ટીપે સરભરે એ, કાંકરે કાંકરે પાળતો; ગિરિ જેવા ગઢ નિપજે એ, ઉદ્યમ શક્તિ નિહાળતો. ॥ ૯ ॥ ઉદ્યમથી જળબિંદુઓ એ, કરે પાષાણમાં ઠામતો; ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમે જોડે દામતો. ॥ ૧૦ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

(એ છીંડી કીંહાં રાખી ?—એ દેશી.)

એ પાંચે નય વાદ કરંતા, શ્રી જીન ચરણે આવે; અમિય સરસ જિનવાણી સુણીને, આનંદ અંગ ન માવેરે. પ્રાણી સમકિત મતિ મન આણો, નય એકાંત મ તાણોરે; પ્રાણી તે મિથ્યા મતિ જાણોરે પ્રાણી. સ૦ ॥ ૧ ॥ એ પાંચે સમુદાય મળ્યા વિણ, કોઇ કાજ ન સીઝે; અંગુલીયોગે કરતણી પરે, જે બૂઝે તે રીઝેરે પ્રાણી. સ૦ ॥૨॥ આગ્રહ આણી કોઈ એકને, એહમાં દીજે વડાઇ; પણ સેના મીલી સકલ રણાંગણ, જીતે સુભટ લડાઈરે પ્રાણી. સ૦ ॥ ૩ ॥ તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાળ ક્રમેરે વણાય, ભવિતવ્યતા હોય તો નિપજે, નહિ તો વિઘ્ન ઘણાયરે પ્રાણી. સ૦ ॥ ૪ ॥ તંતુવાય ઉદ્યમ ભોક્તાદિક, ભાગ્ય સકળ સહકારી; એમ પાંચે મળી સકળ પદારથ ઉત્પત્તિ જુઓ વિચારીરેપ્રાણી. સ૦ ॥ ૫ ॥ નિયતિવશે હળુકરમો થઇને, નિગોદ થકી નીકળીયો; પુણ્યે મનુજ ભવાદિક પામી, સદ્ગુરૂને જઇ મળીયોરે પ્રાણી. સ૦ ॥ ૬ ॥ ભવસ્થિતિનો પરિપાક થયો તવ, પંડિતવિર્યે ઉલ્લસીયો; ભવ્ય સ્વભાવે શિવ ગતિ પામી, શિવપુર જઇને

વમીયેારેપ્રાણી. ॥ ૭ ॥ વર્ધમાન જીન એણીપરે વિનયે, શાસન નાયક ગાયેા; સંઘ સકળ સુખ હેાયે જેહથી; સ્યાદ્વાદ રસ પાયેારેપ્રાણી. ॥ ૮ ॥

કળશ.

ઇમ ધર્મનાયક મુક્તિ દાયક, વીર જીનવર સંથુણ્યેા, સય સત્તર સંવત વન્હી લેાચન, વર્ષ હર્ષ ધરી ઘણેા. ॥ ૧ ॥ શ્રી વિજયદેવસુરિંદ પટધર, શ્રી વિજય પ્રભુ મુણિંદ એ; શ્રી કિર્તિવિજય વાચક શિષ્ય ઇણિપરે, વિનય કહે આણંદ એ. ॥ ૨ ॥

અથ શ્રી સમકિતનું સ્તવન.

ઢાળ ૧ લી.

તે મુજ મિચ્છામિ દુક્કડં—એ દેશી,

સાંભળરે તું પ્રાણીયા, સદ્ગુરૂ ઉપદેશેા, માનવભવ દેાહિલેા લહ્યેા, ઉત્તમ કુલ એસેા. સાં૦ ॥ ૧ ॥ દેવ તત્ત્વ નવિ ઓળખ્યેા, ગુરૂતત્ત્વ ન જાણ્યેા, ધર્મ તત્ત્વ નવિ સદ્દહ્યેા, હિયડે જ્ઞાન ન આણ્યેા. સાં૦ ॥ ૨ ॥ મિથ્યાત્વિ સુર જીન પ્રત્યે, સરખા કરી જાણ્યા; ગુણ અવગુણ નવિ ઓળખ્યા; વયણેથી વખાણ્યા. સાં૦ ॥ ૩ ॥ દેવ થયા મેાહે ગ્રહ્યા, પાસેર હે નારી; કામ તણે વશ જે પડયા, અવગુણ અધિકારી. સાં૦ ॥ ૪ ॥ કેઈ ક્રેાધી દેવતા, વળી ક્રેાધના વાહ્યા; કેઇ કેાઇથી બીહતા, હથિયાર સવાહ્યા. સાં૦ ॥ ૫ ॥ ક્રુર નજર જેહની ઘણું દેખંતાં ડરીએ, મુદ્રા જેહની એહવી, તેહથી શું તરીએ. સાં૦ ॥ ૬ ॥ આઠ કરમ સાંકળ

જડયા, ભમે ભવહી મોઝારો; જન્મ મરણ ભવ દેખીએ, પામ્યા નહિ પારો. સાં૦ ॥ ૭ ॥ દેવ થઈ નાટક કરે, નાચે જણ જણ આગે; વેશ કરી રાધા કૃષ્ણનો, વળી ભિક્ષા માગે. સાં૦ ॥ ૮ ॥ મુખે કરી વાયે વાંસળી, પહેરે તન વાઘા; ભાવંતાં ભોજન કરે, એહવા ભ્રમ લાગા. સાં૦ ॥ ૯ ॥ દેખો દૈત્ય સંહારવા, થયો ઉદ્યમવંતો, હરિ હરિણાંકશ મારિયો, નરસિંહ બળવંતો. સાં૦ ॥ ૧૦ ॥ મત્સ્ય કચ્છ પાંચ અવતાર લઈ, સહુ અસુર વિદાર્યા; દશ અવતારે જુજૂઆ, દશ દૈત્ય સંહાર્યા. સાં૦ ॥ ૧૧ ॥ માને મુઢ મિથ્યા મતિ, એહવા પણ દેવો; ફરી ફરી અવતાર લે, દેખો કર્મની ટેવો. સાં૦ ॥ ૧૨ ॥ સ્વામી સોહે જેહવો, તેહવો પરિવારો, એમ જાણીને પરિહરો, જિનહર્ષ વિચારો. સાં૦ ॥ ૧૩ ॥

ઢાળ ૨ જી.

ઓધવ માધવને કહેજો—એ દેશી.

જગનાયક જીનરાજને, દાખવીએ સહી દેવ; મુકાણા જે કર્મથી સારે સુરપતિ સેવ. જ૦ ॥ ૧ ॥ ક્રોધ માન માયા નહિં, નહિં લોભ અજ્ઞાન; રતિ અરતિ વેદે નહિં, છાંડયાં મદ સ્થાન. જ૦ ॥ ૨ ॥ નિદ્રા શોક ચોરી નહિં, નહિં વયણ અલિક; મત્સર વધ ભય પ્રાણીનો, ન કરે તહક્કીક. જ૦ ॥ ૩ ॥ પ્રેમ ક્રીડા ન કરે કદી, નહિં નારી પ્રસંગ; હાસ્યાદિક અઢારએ, નહિ જેહને અંગ. જ૦ ॥૪॥ પદ્માસન પુરી કરી, બેઠા શ્રી અરિહંત; નિશ્ચલ લોયણ જેહનાં નાસા ગ્રેજ રહંત. જ૦ ॥ ૫ ॥ જિનમુદ્રા જિન-

રાજની, દીઠે પરમ ઉલ્લાસ; સમકિત થાયે નીર્મલું, *તથે જ્ઞાન ઉજાસ. જ૦ ॥ ૬ ॥ ગતિ આગતિ સવિ* જીવતણી, જાણે લોકાલોક; મનઃપર્યાય સવિતણા, કેવળ જ્ઞાન આલોક. જ૦ ॥ ૭ ॥ મુર્તિ શ્રી જીનરાજની, સમતાનો ભંડાર; શિતળ નયન સોહામણું, નાહ વાંક લગાર. જ૦ ॥ ૮ ॥ હસત વદન હરખે હૈયું, દેખી શ્રી જીનરાય; સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણી ન જાય. જ૦ ॥ ૯ ॥ અવરતણી એહવી છબી, કિહાં એમ દિસંત, દેવતત્ત્વ એ જાણીએ, જીન હર્ષ કહંત. જ૦ ॥ ૧૦ ॥

ઢાળ ૩ જી.

જત્તણીની દેશી.

શ્રી જીનવર પ્રવચન ભાખ્યા, કુગુરૂતણા ગુણો દાખ્યા; પાસત્થાદિક પાચેઇ, પાપશ્રમણ કહ્યા સાચેઇ. ॥ ૧ ॥ ગૃહીના મંદીરથી આણી, આહાર કરે ભાત પાણી, સૂવે ઉંઘે નિશદીશ, પ્રમાદી વિશવાવીશ. ॥ ૨ ॥ કિરિયા ન કરે કિણિવાર, પડિક્કમણું સાંજ સવાર, ન કરે પચ્ચખાણ સજ્જાય; વિકથા કરતાં દિન જાય. ॥ ૩ ॥ ઘત દુધ દહીં અપ્રમાણ, ખાયે ન કરે પચ્ચખાણ; જ્ઞાન દર્શનને ચારિત્ર, મુકી દીધાં સુપવિત્ર. ॥ ૪ ॥ સુવિહીત મુનિ સમાચારી, પાળે નહિ તે અણગારી; આહારના દોષ બેયાલ, ટાળે નહિ કીહીણી કાલ. ॥ ૫ ॥ ઘણ ઘણ ઘસમસતો ચાલે, કાચે જળે દેહ પખાળે; અર્ચા રચના વંદાવે, વસ્ત્રાદિક શોભા બનાવે. ॥ ૬ ॥ પરિગ્રહ વળી ઝાઝો રાખે; વળી

વળી અધિકાને ભાખે; માઠી કરણી જે કહીએ, તે સઘળી જિણમેં લહીએ. ॥ ૭ ॥ એહવા જે કુગુરૂ આરંભી, મુનિ સાધુ કહેવાયે દંભી; કીઇ કમ્મ પ્રશંસા કરીએ, ભવભવ ગ્રહમાં અવતરીયે. ॥ ૮ ॥ લોહાની નાવા તોલે, ભવસાગરમાં જે બોળે; જિન હર્ષ ભલેા અહિ કાળેા, પણ કુગુરૂની સંગતિ ટાળેા. ॥ ૯ ॥

ઢાળ ૪ થી.

(કરજોડી આગળ રહી—એ દેશી.)

ગુણ ગિરૂઆ ગુરૂ ઓળખેા, હિયડે સુમતિ વિચારીરે; ગુરૂ સુપરિક્ષા દોહલી, ભુલા પડે નરનારીરે. ગુ૦ ॥ ૧ પાંચ ઇંદ્રિય જે વશ કરે, પાંચ મહાવ્રત પાળેરે; ચાર કષાય તજી જેણે, પાંચે કિરિયા ટાળેરે. ગુ૦ ॥ ૨ ॥ પાંચ સમિતિ સમિતા રહે, તિન ગુપ્તિ જે ધારેરે, દોષ બહેંતાળીશ ટાળીને, પાણી ભાત આહારેરે. ગુ૦ ॥ ૩ ॥ મમતા છાંડી દેહની, નીલોભી નિર્માયીરે; નવવિધ પરિગ્રહ પરિહરે, ચિત્તમેં ચીંતે ન કાંઇરે. ગુ૦ ॥ ૪ ॥ ધર્મ તણાં ઉપકરણ ધરે, સંયમ પાળવા કાજેરે; ભૂમિ જોઇ પગલાં ભરે, લોક વિરોધથી લાજેરે. ગુ૦ ॥ ૫ ॥ પડિલેહણ નિત્ય ત્રિવિધે, કરે પ્રમાદ નિવારીરે; કાળે શુદ્ધ ક્રિયા કરે, ઇચ્છાજોગ નિવારીરે. ગુ૦ ॥ ૬ ॥ વસ્ત્રાદિક શુદ્ધ એષણી, લે દેખી સુવિશેશેરે; કાળ પ્રમાણે ખપ કરે, દૂષણ ટળતાં દેખેરે. ગુ૦ ॥ ૭ ॥ કુક્ષી સંબલ જે કહ્યા, સનિધિ કિમહી ન રાખેરે; દે ઉપદેશ યથાસ્થિતે, સત્ય

વચન મુખ ભાખેરે. ગુ૦ ॥ ૮ ॥ તન મેલાં મન ઉજળાં, તપે કરી ખીણી દેહીરે; બંધન બે છેદી કરી, વિચરે જન નિઃનેહીરે. ગુ૦ ॥ ૯ ॥ એહવા ગુરૂ જોઈ કરી, આદરીયે શુભ ભાવેરે, બીજું તત્ત્વ સુગુરૂ તણું, એ જિન હર્ષ કહાવેરે. ગુ૦ ॥ ૧૦ ॥

ઢાળ ૫ મી.

(કર્મ ન છુટેરે પ્રાણીયા—એ દેશી.)

ભવસાયર તરવા ભણી, ધર્મ કરે હો સારંભ; પ-ત્થર નાવેરે બેસીને, તરવો સમુદ્ર દૂર્લભ. ભ૦ ॥ ૧ ॥ આપે ગોકુળ ગાયનાં, આપે કન્યારે દાન; આપે ક્ષેત્ર પુણ્યારથે, બ્રાહ્મણને દઇ માન, ભ૦ ॥ ૨ ॥ લુંટાવે ઘાણી વળી, પૃથીવી દાન સુપ્રેમ; ગોળા કળશાને મોરિયા, આપે હળ તિમ હેમ. ભ૦ ॥ ૩ ॥ વળી વખાણેરે આંતશું, કુવા સુંદર વાવ; પુષ્કરિણી કરણી ભલી, સરોવર સખર તળાવ. ભ૦ ॥ ૪ ॥ કંદમૂળ મુકે નહિ, અગ્યારશને હો દિન; આરંભ તે દિન અતિ ઘણો, ધર્મ કિહાં જગદીશ. ભ૦ ॥ ૫ ॥ યાગ કરે હોમે તિહાં, ઘોડા નરનેરે છાગ, હોમે જલચર મીંડકાં; ધર્મ કિહાં વીતરાગ. ભ૦ ॥ ૬ ॥ કરે સદાયેરે નોરતાં, જીવતણા આરંભ; હણે મહિષને બોકડા; જેહથી નરક સુલભ. ભ૦ ॥ ૭ ॥ સારે સરાવે બ્રાહ્મણ કને, પૂર્વજનારે શરાધ; તેડી પોષેરે કાગડા, દેખો એહ ઉપાધ. ભ૦ ॥ ૮ ॥ તિરથ જાએ ગોદાવરી, ગંગા ગયા પ્રયાગ; ન્હાયે અણગળ નીરમેં, ધર્મ તણો

નહી લાગ. ભ૦ ।। ૯ ।। ઈત્યાદિક કરણી કરે, પરભવ સુખનેરે કાજ, કહે જિન હર્ષ મળે નહિ એથી શીવપુર રાજ. ભ૦ ।। ૧૦ ।।

ઢાળ ૬ ઠ્ઠી.

(રે જાયા તુજ વિણ ઘડી છ માસ—એ દેશી.

ધર્મ ખરો જીનવર તણોજી; શિવસુખનો દાતાર; શ્રી જીનરાજે પ્રકાશીયોજી, જેહના ચાર પ્રકાર. ભવિકજન૦ જ્ઞાન વિચારીરે જોય, દુર્ગતિ પડતા જીવનેજી; ધારે તે ધર્મ હોય. ભ૦ ।। ૧ ।। પંચ મહાવ્રત સાધુનાજી; દશ વિધ ધર્મ વિચાર; હિત કરીને જીનવર કહ્યાંજી, શ્રાવકનાં વ્રત બાર. ભ૦ ।। ૨ ।। પંચુમ્બર ચારે વિગયજી, વિષ સહુ માટીને હિમ, રાત્રિભોજનને કહ્યાંજી, બહુ બીજાનો નીમ. ભ૦ ।। ૩ ।। ઘોલવડાં વળી રીંગણાજી, અનંતકાય બત્રીશ; અણજાણ્યાં ફલ પુલડાંજી, સંધાણા નિશદિશ. ભ૦ ।। ૪ ।। ચલિત અન્ન વાસી થયુંજી, તુચ્છ સહુ ફળ દક્ષ, ધર્મી નર બાયે નહીંજી, એ બાવીશ અભક્ષ્ય. ભ૦ ।। ૫ ।। ન કરે નિર્ધ્વંસપણેજી, ઘરના આરંભ ધીર; જીવતણી જયણા ઘણીજી, ન પીએ અણગળ નીર. ભ૦ ।। ૬ ।। વ્રત પરે પાણી વાવરેજી; બીએ કરતાં પાપ; સામાયિક વ્રત પોષધેજી, ટાળે ભવનાં તાપ. ભ૦ ।।૭।। સુગુરૂ સુદેવ સુધર્મનીજી, સેવા ભક્તિ સદિવ; ધર્મ શાસ્ત્ર સુણતાં થકાજી, સમજે કોમળ જીવ. ભ૦ ।। ૮ ।। માસ માસને આંતરેજી, કુશ અગ્રે ભુંજે બાળ; કળા ન પહોંચે સોળમીજી, શ્રી જીન ધર્મ વિશાળ. ભ૦ ।। ૯ ।। જિન

ધર્મ મુક્તિપુરી દીએજી, ચઉગતિ ભ્રમણ મિથ્યાત; એમ જિન હર્ષ પ્રકાસીએરે, ત્રીજું તત્ત્વ વિખ્યાત. ભ૦ ॥ ૧૦ ॥

ઢાળ ૭ મી.

(મધુકર આજ રહોરે મત ચલો—એ દેશી.)

શ્રી જીન ધર્મ આરાધીયેજી, કરી નિજ સમકિત શુદ્ધ ભવિયણ; તપ જપ કિરીયા કીધલીજી, લેખે પડે વિશુદ્ધ. ભ૦ શ્રી૦ ॥ ૧ ॥ કંચન કશી કશી લીજીએજી, નાણું લીજે પરીખ;ભ૦ દેવગુરૂ ધર્મ જોઇનેજી, આદરીએ સુણી શીખ. ભ૦ શ્રી૦ ॥ ૨ ॥ કુગુરૂ કુધર્મનેજી, પરિહરીએ વિષ જેમ; ભ૦ સુગુરૂ સુદેવ સુધર્મનેજી; ગ્રહીએ અમ્રત તેમ. ભ૦ શ્રી૦ ॥ ૩ ॥ મૂળ ધર્મ તો જિન કહ્યોજી, સમકિત સુરતરૂ એહ; ભ૦ ભવ ભવ સુખ સંપત્તિ થકીજી, સમકિત શું ધરી નેહ. ભ૦ શ્રી૦ ॥ ૪ ॥ સત્તરસેં છત્રીશ સમેજી, નભ શુદિ દશમી દીશ; ભ૦ સમકિત સિત્તરી એ રચીજી, પુર પાટણ સુજગીશ. ભ૦ શ્રી૦ ॥ ૫ ॥ ભણુજો ગુણુજો ભાવશુંજી, લેશો અવિચળ શ્રેય; ભ૦ શાંતિહર્ષ વાચક તણોજી, કહે જીન હર્ષ વિનેય. ભ૦ શ્રી૦ ॥ ૬ ॥

॥ ઇતિ શ્રી સમકિત સિત્તરી સ્તવન સંપૂર્ણ. ॥

શ્રી ષડાવશ્યકનું સ્તવન.

દુહા.

ચોવીશે જીનવર નમું. ચતુર ચેતન કાજ. આવશ્યક જેણે ઉપદિશ્યા; તે થુણશું જિનરાજ૦ ।। ૧ ।। આવશ્યક આરાધીએ, દિવસ પ્રત્યે દોય વાર, દુરિત દોષ દૂરે ટળે એ આતમ ઉપકાર. ।। ૨ ।। સામાયિક ચઉવીસથ્થઓ, વંદન પડિક્કમણેણુ, કાઉસ્સગ પચ્ચખાણુ કર, આતમ નિર્મલ એણુ, ।। ૩ ।। ઝેર જાય જેમ જાંગુલી, મંત્રતણે મહિમાય તેમ આવશ્યક આદર્યે, પાતિક દુર પલાય. ।। ૪ ।। ભારતજી જેમ ભારવહી, હેલે હળુઓ થાય, અતિચાર આલોવતાં, જન્મદોષ તેમ જાય. ।। ૫ ।।

ઢાળ ૧ લી.

કપુર હોય અતિ ઉજળો—એ દેશી.

પહેલું સામાયિક કરોરે, આણી સમતા ભાવ, રાગ રોષ દૂરે કરો રે, આતમ એહ સ્વભાવરે, પ્રાણી ! સમતા છે ગુણ ગેહ; એતો અભિનવ અમૃત મેહરે. પ્રા૦ ।। ૧ ।। આપો આપ વિચારીએરે, રમીએ આપ સ્વરૂપ, મમતા જે પરભાવની રે, વિષમો તે વિષ કુપરે, પ્રાણી૦ ।। ૨ ।। ભવ ભવ મેલી મુકીયારે, ધન કુંટુંબ સંજોગ, વાર અનંતી અનુભવ્યારે, સવિ સંજોગ વિજોગરે, પ્રાણી ।। ૩ ।। શત્રુ મિત્ર જગકો નહિંરે, સુખ દુઃખ માયા જાળ, જો જાગે ચિત્ત ચેતનારે, તો સવિ દુઃખ વિસરાળ રે. પ્રાણી૦ ।। ૪ ।। સાવદ્ય યોગ સવિ પરિહરી રે, એ સામાયિક રૂપ, હુવા એ પરિણામથીરે, સિદ્ધ અનંત અરૂપરે. પ્રાણી૦ ।। ૫ ।।

ઢાળ ૨ જી.

સાહેલડીરે એ—દેશી.

આદિશ્વર આરાહીએ, સાહેલડીરે. અજિત ભજો ભગવંતતો, સંભવનાથ સોહામણુા, સા. અભિનંદન અરિહંતતો. ॥ ૧ ॥ સુમતિ પદ્મ પ્રભુ પૂજીએ, સા૦ સમરૂં સ્વામી સુપાસતો, ચંદ્રપ્રભ ચિત્ત ધારીએ; સા૦ સુવિધિ ઋદ્ધિવાસતો. ॥ ૨ ॥ શીતલ ભૂતલ દિનમણી, સા૦ શ્રી પુરણ શ્રેયાંસતો, વાસુપૂજ્ય સુર પુંજીઆ, સા૦ વિમલ વિમલ પરસંશ તો, ॥ ૩ ॥ કરૂં અનંત ઉપાસના સા૦ ધર્મ ધુરંધર ધીરતો, શાંતિકુંથુ અરમલ્લિનમું, સા૦ મુનિસુવ્રત વડવીરતો ॥ ૪ ॥ ચરણ નમું નમિનાથનાં, સા૦ નેમીશ્વર કરૂં ધ્યાન તો, પાર્શ્વનાથ પ્રભુ પુજીએ, સા૦ વંદુશ્રી વર્ધમાનતો. ॥ ૫ ॥ એ ચોવીશે જીનવરા, સા૦ ત્રિભુવન કરણ ઉદ્યોતતો, મુક્તિ પંથ જેણે દાખવ્યેા, સા૦ નીર્મલ કેવલ જ્યોતતો. ॥ ૬ ॥ સમકિત શુદ્ધ એહથી હુવે, સા૦ લીજે ભવનો પારતો, બીજું આવશ્યક ઇસ્યું. સા૦ ચઉવીસત્થેા સારતો. ॥ ૭ ॥

ઢાળ ૩ જી.

ગિરિમાં ગોરો ગીરૂઓ—એ દેશી.

બે કરજોડી બે કરજોડી, ગુરૂ ચરણે દીએા વાંદણાંરે; આવશ્યક પચવીશ ધારોરે ધારોરે, દોષ બત્રીશ નિવારીએરે. ॥ ૧ ॥ ચારવાર ચારવાર ગુરૂચરણે મસ્તક નામીએરે; બાર આવર્ત્ત કરી આમેા આમોરે, વજી તેત્રીશ આશા-

તનારે. ॥ ૨ ॥ ગીતાર્થ ગીતાર્થ, ગુણ ગિરૂઆ ગુરૂને વંદતાંરે; નીચ ગોત્ર ક્ષય જાય, થાયેરે થાયેરે, ઉંચા ગોત્રની અર્જનારે, ॥ ૩ ॥ આણુ ઉલ્લંઘે આણુ ઉલ્લંઘે, કોઈ ન જગમાં તેહનીરે; પરભવ લહે સૌભાગ્ય, ભાગ્યરે ભાગ્યરે, દીપે જગમાં તેહનુંરે. ॥ ૪ ॥ કૃષ્ણરાયે કૃષ્ણરાયે, મુનિવરને દીધાં વાંદણાંરે; ક્ષાયક સમકિત સાર પામ્યારે પામ્યારે, તીર્થંકર પદ પામશેરે. ॥ ૫ ॥ શીતલાચારજ શીતલાચારજ, જેમ ભાલે સહુ જગેરે; દ્રવ્ય વાંદણાં દીધ, ભાવેરે ભાવેરે, દેતાં વળી કેવળ લહ્યુંરે. ॥ ૬ ॥ એ આવશ્યક એ આવશ્યક; ત્રીજું એણીપરે જાણજોરે, ગુરૂવંદન અધિકાર કરજોરે કરજોરે, વિનય ભક્તિ ગુણવંતનીરે. ॥૭॥

ઢાળ ૪ થી.

જ્યો જિન વીરજીએ—એ દેશી.

જ્ઞાનાદિક જિનવર કહ્યા એ, એ પાંચે આચારતો; દોયવાર તે દિન પ્રતે એ, પડિક્કમીએ અતિચાર, જ્યો જિન વીરજીએ. ॥ ૧ ॥ આલોચીને પડિક્કમીએ મિચ્છામિ દુક્કડ દેયતો; મન વચ કાયા શુદ્ધ કરીએ, ચારિત્ર ચોકખુ કરેય. જ્યો૦ ॥ ૨ ॥ અતિચાર શલ્ય ગોપવેએ, ન કરે દોષ પ્રકાશતો; મચ્છી મલ્લ–તણીપરે એ, તે પામે પરિહાસ. જ્યો૦ ॥ ૩ ॥ શલ્ય પ્રકાશે ગુરૂમુખેએ હોયે તસ ભાવ વિશુદ્ધતો; તે હુશીઆર હારે નહિંએ, કરે કર્મ શું જુદ્ધ. જ્યો૦ ॥ ૪ ॥ અતિચાર એમ પડિક્કમીએ, કરો ધર્મ નિઃશલ્યતો; જિન પતાકા તેમ વરોએ, જેમ જગ ફલ્લ હિમલ્લ, જ્યો૦ ॥ ૫ ॥ વંદિત્તુ વિધિશું કહોએ, તે પડિ-

ક્રમણા સુત્રતો; ચોથું આવશ્યક ઇસ્યુએ, પડિક્કમણુ સૂત્ર પવિત્ર. જયો૦ ॥ ૬ ॥

ઢાળ ૫ મી.

જન્મ જરા મરણે કરીએ—એ દેશી.

વૈદ્ય વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સાલ વિકારતો; દોષ શેષ પછી રૂઝવા એ, કરે ઓસડ ઉપચારતો. ॥ ૧ ॥ અતિચાર વણરૂઝવા એ, કાઉસગ્ગ તેમ હોય તો; નવપલ્લવ સંજમ હુએએ, દૂષણ ન રહે કોય તો. ॥ ૨ ॥ કાયાની થિરતા કરીએ, ચપલ ચિત્ત કરે હામ તો; વચન જોગ સવિ પરિહરીએ, રમીયે આતમરામ તો. ॥ ૩ ॥ સાસ ઉસાસાદિક કહ્યા એ, જે સાળે આગાર તો; તેહ વિના સવિ પરિહરોએ, દેહ તણો વ્યાપાર તો. ॥ ૪ ॥ આવશ્યક એ પાંચમું એ. પંચમી ગતિ દાતાર તો, મન શુદ્ધે આરાધીએ એ, લહીએ ભવનો પાર તો. ॥ ૫ ॥

ઢાળ ૬ ઠી.

ચેતન જ્ઞાન અજુઆલીએ.—એ દેશી,

સુગુણ પચ્ચખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે. આહારની લાલચ પરિહરો. ચતુર તું ચિત્તમાં ચેત રે. સુગુણ૦ ॥ ૧ ॥ સાલ કાઢયું વ્રણ રૂઝવ્યું ગઇ વેદના દુરરે, પછી ભલાં પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂરરે, સુગુણ. ॥ ૨ ॥ તેમ પડિક્કમણ કાઉસગ્ગથી, ગયો દોષ સવિ દુષ્ટ રે, પછી પચ્ચકખાણ ગુણધારણે, હોયે ધર્મ તણી પુષ્ટ રે. સુગુણ. ॥ ૩ ॥ એહથી કર્મ કાદવ ટળે

એહ છે. સંવર રૂપરે, અવિરતિ કુપથી ઉધરે તપ અકલંક સરૂપરે. સુગુણ૦ ॥ ૪ ॥ પૂર્વ જન્મે તપ આચર્યો વિશલ્યા થઈ નારરે; જેહના ન્હવણુના નીરથી, શમે સકલ વિકારરે સુગુણ૦ ॥ ૫ ॥ રાવણે શક્તિ શસ્ત્રે હણ્યો, પડ્યો લક્ષ્મણ સેજરે, હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે, સુગુણ૦ ॥ ૬ ॥ છઠ્ઠું આવશ્યક જે કહ્યું, એહવું તે પચ્ચખાણુરે, છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તેહ જગભાણુરે સુગુણ૦ ॥ ૭ ॥

કળશ.

તપગચ્છ નાયક મુક્તિ દાયક, શ્રી વિજય દેવ સૂરિશ્વરો; તસ પદ દીપક મોહ જીપક, શ્રી વિજય પ્રભુ સૂરિ ગણુધરો. ॥ ૧ ॥ શ્રી કિર્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનય વિજય વાચક કહે; ષડાવશ્યક જે આરાધે, તેહ શિવસંપદ લહે. ॥ ૨ ॥

પુખણાં.

ઉઠ ઉઠ તુવેવણુ ઉંઘતજી, વરઆવ્યો તોરણ સાજ સજી, સવાલાખ નગારાંની ધુસપડી, પુંખવાની જાય છે એહ ઘડી. ॥ ૧ ॥ કોઇ જાણુકરો પિછાણુ કરો, તુમે પગલુ આવી બહાર ધરો, અમને ઉભાં ઘણી વાર થઇ, વેવણને ખબરકરો કોઈ જઈ. ॥ ૨ ॥ વેવણ લેજે તુ લાવો ઘણો, તારે બારણે અવસર વિવાહ તણો, તું પેઠી છે ઘરને ખુણે, કંચન મણી માંણેક થાળ લહે. ॥ ૩ ॥ આ અવસર તું કેમ થઇ ઘાંઘી; તુજ આંગણ ત્રિભુવન પતિ કયાંથી, દેવને

દર્શન દુર્લભ જેહનું, સેજે મળવું થાય છે તેહનુ. ॥ ૪ ॥ સહુ ઇંદ્ર કરે તેહની સેવા, એનુ દર્શન જેમ મીઠા મેવા, ઉઠ ઉઠ તુ વહેલી આવ વહેલી, આકામમાં હમણાં જઇને ભેળી. ॥૫॥ ઇંદ્રનો ભંડાર ઘણોજ ભર્યો, મણી કંચન કરીને જેહવો ઠર્યો, વલી જોઇએ તે માગીલેજે, તોરણે જોઇએ તે સહુંને દેજે. ॥૬॥ વેવાઇથી હામ રખે ખોતી, આડુ અવળું તું શું ફરે જોતી, ઇંદ્રાણિએ ભીડ કરી તાશ, તેણે વાત બની આવી ભારી. ॥ ૭ ॥ તેતો જાણતાં દીકરી દિધી હતી, શોભા રહેશેરે ઇંદ્રાણિ વતી, તારે મંદીર આવ્યો ત્રીજગ ધણી, ઉઠ ઉઠ તુ વહેલી થઈ છે ઘણી ॥ ૮ ॥ તવ સાંભળી કહે માસી સાસુ, એમ ખોટી થાઓ છો શું, ફાસુ વિવેકનાં કારણ છે વહેલાં, પારકે ઘેર દીશો છો પહેલાં, ॥ ૯ ॥ એમ મોટો બોલ ન બોલો બહુ, પડે કારજ જાણો ત્યારે સહુ, ઘર ઘરની વાતો છે સહેલી, માથે પડી વહેવી દોહલી. ॥ ૧૦ ॥ શી તણી વિધિ મે વરણી, હવે આવે પરસન જીતની ઘરણી, ઇંદ્રાણી સમ સણગાર ધરી, મણી મુકતાફળનો થાળ ભરી, ॥૧૧॥ ગજરાજની પેરે ચાલ ચાલતી, શ્રીફળ સહુંને અલાવતી, ઇંદ્રાણીઓ મંગળ ગાવતી, એમ સુર સુપ્રભુ પધાવતી, ॥ ૧૨ ॥

ઢાળ ૨ જી.

જીરે ઇંદ્રાણી પુછે વેવાણનેરે, જીરે શી કરી કરણી તુમે તેહ, પ્રભુને કેમ પુખીએરે, જીરે પહેલુ તે ઝુસરૂ આદરૂરે, જીરે ઝુસરૂ ગાડલે હોય, ઝુસરે કેમ પુખીએરે, જીરે ઝુસરે ધાંન ઘણું નીપજેરે, જીરે મંગળ રૂપી તેહોય,

ઝુસરે પ્રભુ પુંખીએરે. ।। ૧૩ ।। જીરે બીજુતે મુસળુ આદરૂરે, જીરે મુસળુ ઉખળે હોય, મુસળે કેમ પુખીએરે, જીરે મુસળે તંદુળ નીપજેરે, જીરે મંગળ રૂપી તે હોય, મુસળે પ્રભુ પુંખીએરે. ।।૧૪।। જીરે ત્રિજે તે રવૈયો આદરોરે, જીરે રવૈયેથી ઘૃત ઘણુ નીપજેરે, જીરે મંગળ રૂપી તે હોય, રવૈયે પ્રભુ પુખીએરે. ।।૧૫।। જીરે ચોથો ત્રાક તેં આદર્યોરે, જીરે ત્રાક તે રેટીએ હોય; ત્રાકે કેમ પુખીએરે, જીરે ત્રાકથી સુતર નીપજેરે; જીરે મંગળ રૂપી તે હોય, ત્રાકે પ્રભુ પુખીએરે. ।। ૧૬ ।। જીરે પાંચમો સરાઇઓ આદર્યોરે, જીરે સરાઇઓ તે હુંડીને હોય, સરાઇએ કેમ પુખીએરે; જીરે સરાઇઆથી વસ્તુ સર્વે નીપજેરે, જીરે મંગળરૂપી તે હોય, સરાઇએ પ્રભુ પુખીએરે. ।। ૧૭ ।। જીરે ઇંડી પીંડી શિવજીને હોય, ઇંડીએ કેમ પુખીએરે; જીરે ઇંડી પિંડી ક્ષેત્રની રક્ષા કરેરે, જીરે મંગળરૂપી તે હોય, ઇંડી પિંડીથી પ્રભુ પુંખીઆરે. ।। ૧૮ ।। જીરે પાંચ એ મંગળ પરવરાંએ, જીરે આદરે એ સઘળાં લોક; પ્રભુને અમે પુખીઆરે; જીરે તેહ કારણ અમે સવી કર્યાંરે, જીરે શું જાણે દેવતા લોક, પ્રભુને અમે પુખીઆરે. ।। ૧૯ ।। જીરે સાંભળી ઈંદ્ર નૃપ હરખીઆરે, જીરે હરખ્યો તે સકલ પરિવાર; પ્રભુને અમે પુખીઆરે, જીરે ભૂષણ તંબોળ છાંટણાંરે, જીરે વહુને ભૂષણ દીએ સાર, પ્રભુને અમે પુંખીઆરે. ।। ૨૦ ।। જીરે ઘાટડી કંઠે આરોપીનેરે, જીરે ખામીઆ પ્રભુને ઉત્સાહ; પ્રભુને અમે પુખીઆરે; જીરે માત્રિકા ગોત્રિકા થાપીએરે જીરે લાવીઆ રંગભર તેહ. પ્રભુને અમે પુંખીઆરે. ।। ૨૧ ।।

શ્રી નેમિનાથના નવભવનું સ્તવન.

નેમિ પ્રભુ આવ્યારે, સહસાવનકે મેદાન, કરૂણા લાવ્યારે, જિનપદ નામકે નિદાન, કૃષ્ણજી વંદન કેરે કામ, દેઈ વનપાળકને બહુ દાન, સાથે સેના લઈ અભિરામ, પ્રભુજી પેખીરે; પંચાભિગમ પ્રકાર, વંદના કીધીરે, માને સફલ અવતાર, દેશના દીધીરે, પ્રભુજીએ ભવિ ઉપકાર. નેમિ૦ ॥ ૧ ॥ કૃષ્ણજી પૂછે પ્રભુને એમ, રાજુલને તુમ ઉપર પ્રેમ; અરિહા નેમિજીન બોલ્યા એમ, નવભવ કેરીરે, વાત સુણોને કહાન, ધુરે ભવે ધારોરે, ધન્ય ધનવતી અભિધાન, સમકિત સારૂંરે, પામ્યા મોક્ષ નિદાન. નેમિ૦ ॥ ૨ ॥ ધનદત્ત ભાઈ બીજો ધનદેવ, સમ્યક્ કરતા સંયમ સેવ, બહુ એ ઉપન્યા સોહમદેવ; નિજ નિજ પ્રીતેરે, સુખ ભોગવે સુ રસાલ, યાત્રા કરતારે, શાશ્વત ચૈત્ય વિશાલ; વિચરંતા વંદેરે, જીનવર પરમ દયાલ. નેમિ૦ ॥ ૩ ॥ વિદ્યાધર હવે ચિત્રગતિ રાય, તેહની રાણી રત્નવતી થાય, મનગતિ ચપળગતિ દોય ભાય, ત્રીજા ભવમાંરે, સુજસ કેવલીની પાસ, સમકિત પામ્યારે, દિક્ષા દમધર [1]સકાસ; ચારિત્ર પાલીરે, ઉપન્યા માહેંદ્ર સુરવાસ. નેમિ૦ ॥ ૪ ॥ હવે પંચમ ભવ ઉપન્યા જેહ; અપરાજીત કુમર ગુણ ગેહ; પ્રીતિમતી તસ રાણી જેહ, તેણે ભવે કીધોરે, બહું જનને ઉપકાર, પૃથ્વી ભમતાંરે, મળીયા કેવળી અણગાર, મિત્રને સાથેંરે, પ્રણમ્યા ભક્તિ ઉદાર. નેમિ૦ ॥ ૫ ॥ કેવલી કહે તું સમકિતવંત, ભરતમાં

---

૧ પાસે.

બાવીશમો અરિહંત, વિમલબોધ ગણધર એતંત; સુર-
સોમ નામેરે; ભાઈ તે પણ ગણધાર, સાંભલી પામ્યારે,
હરખ અપાર, અનુક્રમે ભુઝયારે, લીધો સંયમ ભાર.
નેમિ૦ ॥ ૬ ॥ ચારિત્ર પાલી નિરતિચાર; આરણ દેવ-
લોકમાં અવતાર, પાંચે જણમાં પ્રીતિ અપાર, લીધો તિહાં-
થીરે; શ્રીમતી કુખે અવતાર, હથિણા ઉરેરે, નામે શંખ
કુમાર; તેજ બળ રૂપેરે, સૂરજ શશિ અનુકાર. નેમિ૦
॥ ૭ ॥ સુર નર નારી જસ ગુણ ગાય; જસ કીર્તિ કાંઇ
કહી નવ જાય, ધનવતી જીવ યશોમતી થાય; મતીપ્રભ
મંત્રીરે, જીવ વિમલબોધ નામ, તિણે ભવેં વાંદ્યારે શા-
શ્વત ચૈત્ય ઉદ્દામ, બહુવલી પરણ્યારે; વિદ્યા ધરી રૂપ નિ-
ધાન. નેમિ૦ ॥ ૮ ॥ જસધર ગણધર નામે ભાય, ઉ-
પન્યા હવે શ્રીષેણ જે તાય, દીક્ષા લહીને કેવલી થાય;
તાતની પાસેરે, થયા પાંચે મુનિરાય; ચારિત્ર પાળેરે, આઠે
પ્રવચન માય, શંખમુનિ સિદ્ધેરે, વીશસ્થાનક સુખદાય.
નેમિ૦ ॥ ૯ ॥ કરે નિકાચિત જીનપદ નામ; અણસણ
આદરે સહુ તિણે ઠામ, પાદપોપ નામે ગુણ કામ, અપ-
રાજિતેરે; આયુ સાગર બત્રીશ, અનુત્તરે હુવારે, દેવ સદા
સુ જગીશ; તિહાંથી ચવીયારે, સુણ યાદવના અધીશ.
નેમિ૦ ॥ ૧૦ ॥ ઇણભવ અભિધા નેમિકુમાર, રાજીમતી
નામે એ નાર; ક્ષીણભોગ હુઆ એણે સંસાર, તિણે નવિ
પરણ્યોરે; વળીઓ તોરણથી એમ, રાજુલ વિનવેરે; નવ
ભવનો ધરી પ્રેમ, સહુ પડિબોહ્યારે; ગણધર પદ લહ્યા
ક્ષેમ. નેમિ૦ ॥ ૧૧ ॥ પ્રેમે દુઃખિયા હોવે સંસાર, પ્રેમે
ઘેલા હોવે નરનાર; પ્રેમે મૂકે સવી આચાર, પ્રેમ વિલુ-

દ્વારે; માનવી કરે ઝંપાપાત, અગ્નિમાં પેસેરે, મૂર્છાને જલપાત; ગલે દીયે ફાંસોરે, પ્રેમની કંઈ કરૂં વાત. નેમિ૦ ॥ ૧૨ ॥ સાંભલી બુઝયાં કેઈ નરનાર, રાજુલ લીધાં મહાવ્રત ચાર; પામી કેવલજ્ઞાન ઉદાર, પ્રભુજી પહેલાંરે પહોંચી મુક્તિ મઝાર; પ્રભુ વિચરંતારે, અનુક્રમે આવ્યા ગિરનાર; મુનિવર વૃંદેરે, પરવર્યા જગત આધાર. નેમિ૦ ॥ ૧૩ ॥ પાંચસે છત્રીશ મુનિ પરિવાર, રુંધી યોગ અનેક પ્રકાર; સમય એક ઉર્ધ્વ ગતિસાર, સિદ્ધિ વરીયારે; છોડી સકળ જંજાળ, સહજાનંદીરે; સાદિ અનંતો કાલ, નિજગુણ ભોગીરે; આત્મશક્તિ અજુઆલ, નેમિ૦ ॥૧૪॥ જિહાં નિજ એક અવગાહન હોય, તિહાં રહે સિદ્ધ અનંતા જોય; કેઇને બાધા ન કરે કોય, નિજ નિજ સત્તારે; નિજ નિજ પાસે હવંત, કેઇની સત્તારે; કેઇમાં ન ભળે એ તંત, નિશ્ચય નયથીરે, આત્મક્ષેમ રહંત. નેમિ૦ ॥૧૫॥ વ્યવહારે રહીયાં જોયંત, દંપતી એમ થયાં સુખવંત, પ્રેમે પ્રણમો ભવિ ભગવંત, પ્રભુજી ગાયારે, સાગર અગ્નિ ગજ ચંદ્ર, સવંત જાણોરે, કાર્તિક વદિ સુખકંદ, પોષાળ પાડેરે; પાટણ રહી શીવાનંદ. નેમિ૦ ॥ ૧૬ ॥ સાતમ દિન સૂરજસુતવાર, જીનજી ઉત્તમ ગુણ ગણધાર, બ્રહ્મચારી માંહે શિરદાર; તેહના પ્રણમુંરે, ભાવેં લળી લળી પાય, શિવપદ માગુંરે, ફરી ફરી ગોદ બિછાય. એણીપરેં ગાયારે પદ્મવિજય જીનરાય. નેમિપ્રભુ૦ ॥ ૧૭ ॥ ઇતિ.

શ્રી સિદ્ધાચલનું સ્તવન.

સંઘપતિ ભરત નરેશ્વર, શત્રુંજયગિરિ આવેરે લોલ, અહો શત્રુંજય ગિરિ આવેરે લોલ; સોવન દેરાસર વળી, આગળ પધરાવેરે લો. અહો૦ વાસવ પ્રમુખ સુરાગ્રહુ, સાથેં તિહાં સોહેરે; લો૦ અહો૦ વંશ ઇક્ષ્વાકુ સોહાવીઓ, ત્રિભુવન મન મોહેરે. લો૦ અહો૦ સંઘપતિ૦ ॥ ૧ ॥ બાહુબળ આદેં કરી, કોડી મુનિવર મળીયારે લો૦ અહો૦ જ્ઞાની ગણધર જાણીયેં, નમિ વિનમિ બળીયારે લો૦ અહો૦ સોમયશા આદિ દઈ, મહીધર રથ વાળારે લોલ. અહો૦ સામંત મંત્રી અધિપતિ, માની મચ્છરાળારે લો૦ અહો૦ સંઘપતિ૦ ॥ ૨ ॥ શ્રાવકને વલી શ્રાવિકા, વર અણુવ્રત ધારીરે લો૦ અહો૦ કનકસેનાદિક સાધવી, વ્રતિની વ્રત ધારીરે લો૦ અહો૦ ચતુરંગસેનાએ પરિવર્યા, છત્ર ચામર ધારારે લો૦ અહો૦ અઢળક દાનને વરસતા, જેમ સજલ જલધારારે લો૦ અહો૦ સંઘપતિ૦ ॥ ૩ ॥ સાથેં સુભદ્રાદિક બહુ, પ્રવર પટ્ટરાણીરે લો૦ અહો૦ ઇંદ્રમાળ પહેરે તિહાં, ધન્ય ધન્ય અવતારારે લો૦ અહો૦ ઓચ્છવશું ગિરિરાજની, કરે ભક્તિ અપારારે લો૦ અહો૦ શિખર શિખર ત્રિહુંકાળના, કરે જીનવિહારારે લો૦ અહો૦ સંઘપતિ૦ ॥ ૪ ॥ ગણધર નાભિ સાથેં અછે, બહુ મુનિ આધારારે લો૦ અહો૦ બિંબ પ્રતિષ્ઠા તે કરે, વિધિશું જયકારારે લો૦ અહો૦ સંઘપતિતિલક સોહાવીયું, ઇંદ્રાદિક સાખેંરે લો૦ અહો૦ સ્થાપી થાપે યશ ઘણો, જ્ઞાન વિમલ

+ સંવત ૧૮૩૭ ૧ શનિવાર.

એમ ભાખેરે લોલ. અહો૦ સંઘપતિ ભરત નરેશ્વર, શત્રુંજયગિરિ આવેરે લોલ. અહો૦ શ્રી સિદ્ધગિરિ આવેરે લોલ૦ ॥ ૫ ॥ ઇતિ.

શત્રુંજયનું સ્તવન.

ચાલો ચાલો વિમલગિરિ જઇએરે, ભવજલ તરવાને, તુમેં જયણાએં ધરજો પાયરે, પાર ઉતરવાને, ॥ એ આંકણી ॥ બાળ કાળની ચેષ્ટા ટાળી, હાંરે હુંતો ધર્મ યૌવન હવે પાયેારે, ભવ૦ ભૂલ અનાદીની દૂર નિવારી, હાંરે હુંતો અનુભવમાંલય લાયેારે, પાર ઉતારવાને. ચાલો ચાલો વિમલ૦ ॥ ૧ ॥ ભવ તૃષ્ણા સવિ દૂર કરીને, હાંરે મારી જીન ચરણે લય લાગીરે, ભ૦ સંવર ભાવમાં દિલ હવે ઠરીઉં, હાંરે મારી જીન ચરણે લય લાગીરે, પાર૦ ચાલો૦ ॥ ૨ ॥ સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એકાસણાં તપ કારીરે, ભવ૦ પડિક્કમણાં દોય વિધિ શું કરશું, હાંરે ભલી અમૃત ક્રિયા દિલધારીરે, પાર૦ ચા૦ ॥ ૩ ॥ વ્રત ઉચ્ચરશું ગુરૂની સાખેં, હાંરે હુંતો યથાશક્તિ અનુસારરે, ભવ૦ ગુરૂ સંઘાતેં ચડશું ગિરિપાજેં, હાંરે એતો ભવોદધિ બુડતાં તારેરે, પાર૦ ચા૦ વિ૦ ॥ ૪ ॥ ભવતારક એ તીરથ ફરસી, હાંરે હુંતો સૂરજ કુંડમાં નાહીરે, ભવ૦ અષ્ટ પ્રકારી શ્રી આદિજીણંદની, હાંરે હુંતો પૂજા કરીશ લય લાહીરે. પાર૦ ચા૦ ॥ ૫ ॥ તીરથપતિને તીરથ સેવા, હાંરે એતો મીઠા મોક્ષના મેવારે, ભવ૦ સાત છઠ્ઠ દોય અઠમ કરીને, હાંરે મને સ્વામીવાત્સલ્યની હેવારે. પાર૦ ચાલો૦ ॥ ૬ ॥ પ્રભુપદ પદ્મરાયણ તળે પૂજી, હાંરે હુંતો પામી-

શ હરખ અપારરે; ભવ૦ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયેં, હાંરે હું તો પામીશ સુખ શ્રીકારરે; પાર ઉતરવાને, ચાલો ચાલો વિમલગિરિ જઇએરે; ભવજલ તરવાને, તુમે જયણાએં ધરજો પાયરે, પાર ઉતરવાને૦ ॥ ૭ ॥

શ્રી શત્રુંજયનું સ્તવન.

પ્રથમ જિનેશ્વર પૂજવા, સૈયરમોરી અંગ ઉલટ ધરી આવહો, કેસરચંદન મૃગમદે, સૈયરમોરી સુંદર આંગી બનાવહો, સહેજ સલુણો મારો, શિવસુખલીનો મારો, જ્ઞાનમાં ભીનો મારો, દેવમાં નગીનો માહારો સાહિબો, સૈયરમોરી જયો જયો પ્રથમ જીણુંદહો. ॥ ૧ ॥ ધન્ય મરૂદેવી કુંખને, સૈયરમોરી વારી જાઉં વારહજાર હો; સ્વર્ગ શિરોમણિને તજી, સૈ૦ જીહાં લહે પ્રભુ અવતારહો. સહેજ૦ ॥ ૨ ॥ દાયક નાયક જન્મથી સૈ૦ લાજ્યો સુરતરૂ વૃંદ હો, યુગલા ધર્મ નિવારણો, સૈ૦ જે થયો પ્રથમ નરિંદ હો. સેહેજ૦ ॥ ૩ ॥ લોક નીતિ સવિ શીખવી, સૈ૦ દાખવા મુક્તિનો રાહ હો; રાજ્યભળાવી પુત્રને, સૈ૦ થાપ્યો ધર્મ પ્રવાહ હો. સેહેજ૦ ॥ ૪ ॥ સંજમ લેઇને સંચર્યા, સૈ૦ વરસલગે વિણ આહાર હો; શેલડી રસ સાટેદીઓ, સૈ૦ શ્રી શ્રેયાંસને સુખકાર હો. સેહેજ૦ ॥ ૫ ॥ મોહોટા મહંતની ચાકરી, સૈ૦ નિષ્ફળ કદીએ ન થાય હો; મુનિપણે નમિ વિનમિ કર્યા, સૈ૦ ક્ષણમાં ખેચર રાય હો. સેહેજ૦ ॥ ૬ ॥ જનનીને કીધું ભેટણું, સૈ૦ કેવલરત્ન અનુપહો; પેહેલાં માતાજીને મોકલ્યાં, સૈ૦ જોવા શિવવહુ રૂપ હો. સેહેજ૦ ॥ ૭ ॥ પુત્ર નવાણું પરિવર્યા, સૈ૦ ભરતના નંદન આઠ હો; અષ્ટ

કરમ અષ્ટાપદે, સૈ૦ યોગ નિરૂધ્યે નિષ્ટ હો. સેહેજ૦ ॥ ૮ ॥
તેહના બિંબ સિદ્ધાચળે, સૈ૦ પુજે પાવન અંગ હો; ખીમા-
વિજય જીન નિરખતાં, સૈ૦ ઉછળે હર્ષ તરંગહો. સેહેજ૦ ॥૯॥

ચોવીશ તીર્થંકરના આંતરાનું સ્તવન.

ચોવીસ જીનને કરી પ્રણામરે, જેથી મન વંછિત સીઝે કામરે; અવસર્પિણી આયુ ઓછું ઘણું રે, ચઉવીસ તીર્થંકરના અંતર ભણું રે. ॥ ૧ ॥ રિષભ અજિત અંતર એમ જાણુરે, પચાસ લાખ કોડી સાગર માનરે; સંભવ ત્રીસ અભિનંદન કોડી દશ લાખરે, સુમતિ નવ લાખ કોડી જીન ભાખરે. ॥ ૨ ॥ પદ્મપ્રભ કોડી નેવું હજારરે, સુપા-
ર્શ્વનાથ કોડી નવ હજારરે; ચંદ્રપ્રભ નવસો કોડી સાગર જાણુરે, સુવિધિનાથ કોડી નેવું પ્રમાણ રે. ॥ ૩ ॥ નવકોડી સાગર શીતલનાથરે, એકકોડી શ્રેયાંસ શિવપુર સાથરે; સો સાગર છાસઠ લાખ છવીસ હજારરે, વરસે ઉણે એકકોડી માંહે ધારરે. ॥ ૪ ॥ વાસુપૂજ્ય સાગર ચોપન કલ્પે સાખરે, વિમલ ત્રીસ અનંતનાથ નવ ભાખરે; ધર્મ ચાર ત્રણ શાંતિ વખાણુરે, પોણે પલ્યોપમે ઓછું આણુરે. ॥ ૫ ॥ કુથુંનાથ અધપલ્ય પાઅર સારરે, ઉણે એકકોડી વરસ હજારરે; મલ્લીનાથ એકકોડી વરસ હજારરે, મુનિસુવ્રત ચોપનલાખ ધારરે. ॥ ૬ ॥ નમિ છ લાખ નેમિ પાંચ લાખ સારરે, પાર્શ્વનાથ પોણા ચોરાશી હજારરે; અઢીસેં વરસે શ્રી મહા-
વીર સ્વામીરે, જીતવિજય નમે શીરનામીરે. ॥ ૭ ॥

શ્રી વીશ વિહરમાનનું સ્તવન.

ઋષભલંછન શ્રી સિમંધર સ્વામી, ગજયુગ મંધર અંતરજામી, હરિણ બાહુ કપિ સુબાહુ સ્વામી; રવી સુજાત પંચમા મોક્ષ કામી; વીચરંતા વીશેજીન વંદો, જેમ ભવ ભમવું દુઃખ છંડો, ॥ ૧ ॥ શશિ સ્વયંપ્રભ છઠ્ઠા જાણો; સિંહઋષભાનન સાતમા વખાણો, અનંતવીર્ય ગજ અશ્વ સુરપ્રભ નવમા, ભાનુલંછન વિશાલજીન દશમા. વિ૦ ॥ ૨ ॥ શંખ વજાધર વૃષભ ચંદ્રાનન બારમા, રાતુંકમલ ચંદ્રબાહુ તેરમા; નીલું કમળ ભુજંગ ભોગવામી, ચંદ્ર પનરમા ઇશ્વર શિવગામી. વિ૦ ॥ ૩ ॥ ભાનુ નેમિ પ્રભુજીન સોલમા, ઋષભલંછન વીરસેન સત્તરમા, ગજ મહાભદ્ર ચંદ્ર દેવજસા સારા, સાથીઓ અજિત વીર્ય લાગે પ્યારા. વિ૦ ॥ ૪ ॥ એ વીશે જીન કંચન વરણા, નામ જપતા થઇએ અવર્ણા; શ્રી ગુરૂપદ પદ્મની સેવા, જીતવં છે. નિત શિવપદ લેવા. વિ૦ ॥ ૫ ॥ ઇતિ.

અથ રીષભદેવ સ્વામીનું સ્તવન.

રિષભ જીનેશ્વર સ્વામીરે અરજી માહરી, અવધારો કાંઈ ત્રિભુવનના દેવજો, કરૂણાનંદ અખંડરે જ્યોતિ સ્વરૂપ છો; એહવા જોઇને મેં આદરી તુમ સેવજો. ॥ ૧ ॥ લાખ ચોરાશી યોનિરે વારોવાર હું ભમ્યો, ચોવીશે દંડકે ઉભગ્યું માહરું મનજો, નિગોદાદિક ફરસીરે થાવર હું થયો, એમરે ભમતો આવ્યો વિગલેંદ્રિ ઉપન્નજો. ॥ ૨ ॥ તિર્યંચ પંચેંદ્રિતણારે ભવ મેં બહુ કર્યા, ફરસી ફરસી ચઉદરાજ મહા-

રાજજો, દશે દૃષ્ટાંતે દોહિલોરે મનુષ્ય જન્મ અવતર્યો, એમરે ચડતો આવ્યો શેરીએ શિવકારજજો. ॥ ૩ ॥ જગતતણા બંધવરે જગસથ્થવાહ છો, જગતગુરૂ જગરખણ એ દેવજજો, અજરામર અવિનાશીરે જ્યોતિ સ્વરૂપ છો, સુરનર કરતા તુજ ચરણાની સેવજજો. ॥ ૪ ॥ મરૂદેવીના નંદનરે વંદના માહરી, અવધારો કાંઈ પ્રભુજી મહારાજજો, ચઉદરાજનો ઉચ્છિદ્યરે પ્રભુજી તારીએ, દીજીએ કાંઈ વંછિત ફળ જીનરાજજો. ॥ ૫ ॥ વંદના માહરી નિસુણીરે પરમ સુખ દીજીએ, કીજીએરે કાંઇ જન્મ મરણ દુખ દૂરજો, પદ્મવિજયજી સુપસાયેરે રિષભજીન ભેટીયા, જીત વંદે કઇ પ્રહ ઉગમતે સૂરજો. ॥ ૬ ॥ ઇતિ.

પરમાતમ અનુભવ પ્રકાશ પદ.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, વિસર ગઇ દુવિધા તન મનકી, અચિરાસુત ગુન ગાનમેં, હમ૦ ॥ ૧ ॥ હરિહર બ્રહ્મ પુરંદરકી રૂધિ, આવત નહિ કોઉ માનમેં, ચિંદાનંદકી મોજ મચીહે, સમતા રસકે પાનમેં. હમ૦ ॥ ૨ ॥ ઇતને દિન તું મ નાંહિ પિછાન્યો, મેરો જન્મ ગયો અજ્ઞાનમેં, અબતો અધિકારી હોઇ બેઠે, પ્રભુ ગુણ અક્ષય ખજાનમેં. હમ૦ ॥ ૩ ॥ ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં, પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે, આવત નહિ કોઉ માનમે. હમ૦ ॥ ૪ ॥ જિનહિ પાયા તિનહિ છુપાયા, ન કહે કોઉકે કાનમેં, તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ શાનમેં. હમ૦ ॥ ૫ ॥ પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ્યજયું, સો તો ન રહે મ્યાનમેં, વાચક

જસ કહે મોહ મહા અરિ, જીત લીયેા હે મેદાનમેં૦ હમ. ॥ ૬ ॥ ઇતિ

જસવિજયજી કૃત.

પ્રતિમા સ્થાપન સ્તવન.

ભરતાદિકે ઉધારજ કીધેા, શત્રુંજય મેાઝાર, સેાનાતણાં જેણે દેહરાં કરાવ્યાં, રત્નતણાં બિંબ સ્થાપ્યાં હેા, કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી૦ એ જીન વચને થાપી હેા. કુમતિ કાં પ્રતિમા ઉત્થાપી, એ આંકણી. ॥ ૧ ॥ વીર પછી બસેં નેવું વર્ષે, સંપ્રતિરાય સુજાણ; સવાલાખ જીન દેહરાં કરાવ્યાં, સવાકેાડી બિંબ સ્થાપ્યા હેા. કુમતિ૦ ॥ ૨ ॥ દ્રૌપદીએ જીન પ્રતિમા પૂજી, સૂત્રમેં શાખ ઠરાણી; છઠે અંગે વીરે ભાંખ્યું, ગણધર પૂરે સાખી હેા. કુમતિ૦ ॥ ૩ ॥ સંવત નવસેં ત્રાણું વરસેં, વિમલમંત્રીશ્વર જેહ; આબુતણાં જેણે દેહરાં કરાવ્યાં, પાંચહજાર બિંબ સ્થાપ્યાં હેા. કુમતિ૦ ॥ ૪ ॥ સંવત અગીઆર નવાણું વર્ષે, રાજા કુમારપાળ; પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાતહજાર બિંબ સ્થાપ્યા હેા. કુમતિ૦ ॥ ૫ ॥ સંવત બાર પંચાણું વર્ષે, વસ્તુપાલ તેજપાલ; પાંચહજાર પ્રાસાદ કરાવ્યા, અગીઆરહજાર બિંબ સ્થાપ્યા હેા. કુમતિ૦ ॥ ૬ ॥ સંવત બાર બહેાંતેર વર્ષે, ધનેા સંઘવી જેહ; રાણકપુર જીન દેહરાં કરાવ્યાં, કેાડ નવાણું દ્રવ્ય ખરચ્યેા હેા, કુમતિ૦ ॥ ૭ ॥ સંવત તેર એકેાતેર વર્ષે, સમરેાશા રંગ શેઠ; ઉધ્ધાર પંદરમેા શત્રુંજય કીધેા, અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યેા હેા. કુમતિ૦ ॥ ૮ ॥

સંવત પંદર સત્યાશી વરસેં, બાદશાહને વારે; ઉદ્ધાર સોલમો શત્રુંજ્ય કીધો, કર્માશાએ જશ લીધો હો. કુમતિ૦ ॥ ૯ ॥ જીન પ્રતિમા જીન સરખી જાણી, પૂજો ત્રિવિધે તુમેં પ્રાણી; જીન પ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની એ વાણી હો. કુમતિ૦ ॥ ૧૦ ॥

અથ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન.

શ્રી સીમંધર સાહેબા, અવર કુણ યુગનાથ; મારે આંગણીયે આંબો ફલ્યો, કોણ ભરેરે બાવળતરૂ બાથરે; સલુણાદેવ, સ્વામી સીમંધરદેવ. ॥ ૧ ॥ કોઇ મળેરે બલિહારીનો સાથરે સલુણાદેવ; સ્વામી સીમંધરદેવ, આડા સાયર જળેં ભર્યા; વચમાં મેરૂ પર્વત હોય, કોશ કેઇકને આંતરે, તિહાં આવી ન શકે કોયરે. સલુણા૦ ॥ ૨ ॥ મેં જાણ્યું હું આવું તુમ કને, વિષમ વિષમ વાટ અતિ દૂર; ડુંગરને દરીયા ઘણા, વચ્ચે નદિયો વહે ભરપૂરરે. સલુણા૦ ॥ ૩ ॥ મુજ હૈડું રે સંશય ભર્યું, કે આગળ કહું દીલની વાત; એકવારરે સ્વામીજી જો મળે, જોઇ જોઇ જોઉંરે વંદન કેરી વાટરે. સલુણા૦ ॥ ૪ ॥ કોઇ કહેરે સ્વામીજી આવિયા, આપું લાખ પસાય; જીભરે ઘડાવું સોનાતણી, તેહના દુધડે પખાલું પાયરે. સલુ૦ ॥ ૫ ॥ સ્વામીજી સુણુલે પેખીયા, હૈડે હરખ ન માય; ગણિ સમયસુંદરવાચક એમ ભણે, મુજને ભેટયા સીમંધર રાયરે; સલુણાદેવ, સ્વામી સીમંધરદેવ. ॥ ૬ ॥

શ્રી પાર્શ્વજિન સ્તવન.

પરમાતમ પરમેસરૂ, જગદીશ્વર જિનરાજ, જગબંધવ જગભાણુ બલિહારી તુમતણી, ભવજલધિમાંહી જહાજ ॥ ૧ ॥ તારકવારક મોહનો, ધારક નિજ ગુણરૂદ્ધિ, અતિશયવંતભદંત કૃપાલીશિવવધુ, પરણી લહી નિજ સિદ્ધિ ॥ ૨ ॥ જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત; ઇમ દાનાદિ અનંતક્ષાયિક ભાવે થયા, ગુણ તે અનંતાનંત ॥ ૩ ॥ બત્રીશ વર્ણ સમાય છે, એકજ શ્લોક મઝાર; એક વર્ણ પ્રભુ તુઝ ન માયે જગતમાં, કેમ કરી થુણીએ ઉદાર ॥ ૪ ॥ તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય; આવિર્ભાવથી તુઝ સયલ ગુણ માહરે, પ્રછન્ન ભાવથી જોય. ॥ ૫ ॥ શ્રી પંચાસરા પાસજી અરજ કરૂં એક તુઝ, તે આવિર્ભાવ થાય દયાલ કૃપાનિધિ; કરૂણા કીજેજી મુઝ. ॥ ૬ ॥ શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ; પદ્મવિજય કહે એમ લહું, શિવનગરીનું અક્ષય અવિચલ રાજ. ॥ ૭ ॥ ઇતિ. ॥

શ્રી અભિનંદન જિનવાણી મહિમા સ્તવન.

તુમે જોજો જોજોરે, વાણીનો પ્રકાશ; તુમે જોજો જોજોરે, ઉઠે છે અખંડ ધ્વનિ, જોજને સંભલાય; નરતિરિય દેવ આપણી, સહુ ભાષાયે સમજાય. તુમે૦ ॥ ૧ ॥ દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખેપે જુત્ત; ભંગતણી રચના ઘણી, કાંઇ જાણે સહુ અદભુત. તુમે૦ ॥ ૨ ॥ પય સુધાને ઇક્ષુવારિ, હારિ જાયે સર્વ; પાખંડી જન સાંભળીને,

મૂકી દીયે ગર્વ. તુમે૦ ॥ ૩ ॥ ગુણ પાંત્રીશે અલંકરી, કાંઇ અભિનંદન જિન વાણુ; સંશય છેદે અનતણા, પ્રભુ કેવલજ્ઞાને જાણુ. તુમે૦ ॥ ૪ ॥ વાણી જે જન સાંભળે, તે જાણે દ્રવ્ય ને ભાવ; નિશ્ચયને વ્યવહાર જાણે, જાણે નિજ પરભાવ. તુમે૦ ॥ ૫ ॥ સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાનને આચાર; હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વાતત્વ વિચાર. તુમે૦ ॥ ૬ ॥ નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યયને ઉત્પાદ; રાગદ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ. તુમે૦ ॥ ૭ ॥ નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ; ચિદાનંદઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુમે૦ ॥૮॥ વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ; નિયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ. તુમે૦ ॥ ૯ ॥

શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

(રાગ-કેદારો-ધમ ધનો ધનને પરચાવે-એ દેશી.)

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી ઇમ કીજેરે; અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજેરે. સુ૦ ॥ ૧ ॥ દ્રવ્યભાવ શુચિભાવ ધરીને, હરખે દેહરે જઇયેરે; દહતિગ પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇયેરે. સુ૦ ॥ ૨ ॥ કુસુમ અક્ષત વરવાસ સુગંધો, ધુપદીપ મન સાખીરે; અંગ પૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરૂમુખ આગમ ભાખીરે. સુ૦ ॥ ૩ ॥ એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતરને પરંપરરે; આણાપાલણ ચિત્ત પ્રસન્ને, સુગતિ સુગતિ સુર મંદિરરે. સુ૦ ॥ ૪ ॥ કુલ અક્ષતવર

ધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરીરે; અંગ અગ્ર પૂજામિલિ અડવિધ, ભાવે ભવિક સુભગતિ વરીરે. સુ૦ ॥ ૫ ॥ સત્તરભેદ એકવીશ પ્રકારે, અષ્ટોત્તરશત ભેદેરે; ભાવ પૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે. સુ૦ ॥ ૬ ॥ તુરિય ભેદ પડિવતિ પૂજા, ઉપશમ ખીણ સયોગીરે; ચઉહા પૂજા ઇમ ઉત્તરા ઝયણે, ભાખી કેવળ ભોગીરે. સુ૦ ॥ ૭ ॥ ઇમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણીરે; ભવિક જીવ કરસ્યે તે લહિસ્યે, આનંદઘનપદ ધરણીરે. સુ૦ ॥ ૮ ॥

શ્રી વાસુપૂજ્યજિન સ્તવન

(પ્રથમ ગોવાળાતણે ભવેજી—એ દેશી.)

વાસવવંદિત વંદિએજી, વાસુપૂજ્ય જિનરાય; માનું અરૂણ વિગ્રહ કર્યોજી, અંતરરિપુજયકાર ગુણાકર, અદ્‌ભૂત તહારીરે વાત, સુણતાં હોય સુખસાત; ગુ૦ ॥ ૧ ॥ અંતર રિપુક્રમ જય કર્યોજી, પામ્યો કેવળજ્ઞાન, શૈલેશીકરણે દહ્યાંજી, શેષકર્મ સુહઝાણ, ગુ૦ ॥ ૨ ॥ બંધન છેદાદિક થકીજી, જઈ ફરસ્યો લોકાંત, જિહાં નિજ એક અવગાહનાજી, તિહાં ભવ મુક્ત અનંત; ગુ૦ ॥ ૩ ॥ અવગાહના જે મુળછેજી, તેહમાં સિદ્ધ અનંત; તેહથી અસંખ્યગુણા હોયેજી, ફરસિત જિન ભગવંત, ગુ૦ ॥ ૪ ॥ અસંખ્ય-પ્રદેશ અવગાહનાજી, અસંખ્યગુણ તિણે હોય, જ્યોતિમાં જ્યોતિ મિલ્યા પરેજી, પણ સંકીર્ણ ન કોય, ગુ૦ ॥ ૫ ॥ સિદ્ધ બુદ્ધ પરમાતમાજી, આધિ વ્યાધિ કરી દુર; અચળ અમલ નિકલંક તુંજી, ચિદાનંદ ભરપૂર ગુ૦ ॥ ૬ ॥ નિજ

સ્વરૂપમાંહિ રમેજી, ભેળા રહત અનંત; પદ્મવિજય તે સિદ્ધનું જી, ઉત્તમ ધ્યાન ધરંત. ગુ૦ ॥ ૭ ॥

શ્રી અનંતનાથજિન સ્તવન.

(રાગ–રામગીરી કડખો.)

ધાર તરવારની સોહિલી દોહિલી, ચૌદમા જિનતણી ચરણ સેવા; ધારપર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર-પર રહે ન દેવા, ધા૦ ॥ ૧ ॥ એક કહે સેવીયે વિવિધ કિરિયા કરી, ફળ અને કાંત લોચન ન દેખે; ફળ અને કાંત કિરિયા કરી બાપડા, રડવડે ચારગતિમાંહિ લેખે. ધા૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્વની વાત કરતાં ન લાજે; ઉદરભરણાદિ નિજકાજ કરતાં થકાં; મોહ નડિયા કલિકાલ રાજે. ધા૦ ॥ ૩ ॥ વચન નિરપેક્ષ વ્ય-વહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો, વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઇ રાચો, ધા૦ ॥ ૪ ॥ દેવગુરૂધર્મની શુદ્ધિ કહો કિમ રહે, શુધ્ધ શ્રધ્ધાન આણો; શુધ્ધ શ્રધ્ધાન વિણ સર્વ કિરિયા કરી, છારપરે લીંપણો તેહ જાણો. ધા૦ ॥ ૫ ॥ પાપ નહી કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહી કોઈ જગસૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો ધાર તરવારની ॥ ૬ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષે-પથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે, તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજપાવે. ધાર૦ ॥૭॥

શાંતિજિન સ્તવન.

શાંતિ જીનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદો રે; મુખને મટકે લોચન લટકે; મોહ્યા સુરનર વૃંદો રે.

શાંતિ૦ ॥ ૧ ॥ મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ ઘટા જેમ મોરા રે; તિમ જીન પ્રતિમા નિરખી હરખું, વલી જેમ ચંદ્ર ચકોરા રે. શાં૦ ॥ ૨ ॥ જીન પ્રતિમા શ્રી જીનવરે ભાંખી, સૂત્ર ઘણાં છે સાખી રે; સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષી રે. શાં૦ ॥ ૨ ॥ રાયપસેણી પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિત ધારી રે; જીવાભિગમેં પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાં૦ ॥ ૪ ॥ જીનવરબિંબ વિના નવિ વંદું, આણુંદજી એમ બોલે રે; સાતમે અંગે સમકિત મૂલેં, અવર નહિ તસ તોલે રે. શાં૦ ॥ ૫ ॥ જ્ઞાતાસૂત્રેં દ્રોપદી પૂજા, કરતી શિવસુખ માગે રે; રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્ર માંહે રાગે રે. શાં૦ ॥ ૬ ॥ વિદ્યાચારણ મુનિવરે વંદી, પડિમા પાંચમે અંગે રે, જંઘાચારણ મુનિવરે વંદી, જીન પડિમા મનરંગે રે. શા૦ ॥ ૭ ॥ આર્યસુહસ્તિ સૂરિ ઉપદેશે, આવો સંપ્રતિ રાય રે; સવા કોડી જીનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માય રે, શાં૦ ॥ ૮ ॥ મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે; જાતિસ્મરણમેં સમકિત પામી, વરીયો શિવસુખ સારરે. શાં૦ ॥ ૯ ॥ ઈત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્રમાંહે સુખકારી રે; સૂત્રતણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે. શાં૦ ॥ ૧૦ ॥ તે માટે જીન આણાધારી, કુમતિ કદાગ્રહ નિવારી રે; ભકિત તણાં ફલ ઉતરાધ્યયને; બોધિબીજ સુખકારી રે. શાં૦ ॥ ૧૧ ॥ એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જીનરાયારે; મુજ મન મંદિરિયેં પધરાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે. શાં૦ ॥ ૧૨ ॥ જીન ઉત્તમ પદ રૂપ અનુપમ,

કીર્તિ કમલાની શાલારે; જીવવિજય કહે પ્રભુજીની ભકિત કરતાં મંગલ માલારે, શાં૦ ॥ ૧૩ ॥

વેદની કર્મ નિવારક પૂજા

ઢાલ ૫ મી.

(ચતુરો ચેતો ચૈતનાવલી—એ દેશી.)

સાંભળજો મુનિ સંયમ રાગે, ઉપશમ શ્રેણી ચડીયારે; શાતા વેદની બંધ કરીને, શ્રેણીથકી તે પડીયારે. સાંભળજો૦ ॥ ૧ ॥ ભાખે ભગવઇ છઠ્ઠું તપ આકી, સાત લવાયુ ઓછેરે, સર્વારથ સિદ્ધે મુનિ પહોત્યા; પૂર્ણાયુ નવિ છોછેરે. સાં૦ ॥ ૨ ॥ શય્યામાં પોઢયા નિત્ય રહેવે, શિવમારગ વિસામોરે; નિર્મલ અવધિજ્ઞાને જાણે, કેવલી મન પરિણામોરે. સાં૦ ॥ ૩ ॥ તે શય્યા ઉપર ચંદરવે, ઝુંબખડે છે મોતીરે; વચલું મોતી ચોસઠ મણનું, ઝગમગ જાલિમ જ્યોતિરે. સાં૦ ॥ ૪ ॥ બત્રીસ મણનાં ચઉ પાખડીયાં, સોલમણાં અડ સુણીયારે; આઠમણાં સોલસ મુક્તાફલ, તેમ બત્રીસ ચઉમણીયારે. સાં૦ ॥ ૫ ॥ દો મણ કેરાં ચોસઠ મોતી, ઇગસય અડવીસ મણીયારે; દોસય ને વલી ત્રેપન મોતી, સર્વ થઇને મલીયારે. સાં૦ સાં૦ ॥ ૬ ॥ એ સઘલાં વિચલા મોતીશું, આફ્રેડે વાયુ યોગેરે; રાગ રાગિણી નાટક પ્રગટે, લવ સત્તમસુર ભોગેરે. સાં૦ ॥ ૭ ॥ ભુંજ તરસ છીપે રસ લીના, સુરસાગર તેત્રીસરે; સાતા લહેરમાં ક્ષણ ક્ષણ સમરે વીરવિજય જગદીશરે. સાં. ॥૮॥

॥ ઇતિ શ્રી સ્તવન સંપૂર્ણં. ॥

સ્તુતિ થોયોનો સંગ્રહ.

બીજની સીમંધરજિન સ્તુતિ.

અજવાળી બીજ સોહાવે રે, ચંદા રૂપ અનુપમ લાવે રે; ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, સીમંધરને વંદણા કહેજો રે. ॥ ૧ ॥ વીશ વિહરમાન જિનને વંદું રે, જિન શાસન પૂજી આણું રે; ચંદા એટલું કામજ કરજો રે, સીમંધરને વંદણા કહે જો રે. ॥ ૨ ॥ સીમંધર જિનની વાણી રે, તે તો અમિય પાન સમાણી રે; ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે. ॥ ૩ ॥ સીમંધર જિનની સેવા રે, તે તો શાસન ભાસન મેવા રે; ચંદા હોજો સંઘના ત્રાતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ॥ ૪ ॥

બીજની સ્તુતિ.

જંબૂદ્વીપે અહોનિશ દીપે, દોય સૂર્ય દોય ચંદાજી; તાસ વિમાને શ્રી ઋષભાદિક, શાશ્વતા શ્રી જિનચંદાજી ॥ તેહ જાણી ઉગતે શશિ નિરખી, પ્રણુમે ભવિજન ચંદા જી; બીજ આરાધો ધર્મની બીજે, પૂજી શાંતિ જિણુંદા જી ॥ ૧ ॥ દ્રવ્ય ભાવ દોય ભેદે પૂજો, ચોવીશે જિનચંદા જી; બંધન દોય દુર કરીને, પામ્યા પરમાણુંદા જી ॥ દુષ્ટ ધ્યાન દોય મત્ત મતંગજ, ભેદન મત્ત મહેંદા જી; બીજ

તણે દિન જે આરાધે, જેમ જગ મહા ચિરનંદા જી ॥ ૨ ॥
દ્વિવિધ ધર્મ જિનરાજ પ્રકાશે, સમવસરણ મંડાણ જી;
નિશ્ચય ને વ્યવહાર બેહુશું. આગમ મધુરી વાણ જી ॥
નરક તિર્યંચ ગતિ દોય ન હોવે, બીજ તે જે આરાધેજી;
દ્વિવિધ દયા ત્રસ સ્થાવર કેરી, કરતાં શિવસુખ સાધેજી
॥ ૩ ॥ બીજ વંદન પર ભૂષણ ભૂષિત, દીપે લલવટી ચંદાજી
ગરૂડ જક્ષ નારી સુખકારી, નિર્વાણી સુખ કંદા જી ॥ બીજ
તણો તપ કરતાં ભવીને; સમક્તિ સાંનિધ્યકારીજી; ધીરવિમળ
શિષ્ય કહે ઇણ વિધ શીખ, સંઘના વિઘ્ન નિવારીજી. ॥ ૪ ॥

પંચમીની સ્તુતિ.

નેમિ જિનેશ્વર પ્રભુ પરમેશ્વર, વંદો મત ઉલ્લાસ
જી ॥ શ્રાવણ શુદ પંચમી દિન જન્મ્યા, હુઓ ત્રિજગ
પ્રકાશજી ॥ જન્મ મહોત્સવ કરવા સુરપતિ, પાંચ રૂપ
કરી આવે જી ॥ મેરૂશિખર પર ઓચ્છવ કરીને, વિબુધ
સયલ સુખ પાવે જી ॥ ૧ ॥ શ્રી શત્રુંજય ગિરનાર વંદું,
કંચનગિરિ વૈભારજી ॥ સંમેતશિખર અષ્ટાપદ આબુ, તારં-
ગાગિરિને જુહાર જી ॥ શ્રી ફલવર્દ્ધિ પાસ મંડોવર, શંખેશ્વર
પ્રભુ દેવ જી ॥ સકલ તીર્થનું ધ્યાન ધરીને, અહોનિશ
કીજે સેવ જી ॥ ૨ ॥ વરદત્ત ને ગુણમંજરી પ્રબંધ, નેમિ
જિનેશ્વર દાખ્યો જી ॥ પંચમી તપ કરતાં સુખ પામ્યા,
સૂત્ર સકળમાં ભાખ્યો જી ॥ નમો નાણસ્સ એમ ગુણણું
ગુણીએ, વિધિ સહિત તપ કીજે જી ॥ ઉલટ ધરી ઉજ-
માણું કરતાં, પંચમી ગતિ સુખ લીજે જી ॥ ૩ ॥ પંચમીનું
તપ જે નર કરશે, સાનિધ્ય કરે અંબાઈ જી ॥ દોલત

દાયી અધિક સવાઇ, દેવી દે ઠકુરાઇ જી ।। તપગચ્છ અં-
બર દિનકર સરિખો, શ્રી વિજયસિંહસૂરીશ જી ।। વીરવિજય
પંડિત કવિરાજા, વિબુધ સદા સુજગીશજી ।। ૪ ।।

પંચમીની સ્તુતિ.

તીર્થંકર શ્રીવીર જિણુંદા, સિદ્ધારથ કુળ ગગન દિ-
ણુંદા, ત્રિશલા રાણી નંદા ।। કહે જ્ઞાનપંચમી દિન સુખ-
કંદા, મતિશ્રુતાવરણી મટે ભવ ફંદા, અજ્ઞાણ કુંભી મયંદા
।। દુગ ચઉ ભેદ અઠ્ઠાવીશ વૃંદા, સમકિત મતિથી ઉલ્લસે
આનંદા, છેટે દુર્ગતિ દંદા ।। ચૌદ ભેદ ધારો શ્રુતચંદા,
જ્ઞાની દોયના પદ અરવિંદા, પૂજે ભાવ અમંદા ।। ૧ ।।
અવતરીયા સવિ જગદાધાર, અવધિ જ્ઞાન સહિત નિર્ધાર,
પામો પરમ કરાર ।। માગશર શુદિ પંચમી દિન સાર,
શ્રાવણ શુદિ પંચમી શુભ વાર, સુવિધિ નેમ અવતાર
।। ચૈત્ર વદિ પંચમી ઘણી શ્રીકાર, ચંદ્રપ્રભ ચ્યવન મંગલ
વિસ્તાર, વર્તો જય જયકાર ।। ત્રીજા જ્ઞાન દર્શન ભંડાર,
દેખે પ્રગટ દ્રવ્યાદિક ચાર, પુણ્ય અનંત અધિકાર ।। ૨ ।।
વૈશાખ વદ પંચમા મન આણી, કુંથુનાથ સંયમ ગુણ-
ઠાણી, થયા મનઃપર્યવ નાણી ।। દીક્ષા મહોત્સવ અવસર
જાણી, આવે સુરપતિ ઘણી ઇંદ્રાણી, વંદે ઉલટ આણી ।।
વિચરે પાવન કરતા જગ પ્રાણી, અધ્યાતમ ગુણશ્રેણી વખાણી
સ્વરૂપ રમણ સહી નાણી ।। અપ્રમાદી ઋદ્ધિવંતા પ્રાણી
નમો નાણી તે આગમ વાણી, સાંભળી લહો શિવ રાણી
।। ૩ ।। કાર્તિક વદી પંચમી દિન આવે કેવળ જ્ઞાન સંભવ
જિન પાવે, પ્રભુતા પુરણ થાવે અજિત સંભવ જિન

અનંત સોહાવે; ચૈત્ર શુદિ પંચમી મુક્તિ કહાવે, જેષ્ટ શુદિ તે તિથિ દાવે ।। ધર્મનાથ પરમાનંદ પાવે, શાસન સૂરિ પંચમી વધાવે, ગીત સરસ કેઇ ગાવે સંઘ સકળ ભણી કુશળ બનાવે, જ્ઞાન ભક્તિ બહુમાન જણાવે, વિજયલક્ષ્મી સૂરિ પાવે ।। ૪ ।।

પંચમીની સ્તુતિ.

પાંચમને દિન ચોસઠ ઇંદ્રે, નેમિ જિન મહોત્સવ કીધો જી ।। રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધો જી ।। અંજન સ્તન સમ કાયા દીપે; શંખ લંછન સુપ્રસિદ્ધો જી ।। કેવળ પામી મુક્તિ પહોંચ્યાં, સઘળાં કારજ સીધ્યાં જી ।। ૧ ।। આબુ અષ્ટાપદ ને તારંગા, શત્રુંજય ગિરી સોહે જી ।। રાણકપુર ને પાર્શ્વ શંખેશ્વર, ગિરનારે મન મોહેજી ।। સંમેતશિખર ને વળી વૈભારગિરિ, ગોડી થંભણ વંદોજી ।। પંચમીને દિન પુજા કરતાં, અશુભ કર્મ નિકંદો જી ।। ૨ ।। નેમિ જિનેશ્વર ત્રિગડે બેઠા, પંચમી મહિમા બોલે જી ।। બીજા તપ જપ છે અતિ બહોળા, નહીં કોઈ પંચમી તોલે જી ।। પાટી પોથી ઠવણી કવળી, નોકરવાળી સારી જી ।। પંચમીનું ઉજમણું કરતાં, લહીએ શિવવધૂ પ્યારી જી ।। ૩ ।। શાસન દેવી સાંનિધ્ય કારી, આરાધે અતિ દીપેજી ।। કાને કુંડળ સુવર્ણ ચૂડી, રૂપે રમઝમ દીપે જી ।। અંબિકાદેવી વિઘ્ન હરેવી, શાસન સાંનિધ્ય કારી જી ।। પંડિત હેતવિજય જયકારી, જિન જપે જયકારી જી ।। ૪ ।।

અષ્ટમીની સ્તુતિ.

અષ્ટમી વાસર મજ્ઝિમ રયણી, આઠ જાતિ દિશિકુમરી જી; જન્મ ગૃહે આવે ગહગહતી, નિજ નિજ કારજ સમરી જી. અઢાર કોડાકોડિ સાગર અંતર, તુજ તોલે કોણ આવે જી; ઋષભ જગતગુરૂ દાયક જનની, એમ કેહી ગીત સુણાવે જી૦ ॥ ૧ ॥ આઠ કર્મ ચૂરણકર જાણી, કળશ આઠ પ્રકાર જી, આઠ ઇંદ્રાણી નાયક અનુક્રમે, આઠનો વર્ગ ઉદાર જી; અષ્ટ પ્રકારી પૂજા કરીને, મંગળ આઠ આળેખે જી, દાહિણ ઉત્તર દિશિ જિનવરનો, જન્મ મહોત્સવ લેખે જી૦ ॥ ૨ ॥ પ્રવચન માતા આઠ આરાધો, આઠ પ્રમાદને છાંડો જી, આઠ આચાર વિભૂષિત આગમ, ભણતાં શિવસુખ સાધો જી; આઠમે ગુણઠાણે ચઢી અનુક્રમે, ક્ષપક શ્રેણિ મંડાણ જી, આઠમે અંગે અંતગડ કેવળી થઇ પામ્યા નિર્વાણ જી૦ ॥ ૩ ॥ વૈમાનિક જ્યોતિષી ભુવનાધિપ, વ્યંતરપતિ સુર નારી જી, ક્ષુદ્રાદિ અડદોષ નિવારી, અડગુણ સમકિત ધારી જી; આઠમે દ્વીપે અઠ્ઠાઇ મહોત્સવ, કરતા ભક્તિ વિશાલ જી, ક્ષમાવિજય જિનવરની હવણી, ચઉસઠી સય અડયાલજી૦ ॥ ૪ ॥

એકાદશીની સ્તુતિ.

નિરૂપમ નેમિ જિનેશ્વર ભાખે, એકાદશી અભિરામ જી, એક મને કરી જેહ આરાધે, તે પામે શિવ ઠામ જી; તેહ નિસુણી માધવ[1] પૂછે, મન ધરી અતિ આનંદા જી, એકાદશીનો એહવો માહમા, સાંભળી કહો જિણંદા જી૦

---

૧ કૃષ્ણ.

॥ ૧ ॥ એક શત અધિક પચાસ પ્રમાણ, કલ્યાણક સવિ જિનનાં જી. તેહ ભલા તે દિન આરાધો, પાપ છંડો સવિ મનનાં જી; પોસહ કરીએ મૌન આદરીએ, પરિહરીએ અભિમાન જી, તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રી ભગવાન જી૦ ॥ ૨ ॥ પ્રભાતે પડિક્કમણું કરીને, પોસહ પણ તિહાં પારી જી, દેવ જુહારૂં ગુરૂને વાંદું, દેશનાની સુણું વાણી જી; સામી[૧] જમાડું કર્મ ખપાવું, ઉજમણું ઘરે માંડું જી, અશનાદિક ગુરૂને વહોરાવી, પારણું કરૂં પછી વારૂ જી૦ ॥ ૩ ॥ આવિશમા જિન એણી પરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદા જી, એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખ વૃંદા જી; દેવી અંબા પુણ્ય પસાયે, નેમીશ્વર હિતકારી જી, પંડિત હરખવિજય તસ શિષ્ય, માનવિજય જયકારી જી૦ ॥ ૪ ॥

એકાદશીની સ્તુતિ.

માધવ ઉજ્વળ એકાદશી, ગણધર પદ થાપત ચિત્ત વસી; ચઉ સહસ અધિક સય ચાર ઋષિ, કીયા ત્રિશલાનંદન સમ રસી. ॥ ૧ ॥ ઉત્સર્પિણી અંતિમ જિનવરા, અવસર્પિણી આદિમ ગુણ ભર્યા; દશમી દિન કેવળ શ્રી વર્યા, દસક્ષેત્રે વિચરે તીર્થંકરા. ॥ ૨ ॥ પ્રભુ વદન પદ્મ દ્રહ નીસરી, જગ પાવન ત્રિપદી સુરસરી; પસરી ગણધર મુખ નીસરી, મુનિ મહંત ઝીલે રંગ ભરી. ॥ ૩ ॥ મહાવીર પદાંબુજ મધુકરી, રણઝણતી પાયે નેઉરી; સિદ્ધાઇ સૂરિ શાંતિ કરી, જિનવિજયશું ભક્તિ અલંકરી. ॥ ૪ ॥

---

૧ સાધર્મિકને.

એકાદશીની સ્તુતિ.

(રાગ–એકાદશી અતિ રૂયડી–એ દેશી.

શ્રીનેમિ જિનવર સયલ સુખકર યાદવ કુળ શણગાર, જે કંત રાજુલ નારી કેરો જન્મથી બ્રહ્મચાર; જે વિશ્વ-રંજન વાન અંજન શંખ લંછન સાર, એકાદશી દિન પ્રણમીએ જિન શિવાદેવી મલ્હાર. ॥ ૧ ॥ અગ્યાર પ્રતિમા દેશવિરતિ વહો નિર્મળ ધ્યાન, ચોવીશ જિનવર ભક્તિ કરતાં લહો અમર વિમાન; ઇમ બાર વર્ષે પૂર્ણ કીજે તપ તણો પરિમાણ, એકાદશી દિન સકળ ઉત્તમ જૈન શિવમંડાણ. ॥ ૨ ॥ અગ્યાર પાઠાં પુરત ઠવણી પુંજણીયું રૂમાલ, તિમ જિનવિભૂષણ વિગત દૂષણ ચામખી સુવિશાળ; ઇમ ઉજવીયે ને સફળ કીજે મનુજનો અવતાર, એકાદશી દિન સુગુરૂ મુખથી સુણો અંગ અગ્યાર. ॥ ૩ ॥ શિર મુકુટ મંડિત જડિત કુંડળ વિમળ મોતી હાર, થણ જુગલ અંચળ કસિણ કસીયો કંચુ જિમ જળધાર; અંબિકા દેવી દેવ સેવી ગોમેધ સૂરની નાર, ધીર વિમળ કવિ સુશિષ્ય કહે નય સંઘને સુખકાર. ॥ ૪ ॥

રોહિણીની સ્તુતિ.

જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત, રોહિણી તપનો ફળ, ભાખે શ્રી ભગવંત; નર નારી ભાવે, આરાધે તપ એહ, સુખ સંપત્તિ લીલા, લક્ષ્મી પામે તેહ. ॥ ૧ ॥ ઋષભાદિક જિનવર, રોહિણી તપ સુવિચાર, નિજ મુખે પ્રકાશે, બેઠી પર્ષદા બાર; રોહિણી દિન કીજે, રોહિણીનો

ઉપવાસ, મન વંછિત લીલા, સુંદર ભોગ વિલાસ. ॥ ૨ ॥ આગમ માંહિ એહનો, બોલ્યો લાભ અનંત, વિધિશું પરમારથ, સાધે સુદ્ધા સંત; દિન દિન વળી અધિકો, વાધે અધિકો નૂર, દુઃખ દોહગ તેહનાં, નાસી જાયે દૂર. ॥ ૩ ॥ મહિમા જગ મોટો, રોહિણી તપનો જાણ, સૌભાગ્ય સદાયે, પામે ચતુર સુજાણ; નિત્ય નિત્ય ઘેર મહોત્સવ, નિત્ય નવલા શણગાર, જિન શાસન દેવી, લબ્ધિ રૂચિ જયકાર ॥ ૪ ॥

રોહિણીની સ્તુતિ.

માસ માસ રોહિણી તપ કીજે, વાસુપૂજ્યની પ્રતિમા પૂજીજે; રોગ શોક ન આવે અંગે, હોય સહસ જપો મન રંગે. ॥ ૧ ॥ અતીત અનાગત ને વર્તમાન, ત્રણ ચોવીશી બોંતેર નામ; શુભવિજય કહે એહ પ્રકાશ, સુખ લહે રોહિણી તપ ભાસ. ॥ ૨ ॥ એ છે આગમ અંગ અગ્યાર, ચૌદ પૂર્વ ને ઉપાંગ બાર; ત્યાં છે રોહિણી તપ વિખ્યાત, જપતાં લહીએ મુક્તિનો વાસ. ॥ ૩ ॥ શાસન દેવી મનબળ આપો, સુમતિ કરી જિનશાસને થાપો; શુભવિજય કહે દેશ અમારો, લાભવિજય કહે એહ સંભારો. ॥ ૪ ॥

સિદ્ધચક્રની સ્તુતિ.

અંગ દેશ ચંપાપુરી વાસી, મયણા ને શ્રીપાળ સુખાશી, સમકિતશું મન વાસી; આદિ જિનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આશી, ભાવ ધરી વિશ્વાસી; ગલિત કોઢ ગયો તેણે નાશી, સુવિધિશું સિદ્ધચક્ર ઉપાસી, થયા

સ્વર્ગના વાસી; આસો ચૈત્ર તણી પૂર્ણમાસી, પ્રેમે પૂજે ભક્તિ વિકાસી, આદિ પુરૂષ અવિનાશી. ॥ ૧ ॥ કેસર ચંદન મૃગમદ ઘોળી, હરખેશું ભરી હેમ કચોળી, શુદ્ધ જળે અંધોળી; નવ આંબિલની કીજે ઓળી, આસો શુદ્ધ સાતમથી ખોલી, પૂજા શ્રી જિન ટોળી; ચઉગતિ માંહે આપદા ચોળી, દુર્ગતિનાં દુઃખ દૂરે ઠોળી, કર્મ નિકાચિત રોળી; કર્મ કષાય તણા મદ રોળી, જેમ શિવરમણી ભમર ભોળી, પામ્યા સુખની ઓળી. ॥ ૨ ॥ આસો શુદ્ધ સાતમશું વિચારી, ચૈત્રી પણ ચિત્તશું નિરધારી, નવ આંબિલની સારી; ઓળી કીજે આળસ વારી, પ્રતિક્રમણ બે કીજે ધારી, સિદ્ધચક્ર પૂજે સુખકારી; શ્રી જિનભાષિત પર ઉપકારી, નવ દિન જાપ જપો નર નારી, જેમ લહીએ મોક્ષની બારી; નવ પદ મહિમા અતિ મનોહારી, જિન આગમ ભાખે ચમકારી, જાઉં તેહની બલીહારી. ॥ ૩ ॥ શ્યામ ભમર સમ વીણા કાળી, અતિ સોહે સુંદર સુકુમાળી, જાણે રાજમરાળી, ઝલહલ ચક્ર ધરે રૂપાળી, શ્રી જિનશાસનની રખવાળી, ચક્રેશ્વરી મેં ભાળી; જે એ ઓળી કરે ઉજમાળી, તેના વિઘ્ન હરે સા બાળી, સેવક જન સંભાળી; ઉદયરત્ન કહે આસન વાળી, જે જિન નામ જપે જપમાળી, તે ઘર નિત્ય દીવાળી. ॥ ૪ ॥

નવપદની સ્તુતિ.

વીર જિનેશ્વર ભવન દિનેશ્વર, જગદીશ્વર જયકારીજી, શ્રેણિક નરપતિ આગળ જંપે, સિદ્ધચક્ર તપ સારીજી; સમકિત દૃષ્ટિ ત્રિકરણ શુદ્ધે, જે ભવિયણ આરાધેજી, શ્રી

શ્રીપાળ નરિંદ પરે તસ, મંગળ કમળા વાધેજી. ॥ ૧ ॥
અરિહંત વચ્ચે સિદ્ધ સૂરિ પાઠક, સાહુ ચિહું દિશિ સોહેજી,
દંસણ નાણ ચરણ તપ વિદિશે, એહ નવપદ મન મોહેજી;
આઠ પાંખડી હૃદયાંબુજ રોપી, લોપી રાગ ને રીસજી,
ૐ હ્રીં પદ એકની ગણીએ, નવકારવાળી વીશજી. ॥ ૨ ॥
આસો ચૈત્ર શુદિ સાતમથી, માંડી શુભ મંડાણુજી, નવ-
નિધિ દાયક નવ નવ આંબિલ. એમ એકાશી પ્રમાણોજી;
દેવવંદન પડિકમણું પૂજા, સ્નાત્ર મહોત્સવ અંગજી, એહ
વિધિ સઘળો જિહાં ઉપદિશ્યો, પ્રણમું અંગ ઉપાંગજી.
॥ ૩ ॥ તપ પૂરે ઉજમણું કીજે, લીજે નરભવ લાહોજી,
જિનગૃહ પ્રતિમા સાધર્મી વત્સલ, સાધુ ભક્તિ ઉત્સાહોજી;
વિમલેશ્વર ચક્રેશ્વર દેવી, સાંનિધ્યકારી રાજેજી, શ્રીગુરૂ
ક્ષમાવિજય સુપસાયે, સુનિ જિન મહિમા છાજેજી. ॥ ૪ ॥

સિદ્ધચક્રની સ્તુતિ.

જિન શાસન વંછિત,–પૂરણ દેવ રસાળ; ભાવે ભવિ
ભણીએ, સિદ્ધચક્ર ગુણમાળ; ત્રિહું કાળે એહની, પૂજા
કરે ઉજમાળ; તે અજર અમર પદ, સુખ પામે સુવિશાળ.
॥ ૧ ॥ અરિહંત સિધ્ધ વંદો, આચાર્ય ઉપાધ્યાય; મુનિ
દર્શન નાણ, ચરણ તપ એ સમુદાય; એ નવપદ સમુદિત,
સિદ્ધચક્ર સુખદાય; એ ધ્યાને ભવિનાં, ભવકોટિ દુઃઅ જાય
॥ ૨ ॥ આસો ચૈત્રમાં, શુદ સાતમથી સાર; પુનમ લગી
કીજે, નવ આંબિલ નિરધાર; દોય સહસ્ત્ર ગુણણું, પદ સમ
સાડાચાર; એકાશી આંબિલ, તપ આગમ અનુસાર ॥ ૩ ॥
શ્રી સિધ્ધચક્ર સેવક, શ્રી વિમળેશ્વર દેવ; શ્રીપાળ તણી પરે,

સુખ પૂરે સ્વયમેવ; દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ;
શ્રી સુમતિ સુગુરૂનો, રામ કહે નિત્યમેવ ॥ ૪ ॥

સિદ્ધચક્રની સ્તુતિ.

પ્રહ ઉઠી વંદું, સીદ્ધચક્ર સદાય, જપીએ નવપદનો, જાપ સદા સુખદાયઃ વિધિપૂર્વક એ તપ, જે કરે થઇ ઉજમાળ તે સવિ સુખ પામે, જેમ મયણા શ્રીપાળ ॥ ૧ ॥ માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત; તસ કર્મ સંયોગે કોઢી મિલિયો કંત; ગુરૂ વયણે તેણે, આરાધ્યું તપ તેહ; સુખ સંપદા વરિયાં, તરીયાં ભવજળ તેહ ॥ ૨ ॥ આંબિલ ને ઉપવાસ, છઠ્ઠ વળી અઠ્ઠમ; દશ અઠ્ઠાઇ પંદર, માસ છ માસ વિશેષ; ઇત્યાદિક તપ બહુ, સહુ માંહે શિરદાર; જે ભવિયણ કરશે; તે તરશે સંસાર ॥ ૩ ॥ તપ સાંનિધ્ય કરશે, શ્રીવિમળેશ્વર યક્ષ; સહુ સંઘના સંકટ ચૂરે થઇ પ્રત્યક્ષ; પુંડરીક ગજાનન, કનકવિજય બુધ શિષ્ય; બુધ દર્શનવિજય કહે, પહોંચે સકળ જગીશ ॥ ૪ ॥

નવપદના ક્ષમાશ્રમણ (ખમાસમણ)

પહેલા અરિહંત પદનો દુહો.

પંચ પરમ પરમેષ્ટીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રીજિનભાણ. ૧

બીજા સિદ્ધ પદનો દુહો.

ગુણ અનંતઃ નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મ મળ ક્ષય કરી, ભયે સિધ્ધ નમો તાસ. ૨

ત્રીજા આચાર્ય પદનો દુહો.

છત્રીશ છત્રીશી ગુણે, યુગપ્રધાન મુનીંદ્ર;
જિનમત પરમત જાણતા, નમો નમો તેહ સૂરીંદ ૩

ચોથા ઉપાધ્યાય પદનો દુહો.

બોધ સૂક્ષ્મ વિણ જીવને; ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત. ૪

પાંચમા સાધુ પદનો દુહો.

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ ૫

છઠ્ઠા દર્શન પદનો દુહો.

લોકાલોકના ભાવ જે, કેવળી ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. ૬

સાતમા જ્ઞાન પદનો દુહો.

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૭

આઠમા ચારિત્ર પદનો દુહો.

રત્નત્રયી વિણ સાધના, નિષ્ફળ કહી સદૈવ;
ભાવરત્નનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૮

નવમા તપ પદનો દુહો.

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ. ૯

વર્ધમાન તપની સ્તુતિ.

વર્ધમાન આંબિલ તપ આદરો, ચોવીશ જિનની પૂજા કરો; અંતગડ આગમ સુણો વખાણ, સિદ્ધાઇ દેવી કરે કલ્યાણ ।। ૧ ।। (આ સ્તુતિ ચાર વાર કહેવાય.)

શ્રી વીશ સ્થાનકની સ્તુતિ.

વીશ સ્થાનક તપ વિશ્વમાં મોટો, શ્રી જિનવર કહે આપજી ।। આંધે જિનવર ત્રીજા ભવમાં, કરીને સ્થાનક જાપજી ।। થયા હશે સવિ જિનવર અરિહા, એ તપને આરાધીજી ।। કેવલ જ્ઞાન દર્શન સુખ પામ્યા, સર્વે ટાળી ઉપાધિજી ।। ૧ ।। અરિહંત સિદ્ધ પવયણ સૂરિ સ્થવિર, વાચક સાધુ નાણુજી, દર્શન વિનય ચરણ બંભ કિરિયા, તપ કરો ગોયમ ઠાણુજી ।। જિનવર ચારિત્ર પંચવિધ નાણુ, શ્રુત તીર્થ એહ નામજી ।। એ વીશ સ્થાનક આરાધે તે, પામે શિવપદ ધામ જી ।। ૨ ।। દોય કાળ પડિકમણું પડિલેહણ, દેવવંદન ત્રણ વારજી ।। નોકારવાળી વીશ ગૂણીજે, કાઉસગ્ગ ગુણ અનુસારજી ।। ચારસો ઉપવાસ કરી ચિત્ત ચોખે, ઉજમણું કરો સારજી ।। પડિમા ભરાવો સંઘ ભક્તિ કરો, એ વિધિ શાસ્ત્ર મોઝારજી ।। ૩ ।। શ્રેણિક સત્યકિ સુલસા રેવતિ, દેવપાળ અવદાતજી, સ્થાન તપ સેવા મહિમાએ, થયા જગ માંહિ વિખ્યાતજી; આગમ વિધિ સેવે જે તપીયા, ધન્ય ધન્ય તસ અવતારજી, વિઘ્ન હરે તસ શાસન દેવી, સૌભાગ્ય લક્ષ્મી દાતારજી. ।। ૪ ।।

પર્યુષણની સ્તુતિ.

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર, પર્યુષણ કેરો, મહિમા આગમ અપાર; નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ, એ પર્વ પર્વમાં, જેમ તારામાં ચંદ્ર. ॥ ૧ ॥ નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે, વ્રત નિયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે; દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર, કર પડિકમણાં ધર, શીયલ અખંડિત ધાર. ॥ ૨ ॥ જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવ વાર, ભવ સાત આઠ તવ, શેષ તાસ સંસાર; સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર, તે શ્રવણ સુણીને, સફળ કરો અવતાર. ॥ ૩ ॥ સહુ ચૈત્ર જુહારી, ખમત ખામણાં કીજે, કરી સાહમી વત્સલ, કુગતિ દ્વાર પટ દીજે; અઠ્ઠાઇ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાયી, એમ કરતાં સંઘને, શાસનદેવ સહાયી. ॥ ૪ ॥

પર્યુષણની સ્તુતિ.

પર્વ પર્યુષણ પુણ્યે પામી, પરિઘલ પરમાનંદોજી, અતિ ઓચ્છવ આડંબર સઘળે, ઘર ઘર બહુ આનંદોજી; શાસન અધિપતિ જિનવર વીરે; પર્વ તણાં ફળ દાખ્યાંજી, અમારિ તણેા ઢંઢેારેા ફેરી, પાપ કરંતા રાખ્યાંજી. ॥ ૧ ॥ મૃગનયની સુંદરી સુકુમાળી, વચન વદે ટંકશાળીજી, પૂરેા પનેાતા મનેારથ મહારા, નિરૂપમ પર્વ નિહાળીજી; વિવિધ ભાતિ પકવાન્ન કરીને, સંઘ સયલ સાંતેાષેાજી, ચેાવીશે જીનવર પૂજીને, પુણ્ય ખજાનેા પેાષેાજી. ॥ ૨ ॥ સકલ સૂત્ર શિર મુગટ નગીનેા, કલ્પસૂત્ર જગ જાણેાજી, વીર

પાસ નેમીશ્વર અંતર આદિ ચરિત્ર વખાણોજી; સ્થવિરાવળી ને સામાચારી, પટ્ટાવળી ગુણ ગેહજી, એમ એ સૂત્ર સવિસ્તર સુણીને, સફળ કરો નર દેહજી. ॥ ૩ ॥ એણી પરે પર્વ પર્યુષણ પાળી, પાપ સર્વે પરિહરીએજી, સંવત્સરી પડિક્કમણું કરતાં, કલ્યાણ કમળા વરીએજી; ગોમુખ જક્ષ ચક્રેશ્વરી દેવી, શ્રી માણિભદ્ર અંબાઇજી, શુભવિજય કવિ શિષ્ય અમરને, દિન દિન કરજો વધાઇજી. ॥ ૪ ॥

પર્યુષણની સ્તુત.

પર્વ પર્યુષણ સર્વ સજાઇ, મેળવીને આરાધોજી, દાન શીળ તપ ભાવને ભેળી, સફળ કરો ભવ લાધ્યોજી; તત્ક્ષણ એહ પર્વથી તરીએ, ભવજળ જે અગાધોજી, વારને વાંદી અધિક આણંદી, પૂજી પુણ્યે વાધોજી. ॥ ૧ ॥ ઋષભ નેમિ શ્રી પાર્શ્વ પરમેશ્વર, વીરજિનેશ્વર કેરાંજી, પાંચ કલ્યાણુક પ્રેમે સુણીએ, વળી આંતરાં અનેરાંજી; વીશે જિનવરનાં જે વારૂ, ટાળે ભવના ફેરાજી. અતીત અનાગત જિનને નમીએ, વળી વિશેષે ભલેરાજી. ॥ ૨ ॥ દશાશ્રુત સિધ્ધાંત માંહેથી, સૂરિવર શ્રી ભદ્રબાહુજી, કલ્પસૂત્ર એ ઉધ્ધરી સંઘને, કરી ઉપકાર જે સાહુજી; જિનવર ચરિત્ર ને સામાચારી, સ્થવિરાવલી ઉમાહ્યોજી, જાણી એહની આણા જે લેશે, વરશે તે ભવ લાહોજી. ॥ ૩ ॥ ચઉથ છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ, દશ પંદર ને ત્રીશજી, પીસ્તાલીશ ને સાઠ પંચોતેર, ઇત્યાદિક સુજગીશજી; ઉપવાસ એતા કરીને આરાધે, પર્વ પર્યુષણ પ્રેમેજી, શાસન દેવી વિઘ્ન તસ વારે; ઉદય વાચક કહે એમજી. ॥ ૪ ॥

શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ.

જિહાં અગણ્યેાતેર કેાડાકેાડી, તિમ પંચાશી લાખ વળી કેાડી, ચુમાળીશ સહસ્ત્ર કેાડી; સમવસર્યા જિહાં એતિ વાર, પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરેંદ્ર મલ્હાર. ॥ ૧ ॥ સહસ્ત્રકૂટ અષ્ટાપદ સાર, જિન ચેાવીશ તણા ગણુધાર, પગલાંનેા વિસ્તાર; વળી જિનબિંબ તણેા નહીં પાર, દેહરી થંભે બહુ આકાર, વંદું વિમલગિરિ સાર. ॥ ૨ ॥ એંશી શીતેર સાઠ પચાસ, બાર જોજન માને જસ વિસ્તાર, ઈગ બિ તિ ચઉ પણુ આર; માન કહ્યું તેનું નિરધાર, મહિમા એહનેા અગમ અપાર, આગમ માંહે ઉદાર. ॥ ૩ ॥ ચઇત્રી પૂનમ દિન શુભ ભાવે, સમકિત દૃષ્ટિ સુર નર આવે, પૂજા વિવિધ રચાવે; જ્ઞાન-વિમળ સૂરિ ભાવના ભાવે, દુર્ગતિ દેાહગ દૂર ગમાવે, બેાધબીજ જસ પાવે. ॥ ૪ ॥

શ્રી ગિરનારજીની સ્તુતિ.

શ્રી ગિરનાર શિખર શણુગાર, રાજમતી હૈડાનેા હાર, જિનવર નેમિ કુમાર; પૂર્ણ કરૂણા રસ ભંડાર, ઉગાર્યા પંશુએા એ વાર, સમુદ્રવિજય મલ્હાર; મેાર કરે મધુરેા કેંકાર, વિચે વિચે કેાયલના ટહુકાર, સહસ્ત્ર ગમે સહકાર; સહસ્ત્ર વનમેં હુઆ અણુગાર, પ્રભુજી પામ્યા કેવળ સાર, પહેાંચ્યા મુક્તિ મેાઝાર. ॥ ૧ ॥ સિદ્ધગિરિ એ તીરથ સાર, આબુ અષ્ટાપદ સુખકાર, ચિત્રકૂટ વૈભાર; સુવર્ણગિરિ સંમેત શ્રીકાર નંદીશ્વર વરદ્વીપ ઉદાર, જિહાં

ભાવન વિહાર; કુંડલ રૂચક ને ઇષુકાર, શાશ્વતા અશાશ્વતા ચૈત્ય વિહાર, અવર અનેક પ્રકાર; કુમતિ વયણે મંજુલ ગમાર, તીરંથ ભેટે લાભ અપાર, ભવિયણ ભાવે જુહાર. ॥ ૨ ॥ પ્રગટ છઠ્ઠે અંગે વખાણી, દ્રૌપદી પાંડવની પટરાણી, પૂજા જિન પ્રતિમાની; વિધિશું કીધી ઉલટ આણી, નારદ મિથ્યાદૃષ્ટિ અન્નાણી, છાંડી અવિરતિ જાણી; શ્રાવક કુળની એ સહી નાણી, સમકિત આલાવે આખ્યાણી, સાતમે અંગે વખાણી; પૂજનિક પ્રતિમા અંકાણી, ધંમ અનેક આગમની વાણી, તે સુણજ્યે ભવિ પ્રાણી. ॥ ૩ ॥ કેડે કટીમેખલા ઘુઘરીયાળી, પાયે નૂપુર રમઝમ ચાલી, ઉજ્જયંત ગિરિ રખવાળી; અધર લાલ જીસ્યા પરવાળી, કંચન વાન કાયા સુકુમાળી, કર લહકે અંબડાળી; વૈરિને લાગે વિકરાળી, સંઘનાં વિઘ્ન હરે ઉજમાળી, અંબા દેવી મયાળી; મહિમાએ દશ દિશિ અજુઆળી, ગુરૂ શ્રી સંઘવિજય સંભાળી, દિન દિન નિત્ય દીવાળી. ॥ ૪ ॥

શ્રી સુમતિનાથની સ્તુતિ.

મોટા તે મેઘરથ રાય રે; રાણી સુમંગળા; સુમતિનાથ જિન જનમીઆ એ; આસન કંપ્યું તામ રે, હરિ મન કંપિયા, અવધિજ્ઞાને નિરખતા એ; જાણ્યું જન્મ જિણુંદ રે, ઉઠયા આસન થકી, સાત આઠ ડગ ચાલીઆ એ; કર જોડી હરિ તામ રે, કરે નમુથ્થુણં, સુમતિનાથના ગુણ સ્તવે એ. ॥ ૧ ॥ હરિણુગમેષી તામ રે; ઇંદ્રે તેડીયા. ઘંટ સુઘોષા વજડાવીયા એ, ઘંટ તે બત્રીશ લાખ રે, વાગે તે વેળા, સુરપતિ સહુકો આવીયા એ; રચ્યું તે

પાલક વિમાન રે, લાખ જોજન તણું, ઉંચું જોજન પાંચસો એ; હરિ બેસી તે માંહી રે, આવે વાંદવા, જિન ઋષભાદિક વંદીઆ એ. ॥ ૨ ॥ હરિ આવે મૃત્યુલોક રે, સાથે સુર બહુ, કેતા ગજ ઉપર ચડ્યા એ; ગરૂડ ચડ્યા ગુણવંત રે, નાગ પલાણીયા, સુર મળી જિનઘર આવીઆ એ; ત્રણ પ્રદક્ષિણા દેઈ રે, પ્રણમી મંગળા, રત્નકુક્ષિ તારી સહી એ; જન્મ્યા સુમતિ જિણંદ રે, ત્રણ જ્ઞાન સહિત, ધન્ય વાણી જિનજી તણી એ. ॥ ૩ ॥ પંચ રૂપ કરી હાથ રે, ઇંદ્ર તેડીઆ, ચામર વીંઝે દોય હરિ એ; એક હરિ છત્ર ધરંત રે, વજ્ર કરે ગ્રહી, એક હરિ આગળ ચાલતા એ; આવ્યા મેરૂને શૃંગે રે, પાંડુક વન જિહાં, નવરાવી ઘર મૂકીઆ એ; જક્ષ તુંબરૂ દેવ રે, મહાકાળી જક્ષિણી, ઋષભ કહે રક્ષા કરો એ. ॥ ૪ ॥

શ્રી નેમિનાથની સ્તુતિ.

સુર અસુર વંદિત પાય પંકજ, મયણ મલ્લમક્ષોભિતં; ઘન સુઘન શ્યામ શરીર સુંદર, શંખલંછન શોભિતં; શિવાદેવી નંદન ત્રિજગ વંદન, ભવિક કમળ દિનેશ્વરં; ગિરનાર ગિરિવર શિખર વંદો, નેમિનાથ જિનેશ્વરં. ॥ ૧ ॥ અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરીવરં; વાસુપૂજ્ય ચંપા નયરી સીધ્યા, નેમિ રૈવત ગિરિવરં; સંમેતશિખરે વીશ જિનવર મુક્તિ પહોંચ્યા મુનીવરં, ચોવીશ જીનવર નિત્ય વંદો, સકલ સંઘને સુખકરં. ॥ ૨ ॥ અગ્યાર અંગ ઉપાંગ બારે, દશ પયન્ના જાણીએ; છ છેદ ગ્રંથ પ્રશસ્ત અર્થા, મૂળ ચાર વખાણીએ; અનુયોગ દ્વાર

ઉદાર નંદી, સૂત્ર જિનમત ગાઇએ; વૃત્તિ ટીકા ભાષ્ય ચૂર્ણિ, પીસ્તાળીશ આગમ ધ્યાઇએ. ॥ ૩ ॥ દોય દિશિ બાળક દોય જેને, સદા ભવિયણ સુખકરૂ; દુઃખહરિ અંબાલુંબ સુંદર, દુરિત દોહગ અપહરૂ; ગિરનાર મંડણ નેમિ જિનવર, ચરણ પંકજ સેવીએ; શ્રી સંઘ સુપ્રસન્ન મંગળ, કરો અંબા દેવી એ ॥ ૪ ॥

શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ.

ગંધારે મહાવીર જિણુંદા, જેને સેવે સુર નર ઈંદા, દીઠે પરમાનંદા; ચૈત્ર શુદ તેરશ દિન જાયા, છપ્પન દિક્કુમરી ગુણ ગાયા, હરખ ધરી હુલરાયા; ત્રીશ વરસ પાળી ઘરવાસ, માગશર વદ દશમી વ્રત જાસ, વિચરે મન ઉલ્લાસ; એ જિન સેવો હિતકર જાણી, એહથી લહીએ શિવ પટરાણી, પુણ્ય તણી એ ખાણી ॥ ૧ ॥ ઋષભ જિનેશ્વર તેર ભવ સાર, ચંદ્ર પ્રભુ ભવ આઠ ઉદાર, શાંતિ કુમર ભવ બાર, મુનિસુવ્રત ને નેમિકુમાર, તે જિનના નવ નવ ભવ સાર, દશ ભવ પાર્શ્વકુમાર; સત્યાવીશ ભવ વીરના કહીએ, સત્તર જિનના ત્રણ ત્રણ લહીએ, જિન વચને સદ્દહીએ; ચોવીશ જિનનો એહ વિચાર, એહથી લહીએ ભવનો પાર, નમતાં જય જયકાર ॥ ૨ ॥ વૈશાખ શુદ દશમી લહી નાણ, સિંહાસન બેઠા વર્ધમાન, ઉપદેશ દે પ્રધાન; અગ્નિ ખુણે હવે પર્ષદા સુણીએ, સાધવી વૈમાનિક સ્ત્રી ગણીએ, મુનિવર ત્યાંહી જ ભણીએ; વ્યંતર જ્યોતિષી ભુવનપતિ સાર, એહને નૈર્ઋત ખુણે અધિકાર, વાયવ્ય ખુણે એહની નાર; ઇશાને શોભે નર નાર, વૈમાનિક સુર પર્ષદા બાર,

સુણે જિનવાણી ઉદાર ॥ ૩ ॥ ચક્રેશ્વરી અજિતા દુરિતારિ, કાલી મહાકાલી મનોહારી, અચ્યુતા સંતા સારી; જ્વાલા સુતારકા, અશોકા, શ્રી વત્સા વર ચંડા માયા, વિજયાંકુશી સુખદાયા; પન્નતિ નિર્વાણી અચ્યુતા ધરણી, વૈરોટયા દત્તા ગંધારી અધહરણી, અંબા પઉમા સુખ કરણી; સિદ્ધાયિકા શાસન રખવાળી, કનકવિજય બુધ આનંદકારી, જસ-વિજય જયકારી ॥ ૪ ॥

શ્રી સીમંધર પ્રમુખ વિચરતા જિનની સ્તુતિ.

શ્રી સીમંધર સેવિત સુરવર, જિનવર જય જયકારી જી; ધનુષ પાંચસો કંચન વર્ણી, મૂર્તિ મોહનગારીજી; વિચરંતા પ્રભુ મહાવિદેહે, ભવિજનને હિતકારીજી; પ્રહ ઉઠી નિત્ય નામ જપીજે, હૃદયકમળમાં ધારીજી. ॥ ૧ ॥ સીમં-ધર યુગમંધર બાહુ સુબાહુ, સુજાત સ્વયંપ્રભ ઋષભજી; અનંત સુર વિશાળ વજ્રધર, ચંદ્રાનન અભિરામજી; ચંદ્ર ભુજંગ ઈશ્વર નેમિપ્રભ, વીરસેન ગુણધામજી; મહાભદ્ર ને દેવજશા વળી, અજિત કરૂં પ્રણામજી. ॥ ૨ ॥ પ્રભુમુખ વાણી બહુ ગુણખાણી, મીઠી અમૃત સમાણીજી, સૂત્ર અને અર્થે ગુંથાણી, ગણધરથી વિરચાણીજી; કેવળનાણી, બીજ વખાણી, શિવપુરની નિશાનીજી, ઉલટ આણી દિલ માંહે જાણી, વૃત કરો ભવી પ્રાણીજી ॥ ૩ ॥ પહેરી પટોળી ચ-રણાં ચોળી, ચાલી ચાલ મરાલીજી; અતિ કૃપાળી અધર પ્રવાળી, આંખલડી અણીયાળીજી; વિઘ્ન નિવારી સાંનિધ્ય-કારી, શાસનની રખવાળીજી; ધીરવિમળ કવિરાયનો સેવક, બોલે નય નિહાળીજી ॥ ૪ ॥

દશત્રિક વગેરેની સ્તુત.

ત્રણ નિસીહિ ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજેજી; ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવીજેજી; ત્રણ દિશિ વર્જ જિન જુએા, ભૂમિકા ત્રણ પુંજીજેજી; આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજેજી ॥ ૧ ॥ પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારોજી; ચેાથે નામજિન પાંચમે સર્વલેાકા ચૈત્ય જુહારોજી; વિહરમાન છઠ્ઠે જિન વંદેા, સાતમે નાણ નિહાળોજી, સિદ્ધ મહાવીરજિન ઉર્જિંત અષ્ટાપદ, શાસનસુર સંભાળોજી ॥ ૨ ॥ શક્રસ્તવમાં દેાય અધિકાર, અરિહંત ચેઇયાણું ત્રીજેજી; ચેાવીસત્થામાં દેાય પ્રકાર, શ્રુતસ્તવ દેાય લીજેજી. સિદ્ધસ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારોજી; નિર્યુક્તિએ ક્રિયા જાણેા, ભાષ્યમાંહે વિસ્તારોજી. ॥ ૩ ॥ તંબેાલ પાન ભેાજન વાહન, મેહુણ એક ચિત્ત ધારોજી, થુંક સળેખમ વડી લઘુ નીતિ, જુગટે રમવું વારોજી, એ દશે આશાતના મેાટી, વર્જો જિનવર દ્વારોજી, ક્ષમાવિજય જિન એણીપરે જંપે, શાસનસુર સંભારોજી. ॥ ૪ ॥

શ્રી ઋષભદેવજિનેન્દ્ર સ્તુતિ.

(શાર્દૂલવિક્રીડિત–વૃત્તમ્)

ભવ્યામ્ભેાજવિબેાધનૈકતરણે વિસ્તારિકર્માવલી–રમ્ભાસામજ નાભિનન્દન ! મહાનષ્ટાપદાભાસુરૈઃ ભક્ત્યા વન્દિતપાદપદ્મ વિદુષાં સંપાદય પ્રોજ્જિઝતા–રમ્ભાઽસામ જનાભિનન્દન મહાનષ્ટાપદાભાસુરૈઃ ॥ ૧ ॥ તે વઃ પાન્તુ જિ-

નોત્તમાઃ ક્ષતરૂહે નાચિક્ષિપુર્યન્મનો, દારા વિભ્રમરોચિતાઃ સુમનસો મન્દારવા રાજિતાઃ યત્પાદૌ ચ સુરોજ્ઝિતાઃ સુરભયાંચક્રુઃ પતન્ત્યોઽમ્બરા–દારાવિભ્રમરોચિતાઃ સુમનસો મન્દારવારાઽજિતાઃ ॥ ૨ ॥ શાન્તિં વસ્તુનુતાન્મિથોઽનુગમનાદ્ યન્નૈગમાદ્યૈર્નયૈ–રક્ષોભં જન હેઽતુલાં છિતમદ્દોદીર્ણાંગજ્વલં કૃતમ્, તત્ પૂજ્યૈર્જગતાં જિનૈઃ પ્રવચનં દૃષ્ટ્વ ત્કુવાદ્યાવલી–રક્ષોભંજનહેતુલાંછિતમદ્દો દીર્ણાંગજ્વલંકૃતમ. ॥ ૩ ॥ શીતાંશુત્વિષિ યત્ર નિત્યમદધદ્ ગન્ધાઢયધૂલીકણા–નાલી કેસરલાલસા સમુદિતાઽઽશુ ભ્રામરીભાસિતા; પાયાદ્ વઃ શ્રુતદેવતા નિદધતિ તત્રાઽજ્જકાન્તી ક્રમૌ, નાલીકે સરલાલસા સમુદિતા શુભ્રામરીભાસિતા. ॥ ૪ ॥

શ્રી અભિનન્દનજિનેન્દ્ર સ્તુતિ.

(દ્રુતવિલમ્બિત વૃત્તમ્)

ત્વમશુભાન્યભિનન્દન નન્દિતા–સુરવધુનયનઃ પરમોદરઃ સ્મરકરીન્દ્રવિદારણકેસરિન્! સુરવ ધુનય નઃ પરમોઽદરઃ ॥ ૧ ॥ જિનવરાઃ પ્રયતધ્વમિતામયા, મમ તમોહરણાય મહારિણઃ પ્રદધતો ભુવિ વિશ્વજનીનતા–મમતમોહરણા ચમહારિણઃ ॥ ૨ ॥ અસુમતાં મૃતિજાત્યહિતાય યો, જિનવરાગમ નો ભવમાયતમ્, પ્રલઘુતાં નય નિર્મથિતોદ્ધતા–જિનવરાગમનોભવમાય તમ્. ॥ ૩ ॥ વિશિખશંખજુષા ધનુષાઽસ્તસત્–સુરભિયા તતનુન્નમહારિણા; પરિગતાં વિશદામિહ રોહિણીં, સુરભિયાતતનું નમ હારિણા. ॥ ૪ ॥

શ્રી વાસુપૂજ્યજિનેન્દ્ર સ્તુતિ.

(સ્રગ્ધરા–વૃત્તમ્)

પૂજ્ય શ્રી વાસુપૂજ્યાઽવૃજિન જિનપતે નૂતનાદિત્ય-કાન્તે—ઽમાયાસંસારવાસાવન વર તરસાલી નવાલાનવાહો ! આનમ્રા ત્રાયતાં શ્રીપ્રભવ ભવભયાદ્ ભિન્નતી ભક્તિભાજા—માયાસં સારવાઽસાવનવરતસાલીનવાલા નવાઽહો. ॥ ૧ ॥ પૂતો યત્પાદપાંશુઃ શિરસિ સુરતતેરાચરચ્ચૂર્ણશોભાં, યા તાપત્રાઽસમાના પ્રતિમદભવતીહાઽરતા રાજયન્તી; કીર્તેઃ કાન્ત્યા તતિઃ સા પ્રવિકિરતુતરાં જૈનરાજી રજસ્તે, યાતા-પત્રાસમાનાઽપ્રતિમદભવતી હારતારા જયન્તી. ॥ ૨ ॥ નિત્યં હેતૂપપત્તિપ્રતિહતકુમતપ્રૌદ્ધતધ્વાન્તબન્ધા—ઽપાપા-યાસાદ્યમાનાઽમદન તવ સુધાસારહૃદ્યા હિતાનિ; વાણી નિર્વાણમાર્ગપ્રણયિપરિગતા તીર્થનાથ ક્રિયાન્મે—ઽપાપાયા-સાદ્યમાનામદનત વસુધાસાર હૃદ્યાહિતાનિ. ॥ ૩ ॥ રક્ષઃક્ષુ-દ્રગ્રહાદિપ્રતિહતિશમની વાહિતશ્વેતભાસ્વત્—સન્નાલીકા સદા પ્તાપરિકરમુદિતા સાક્ષમાલા ભવન્તમ્; શુભ્રા શ્રીશાન્તિદેવી જગતિ જનયતાત્ કુણ્ડિકા ભાતિ યસ્યાઃ સન્નાલીકા સદાપ્તા પરિકરમુદિતા સા ક્ષમાલાભવન્તમ્. ॥ ૪ ॥

શ્રી ધર્મનાથજિનેન્દ્ર સ્તુતિઃ

(અનુષ્ટુપ્–વૃત્તમ્.)

નમઃ શ્રીધર્મ નિષ્કર્મો–દયાય મહિતાયતે ! મર્ત્યામ-રેન્દ્રનાગેન્દ્રૈ–ર્દયાયમહિતાય તે. ॥ ૧ ॥ જીયાજ્જિનૌઘો ધ્વાન્તાન્તં, તતાન લસમાનયા; ભામણ્ડલત્વિષા યઃ સ,

તતાઽનલસમાનયા. ॥ ૨ ॥ ભારતિ દ્રાગ્ જિનેન્દ્રાણાં, નવનૌરક્ષતારિકે; સંસારામ્ભોનિધાવસ્મા–નવનૌ રક્ષ તારિકે. ॥ ૩ ॥ કેકિસ્થા વઃ ક્રિયાચ્છક્તિ–કરા લાભાનયાચિતા; પ્રજ્ઞપ્તિર્નૂતનામ્ભોજ–કરાલાભા નયાચિતા. ॥ ૪ ॥

શ્રી શાન્તિનાથજિનેન્દ્ર સ્તુતિ.

(શા ર્દૂલવિક્રીડિત–વૃત્તમ્.)

રાજન્ત્યા નવપદ્મરાગરુચિરઃ પાદૈર્જિતાષ્ટાપદા—દ્રેઽકોપ દ્રુતજાતરૂપવિભયા તન્વાઽર્ય ધીરક્ષમામ્; બિભ્રત્યામરસે-વ્યયા જિનપતે શ્રીશાન્તિનાથાઽસ્મરો—દ્રેકોપદ્રુત જાતરૂપ વિભયાઽતન્વાર્યધી રક્ષમામ્. ॥ ૧ ॥ તે જિયાસુરવિદ્વિષો જિનવૃષા માલાં દધાના રજ્જે—રાજ્યા મેદુરપારિજાતસુમ-નઃસંતાનકાન્તાં ચિતાઃ કીર્ત્યા કુન્દસમત્વિષેષદપિ યે ન પ્રાપ્તલોકત્રયી—રાજ્યા મેદુરપારિજાતસુમનઃસંતાનકાન્તાં-ચિતાઃ ॥ ૨ ॥ જૈનેન્દ્રં મતમાતનોતુ સતતં સમ્યગ્દૃશાં સદ્ગુણા–લીલાભં ગમહારિ ભિન્નમદનં તાપાપહૃદ્ યામરમ્; દુર્નિર્ભેદનિરન્તરાન્તરતમોનિર્નાશિ પર્યુલ્લસ—લ્લીલાઽભંગ-મહારિભિન્નમદનન્તાઽપાપહૃદ્યામરમ્. ॥ ૩ ॥ દણ્ડચ્છત્ર-કમણ્ડલૂનિ કલયન્ સ બ્રહ્મશાન્તિઃ ક્રિયાત્—સન્ત્યજ્યાનિ શમી ક્ષણેન શમિનો મુક્તાક્ષમાલી હિતમ્; તપ્તાષ્ટાપદ-પિણ્ડપિંગલરુચિર્યોઽધારયન્મૂઢતાં—સંત્યજ્યાનિશમીક્ષણે ન શમિનો મુક્તાઽક્ષમાલીહિતમ્. ॥ ૪ ॥

શ્રી નમિનાથજિનેન્દ્ર સ્તુતિ.

(શિખરિણી વૃત્તમ્)

સ્ફુરદ્વિદ્યુત્કાન્તે પ્રવિકિર વિતન્વન્તિ સતતં, મમાયા-
સં ચારો દિતમદ નમેડઘાનિ લપિતઃ નમદ્ભવ્યશ્રેણીભવ-
ભયભિદાં હૃદ્યવચસા—મમાયાસંચારોદિતમદનમેઘાડનિલ
પિતઃ ॥ ૧ ॥ નખાંશુશ્રેણીભિઃ કપિશિતનમન્નાકિમુકુટઃ,
સદા નોદી નાનામયમલમદારેરિતતમઃ પ્રચક્રે વિશ્વં યઃ સ
જયતિ જિનાધીશનિવહઃ, સદાનો દીનાનામયમલમદારેરિ-
ततमः ॥ ૨ ॥ જલવ્યાલવ્યાઘ્રજ્વલનગજરૂઞ્જન્ધનયુધો,
ગુરૂર્વાહોડપાતાપદ્યનગરીયાનસુમતઃ; કૃતાન્તસ્ત્રાસીષ્ટ સ્ફુટ-
વિકટહેતુપ્રમિતિભા—ગુરૂર્વાડહો પાતા પદ્યનગરીયાનસુ-
મતઃ ॥ ૩ ॥ વિપક્ષવ્યૂહં વો દલયતુ ગદાક્ષાવલિધરા-
ડસમા નાલીકાલીવિશદચલના નાલિકવરમ્; સમધ્યાસીનાં-
ડલોભૃતઘનનિભાડમ્ભોધિતનયા—સમાનાલી કાલી વિશદ-
ચલનાનાલિકબરમ્. ॥ ૪ ॥

શ્રી નેમિનાથજિનેન્દ્ર સ્તુતિ.

(શાર્દૂલવિક્રીડિત વૃત્તમ્)

ચિક્ષેપોર્જિતરાજકં રણમુખે યો લક્ષસંખ્યં ક્ષણા-
દક્ષામં જન ભાસમાન મહસં રાજીમતીતાપદમ્, તં નેમિં
નમ નમ્રનિર્વૃતિકરં ચક્રે યદનાં ચ યો, દક્ષામંઞનભાસમા-
નમહસં રાજીમતીતાપદમ્. ॥ ૧ ॥ પ્રાવ્રાજીજ્જિતરાજ-
કા રજ ઇવ જ્યાયોડપિ રાજ્યં જવાદ્, યા સંસારમહો-
દધાવપિ હિતા શાસ્ત્રી વિહાયોદિતમ્, યસ્યાઃ સર્વત એવ

સા હરતુ નો રાજી જિનાનાં ભવા- યાસં સારમહો દ-
ધાવ પિહિતા શાસ્ત્રોવિહાયેાઽદિતમ્. ।। ૨ ।। કુર્વાણાણુ-
પદાર્થદર્શનવશાદ્ ભાસ્વત્પ્રભાયાસ્રયા—માનત્યા જનકૃત્ત-
મેાહરત મે શસ્તાદડરિદ્રોહિકા; અક્ષેાભ્યા તવ ભારતી
જિનપતે પ્રોન્માદિનાં વાદિનાં, માનત્યાજનકૃત્તમેાહરતમેશ
સ્તાદરિદ્રોહિકા. ।। ૩ ।। હસ્તાલમ્બિતચુતલુમ્બિલતિકા
યસ્યા જનેાભ્યાગમદ્, વિશ્વાસેવિતતામ્રપાદપરતાં વાચા
રિપુત્રાસકૃત્, સા ભૂતિં વિનનેાતુ નેાઽર્જુનરૂચિઃ સિંહેડ-
ધિરુઢેાલ્લસદ્ર–વિશ્વાસે વિતતામ્રપાદપરતાડમ્બા ચારિપુત્રા-
સકૃત્. ।। ૪ ।।

શ્રી પાર્શ્વનાથજિનેન્દ્ર સ્તુતિ.

(સ્રગ્ધરા–વૃત્તમ્)

માલામાલાનળાહુર્દ્ધદદધદરં યામુદારા મુદારા—
લ્લીનાડલ્લીનાભિહાલ્લી મધુરમધુરસાં સૂચિતેામાચિતેા મા,
પાતાત્પાતાત્સ પાર્શ્વેા રૂચિરરૂચિરદેા દેવરાજીવરાજી—પત્રા-
પત્રા યદ્દીયા તનુરતનુરવેા નન્દકેા નેાદકેા નેા. ।। ૧ ।।
રાજી રાજીવવકત્રા તરલતરલસત્કેતુરંગત્તુરંગ—વ્યાલવ્યા-
લગ્રયેાધાચિતરચિતરણે ભીતિહૃદ્યાડતિહૃદ્યા; સારા સારા-
જ્જિનાનામલમમલમતેર્બેાધિકા માધિકામા—દવ્યાદવ્યાધિ-
કાલાનનજનનજરાત્રાસમાનાડસમાના. ।। ૨ ।। સદ્યેાડસદ્યેા-
ગભિદ્રાગમલગમલયા જૈનરાજીનરાજી—નૂતા નૂતાર્થધા-
ત્રીહ તતહતતમઃપાતકાડપાતકામા; શાસ્ત્રી શાસ્ત્રી નરાણાં
હૃદયહૃદયશેારેાધિકાડબાધિકા વા—ડડદ્દેયાં દ્દેયાન્મુદં તે
મનુજમનુ જરાં ત્યાજયન્તી જયન્તી. ।।૩।। યાતા યા તાર-

તેજાઃસદ્દસિ સદ્દસિભૂત્ કાલકાન્તાલકાન્તા–ડપારિં પારિન્દ્ર-રાજં સુરવસુરવધૂપૂજિતાડરં જિતારમ્; સા ત્રાસાત્રાયતાં ત્વામવિષમવિષભૂદ્દભૂષણાડભીષણા ભી–હીનાડહીનાગ્રયપત્ની કુવલયવલયશ્યામદ્દેહાડમદ્દેહા. ॥ ૪ ॥

શ્રી અરનાથની સ્તુતિ.

શ્રી અરજીન ધ્યાવો, પુન્યના થોક પાવો, સવિદુરિત ગમાવો, ચિત્ત પ્રભુ ધ્યાન લાવો; મદ મદન વિરાવો, ભાવના શુદ્ધ ભાવો, જીનવર ગુણ ગાવો, જીમલહેા મોક્ષ ઠાવો. ॥ ૧ ॥ સવિજીન સુખકારી, ક્ષય કરી મોહ ભારી; કેવળ સુચિ ધારી, માન માયા નિવારી; થયા જગ ઉપ-ગારી, ક્રોધ યોદ્ધા પહારી; શુચિ ગુણ ગણ ધારી, જે વર્યા સિદ્ધિ નારી. ॥ ૨ ॥ નવ તત્ત્વ વખાણી, સપ્તભંગી પ્રમાણી; સગ નયથી મિલાણી, ચાર અનુયેાગ ખાણી; જીનવરની વાણી, જે સુણે ભવ્ય પ્રાણી; તિણે કરેા અઘ-હાણી, જઈ વર સિદ્ધિ રાણી. ॥ ૩ ॥ સમકીતિ નરનારી, તેહની ભક્તિ કારી; ધારણી સૂરિસારી, વિઘ્નના થેાક હારી; પ્રભુ આણાકારી, લચ્છિ લીલા વિહારી; સંઘ દુરિત નિવારી, હેાજો આણંદકારી. ॥ ૪ ॥

મલ્લીનાથજીની સ્તુતિ.

સુણ સુણરે સાહેલી, ઉઠી સહુથી પહેલી; કરી સ્નાન વહેલી, જીમ વધે પુન્ય વેલી; તજી મોહની પલ્લી, ખંડ કરી કામ વલ્લી; કરી ભક્તિ સુ ભલ્લી; પૂજી જીનદેવ મલ્લી. ॥ ૧ ॥ સવિજન સુખકારી, મોહ નિદ્રા નિવારી; ભવિજન

નિસ્તારી, વાણી સ્યાદ્વાદ ધારી; નિર્મળ ગુણ ધારી, ધૌત મિથ્યાત્વગારી; નમિએ નરનારી, પાપ સંતાપ છારી. ॥ ૨ ॥ મૃગશિર અજુઆલી, સર્વ તિથિમાં રસાલી; એકાદશી પાલી, પાપની શ્રેણિ ગાલી; આગમ રસાલી, તિથિ કહી તે સંભાલી; શિવ વધુ લટકાલી, પરણશે દેઇ તાલી. ॥ ૩ ॥ વૈરૂચ્યા દેવી, ભક્તિ હિયડે ધરેવી; જીન ભક્તિ કરેવી, તેહનાં દુઃખ હરેવી; મન મહિર કરેવી, લચ્છી લીલા વરેવી; કવિ રૂપ કહેવી, દેજો સુખ નિત્ય મેવી. ॥ ૪ ॥

શ્રી નમીજીનની સ્તુતિ.

શ્રી નમિજીન નમિયે, પાપ સંતાપ ગમીયે; નિજ તત્ત્વમાં રમીયે, સર્વ અજ્ઞાન વમીએ; સવિ વિઘ્નને દમીયે, વર્તિએ પંચ સમીએ; નવિ ભવ વન ભમીયે, નાથ આણા ન ક્રમીયે. ॥ ૧ ॥ દશે ક્ષેત્રના ઇશ, તીર્થપતિ જેહ ત્રીશ; ત્રિહું કાલ ગણીશ, નેવુ જીનવર નમીશ; અર્હ તે પદ ત્રીશ, સાઠ દીક્ષા જપીશ; કેવળી જગદીશ, સાઠ સંખ્યા ગણીશ. ॥ ૨ ॥ સગ નય યુત વાંણી, દ્રવ્ય છકે ગવાણી, સગ ભંગી ઠરાણી, નંદ તત્ત્વે વખાણી; જે સુણે ભવિ પ્રાણી, શુદ્ધ શ્રદ્ધા ન આણી; તે વરે શિવ રાંણી, શાસ્વતા નંદ ખાણી. ॥ ૩ ॥ દેવી ગંધારી, શુદ્ધ સમ્યકત્વ ધારી; પ્રભુ સેવા કારી, સંઘ ચઉ વિહ સંભારી; કરે સેવના સારી, વિઘ્ન દૂરે વિદારી; રૂપ વિજયને પ્યારી, નિત્ય દેવી ગંધારી. ॥ ૪ ॥

શ્રી શાંતિનાથની સ્તુતિ.

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે, સુમતિને ઘરે પારણું, ભવપાર ઉતારે; વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે, જ્ઞાન ધ્યાન એક તાનથી, તિર્યંચને તારે. ॥ ૧ ॥ પાસ વીર વાસુ પુજ્યને, નેમ મલ્લી કુમારી, રાજ્ય વિહૂણા એ થયા, આપે વ્રધ ધારી; શાંતીનાથ પ્રમુખા સવિ, લહિ રાજ્ય નિવારી, મલ્લીનેમ પરણ્યા નહી, બીજા ઘરબારી. ॥ ૨ ॥ કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરી જે, રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે; ચોગા વંચક પ્રાણીયા, ફલ લેતા રીઝે, પુષ્કરાવર્તના મેઘમાં, મગસેલ ન ભીંજે. ॥ ૩ ॥ કોડ વદન શુકરા રૂઢા, શ્યામ રૂપે ચાર, હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર; જક્ષ ગરૂડ વામ પાણીએ, નકુલાક્ષ વખાણે, નિર્વાણીની વાત તો કવિ વીર તે જાણે. ॥ ૪ ॥

નેમિનાથજીની સ્તુતિ.

દુરિત ભય નિવારં, મોહવિધ્વંસકારં; ગુણવત મવિકારં, પ્રાપ્તસિદ્ધિ મુદ્દારં; જીનવર જયકારં, કર્મ સંકલેશ હારં; ભવજળનિધિ તારં, નૌમિ નેમિ કુમારં. ॥ ૧ ॥ અડ જીનવર માતા, સિદ્ધિ સૌધે પ્રયાતા; અડ જીનવર માતા, સ્વર્ગ ત્રીજે વિખ્યાતા; અડ જીનવર માતા, પ્રાપ્ત માહેંદ્ર સ્થાતા; ભવ ભય જીન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા. ॥ ૨ ॥ રૂષભ જનક જાવે, નાગસ્વર ભાવ પાવે; ઈશાન સગ કહાવે, શેષકાંતા સ્વભાવે; પદ્માસન સોહાવે, નેમ

આધ્યંત પાવે; શેષ કાઉસગ્ગ ભાવે, સિદ્ધિ સૂત્રે પઠાવે. ॥ ૩ ॥ વાહન પુરૂષ જાણી, કૃષ્ણવર્ણે પ્રમાણી; ગોમેધને ષટ પાણી, સિંહ બેઠી વરાણી; તનુ કનક સમાણી, અંબીકા ચાર પાણી, નેમ ભક્તિ ભરાણી, વિર વિજયે વખાણી. ॥ ૪ ॥

મહાવીરજીનની થોય.

વીરં દેવં નિત્યં વંદે, જૈનાઃ પાદા યુષ્માન્ પાન્તુ; જૈનં વાક્યં ભૂયાદ્ભૂત્યૈ, સિદ્ધાદેવી દધ્યાત્ સૌખ્યં. ॥ ૧ ॥

સાધારણ જીનોની થોય.

ગર્ભે જન્મનિ દીક્ષાયાં, કેવળે નિવૃત્તૌ તથા, યસ્યે ઇન્દ્રા મહિમ્ન ચકુસ્તં જીનં નૌમિ ભક્તિતઃ ॥ ૧ ॥ મોહેભ્ય કુંભ નિર્ભેદ વિદ્યૌ કંઠીરવોપમાઃ યે જીનાસ્તત્પદાં ભોજં નમસ્યામ્યઽઘનાશનં. ॥ ૨ ॥ અંગાનંગ જલાપૂર્ણં નય કલ્લોલ સંકુલમ્ સદર્શનાદિ રત્નાઢ્યં વંદે જૈનાગમો દધિમ્. ॥ ૩ ॥ સર્વે યક્ષામ્બિકા ધ્યાયે વૈયાવૃત્યકરા જીને, ક્ષુદ્રો પદ્રવ સંઘાતં, તે દ્રુતં દ્રાવયંતુનઃ ॥૪॥

શ્રીમંધરજીનની થોય.

મહા કેવળ નાણ કલ્લાણવાસો, સલાવણ સોવન્ન વન્નપ્પયાસો; થુણું સાર સિદ્ધિ પુરિં સત્થવાહં, સયાસામિ સીમંધર તિત્થનાહં. ॥ ૧ ॥ સુરા કિન્નરા જેસિ પાયાલ વંદે, નમં સંતિ સેવિતં ભૂયાલ વંદે; તિલોઈ જણાણું દસંપુણચંદા, સુહં દિન્તુ મે સવ્વયા તે જીણિન્દા. ॥ ૨ ॥ સયા પાવ સંતીય પીયૂષ પુરં, તમો રાસિનિ-

ન્નાસ ઉલ્લાસસૂરં, ગણાપાર સંસાર પૂયારસેયં; જીણુંદા-
ગમો વંદિમો સુખ હેઉં. ॥ ૩ ॥ જગન્નાહં સીમંધરં
પાયભત્તા. ॥ ૫ ॥ પવિત્તાણુરત્તા સુસતાણુ જત્તા, સુહંસવ્વ-
ભવ્વાણુ સંપુરિતાસા; સયાસેય પત્તિંગિરા દેવિઆસા. ॥૪॥

શાંતિનાથજીની થોય.

ગજપુર અવતારા, વિશ્વસેન કુમારા; અવનિતળે
ઉદારા, ચક્રવિલચ્છિધારા, પ્રતિદિવસ સવારા; સેવીએ શાંતિ
સારા, ભવજલધિ અપારા; પાંમીએ જેમ પારા. ॥ ૧ ॥
જીનગુણ જસ મહ્લી, વાસના વિશ્વ વલ્લી; મન સદનચ
સલ્લી. માનવંતી નીસલ્લી, સકલ કુશલ વલ્લી; કુલડે
વેગ કુલ્લી, દુર્ગતિ તસ દુલ્લી; તાસદા શ્રી બહુલી. ॥ ૨ ॥
સકલ સુખ સુખાલા, મેળવા મુક્તિ બાલા; પરવચન પદ
માલા, દુતિકા એ દયાલા; ઉર ધરી સુકુમાલા, મુકીએ
મોહ જાલા, ॥ ૩ ॥ અતિ ચપલ વખાણી, સૂત્રમાં જે
પ્રમાણી; ભગવતી ભરમાંણી, વિઘ્નહંતા નિર્વાણી; જીનપદ
લપટાંણી, કોડી કલ્યાણ ખાંણી; ઉદયરત્ન જાણી, સુખ-
દાતા સયાંણી. ॥ ૪ ॥

મહાવીરજીનની સ્તુતિ.

શાસન નાયક વીરજીએ, પામી પરમ આધારતો;
રાત્રિ ભોજન મતિકરોએ, જીનવાણી જગ સારતો, ઘુયડ
કાગને નાગના એ; તે પામે અવતાર તો, નિયમ નોકારસી
નિત્ય કરોએ, સાંજ કરો ચોવીહારતો. ॥ ૧ ॥ વાસી
બોળાને રિંગણાં એ, કંદ મૂળ તું ટાળતો; બાતાં બોટ

ઘણી કહીએ, તે માટે મન વાળતો; કાચુ દુધને છાશમાં એ, કઠોળ જમવુ વાર તો; રિષભાદિક પાયે સેવતા એ, રાગ ધરે શીવ નાર તો. ॥ ૨ ॥ હોળી બળેવને નોરતાં એ, પીંપળે પાણી મ રેડતો; શીયળ સાતમને વાસી વડાં એ, ખાતાં મોટી ખોડ તો; સાંભળી સમકિત દૃઢ કરો એ, મિથ્યા પર્વ નીવારતો; સામાયિક પ્રતિકમણ નિત્ય કરોએ, જીન વાણી જગ સારતો. ॥ ૩ ॥ ૠતુવંતી અડકે નહીએ. ન કરે ઘરના કામ તો; તેહના વંછીત પુરૂસે એ, દેવી સિધ્ધાયિકા નામ તો; હિત ઉપદેશે હર્ષ ધરો એ, કોઈ ન કરસો રિસ તો; કીર્તિ કમળા પામસો એ, જીવ કહે તસ શિષ્ય તો. ॥ ૪ ॥

સ્તુતિ.

ગિરનારે ગિરવો વાલો નેમિ જીણંદ, અષ્ટાપદ ઉપર પૂજી ધરૂ આણંદ; સિદ્ધાંતની રચના; ગણધર કરે અનેક, દીવાળી દીપકઅંબાઈ અનેક. ॥ ૧ ॥

નવતત્ત્વની થોય.

જીવા જીવા પુણ્યને પાવા, આશ્રવ સંવર તત્તાજી, સાતમે નિજર્રા આઠમે બંધ, નવમે મોક્ષપદ સત્તાજી; એ નવે તત્તા સમકિત સત્તા, ભાંખે શ્રી ભગવંતાજી, ભુજ નયર મંડણ રિસહેસર, વંદો તે અરિહંતાજી. ॥ ૧ ॥ ધમ્મા ધમ્મા ગાસા પુગ્ગલ, સમયા પંચ અજીવાજી, નાણ વિન્નાણ શુભા શુભ યોગે, ચેતન લક્ષણ જીવાજી; ઈત્યાદિક ષટ્ દ્રવ્ય પરૂપક, લોકાલોક દિણંદાજી, પ્રહ ઉઠી

નિત્ય નમિયે વિધિશું, સિત્તરિસો જીન ચંદાજી. ॥ ૨ ॥
સૂક્ષ્મ બાદર દોએ એકેંદ્રી, બિતિ ચઉરિંદિ દુવિહાજી,
તિવિહા પચિંદિ પજ્જત્તા, અપજ્જત્તા તેવિ વિહાજી;
સંસારી અસંસારી સિદ્ધા, નિશ્ચયને વ્યવહારાજી, પન્નવણા-
દિક આગમ સુણતાં, લહિયે શુદ્ધ વિચારાજી. ॥ ૩ ॥
ભુવનપતિ વ્યંતર જ્યોતિષવર, વૈમાનિક સુર વૃંદાજી,
ભુજનગર મહિમંડલ સઘળે, સંઘ સકળ સુખ કરજોજી;
પંડિત માનવિજય ધર્મ જંપે, સમકિત ગુણ ચિત્ત
ધરજોજી. ॥ ૪ ॥

શ્રી અધ્યાત્મની થોય.

ઉઠી સવેળા સામાયિક લીધું, પણ બારણું નવી
દીધું જી, કાળો કુતરો ઘરમાં પેઠો, ઘી સઘળું તેણે પીધું જી;
ઉઠો વહુઅર આળસ મૂકી, એ ઘર આપ સંભાળોજી,
નિજપતિને કહો વીર જીન પૂજી, સમકિતને અજુવાળોજી.
॥ ૧ ॥ બલે બિલ્લાડે જડપ જડપાવી, ઉંદરોડ સર્વે ફોડીજી,
ચંચળ છૈયાં વાર્યાં ન રહે, ત્રાક ભાંગી માળા તોડીજી;
તેહ વિના રેટિયો નવિ ચાલે, મૌન ભલુ કેને કહીયેજી,
ઋષભાદિક ચોવીશ તીર્થંકર, જપીયે તો સુખ લહીયેજી.
॥ ૨ ॥ ઘર વાશીદું કરોને વહુઅર, ટાલો ઓજીશાલું જી,
ચોરટો એક કરે છે હેરું, ઓરડે દ્યોને તાળું જી; લબકે
પ્રાહુણા ચાર આવ્યા છે, તે ઉભા નવિ રાખોજી, શિવપદ
સુખ અનંતાં લહિયે, જો જીનવાણી ચાખોજી. ॥ ૩ ॥
ઘરનો ખુણો કોળ ખણે છે, વહુ તુમે મનમાં લાવોજી, પહોળે
પલંગે પ્રીતમ પોઢયા, પ્રેમ ધરીને જગાવોજી; ભાવપ્રભસૂરી

કહે નહીં એ કથળો, અધ્યાતમ ઉપયોગીજી, સિદ્ધાઇકા દેવી સાન્નિધ્ય કરેવિ, સાધે તે શિવપદ ભોગીજી. ॥ ૪ ॥

શ્રી મલ્લિનાથની થોય.

મલ્લિ જીનેસરવાને લીલા, દીયો મુજ સમકિત લીલાજી, અણ પરણે જિણે સંયમ લીધો, સિદ્ધ સંયમ શીલાજી; તે નર ભવમાં પશુ પર જાણો, જે કરે તુમ અવહીલાજી, તુમ પદ પંકજ સેવાથી હોય, બોધિ બીજ વસીલાજી, ॥ ૧ ॥ અષ્ટાપદ ગિરિ રિષભ જીનેશ્વર, શિવપદ પામ્યા સારજી, વાસુપૂજ્ય ચંપાએ, યદુપતિ શિવ પામ્યા ગિરનારજી; તિમજ પાવાપુરી શિવ પોહોતા, વર્દ્ધમાન જિનરાયજી, વીશ સમેતશિખરગિરિ સીધા, ઇમ જીન ચોવીશ થાયજી. ॥ ૨ ॥ જીવ અજીવ પુન્ય પાપને આશ્રવ, બંધ સંવર નિજ્જરણાજી, મોક્ષતત્ત્વ નવ ઇણી પરે જાણો, વલી ષટ્દ્રવ્ય વિવરણાજી; ધર્મ અધર્મ નભ કાલને પુદ્ગલ, એહ અજીવ વિચારોજી, જીવ સાહત ષટ્દ્રવ્ય પ્રકાશ્યાં, તે આગમ ચિત્ત ધારોજી. ॥ ૩ ॥ વિધ્યાદેવી શોલ કહીજે, શાસન સુર સુરી લીજેજી, લોકપાલ ઇંદ્રાદિક સઘળા, સમકિત દૃષ્ટિ ભણીજેજી; જ્ઞાન વિમલ પ્રભુ શાસન ભકતા, દેખી જીનને રીઝેજી, બોધ બીજ શુદ્ધ વાસના દૃઢતા, તાસ વિરહ નવિ કીજેજી. ॥ ૪ ॥

શ્રી અરનાથની થોય.

શ્રી અરનાથ જીનેશ્વરૂ, ચક્રી સપ્તમ સોહે, કનક વરણ છબી જેહની, ત્રિભુવન મન મોહે; ભોગ કરમનો

ક્ષય કરી, જીન દીક્ષા લીધી, મનઃપર્યવ નાણી થયા, કરી યોગની સિદ્ધી. ।। ૧ ।। માગશિર શુદિ એકાદશી, અર દીક્ષા લીધી, મલ્લિ જન્મ વ્રત કેવલી, નમી કેવળ રૂદ્ધિ; દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચ કલ્યાણ, તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપુર ઠાણ. ।। ૨ ।। અંગ ઇગ્યાર આરાધવાં, વલી બાર ઉપાંગ, મૂલ સૂત્ર ચારે ભલાં, ષટ્ છેદ સુચંગ; દશ પયન્ના દીપતા, નંદી અનુયોગ દ્વાર, આગમ એહ આરાધતાં, લહો ભવજળ પાર. ।। ૩ ।। જીનપદ સેવા નિત્ય કરે, સમકિત સુચિકારી, જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી; પ્રભુપદ પદ્મની સેવના, કરે જે નરનારી, ચિદાનંદ નિજરૂપને, લહે તે નિરધારી. ।। ૪ ।।

સુધર્મા દેવલોકની સ્તુતિ.

સુધર્મા દેવલોક પહેલો જાણો, દોઢરાજ ઉંચો તસ જાંણો, સોહમઇંદો તેહનો રાંણો, શક્ર નામે સિંહાશન છાજે, ઐરાવણ હાથી તસ ગાજે; દીઠે સંકટ ભાંજે, સકલ દેવમાંને તસ આંણ, આઠ ઇંદ્રાણી ગુણની ખાણ; વજ્રતે જમણે પાંણ બત્રીશ લાખ વૈમાનનો સ્વામી, રીષભદેવને નમે શિરનામી, હૈયે હરખ બહું પામી. ।। ૧ ।। ચોવીશે જીનવર પ્રણમીજે, વિરહમાન જીન પૂજા કીજે, માનવ ભવફલ લીજે; બાર દેવલોકને નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર સફલ વિવેક, જીહાં છે પડિમા અનેક; ભુવનપતિ વ્યંતર માંહી સાર, જ્યોતિષિ માંહે સંખ્યા અપાર, તેહશું સ્નેહ અપાર; મેરૂ પ્રમુખ વલી પર્વત જેહ, તીર્ચ્છાલોકમાં પડિમા જેહ, હું વંદુ ધરી નેહ. ।। ૨ ।। સમવસરણ સુર

રચેરે ઉદાર, જોજન એક તણો વિસ્તાર, રચના વિવિધ પ્રકાર; અઢીગાઉ ઉચું તસ જાંણુ, કુલ પગર સોહીએ ઢીંચણ સમાન, દેવ કરે તિહાં ગાન; મણિ હેમ રત્નમય સોહે, ત્રિગડું દેખી ત્રિભુવન મોહે; તીહાં બેઠા જન પડિ બોહે, અણુ વાગ્યાં વાજીંત્ર વાગે, ત્રણ છત્ર શિર ઉપર છાજે, સેવક જીનને નિવાજે. ॥ ૩ ॥ ચરણ કમલ ને ઉરના ચાલા, કટીમે ખલખલકે સુવિસાલા, ગલે મોતનકી માલા; પુનમચંદ જેમ વદન ઝીરાજે, નયન કમળની ઉપમા છાજે, દીઠે સંકટ ભાજે; બાલી ભોળી ચક્રકેશ્વરી માય, જે નર સેવે સિદ્ધ ચક્રરાય, શ્રી સંઘને સુખદાય; શ્રી ખીમાવિજય ગુરૂ તપ ગચ્છરાય, પ્રણમું કાંતિવિજય ઉવઝાય, શિષ્ય કીર્તિવિજય ગુણ ગાય. ॥ ૪ ॥

શ્રી પાર્શ્વનાથજીની સ્તુતિ.

પોસી દશમ દિન પાસ જીનેશ્વર, જનમ્યા વામા માયજી, જન્મ મહોચ્છવ સુરપતિ કીધો, વલીય વિશેષે રાયજી; છપન દિકૂ કુમરી હુલરાવ્યો, સુરનર કિંનર ગાયોજી, અશ્વસેન કુલ મલવંતસે, ભાનુ ઉદય સમ આયોજી. ॥ ૧ ॥ પોસી દશમ દિન આંબિલ કરીએ, જેમ ભવસાયર તરીયેજી, પાસ જીણુંદનું ધ્યાન ધરતાં, સુકૃત ભંડાર ભરીએજી; રૂષભાદિક જીનવર ચોવીશે, તે સેવો ભલે ભાવેજી, શિવરમણી વરી નિજ બેઠા, પરમપદ સોહાવેજી. ॥ ૨ ॥ કેવળ પાંમી ત્રિગડે બેઠા, પાસ જીનેશ્વર સારજી, મધુર ગીરાએ દેશના દેવે, ભવિજન મન સુખ કારજી; દાન શીલ

તપ ભાવેં આદરસે, તે તરસે સંસારજી, આ ભવ પર ભવ જીનવર જપતાં, ધર્મ હોંસે આધારજી. ॥ ૩ ॥ સકલ દિવસમાં અધિકો જાંણી દશમી દિન આરાધોજી, ત્રેવિશમો જીન મનમાં ધ્યાતાં, આતમ સાધન સાધોજી; ધરણેંદ્ર પદ્માવતી દેવી, સેવા કરે પ્રભુ આગેંજી, શ્રી હર્ષવિજય ગુરૂ ચરણ કમલની, રાજવિજય સેવા માગેંજી. ॥ ૪ ॥

ભીલડિઆ પાર્શ્વનાથની સ્તુતિ.

ભીલડિપુર મંડણ, સોહિએ પાસ જીણુંદ; તેહને તમે પૂજો, નર નારીના વૃંદ; તેહ રૂઠયો આપે, ધણુકણ કંચન કોડ; તે શિવપદ પામે, કર્મ તણા ભય છોડ. ॥૧॥ ઘન ઘસીય ઘનાઘન, કેશરના રંગરોળ; તેહમાં તમે ભેળો કસ્તુરીના ઘોલ, તેણે શું પૂજો, ચઉવીસે જીણુંદ જેમ દૈવ દુઃખ જાવે, આવે ઘર આણંદ. ॥ ૨ ॥ ત્રિગડે જીન બેઠા, સોહિએ સુંદર રૂપ, તસ વાણી સુણવા; આવી પ્રણમે ભૂપ, વાણી જોજનની, સુણજો ભવિયણ સાર; તે સુણતાં હોસે, પાતિકનો પરિહાર. ॥ ૩ ॥ પાય રમઝમ રમઝમ ઝાંઝરનો ઝમકાર, પદ્માવતી ખેલે, પાર્શ્વતણે દરબાર, સંઘ વિઘ્ન હરજો, કરજો જયજયકાર; એમ સોભાગ્યવિજય કહે, સુખ સંપત્તિ દાતાર. ॥ ૪ ॥

રોહિણીના સ્તુતિ.

માસ માસ રોહિણી તપ કીજે, વાસુપૂજ્યની પ્રતિમા પૂજી જે; રોગ શોક ન આવે અંગે, દોય સહસ જપો મનરંગે. ॥ ૧ ॥ અતીત અનાગત ને વર્તમાન, ત્રણ

ચોવીશી બોતેંર નામ; શુભવિજય કહે એહ પ્રકાશ, સુખ લહે રોહિણી તપ ભાસ. ॥ ૨ ॥ એ છે આગમ અંગ અગ્યાર, ચૌદ પૂરવને ઉપાંગ બાર; ત્યાં છે રોહિણી તપ વિખ્યાત, જપતાં લહીએ મુક્તિનો વાસ. ॥ ૩ ॥ શાસનદેવી મન બળ આપો, સુમતિ કરી જિન શાસનને થાપો, શુભ વિજય કહે દાસ તુમારો, લાભવિજય કહે એહ સંભારો. ॥૪॥

સિદ્ધચક્રની સ્તુતિ.

અરિહંત નમો વલી સિદ્ધ નમો, આચારજ વાચક સાહુ નમો; દર્શન જ્ઞાન ચારિત્ર નમો, તપ એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ॥ ૧ ॥ અરિહંત અનંત થયા થાસે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાસે; પડિક્કમણું દેવવંદન વિધિશું, આંબીલ તપ ગણણું ગણો વિધિશું. ॥ ૨ ॥ છરિપાલી જે તપ કરસે, શ્રીપાલ તણી પેરે ભવ તરસે; સિદ્ધચક્રને કોણ આવે તોલે, એહવા જીન આગમ ગુણ બોલે. ॥ ૩ ॥ સાડાચારે વરસે તપ પુરૂ, એ કર્મ વિદારણ તપ સૂરૂ; સિધ્ધચક્રને મન મંદિર થાપો, નય વિમલેશ્વર વર આપો. ॥ ૪ ॥

શ્રી સીમંધર પ્રમુખ વિચરતા જીનની સ્તુતિ.

શ્રી સીમંધર સેવિત સુરવર, જીનવર જગ જય કારીજી, ધનુષ પાંચસે કંચન વરણી, મૂર્તિ મોહન ગારીજી; વિચરંતા પ્રભુ મહા વિદેહે, ભવિજનને હિતકારીજી, પ્રહ ઉઠી નિત્ય નામ જપીજે, હૃદય કમળમાં ધારીજી. ॥ ૧ ॥ સીમંધર યુગમંધર બાહુ સુબાહુ, સુજાત સ્વયંપ્રભ રૂષ-

ભજી, અનંત સુર વિશાળ વજ્રધર, ચંદ્રાનન અભિરામજી; ચંદ્ર ભુજંગ ઇશ્વર નેમિપ્રભ, વીરસેન ગુણ ધામજી, મહા ભદ્રને દેવજસા વળી, અજિત કરૂં પ્રણામજી. ॥ ૨ ॥ પ્રભુ મુખ વાંણી બહું ગુણ ખાંણી, મીઠી અમૃત સમાણીજી, સૂત્ર અને અર્થે ગુંથાણી, ગણધરથી વિરચાણીજી; કેવળ નાણી બીજ વખાણી, શીવપુરની નીસાણીજી, ઉલટ આણી દિલ માંહે જાણી, વ્રત કરો ભવિ પ્રાણીજી. ॥ ૩ ॥ પહેરી પટોળી ચરણું ચોળી, ચાલી ચાલ મરાલીજી, અતિ રૂપાળી અધર પ્રવાળી, આંખડલી અણીયાલીજી; વિઘ્ન નીવારી સાનિધ્યકારી, શાસનની રખવાળીજી, ધીર વિમળ કવિરાયનો સેવક, બોલે નય નીહાલીજી. ॥ ૪ ॥

અજીતનાથની સ્તુતિ.

જય ગરભે સ્વામી, પામી વિજયા નારી; જીતે નિત્ય પિઉને, અક્ષ ક્રીડન હુસિયાર; તીણે નામ અજીત છે, દેશના અમૃતધાર; મહાયક્ષ અજિતા, વીર વિઘન અપહાર.

સંભવનાથની સ્તુતિ.

સંભવ સ્વામી સેવીએ, ધન્ય સજ્જન દીહા; જીનગુણ માળા ગાવતાં, ધન તેહની જીહા; વયણ સુગંગ તરંગમાં ન્હાતાં શિવગેહી, ત્રિમુખસુર દુરિતારીકા, શુભ વીર સનેહી.

અભિનંદન જીન સ્તુતિ.

અભિનંદન ગુણ માલિકા, ગાવંતી અમરાલીકા, કુમતકી પરજાલીકા, શિવવહુ વરમાલીકા, લગે ધ્યાનકી તાલીકા

આગમની પરનાલિકા, ઇશ્વરો સુર આલીકા, વીર નમે નિત્ય કાલિકા.

સુમતિનાથજીની સ્તુતિ.

સુમતિ સ્વર્ગદીયે અસુમંતને, ભમત મોહ નહીં ભગવંતને, પ્રગટ જ્ઞાન વરી શિવ આલિકા, તુંબરૂ વીર નમે મહાકાલિકા.

પદ્મપ્રભજીન સ્તુતિ.

પદ્મ પ્રભુહુત છદ્મા વસ્થા, શિવસદ્મે સિદ્ધા અરૂપસ્થા નાણ ને દંસણ દોય વિલાસી. વીરકુસુમ શ્યામા જીન પાસી.

સુપાર્શ્વનાથજીન સ્તુતિ.

અષ્ટ મહા પડિહારશ્યું એ, શોભે સ્વામી સુપાસતો, મહા ભાગ્ય અરિહા પ્રભુ એ, સુરનર જેહના દાસ તો; ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો, માતંગ શાંતા સુર સુરીએ, વીર વિઘન અપહારતો.

ચંદ્રપ્રભ જીન સ્તુતિ.

ચંદ્ર પ્રભમુખ ચંદ્રમા, સખિ જોવા જઈએ, દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મળતા થઈએ; વાણી સુધારસ વેલડી સુણીએ તતખેવ, ભજે ભદ્દંતભૂકુટિકા, વીર વિજય તે દેવ.

સુવિધિનાથજીની સ્તુતિ.

સુવિધિ સેવા કરતા દેવા, તજી વિષય વાસના, શિવ-સુખ દાતા જ્ઞાતા ત્રાતા; હરે દુઃખ દાસના, નયગમ ભંગે રંગે ચંગે, વાણી ભવ હારિકા, અમર અજીતા મોહાતીતા, વીર રચે સુતારિકા.

શીતલનાથજીની સ્તુતિ.

શીતલ પ્રભુ દર્શન, શીતલ અંગ ઉવંગે, કલ્યાણુક પાંચે; પ્રાણી ગણ સુખ સંગે, તવ વચન સુણંતા, શીતલ કોમ નહીં લોકા, શુભ વીર તે બ્રહ્મા, શાસન દેવી અશોકા.

શ્રેયાંસ નાથજીની સ્તુતિ.

શ્રી શ્રેયાંસ સુહંકર પામી, ઇચ્છે અવર કુણ દેવાજી; કનકતરૂ સેવે કુણ પ્રભુને, છંડી સુરતરૂ સેવાજી, પુર્વાપર અવિરોધી સ્યાત્પદ, વાણી સુધારસ વેલીજી, માનવી મણ એ સર સુપસાયે, વીર હૃદયમાં ફેલીજી.

વાસુપૂજ્યજીની સ્તુતિ.

વિમલગુણ અગારં, વાસુપુજ્યં સફારં, નિહત વિષય વિકારં, પ્રાપ્ત કૈવલ્ય સારં, વચન રસ ઉદારં, મુક્તિતત્ત્વં વિચારં, વીર વિધન નિવારં, સ્તૌમિ ચંડી કુમારં.

વિમલનાથજીની સ્તુતિ.

વિમલનાથ વિમલ ગુણ વર્યા, જીન પદ ભોગી ભવ નિસ્તર્યા, વાણી પાંત્રીશ ગુણ લક્ષણી, છમ્મુહ સુર પ્રવરાજ ક્ષણી.

અનંતનાથજી સ્તુતિ.

જ્ઞાનાદિકા ગુણવરા, નિવસંત્યનતે, વજ્રી સુપર્વ મહિતો, જીન પાદ પદ્મે, ગ્રંથાર્ણ વે મતિવરા, પ્રણ તિસ્મ ભકત્યા, પાતાલ ચાંકુશી સુરી, શુભ વીર દક્ષા.

ધર્મનાથજીની સ્તુતિ.

સખી ધર્મ જીનેશ્વર પુજીએ, જિન પુજે મોહને ધ્રૂજીએ, પ્રભુ વયણ સુધારસ પીજીએ, કિન્નર કંદર્પ રીઝીએ.

કુંથુનાથજીની સ્તુતિ.

વશી કુંથુવતી તીલકો જગતિ, મહીમા મહતી નત ઇંદ્ર તતી, પ્રથીતા ગમ જ્ઞાન ગુણા વીમલા, શુભ વીરમતાં ગાંધર્વ બલા.

અરનાથજીની સ્તુતિ.

અર વિભુ રવિ ભુતલ દ્યોતકં, સુમનસામન સાચિ તપત્કજે, જિન ગિરા ન ગિરા પરતારિણી, પ્રણુત યક્ષ પતિ વીર ધારિણી.

મલ્લિનાથજીની સ્તુતિ

મલ્લિનાથ મુખચંદ નીહાલું, અરિહા પ્રણુમી પાતીક ટાલું, જ્ઞાનાનંદ વિમલપુર સેર, ધરણુ પ્રિયા શુભવીર કુબેર.

મુનિસુવ્રતજીની સ્તુતિ.

સુવ્રત સ્વામી આતમરામી પુજો ભવિ મન રૂલી, જિન ગુણ થુણિયે પાતિક હણિયે, ભાવ સ્તવ સાકલી વચને રહિયે, જુઠ ન કહીયે, ટલે કુલ વંચકો, વીર જિણુ પાસી નરદત્તા, વરૂણુ જિનાર્ચકો. ૨૦

નમિનાથજીની સ્તુતિ.

શ્રી નમિનાથ સુહામણાએ, તીર્થપતિ સુલતાન તો, વિશ્વંભર અરિહા પ્રભુએ, વીતરાગ ભગવાન તો, રત્નત્રયી જસ ઉજલીએ, ભાષે ષટ્ દ્રવ્ય જ્ઞાન તો, ભ્રકુટી સુર ગંધારિકાએ, વીર હૃદય બહુ માન તો. ૨૧

ચાર શાશ્વતાજિનની સ્તુતિ.

ઋષભાનન ચંદ્રાનન જાણો, વારિષેણ શાશ્વત વર્દ્ધ-

માન પૂર્વ પશ્ચિમ ઉત્તર ઠાણો, દક્ષિણ પડિમા ભાગ પ્રમાણો. ॥૧॥ ઉર્ધ્વ લોકે જિન બિંબ ઘણેરાં, ભવનપતિમાં ઘર ઘર દેહરાં, વ્યંતર જોતિષી ત્રીજે અનેરાં, ચારે શાશ્વતાં નામ ભલેરાં૦ ॥૨॥ ભરતાદિકજે ક્ષેત્ર સુહાવે. કાળત્રિકે જે અરિહા આવે, ચાર નામ એ નિશ્ચય થાવે, અંગ ઉવાંગે વાત જ-ણાવે. ॥૩॥ પંચ કલ્યાણુકે હર્ષ અધુરે, નંદીશ્વર દ્વીપે જઇ પૂરે. હર્ષ મહોત્સવ કરત અઠ્ઠાઇ, દેવ દેવી શુભ વીર વધાઈ.

ચાર શાશ્વતા જીનની સ્તુતિ.

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી. વર્ધ્ધમાન જિનવર વળી પ્રણમો, શાશ્વતા નામ એ ચારેજી. ભરતાદિક ક્ષેત્રે મળી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી. તિણે ચારે એ શાશ્વત જિનવર નમિયે, નિત્ય સવારેજી. ॥૧॥ ઉર્ધ્વ અધો તીર્ચ્છે લોકે થઇ, કોડી પન્નરસે જાણોજી. ઉપર કોડિ બેતાલીશ પ્રણમો, અડવન લખમન આણોજી. છત્રીશ સહસ બેંશી તે ઉપર, બિંબતણો પરિમાણોજી. અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં પ્રણમું તે સુવિહાણોજી. ॥ ૨ ॥ રાય પસેણી જીવાભિગમે ભગવતી સૂત્રે ભાખીજી. જંબુ દ્વીપ પન્નત્તિ ઠાણુંગે, વિવરીને ઘણું દાખીજી. વલિય અશાશ્વતી જ્ઞાતા-કલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી. તે જિન પ્રતિમા લોપે પાપી, જ્યાં બહુ સૂત્ર છે સાખીજી. ॥૩॥ એ જીનપુજાથી આરાધક, ઇશાન ઇંદ્ર કહાયાજી. તિમ સૂરિયાભ પ્રમુખ બહૂ સુરવર, દેવી તણા સમુદાયાજી. નંદીસર અઠ્ઠાઇ મહો-ત્સવ કરે અતિ હર્ષ ભરાયાજી. જિન ઉત્તમ કલ્યાણુક દિવસે, પદ્મવિજય નમે પાયાજી. ॥ ૪ ॥

સિદ્ધાચલજીની સ્તુતિ.

શ્રી શત્રુંજય આદિજિન આવ્યા પૂર્વનવાણું વારજી. અનંત લાભ તિહાં જીનવર જાણી, સમોસર્યા નિરધારજી. વિમલ ગિરિવર મહિમા મોટો, સિદ્ધાચલને ઠામજી. કાંકરે કાંકરે અનંતા સિદ્ધા, એકસોને આઠ ગિરિ નામજી. ૧

સિમંધર જીનની સ્તુતિ.

સીમંધર જિનવર સુખકર સાહેબ દેવ, અરિહંત સકલની, ભાવધરી કરૂં સેવ, સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી, જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણ ખાણી. ।।૧।। શ્રી સીમંધર સ્વામી મોરારે, હું તો જાપ જપુ નિત્ય તોરારે, રાંણી રૂક્ષમણીનો ભરતારરે, મનવંછીત ફળ દાતારરે. ।।૨।। સો ક્રોડ સાધુ સાધ્વીઓ સો ક્રોડ જાણ એસે પરિવારે. શ્રીમંધર ભગવાન, દશલાખ કહ્યાં કેવળી, પ્રભુજીનો પરિવાર, વાચક જસવંદે, નિત્ય નિત્ય વાર હજાર. ।। ૩ ।।

પુંડરીકજીની સ્તુતિ.

પુંડરગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ વિમલાચલ ભેટિ. લહિએ અવિચળ રૂદ્ધિ પંચમી ગતિ પામ્યા. મુનિવર કોડાકોડી એણે તીર્થે આવી. કર્મ વિપાતિક છોડી. ૧ પુંડરિક મંડણ પાય પ્રણમીજે, આદિશ્વર જીન ચંદાજી. નેમ વિના ત્રેવીશ તીર્થંકર ગિરિ ચડિયા આણંદાજી. ગિરિનો મહિમા આગમમાંહી, ભાખ્યું જ્ઞાન દિણંદાજી. ચૈત્રિ પુનમ દિન દેવી ચક્રેશ્વરી, સોભાગ્ય દયો સુખકંદાજી. ૨

પાર્શ્વનાથજીની સ્તુતિ.

શ્રી ચિંતામણી કીજે સેવ, વળી વંદુ ચોવીસે દેવ. વિજય કહે આગમથી સુણો, પદ્માવતીનો મહિમા ઘણો. ૧

મહાવીર પ્રભુની સ્તુતિ.

સદા મહાવીર ભજે ભવંતં, સમેજીના માલ મલંકવંતે. સંસાર વારા ગમમાન ઘેહિ, રમા કરામે ભવતા દરેસા. ૧

આદિનાથજીની સ્તુતિ.

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો, વિમલગિરિ વધાવો, મોતીયાં થાળ લાવો, જો હોય શિવ જાવો, ચિત્તતો વાત લાવો, ન હોય દુશ્મનદાવો, આદિપુજા રચાવો. ૧

સિદ્ધાચલજીની સ્તુતિ.

પ્રહ ઉઠી વંદુ રિષભદેવ ગુણવંત પ્રભુ બેઠા સોહિએ, સમવસરણ ભગવંત ત્રણ છત્ર બીરાજે; ચામર ઢાળે ઇંદ્રજીનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ. ॥ ૧ ॥ વિમલાચલ મંડન, જીનવર આદિજીણંદ; નિર્મમ નિર્મોહિ, કેવળ જ્ઞાન દિણંદ; જે પૂર્વ નવાંણું; આવ્યા ધરી આણંદ, શત્રુંજય શિખરે, સમોસર્યા સુખકંદ. ॥ ૨ ॥ સિદ્ધાચલ મંડન, રૂષભજીણંદ દયાળ, મરૂદેવાનંદન; વંદન કરૂ ત્રણ કાળ; એ તીરથ જાણી, પૂર્વનવાણું વાર; આદિશ્વર આવ્યા, જાણી લાભ અપાર. ॥ ૩ ॥ ચૈત્રી પુનમ દિન, શત્રુંજય અહિઠાણ, પુંડરિકવર ગણધર, તિહાં પાંમ્યા નિર્વાણ; આદિશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર; કેવળ કમલાવર, નાભિ નરિંદ મલ્હાર. ॥ ૪ ॥

પંચેતીર્થોની સ્તુતિ.

અષ્ટાપદે શ્રી આદિજીનવર, વીર પાવાપુરીવરૂ, વાસુપૂજ્ય ચંપા નયર સિધ્ધા, નેમ રેવા ગિરિવરૂ; સમેત શિખરે વીશ જીનવર, મુક્તિ પોત્યા મુનિવરૂ, ચોવીસ જીનવર નિત્ય વંદું સયલ સંઘને સુખકરૂં. ॥ ૧ ॥

પર્યુષણની સ્તુતિ.

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પાંમીજી, કલ્પ ધરે પધરાવો સ્વામી, નારી કહે શિરનામીજી; કુંવર ગયવર ખંધ ચડાવી, ઢોલ નિશાન વજડાવોજી, સદ્‌ગુરૂ સંગે ચડતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ॥ ૧ ॥ પ્રથમ વખાંણ ધર્મ સારથી પદ, બીજે સુપનાં ચારજી, ત્રીજે સુપન પાઠક વળી ચોથે, વીર જનમ અધિકારજી; પાંચમે દીક્ષા છઠે શિવપદ, સાતમે જીન ત્રેવીસજી, આઠમે થીરાવળી સંભળાવી, પીઉડા પુરો જગીશજી. ॥ ૨ ॥ છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ કીજે, જીનવર ચૈત્ય નમીજેજી, વરસી પડિક્કમણું મુનિવંદન, સંઘસયલ ખામીજેજી; આઠ દિવસ લગે, અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી, ભદ્ર બાહું ગુરૂ વયણ સુણીને, જ્ઞાન સુધા રસ પીજેજી. ॥ ૩ ॥ તીરથમાં વિમલાચલગિરિમાં, મેરૂ મહીધર જેમજી, મુનિવર માંહી જીનવર મોટા, પર્વ પજુસણ તેમજી; અવસર પાંમી સ્વામીવચ્છલ, બહું પકવાન વડાઇજી, ખિમાવિજય જીન દેવી સિધ્ધાઇ, દિન દિન અધિક વધાઇજી. ॥ ૪ ॥

॥ ઇતિશ્રી સ્તુતિ સંગ્રહ સંપૂર્ણ. ॥

અથ સજ્ઝાય સંગ્રહ

અથ શ્રી વૃદ્ધિવિજયજી કૃત.

દશ વૈકાલિકની સજ્ઝાય પ્રારંભ.

પ્રથમાધ્યયન સજ્ઝાય.

(સુગ્રીવ નયર સોહામણું જી—એ દેશી.

શ્રી ગુરૂપદ પંકજ નમીજી, વલી ધરી ધર્મની બુદ્ધિ, સાધુક્રિયા ગુણ ભાખશું જી; કરવા સમકિત શુદ્ધિ, મુનિશ્વર, ધર્મ સયલ સુખકાર, તુમે પાળો નિરતિચાર, મુનિશ્વર ધર્મ સયલ સુખકાર. ॥ ૧ ॥ એ આંકણી૦ જીવ દયા સંયમ તવોજી, ધર્મ એ મંગલરૂપ; જેહના મનમાં નિત્ય વસેજી, તસ નમે સુર નર ભૂપ. મુ૦ ધ૦ ॥ ૨ ॥ ન કરે કુસુમ કિલામણાજી, વિચરતો જેમ તરૂવૃંદ; સંતોશે વલિ આતમાજી, મધુકર ગૃહી મકરંદ. મુ૦ ધ૦ ॥ ૩ ॥ તેણિપરેં મુનિ ઘરઘર ભમીજી, લેતો શુદ્ધ આહાર; ન કરે બાધા કોઇનેજી, દીએ પિંડને આધાર. મુ૦ ધ૦ ॥ ૪ ॥ પહિલે દશ વૈકાલિકેંજી, અધ્યયને અધિકાર; ભાખ્યો તે આરાધતાંજી, વૃદ્ધિવિજય જયકાર. મુ૦ ધ૦ ॥ ૫ ॥ ઇતિ.

દ્વિતિયાધ્યયન સજ્ઝાય.

(શીલ સુહામણું પાલિયેં—એ દેશી.

નમવા નેમી જીણુંદને, રાજુલ રૂડી નારરે; શીલ સુરંગી સંચરે, ગોરી ગઢ ગીરનારરે. ॥ ૧ ॥ શીખ સુહામણી મનધરો, એ આંકણી૦ તુમેં નિરૂપમ નિર્ગ્રંથરે; સવિ અભિલાષ તજીકરી, પાલો સંયમ પંથરે. શી૦ ॥ ૨ ॥ પાઉસ ભીની પદ્મિની, ગઈ તે ગુફામાંહિ તેમરે; ચતુરા ચીર ઉગાવતિ, દીઠી રૂષિ રહનેમરે. શી૦ ॥ ૩ ॥ ચિત્ત ચલે ચારિત્રિયેા, વયણ વદે તવ એમરે; સુખ ભોગવીયેં સુંદરી, આપણ પૂરણ પ્રેમરે. શી૦ ॥ ૪ ॥ તવ રાયજાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખેરે; વયણ વિરૂદ્ધએ બોલતાં, કાંઈ કુલ લાજ ન રાખેરે. શી૦ ॥ ૫ ॥ હું પુત્રિ ઉગ્રસેનની, અને તું યાદવકુલ જાયેારે; એ નિર્મલ કુલ આપણાં, તેા કેમ અકારજ થાયેારે. શી૦ ॥ ૬ ॥ ચિત્ત ચલાવીશ એણીપરેં, નિરખીશ જો તું નારીરે; તેા પવનાહત તરૂપરેં, થાઇશ અધિર નિરધારીરે. શી૦ ॥ ૭ ॥ ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહરે; વમન ભક્ષી કૂતર સમેા, કહીએં કુકર્મી તેહરે. શી૦ ॥ ૮ ॥ સરપ અંધક કુલતણા, કરે અગ્નિ પ્રવેશરે; પણ વમિયું વિષ નવિ લિયે, જુઓ જાતિ વિશેષરે. શી૦ ॥ ૯ ॥ તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગરે; ફરી તેહને વાંછે નહિં, હુવે જો પ્રાણ વિયોગરે. શી૦ ॥ ૧૦ ॥ ચારિત્ર કિમ પાલીશકે, જો નવિ જાએ અભિલાષરે; સીદાતો સંકલ્પથી, પગ પગ ધર્મ જીન ભાંખેરે. શી૦ ॥ ૧૧ ॥ જો કણ કંચન કામિની,

ઇચ્છિતા અને ભોગવતારે; ત્યાગી ન કહિયેં તેહનેં, જો મનમેં શ્રી ભોગવતારે. શી૦ ।। ૧૨ ।। ભોગ સંયોગ ભલા લહિ, પરહરે જેહ નિરીહરે; ત્યાગી તેહજ ભાંખિયેા, તસ પદ નમું નિશદીહરે. શી૦ ।। ૧૩ ।। ઇમ ઉપદેશને અંકુશેં, મયગલ પરેં મુનિરાજેરે; સંયમ મારગ સ્થિર કર્યો, સાધું વંછિત કાજેરે. શી૦ ।। ૧૪ ।। એ બીજા અધ્યયનમાં, ગુરૂહિત શીખ પયાસેંરે; લાભવિજય કવિરાયનો, વૃદ્ધિવિજય એમ ભાસેરે. શી૦ ।। ૧૫ ।। ઇતિ.

તૃતીયાધ્યયન સજ્ઝાય.

પંચ મહાવ્રત પાલીયે–એ દેશી.

આધાકર્મી આહાર ન લીજિયેં, નિશિભોજન નવિ કરીયેં; રાજપિંડને સપ્યાતરનો, પિંડ વલી પરહરિયેંકે. ।। ૧ ।। મુનિવર એ મારગ અનુસરિયેં, જીમ ભવજલનિધિ તરીયેંકે; મુની૦ એ આંકણી, સાહામેા આણ્યેા આહાર ન લીજેં, નિત્ય પિંડ નવિ આદરીયે; શી ઇચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગી કરીયેંકે. મુ૦ ।। ૨ ।। કંદ-મૂલ ફલ બીજ પ્રમુખ વલી, લવણાદિક અચિત્ત; વજેં તિમ વલી નવિ રાખીજેં, તેહ સન્નિદ્ધિ નિમિત્તકે. મુ૦ ।। ૩ ।। ઉવટણું પીઠી પરહરિયેં, સ્નાન કદી નવિકરીયેં; ગંધ વિલેપન નવિ આચરિયેં, અંગ કુસુમ નવિ ધરિયેંકે. મુ૦ ।। ૪ ।। ગૃહસ્થનું ભાજન નવિ વાવરિયેં, પરહરિયેં વલી આભરણ; છાયા કારણ છત્ર ન ધરિયેં, ધરે ન ઉપા-નહ ચરણકે. મુ૦ ।। ૫ ।। દાતણ ન કરે દર્પણ ન ધરે,

દેખે નવિ નિજ રુંપ; તેલ ચોપડીયેં ને કાંકસી ન કીજે, દીજે ન વસ્ત્રેં ધૂપકે. મુ૦ ॥ ૬ ॥ માંચી પલંગે નવિ બેસીજે, કિજે ન વિંજણે વાય; ગૃહસ્થ ગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાયકે. મુ૦ ॥ ૭ ॥ વમન વિરેચન રોગ ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજે; સોગઠાં શેત્રુંજી પ્રમુખ જે ક્રીડા, તે પણ સવિ વરજીજેંકે. મુ૦ ॥ ૮ ॥ પાંચ ઇંદ્રીય નિજ વશ આણી, પંચાશ્રવ પચ્ચખીજે, પંચસમિતિ ત્રણ ગુપ્તિ ધરીનેં, છક્કાય રક્ષા તે કીજેંકે. મુ૦ ॥ ૯ ॥ ઉનાલે આતાપના લીજે, શીયાલે શીત સહીયેં, સાંતદાંત થઇ પરિસહ સહેવા, સ્થિર વરસાલે રહિયેંકે. મુ૦ ॥ ૧૦ ॥ ઇમ દુષ્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી; કર્મ ખપાવી કેઇ હુઆ, શિવરમણીશું વિલાસી કે. મુ૦ ॥ ૧૧ ॥ દશ વૈકાલિક ત્રીજે અધ્યયનેં, ભાખ્યેા એહ આચાર, લાભ વિજય ગુરૂ ચરણ પસાયેં, વૃદ્ધિવિજય જયકારકે. મુ૦ ॥ ૧૨ ॥ ઇતિ.

ચતુર્થાધ્યયન સઝાય.

સુણ સુણ પ્રાણી વાણી જીન તણી—એ દેશી.

સ્વામી સુધર્મારે કહે જંબુ પ્રત્યેં, સુણ સુણ તું ગુણ ખાણિ, સરસ સુધારસ હુંતી મીઠડી, વીરજીણેસર વાણિ. સ્વા૦ એ આંકણી. ॥ ૧ ॥ સુક્ષ્મબાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણ ટાલ, મન વચ કાયારે ત્રિવિધેં સ્થિર કરી, પહેલું વૃત સુવિચાર. સ્વા૦ ॥ ૨ ॥ ક્રોધ લોભ ભય હાસ્યેં કરી; મિથ્યા મ ભાંખોરે વયણ, ત્રિકરણ શુદ્ધે વૃત આરાધજે, બીજું દિવસને રયણ. સ્વા૦ ॥ ૩ ॥ ગામ નગર વનમાંહે વિચરંતા, સચિત અચિત તૃણ માત્ર, કાંઇ અદીધાં મત

અંગીકરો, ત્રીજું વૃત ગુણ પાત્ર. સ્વા૦ ।। ૪ ।। સુર નર તિર્યંચ યોનિ સંબંધિયાં; મૈથુન કરય પરિહાર, ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે, ચોથું વૃત સુખકાર. સ્વા૦ ।।૫।। ધન કણ કંચન વસ્તુ પ્રસુખ વલી, સર્વ અચિત્ત સચિત્ત, પરિગ્રહ મૂરછારે તેહની પરહરી; ધરી વૃત પંચમ ચિત્ત. સ્વા૦ ।। ૬ ।। પંચ મહાવૃત એણી પરેં પાલજો, ટાળજો ભોજન રાત્રિ, પાપ સ્થાનક સઘળાં પરહરિ, ધરજો સમતા સવિ ભાંતિ. સ્વા૦ ।।૭।। પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ, બિતિ ચઉ પંચિંદિ જલચર થલચરા, ખયરા ત્રસ એ પંચ. સ્વા૦ ।। ૮ ।। એ છક્કાયની વારો વિરાધના; જયણા કરિ સવિ ઠાણુ, વીણ જયણારે જીવ વિરાધના, ભાંખે તિહુઅણ ભાણુ. સ્વા૦ ।। ૯ ।। જયણા પૂર્વક બોલતાં બેસતાં કરતાં આહાર વિહાર, પાપ કર્મ-બંધ કદિયે નવિ હુવે, કહે જીન જગદાધાર. સ્વા૦ ।।૧૦।। જીવ અજીવ પહેલાં ઓલખી; જીમ જયણા તસ હોય, જ્ઞાન વિના નવિ જીવ દયા પલે; ટલે નવિ આરંભ કોય. સ્વા૦ ।। ૧૧ ।। જાણપણાથી સંવર સંપજે, સંવરેં કર્મ અપાય, કર્મક્ષયથી રે કેવળ ઉપજે, કેવલી મુક્તિ લહેય. સ્વા૦ ।। ૧૨ ।। દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ, શ્રી ગુરૂ લાભવિજય પદ સેવતાં, વૃદ્ધિવિજય લહે તેહ. સ્વા૦ ।। ૧૩ ।।

પંચમાધ્યયન સઝાય.

વીરે વખાણી રાણી શેલણા—એ દેશી.

સુજતા આહારની ખપ કરોજી, સાધુજી સમય સંભાળ,

સંયમ શુદ્ધ કરવા ભણીજી, એષણા દુષણ ટાળ. સુણ૦ ॥ ૧ ॥ પ્રથમ સઝાયેં પોરસી કરીજી, અણુસરી વલી ઉપયોગ. પાત્ર પડિલેહણ આચરોજી, આદરી ગુરૂ અણુયોગ. સુ૦ ॥ ૨ ॥ ઠાર ધુઅર વરસાતનાજી, જીવ વિરાહણ ટાળ, પગ પગ ઈર્યા શોધતાંજી, હરિકાયાદિક નાલ. સુ૦ ॥ ૩ ॥ ગેહ ગણિકા તણાં પરિહરોજી, જિહાં ગયાં ચલ ચિત્ત હોય, હિંસક કુલ પણ તેમ તજોજી, પાપ તિંહા પ્રતક્ષ જોય. સુ૦ ॥ ૪ ॥ નિજ હાથે બાર ઉઘાડીને જી, પેસીયેં નવિ ઘર-માંહિ, બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટેં, જઇયેં નહિં ઘર માંહિ. સુ૦ ॥ ૪ ॥ જલ ફળ જલણ કણ લુણશુંજી, ભેટતાં જે દિયે દાન, તે કલ્પે નહિં સાધુનેં જી, વરજવું અન્નને પાન. સુ૦ ॥ ૬ ॥ સ્તન અંતરાય બાલક પ્રત્યેજી, કરીને રડતો ઠવેય, દાન દિયે તો ઉલટ ભરી જી, તોહિ પણ સાધુ વરજેય. સુ૦ ॥ ૭ ॥ ગર્ભવતિ વલી જો દિયેજી, તેહ પણ અકલ્પ હોય, બાલ નિશરણી પ્રમુખેં ચડીજી, આણિ દીયે કલ્પે ન સોય. સુ૦ ॥ ૮ ॥ મૂલ્ય આણ્યું પણ મત લીયેાજી, મત લીયેા કરી અંતરાય, વિહરતાં થંભ ખંભાદિકેજી, ન અડો થિર ઠવો પાય. સુ૦ ॥ ૯ ॥ એણી પરેં દોષ સર્વ છાંડતાંજી, પામીયેં આહાર જો શુદ્ધ, તો લહિયેં દેહ ધારણ ભણીજી. અણ લહે તો તમવૃદ્ધિ. સુ૦ ॥ ૧૦ ॥ વયણ લજ્જા તૃષા ભક્ષનાજી, પરિસહથી સ્થિર ચિત્ત, ગુરૂ પાસેં ઈરિયાવહિં પડિક્કમીજી, નિમંત્રી સાધુને નિત્ય. સુ૦ ॥ ૧૧ ॥ શુધ્ધ એકાંત ઠામે જઇજી, પડિક્કમી ઈરયાવહી સાર, ભોયણ દોષ સવિ છાંડિને જી, સ્થિર થઇ

કરવો આહાર. સુ૦ ॥ ૧૨ ॥ દશવૈકાલિકે પાંચમેંજી, અધ્યયને કહ્યો એ આચાર, તે ગુરૂ લાભવિજય પદ સેવતાંજી, વૃદ્ધિવિજય જયકાર. સુ૦ ॥ ૧૩ ॥ ઇતિ.

ષષ્ઠાધ્યન સજ્ઝાય.

મમ કરો માયા કાયા કારમી—એ દેશી.

ગણધર ધર્મ એમ ઉપદિસે, સાંભલો મુનિવરવૃંદ રે, સ્થાનક અઢાર એ ઓળખો, જેહ છે પાપના કંદ રે. ગ૦ ॥ ૧ ॥ પ્રથમ હિંસા તિંહા છાંડિયેં, જુઠ નવિ ભાંખિયેં વયણ રે, તૃણ પણ અદત્ત નવિ લીજીયે, તજીયે મેહુણ સયણ રે. ગ૦ ॥ ૨ ॥ પરિગ્રહ મૂર્છા પરિહરો, નવિ કરો ભોયણ રાતિ રે, છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સહુ ભ્રાંતિ રે. ગ૦ ॥ ૩ ॥ અકલ્પ આહાર નવિ લીજીયેં, ઉપજે દોષ જે માંહિ રે, ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહીતણાં મુનિવર પ્રાહી રે, ગ૦ ॥ ૪ ॥ ગાદીયેં માંચીયે ન બેસીયેં, વારિયેં શય્યા પલંગ રે, રાત રહીએ નવી તે સ્થળે, જીહાં હોવે નારી પ્રસંગ રે. ગ૦ ॥ ૫ ॥ સ્નાન મંજન નવિ કીજીયેં જિણે હુવે મનતણો ક્ષોભ રે, તેહ શણગાર વલિ પરિહરો, દંત નખ કેશ તણી શોભ રે. ગ૦ ॥ ૬ ॥ છઠે અધ્યયનમેં એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ રે, લાભ-વિજય ગુરૂ સેવતાં, વૃદ્ધીવિજય લહ્યો તેહ રે. ગ૦ ॥ ૭ ॥

સપ્તમાધ્યયન સજ્ઝાય.

કપૂર હુવે અતિ ઉજલો—એ દેશી.

સાચું વયણ જે ભાખિયેં રે, સાચી ભાષા તેહ, સચા મોસા તે કહિયેં રે, સાચુ મૃષા હોય જેહ રે. ॥ ૧ ॥

સાધુજી કરજો ભાષા શુદ્ધ, કરી નિર્મલ નિજ બુદ્ધિ રે. સા૦ ક૨૦ ।। એ આંકણી ।। કેવલ જૂઠ જિહાં હોવે રે તેહ અસચ્ચા જાણુ, સાચું નહીં જૂઠું નહિં રે, અસત્યા અમૃષા ઠાણ રે. સા૦ ક૦ ।। ૨ ।। એ ચારે માંહે કહી રે, પહેલી છેલી દોય સંયમ ધારી બોલવી રે, વચન વિચારી જોય રે. સા૦ ક૦ ।। ૩ ।। કઠિન વયણ નવિ ભાંખિયેંરે, તું કારો રે કાર; કોઈના મર્મ ન બોલીયેં રે, સાચા પણ નિર્ધાર રે. સા૦ ક૦ ।। ૪ ।। ચોરને ચોર ન ભાંખીયેં રે, કાણાને ન કહે કાણ; કહીયેં ન અંધો અંધને રે, સાચું કઠીન એ જાણ રે. સા૦ ક૦ ।। ૫ ।। જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય; સાચું વયણ તે ભાંખતાં રે, લાભથી મોટો જાય રે. સા૦ ક૦ ।। ૬ ।। ધર્મ સહિત હિતકારીયા રે, ગર્વરહિત સમતોલ; થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે. સા૦ ક૦ ।। ૭ ।। એમ સવિ ગુણ અંગીકરી રે, પરહરિ દોષ અશેષ; બોલતાં સાધુનેં હુવે નહિં રે, કર્મનો બંધ લવલેશ રે- સા૦ ક૦ ।। ૮ ।। દશવૈકાલિક સાતમે રે, અધ્યયનેં એ વિચાર; લાભવિજય ગુરૂથી લહે રે, વૃદ્ધિવિજય જયકાર રે. સા૦ ક૦ ।। ૯ ।।

અષ્ટમાધ્યયન સજ્ઝાય.

(રામ સીતાને ધીજ કરાવે–એ દેશી.

કહે શ્રી ગુરૂ સાંભલો ચેલા રે, આચારે જે પુણ્યના વેલા રે; છક્કાય વિરાહણ ટાલો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે. ।। ૧ ।। પુઢવી પાષાણ ન ભેદો રે, ફલ કુલ પત્રાદિ ન છેદો રે; બીજ કુંપલ વન મત ફરજો રે, જીવ

વિરાધનથી ડરજો રે. ॥ ૨ ॥ વલી અગ્નિ મ ભેટશો ભાઇ રે, પીજો પાણી ઉનું સદાઈ રે; મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે. ॥ ૩ ॥ હિમ ધૂઅર વડ ઉંબરાં રે, ફલ કુંથુંઆ કીડી નગરાં રે; નીલ ફૂલ હરી અંકૂરા રે, ઇંડાલ એ આઠે પુરા રે. ॥ ૪ ॥ સ્નેહાદિક ભેદેં જાણી રે, મત હણજો સૂક્ષમ પ્રાણી રે; પડિલેહી સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદ મ કરજો રે. ॥ ૫ ॥ જયણાયેં ડગલાં ભરજો રે, વાટેં ચાલતાં વાત મ કરજો રે; મત જ્યોતિષ નિમિત્ત પ્રકાશો રે, નિરખો મત નાચ તમાસો રે. ॥ ૬ ॥ દીહું અણુદીહું કરજો રે, પાપ વયણ ન શ્રવણે ધરજો રે; અણ સુજતો આહાર તજજો રે, રાતેં સન્નિધી સવિ વરજો રે. ॥ ૭ ॥ બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફલ સદહજો રે; અણ પામે કાર્પણ્ય મ કરજો રે, તપ શ્રુતનો મદ નવિ ધરજો રે, ॥ ૮ ॥ સ્તુતિ ગાળે સમતા ગ્રહજો રે, દેશ કાલ જોઇને રહેજો રે; ગૃહસ્થશું જાતિ સગાઈ રે, મત કાઢજો મુનિવર કાંઈ રે. ॥ ૯ ॥ ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાળ રે; યંત્ર મંત્ર ઓષધના ભામારે, મત કરજો કુગતિના કામા રે. ॥ ૧૦ ॥ ક્રોધેં પ્રીતિ પૂરવલી જાય રે, વલી માનેં વિનય પલાયરે; માયા મિત્રાઇ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે. ॥ ૧૧ ॥ તે માટેં કષાય એ ચાર રે, અનુક્રમેં દમજો અણગાર રે; ઉપશમશું ક્રોધ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવેં રે. ॥ ૧૨ ॥ બ્રહ્મચારીને જાણજો નારી રે, જેસી પોપટને માંજારીરે; તેણે પરિહરો તસ પરસંગ રે, નવ વાડ ધરો વલિ ચંગ રે. ॥ ૧૩ ॥

રસ લોલુપ થઈ મત પોષો રે, નિજ કાયા તપ કરીનેં શોષો રે. જાણો અથિર પુદ્ગલ પિંડ રે, વ્રત પાલજો પંચ અખંડ રે. ॥ ૧૪ ॥ કહ્યું દશ વૈકાલિકેં એમ રે, અધ્યયનેં આઠમે તેમ રે; ગુરૂ લાભવિજયથી જાણી રે, બુધ વૃદ્ધિવિજય મન આણી રે. ॥ ૧૫ ॥

નવમાધ્યયન સજ્ઝાય.

(શેવુંજે જઇયેં લાલન, શેવુંજે જઇયેં–એ દેશી.)

વિનય કરેજો ચેલા, વિનય કરેજો, શ્રી ગુરૂ આણા શીષ્ય ધરેજો. ચેલા૦ શી૦ એ આંકણી૦ ક્રોધી માનીને પરમાદી, વિનય ન શીખે વલી વિષવાદી. ચે૦ વ૦ ॥ ૧ ॥ વિનય રહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં; ચે૦ દુ૦ અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરૂ આસાયણ તેથી અધિક પ્રકારેં. ચે૦ અ૦ ॥ ૨ ॥ અવિનયે દુખિયેા બહુલ સંસારી, અવિનય મુક્તિનો નહિ અધિકારી; ચે૦ ન૦ કોહ્યા કાનની કૂતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ. ચે૦ અ૦ ॥ ૩ ॥ વિનય શ્રુત તપ વલી આચાર, કહીયેં સમાધિનાં ઠામ એ ચાર; ચે૦ ઠા૦ વલી ચાર ચાર ભેદ એકેક, સમજો ગુરૂ મુખથી સુવિવેક. ચે૦ થી૦ ॥ ૪ ॥ તે ચારેમાં વિનય છે પહેલો, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલો; ચે૦ ભાં૦ મૂલ થકી જીમ શાખા કહિયેં, ધર્મક્રિયા તિમ વિનયથી લહીયેં. ચે૦ વિ૦ ॥ ૫ ॥ ગુરૂ માન વિનયથી લહે સો સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર; ચે૦ જે૦ ગરથ પખેં જિમ ન હોયે હાટ, વિણ ગુરૂ વિનય તેમ ધર્મની વાટ. ચે૦ ધ૦ ॥ ૬ ॥ ગુરૂ નાન્હો

ગુરૂ મહોટો કહિયે, રાજા પરેં તસ આણા વહિયેં; ચે૦ આ૦ અલ્પશ્રુત પણ બહુશ્રુત જાણો, શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણો. ચે૦ તે૦ ગુરૂથી અલગા મત રહો ભાઈ ગુરૂ સેવે લેશો ગૌરવાઇ. ચે૦ શો૦ ॥ ૮ ॥ ગુરૂ વિનયેં ગીતારથ થાશો, વંછીત સવિ સુખ લખમી કમાશો; ચે૦ લ૦ સાંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ ક્રિયાવંત દયાલુ. ચે૦ વં૦ ॥ ૯ ॥ ગુરૂકુલ વાસી વસતો શિષ્ય, પૂજનીય હોયે વિસવા વિસ; ચે૦ વિ૦ દશ વૈકાલિક નવમે અધ્યયનેં, અર્થ એ ભાંખ્યો કેવલી વયણેં. ચે૦ કે૦ ઇણીપરેં લાભવિજય ગુરૂ સેવી, વૃદ્ધિવિજય સ્થિર લખમી લહેવી. ચે૦ લ૦ ॥ ૧૦ ॥

દશમાધ્યન સજ્ઝાય.

(તે તરીયા ભાઈ તે તરીયા–એ દેશી.)

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે; નિર્મલ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજેં જેહવો દિણંદો રે. તે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચાશ્રવનો કરિ પરિહાર, પંચ મહાવ્રત ધારો રે; ષટ જીવતણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે. તે૦ ॥ ૨ ॥ પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ ધ્યાન નિરાબાધ રે; પંચમ ગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધે રે. તે૦ ॥ ૩ ॥ ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિર હંકાર રે; ચારિત્ર પાલે નિરતિચારેં, ચાલંતો ખડગની ધાર રે. તે૦ ॥ ૪ ॥ ભોગને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણો રે; તપ શ્રુતનો મદ નવિ આણેં, ગોપવી અંગ ઠેકાણે રે. તે૦ ॥ ૫ ॥ છાંડી

ધન કણ કંચન ગેહ, થઇ નિઃસ્નેહી નિરિહ રે; એહ સમાણી જાણી દેહ, નવિ પોસે પાપેં જેહ રે. તે૦ ॥ ૬ ॥ દોષ રહિત આહાર જે પામે, જે લૂખે પરિણામેં રે; લેતો દેહનું સુખ નવિ કામે, જગતો આઠેઈ જામે રે. તે૦ ॥ ૭ ॥ રસના રસ રસીયો નવિ થાવે, નિલોભી નિર્માય રે; સહે પરિસહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ ગિરિરાયા રે. તે૦ ॥ ૮ ॥ રાતે કાઉસગ કરી સમશાને, જો તિંહા પરિસહ જાણે રે; તો નવિ ચૂકે તેહવે ટાણે, ભય મનમાં નવિ આણે રે. તે૦ ॥ ૯ ॥ કોઇ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે; કર્મ આઠ ઝીંપવા જોદ્ધ, કરતો સંયમ શોધ રે. તે૦ ॥ ૧૦ ॥ દશ વૈકાલિક દશમાધ્યયને, એમ ભાખ્યો આચાર રે. તે ગુરૂ લાભવિજયથી પામે, વૃદ્ધિવિજય જયકાર રે. તે૦ ॥ ૧૧ ॥

એકાદશીધ્યયન સજ્ઝાય.

નમો રે નમો શ્રીશત્રુંજય ગિરિ એ દેશી૦

સાધુજી સંયમ સુધો પાલો, વ્રત દુષણ સવિ ટાલોરે. દશવૈકાલિક સુત્ર સાંભલો, મુની મારગ અજુઆલો રે. સા૦ સં૦ ॥ ૧ ॥ એ આંકણી, રોગાંતિક પરિસહ સંકટ પરસંગે પણ ધીર રે, ચારિત્રથી મત ચુકો પ્રાણી, ઇમ ભાંખે જિનવીર રે, સા૦ સં૦ ॥ ૨ ॥ ભ્રષ્ટાચારી ભુંડો કહાવે, ઇહ ભવ પરભવ હારે રે, નરક નિગોદ તણું દુઃખ પામે, ભમતો બહું સંસારે રે. સા૦ સં૦ ॥ ૩ ॥ ચિત્ત ચોખ્ખે ચારિત્ર આરાધે, ઉપસમ નીર અગાધ રે, જીલે સુંદર સમતા દરિયે, તે સુખ સંપત્તિ સાધે રે. સા૦ સં૦

॥ ૪ ॥ કામધેનું ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમેં આણોરે, ઇહ ભવ પર ભવ સુખદાયક એ સમ, અવર ન કાંઇ જાણો રે. સા૦ ॥ ૫ ॥ સિજ્જંભવ સૂરિયેં રચીયાં, દશ અધ્યયન રસાલાં રે, મનક પુત્ર હેતેં તે ભણતા, લહિયે મંગળ માળા રે. સા૦ ॥ ૬ ॥ શ્રી વિજય પ્રભ– સૂરિને રાજ્યેં, બુધ લાભ વિજયને શિષ્યેં રે, વૃદ્ધિ વિજય વિબુધ આચાર એ, ગાયો સકલ જગીશેં રે. સા૦ ॥ ૯ ॥

શ્રી ઉદયવિજયજી કૃત.

ઉત્તરાધ્યયનની સજ્ઝાય.

શ્રી નેમિસર જીનતણું જી.—એ દેશી૦

પયવણ દેવી ચિત્ત ધરીજી, વિનય વખાણીશ સાર, જંબુને પૂછેય કહ્યોજી, શ્રી સોહમ ગણધાર; ભવિક જન વિનય વહો સુખકાર. એ આંકણી૦ ॥ ૧ ॥ પહિલે અધ્યયને કહ્યોજી, ઉત્તરાધ્યયન મઝાર, સઘળા ગુણમાં મૂલગોજી, જે જીનશાસન સાર; ભવિક૦ ॥ ૨ ॥ નાણ વિનયથી પામીયેજી, નાણેં દરિશણ શુદ્ધ, ચારિત્ર દરિસણથી હુવેજી, ચારિત્રથી પુણ્ય સિદ્ધ; ભવિક૦ ॥ ૩ ॥ ગુરૂની આણા સદા ધરેજી, જાણે ગુરૂનો ભાવ, વિનયવંત ગુણ રાગીયેજી, તે મુનિ સરળ સ્વભાવ; ભવિક૦ ॥ ૪ ॥ કણનું કુંડું પરહરિજી, વિષ્ઠા શું માણે રાગ, ગુરૂ દ્રોહી તે જાણવાજી, સૂઅર ઉપમા લાગ; ભવિક૦ ॥ ૫ ॥ કોહ્યા કાનની કુતરી જી, ઠામ ન પામે રે જેમ, શીલ હીણ અકહ્યાગરાજી, આદર ન લહે તેમ; ભવિક૦ ॥ ૬ ॥ ચંદ તણી પરે ઉજલીજી, કીરતિ તેહ લહંત, વિષય કષાય જીતી કરીજી, જે નર

વિનય વહંત; ભવિક૦ ॥ ૭ ॥ વિજય દેવ ગુરૂ પાટવીજી, શ્રી વિજયસિંહ સૂરીંદ, શિષ્ય ઉદય વાચક ભણેજી, વિનય સયલ સુખકંદ; ભવિક૦ ॥ ૮ ॥

પંદરમા અધ્યયનની સજ્ઝાય.

સુધા સાધુજીરે તુમે નિયાણું નિવારો, નિયાણું કરીને તુંમે તપ સંજમ કયાં હારો. સુ૦ ॥ ૧ ॥ પંદરમા અધ્યયને પ્રગટ વીર વદે એમ વાણી, સંજમ માંહિ મ ધરો શંસય; ખરા તો ગુણ ખાણી. સુ૦ ॥ ૨ ॥ જંત્ર મંત્રના ભામા છોડો, છોડો રાગને રોષ; પરિસહ પગ પાછા મ ધરો, દુર કરો સવી દોષ. સુ૦ ॥ ૩ ॥ પરીચય ગૃહસ્થ તણો પરિ હરીએ૦ અરસ નીરસ લ્યો આહાર, પૂજાદિકમાં વંછો કયારે, એ ઉત્તમ આચાર. ॥ સુ૦ ॥ ૪ ॥ એણીપેરે સાધુ આચારે, જે ચારિત્રીયો ચાલે; ખરી ક્રિયાનો ખપ કરે તો, મુક્તિપુરીમાં મ્હાલે. સુ૦ ॥ ૫ ॥ સુમતે સુમતા ગુપ્તે ગુપ્તા, સતાવીશ ગુણ ધાર, ઉદય રત્ન કહે એહને મારો, નીત્ય હોજો નમસ્કાર. સુ૦ ॥ ૬ ॥

આત્માને ઉપદેશ સજ્ઝાય.

યામે વાસમેબે, મરદો મગન ભયા મે વાસી, કાયા-રૂપ મેવાસ બન્યો હે, માયા જયું મેવાસી, સાહેબકી શીર આણ ન માને, આખર કયા લે જાશી૦ યામે. ॥ ૧ ॥ બાઇ અતિ દુર્ગંધ બજના, કોટમે બહોતેર કોઠા. વણસી જાતાં વાર ન લાગે, જેસા જલ પંપોટા. યામે૦ ॥ ૨ ॥ નવ દર-વાજા વહે નીરંતર, દુઃબદાઈ દુર્ગંધા, કયા ઉસમે તલીન ભયા હૈ, રે રે આતમ અંધા. યામે. ॥ ૩ ॥ છિંનમે છોટા

છિંનમે મોટા, છિંનમે છેહ દિયાસી, જખ જમરેકી નજર લગેગી, તખ છિંનમે ઉડ જાસી. યામે૦ ॥ ૪ ॥ મુલક મુલકકી મલી લોકાઇ, બહોત કરે ફરીયાદિ, પણ મુજરો માને નહી પાપી, અતિ છાકયો ઉનમાદિ. યામે૦ ॥ ૫ ॥ સારા મુલક મેલા સંતાપી, કામ કિરાડી કોટો, લોભ તલાટી લોચા વાળે, તો કેમ નાવે ટોટો. યામે૦ ॥ ૬ ॥ ઉદયરત્ન કહે આતમ મેરા, મેવાસીપણું મેલો; ભગવંતને ભેટો ભલી ભાતે, મુગ્તિપુરીમાં ખેલો. યામે૦ ॥ ૭ ॥

પંચમ અકામાધ્યયન સજ્ઝાય.

સકલ મનોરથ પૂરવે. એ દેશી૦

પંચમ અધ્યયને કહે એ, પંચમ ગણધર નિયજીએ સદ્દહએ, જંબુ સ્વામિં તે સહીએ. ॥ ૧ ॥ મરણ સકામ અકામ એ; મૂરખ મરણ અકામ એ, સકામ એ બીજું જાણ પણા થકી એ. ॥ ૨ ॥ પ્રથમ અનંતી વાર એ, જીવ લહે નિરધાર એ, સાર એ, બીજું પુન્ય કોઇક લહે એ. ॥ ૩ ॥ ઇહ પરલોક ન સદ્દ હે, જે ભાવે તે મુખ કહે; નવિ રહે તત્વ તણી મન વાસના એ. ॥ ૪ ॥ પાંચે આશ્રવ આદરે, વિવિધ પરે માયા કરે, નવિ તરે, તે અજ્ઞાની જીવડો એ. ॥ ૫ ॥ સામાયિક પોસહ કરે, સાધુ તણા ગુણ અનુસરે; નિસ્તરે, તે પ્રાણી નાણી સહીએ. ॥ ૬ ॥ ગુણ અવગુણ એમ જાણીયેં, ગુણ ધરી એ ગુણ ખાણીએ; વાણી એ, વિજયસિંહ ગુરૂ શિષ્યને એ. ॥ ૭ ॥

ત્રયોદશી ચિત્ર સંભૂતિ અધ્યયન સજ્ઝાય.

(સકલ મનોરથ પુરવે–એ દેશી.)

ચિત્ર અને સંભૂત એ, ગજપુરમાં વિહરંત એ; મહંત એ, દોઇ માતંગ મુનીશ્વરા એ. ॥ ૧ ॥ એક દિન તેહને વંદે એ, ચક્રી નિયમ નિછંદ એ; આણંદે એ, પટરાણી પણ વંદતી એ. ॥ ૨ ॥ નારી રયણ તે દીઠી એ, કામ અગ્નિ અંગીઠી એ; પઇઠી એ, મનમાં તે સંભૂતને એ. ॥ ૩ ॥ ચક્ર તણું નિયણ એ, કરે તે અજ્ઞાણ એ; જાણ એ, ચિત્રેં વાર્યો નવિ રહે એ. ॥ ૪ ॥ ચિત્ર નિયાણા વિણ સુદ્ધ એ, સંભૂતો મુનિ અવિસુદ્ધ એ; સુર ઋદ્ધિ એ, ભવ બીજે દોઈ પામીયા એ. ॥ ૫ ॥ ત્રીજે ભવે મુનિ સંભૂત એ, ચક્રી થયો નરપુર હુંત એ; ધન્ય પૂત એ, ચિત્ર પુરિમતાલેં થયો એ. ॥ ૬ ॥ સુવિહિતાને તે અનુસરે એ, અનુક્રમે સંજમ આદરે એ; વિચરે એ, એક દિન તે કંપિલ પુરે એ. ॥ ૭ ॥ પુર કંપિલે દોઇ જણા એ, થયા એકઠા બહુ ગુણા એ; અતિ ઘણા એ, ચક્રી કહે સુખ ભોગવો એ. ॥ ૮ ॥ ચિત્ર કહે લીજે દીખ એ, તે ન લહે ચક્રી શિખ એ; સુપરિખ એ, કર્મ તણી ગતિ એહવી એ. ॥ ૯ ॥ ચક્રી એ પૈઠાંણ એ, મુનિ નિજ પુન્ય પ્રમાણ એ; જાણ એ, ઉત્તમ પદવી પામીયો એ. ॥ ૧૦ ॥ વિજય દેવ પટ ધારક એ, વિજયસિંહ પ્રભાવિક એ; વાચક ઉદય એ, કહે ગુણ મુનિતણા એ. ॥ ૧૧ ॥

વિનયવિજયજી કૃત

શ્રી ભગવતીસૂત્રની સજ્ઝાય.

કપુર હોયે અતિ ઉજલો રે—એ દેશી.

વંદી પ્રેમસ્યું રે, પુછે ગૌતમ સ્વામ, વીરજીનેશ્વર હીત કરી રે, અરથ કહે અભિરામ, ભવિકા સુણજો ભગવઇ અંગ, મન આણી ઉછરંગ રે. ભ૦ ॥ ૧ ॥ ગૌતમસ્વામીયે પૂછીયાં રે, પ્રશ્ન સહસ છત્રીશ, તેહનો ઉત્તર એહમાં રે, દીધો શ્રી જગદીશ રે. ભ૦ ॥ ૨ ॥ એક સુઅખંધ એહનો રે, શતક એક ચાલીશ શતકે શતકે અતિઘણા રે, ઉદેશા જગદીશ રે. ભ૦ ॥ ૩ ॥ વાંચ્યું સુઝે તેહને રે, જેણે છમાસી યોગ, વાંચ્યો હોય ગુરૂ આગલે રે, કિરિયા તપ સંયોગ રે. ભ૦ ॥ ૪ ॥ સાંભળનાર એકાસણું રે, પચખી કરે ત્રિવિહાર, બ્રહ્મચારી ભુંઇ સુયે રે, કરે સચિત પરિહાર રે. ભ૦ ॥ ૫ ॥ દેવ વંદે ત્રણ ટંકના રે, પડિક્કમણું બે વાર, કઠિણ બોલ ન બોલિયે રે, રાગ દ્વેષ નિવાર રે. ભ૦ ॥ ૬ ॥ કલહ ન કરે કેહસ્યું રે, પાપસ્થાનક અઢાર, યથા શક્તિયે વરજીયે રે, ધર્મ ધ્યાન મન ધાર રે. ભ૦ ॥ ૭ ॥ ઉંચે મન આલોચિયે રે, એહના અર્થ વિચાર, વલી વલી એહ સંભારિયે રે, જાણી જગમાં સાર રે. ભ૦ ॥ ૮ ॥ પંચવીશ લોગસ્સનો રે, કીજીયે કાઉસગ્ગ, એહ સુત્ર આરાધવું રે, થીર કરી ચિત્ત અભંગ રે. ભ૦ ॥ ૯ ॥ નામ ત્રણ છે એહના રે, પહિલું પાંચમું અંગ, વિવાહ પન્નત્તિ એ ભલું રે, ભગવતિ સુત્ર સુરંગ રે. ભ૦ ॥ ૧૦ ॥ જિણદીન સુત્ર મંડાવિયું રે તિણ દિન ગુરૂની ભક્તિ,

અંગ પુજણું કીજીયે રે, પ્રભાવના નિજ શક્તિ રે. ભ૦ ॥ ૧૧ ॥ ગૌતમને નામે કરો રે, પૂજા ભક્તિ અપાર, લક્ષ્મિનો લાહો લિયેારે, શક્તિ તણે અનુસાર રે. ભ૦ ॥ ૧૨ ॥ માંડવના વ્યવહારિયા રે, ધન સોની સંગ્રામ, જેણે સોનૈએ પૂજિયું રે, ગુરૂ ગૌતમનું નામ રે. ભ૦ ॥ ૧૩ ॥ સોનૈયા અવિચલ થયા રે, તેહ છત્રીશ હજાર, પૂસ્તક સોવન અક્ષરે રે, દીસે ઘણા ભંડાર રે. ભ૦ ॥૧૪॥ જપીયે ભગવતિ સુત્રની રે, નોકારવાલી વીસ, જ્ઞાનાવરણી છુટીયે રે, એહથી વીસવાવીસ રે. ભ૦ ॥ ૧૫ ॥ સુત્ર એહ પુરૂં થઈ રહે રે, ઓહના કરો અનેક, ભક્તિ સાધુ સામી તણી રે, રાતી જગા વીવેક રે. ભ૦ ॥ ૧૬ ॥ સર્પઝેર જેમ ઉતરે રે, તે જિમ મંત્ર પ્રયોગ, તિમ એ અક્ષર સાંભળે રે, ટાળે કર્મનો રોગ રે. ભ૦ ॥ ૧૭ ॥ વિધે કરી એમ સાંભળો રે, જે અગીયારે અંગ, થોડા ભવ માંહે લહે રે, તે શીવરમણી સંગ રે. ભ૦ ॥ ૧૮ ॥ સંવત સત્તર અડત્રિસમે રે, રહ્યા રાનેર ચોમાસ, સંઘે સુત્ર એ સાંભળ્યું રે, આણી મન ઉલ્લાસ રે. ભ૦ ॥ ૧૯ ॥ પૂજા ભક્તિ પ્રભાવના જી, તપ કિરિયા સુવિચાર, વિધિ એમ સઘળો સાચવ્યો રે, સમયતણે અનુસાર રે. ભ૦ ॥૨૦॥ કીર્તિવિજય ઉવઝાયનો રે સેવક કરે સજ્ઝાય, એણીપેરે ભગવતિ સુત્રનો રે, વિનયવિજય ઉવઝાયરે. ભ૦ ॥૨૧॥

અથ શ્રી વયરમુનિની સજ્ઝાય.

સાંભળજો તુમે અદ્‌ભુત વાતો, વયરકુમર મુનિવરની રે, એ આંકણી. ખટ્ મહિનાના ગુરૂ ઝોળીમાં, આવે કેલિ

કરંતા રે; ત્રણ વરસના સાધ્વી મુખથી, અંગ અગ્યાર ભણુંતા રે. સાં૦ ॥ ૧ ॥ રાજસભામાં નહિં ક્ષોભાણા, માત સુખડલી દેખી રે; ગુરૂએ દીધો ઓઘો મુહપત્તિ, લીધાં સર્વ ઉવેખી રે. સાં૦ ॥ ૨ ॥ ગુરૂસંઘાતે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે; બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શિરદાર રે. સાં૦ ॥ ૩ ॥ કોળાપાક ને ઘેવર ભિક્ષા, દોય ઠામે નવિ લીધી રે; ગગનગામિની વૈક્રિયલબ્ધિ, દેવે જેહને દીધી રે. સાં૦ ॥ ૪ ॥ દશ પૂર્વ ભણિયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરૂ પાસે રે; ખીરાસ્રવ પ્રમુખ જે લબ્ધિ, પ્રગટ જાસ પ્રકાસે રે. સાં૦ ॥ ૫ ॥ કોડિ સેંકડા ધનનો સંચય, કન્યા રૂકિમણી નામે રે; શેઠ ધનાવો દિયે પણ ન લીયે, વધતે શુભ પરિણામે રે. સાં૦ ॥ ૬ ॥ દેઇ ઉપદેશને રૂકિમણી નારી, તારી દીક્ષા આપી રે; યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. સાં૦ ॥ ૭ ॥ સમકિતશીલ તુંબ ધરી કરમાં, મોહસાયર કર્યો છોટો રે; તે કેમ બુડે નારીનદીમાં, એતો મુનિવર મહોટો રે. સાં૦ ॥ ૮ ॥ જેણે દુર્ભિક્ષ સંઘ લઇને, મુકયો નગર સુકાળ રે; શાસન શોભા ઉન્નતિ કારણ, પુષ્પપદ્મ વિશાળ રે. સાં૦ ॥ ૯ ॥ બૌધરાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસનરાગી રે; શાસનશોભા જયપતાકા, અંબર જઇને લાગી રે. સાં૦ ॥ ૧૦ ॥ વિસર્યો શુંઠગાંઠિયો કાને; આવશ્યક વેળા જાણ્યો રે; વિસરે નહિં પણ એ વિસરિયો, આયું અલ્પ પિછાન્યો રે. સાં૦ ॥ ૧૧ ॥ લાખ સોનઇયે હાંડી ચડે જિમ, બીજે દિન સુકાળ રે; એમ સંભળાવી વયરસેનને, જાણી અણસણ કાળ રે. સાં૦ ॥ ૧૨ ॥ રથા-

વર્તગિરિ જઇ અણસણ કીધું, સોહમહરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દેઇને, મુનિવર વંદે ભાવે રે. સાં૦
॥ ૧૩ ॥ ધન્ય ! સિંહગિરિસૂરિ ઉત્તમ, જેહના એ પટધારી
રે; પદ્મવિજય કહે ગુરૂપદપંકજ, નિત્ય નમિયે નર નારી
રે. સાંભળજો૦ ॥ ૧૪ ॥

ખંધકમુનિની સજ્ઝાય.

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ક્ષમા ભંડાર રે;
ઉગ્રવિહારે મુનિ વિચરંતા, ચારિત્ર ખડ્ગની ધાર રે. નમો૦
॥ ૧ ॥ સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદ
રે; ધારણી ઉદરે જનમિઓ, દર્શન પરમાનંદ રે. નમો૦
॥ ૨ ॥ ધર્મઘોષ મુનિ દેશના, પામીયો તેણે પ્રતિબોધરે;
અનુમતિ લેઈ માય તાયની, કર્મશું યુદ્ધ થઈ ચોદ્ધ રે.
નમો૦ ॥ ૩ ॥ છઠ્ઠ અઠ્ઠમ આદે અતિ ઘણા, દુષ્કરતપ
તનુશોષરે; રાત દિવસ પરિસહ સહે, તો પણ મન
નહિ રોષ રે. નમો૦ ॥ ૪ ॥ દવદાધા ખીજડા દેહમાં,
ચાલતાં ખડખડે હાડ રે; તો પણ તપ કરે આકરા, જાણતો
અથિર સંસાર રે. નમો૦ ॥ ૫ ॥ એક સમે ભગનીપુરી
પ્રતે, આવીયા સાધુજી સોય રે; ગોખે બેઠી ચિંતે બેનડી,
એ મુજ બંધવ હોય રે. નમો૦ ॥ ૬ ॥ બેનને બંધવ
સાંભર્યો, ઉલટયો વિરહ અપાર રે; છાતડી લાગી છે
ફાટવા, નયણે વહે આંસુડાની ધાર રે. નમો૦ ॥ ૭ ॥
રાય ચિંતે મનમાં ઇસ્યું, એ કોઈ નારીનો યાર રે; સેવ-
કને કહે સાધુની, લાવોજી આલ ઉતાર રે. નમો૦ ॥ ૮ ॥

ઢાળ ૨ જી.

રાય સેવક તવકહે સાધુને, ખાલડી જીવથી હણુશું રે; અમ ઠાકુરની એહ છે આણા, તે અમે આજ કરીશું રે; અહો અહો સાધુજી સમતાના દરિયા, મુનિ ધ્યાન થકી નવિ ચલીઆ રે. ॥ ૧ ॥ મુનિવર મનમાંહી આણુંધા, પરિસહ આવ્યેા જાણી રે; કર્મ ખપાવાનેા અવસર એહવેા, ફરી નહીં આવે પ્રાણી રે. અ૦ ॥ ૨ ॥ એતેા વલી સખાઇ મલીએા, ભાઈ થકી ભલેરેારે; પ્રાણીતું કાયરપણું પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરેારે, અ૦ ॥ ૩ ॥ રાયસેવકને તવ કહે મુનિવર, કઠણ ફરસ મુજ કાયારે; બાધા રખે તુમ હાથે થાયે, કહેા તિમ રહીયે ભાયારે; અ૦ ॥ ૪ ॥ ચારે શરણાં ચતુર કરીને, ભવ ચરમ આવર્તેરે, શુકલધ્યાનસું તાન લગાવ્યું, કાયા વેાસિરાવી અંતેરે, અ૦ ॥ ૫ ॥ ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલેરે; ક્ષપકશ્રેણિ આરેાહણ કરીને, કઠિણ કરમને પીલેરે; અ૦ ॥ ૬ ॥ ચેાથું ધ્યાન ધરંતાં અંતે, કેવલ લઇ મુનિ સિધ્યારે; અજર અમરપદ મુનિવર પામ્યા, કારજ સઘળાં સિધ્યારે; અ૦ ॥ ૭ ॥ એહવે તે મુહપતિ લેાહીએ ખરડી, પંખીડે આમિષ જાણી રે, લઇને નાંખી તે રાજદુવારે, સેવકે લીધી તાણીરે, અ૦ ॥ ૮ ॥ સેવક મુખથી વાતજ જાણી, ગ્હેને મુહપત્તિ દીઠીરે; નિશ્ચય ભાઇ હણ્યેા જાણી, હઇડે ઉઠી અંગીઠીરે. ॥ ૯ ॥ વિરહ વિલાપ કરે રાય રાણી, સાધુની સમતા વખાણી રે; અથિર સંસાર સંવેગે જાણી, સંજમ લીયે રાય રાણીરે; અ૦ ॥ ૧૦ ॥ આલેાઇ પાતક સવિ

છંડી, કઠિણ કર્મને નિંદીરે; દુઃકર તપ કરી કાયા ગાળી, શિવ સુખ લહે આણંદીરે; અ૦ ॥ ૧૧ ॥ ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવફલ લીજેરે, કરજોડી મુનિમોહન વિનવે, સેવક સુખીયો કીજેરે; અહો૦ ॥ ૧૨ ॥

શ્રી જંબુસ્વામિની સજ્ઝાય.

રાજગ્રહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે, તસ સુત જંબુકુમર નમું બાળપણે બ્રહ્મચારી રે, ॥ ૧ ॥ જંબુ કહે જનની સુણો; સ્વામિ સુધર્મા આયારે, દિક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયારે, જમ્બુ૦ ॥ ૨ ॥ માય કહે સુણો બેટડા, વાત વિચારી કીજેરે, તરૂણપણે તરૂણી વરી, છાંડી કેમ છુટીજેરે; માય૦ ॥ ૩ ॥ આગે અરણિકમુનિવરા, ફરી પાછા ઘરે આવ્યારે; નાટકણી નેહે કરી આષાઢભૂતિ ભોલાયારે; માય૦ વેશ્યા વશ પડિયા પછી, નંદિષેણ નગીનોરે, આર્દ્રદેશનો પાટવી, આર્દ્રકુમારકાં કીનોરે; માય૦ ॥ ૫ ॥ સહસ વરસ સંજમ લીયો, તોહી પાર ન પાયારે; કુંડરીકને કરમેં કરી, પછી ઘણું પસ્તાયારે; માય૦ ॥ ૬ ॥ મુનિવરૂ શ્રી રહનેમજી, નેમિજીને-સર ભાઇરે; રાજીમતી દેખી કરી, વિષયતણી મતિ આઇરે; માય૦ ॥ ૭ ॥ દિક્ષા છે વચ્છ દોહિલી, પાળવી ખાંડાની ધારરે; સરસ નીરસ અન્ન જિમવું, સુવું ડાભ સંથારરે; માય૦ ॥ ૮ ॥ દિક્ષા છે વચ્છ દોહિલી, કહ્યું હમારૂં કીજેરે; પરણો પનોતા પદમણી, અમ મનોરથ પૂરીજેરે; માય૦ ॥ ૯ ॥ જમ્બુ કહે જનની સુણો, ધન્ય ધન્નો અણગારોરે;

મેઘ મુનિસર મોટકો, શાલીભદ્ર સંભારોરે; જમ્બુ૦ ॥ ૧૦ ॥ ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધોરે; ખટમાસી તપ પારણે, ઢંઢણે કેવલ લીધોરે; જમ્બુ૦ ॥ ૧૧ ॥ દશાર્ણભદ્ર સંયમ લહી, પાય લગાડયો ઇંદોરે; પ્રસન્નચંદ્ર કેવળ લહી, પામ્યો છે પરમઆણંદોરે; જમ્બુ૦ ॥ ૧૨ ॥ એમ અનેક મુનિવર હુવા, કહેતાં પાર ન પાયરે; અનુમતિ દ્યો મોરી માતાજી. ક્ષણ લાખીણો જાયરે; જમ્બુ૦ ॥ ૧૩ ॥ પાંચસેં સત્તાવીશશું, જમ્બુકુંવર પરવરીઓરે; પંચમહાવ્રત ઉચરી, ભવજલ સાયર તરીયોરે; જમ્બુ૦ ॥ ૧૪ ॥ જમ્બુ ચરમજ કેવલી, તાસ તણા ગુણ ગાયારે; પંડિત્ત લલિતવિજય તણો, હેતવિજયસુપસાયારે; જમ્બુ૦ ॥ ૧૫ ॥

અથ શ્રી રૂકિમણીની સજ્ઝાય.

વિચરંતા ગામો ગામ, નેમિ જિણેશ્વર સ્વામ; આછે લાલ, નયરી દ્વારામતિ આવિયાજી. ॥ ૧ ॥ કૃષ્ણાદિક નર નાર, સહુ મળી પર્ષદા બાર; આછે લાલ, નેમિ વંદન તિહાં આવિયાજી. ॥ ૨ ॥ દીએ દેશના જિનરાય, આવે સહુને દાય; આછે૦ રૂકિમણી પૂછે શ્રી નેમિનેજી. ॥ ૩ ॥ પુત્રને મ્હારે વિયોગ, શો હશે કર્મ સંયોગ; આછે૦ ભગવન્ત મુજને તે કહોજી. ॥ ૪ ॥ તું હતી નૃપની નાર, પૂરવભવ કોઇવાર; આછે૦ ઉપવન રમવાને સંચર્યાજી. ॥ ૫ ॥ ફરતાં વન મોઝાર, દીઠો એક સહકાર; આછે૦ મોરલી વીયાણી તિહાં કણેજી. ॥ ૬ ॥ સાથે હતો તુમ નાથ, ઈન્દ્રાં ઝાલ્યાં હાથ; આછે૦ કુંકમવરણાં તે થયાંજી.

॥ ૭ ॥ નવિ ઓલખે તિહાં મોર, કરવા લાગી સોર; આછે૦ ચૌ દિશિ ચમકે વિજળીજી. ॥ ૮ ॥ પછી વૂઠયો તિહાં મેહ, ઈન્ડાં ધોવાણાં તેહ; આછે૦ સોલ ઘડિ પછી સેવીયાંજી. ॥ ૯ ॥ હસતાં તે બાંધ્યાં કર્મ, નવિ ઓલખ્યો જિનધર્મ; આછે૦ રોતાં ન છૂટે પ્રાણિયાજી. ॥ ૧૦ ॥ તિહાં બાંધી અન્તરાય, ભાંખે શ્રી જિનરાય; આછે૦ સોલ ઘડિનાં વરસ સોલ થયાંજી. ॥ ૧૧ ॥ દેશના સુણી અભિરામ, રૂકિમણી રાણીએ તામ; આછે૦ સૂધો તે સંયમ આદર્યોજી. ॥ ૧૨ ॥ થિર રાખ્યાં મન વચ કાય, કેવલ નાણ ઉપાય; આછે૦ કર્મ ખપાવી મુગતેં ગયાંજી. ॥ ૧૩ ॥ તેહનો છે વિસ્તાર, અંતગડસૂત્ર મોઝાર; આછે૦ રાજવિજય રંગે ભણેજી. ॥ ૧૪ ॥ ઇતિ.

અથ શ્રી દેવાનંદાની સજ્ઝાય.

જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનસેં દૂધ ઝરાયા, તવ ગૌતમકું ભયા અચંભા; પ્રશ્ન કરણકું આયા ગૌતમ, એતો મેરી અમ્મા. ॥ ૧ ॥ એ આંકણી૦ તસ કૂખે તુમ કાહું ન વસિયા, કવણ કિયા ઈણ કમ્મા. ગૌ૦ ॥ ૨ ॥ ત્રિશલાદે દેરાણી હુંતી, દેવાનન્દા જેઠાણી; વિષયલોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી. ગૌ૦ ॥ ૩ ॥ દેરાણીકી રત્નડાબલી, બહુળાં રત્ન ચોરાયાં; ઝગડો કરતાં ન્યાય હુઓ જબ, તબ કચ્છુ નાણાં પાયાં. ગૌ૦ ॥ ૪ ॥ એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન અમ હોને; કર્મ આગળ કોઈનું નહિ ચાલે, ઈન્દ્ર ચક્રવર્તિ જો જો. ગૌ૦ ॥ ૫ ॥ ભરતરાય જબ ઋષભને પૂછે, એહમેં કોઇ જિણુ-

ન્દા; મરિચીપુત્ર ત્રિદન્ડી તેરો, ચોવિશમો જિણિન્દા. ગૌ૦ ॥ ૬ ॥ કુળનો ગર્વ કિયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા; મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણુન્દા. ગૌ૦ ॥ ૭ ॥ કર્મ સંયોગે ભિક્ષુકકુળ પાયા, જન્મ ન હોવે કબહિ; ઇન્દ્ર અવધિએ જોતાં અપહર્યો, દેવ ભુજંગમ તબહિ. ગૌ૦ ॥ ૮ ॥ બ્યાશીદિન તિહાંકણે વસિયો, હરિણુગમેષી જબ આયા; સિદ્ધારથ રાય ત્રિશલાદે રાણી, તસ કૂખેં છટકયા. ગૌ૦ ॥ ૯ ॥ ૠષભદત્તને દેવાનન્દા, લેશે સંયમ ભારા, તબ ગૌતમ એ મુગતેં જાશે, ભગવતિ સૂત્ર વિચારા. ગૌ૦ ॥ ૧૦ ॥ સિદ્ધારથ ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોકે જાશે; બીજે સ્કંધે આચારાંગે, તે સૂત્રે કહેવાશે. ગૌ૦ ॥ ૧૧ ॥ તપગચ્છ શ્રી હીરવિજયસૂરિ, દિયો મનોરથ વાણી; સકળચંદ્ર પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી. ગૌ૦ ॥ ૧૨ ॥

અથ હોકાની સજ્ઝાય.

ઇડર આંબા આંબલી રે એ દેશી.

હોકો રે હોકો શું કરો રે, હોકો તે નરકનું ઠામ, જીવ હણાયે અતિ ઘણા રે, વાયુકાય અભિરામ, ભવિકજન મૂકો હોકાની ટેવ, સુખ પામો સ્વયમેવ, ભવિકજન મૂકો૦ ॥ ૧ ॥ જ્યાં લગે હોકો પીજીયે રે, તિહાં લગે જીવ વિનાશ, પાપ બંધાયે આકરાંરે, દયાતણી નહી આશ; ભવિક૦ ॥ ૨ ॥ જે પ્રાણિ હોકો પીએ રે, તે પામે બહુ દુઃખ, એમ જાણિને પરિહરો રે, પામો બહુલું સુખ,

ભવિક૦ ॥ ૩ ॥ [1]ગજલગે ધરતી બલેરે, જીવ હણાયે અનંત, જે નર હોકો મેલશે રે, તસ મલશે ભગવંત, ભવિક૦ ॥ ૪ ॥ દાવાનલ ઘણા પરજલેરે, હોકાનાં ફલ એહ, નરકે જાશે બાપડા રે, ધર્મ ન પામે તેહ, ભવિક૦ ॥ ૫ ॥ એકેંદ્રિ બેઇંદ્રિમાં રે, ફિરે અનંતીવાર, છેદન ભેદન તાડના રે, તિહાં લહે દુઃખ અપાર, ભવિક૦ ॥ ૬ ॥ વ્યસની જે હોકા તણા રે, તલપ લાગે જણાય, વનમાં વૃક્ષ છેદી કરી રે; અગ્નિ પ્રજ્વલિત કરાય, ભવિક૦ ॥ ૭ ॥ તિહાં ષટ્કાયના જીવની રે, હિંસા નિરંતર થાય, હોકાનું જલ જીહાં ઢોલીયે રે, તિહાં બહુ જીવ હણાય, ભવિક૦ ॥ ૮ ॥ પોતે પાપ પૂરણ કરે રે, અન્યને દે ઉપદેશ, વલી અનુમોદન પણ કરે રે, ત્રિકરણે થાયે ઉદ્દેશ, ભ૦ ॥ ૯ ॥ મુખ ગંધાયે પીનારનું રે, બેસી ન શકે કોઈપાસ, જગમાં પણ રૂડું નહિ રે પુન્ય તણો થાયે નાશ, ભ૦ ॥ ૧૦ ॥ સંવત અઢાર છહોતરે રે, ઉજવલ શ્રાવણ માસ, વાર બૃહસ્પતિ શોભતો રે, પૂનમદિન શુભ ખાસ. ભ૦ ॥ ૧૧ ॥ તપગચ્છ મંડન સેહરો રે, દાનરત્નસૂરિરાય, મલ્લકરત્ન શિષ્ય શોભતા રે, આનંદ હરખ ન માય; ભ૦ ॥ ૧૨ ॥ પરચા પૂરણ ગિરૂઆ ધણી રે, શિવરત્ન તસું શિષ્ય, હોકાનાં ફલ એમ કહ્યાં રે, ખુશાલરત્ન સુ જગીશ, ભવિક ॥ ૧૩ ॥

જ્ઞાનવિમલજીકૃત ચરણકરણ સિત્તરી સજ્ઝાય.

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ, સતર ભેદે સંયમ પાલેજી, વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મ, વાડ ભલી અજુ-

---

[1] સવાહાય.

આલેજી, ભવિજન ભાવે મુનિ ગુણ ગાવો. ॥ ૧ ॥ જ્ઞાના-દિત્રય આરે ભેદે, તપ કરે જે અનિયાણોજી, ક્રોધાદિક ચારેનો નિગ્રહ, એ ચરણ સિત્તરિ જાણોજી, ભવિ૦ ॥ ૨ ॥ ચઉવિહ પિંડ વસતિ વસ્ત્ર પાત્ર, નિદુર્ષણ જે લેવેજી, સમિતિ પાંચ વલી પડિમા બારે, ભાવના બારે સેવેજી, ભવિ૦ ॥ ૩ ॥ પચવીસ પડિલેહણ પણેંદ્રિય, વિષય કષાયથી વારેજી, ત્રણ ગુપ્તિને ચ્યાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી; ભવિ૦ ॥ ૪ ॥ કરણ સિત્તરી એહવી ધારી. ગુણ અનંત વલી સેવેજી, સંજમી સાધુ તેહને કહીયેં, બીજા સવિનામ ધરાવેજી, ભવિ૦ ॥ ૫ ॥ એ ગુણવિણ પ્રવજ્યા બોલી, આજીવિકાને તોલેજી, તે ષટકાય અસંજમી જાણો, ધર્મ-દાસ ગણી બોલેજી; ભવિ૦ ॥ ૬ ॥ જ્ઞાનવિમલ ગુરૂઆણા ધારી, સંયમ શુદ્ધ આરાધોજી, જેમ અનોપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાધોજી. ભવિ૦ ॥ ૭ ॥

અસજ્ઝાઇ વારકનો સજ્ઝાય.

પવયણ દેવી સમરી માત, કહિશું મધુરી શાસન વાત, ધર્મ આશાતન વર્જી કરો, પુણ્ય અજ્જનો પોતે ભરો૦ ॥ ૧ ॥ આશાતન કહિયેં મિથ્યાત્વ, તસ વર્જન સમકિત અવદાત, આશાતન કરવા મન કરે, દીર્ઘ ભવદુખ પોતે વરે૦ ॥ ૨ ॥ અપવિત્રતા આશ તન મુલ, તેહનું ઘર ઋતુવંતી પ્રતિકુલ, તે ઋતુવંતી રાખો દુર, જો તુમે વાંછો સુખ ભરપૂર. ॥ ૩ ॥ દર્શન પૂજા અનુક્રમે ઘટે, બારે સાતે દિવસે મટે, પર શાસન પણ એમ સદ્દહે, બારે શુદ્ધ હોયે તે કહે૦ ॥ ૪ ॥ પહેલે દિન ચંડાલણી કહી,

બીજે દિન બ્રહ્મઘાતિની સહિ, ત્રીજે દિન ધોબણસમ જાણ,
ચોથે શુદ્ધ હોયે ગુણ ખાણ૦ ॥ ૫ ॥ ઋતુવંતી કરે ઘરનું
કામ, ખાંડણ પીસણ રાંધણ ઠામ, તે અન્નેં પ્રતિલાભ્યા
મુણી, સદ્‌ગતિ સઘળી પોતે હણી૦ ॥ ૬ ॥ તેહજ અન્ન
ભર્ત્તાદિક જીમે, તેણે પાપે ધન દુરે ગમે, અન્નસ્વાદ ન
હોયે લવલેશ, શુભ કરણી જાયે પરદેશ૦ ॥ ૭ ॥ પાપડ
વડી કેરાદિક સ્વાદ, ઋતુવંતી સંગતિથી લાદ, લુંડણ ભુંડ-
ણને સાપણી, પરભવે તે થાયે પાપણી૦ ॥ ૮ ॥ ઋતુવંતી
ઘરે પાણી ભરે, તે પાણી દેહરાસરે ચડે, બોધબીજ નવિ
પામે કિમે, આશાતનથી બહુ ભવ ભમે૦ ॥ ૯ ॥ અસ-
ઝાઇમાં જમવા ધસે, વિચે બેસીને મનમાં હસે, પોતેં સવે
અભડાવી જીમે, તેણે પાપેં દુર્ગતિ દુઃખ અમે૦ ॥ ૧૦ ॥
સામાયક પડિકમણું ધ્યાન, અસઝાઇએ નવિ સુઝે દાન,
અસઝાઇએ જો પુરૂષ આભડે, તેણે ફરસે રોગાદિક નડે૦ ॥૧૧॥
ઋતુવંતી એક જીનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી,
ચંડાલણી થઇ તે વલી, જીન આશાતન તેહને ફલી૦
॥ ૧૨ ॥ એમ જાણી ચોખાઈ ભજો, અવિધિ આશાતન
દૂરે તજો; જીનશાસન કિરિયા અનુસરો, જીમ ભવસાયર
હેલા તરો૦ ॥ ૧૩ ॥ શ્રદ્ધાલુ સેવા વિધિ સાર, અનુષ્ઠાન
નિજ શક્તિ અપાર; દ્રવ્યાદિક દૂષણ પરિહરો, પક્ષપાત
પણ તેહનો કરો૦ ॥ ૧૪ ॥ ધન્ય પુરૂષને હોય વિધિ જોગ,
વિધિ પક્ષારાધક સવિ ભોગ; વિધિ બહુમાની ધન્ય જે
નરા, તેમ વિધિપક્ષ અદ્વેષક ખરા૦ ॥ ૧૫ ॥ આસન્ન
સિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોયે તસ પીવ;

અવિધિ આશાતન જે પરિહરે, ન્યાયે શિવલચ્છી તસ વરે૦ ॥ ૧૬ ॥

ઉત્તરાધ્યયનના દશમાધ્યયનની સજ્ઝાય.

વીરવિમલ કેવળ ધણીજી, સકલ જંતુ હિતકાર, ઉત્તરાધ્યયન દશમે કહ્યોજી; હિતશિક્ષા અધિકાર, ગુણવંતા ગોયમ મ કરો ક્ષણુ પ્રમાદ. ॥ ૧ ॥ બહુ ભવ ભમતાં પામીયેાજી, ચરણ ધર્મ પ્રાસાદ, ગુણ૦ એ આંકણી. પાકું પીપળ પાંદડું જી, પવને ભૂમી પડંત; બીજાં કુંપળ ઉપજેજી, જીવિત તેમ ઝરંત. ગુણ૦ ॥ ૨ ॥ ડાભ અણીજલ બિંદુ-ઓજી, સ્થિર રહે કેતો કાલ; શ્વાસોશ્વાસને વાયરેજી, જીવિત તેમ વિસરાલ. ગુણ૦ ॥ ૩ ॥ નરભવ થોડો આઉખોજી, ઉપક્રમ કોડિ જંજાલ; આતમ ધર્મ રસિક થઈજી, પાતિક પંક પખાલ. ગુણ૦ ॥ ૪ ॥ નિશ્ચે નરભવ દોહિલોજી, ભમતાં કાલ અનંત; કર્મ અજાડિ બાંધીયેાજી, ચેતન હસ્તિ મહંત. ગુણ૦ ॥ ૫ ॥ પૃથ્વી અપ તેઉ વાયરોજી, બાદર વનમાં અસંખ, સાધારણમાં અનંત છેજી, બિ તિ ચઉરિંદ્રિ સંખ. ગુણ૦ ॥ ૬ ॥ સગ અડભવ પંચિંદ્રિનાજી, નારકસુર એકવાર; એમ કાયસ્થિતિ ભવસ્થિતિજી, કિહાંથી નર અવતાર. ગુણ૦ ॥ ૭ ॥ સંસરતો સંસારમાંજી, બહુલ પ્રમાદિ જીવ; ગાઢા કર્મ વિપાકથીજી, નરભવ દૂર અતીવ. ગુણ૦ ॥ ૮ ॥ પુન્યક્ષેત્ર આર્યપણુંજી, નરને દુર્લભ હોય; આર્ય થોડા અનાર્યથીજી, મ્લેચ્છાદિક કુલ જોય. ગુણ૦ ॥ ૯ ॥ આર્યપણે પણ દોહિલોજી, પંચેંદ્રિય નિરોગ; વિકલેંદ્રિય દિશે ઘણાજી, કઠિણ કર્મના ભોગ. ગુણ૦

॥ ૧૦ ॥ પંચેંદ્રિપુરી મલીજી, દુલહો જૈનવચન; કુતીર્થે રાચે ઘણાજી, મિથ્યાવાસિત મન. ગુણ૦ ॥ ૧૧ ॥ સાંભલતાં પણ દોહિલીજી, સદ્દહણા કહે વીર; સદ્દહતો પણ જીવડોજી, વિરતિ વિષય નહિ ધીર. ગુણ૦ ॥ ૧૨ ॥ અંજલીજલ પરે આઉખું જી, સમય સમયઝરે દેહ; પંચેંદ્રિય બલ ઘટેજી, જેમ દીવામાંહે સ્નેહ. ગુણ૦ ॥ ૧૩ ॥ અરતિ ગડુ વિશુચિકાજી, આતંક વિવિધ પ્રકાર; કાયાકંચન કુંપલીજી, ગલે જેમ ટંકણખાર. ગુણ૦ ॥ ૧૪ ॥ રાગ તજે અમ ઉપરેજી, આદરો ક્ષાયક ભાવ; પાણીમાં પંકજ પરેજી, જેમ હોય સુદ્ધસ્વભાવ. ગુણ૦ ॥ ૧૫ ॥ છંડીઘણુ કણ ગેહિનીજી, મિત્ર કુટુંબ પરિવાર, ફરી આદરવો નવિ પડેજી, તેમ ધરો સંયમ ભાર. ગુણ૦ ॥ ૧૬ ॥ વિષમકાલ નહિ કેવલીજી, પણ તિહાં ધર્મી જીવ; સંપ્રતિ શિવમાર્ગ છતેજી, કેવલજ્ઞાન પ્રદીવ. ગુણ૦ ॥ ૧૭ ॥ બહુ કંટકપંથ પરિહરિજી, આવ્યો ઉત્તમડામ; જ્ઞાન શ્રદ્ધા ચરણે રમોજી, જેમ લહો પદ નિર્વાણ. ગુણ૦ ॥ ૧૮ ॥ કોઇક માનવ માર્ગમાંજી, અતુલ ઉપાડે ભાર; ઉન્માર્ગમાં પડયો રડેજી, તેમ ન કરે અણગાર. ગુણ૦ ॥ ૧૯ ॥ ભવસાયર તરવા ભણીજી, સંયમ પ્રવહણ પૂર; તપજપ કિરિયા આકરીજી, મોક્ષ નગર છે દૂર. ગુણ૦ ॥ ૨૦ ॥ લવણસમુદ્ર તર્યો જેણેજી, ગોપદ કેઇ માત; પંડિત વીર્ય સ્વભાવથીજી, ભવપારંગત થાત. ગુણ૦ ॥ ૨૧ ॥ દેહ ઔદારિક વૈક્રિયજી, આહારક તૈજસ કર્મ; છંડી ગોયમ શિવલહેજી, સાદિ અનંતે ધર્મ. ગુણ૦ ॥ ૨૨ ॥ ક્ષમાવિજય જીન વીરનાંજી, વયણ સુધા રસરેલ; સિંચો આતમ આરામમાંજી, પ્રસરે બહુ ગુણવેલ. ગુણ૦॥૨૩॥

અથ કેશીગોયમની સજ્ઝાય.

એ દોય ગણુધર પ્રણમીએ, કેશી ગોયમ ગુણવંત હો મુણિંદ; બહુ પરિવારે પરવર્યા, ચઉનાણી ગુણ ગાજંત હો મુ૦ એ દોય ગણુધર પ્રણમીયે. ॥ ૧ ॥ સંઘાડા દોય વિચરંતા, એકઠા ગોચરીયે મીલંત હો મુ૦; પૂછે ગૌતમ શિષ્ય તિહાં, તુમે કુણ ગચ્છના નિર્ગ્રંથ હો મુ૦ એ દોય૦ ॥ ૨ ॥ અમ ગુરૂ કેશી ગણુધરૂ, પ્રભુ પાસતણા પટધાર હો મુ૦; સાવથ્થીપાસે સમોસર્યા, તિહાં તંદુકવન મનોહાર હો. મુ૦ એ દોય૦ ॥ ૩ ॥ ચાર મહાવ્રત અમતણાં, કારણે પડિક્કમણાં દોય હો મુ૦; રાતાં પીલાં વસ્ત્ર વાવરૂં, વલી પંચવરણ જે હોય હો મુ૦. એ દોય૦ ॥ ૪ ॥ શુદ્ધ મારગ છે મુકિતનો, અમને કલ્પે રાજપિંડ હો મુ૦; પાસજિનેસર ઉપદિશે, તુમે પાલો ચારિત્ર અખંડ હો. મુ૦ એ દોય૦ ॥ ૫ ॥ ગૌતમ શિષ્ય કહે સાંભલો, અમે પંચ મહાવ્રત ધાર હો મુ૦; પડિક્કમણાં પંચ અમ સહિ, વલી શ્વેતવસ્ત્ર મનોહાર હો. મુ૦ એ દોય૦ ॥ ૬ ॥ રાજપિંડ કલ્પે નહિ, ભાંખે વીરજીન પરખદામાંહિ હો મુ૦; એક મારગ સાધે બિહું જણા, તો એવડો અંતર કાંઈ હો. મુ૦ એ દોય૦ ॥ ૭ ॥ સંશયવંત મુનિ બેહુ થયા, જઇ પુછે નિજ ગુરૂપાસ હો મુ૦,ગૌતમ કોષ્ટુકવનથકી, આવે કેશી પાસ ઉલ્લાસ હો મુ૦, એ દોય૦ ॥ ૮ ॥ કેશી તવ સામા જઈ, ગૌતમને દીયે બહુમાન હો મુ૦. ફાસુ પલાલ તિહાં પાથરી, બિહું બેઠા બુદ્ધિનિધાન હો મુ૦, એ દોય૦ ॥ ૯ ॥ ચર્ચા કરે જૈનધર્મની, તિહાં મલીયા

સુરનર વૃંદ હો મુ૦, બિહુ ગણધર શોભે અતિ ભલા, જાણે એક સૂરજ બીજો ચંદ હો મુ૦, એ દોય૦ ॥ ૧૦ ॥ સંશય ભાંજવા સહુ તણા, કેશી પુછે ગુણખાણ હો મુ૦, ગૌતમ ભવિયણ હિત ભણી, તવ બોલ્યા અમૃતવાણ હો મુ૦, એ દોય૦ ॥ ૧૧ ॥ એક મુગતિ જાવું બિહુજણે, તો આચારે કાંઇ ભેદ હો મુ૦, જીવ વિશેષે જાણજો, ગૌતમ કહે મ કરો ખેદ હો મુ૦, એ દોય૦ ॥ ૧૨ ॥ વક્ર જડ જીવ ચરમના, પ્રથમના ઋજુ મૂરખ જાણ હો મુ૦, સરલ સુબુદ્ધિ બાવીશના તેણે જુજુઓ આચાર વખાણ હો મુ૦, એ દોય૦ ॥ ૧૩ ॥ એમ કેશીયે પ્રશ્ન જે પુછિયાં, તેના ગૌતમે ટાલ્યા સંદેહ હો મુ૦, ધન ધન કેશી કહે ગોયમા, તુમે સાચા ગુણમણી ગેહ હો મુ૦, એ દોય૦ ॥ ૧૪ ॥ મારગ ચરમ જીણંદનો, આદર્યો કેશીયે તેણીવાર હો મુ૦, કેશી ગૌતમ ગુણ જપે, તે પામે ભવજલ પાર હો મુ૦, એ દોય૦ ॥ ૧૫ ॥ ઉત્તરાધ્યયન ત્રેવીસમે, એમ ભાખે શ્રીજિનરાય હો મુ૦, વિનયવિજય ઉવઝાયનો શિષ્ય રૂપ-વિજય ગુણ ગાય હો મુ૦, એ દોય૦ ॥ ૧૬ ॥

અથ સડતાલીશ દોષની સજ્ઝાય.

સકલ જિનેશ્વર પ્રણમું પાય, શારદ વાણી કરો સુપ-સાય, પિંડ દોષ બેતાલીશ કહું, નામ માત્ર તે સુણજ્યો સહુ૦ ॥ ૧ ॥ જતિકાજે નીપાઈ દીયા, આધાકર્મી તે બોલિયા, જે માગે તે એહને કાજ, ઉદ્દેસિક બોલે જિન-રાજ૦ ॥ ૨ ॥ કર્મી બરડયો ઘાલી દીએ, તે પૂતિ દોષ ત્રીજે ટાલીયે, અમ્હે જમસું કાંઇ દેશું જતિ, સો મિશ્ર

દોષ કહે ત્રિભુવનપતિ૦ ॥ ૩ ॥ રાખી મૂકે સાધુ નિમિત્ત
હવણ દોષ મ વાંછો ચિત્ત, સુખડું આધું પાછું કરે,
નિમિત ભિક્ષુ તે નવિ આદરે૦ ॥ ૪ ॥ અંધારે નવિ
વહોરે જતિ, ઘરમાંહે અંધારૂ હોવે અતિ, એમ જાણી
અજુવાલું કરે, પાઉરકી તે મુનિ પરિહરે૦ ॥ ૫ ॥ મૂલે
લેઇ વહોરાવે જેહ, ક્રીતદોષ ટાલી જે તેહ, ઉછીનું
લઇ દીએ કેવાર, નવમો પામીચ્ચ દોષ તે વાર૦ ॥ ૬ ॥
પાલટી વસ્તુ કાંઇ વહોરાવતાં, પરાવૃત્ય હોવે પ્રતિ-
વાંછતાં, શતકર બાહિર થકું લાવંત, અભિહડ તે લેતાં
પાવંત૦ ॥ ૭ ॥ આડાદ્વિક બોલે ગુરૂ કામ, દ્વાદશમો
ઉભિન્ન તસુ નામ, ઉર્ધ્વ અધો કષ્ટે કોય, લેઇ દેતાં
માલાહડ સોય૦ ॥ ૮ ॥ ઉદ્દાલી આપે કેહનું, આછિ-
જજ નામ હોવે તેહનું, સાધારણ દીએ અનુમતિ વિના,
અણિસિટ્ઠ દોષ બહુ તેહના૦ ॥ ૯ ॥ આપ કાજે માંડયું
રાંધણું, આગમ જાણ્યું મુનિવરતણું, તે માંહે ઉમેરે કદા,
હોવે સોલમો અઝોયર તદા૦ ॥ ૧૦ ॥ એ સોલ દોષ
ઉદ્ગમ પરિહરો, ગૃહસ્થ થકી લાગે મન ધરો, ટાલંતો
હોવે શિવપુરવાસ, પહોંચે મનવંછિત સવિ આશ૦ ॥૧૧॥
ઉત્પાદના દોષ કહું તે સુણો, કટુક વિપાક અછે તેહ તણો
બાલક ખેલાવી લીએ આહાર, ધાત્રી દોષ હોવે તેણી-
વાર૦ ॥ ૧૨ ॥ સંદેશો કહી લે તે દુત, ટાલે તે મુનિ
સંયમજુત, નિમિત્ત ભાખીને કારણ કહે, નિમિત્ત દોષથી
દુર્ગતિ લહે૦ ॥ ૧૩ ॥ અણમિલતે જણાવે જાત, આજી-
વિકા દોશ વિખ્યાત, વણીમગ સમ થઇ પિંડગ્રહંત,

ચારિત્રમણિ તે દોષે દહંત૦ ॥ ૧૪ ॥ વૈદ્યક ઉપદેસીને લીયે, દોષતિગિચ્છા તે ટાલીયે, ક્રોધ કરી લે ઘેવર ન્યાય ક્રોધ દોષે તપ તપ્યેા ગમાય૦ ॥ ૧૫ ॥ માન લગે સેવૈયેા યથા, એ દોષતણી છે મ્હોટી કથા, આષાઢ-ભુત પરાવર્ત્ત કરંત, માયાએં વ્રત થકી પડંત૦ ॥ ૧૬ ॥ લેાભ લગે બહુ ઘર ઘર ભમે, સરસ વાંછતેા સંયમ ગમે, પુવ્વી પચ્છા સંસ્તવ કરે, સહી તે દુર્ગતિનારીવરે૦ ॥૧૭॥ વિદ્યા દેખાડી આપણી, લેતાં આણ ખંડે જીનતણી, મંત્ર દાન કરે આજીવિકા, તપ જપ સવિ જાય તેહકા; ॥ ૧૮ ॥ સેાહગદોહગ કરી જીવંત, તે જોગદોષ બેાલ્યા ભગવંત, આંખે અંજનકે ચુરણ દીએ, ચુન્નદોષ તે સહિ માનીયે; ॥ ૧૯ ॥ ગર્ભપાતનકે કરે ઉતપતિ, બેાધિબીજ-હારે તે જતિ, મૂલકર્મદોષ સેાલમેા, ટાલેા જેમ મુનિ શિવપુર રમેા; ॥ ૨૦ ॥ હવે એષણાદેાશ દશ જાણુ, સેવંતાં હેાવે સદ્ગતિ હાણુ, શુદ્ધ અશુદ્ધની શંકા હેાય, શંકિત-પિંડ મ લેશેા કેાય; ॥ ૨૧ ॥ અચિત્ત આહાર સચિત્તે ખરડીયેા મ્રક્ષિતદોષ જીનવરે વર્જીયેા, અચિત્ત વસ્તુ સચિત્તમાં ધરી, નિક્ષિપ્ત દોષ તેતેા પરિહરી; ॥ ૨૨ ॥ સચિત્તતણેા દીધેા ઢાંકણેા, પિહિતદોષ નામ તેહતણેા, મેાટેા ભાજન હેાવે પરેાક્ષ, લાવી દેતાં સંહરિત દોષ; ॥ ૨૩ ॥ દેણુહારજો બ્રુજે ખરેા, દાયક દોષ દૂરે પરિહરેા, જોગાજોગ કીધેા જો એક, મિશ્રદોષ ટાલે તે છેક; ॥ ૨૪ ॥ અપરિણુત ચિહું ભેદ વિચાર, નિજનામે એ દોષ નિવાર, રેખાદિક ભીને પિંડ ગ્રહ્યો, લિત્તાલિત્ત દોષ જિન કહ્યો

॥ ૨૫ ॥ ઘૃત દુગ્ધાદિક છાંટો પડંત, છંદિત દોષ ન લીયે મહંત, ભોજનદોષ પાંચ મન ધરો, પરિહરતાં આતમ હિત કરો૦ ॥ ૨૬ ॥ ખીર ખાંડ ઘૃત ભેલે સાર, પેયાદિક છે ત્રણ પ્રકાર, સંયોજના દોષ એ તજે, જેમ જઈ મુક્તિ રમણીને ભજે૦ ॥ ૨૭ ॥ ઘણો જમે ચુકે શુભધ્યાન, બીજે દોષ કહ્યો અ પ્રમાણ, મીઠું ખારૂં મુખ ઉચ્ચરે, તેણે દોષે વ્રત્ત લીયારો કરે૦ ॥ ૨૮ ॥ અનુમોદે નિંદે જમતો, ધુમ્રદોષ ચોથો દીપતો, ક્ષુધાદિષટકારણ વિણ ભુંજંત, કારણુદોષ કહ્યો અરિહંત૦ ॥ ૨૯ ॥ એણીપરે સુડતાલીસે થયા, સ્મરણ માત્ર બોલ્યા જુજુઆ, એ દોષ તજે જે એકમના, તેહ તણાં લીજે ભામણાં૦ ॥ ૩૦ ॥

કળસ.

કામકુંભને અમૃત ભરીયો, સકલજન આનંદ કરો, તપગચ્છ સહગુરૂ અણુસરી વિજયદાનસૂરીશ્વરો૦ ॥ ૩૧ ॥ જગરાજ પંડિત તણે શીષ્યે, સહજ વિમલ આણંદ ધરી, આપ આપણે જાણવા ભણી, એ પિંડભત્રીસી કરી૦ ॥૩૨॥

માનવિજયજી કૃત.

અથ દશચંદરવાની સઝાય.

ઢાળ ૧ લી.

દેશી ચોપાઇ.

સમરી સિદ્ધ અનંત મહંત, કેવલ જ્ઞાની સિદ્ધિ વર્ત્તંત; ચંદરવા ઘરમાં દશ ઠામ, તેહ તણાં કહું સુણજો નામ. ॥ ૧ ॥ ભોજન પાન પીષણ ખાંડણે, શય્યા

સંઝે રે અન્ન તણે, દેરાસર સામાયક જાણ, છાશ દહિં વિગયાદિક ઠામ. ॥ ૨ ॥ ચુલા ઉપર ચતુર સુજાણ, ચંદરવા બાંધે ગુણ ખાણ; તેહ તણાં ફલ સુણજો સહુ, શાસ્ત્રાંતરથી જાણી કહું. ॥ ૩ ॥ જંબુદ્વિપ ભરત મંડણે, શ્રીપુરનગર દુરિતખંડણે, રાજ કરે શ્રી જિન મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ. ॥ ૪ ॥ ત્રિક ચોક ચાચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચ્ચરે; કોઢ ગમાવે નૃપસુત તણે, અર્ધરાજ દેઉં તસ આપણે. ॥ ૫ ॥ જસોદિત્ય વ્યવહારી તણી, એણી પરે કુંવરી સબલી ભણી; (લક્ષ્મીવંતી નામ છે) પડહ છબી તેણે ટાલ્યો રોગ, પરણ્યાં તે બહુ વિલસે ભોગ. ॥ ૬ ॥ અભિનંદન નંદન ને રાજ, આપી દિક્ષા લહે જિનરાજ; દેવરાજ હુઆ મહારાજ, અન્ય દિવસ આવ્યા મુનિરાજ. ॥ ૭ ॥ સુણી વાત વંદન સંચર્યો, હય ગય રથ પાયક પરવર્યો; અભિગમ પંચે તિહાં અનુસરી, નૃપ બેઠા શ્રુતવંદન કરી. ॥ ૮ ॥ સુણી દેશના પૂછે વાત, વિલસી સાત વરસ જે વ્યાપ; કિમ કુંવરી કર ફરસે ટલી, કિમ કરપીડ ન એહશું વલી. ॥ ૯ ॥ જ્ઞાની ગુરૂ કહે સુણતું ભૂપ, પૂરવભવનો એહ સ્વરૂપ; મિથ્યામતિ વાસિત પ્રાણીયો, દેવદત્ત નામે વાણીયો. ॥૧૦॥ મહેશ્વરીનંદન તસસુત ચ્યાર, લઘુ બંધવ તું તેહ મઝાર, કુડકપટ કરી પરણી હુઆ, મૃગસુંદરી શ્રાવકની ધુઆ. ॥ ૧૧ ॥ લઘુવયથી તેણીને નિયમ, જિનવંદન વિણ નવિ ભુંજિમ, શુભગુરૂને વલી દેઇ દાન, રાત્રિભોજનનું પચ્ચખ્ખાણ. ॥ ૧૨ ॥ પરણીને ઘરે તેડી વહુ, રાતે જમવા બેઠા સહુ, મૂળા મોઘરીને વંતાક,

ઇત્યાદિક તિહાં પીરસ્યાં શાક. ।। ૧૩ ।। તેડે વહુ જમવા પાંતમાં, તે કહે હું ન જમું જિહાં લગે આતમા, સસરો કહે તું મ પડ ફંદમાં, મતવાંદો જિનવર મહાતમા. ।।૧૪।। ત્રણ દિવસ કીધા ઉપવાસ, ચોથે દિન ગઈ મુનિવર પાસ, વાંદી કહે નિશિ ભોજનતજું, કિમજિન ચરણ કમલને ભજું, કિણીપરે દઉં મુનિવરને દાન, મિથ્યામતિ ઘરમાં અસમાન. ।। ૧૫ ।।

ઢાળ ૨ જી.

પુન્ય પ્રશંસીએ દેશી.

શાસ્ત્ર વિચારી ગુરૂ કહે રે, સુણ મૃગસુંદરી બાલ, ચૂલા ઉપર ચંદ્રવો રે, તું બાંધે ચોસાલ રે, લાભ અછે ઘણો. ।। ૧ ।। પંચ તીર્થદિન પ્રતેં કરે રે, શત્રુંજય ગિરનાર, આબુ અષ્ટાપદ વલી રે, સમેત્તશિખર શિરદારો રે. લાભ૦ ।। ૨ ।। પાંચ મુનિવરને ભાવથી રે, પડિલાભે જેટલો, તેટલો ફલતું જાણજેરે, એક ચંદ્રોદય સારો રે. લાભ૦ ।।૩।। ગુરૂવાંદી નિજ ઘર જઈ રે, ચૂલા ઉપર ચંગ, ચંદ્રોદય તેણે બાંધિયોરે, જીવદયા મન રંગ રે. લાભ૦ ।। ૪ ।। સસરે નિજ સુતને કહ્યું રે, દેખી તેણે તત્કાલ, તુજકામિની કામણ કીયાં રે, તેણે તે નાખ્યો જવાલ રે. લાભ૦ ।। ૫ ।। વલી વલી બાંધે કામિની રે, વલી વલી જ્વાલે રે કંત, સાતવાર એમ જવાલીયો રે, ચંદ્રોદય તેણે તંતરે. લાભ૦ ।। ૬ ।। સસરો કહે શું માંડીયો રે, એ ઘરમાંહે ધંધ, સ્યો ચંદ્રુવો સ્યું કરે રે, નિશિભોજન તુમે મંડો રે. લાભ૦ ।। ૭ ।। સા કહે જીવજતના ભણી રે, એ સઘલો પ્રયાસ,

નિશિભોજન હું નવિ કરૂં રે, જો કાયામાં શ્વાસ રે. લાભ૦ ॥ ૮ ॥ શેઠ કહે નિશિભોજન કરો રે, તો રહો અમ-આવાસ, નહિ તો પીઅર પહોંચજો રે, તુમ સ્યું સ્યો ઘરવાસ રે. લાભ૦ ॥ ૯ ॥ સા કહે જેમ જન પરવર્યા રે, તેડી લાવ્યા રે ગેહ, તિમ મુજ પરિવારે પરવર્યા રે; પહોંચાડો સસનેહ રે. લાભ૦ ॥ ૧૦ ॥

ઢાળ ૩ જી.

(કપુર હોયે અતિ ઉજળો રે—એ દેશી).

દેવદત્ત વ્યવહારીયો રે, આણી મનમાં રીશ, વહુ વોરાવણ ચાલીયો રે, લઈ સાથે જગીશો રે, પ્રાણી જીવદયા મન આણ. ॥ ૧ ॥ એ સઘલા જિનની વાણી રે પ્રાણી, ધર્મરાય પટ-રાણી રે એ આપે કોડી કલ્યાણી રે પ્રાણી, જીવ૦ ॥ ૨ ॥ અનુક્રમે મારગ ચાલતાં રે, શેઠ સહોદર ગામ, જામિની[1] જમવા તેડીઆરે, તે તેણે નિજ ધામ રે, પ્રાણી જીવ૦ ॥ ૩ ॥ ન જમે શેઠ તે વહુ વિનારે, વહુ પણ ન જમે જમેરાત, સાથે સર્વે નવિ જમ્યાં રે, વાધિ બહુલી રાત રે, પ્રાણી૦ ॥ ૪ ॥ શેઠ સગાં રાતે જમ્યાં રે, મરી ગયાં તે આપ, ચોખા ચરૂમાં દેખીયો રે, રાતે રંધાણો સાપ રે. પ્રાણી૦ ॥ ૫ ॥ શેઠ કહે અમકુલ તણી રે, તું કુલદેવીમાય, કુટુંબ સહુ જીવાડીયો રે, એમ કહી લાગ્યો પાય રે પ્રાણી૦ ॥ ૬ ॥ નવકાર મંત્ર ભણી કરીરે, છાંટીયાં સહુને નીર, ધર્મ પ્રભાવે તે થયા રે, ચેતન સઘલા જીવ રે. પ્રાણી૦ ॥ ૭ ॥ મૃગ-

---

૧ રાત્રીએ.

સુંદરી પ્રતિબુઝવ્યેા રે, શેઠ સયલ વડભાગ, જિનશાસન દીપાવીયેા રે. પામી તે સયલ સેાભાગ રે; પ્રાણી૦ ॥ ૮ ॥ રયણીભેાજન પરિહર્યાં રે, ચંદ્રુવા સુવિશાલ, ઠામ ઠામ બંધાવીયા રે, વર્ત્યેા જયજયકાર રે; પ્રાણી૦ ॥ ૯ ॥ ચુલક ઘરંટી ઉખલેા રે, ગ્રસની સમાર્જની જેહ, પાણિઆરૂં એ ઘર કેરૂં રે પાંચે આખેટક એહરે, પ્રાણી૦ ॥ ૧૦ ॥ (ઉપરના ચુલાદિક પાંચે વસ્તુ અજયણાદીકથી વાપરે તેા પાંચ ખાટકી જેટલું પાપ લાગે છે) પાંચે આખેટક દિન પ્રત્યે રે, કરતા પાતક જેહ, ચુલા ઉપર ચંદ્રુવેા રે, નવિ બાંધે તસગેહ રે. પ્રાણી૦ ॥ ૧૧ ॥ સાતચંદ્રુવા બાલીયા રે, તેણે કારણ ભવસાત, કેાઢ પરાભવ તેં સહ્યા રે, ઉપર વરસ સાત રે. પ્રાણી૦ ॥ ૧૨ ॥ જ્ઞાની ગુરૂમુખથી સુણી રે, પૂર્વભવ વિસ્તાર, જાતિસ્મરણ ઉપન્યું રે, જાણ્યેા અથિર સંસાર રે. પ્રાણી૦ ॥ ૧૩ ॥ પંચ મહાવ્રત આદરી રે, પાલી નિરતિચાર, સ્વર્ગે સિધાવ્યા દંપતી રે, જિહાં માદલના ઘેાંકાર રે; પ્રાણી૦ ॥ ૧૪ ॥ સંવત (૧૭૩૮) સત્તર આડત્રીશ સમેં રે, વદિદશમી બુધવાર, રત્નવિજય ગણિવર તણેા રે, એ રચિયેા અધિકાર રે. પ્રાણી૦ ॥૧૫॥ તપગચ્છ નાયક સુંદરૂ રે શ્રીવિજયપ્રભ સૂરીંદ, કીર્તિવિજય વાચક તણેા રે માનવિજય કહે શિષ્ય રે. પ્રાણી૦ ॥૧૬॥

ચિત્ત બ્રહ્મદત્તની સઝાય.

ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણેાજી, પૂર્વભવની પ્રીતડી, તે તેા મૂલથી મ ત્રેાડેા હેા, બંધવ બેાલ માનેાજી, કતિયારીનેા સૂત્ર જ્યું ત્રુટે ત્યું જોડે હેા. બં૦

એ આંકણી. ॥ ૧ ॥ દેશ દશાર્ણનો રાજીયો, ભવ પહેલે દાસોજી, બીજેભવ કાલિંજ રે આપણે મૃગ વનવાસ હો. બંધવ૦ ॥ ૨ ॥ ત્રીજે ભવે ગંગાનદી, આપે બેહુ હંસ હુતાજી, ચોથે ભવ ચંડાળને; ઘેર જનમ્યા પુતા હો. બં૦ ॥ ૩ ॥ ચિત્ત સંભૂતિ બેહુ જણા, સબહિ ગુણ પૂરાજી, જગ સહુ તિહાં મોહી રહ્યું, ધરણીધવ શૂરા હો. બં૦ ॥ ૪ ॥ વિપ્રો અણુબ કરે ઘણી, રાજાને ભરમાવેજી, દેશવટો તિહાંથી દીયો, ગયા મરવાને ભાવે હો. બં૦ ॥ ૫ ॥ પર્વત ઉપર મુનિ મલ્યા, પગે લાગ્યા ધાઇજી, અકામ મરણ મુનિ દાખીયો, ધર્મદેશના સુણાઇ હો. બં૦ ॥૬॥ ધર્મ સુણી ઘર છોડીયો, આપણ બેહુ સંયમ લીધોજી, નિયાણું તેં આદર્યું, કર્મ ભૂંડો તે કીધો હો. બં૦ ॥૭॥ નારી રત્નને નિરખતાં, તપનું ફલ હાર્યોજી, મેં તુઝને વાર્યો ઘણો, તે કાંઇ ન વિચાર્યો હો. બં૦ ॥૮॥ પાકયું ક્ષેત્ર જયું વેંચીયું, શીરામણ સાટેજી, બેતારીની પરેં ઝુરશો, કહું છું તે માટે હો. બં૦ ॥ ૯ ॥ પદ્મગુલ્મ વિમાનમાં, ભવ પાંચમો કીધોજી, તિહાંથી ચવીને ઉપન્યો, કંપીલપુર પ્રસિદ્ધો હો. બં૦ ॥૧૦॥ ચક્રવર્તિ પદવી તેં લહી, સબહી અધિકારીજી, કીધાનાં ફલ પામીયો, તાહરી કરણી સારી હો. બં૦ ॥ ૧૧ ॥ પુરિમતાલે હું ઉપન્યો, શ્રાવક સુ આચારીજી, સંયમ મારગ આદર્યો, મેં નારી નિવારી હો. બં૦ ॥ ૧૨ ॥ મેં પણ ઋધિ લહી ઘણી, બહુ વિવિધ પ્રકારે જી, શુભ માનવ ભવ પામીને કોણ મૂરખ હારે હો. બં૦ ॥૧૩॥ એણે સંસારમાં રાચિયા, વિષયરસમાં ભૂલેજી, તારણ નાવતણી પરેં, ધર્મ કોઈ ન તોલે હો. બં૦ ॥૧૪॥

ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણોજી, આ અવસર છે દોહિલો, ધર્મમારગ જાણો હો. બં૦ ॥૧૫॥ નિયાણું કરી સુખ લહ્યાં માનવ ભવ કેરાં જી; ઇણિ કરણીથી જાણજે, તાહરા નરકમાં ડેરા હો. બં૦ ॥ ૧૬ ॥ છઠ્ઠે ભવે જુજુઆ, આપણ બેહુ ભાઇજી, હવે મલવું છે દોહિલું, જેમ પર્વત રાઈ હો. બં૦ ॥૧૭॥ સાધુ કહે સુણો રાયજી, અબ આ ઋધિ ત્યાગોજી, આ અવસર છે પરવડો, સંયમ મારગ લાગો હો. બં૦ ॥ ૧૮ ॥ રાય કહે સુણો સાધુજી, કછુ અવર બતાવોજી, આ ઋધિ તો છુટે નહિ, મુઝ હોવે પસ્તાવો હો. બં૦ ॥ ૧૯ ॥ ચિત્ત કહે બ્રહ્મરાયને, તાહરી ભવસ્થિતિ નાઇજી, માહરા વાર્યા નહિ વળો, તાહરાં કર્મ સખાઈ હો. બં૦ ॥ ૨૦ ॥ ચિત્તે વચન કહ્યાં ઘણું, નિજ ભાઇને રાગેંજી, ભારેકર્મી જીવડો, કહો કેણી પરેં જાગે હો. બં૦ ॥ ૨૧ ॥ ચિત્તમુનિ તિહાંથી વલ્યા, કઠિણ કર્મને ધોતાજી, જ્ઞાનલહી મુગતેં ગયા, ચક્રી સાતમી પહોંત્યા હો. બં૦ ॥ ૨૨ ॥ મનવચ કાયાએ કરી, જે કોઇ જીનધર્મ કરશેજી, ટાલી કર્મ પરંપરા, તે ભવસાયર તરશે હો. બં૦ ॥ ૨૩ ॥ ઉત્તરાધ્યયન તેરમે, એહ અર્થ વખાણ્યાજી, વિનય વિજયજી પસાયથી, રૂપવિજયજી એ જાણ્યા હો. બં૦ ॥ ૨૪ ॥

પડિક્કમણાની સજ્ઝાય.

કર પડિકમણું ભાવશું જી, સમભાવે મન લાય, અવિધિ દોષ જો સેવશોજી, તો નહિ પાતક જાય, ચેતનજી એમ કેમ તરશોજી. ॥ ૧ ॥ સામાયકમાં સામટીજી. નિદ્રા

નેન ભરાય, વિકથા કરતાં પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય, ચેતનજી૦ ॥ ૨ ॥ કાઉસગ્ગમાં ઉભા રહીજી, કરતાં દુખેરે પાય, નાટક પ્રેક્ષણ જોવતાંજી, ઉભાં રયણી જાય. ચે૦ ॥ ૩ ॥ સંવરમાં મન નવિ રૂચેજી, આશ્રવમાં હુશિયાર, સૂત્ર સુણે નહિ શુભ મનેજી, વાત સુણે ધરી પ્યાર. ચે૦ ॥ ૪ ॥ સાધુજનથી વેગલોજી, નીચશું ધારે નેહ, કપટ કરે ક્રોડો ગમેજી, ધર્મમાં ધ્રુજે દેહ. ચે૦ ॥ ૫ ॥ ધર્મની વેલા નવી દીએજી, કૂટી કોડી રે એક; રાઉલમાં રૂંધ્યો થકોજી, ખુણે ગણી દીએ છેક. ચે૦ ॥ ૬ ॥ જીનપૂજા ગુરૂ વંદનાજી, સામાયિક પચ્ચખ્ખાણ; નવકારવાલી નવિ રૂચેજી, કરે મન આર્ત્તધ્યાન. ચે૦ ॥ ૭ ॥ ક્ષમા દયા મન આણીએજી, કરીયેં વ્રત પચ્ચખ્ખાણ; ધરીયેં મનમાંહિ સદ્દા જી, ધર્મ-શુકલ દોય ધ્યાન, ચેતનજી એમ ભવ તરશોજી. ॥ ૮ ॥ શુદ્ધ મને આરાધશોજી, જો ગુરૂના પદપદ્મ; રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવસુખ સદ્મ, ચેતનજી એમ ભવ તરશોજી. ॥ ૯ ॥

અથનાલંદા પાડાની સજ્ઝાય.

મગધદેશમાંહી બિરાજે, સુંદર નગરી સોહેજી, રાજગ્રહી રાજા શ્રેણિકરી, દેખંતાં મન મોહેજી, એકનાલંદે પાડે પ્રભુજીએ. ચૌદ કીયાં ચૌમાસાંજી, એ આંકણી. ॥ ૧ ॥ ધનને ધર્મ નાલંદે પાડે, દોનું વાત વિશેષોજી, ફરિ ફરિ વીર આવ્યા બહુવારે, ઉપકાર અધિકો દેખ્યોજી. એક૦ ॥ ૨ ॥ શ્રાવક લોક વસે, ધનવંતા જિનમારગના રાગીજી, ઘરઘર માંહે સોનાચાંદી, જિહાં જ્યોતિ ઝગમગ જાગીજી.

એક૦ ॥ ૩ ॥ જડાઉ ઘરેણાં જોર વિરાજે, હાર મોતી નવ સરીયાજી, વસ્ત્ર પહેરણ ભારી મૂલાં, ઘરેણાં રત્ને જડીયાંજી. એક૦ ॥ ૪ ॥ પડિમાવંદન સઘલા જાવે, રસના કરે ઉલ્લાસોજી, કેસર ચંદન ચરચે બહુલાં, મુક્તિતણા અભિલાષોજી. એક૦ ॥ ૫ ॥ ત્રણ પાટ શ્રેણિક રાજાના, હુવા સમકિત ધારી લગતાજી, જિન મારગકું જોર દીપાવ્યો, વીરતણા બહુ ભગતાજી. એક૦ ॥ ૬ ॥ પીયરમાંહિ સમકિત પામી, ચેલ્લણા પટ્ટરાણીજી, મહાસતી જેણે સંયમ લીધો, વીરજીણંદે વખાણીજી. એક૦ ॥ ૭ ॥ જંબુ સરિખા હુઆ તે જેણે, આઠ અંતેઉર પરણીજી, બાલબ્રહ્મચારી ભલા વિચારી, જેણે કીધી નિર્મલ કરણીજી. એક૦ ॥૮॥ શાલિભદ્ર ગૌભદ્રનો બેટો, બનેવી વલી ધન્નોજી, સહિત સુભદ્રા સંયમ લીધો, મુક્તિ જાવણરોમનોજી. એક૦ ॥૯॥ ગૌભદ્રશેઠ મહા ગુણવંતા, જેણે સંયમ મારગ લીનોજી, મહાવીરગુરૂ મોટા મલીયા, તેણે જન્મમરણ દુઃખ છીન્નોજી. એક૦ ॥ ૧૦ ॥ અભયકુમાર મહા બુદ્ધિવંતો, જેણે પ્રધાન પદવી પામીજી, વીર સમીપે સંયમ લીધો, મુક્તિ જાવણરોકામીજી. એક૦ ॥ ૧૧ ॥ શેઠ સુદર્શન છેલ્લો શ્રાવક, વીરવંદનને ચાલ્યોજી, મારગ વિચમેં અર્જુન મલીયો પણ ન રહ્યો તેનો ઝાલ્યોજી. એક૦ ॥ ૧૨ ॥ અર્જુન હોઈ ગયો તે સાથે, વીર જીણંદને ભેટ્યાજી, માલીને દીક્ષાદેવરાવિ, સબ દુઃખ નગરીના મેટયાંજી એક૦ ॥ ૧૩ ॥ ત્રેવિસ તો શ્રેણીકની રાણી, તપ કરી દેહ ગાલિજી, મોટી સતીયો મુક્તિ બિરાજે, કર્મતણાં બીજ બાલીજિ, એક૦ ॥ ૧૪ ॥ ત્રેવીસ તો શ્રેણિકરા બેટા, ઉપન્યા અનુત્તર વિમાનોજી,

દશપોત્તા દેવલોકે પહોતા, એ સવિ હોશે નિર્વાણોજિ. એક૦ ॥ ૧૫ ॥ મહાશતકજિ મોટો શ્રાવક, તેહને તેર નારીજિ, કરણી કરીને કર્મ ખપાવ્યો, હુઆ એકા અવતારિજિ. એક૦ ॥ ૧૬ ॥ મેઘકુમાર શ્રેણિકનો બેટો, જેણે લીધો સંયમ ભારજિ, વૈયાવચ્ચ નિમિત્તે કાયા વોસિરાવી દો નયણાંરો સારોજિ. એક૦ ॥ ૧૭ ॥ શ્રેણીક રાજા સમકિત ધારી, તેણશું ધર્મ ઉદ્યોત્તોજી, એકણ ઘરમેં દો [૧] તીર્થંકર, દાદોને વલી પોતોજિ. એક ॥ ૧૮ ॥ ઉત્તમ જીવ ઉપન્યા છે આઠે, શ્રાવકને વલી સાધોજી. ભગવંતની જેણે ભક્તિ કીધી, ધન્ય માનવભવ લાધોજી. એ૦ ॥ ૧૯ ॥ શાસનનાયક તીરથ સ્થાપી, શાશ્વતાં સુખ લેશેજી; હરખવિજય કહે કેવલ પામી, મુક્તિ મહેલમાં જાશેજી. એ૦ ॥ ૨૦ ॥ સંવત પંદરસેં ચોંઆલેં, રહી નાગોર ચોમાસુંજી; સંઘપસાયેં સવિસુખ લીધાં, કીધો જ્ઞાન પ્રકાસોજી. એ૦ ॥ ૨૧ ॥

જ્ઞાનવિમલ સુરિકૃત સોલ સ્વપ્નની સજ્ઝાય.

દુહા.

શ્રી ગુરૂપદ પ્રણમી કરી, સોલ સુપન સુવિચાર; દુસમ સમયતણાં કહું, શાસ્ત્રતણે અનુસાર.

ઢાળ ૧ લી.

(શારદ શુખદાયી–એ દેશી.)

પાટલીપુર નયરે, ચંદ્રગુપ્તરાજન, ચાણાયક નામે, બુદ્ધિનિધાન પ્રધાન; એક દિન પોસહમાં, સૂતો રયણી

---

૧ શ્રેણીક અને ઉદાયી.

મોઝાર; તવ દેખે નરપતિ, સોલ સ્વપ્ન સુખકાર. ।। ૧ ।।
ત્રુટક૦ સુખકારક વારક દુઃખ કેરાં, નિરખે નૃપ વડ વખતે;
વાજીંત્ર તૂરે ઉગતસૂરે; આવી બેઠો વખતે, ચાણાયક નાયક
મતિ કેરો, આવી પ્રણમે પાય; સોલ સુપન રયણાંતરે
લાધ્યાં, તે બોલે નરરાય. ।। ૨ ।। ધુરસુહણે દેખે, સુરતરૂ
ભાંગી ડાળ; બીજે આથમીયો, સૂરજ બિંબ અકાલ; ત્રીજે
ચંદ્ર ચાલણી, ચોથે નાચ્યાં ભૂત; પાંચમે બારફણાલો,
દીઠો અહિ અદ્‌ભુત. ।। ૩ ।। ત્રુટક અતિ અદ્‌ભુત વિમાન
વલ્યું તેમ, છઠ્ઠે સુહણે દેખે; કમલ ઉકરડે સાતમે આઠમે,
આગીયો અંધારે પેખે, સુકું સરોવર નવમે દક્ષિણ; પાસે
ભરિયો નીર, દશમે સુહણે સોવન થાલે, કુતરો ખાયે ખીર.
।। ૪ ।। ગજ ઉપર ચઢીયા, વાનર દેખે અગીયાર; મર્યાદા
લોપે; સાગર સુપન એ બાર, મોટે રથે જુતા; વાછડા
તેરમે દેખે; ઝાંખાં તિમ રયણાં, ચૌદમે સુપને પેખે.
।। ૫ ।। ત્રુટક૦ તેમ દેખે પંદરમે વૃષભે, ચઢિયા રાજકુમાર,
કાળા ગજ બેહુ માંહોમાંહે; વઢતા સોળ એ સાર, એહવાં
સોલસુપન જે લાધ્યાં; સંભારે નૃપ જામ, એહવે આવી
દીયે વધાઈ, વન પાલક અભિરામ. ।। ૬ ।। સ્વામી તુમ
વનમાં, શ્રુતસાગર ગુણખાણી; ભદ્રબાહુ મુનિશ્વર, ચૌદ
પૂર્વધર જાણી; આવ્યા નિસુણીને, વંદન કાજે જાય; ચાણા-
યક સાથે, નરપતિ પ્રણમે પાય. ।। ૭ ।। ત્રુટક૦ પાય
નમીને નરપતિ પૂછે, સોળ સુપન સુવિચાર; કૃપા કરી
ભગવંત મુજ દાખો, એહ કરો ઉપકાર; તવ ગિરૂઆ
ગણધર શ્રુતસાગર, બોલ્યા નરપતિ આગે; દુઃસમઆરે
એહ સુપનનો, હોશે બહુલો લાગ. ।। ૮ ।।

ઢાળ ૨ જી.

(આગે પુરવવાર નવાણું શ્રી આદિશ્વર આવ્યાજી એ દેશી)

સુરતરૂ કેરી શાખા ભાંગી, તેહનું એહ ફલ સારજી;
આજ પછી કોઇ રાજા ભાવે, નહિ લીયે સંયમ ભારજી;
આથમ્યો સૂરજ બિંબ અકાલે, તે આથમ્યું કેવળનાણુજી;
જાતિસ્મરણ નિર્મલ ઓહિ, નહિ મણુપજ્જવ નાણુજી.
॥ ૯ ॥ ત્રીજે ચાલણી ચંદ્ર થયો જે, જિનમત એણીપરે હોશેજી; થાપ ઉત્થાપ તે કરશે બહુલા, કપટી કુગુરૂ વિગોશેજી; ભૂત નાચ્યાં જે ભૂતલે ચોથે, તે કુગુરૂ કુદેવ મનાશેજી; દૃષ્ટિરાગે વ્યામોહ્યા શ્રાવક, તેહના ભક્તા થાશેજી.
॥ ૧૦ ॥ બારફણો જે, વિષધર દીઠો તેહનું અહફલ જાણોજી; બારવરસ દુર્ભિક્ષ તે પડશે, હોશે ધર્મની હાણોજી; વલ્યું વિમાન જે આવતું પાછું, તે ચારણ મુનિ નવિ હોશેજી; [૧]સાતિચારી [૨]આચારી થોડા, ધર્મી અધર્મે જાશેજી. ॥ ૧૧ ॥ કમળ ઉકરડાનું ફલ એહી, નીચ ઉંચ કરી ગણુસેજી; ક્ષત્રિકુલ શૂરા તેહિપણુ, વિશ્વાસીને હણુશેજી; આગીયા સુહણાનું ફલ જાણો, જીનધર્મે દૃઢ થોડાજી; મિથ્યા કરણી કરતા દીસે, શ્રાવક વાંકા ઘોડાજી. ॥ ૧૨ ॥ સુકું સરોવર દક્ષિણ પાસે, નીર ભરિયું સુવિલાસેજી; આપ ઉગારણ કાજે મુનિવર, દક્ષિણ દિશામાં જાશેજી; જિહાં જિહાં જન્મ કલ્યાણક તિહાં તિહાં, ધર્મ વિચ્છેદે જાશેજી; સંત અસંતની પેરે મનાશે, ધર્મીજન સીદાશેજી. ॥ ૧૩ ॥ સોવનથાલે ખીર ભખે જે, કુતરો દશમે સુહણેજી; ઉત્તમની

---

૧ અતિચારી ઘણા. ૨ નિરતિચારી થોડા.

ઉપરાજી લક્ષ્મી, મધ્યમ બહુ પરેં માણેજી; ગજ ઉપર જે વાનર ચઢિયા, તે હોશે મિથ્યાત્વી રાજાજી; જિન ધર્મે વલી શંસય કરતા, મિથ્યામતમાં તાજાજી. ॥ ૧૪ ॥ મર્યાદા લોપે જે સાગર, તે ઠાકુર મુકશે ન્યાયજી; જૂઠા સાચા સાચા જૂઠા, કરશે લાંચ પસાયજી; જેહ વડેરાં ન્યાય ચલાવે, તેહ કરે અન્યાયજી; કુડકપટ છળ છદ્મ ઘરેણાં, કરતા જૂઠ ઉપાયજી. ॥ ૧૫ ॥ મોટે રથે જે વાછડા જુત્યા, તેરમે સુપને નરેશજી; વૃદ્ધપણે સંયમ નહિ લે કોઈ, લઘુપણે કોઇ લેશેજી; ભુખે પીડ્યા દુઃખે ભીડ્યા પણ વૈરાગ ન ધરશેજી; ગુર્વાદિક મુકીને શિષ્યો, આપમતે થઇ ફરસેજી. ॥ ૧૬ ॥ ઝાંખાં રત્ન તે ચૌદમેં દીઠાં, તે મુનિવર ગુણહીણાજી; આગમગત વ્યવહારને છંડી, દ્રવ્યની વૃત્તિયે લીણાજી; કહેણી રહેણી એક ન દીસે, હોશે ચિત્ત અનાચારજી; શુદ્ધ પરંપર વૃત્તિ ઉવેખે, ન વહે વ્રતનો ભારજી. ॥ ૧૭ ॥ રાજકુમાર જે વૃષભે ચડિયા, તે માંહોમાંહે નવિ મલશેજી; વિરૂઆં વૈર સગાં સંઘાતે, પરશું નેહ તે ધરશેજી; કાળાગજ બેહુ વઢતા દીઠા, તે માગ્યા મેહ ન વરસેજી, વણજ વ્યાપારેં કપટ ઘણેરાં, તોહી પેટ ન ભરશેજી. ॥ ૧૮ ॥ સોળ સુપનનો અર્થ સુણીને, ભદ્રબાહુ ગુરૂ પાસેજી, દુઃસમ સમયતણાં ફલ નિસુણી, રાજા હૈયે વિમાસેજી; સમકિત મૂલ બાર વ્રત લેવે, સારે આતમ કાજજી, ભવિકજીવ બહુલા પ્રતિબોધ્યા, ભદ્રબાહુ ગુરૂરાજજી. ॥ ૧૯ ॥ ગુણ રાગી ઉપશમ રશરંગી, વિરતિ પ્રસંગી પ્રાણીજી, સાચી સદ્દહણા શું પાલે, મહાવ્રત પાંચ સહિનાણીજી; નિંદા ન કરે વદને કેહની, બોલે અમૃત-

વાણીજી, અપરંપાર ભવ જલધિ તરેવા, સમતા નાવ સમાણીજી. ॥ ૨૦ ॥ શ્રી જિનશાસન ભાસન સુંદર, બોધિબીજ સુખકારજી, જીવદયા મનમાંહે ધારો, કરૂણારસ ભંડારજી; એ સજ્ઝાય ભણીને સમઝો, દુઃસમ સમય વિચારજી, ધીરવિમલ કવિરાય પસાયે, કવિ નયવિમલ જયકારજી. ॥ ૨૧ ॥

અથ છઠ્ઠા રાત્રિ ભોજન વિરમણની સઝાય.

સુણોમેરી સજની રજની ન જાવે રે—એ દેશી.

સકલ ધરમનું સાર તે કહીયે રે, મન વંછિત સુખ જેહથી લહિયે રે, રાત્રિભોજનનો પરિહાર રે, એ છઠું વ્રત જગમાં સાર રે, મુનિજન ભાવે એ વ્રત પાલો રે, રાત્રિભોજન ત્રિવિધે ટાલો રે. આંકણી૦ ॥ ૧ ॥ દ્રવ્ય થકી જે ચારે આહાર રે, ન લીએ તે રાત્રે અણગાર રે, રાત્રિ-ભોજન કરતાં નિરધાર રે, ઘણાં જીવનો થાય સંહાર રે. મુ૦ ॥ ૨ ॥ દેવ પૂજા નવિ સૂઝે સ્નાનરે, સ્નાન વિના કિમ ખાઇયે ધાંન રે, પંખી જનાવર કહીએ જેહરે, રાત્રે ચુંણ નહિ કરતા તેહ રે. મુ૦ ॥ ૩ ॥ માર્કંડ રૂષીધર બોલ્યા વાણી રે, રૂધિર સમાન તે સઘલાં પાણી રે, અન્ન તે કલ ધ્યાનમાં જસ મને વર્તે, તે ગુરૂ તારણહાર, માંસ સરખું જાણો રે, દિનાનાથ અસ્ત થાયે રાણો રે, મુ૦ ॥ ૪ ॥ સાબર સૂઅર ઘુઅડને કાગ રે, માંજાર વિંછુને વલી નાગ રે, રાત્રિભોજનથી એ અવતાર રે, શૈવશાસ્ત્રમાં એહ્યો વિચાર રે. મુ૦ ॥ ૫ ॥ જૂકાથી જલોદર થાય રે, કીડી આવે બુદ્ધિ પલાય રે, કોલિયાવડો જો ઉદરે આવે

રે, કુષ્ઠરોગ તે નરને થાવે રે. મું૦ ॥ ૬ ॥ શ્રીસિદ્ધાંત જીનઆગમ માંહિ રે, રાત્રિભોજન દોષ બહુ ત્યાંહી રે, કાંતિવિજય કહે એ વ્રત સારો રે, જે પાલે તસ ધન અવતારો રે. મુ૦ ॥ ૭ ॥

અથ શ્રી વીરપ્રભુની સઝાય.

સમવસરણ સિંહાસનેજી રે. વીરજી કરે રે વખાણ, દશમા ઉત્તરાધ્યયનમાંજી રે, દીએ ઉપદેશ સુજાણ, સમયમેં રે ગોયમ મ કરે પ્રમાદ. ॥ ૧ ॥ જીમ તરૂપંડુર પાંદડું જી રે, પડતાં ન લાગે રે વાર, તિમ એ માણસ જીવડોજી રે, ન રહે થિર સંસાર. સમય૦ ॥ ૨ ॥ ડાભ અણીજલ ઓસનોજી રે, ક્ષણુએક રહે જલબિંદ, તિમ એ ચંચળ જીવડોજી રે, ન રહે ઇંદ્ર નરિંદ્ર, સ૦ ॥ ૩ ॥ સુક્ષમ નિગોદ ભમી કરીજી રે, રાશિ ચઢીયો વહેવાર, લાખ ચોરાસી જીવાયોનિમાંજી રે, લાધ્યો નરભવ સાર સ૦ ॥ ૪ ॥ શરીર જરાએ જાજરોજી રે, શિરપર પલીયા રે કેશ, ઇંદ્રિ બલહીણા પડયાજી રે, પગે પગે પેખે કલેસ. સ૦ ॥ ૫ ॥ ભવસાયર તરવા ભણીજી રે, સંયમ પ્રવહણપૂર, તપજપ કિરિયા આકરીજી રે, મોક્ષ નગર છે દૂર. સ૦ ॥ ૬ ॥ એમ નિસુણી પ્રભુ દેશનાજી રે, ગણધર થયા સાવધાન, પાપ પડલ પાછાં પડયાંજી રે, પામ્યા કેવલજ્ઞાન. સ૦ ॥ ૭ ॥ ગૌતમના ગુણ ગાવતાંજી રે, ઘરસંપતિની રે કોડ, વાચક શ્રીકરણ ઇમ ભણેજી રે, વંદું બે કરજોડ, સમયમેંરે ગોયમ મ કરે પ્રમાદ. સ૦ ॥ ૮ ॥

અથ લબ્ધિવિજયકૃત જીભલડીની સઝાય.

બાપલડી રે જીભલડી તું, કાં નવિ બોલે મીઠું, વિરૂવાં વચનતણા ફળ વિરૂવાં, તે શ્યું તેં નવિ દીઠું રે. બા૦ ॥ ૧ ॥ અન્નઉદક અણગમતો તુઝને, જો નવિ રૂચે અનીઠો, અણબોલાવ્યો તુ શ્યા માટે, બોલે કુવચન દીઠો રે. બા૦ ॥૨॥ અગ્નિ દાધો તે પણ પાલે, કુવચન દુર્ગતિ ઘાલે, અગ્નિથકી અધિકું તે કુવચન, તે તો ખિણ ખિણ સાલે રે. બા૦ ॥ ૩ ॥ તે નર માન મહોત નવિ પામે, જે નર હોય મુખરોગી, તેહને તો કોઇ નવિ બોલાવે, તેતો પ્રત્યક્ષ સોગી રે. બા૦ ॥ ૪ ॥ ક્રોધ ભર્યોને કડવું બોલે, અભિમાને અણગમતે, આપતણો અવગુણ નવિ દેખે, તે કિમ જાશે મુગતેં રે. બા૦ ॥ ૫ ॥ જન્મ જન્મની પ્રીતિ વિણાસે, એકણ કડુયે બોલે, મીઠા વચન થકી વિણ ગર્થે, લેવો સબજગ મોલે રે. બા૦ ॥ ૬ ॥ આગમને અનુસારે હિતમતિ, જે નર રૂડું ભાખે. પ્રગટ થઇ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહિ રાખે રે. બા૦ ॥ ૭ ॥ સુવચન કુવચનનાં ફળ જાણી, ગુણ અવગુણ મન આણી; વાણી બોલો અમીય સમાણી, લબ્ધિ કહે સુણ પ્રાણી રે. બા૦ ॥ ૮ ॥

પદ્મવિજયજી કૃત આંબિલ તપની સઝાય.

(દેશી રસીયાની.)

શ્રી મુનિચંદ્ર મુનિશ્વર વંદિયે, ગુણવંતા ગણધાર, સુજ્ઞાની, દેશના સરસ સુધારસ વરસતા, જ્યું પુષ્કર જલ-

ધાર. સુ૦ શ્રી૦ ॥ ૧ ॥ અતિશય જ્ઞાની પર ઉપકારીયા, સંયમ શુદ્ધ આચાર, સુ૦ શ્રી શ્રીપાલ ભણી જાપ આપીયેા, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર. સુ૦ શ્રી૦ ॥ ૨ ॥ આયંબિલ તપવિધિ શીખી આરાધીયેા, પડિક્કમણાં દેાયવાર, સુ૦ અરિહંતાદિક પદ એક એકનું, ગુણણું દેાય હજાર, સુ૦ શ્રી૦ ॥ ૩ ॥ પડિલેહણા દેાય ટંકની આદરે, જિન પૂજા ત્રણ કાલ, સુ૦ બ્રહ્મચારિ વલી ભૂંઇ સંથારવું, વચન ન આલ પંપાલ, સુ૦ શ્રી૦ ॥ ૪ ॥ મન એકાગ્ર કરી આયંબિલ કરે, આસેા ચૈતર માસ, સુ૦ શુદિ સાતમથી નવ દિન કીજીયે, પુનિમેં ઓચ્છવ ખાસ; સુ૦ શ્રી૦ ॥ ૫ ॥ ઇમ નવ ઓલી એકાશી આયંબિલેં, પુરી પૂરણ હર્ષ, સુ૦ ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડાચ્યારે રે વર્ષ, સુ૦ શ્રી૦ ॥ ૬ ॥ એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીરતિ થાય, સુ૦ રેાગ ઉપદ્રવ નાસે એહથી. આપદ દૂરેં પલાય; સુ૦ શ્રી૦ ॥ ૭ ॥ સંપદા વાધે અતિય સેાહામણી, આણા હેાય અખંડ, સુ૦ મંત્રયંત્ર તંત્રે કરી સેાહતેા, મહિમા જાસ પ્રચંડ. સુ૦ શ્રી ॥ ૮ ॥ ચક્રેસરી જેહની સેવા કરે, વિમલેસર વલી દેવ; સુ૦ મન અભિલાષ પુરે સવિ તેહના, જે કરે નવપદ સેવ. સુ૦ શ્રી૦ ॥ ૯ ॥ શ્રીપાલે તેણીપરેં આરાધિઉં, દૂર ગયેા તસરેાગ, સુ૦ રાજઋધે દિન દિન પ્રતિ વાધતેા, મનવંછિત લહ્યા ભેાગ; સુ૦ શ્રી૦ ॥૧૦॥ અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય, સુ૦ એણિપરેં જે નિત નિત આરાધશે, તસ જશવાદ ગવાય. સુ૦ શ્રી૦ ॥ ૧૧ ॥ સંસારિક સુખ વિલસી અનુક્રમેં, કરીય કર્મનેા રે અંત, સુ૦ ઘાતી અઘાતી ક્ષય કરી ભેાગવે, શાશ્વત સુખ

અનંત, સુ૦ શ્રી૦ ।। ૧૨ ।। એમ ઉત્તમ ગુરૂ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ, સુ૦ ।। ૫ ।। પદ્મવિજય કહે એ સુરતરૂ સમો, આપે સુખ સદૈવ, સુ૦ શ્રી૦ ।। ૧૩ ।।

ઉદયરત્નગણી કૃત.

માન ત્યાગની સજ્ઝાય.

ચતુર સનેહિ ચેતન ચેતીયેરે, મુકતું માયા જાલ; સુંદર એ તનુશોભા કારમી રે, સરવાલે વિસરાલ૦ ।। ૧ ।। અકલ અરૂપી અવિગત આતમા રે, શાંતિ સુધારસ ચાખ; એ આંકણી૦ વિષયતણે સુરંગે ફૂલડે રે, અટતો મનઅલિ રાખ. અકલ૦ ।। ૨ ।। સ્વાર્થને વશ સહુ આવી મિલે રે, સ્વાર્થ સુધી પ્રીત; વિણ સ્વાર્થ જગ વ્હાલું કો નહિ રે, એ સંસારની રીત. અકલ૦ ।। ૩ ।। આદર સમતા મમતા મેલીને રે, ધર જીનધર્મ શું રંગ; ચંચલ વીજતણી પરે જાણીયે રે, કૃત્રિમ સવિ હુ સંગ. અકલ૦ ।। ૪ ।। વ્હાલું વૈરી કો નહિ તાહરે રે, જુઠો રાગને રોષ; પંચદિવસનો તું છે પ્રાહુણો રે, તો શ્યો એવડો શોષ. અકલ૦ ।। ૫ ।। રાવણ સરિખો જે જે રાજવી રે, લંકા સરિખો કોટ; તે પણ ઇહે કરમે રોળ્યો રે, શ્રીરામચંદ્રની ચોટ. અકલ૦ ।। ૬ ।। જેહ નર મુત્છે વળ ઘાલતા રે, કરતા મોડામોડ; તેહ ઉઠી સ્મશાને સંચર્યા રે, કાજ અધૂરા છોડ. અકલ૦ ।। ૭ ।। મુંજ સરિખે માંગી ભીખડી રે, રામ રહ્યા વનવાસ; એણે સંસારે એ સુખ સંપદા રે, સંધ્યારાગ વિલાસ. અકલ૦ ।। ૮ ।। રાજલીલા સંસારની સાહેબી રે, એ યૌવન રંગરોલ; ધન સંપદ પણ દીસે કારમી રે, જેહવા

જલધિ કલ્લોલ. અકલ૦ ।। ૯ ।। કિહાંથી આવ્યેા કિહાં જાવું અછે રે, કિહાં તારી ઉતપત્તિ; ભ્રમ ભૂલ્યેા તું અથિર પદાર્થ રે, ચતુર વિચારી જો ચિત્ત. અકલ૦ ।। ૧૦ ।। મેાહતણે વશેં દુખ દીઠાં ઘણાં રે, સંગ ન કર હવે તાસ; ઉદયરત્ન કહે ચતુર તું આત્મા રે, ભજ ભગવંત ઉલ્લાસ. અકલ૦ ।।૧૧।।

અથ કાયામાયાની સજ્ઝાય.

કાયામાયા દેાનુ કારમી, પરદેશી રે, કબહુ અપની ન હેાય; મિત્રપરદેશી રે, ઇનકેા ગર્વ ન કીજીયે; પરદેશી રે૦ છીનમે દેખાતે છેહ. મિત્ર૦ ।। ૧ ।। જેસેા રંગ પતંગનેા, પર૦ છીનમેં ફીકેા હેાય; મિત્ર૦ મણી માણેક મેાતી હીરલા, પરદેશી રે૦ ત્રાણ શરણ નહી કેાય. મિત્ર૦ ।। ૨ ।। જીસઘર હયગય ઘુમતા, પરદેશી રે૦ હેાતા છત્રીસેરાગ; મિત્ર૦ સેા મંદિર સૂના પડ્યા, પરદેશી રે૦ બેસણ લાગ્યા કાગ. મિત્ર૦ ।। ૩ ।। મણી માણેક મેાતી પહેરતી, પરદેશી રે૦ રાજા હરિચંદ્ર ઘરનાર; મિત્ર૦ એક દિન એસા હેાઈગયા, પરદેશી રે, પરઘરકી પાનીહાર. મિત્ર૦ ।। ૪ ।। હાથે પર્વતતેાલતે, પરદેશી રે૦ કરતે નરપતિ સેવ; મિત્ર૦ સેાએી નર સબ ચલ ગયે, પરદેશી રે૦ તેરી કયા ગીનતી બે અબ. મિત્ર૦ ।। ૫ ।। છેાડ કે મંદિર માલીયાં, પરદેશી રે૦ કરલે જીનશું રાગ; મિત્ર૦ વેા દીન કયું કર શેાચના, પરદેશી રે૦ લગસી ઇન તન આગ. મિ૦ ।। ૬ ।। જુઠા સબ સંસાર હે, પરદેશી રે૦ સુપનાકા સેા ખેલ; મિ૦ નગ કહે તાસ સમજકે, પરદેશી રે૦ કરલે જીનસ્યું મેલ. મિત્ર૦ ।। ૭ ।।

અગીયાર પડિમાની સજ્ઝાય.

સાતમે અંગે ભાખીયેાજી રે, જગગુરૂ વીરજિણુંદ, શ્રાવક તપ પડિમા તણેા જી રે; વહેતાં કર્મ નિકંદ, સંવેગી શ્રાવક વહે પડિમા અગીયાર, આંણુદ કામદેવની પરે જી રે, પામે ભવનેા પાર, સંવેગી૦ એ આંકણી, ॥ ૧ ॥ સમકિત પાલે નિર્મલેા જી રે, શંકાનાણે રે ચિત્ત; એ પડિમાએક માસનીજી રે, કરે એકાંત રે નિત્ય. સં૦ ॥ ૨ ॥ દેાય ઉપવાસે પારણું જી રે, બારે વ્રત ઉચ્ચાર; એ પડિમા દેાય માસની જી રે, ન લગાડે અતિચાર. સં૦ ॥ ૩ ॥ ત્રણ ટંક સામાયિક કરેજી રે, તપસંખ્યા ત્રણ માસ; ત્રણ ઉપવાસે પારણું જી રે, ત્રણ અંગ ઉલ્લાસ. સં૦ ॥ ૪ ॥ આઠ પહેાર પેાસહ કરેજી રે, આઠમ ચઉદસ જાણુ; ચાર ઉપવાસે પારણું જી રે, ચાર માસ પરિમાણુ. સં૦ ॥ ૫ ॥ બ્રહ્મવ્રત પાલે દિવસનેાજી રે, રાતે કરે પરિમાણુ; પાંચ ઉપવાસે પારણું જી રે, પંચમી પંચ માસ જાણુ. સં૦ ॥ ૬ ॥ બ્રહ્મવ્રત પાલે સર્વથાજી રે, ન કરે સચિત્ત શણુગાર; છ ઉપવાસે પારણું જી રે, મેાહ તણેા પરિહાર. સં૦ ॥ ૭ ॥ સાતમીએ સચિત્ત સહુ તજેજી રે, અશનાદિક આહાર; સાત ઉપવાસે પારણું જી રે, સાતમાસ નિરધાર. સં૦ ॥ ૮ ॥ આઠમી કહી આઠ માસનીજી રે, ન કરે આપ આરંભ; આઠ ઉપવાસે પારણું જી રે, રાખે ચિત્તમાં બંભ. સં૦ ॥ ૯ ॥ નવમીએ ન કરે ન કરાવીએજી રે, આરંભની કાંઇ વાત; નવ ઉપવાસે પારણું જી રે, નવ માસ વિખ્યાત. સં૦ ॥ ૧૦ ॥ દશમી કહી દશ માસનીજી રે, ઉદ્દિષ્ટસવિ

પરિહાર; ક્ષુરમુંડિત રાખે શિખાજી રે, દશ ઉપવાસે આહાર. સં૦ ॥ ૧૧ ॥ અનુમતિલીયે પરિવારનીજી રે, વિચરતો મુનિવર જેમ; અગીયાર ઉપવાસે પારણુંજી રે, માસ અગીયારે નિયમ. સં૦ ॥ ૧૨ ॥ આઠમ ચઉદસ પુનમેજી રે, પાખી કાઉસગ્ગ રાત; [1]લાંગ ન વારે ધોતીયેજી રે, નીર ન ધોવે ગાત્ર. સં૦ ॥ ૧૩ ॥ પડિમા તપ એણીપરે વહેજી રે, પંચ વરસ ષટમાસ; શ્રી જીનહર્ષ સોહિલો લહેજી રે, વેગે શિવપુર વાસ. સં૦ ॥ ૧૪ ॥

અથ માયાની સજ્ઝાય.

માયા કારમી રે, માયા મ કરો ચતુર સુજાણ, એ ટેક૦ માયા વાયો જગત વિલુધો, દુખિયો થાય અજાણ, જે નર માયાયે મોહી રહ્યો, તેને સોણે નહિ સુખ ઠામ, માયા૦ ॥ ૧ ॥ નાનામોટા નરને માયા, નારીને અધિકેરી, વળી વિશેષે અધિકી માયા, ઘરડાને ઝાઝેરી, માયા૦ ॥૨॥ માયા કામણ માયા મોહન, માયા જગ ધુતારી, માયાથી મન સહુનું ચલીયું, લોભીને બહુ પ્યારી, માયા૦ ॥૩॥ માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય, જહાજ બેસીને દ્વીપ દ્વીપાંતર, જઇ સાયર ઝપલાય, માયા૦ ॥૪॥ માયા મેલી કરી બહુ લેલી, લોભે લક્ષણ જાય, ભયથી ધન ધરતીમાં ઘાલે, ઉપર વિષહર થાય, માયા૦ ॥૫॥ યોગીજતિ તપસી સંન્યાસી, નગ્ન થઇ પરિવરિયા, ઉંધે મસ્તક અગ્નિ તાપે, માયાથી ન ઉગરીયા, માયા૦ ॥૬॥ શિવભૂતિ સરિખો સત્યવાદી, સત્યઘોષ કહેવાય, રત્ન દેખી તેનું મન

---

૧ (કાંછડી.)

ચલીયું, મરીને દુર્ગતિ જાય, માયા૦ ॥૭॥ લબ્ધિદત્ત માયાયે નડીયેા, પડિયેા સમુદ્ર મેાઝાર, મુખ માખણીયેા થઇને મરિયેા, પેાતેા નરક મઝાર, માયા૦ ॥૮॥ મન વચન કાયાએે માયા, મૂકી વનમાં જાય, ધન ધન તે મુનીશ્વર રાયા, દેવ ગાંધર્વ જસ ગાય, માયા૦ ॥૯॥ ઇંદ્રે તેા સિંહાસન થાપી શંભુયેં માયા રાખી, નેમીશ્વર તેા માયા મુકી, મુક્તિમાં થયા સાખી, માયા૦ ॥૧૦॥ એહવું જાણીને ભવિ પ્રાણી, માયા મુકેા અલગી, સમયસુંદર કહે સાર છે જગમાં, ધર્મરંગશું વળગી. માયા૦ ॥ ૧૧ ॥

અથ ગૌતમસ્વામીની સજ્ઝાય.

શ્રી ગૌતમ સ્વામી પુછા કરે, વિનય કરી શીશ નમાય હેા પ્રભુજી, અવિચલ સ્થાનકે મેં સુણ્યું, કૃપા કરી મુજ બતાય હેા પ્રભુજી, શિવપુર નગર સેાહામણું. ॥૧॥ એ આંકણી૦ અષ્ટકર્મ અલગાં કરી, સાર્યાં આતમ કામહેા પ્રભુજી, છુટયા સંસારના દુઃખ થકી, તેને રહેવાનું કિહાં ઠામહેા, પ્ર૦ શિ૦ ॥૨॥ વીર કહે ઉર્ધ્વલેાકમાં સિદ્ધશિલાતણું ઠામ હેા ગૌતમ, સ્વર્ગ છવીસની ઉપરે, તેહનાં બારે નામહેા ગૌ૦ શિ૦ ॥૩॥ લાખ પીશતાલીશ જોજના, લાંબી પહેાળી જાણુહેા, ગૌ૦ આઠયેાજન જાડી વિચે, છેડે માખી પાંખ જયું જાણુ હેા ગૌ૦ શિ૦ ॥૪॥ ઉજ્વલહાર મેાતીતણા, ગેાદુગ્ધ શંખ વખાણુ હેા ગૌ૦ તે થકી ઉજળી અતિ ઘણિ, ઉલટ છત્ર સંઠાણ હેા, ગૌ૦ શિ૦ ॥૫॥ અર્જુન સ્વર્ણ સમ દીપતી, ગઢારીમઠારિ જાણુ હેા, ગૌ૦ સ્ફટિકરતન થકી નિર્મલી, સુંવાળી અત્યંત વખાણુ

હો, ગૌ૦ શિ૦ ॥૬॥ સિદ્ધશિલા ઉલંધી ગયા, અધર રહ્યા સિદ્ધરાજ હો, ગૌ૦ અલોકશું જાઇ અડયા, સાર્યાં આતમ કાજ હો, ગૌ૦ શિવ૦ ॥ ૭ ॥ જન્મ નહિ મરણ નહિ, નહિ જરા નહિ રોગ હો, ગૌ૦ વૈરિ નહિ મિત્ર નહિ, નહિ સંજોગ વિજોગ હો, ગૌ૦ શિ૦ ॥ ૮ ॥ ભુખ નહિ તૃષા નહિ, નહિ હર્ષ નહિ શોક હો, ગૌ૦ કર્મ નહિ કાયા નહિ, નહિ વિષયારસયોગહો, ગૌ૦ શિ૦ ॥ ૯ ॥ શબ્દરૂપરસગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો, ગૌ૦ બોલે નહિ ચાલે નહિ, મૌનપણું નહિ ખેદ હો, ગૌ૦ શિ૦ ॥ ૧૦ ॥ ગામનગર તિહાં કોઈ નહિ, નહિ વસ્તિ ન ઉજાડ હો, ગૌ૦ કાલ સુકાલ વર્તે નહિ, રાતદિવસ તિથિવાર હો, ગૌ, શિ૦ ॥ ૧૧ ॥ રાજા નહિ પ્રજા નહિ, નહિ ઠાકુર નહિ દાસ હો, ગૌ૦ મુક્તિમાં ગુરૂ ચેલો નહિ, નહિ લઘુ વડાઇતાસ હો, ગૌ૦ શિ૦ ॥ ૧૨ ॥ અનંતા સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોત પ્રકાશ હો ગૌ૦ સહુ કોઈને સુખ સારિખાં, સઘલાને અવિચળ વાસ હો ગૌ૦ શિ૦ ॥ ૧૩ ॥ અનંતા સિદ્ધ મુગતે ગયા, વલી અનંતા જાય હો. ગૌ૦ અવર જગ્યા રૂંધે નહિ, જ્યોતમાં જ્યોત સમાય હો ગૌ૦ શિ૦ ॥ ૧૪ ॥ કેવળજ્ઞાન સહિત છે કેવળદર્શન ખાસ હો ગૌ૦ ક્ષાયક સમકિત દીપતું, કદીય ન હોવે ઉદાસ હો ગૌ૦ શિ૦ ॥ ૧૫ ॥ સિદ્ધ સ્વરૂપ જે ઓલખે, આણી મન વૈરાગ હો ગૌ૦ શિવસુંદરી વેગે વરે, નય કહે સુખ અથાગ હો ગૌ૦ શિવ૦ ॥ ૧૬ ॥

અથ વિજય શેઠની સજ્ઝાય.

શુકલપક્ષ વિજયા વ્રત લીનો, શેઠ કૃષ્ણપખરોજ્ઞની, ધનધન શ્રાવક પુણ્ય પ્રભાવક, વિજય શેઠને શેઠાણી. ॥૧॥ સજી શિણગાર ચઢી પિય મંદિર, હૈયે હર્ષ ઓર હુલસાણી, ત્રણ દિવસ મુજ વ્રત તણા તે, શેઠ બોલે મધુરી વાણી. ધ૦ ॥ ૨ ॥ વચન સુણીને તો નીર ઢલિયાં, વદન કમલથેં બીલકાણી, પ્રેમ ધરી પદમણીને પૂછે, થેંકેમ થાયે વિલખાણી. ધ૦ ॥ ૩ ॥ શુકલપક્ષ વ્રત ગુરૂમુખ લીનો, થેંપરણોજી દુજી નારી, દુજીનાર મારે બેન બરાબર, ધન ધીરજ થારી હે રાણી. ધ૦ ॥ ૪ ॥ હૈયે હાર શણગાર સજીસબ, શ્યામ ઘટા હિયહુલસાની, વર્ષાકાલ અતિ ઘણો ગરજે, ચિહુંધારા હો વરસે પાણી. ધ૦ ॥ ૫ ॥ એક સજ્યાને દોનું પ્રબલ, તોપણ મન રાખા હુલસાની, ષટરસમાસ દુવાદસવત્સર, સરસ સમજ હિય હુલસાની. ધ૦ ॥ ૬ ॥ મનવચ કાયા અખંડિત નિર્મલ, શિલપાલી સચો જાણી; વિમલ કેવલી કરી પ્રશંસા એ દોનું ઉત્તમ પ્રાણી. ધ૦ ॥૭॥ પ્રગટ હુવા સંયમ વ્રત લીનો, મોહ કર્મ કીયા ધૂલધાણી, રતનચંદ કરજોડી વિનવે, કેવલ લહિ ગયા નિર્વાણી. ધ૦ ॥૮॥

અથ ચૌદ પૂર્વની સજ્ઝાય.

ગણધર દશ પૂર્વધર સુંદર, ચૌદ પૂર્વધર ભક્તિ કરીજે, જેમ શ્રુતજ્ઞાન લહીજે રે, ચૌદપૂર્વ તપ વિધિ આરાધિ, માનવભવ ફળ લીજે રે. ચૌ૦ ॥ ૧ ॥ પ્રથમ પૂર્વ ઉતપાદજ નામે, વસ્તુ ચૌદ તસ જાણો રે, એક કોડી પદ એક ગજ

મસીમાને, લીખનતણું પરિમાણોરે, ચૌ૦ ।। ૨ ।। અગ્રાયણી પૂર્વ છે બીજું, વસ્તુ છવીશ છે જેહની રે, છનું લાખ પદ બે ગજમાને, લીખન શક્તિ કહી તેહની રે. ચૌ૦ ।। ૩ ।। વીર્ય પ્રવાદ નામે છે ત્રીજું, વસ્તુ સોળ અધિકારો રે, સત્યોતેર લાખ પદ ગજ ચૌમાને, લીખપના ઉપચાર રે. ચૌ૦ ।। ૪ ।। અસ્તિપ્રવાદ જે ચોથું પૂર્વ, વસ્તુ અઠાવીશ કહીયે રે, સાતલાખ પદ અડગજ માને, મસીપુંજે લિપિ લઇયે રે. ચૌ૦ ।। ૫ ।। જ્ઞાનપ્રવાદ પંચમ પૂર્વ, વસ્તુ બાર સુવિચારી રે, એકેકાણે એક કોડી પદ છે તેહનાં, સોળ ગજ લિપિ થાય રે. ચૌ૦ ।। ૬ ।। સત્યપ્રવાદ છઠું પૂર્વ સણસઠ, અધિકા પદે એક કોડી રે, બે વસ્તુ ગજ બત્રીસ માને, લીખવાને મસી જુદી રે. ચૌ૦ ।। ૭ ।। આત્મપ્રવાદ સતમ સોળ વસ્તુક, કોડી છવીસ પદવારૂ રે, ચોસઠી ગજમસી માને લખીયે, એ ઉપમાન સંભારો રે. ચૌ૦ ।।૮।। આઠમું કર્મપ્રવાદ પૂર્વ, ત્રીસ વસ્તુ અધિકારો રે, એંસી સહસ એક કોડી પદ ગજ વળી, એકસો અઠાવીશ ધારો રે. ચૌ૦ ।।૯।। પ્રત્યાખ્યાનપ્રવાદ છે નવમુ, વીશવસ્તુ, પદ જેહનાં રે, લાખચોરાસી ગજ બસેંછપન, લિખિત માન કહ્યું છે તેહનું રે. ચૌ૦ ।। ૧૦ ।। વિદ્યાપ્રવાદ પૂર્વ છે દશમું પંદર વસ્તુ તસ જાણિયે રે, એક કોડી દસલાખ પદ છે તેહનાં, પાંચસેબાર સવિ ગણીયે રે. ચૌ૦ ।। ૧૧ ।। એકાદસમું કલ્યાણ નામે, કોડી છવીસપદ સુધારે, બારવસ્તુ એક સહસ ચોવીસ ગજ, લિપી અનુમાન પ્રસિધા રે. ચૌ૦ ।। ૧૨ ।। પ્રાણીવાય બારમું પૂર્વ, તેર વસ્તુ સુખકારી રે, છપનલાખ

એક કોડીપદ ગજ વળી, બે સહસ અડતાલી સાર રે. ચૌ૦ ॥ ૧૩ ॥ ક્રિયાવિશાલ તેરમું પૂર્વ, નવકોડી પદ વસ્તુ ત્રીસ રે, ચાર સહસ છનું ગજ માને, લિખવા અધિક જગદીશ રે. ચૌ૦ ॥ ૧૪ ॥ લોકબિંદુસાર ચૌદમું પૂર્વ, પદકોડી સાડીબાર રે, વસ્તુ પચવીસ ગજ એકશત બાણું, અધિકા આઠ હજાર રે. ચૌ૦ ॥ ૧૫ ॥ ધુરીયાં રે પૂર્વ છે ચુલ, અવરને તેહ ન જાણો રે, દૃષ્ટિવાદનો ભેદ એ ચોથો, શાસનભાવ વખાણ્યો રે. ચૌ૦ ॥ ૧૬ ॥ એણિપરે ચૌદપૂર્વની સેવા, કરતાં આતમદીપે રે, શ્રીનયવિમલ કહે નીજ એ, તો સવિ અરિયણજીપે રે, ચૌદપૂર્વધર ભક્તિ કરીજે. ॥ ૧૭ ॥

પ્રમોદ વિજયજી કૃત.

મધુબિંદુ દૃષ્ટાંત સ્વાધ્યાય.

સરસ્વતી મુઝ રે, માતા દ્યો વરદાનરે, પૂછે ગૌતમ રે, ભાંખે શ્રી વર્ધમાન રે, છંડો ગિરૂઆ રે, વિરૂઆ વિષયનું ધ્યાન રે, વિષયારસરે, છે મધુબિંદુ સમાન રે. ॥૧॥ ત્રુટક૦ મધુબિંદુ સરિખો વિષય નિરખો, જોઇ પરખો ચિત્તશું, નર જન્મ હાર્યો મોહ ગાર્યો, પિંડ ભાર્યો પાપશું, કાંતાર પડિયો નાગ નડીયો, કોઇ દેવાણુપ્પિયો, વડવૃક્ષ જડિયો વેગે ચડીયો, રંક રડિયો છપ્પિયો. ॥ ૨ ॥ વડ હેઠલ રે, કૂપ અછે અસરાલ રે, દોય અજગર રે, મગર જિસ્યા વિકરાલ રે, ચિહું પાસે રે, ચાર ભુજંગમકાલ રે, વળી ઉપર રે, મોટો છે મહુયાલ રે. ॥ ૩ ॥ ત્રુટક૦ મહુયાલમાખી, રગત ચાખી, ચંચુ રાખીને રહી, ધંધોલતો

ગજરાજ ધાયો, પડત વડવાઇ ગ્રહી, વડવાઈ કાપે ઊંદર આપે, તાપ સંતાપે ગ્રહ્યો, મધુથકી ગલિયો બિંદુ ઢળીયો, તેણે સુખલીણો રહ્યો. ॥ ૪ ॥ એહ સંકટ રે, છોડણ દેવ દયાલ રે; દુખ હરવા રે, વિદ્યાધર તત્કાલ રે, ઉધરવા રે, ધરિયું તાસ વિમાન રે, એ આવે રે, મધુબિંદુ કરે શાન રે. ॥ ૫ ॥ ત્રુટક૦ મધુબિંદુ ચાખે વચન ભાખે, કરે લાલચ લખ વળી, વારવાર રાખે સાન પાખે, રહો ક્ષણ એક પર વલી, તસ ખેચરમેલીયો વેગ વલીયો, રંકરૂલીયો તે નરૂ, મધુબિંદુ ચાટે વિષય સાટે, કહ્યો ઉપનય જગગુરૂ. ॥ ૬ ॥ ચોરાંસી લખરે, ગતિવાસી કાંતાર રે, મિથ્યામતિ રે, ભુલો ભમે સંસાર રે, જરા મરણારે, અવતરણા એ કુપરે, આઠ ખાણી રે, પાણી પગઇ સરૂપ રે. ॥ ૭ ॥ ત્રુટક૦ આઠ કર્મખાણી દોય જાણી, તિરિય નિરયા અજગરા, ચારે કષાયા મોહ માયા, લંબકાયા વિષહરા, દોયપક્ષ ઊંદર મરણ ગયવર, આયુ વડવાઈ વટા, [1]ચટકાવિયોગા રોગશોગા, ભોગયોગા સામટા. ॥ ૮ ॥ વિદ્યાધર રે, સહગુરૂ કરે સંભાલ રે, તેણે ધરિયું રે, ધર્મ વિમાન વિશાલ રે, વિષયારસરે, મીઠો જેમ મહુયાલ રે, પડખાવે રે, બાલ યૌવન વયકાલ રે, ॥ ૯ ॥ ત્રુટક૦ રહ્યો બાલ યૌવનકાલ તરૂણી, ચિત્ત હરણી નિરખતો, ઘરભાર યુત્તો પંકખુત્તો, મદવિગુત્તો પોષતો, આનંદ આણી જૈનવાણી, ચિત્તજાણી જાગીએ, ચરણ પ્રમોદ સુશીષ્ય જંપે, અચલ સુખ એમ માગીએ. ॥ ૧૦ ॥ ઇતિ સંપુર્ણ.

---

૧ મધમાખીના ચટકા રૂપી કુટુંબનો વિયોગ આદિ.

અથ સ્થુલિભદ્રની સજ્ઝાય.

એહ દિન કોસા ચિત્ત અંગે, બેઠી છે મનને ઉમંગે, ચાર પાંચ સાહેલી સંગે રે, સ્થુલભદ્ર મુનિ ઘરે આવે, આવે આવે લાછલદેનો નંદ રે. સ્થુલ૦ ॥ ૧॥ મારે આજ મોતીડે મેહ વુઠયા, દેવ દેવી સર્વે મુજ તુઠયા, મેં તો જીવન નયણે દીઠા રે, સ્થુલ૦ ॥ ૨॥ આવી ઉતર્યા ચિત્રશાલી, રૂડી રતને જડી રઢિયાળી, માહે મગયામોતીની જાલી રે, સ્થુલ૦ ॥ ૩ ॥ પકવાન જમ્યા બહુ ભાત, ઉપર ચોસઠ શાકની જાત, તો એ ન ધરી વિષયની વાત રે. સ્થુલ ॥ ૪ ॥ કોશા સજતી સોલ શણગાર, કાજલ કુંકુમને ગલે હાર, અણવટ અંગુઠી વિંછીયા સાર રે. સ્થુલ૦ ॥ ૫ ॥ દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરીભુંગલ વેણા ગાજે, એમ રૂપે અપ્પસરા બિરાજે રે, સ્થુલ૦ ॥ ૬ ॥ કોશાએ વાત વિષયની વખાણી, સ્થુલભદ્રે હૃદય નવિ આણી, હું તો પરણ્યો સંયમ પટરાણી રે. સ્થુલ૦ ॥ ૭ ॥ એહવા બહુ વિધ નાટક કરીયા, સ્થુલભદ્રે હૃદય નવિ ધરીયા, સાધુ સમતા રસના દરિયા રે, સ્થુલ૦ ॥ ૮ ॥ સુખ એણે જીવે અનુભવ્યો, કાલ અનંતો એમ ગમ્યો, તો એ તૃપ્તિ જીવ ન પામ્યો રે, સ્થુલ૦ ॥ ૯ ॥ વેશ્યાને કીધી સમકિત ધારી, વિષયરસ સુખને નિવારી, એહવા સાધુને જાઉં બલિહારી રે, સ્થુલ૦ ॥ ૧૦ ॥ એહવે પુરૂં થયું ચોમાસું, સ્થુલભદ્ર આવ્યા ગુરૂ પાસે, દુઃકર દુઃકર વ્રત ઉલ્લાસે રે, સ્થુલ૦ ॥ ૧૧ ॥ નામ રાખ્યું છે જગમાંહે, ચોરાશી ચોવીશી ત્યાંહે, સાધુ પોતો છે દેવલોક માંહે રે. સ્થુલ ॥ ૧૨ ॥

પંડિતહસ્તિવિજય-કવિરાય, એહવા સુગુરૂતણે સુપસાય, શિષ્ય ખુશાલવિજય ગુણગાય રે. સ્થુલ૦ ॥ ૧૩ ॥

પદ્મવિજયજી મહારાજની સજ્ઝાય.

દેવસમા ગુરૂ પદ્મવિજયજી, સબહી ગુણે પુરા; શુદ્ધ પ્રરૂપક સમતાધારી, કોઇ વાતે નહિ અધૂરા. મુનીશ્વર લીજે વંદના હમારી, ગુરૂ દર્શન સુખકારી. મુની૦ એ આંકણી. ॥ ૧ ॥ સંવત અઢાર છાસઠની સાલેં, ઓસવાલ કુલેં આયા; ગામ ભરૂડીએ શુભ લગ્નેં, માતા રૂપાંબાઇએ જાયા. મુની૦ ॥ ૨ ॥ સત્તર વર્ષના રવિ ગુરૂ પાસે, હુવા યતિ વેષધારી; ગુરૂ વિનયે ગીતારથ થયા, ચંદ્ર જેસા શીતલકારી. મુની૦ ॥ ૩ ॥ સંવત ઓગણીઅગીઆરાની સાલેં, સંવેગ રસ ગુણ પીધો; રૂપે રૂડા જ્ઞાને પુરા, જીનશાશન ડંકો દીધો. મુની૦ ॥ ૪ ॥ સંવત ઓગણી ચોવીસાની સાલે, છેદોપસ્થાપન કીધો; મહારાજ મણિ-વિજયજી નામનો, વાસક્ષેપ શીર લીધો. મુની૦ ॥ ૫ ॥ દિન દિન અધિકે સંવેગ રંગે, કામ કષાય નિવારી; ધર્મ ઉપદેસે બહુ જીવ તારી, જ્ઞાન ક્રિયા ગુણ ધારી. મુની૦ ॥ ૬ ॥ સંવત ઓગણી આડત્રીસ વૈશાખે, શુદિ અગીઆરસ રાતે, પ્રથમ જામે (પલાંસવા) કાલધર્મ કીધો, જીત વંદે નિત્ય પ્રિતે. મુની૦ ॥ ૭ ॥

બારમા પાપસ્થાનકની સજ્ઝાય.

જેહને કલહ સંઘાતે પ્રીતરે, માંહોમાંહે મલે નહિ ચિત્તરે; જેહને ઘેર હોય વઢવાડરે; જાણે ચાલતી આવી

ધાડરે. ॥ ૧ ॥ અનુક્રમે ઘરથી લક્ષ્મી જાયરે, ઘણા કાલની હુંતી આયરે; કલહે કલશાનું જલ જાયરે, કલહે ભલે વાર ન થાયરે. ॥ ૨ ॥ કલહે નાસે ઘરના દેવરે, કલહે ઉદ્વેગ નિત્ય મેવરે; કલહે વાધે જગ અપવાદરે, કલહે વાધે મન વિખવાદરે. ॥ ૩ ॥ કલહે પૂર્વજ કીર્તિ ઘટેરે, કલહે માંહોમાંહે કટેરે; કલહે ત્રૂટે પ્રીત પ્રતીતરે, કલહે અપજશ હોય ફજેતરે. ॥ ૪ ॥ કલહે આર્ત્તરૌદ્રનો જોરોરે, દુર્ગતિ દાયક ધ્યાન એ પુરોરે; કલહે ધોખી સમ સાધુ કહ્યારે, કોણિક સરિખા દુર્ગતિ લહ્યારે. ॥ ૫ ॥ કલહ કરી ખમાવે જેહરે, આરાધક કહ્યા વીતરાગે તેહરે; કલહથી બાહુબલ ઓસરીયારે, દ્રાવિડવારિખિલ ભવજલ તરીયારે. ॥ ૬ ॥ કલહે વાધે નિત્ય શોગરે, કલહ તે જાણો મોટો રોગરે; એહવું જાણી કલહ જે વામેરે, પદ જીતતણા તે પામેરે. ॥ ૭ ॥

શ્રી પરદેશી રાજાની સજ્ઝાય.

જીહો પરમપુરૂષ પરમેશ્વરૂ રે લાલા, પુરૂષાદાણી રે પાસ; જીહો ચરણ કમલ નમી તેહના રે લાલા, પુરે વંછિત આશ; સુગુણનર સાંભળો સુગુરૂ ઉપદેશ, એ આંકણી૦ જીહો જે ટાલે ભવના કલેશ. સુ૦ ॥ ૧ ॥ જીહો મોહ મિથ્યાત અજ્ઞાનનો રે લાલા, ભરીઓ રોગ અથાગ; જીહો વૈદ્ય રાજગુરૂ વચનથી રે લાલા, ઓષધ જ્ઞાન વૈરાગ. સુ૦ ॥ ૨ ॥ જીહો ગુરૂ કારીગર સરિખા રે લાલા, ટંકણ વચન વિચાર; જીહો પત્થરસે પડિમા કરે રે લાલા, લહે પુન્ય અપાર. સુ૦ ॥ ૩ ॥ જીહો ચોથા પટધર પાર્શ્વના

રે લાલા, કેશી નામે કુમાર; જીહો ચાર મહાવ્રત આદરી રે લાલા, કરે બહુ જીવ ઉપગાર. સુ૦ ॥ ૪ ॥ જીહો વિચરતાં મુનિ આવીયા રે લાલા, શ્વેતાંબીનયરી મોઝાર; જીહો તિહાં પરદેશી રાજીયો રે લાલા, અધરમી આચાર. સુ૦ ॥ ૫ ॥ જીહો ચિત્રસારથિ લેઇ આવીઓ રે લાલા, જીહાં કેશી ગણુધાર; જીહો વંદના રહિત બેઠો તિહાં રે લાલા, પૂછે પ્રશ્ન ઉદાર. સુ૦ ॥ ૬ ॥ જીહો દાદો પાપી પ્રશ્ન ઉપરે રે લાલા, સુરિ કંતાનો રે ન્યાય; જીહો દાદી ધરમી દેવ ઉપરે રે લાલા, જીમ તું ભંગીઘર ન જાય. સુ૦ ॥ ૭ ॥ જીહો જીવ કોઠીથી નીકલ્યો રે લાલા, તે કુટ્ટશાલાનો ન્યાય; જીહો જીવકોઠીમાંહે ઉપન્યા રે લાલા, જીમ અગ્નિ પેઠી લોહમાંય. સુ૦ ॥ ૮ ॥ જીહો બાલક બાંણ ચલે નહી રે લાલા, ચુટે જીમ કબાન; જીહો બુઢાસુ ભાર વહે નહી રે લાલા, જુની કાવડ જ્યું જાણ. સુ૦ ॥ ૯ ॥ જીહો જીવ મારીને તોલીયો રે લાલા, [1]દીવડી ન ઘટે રે જેમ; જીહો પુરૂષ મારી જીવ જોઇઓ રે લાલા, તે કઠીઆરા એમ. સુ૦ ॥ ૧૦ ॥ જીહો આમલા પ્રમાણે જીવ પૂછીઓ રે લાલા, વૃક્ષપાન કોણ હલાય; જીહો કુંજર કુંથુઆ ઉપરે રે લાલા, દીવાનું દષ્ટાંત લગાય. સુ૦ ॥ ૧૧ ॥ જીહો મુજથી લીધો મત છુટે નહી રે લાલા, તે લોહવાણીઆ જેમ; જીહો પછે પસ્તાવો કર્યો રે લાલા, અગીયારમો દષ્ટાંત એમ. સુ૦ ॥ ૧૨ ॥ જીહો ઉત્તર અગીયારે સાંભળી રે લાલા, બુઝયો પરદેશી રે રાય;

---

૧ ધમણ.

જીહો શ્રાવકનાં વ્રત આદરી રે લાલા, નિર્લોભિ નિર્માય. સુ૦ ॥ ૧૩ ॥ જીહો સુરીકંતા નિજ નારીયેં રે લાલા, ઉપસર્ગ કીધો અપાર; જીહો ક્ષમાએ કર્મ ખપાવીને રે લાલા, ઉપન્યો દેવ મોઝાર. સુ૦ ॥ ૧૪ ॥ જીહો ચાર પલ્યોપમ આઉખે રે લાલા, સુરીયાભસુર સુખદાય; જીહો ધર્મશાસ્ત્ર વાંચી ગ્રહ્યો રે લાલા, ધર્મતણો વ્યવસાય. સુ૦ ॥ ૧૫ ॥ જીહો ત્યાં જિનપડિમા પૂજીને રે લાલા, કરે જીન ભક્તિ ઉદાર; જીહો ચવી મહાવિદેહે ઉપજશે રે લાલા, પામશે ભવનો પાર. સુ૦ ॥ ૧૬ ॥ જીહો સંક્ષેપે સજ્ઝાય કહી રે લાલા, રાયપસેણી સૂત્રે વિસ્તાર; જીહો પદ્મવિજયજી સુપસાયથી રે લાલા, જીત કહે જુઓ અધિકાર. સુ૦ ॥ ૧૭ ॥

અથ શીખામણની સજ્ઝાય.

ચોવીસ જીન પ્રણમી કરી, સુગુરૂતણે સુપસાયજી, સજ્ઝાય કહું રે સોહામણી; ભણતાં સુણતાં સુખ થાયજી, સુણજો સાજન શીખડી. ॥ ૧ ॥ સુદેવ સુગુરૂ સુધર્મની, પરિક્ષા ન કરી લગારજી; દૃષ્ટિ રાગે રે મોહી રહ્યો, તેણે રૂલ્યો સંસારજી. સુણજો૦ ॥ ૨ ॥ લાખચોરાશી ચોનિમા, ભમ્યો કાલ અનંતજી; જન્મમરણ દુઃખ ભોગવ્યાં, તે જાણે ભગવંતજી. સુણજો૦ ॥ ૩ ॥ મનુષ્યજન્મ પામી કરી, પાપ કુટુંબ શું ધરી પ્રીતજી; ધર્મકુટુંબ નવી ઓલખ્યો, કામ કર્યા વિપરીતજી. સુણજો૦ ॥ ૪ ॥ પાપનું મુળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભજી; માતા હિંસા રે પાપની, પુત્ર લાલચ અશુભજી. સુણજો૦ ॥ ૫ ॥ કુબુદ્ધિ પાપની

સ્ત્રી છે, પાપની બેન તે રીસજી; જુઠ ભાઈ તે પાપનો, પુત્રી તૃષ્ણા તે કૃશજી. સુણુજો૦ ॥ ૬ ॥ પાપકુટુંબને પરિહરી, ધર્મ કુટુંબશું ધરો નેહજી; નામ બતાવું રે તેહનાં, જેહથી લહીએ ભવ છેહજી. સુણુજો૦ ॥ ૭ ॥ ધર્મનું મુળ તે ક્ષમા છે, બાપ નિર્લોભતા જાણજી; માતા દયાતે ધર્મની, પુત્ર સંતોષ સુજાણજી. સુણુજો૦ ॥ ૮ ॥ ધર્મની સ્ત્રી તે સંજમ છે, પુત્રી સમતાશું રાચજી; સુબુદ્ધિ બેન તે ધર્મની, ધર્મનો ભાઈ તે સાચજી. સુણુજો૦ ॥ ૯ ॥ પાંચેઇંદ્રિ જે વશ કરે, જગમાં તેહીજ સુરજી; પર ઉપગાર કરે તે ધનવંત, કુલક્ષણ ન સેવે તે ચતુરજી. સુણુજો૦ ॥ ૧૦ ॥ ધર્મવ્રત આદરીને જે પાળે, જ્ઞાની તેહ કહાયજી; પદ્મવિજય સુપસાયથી, જીત નમે તેહના પાયજી. સુણુજો૦ ॥ ૧૧ ॥

શ્રી ધર્મઆરાધનાની સજ્ઝાય.

સરસતિસામિની વિનવું, સુણ પ્રાણીજી રે; સુગુરૂના પ્રણમી પાય; અતિ ઉછાંહે સુણ પ્રાણીજી રે, ધર્મનો મહિમા વરણવું. સુણ૦ જેહથી શિવસુખ થાય, પાપ પલાએ. સુણ૦ ॥ ૧ ॥ સુમતિ નારી એમ વિનવે, સુ૦ ધર્મ કરો સહુ કોય, જિમ સુખ હોય; સુણ૦ ધર્મથી સાતે સુખ લહે, સુ૦ સંપતિ સુકુલિણી નાર, દેહકરાર. સુણ૦ ॥ ૨ ॥ ચોથું સુખ ન જઇયે ગામ, સુ૦ પંચમ સુખ રહેવા ઠામ, અતિ અભિરામ, સુ૦ પુત્રવિનીત પંડિતપણું, સુ૦ સાતમે ધર્મ વીતરાગ, સહુમાં સોભાગ. સુ૦ ॥ ૩ ॥ ધર્મવિના જીવદુઃખ લહે, સુ૦ કુપુત્ર કુલટાનાર, આંગણે ઝાડ; સુ૦ દેહરોગીસ્ત્રી

ઋણુઘણેા, સુ૦ ન ગમે ધર્મની વાત, કરે પરતાત. સુણુ૦ ॥ ૪ ॥ ધર્મનીમાતા દયા કહી, સુ૦ જે પાલે નરનાર, પામે ભવપાર; સુ૦ જીત કહે જીનધર્મ કરેા, સુ૦ જાણી અથિર સંસાર, આતમતાર. સુ૦ ॥ ૫ ॥

આષાઢા મુનિની સજ્ઝાય.

ઢાળ ૧ લી.

સરસ્વતીને હૈડે ધરી, સદ્દગુરુને સુપ્રસાદ; સાધુજી. માયારે પિંડ લેતાં થકા, આષાઢ ભૂતિ સંવાદ; સાધુજી. માયારે પિંડ ન લીજીએ, આંકણી. વચ્છ પાટણ માંહી વસે; શેઠ કમળ સુવિભૂતિ. સા૦ તાસ જસોદા ભારજા, તસ સુત આષાઢ ભૂતિ. સા. મા૦ ॥ ૧ ॥ વરસ અગ્યારમે વ્રત ગ્રહયેા, ધર્મ રૂચી ગુરૂ પાસ, સા. ચારિત્ર ચેાખુ પાળતેા, કરતેા જ્ઞાન અભ્યાસ. સા. મા૦ ॥ ૨ ॥ ગુરૂને પુછી ગૌચરી, ગયેા આષાઢેા તેહ, સા. ભમતેા ભમતેા આવીયેા, નાટકી-આને ગેહ. સા. મા૦ ॥ ૩ ॥ લાડુ વેાહેારી આવીયેા, ઘર બાહિર સમક્ષ, સા. લાડુ એ ગુરૂના હેાસે, સામુ જોસે શિષ્ય. સા. મા૦ ॥ ૪ ॥ રૂપ વિદ્યાએ ફેરવે, લાડુ વેાહેારે પંચ. સા. ગેાળે ગેહાં નીરખીએા, નાટકીએ એ સંચ. સા. મા૦ ॥ ૫ ॥ પાયે લાગીને વિનવે, અમ ઘરે આવજો નિત્ય. સા૦ લાડુ પંચ વેાહેારી જજો. નાણુસેા મનમા ભીતિ. સા. મા૦ ॥૬॥ લાલચ લાગી લાડુવે, દીન પ્રત્યે વેાહેારી જાય, સા. ભાવ રતન કહે સાંભળેા, આગળ જેહવું થાય. સા. મા૦ ॥ ૭ ॥

ઢાળ ૨ જી.

નીજ પુત્રિઓને કહે રે, નાટકીઓ નીરધાર રે. મોહનીયા. ચિંતામણી સમ છે યતિ રે, કરો તુંમે ભરતારરે. મો૦ ॥ ૧ ॥ મધ્યાને મુનિ આવીયોરે, લાગ્યો વોહોરણ કાજરે. મો૦ તાત આ દેશે તીણ કર્યારે, સવી સણગારના સાજરે. મો૦ ॥ ૨ ॥ જીવન સુંદરી જય સુંદરીરે, રૂપકલા ગુણ ગેહરે. મો. મુનિવરને કહે મલપતિરે, તુંમને સુપી દેહરે. મો૦ ॥ ૩ ॥ ઘર ઘર ભીક્ષા માગવીરે, સહેવાં દુઃખ અસરાલરે. મો૦ કુણી કાયા તુંમ તણી રે, દોહીલા દિન-કર ઝાળ રે. મો૦ ॥ ૪ ॥ મુખ મરકડલે બોલતી રે, નયણ વયણ ચપળાસી રે. મો૦ ચારિત્રથી ચિત્ત ચુકવે રે, વ્યાપ્યો વિષય વિલાસરે. મો૦ ॥ ૫ ॥ જળ સરીખો જગમાં જુવો રે, પાડે પાહાણમાં વાટરે. મો૦ તેમ અબળા લગાડતીરે, ધીરાને પણ વાઢ રે. મો૦ ॥ ૬ ॥ મુનિ કહે મુંજ ગુરૂને કહી રે, આવીશ વહેલેરો આંહીરે. મો૦ ભાવરતન કહે સાંભળો રે વાટ જુવે ગુરૂ ત્યાંહી રે. મો૦ ॥ ૭ ॥

ઢાળ ૩ જી.

ગુરૂ કહે એવડી વેળા રે ચેલા કયાં થઈ, તટકી બોલ્યો તામ તે ભાષા સમિતી ગઇ, ઘર ઘર ભિક્ષા માગવી દુઃખ અપાર એ. ઉપર તુંમ વચન ખાંડાની ધાર એ. ॥૧॥ આજ નાટકણી બે મળી મુજ જાવું તીહાં તુમચી અનુ-મતિ લેવા હું આવ્યો છું ઈહાં, ગુરૂ કહે નારી કુડ કપટની ખાણ એ, કિમ રાચ્યો તું મિચ્છત વયણે સુ જાણ એ. ॥૨॥

ગરજ પડે દુર્ગતિમાં પરને પાડતી, કરી અનાચાર જે પતિને પાયે લગાડતી, બાયે જુઠા સમ ને ભાંજે તણખલાં, ત્રોડે દોરા દાંતમે ઘાલે ડાંખળાં. ॥ ૩॥ એકને બીજ કરાવેને, એકણ સુ રમે, તે નારીનું મુખડું દીઠું કિમ ગમે, અનેક પાપની રાસીરે નારીપણું લહે, મહાનીશિત્થે વીર જીનેશ્વર એમ કહે. ॥ ૪ ॥ અતિ અપજશનો ઠામ નારીનો સંગએ, તે ઉપર ચેલા કિમ ધરીએ રંગ એ, એમ ગુરૂની શીખામણ ન ધરી સાર એ, તવ ગુરૂ છોડને, મદીરા માંસ નિવાર એ. ॥ ૫ ॥ નાટકણીને ઘેર તિહાંથી આવીયેા, પરણી નારી બેને અભક્ષ ત્યજાવીયેા, વિલસે ભેાગ ભુખ્યેા જેમ બાયે ઉતાવળે; ધન ઉપાવે વિવિધ વિધ્યા નાટક બળે. ॥ ૬ ॥ વ્રત છંડાવીયેા ઘર મંડાવીયેા જુએા, ભાવરતન કહે નારી અથાગ કપટ કૂવેા. ॥ ૭ ॥

ઢાળ ૪ થી.

સુખ વિલસંતાં એકણ દિને, નાટકીયા પરદેશી રે, આવી સિંહરથ ભુપને, વાત કહે ઉદેશીરે. સુ૦ ॥ ૧ ॥ જીત્યા નટ અનેક અમે, બાંધ્યાં પુતળાં એહેારે૦ તુમ નટ હેાય તેા તેડીયે, અમ શું વાદે જે હેાય રે. સુ૦ ॥ ૨ ॥ રાયે આષાઢેા તેડીયેા, જીત્યા સઘળા નટેારે, છેાડાવ્યાં તસ પુતળાં, ઘેર આવ્યા ઉદ્ભટેારે. સુ૦ ॥૩॥ કેડેથી નારીએ કર્યા, મદીરા માંસના આહારેા રે, નગન પડી વમન કરી, માંખીના ભણકારેા રે. સુ૦ ॥ ૪ ॥ દેખી આષાઢેા ચિંતવે, અહેા અહેા નારી ચરિત્રેારે, ગંગાયે ગઈ ગરધભી, ન હેાય કદીય પવિત્રેારે. સુ૦ ॥ ૫ ॥ ઘરથી એક ઘટી ગયેા, તવ

એહના એ ઢંગોરે, નારી ન હોયે કેહની, ગુરૂ વયણે ધરે રંગોરે. સુ૦ ॥૬॥ નૃત્ય દેખાડી રાયને, સસરાને ધન આલ્યોરે, ભાવરતન કહે સાંભળો, આષાઢે મન વાળ્યોરે. સુ૦ ॥ ૭ ॥

ઢાળ ૫ મી.

પાંચશે કુંવરને મેલીયા રે, નાટક કરવા જેહ, લેઈ આષાઢો આવીયોરે, ગુરૂ પાસે ગુણ ગેહોરે, ગુરૂ આજ્ઞા ધરો, માયા પીંડ નીવારો રે, મમતા પરિહરો. આંકણી૦ ॥ ૧ ॥ આષાઢે વ્રત આદર્યાં રે, પાંચસે વળીરે કુમાર, પાપ આળોવી આપણાંરે, પાળે નિરતિચાર. ગુ૦ ॥ ૨ ॥ ઘે ભવીયણને દેશનારે, વિચરે દેશ વિદેશ, પાંચશે મુનિ શું પરિવર્યો રે; તપ જપ કરે રે અશેષ રે. ગુ૦ ॥ ૩ ॥ અણસણ લેઇ અનિમિષ થયો રે, આષાઢો મુનિ તેહ, પિંડ વિસુધીની વૃત્તિમાં રે; ઈમ સંબંધ છે એહરે. ગુ૦ ॥ ૪ ॥ માયા પિંડ ન લીજીએરે, ધરીએ ગુરૂનાં વયણ, જુઓ આષાઢા તણી પેરે રે, ફરી ફરી લહે રયણ રે. ગુ૦ ॥ ૫ ॥ શ્રી પુનમ ગચ્છ ગુણનીલો રે, પ્રધાન શિષ્ય કહેવાય, વાદચ અભ્યાસ પરંપરારે, પુસ્તકના સંપ્રદાય રે. ગુ૦ ॥ ૬ ॥ વિચક્ષણ શ્રાવક શ્રાવિકારે, સાંભળે શ્રુત નીશદિશ. શ્રી મહિમા પ્રભુ સૂરિનોરે, ભાવરતન શું જગીશ રે. ગુ૦ ॥૭॥

ઢુંઢક પચવીસી સજ્ઝાય.

શ્રી શ્રુત દેવી પ્રણમી કહેસ્યું, જિન પ્રતિમા અધિકાર, નવિ માને તસ વદન ચપેટા, માને તસ સિણગાર; શ્રી જિન પ્રતિમાશું નહિ રંગ, તેનો કદીય ન કીજે સંગ.

॥ ૧ ॥ કેવલ નાણી ચઉં નાણી, એણ સમે નહિં ભરત મઝાર; જિન પ્રતિમા જિન પ્રવચન, જેનો એ મોટો આધાર. શ્રી૦ ॥ ૨ ॥ તે જિનવર પ્રતિમા ઉત્થાપી, કુમતિ હૈડા ફૂટે; તે વિના ક્રીરિયા હાનિ લાગે, તે તો થોથા કૂટે. શ્રી૦ ॥ ૩ ॥ જિન પ્રતિમા દર્શથી દર્શન, લહીએ વ્રતનું મૂલ; તેહજ મૂલ કારણ ઉત્થાપી, શું થાયે જગ શૂલ. શ્રી૦ ॥ ૪ ॥ અભય કુમાર મૂકી પ્રતિમા, દેખી આર્દ્ર કુમાર; પ્રતિબોધ સંયમ લઇ સુધો, એ ચાવો અધિકાર. શ્રી૦ ॥ ૫ ॥ પ્રતિમા આકારે મચ્છ નિહાલે, અન્ય મચ્છ સવિ બુઝે; સમકિત પામે જાતિ સ્મરણ, તસ પૂર્વ ભવ સૂઝે. શ્રી૦ ॥ ૬ ॥ ચૈત્ય વિના અન્ય તીરથ મુજને, વંદન પૂજા નિષેધે; સાતમે અંગે શ્રી આણંદે, સમકિત ધારૂં સૂધે. શ્રી૦ ॥ ૭ ॥ છઠ્ઠે અંગે જ્ઞાતા સૂત્રે, દ્રૌપદીએ જિન પૂજ્યા; એહવા અક્ષર દેખે તો પણ, મૂઢમતિ નવિ બૂઝયા. શ્રી૦ ॥ ૮ ॥ ચારણ મુનિએ ચેઇઅ વંદ્યા, ભગવઇ અંગે રંગે; મરડી અર્થ કરે તિણે સ્થાનક, કુમતિતણે પ્રસંગે. શ્રી૦ ॥ ૯ ॥ ભગવઇ આદિ શ્રી ગણધરજી, બંલી લીપીને વાંદે; એહવા અક્ષર સ્થાપના દેખી, કુમતિ કહો કિમ નંદે. શ્રી૦ ॥ ૧૦ ॥ સૂર્યાભે જિન આગલે, નાટક કીધું મનને રંગે; સમકિત દૃષ્ટિ તેહ વખાણ્યા, રાય પસેણી ઉમંગે. શ્રી૦ ॥ ૧૧ ॥ સમકિત દૃષ્ટિ શ્રાવક કરણી, જિનઘર જેહ કરાવે; તે બારમે દેવલોકે પહોંચે, મહા નિશીથ આ લાવે. શ્રી૦ ॥ ૧૨ ॥ અષ્ટાપદ ગિરિ ઉપર ભરતેં, મણિમય બિંબ ભરાવ્યા; એહવા અક્ષર આવશ્યક સૂત્રે, ગૌતમ વંદન આવ્યા. શ્રી૦ ॥ ૧૩ ॥ પરંપરાગત પુસ્તક પ્રતિમા, માને

તેહજ નાણી; નવિ માને તેહજ અજ્ઞાની, એવી જિનવર વાણી. શ્રી૦ ॥ ૧૪ ॥ ઢુંઢક વાણી કુમત સમાની, સૂણેા મત ભૂલેા પ્રાણી; બેાધિ બીજની કરસે હાણી, કિમ વરસે શિવરાણી. ॥ ૧૫ ॥ ક્ષેત્રપાળ ભવાની દેહરે, તિહાં જાવું નવિ વારે; વીતરાગને દેહરે વારે, તે કુણ સૂત્ર અનુસારે. શ્રી૦ ॥ ૧૬ ॥ મેલાં કપડાં મેાહુ બાંધી, ઘર ઘર ભીક્ષા ફરતા; માંદા માણુસની પરે થેાડું, બેાલે જાણે મરતા. શ્રી૦ ॥ ૧૭ ॥ બાહિર કાલા માંહે કાલા, જેહવા કાલા પારા; પંચમકાલે એ દુષ્ટ પ્રગટયા, મહા મૂઢ વિકરાલા. શ્રી૦ ॥ ૧૮ ॥ ઢુંઢત ઢુંઢત પ્રાણી, તેાહી ધર્મ ન પાયેા; તે માટે મૂઢ ઢુંઢત કહેવાયેા, એલે જનમ ગમાયેા. શ્રી૦ ॥ ૧૯ ॥ ભાવ ભેદ તત્ત્વ નવી જાણે, દયા દયા મુખ ભાખે; મુગ્ધ લેાકને ભરમે પાડે, એ પણ દુર્ગતિ માટે. શ્રી૦ ॥ ૨૦ ॥ ભાષ્ય ચૂર્ણી ટીકા નવી માને, કેવલ સૂત્ર પેાકારે; તે માંહે નિજ કલ્પીત સ્થાપી, બહુ સંસાર વધારે. શ્રી૦ ॥ ૨૧ ॥ આગમનેા એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો અનંત સંસારી; આખેા સ્કંધ ઉત્થાપે તેની, શી ગતિ હેાવે સારી. શ્રી૦ ॥ ૨૨ ॥ ચિત્ર લિખિત નારી જોવંતા, વાધે કામ વિકાર; તિમ જિન પ્રતિમા મુદ્રા દેખી, શુદ્ધ ભાવ વિસ્તાર. શ્રી૦ ॥ ૨૩ ॥ તે માટે હઠ છંડેા ભવિયાં, પ્રતિમાશું દિલ રાખેા; જિન પ્રવચન જેને, અનુભવ ભરી રસ ચાખેા. શ્રી૦ ॥ ૨૪ ॥ ઢુંઢક પચવીસી એહમેં ગાઇ, નગર નાડુલ મઝાર; જસવંત શ્રી જિનેન્દ્ર પયંપે, હિતકાર અધિકાર. શ્રી૦ ॥ ૨૫ ॥

શ્રી સ્થુલિભદ્રની સજ્ઝાય.

બોલી ગયો મુખ બોલ, ચ્યાર ઘડીનો કોલ, આછે લાલ. હજીએ ન આવ્યો વાલહો, દેઇ ગયો દુઃખ દાહ; પાછો નાવ્યો નાહ, આ૦ કે સહી કોણે ભોલવ્યોજી. ॥ ૧ ॥ રહેતો નહિં ક્ષણ એક, રે દાસી સુવિવેક, આ૦ જાઇ જુએ દિસા દસેજી; એમ બોલંતી બાલ, એની ઉત્તમ ચાલ, આ૦ છેલ ગયો મુજ છેતરીજી. ॥ ૨ ॥ ઉલસ વાલસ થાય, અંગ ઉધામ ધાય; આ૦ નયણે નાવે નિંદ્રડીજી, ચોખા ચંપક શરીર; નણુદલના હો વીર, આ૦ નયણે દીઠા નવીજી. ॥ ૩ ॥ જેમ બપૈયા મેહ, મચ્છને જલશું નેહ; આ૦ ભમરાને મન કેતકીજી, ચકવો ચાહે ચંદ્ર; ઈન્દ્રાણી મન ઈન્દ્ર, આ૦ અહનિશી તમને ઓલગું જી. ॥ ૪ ॥ તુમવિણ ઘડીએ છ માસ, તેં મુજ નાખી પાસ; આ૦ નિષ્ઠુર પણું નર તેં કર્યું જી, ભાખો કોઇક દોષ; મુકી મનનો રોષ. ॥ આછે૦ ॥ કાંઇકિ તો કરૂણા કરોજી. ॥ ૫ ॥ હું નિરાધાર નાર, મેલી ગયો ભરથાર, ॥ આ૦ ॥ ઉભી કરૂં આલોચનાજી, એમ વિલ વલતી કોસ, દેતી કરમનો દોષ. ॥ આ૦ ॥ દાસી આવી દોડતીજી. ॥ ૬ ॥ સાંભળ સ્વામીની વાત, લાછિલ દેનો જાત. ॥ આછે૦ ॥ સ્થુલિભદ્ર આવ્યો રે આંગણેજી, વનિતા સાંભળી વાત, હિયડે હરખ ન માત, આ૦ પ્રીતિ પાવન પ્રભુ તેં કરીજી. ॥ ૭ ॥ પધારો ઘર મુજ મુનિ, ભાખ્યો સવિ ગુજ. આ૦ ઉઠ હાથ અલગી રહેજી, માતા આગે મુસાલ, તિમ મુજ આગલ ખ્યાલ. આ૦ એહ પ્રપંચ કિહા ભણ્યાજી. ॥ ૮ ॥

ચિત્રશાલી ચોમાસ, નિહાલી મુખ તાસ. આ૦ વનિતા વિધિશું આલોચવેજી, માદલ તાલ કંસાલ, ભુંગલ ભેરિ રસાલ. આ૦ ગાવે નવ નવ રાગશું જી. ॥ ૯ ॥ વાળે વિધિ શું અંગ, ફરતી કુદડી ચંગ. આ૦ હાવ ભાવ બહુ હેજ શું જી, સાંભળ સ્વામીની વાત, સિંહને ઘાલે ઘાત, આ૦ રાઇનો પાડ રાતે ગયોજી. ॥ ૧૦ ॥ સો બાળકે સાથે રોંઈ, પાવઇયાને પાનો ન હોય, આ૦ પત્થર ફાટયો તે કિમ મલેજી, સમુદ્ર મીઠો ન થાય, પૃથ્વી રસાતલ જાય, આ૦ સૂર્ય ઉગે પશ્ચિમ દિશેજી. ॥ ૧૧ ॥ પ્રતિબોધી એમ કોશ છોડી રાગને રોષ, આ૦ દ્વાદશ વૃત ઉચરેજી, પૂરણ કીધો ચોમાસ, આવ્યાશ્રી ગુરૂ પાસ. આ૦ દુષ્કર દુષ્કર તું સહીજી. ॥ ૧૨ ॥ ત્રીસ વરસ ઘરવાસ, પુરી સહુની આશ. આ૦ પંચ મહાવૃત પાલતાંજી, ધન્ય માત ધન્ય તાત નગર ન્યાતિ કહાત. આ છે૦ વારૂ વંશ દીપાવીયોજી. ॥૧૩॥ જે નર નારી ગાય, તસ ઘર લચ્છી સવાય. આછે૦ પભણે શાંતિ મયા થકીજી. ॥ ૧૪ ॥ ઇતિ.

નેમ રાજીમતિની સજ્ઝાય.

રાણી રાજુલ કરજોડી કહે, એતો જાદવ કુલ શણુ-ગારરે, વાલા મારા, ભવ રે આઠેનો નેહલો, પ્રભુ મત મેલો વિસારીરે. વાલામારા૦ ॥ ૧ ॥ વારિ હું જિનવર નેમજી એક વિનતડી અધારરે. વા૦ સુરતરૂ સરખો સાહિબો, હું તો નિત્ય નિત્ય ધરૂ દેદારરે. વા૦ મા૦ ॥ ૨ ॥ પ્રથમ ભવે ધન પતીનો તું ધન નામે ભરતારરે. વા૦ નિસાલે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હારરે. વા૦ મા૦ ॥ ૩ ॥ દીક્ષા લેઈ હરખે કરી,

તિહાં દેવ તણો અવતાર રે, વા૦ ક્ષણ વિરહ ખમતા નહીં, તિહાં પણ ધરતા પ્યારરે. વા૦ મા૦ ॥ ૪ ॥ ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચક્ર ગતિ રાજ કુમારરે, વા૦ ભુપતિ પદવી ભોગવો, હું રત્નવતિ તુજ નારરે. વા૦ મા૦ ॥ ૫ ॥ મહાવૃત પાળી સાધુના, તિહાં ચોથે ભવે સુરદારરે. વા૦ આરણ્ય દેવલોકે બેઉ જણા, તિહાં સુખ વિલસ્યાં સવિકારરે. વા૦ મા૦ ॥ ૬ ॥ પાંચમો ભવ અતિ શોભતો, તિહાં નૃપ અપરાજિત સારરે. વા૦ પ્રીતમ વંતી હું તાહરી, થઇ પ્રભુ હૈયાનો હારરે. વા૦ મા૦ ॥ ૭ ॥ ગ્રહી દીક્ષા હરખે કરી, તિહાં છઠ્ઠે ભવે સુરદારરે. વા૦ માહેન્દ્ર દેવલોકમાં, તિહાં સુખ વિલસ્યાં વારોવારરે. વા૦ મા૦ ॥ ૮ ॥ શંખ રાજા ભવ સાતમો, તિહાં જસમતિ પ્રાણ આધારરે. વા૦ વીસ સ્થાનક તીહાં ફરસતાં, જિનવર પદ બાંધ્યું સારરે. વા૦ મા૦ ॥ ૯ ॥ આઠમે ભવ અપરાજિતે, તિહાં વરસ ગયાં બત્રીશ હજારરે, વા૦ આહારની ઇચ્છા ઉપની, એતો પુન્ય પ્રકાશરે. વા૦ મા૦ ॥ ૧૦ ॥ હરિવંશમાંથી ઉપની, મારી શિવાદેવી સાસુ મલ્હારરે, વા. નવમે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહારરે વા. મા૦ ॥ ૧૧ ॥ એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારીરે, વા૦ હું તમને તેડવા કારણે, આવ્યો સસરાજીને વાસરે. વા૦ મા૦ ॥ ૧૨ ॥ અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિમાં જાયરે. વા૦ માની વચન રાજેમતિ, તિહાં ચાલી પિઉડાની લારરે. વા૦ મા૦ ॥ ૧૩ ॥ ધન્ય ધન્ય જિન બાવીસમો, જિણે તારી પોતાની નાર, વા૦ ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમેં સિરદારરે. વા૦ મા૦ ॥ ૧૪ ॥ સંવત સત્તર ઇકોતરે,

તિહાં શુભ વેલા શુભ વારરે. વા૦ કાંતિ વિજય રાજુલના, તિહાં ગુણ ગાયા શ્રીકારરે. વાલા મારા૦ વારિ હું જીન-વર નેમજી. ।। ૧૫ ।। ઇતિ.

શ્રી અગીયારસની સજ્ઝાય.

ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મૌન એકાદશી કિણે કહી; કિણે પાલો કિણે આદરી, સુણો૦ એહ અપૂર્વ દિન સહી. ।। ૧ ।। વીર કહે સુણ ગોયમા, ગુણ ગેહાજી, નેમે પ્રકાશી એકાદશી; મૌન એકાદશી નિર્મલી, સુણો ગોયમાજી, ગોવિંદ કરે મલારસી. ।। ૨ ।। દ્વારામતિ નગરી ભલી, સુણો૦ નવ જોયણ આરામવસી; છપ્પન કોડ જાદવ વસે, સુણો૦ કૃષ્ણ બિરાજે તિણે નગરી. ।। ૩ ।। વિચરતાં વિચરંતાં નેમજી, સુણો૦ આવી રહ્યા ઉજ્જવલ શિખરે; મધુરી ધ્વનિ દિયે દેશના, સુણો૦ ભવિયણને ઉપગાર કરે. ।। ૪ ।। ભવ અટવી ભિષણ ઘણી, સુણો૦ તે તરવા પંચ પર્વી કહી; બીજે બે વિધ સાચવો, સુણો૦ દેશ વિરતિ સર્વવિરતિ સહી. ।। ૫ ।। પંચમી જ્ઞાન આરાધીયે; સુણો૦ પંચ વરસ પંચ માસ વળી; અષ્ટમી દીન અષ્ટ કર્મનો, સુણો૦ પર ભવ આયુનો બંધ કરે. ।। ૬ ।। ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦ સત્તાવીસમે ભાગે સહી; અથવા અંતર્મુહર્ત સમે, સુણો૦ શ્વાસોશ્વાસમાં બંધ કરે. ।। ૭ ।। માયા કપટ જે કેલવે, સુણો૦ નરક તિર્યંચનું આયુ ધરે; રાગ તણેવશ મોહીયો, સુણો૦ વિકલ થયો પરવશ પણે. ।। ૮ ।। કરણી અકરણી નવી ગણે, સુણો૦ મોહતિમિર અંધકાર પણે; મોહે મદ ધર્યો ફિરે, સુણો૦ દે ધૂમરી

ઘણું જોર પણે. ॥ ૯ ॥ ઘાયલ જિમ રહે ઘૂમતો, સુણો૦ કહ્યું ન માને નેહ પણે; જીવ રૂલે સંસારમાં, સુણો૦ મોહ કર્મની સહી જાણી. ॥ ૧૦ ॥ અલ્પ સુખ સરસવ જેવું, સુણો૦ તો તેને મેરૂ સમાન ગણે; લોભે લંપટ કહીયેા, સુણો૦ નવિગણે તે અંધ પણે ॥ ૧૧ ॥ જ્ઞાની વિણ કહ્યો કુણ લહે, સુણો૦ શું જાણે છદ્મસ્થ પણે; અષ્ટમી એકાદશી ચઉદશી, સુણો૦ સામાયિક પોસહ કરે. ॥ ૧૨ ॥ ધર્મને દિવસે કર્મનો, સુણો૦ આરંભ જે કરે નરનારી; નિશ્ચય સદ્ગતિ નવિ લહે, સુણો૦ અશુભ કર્મના ફલ છે ભારી. ॥ ૧૩ ॥ પાંચ ભરત પાંચ ઐરાવતે, સુણો૦ મહાવિદેહ તે પાંચ ભણી; કર્મ ભૂમિ સઘળી થઇ, સુણો૦ સુકલ્યાણુક પંચ સોય ભણે. ॥ ૧૪ ॥ શ્રી વિશાલ સોમ સૂરિશ્વર પ્રભુ, સુણો૦ તપ ગચ્છકો સિરદાર મુનિ; તસ ગુરૂ ચરણ કમલ નમી, સુણો૦ સુવ્રત રૂષ સજ્ઝાય ભણી. ॥ ૧૫ ॥

ત્રેસઠ શલાકા પુરૂષની સજ્ઝાય.

(ચોપાઇની દેશી.)

પ્રહસમે પ્રણમું સરસતી માય, વળી સદ્ગુરૂને લાગું પાય; ત્રેસઠ શલાકાના કહું નામ, નામ જપતાં સીજે કામ. ॥ ૧ ॥ પ્રથમ ચોવીસ તીર્થંકર જાણ, તેહ તણાં હું કરીશ વખાણ; ઋષભ અજિતને સંભવસ્વામ, ચોથા અભિનંદન અભિરામ. ॥ ૨ ॥ સુમતિ પદ્મ પ્રભુ પુરે આશ, સુપાર્શ્વ ચંદ્રપ્રભ દે સુખવાસ; સુવિધિ શીતલને શ્રેયાંસ નાથ, એછે સાચા શિવપુર સાથ. ॥ ૩ ॥ વાસુ પૂજ્ય જિન

વિમલ અનંત, ધર્મ શાંતિ કુંથુઅરિહંત; અરમલ્લિ મુનિ-
સુવ્રત સ્વામ, એહથી લહીયે મુક્તિનું ઠામ. ॥ ૪ ॥
નમિનાથ નેમિસર દેવ, જસ સુરનર નિત્ય સારે સેવ;
પાર્શ્વનાથ મહાવીર પ્રસિદ્ધ, ત્રુઠયા આપે અવિચલ ઋદ્ધિ.
॥ ૫ ॥ હવે નામ ચક્રવર્તી તણાં, બાર ચક્રી જે શાસ્ત્રે
ભણ્યાં; પહેલો ચક્રી ભરત નરેશ, સુખે સાધ્યા જિણે ષટ
ખંડ દેશ. ॥ ૬ ॥ બીજો સગર નામે ભૂપાલ, ત્રીજો મઘ-
વરાય સુવિશાલ; ચોથા કહીયે સનતકુમાર, દેવ પદવી
પામ્યા છે સાર. ॥ ૭ ॥ શાંતિ કુંથુઅર ત્રિણેરાય, તિર્થં-
કર પણ પદ કહેવાય; સુભૂમ આઠમો ચક્રી થયો, અતિ
લોભે તે નરકે ગયો. ॥ ૮ ॥ મહા પદ્મરાય બુદ્ધિ નિધાન,
હરિષેણ દશમો રાજન; અગ્યારમો જય નામ નરેશ,
બારમો બ્રહ્મદત્ત ચક્ર નરેશ. ॥ ૯ ॥ એ બારે ચક્રિસર
કહ્યા, સૂત્ર સિદ્ધાંત થકી મેં લહ્યા; હવે વાસુદેવ કહું
નવ નામ, ત્રિણ ખંડ જેણે જીત્યા ઠામ. ॥ ૧૦ ॥ વીર
જીવ પ્રથમ ત્રિપૃષ્ટ, બીજો નૃપ જાણો દ્વીપૃષ્ટ; સ્વયંભૂ
પુરૂષોત્તમ મહારાય, પુરૂષસિંહ પુંડરિકરાય. ॥ ૧૧ ॥
દત્તનારાયણ કૃષ્ણ નરેશ, એહ નવ હવે બળદેવ વિશેષ;
અચલવિજય ભદ્ર સુપ્રભ ભૂપ, સુદર્શન આનંદ નંદન રૂપ.
॥ ૧૨ ॥ પદ્મરામ એ નવ બળદેવ, પ્રતિશત્રુ નવ પ્રતિ
વાસુદેવ; અશ્વગ્રીવ તારક રાજેન્દ્ર, મેરક મધુનિ શુભ
બલેન્દ્ર. ॥ ૧૩ ॥ પ્રલ્હાદને રાવણ જરાસંધ, જીત્યા ચક્રબલે
સત્યસંધ; ત્રેસઠ સંખ્યા પદવી કહી, માતા ઇકસઠ ગ્રંથે
લહિ. ॥ ૧૪ ॥ પિતા ભાવનને સાઠ શરીર, ઓગણસાઠ
જીવ મહાધીર; પંચવરણ તિર્થંકર જાણ, ચક્રીસોવન વાન

વખાણુ. ॥ ૧૫ ॥ વાસુદેવ નવ શામલવાન, ઉજવલ તનુ બલદેવ પ્રધાન; તિર્થંકર મુક્તિ પદ વર્યા, આઠ ચક્રી સાથે સંચર્યા. ॥ ૧૬ ॥ બળદેવ આઠ તેહને સાથ, શિવપદ લીધો હાથોહાથ; મઘવ સનતકુમાર સુરલોક, ત્રીજે સુરસેવે ગત સોગ. ॥ ૧૭ ॥ નવમો બલદેવ બ્રહ્મનિવાસ, વાસુદેવ સહુ અધગતિ વાસ; અષ્ટમ બારમ ચક્રિસાથ, પ્રતિ વાસુદેવ સમા નરનાથ. ॥ ૧૮ ॥ સુરવર સુખશાતા ભોગવી, નરક દુઃખ વ્યથા અનુભવી; અનુક્રમે કર્મ સૈન્યજય કરી, નરવર ચતુરંગી સુખ વરી. ॥ ૧૯ ॥ સદ્‌ગુરૂ જોગે ક્ષાયિક ભાવ, દર્શન જ્ઞાન ભવોદધિ નાવ; આરોહિ શિવ મંદિર વસે, અનંત ચતુષ્ટય તવ ઉલ્લસે૦ ॥ ૨૦ ॥ લેશે અક્ષય પદ નિર્વાણ, સિદ્ધ સર્વે ઘો મુજ કલ્યાણ; ઉત્તમ નામ જપો નરનાર, સરૂપચંદ્ર લહે જય જયકાર. ॥ ૨૧ ॥

માનની સજ્ઝાય.

માન ન કરશો માનવી, કાચી કાયાનો શો ગર્વ રે, સુરનર કિન્નર રાજીઆ, અંતે મરી ગયા સર્વ રે; મા૦ માને જ્ઞાન વિનાશ રે, માને અપશય વાસ રે, માને કેવલ નાશ રે. એ આંકણી. ॥ ૧ ॥ સોના વર્ણી રે ચહે બલે, રૂપા વર્ણી ધુવાસ રે; કુમ કુમ વર્ણીરે દેહડી, અગની પરજાલિ કરી છારરે. મા૦ ॥ ૨ ॥ જે નર શીર કસી બાંધતાં, સાલુ કસબીના પાધરે; તે નર પોઢયા પાધરા, ચાંચ મારે શિર કાગરે. મા૦ ॥ ૩ ॥ કેઇ ચાલ્યા કેઇ ચાલશે, કેતા ચાલણ હારરે; મારગ વહેરે ઉતાવલો, પડખે નહીં લગારરે. મા૦ ॥ ૪ ॥ અંત રે પ્રાણનો આવશે, ન

જુએ વાર કુવારરે; ભદ્રા ભરણીને ચેાગણી, શની સેામ વલી કાલરે. મા૦ ॥ ૫ ॥ જે વહાલાં વિણ એક ઘડી, સેાહતેા નહિં લગારરે; તે વિના જનમારા વહી ગયાં, નહીં શુદ્ધી નહીં સમાચારરે. મા૦ ॥ ૬ ॥ જે નર ગાજીરે બેાલતાં, વાવરતા મુખ પાનરે; તે નર અગ્નિમાં પેાઢીયા, કાયા કાજલવાનરે. મા૦ ॥ ૭ ॥ ચીર પીતાંબર પેહેરતા, કંઠે કનકનેા હારરે; તે નર કાલે માટી થયા, જોને અસ્થિર સંસારરે. મા૦ ॥ ૮ ॥ જે શિર છત્ર ઢળાવતા, ચઢતા હાથીને બંધરે; તે નર અંતેરે લઇ ગયા, દેઇ દેારડાના બંધરે. મા૦ ॥ ૯ ॥ કેાડી મણુની સીલાકર ગ્રહી, ગિરિધર કહાવે નામરે; તરસે તરફડે ત્રીકમેા, નહીં કેાઇ પાણી પાનારરે. મા૦ ॥ ૧૦ ॥ ચેાસઠ સહસ અંતે ઉરી, પાયક છન્નુ કરેાડરે; તે નર અંતે રે એકલેા, સૂતેા ચિવર ઓઢરે. મા૦ ॥ ૧૧ ॥ જે જિહાં તે તિહાં રહ્યો, પાપને પુન્ય બે સાથરે; અહેા સ્વરૂપને દેખીને, પુન્ય કરેા નિજ હાથરે. મા૦ ॥ ૧૨ ॥ જે નર હસી હસી બેાલતા, કરતા ભેાજન સારરે; તે નર અંતેરે માટી થયા, ઘડતા પાત્ર કુંભારરે. માન૦ ॥ ૧૩ ॥ ચંપા વરણી દેહડી, કદલી કેામલ જંઘરે; તે નર સુતારે કાષ્ઠમાં, પડે ધડેા ધડ ડાંગરે. મા૦ ॥ ૧૪ ॥ દેહ વિટંબના નર સુણેા, ન કરેા તરણાનેા લેાભરે; જે સંઘ સરખેારે રાજવી, અંતે ન રહ્યા તે થેાભરે. મા૦ ॥ ૧૫ ॥ અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરેા કેાઇરે; કવિ ઋષભનીરે શીખડી, સાંભળજો સહુ કેાઇરે. મા૦ ॥ ૧૬ ॥

શ્રી આત્મહિત શિક્ષા સજ્ઝાય.

(આવો જમાઇ પ્રાહુણા જયવંતાજી–એ દેશી.)

ચેતના કહે કર જોડીનેરે, સુણો રંગ રસીયા; માણીગર આતમ રામ, પ્રીતમ પાતળીઆ, કુમતિ કદાગ્રહ ગેહનીરે, સુ૦ કુડ કપટનું ધામ. પ્રી૦ ॥ ૧ ॥ કુલહીણી કુલક્ષણીરે, સુ૦ લજ્જા વિહુણી રીસાલ; પ્રી૦ ક્રોધ મુખી ચંડાલણી સુ૦ છોડી દ્યો એહનો ખ્યાલ. પ્રી૦ ॥ ૨ ॥ શ્રી જિનધર્મ સમાચરોરે, સુ૦ તન મન કરી એક ચિત્ત; પ્રી૦ સંધ્યા રાગ વાદલ જીસોરે, સુ૦ છે સંસાર અનિત્ય. પ્રી૦ ॥ ૩ ॥ સ્વારથીઓ સંસાર છેરે, સુ૦ સહુ સ્વાર્થે ધરે નેહ; પ્રી૦ જણ સ્વારથ પૂગે નહીંરે, સુ૦ છટકી દેખાવે છેહ. પ્રી૦ ॥ ૪ ॥ કાયા કારમીરે, સુ૦ પલક પલક પલટાય; પ્રી૦ સમય સમય આયુ ઘટેરે, સુ૦ ક્ષણ રાખ્યું ન રહાય. પ્રી૦ ॥ ૫ ॥ લૌકિક માત પિતા સેવરે, સુ૦ બાહ્ય કુટુંબ કહેવાય; પ્રી૦ માલ મુલકએ માલીયોરે, સુ૦ સબકો છોડી જાય. પ્રી૦ ॥ ૬ ॥ લોકોત્તર કુટુંબથીરે, સુ૦ પ્રેમ ધરો અંતરંગ; પ્રી૦ ધૈર્ય પિતા વ્રત માવડીરે, સુ૦ ભ્રાત સંજમ શુચીચંગ. પ્રી૦ ॥ ૭ ॥ સુકુલણી ભગિની દયારે, સુ૦ જગહિત વચ્છલ મિત્ત; પ્રી૦ કુલ ભાસણ ખીમા ધરણીરે, સુ૦ પુત્ર વિવેક પવિત્ત. પ્રી૦ ॥ ૮ ॥ શિયલ ભૂષણ અંબર ધરોરે, તિલક આણા વીતરાગ; પ્રી૦ સુમતિ રસોયણ તપ રૂપીરે, સુણો૦ ભોજન ખટરસ પાક. પ્રી૦ ॥ ૯ ॥ ઉપશમ સુંદર મંદિરેરે, સુણો૦ જ્ઞાન દીપક મનોહાર; પ્રી૦ ધ્યાન પલ્યંક બિછાવીનેરે, સુણો૦ ધર્મ

ક્રિયા કરો સાર.-પ્રી૦ ॥ ૧૦ ॥ સમકિત સમચિત પાલી-એરે, સુ૦ ટાલી મન વિખવાદ; પ્રી૦ વિનય કરો સખાઇયેારે, સુ૦ ગાળે કુમતિનો નાદ. પ્રી૦ ॥ ૧૧ ॥ એહ કુટુંબ છે તુમ તણેારે, સુ૦ અચલ સંબંધ ઠહરાય; પ્રી૦ કાલ અનાદિનેા શાશ્વતેારે, સુ૦ ભાખે શ્રી જિનરાય. પ્રી૦ ॥ ૧૨ ॥ પ્રેમે કાંત એ સેવતાંરે, સુણે૦ પ્રગટે રૂપ અભંગ; પ્રી૦ શ્રી વિજયરંગ કૃપા થકીરે, સુ૦ દીપે અનુપમ અંગ. પ્રીતમ પાતળીઆ૦ ॥ ૧૩ ॥

અભક્ષ્યની સજ્ઝાય.

જિન શાસનરે, શુદ્ધિ સધહણા ધરેા, મિથ્યા મતિરે, કુમતિ કદાગ્રહ પરીહરેા; મહિ પાલેારે, તે નર સમકિત મન ખરેા. ॥ ૧ ॥ ત્રુટક૦ મન ખરેા સમકિત શુદ્ધપાલેા, ટાલેા દેાષ દયા પરેા, ધુર પંચ અણુવ્રત ત્રિણ ગુણવ્રત ચાર શિક્ષા વ્રત ધરેા; એમ દેશ વિરતિ ક્રિયા નિરતિ, સુણેા ભવિયણ મન રૂલી, દાખવીયે ગુણ પરહ કેરા, દેાષ મમ કાઢેા વલી. ॥ ૨ ॥ મમ કાઢેારે, લેાભી નર કુડેા કરેા; જાણી સાવદ્યરે, અભક્ષ્ય બાવીસ પરિહરેા; વડ પીપલ રે, પીપરને કઠુંબરેા; ઉંબર ફલરે, રખે તુમે ભક્ષણ કરેા. ॥ ૩ ॥ ત્રુટક૦ રખે તુમે ભક્ષણ કરેા માખણ, મદ્ય મધુ આમિષ તણેા; વિષ હેમ કરહા, છાંડી પરહાં દેાષ મલ માટી ઘણેા; પરિહરેા મંજન રયણી ભેાજન, પ્રથમ દુર્ગંતિ બારણું; મત કરેા વાલુ અતિ અસુરેા, રવિ ઉદ્દે વીણુ પારણેા. ॥ ૪ ॥ અથાણું રે, અનંત કાય સવિ નામીયે; કાચા ગેારસરે, માંહિ કઠોલ ન જીમીયે; વેગણરે, તુચ્છ ફલ

સવિ છાંડીએ; આપણુ પૂર્વેરે, વ્રત લીધું નવી ખંડીએ. ॥ ૫ ॥ ત્રુટક૦ નવિ ખંડીએ સવિ નેમ લેઈ, છે એ ફલ વ્રત ભંગનો; અજાણુ ફલ બહુ બીજ ભોજન, ચલિત રસ હુએ જેહનો; સંવરે આણી અભક્ષ્ય જાણી, તજો એ બાવીસ એ; ગુરૂ વયણ વિગતે વળી પ્રીછો, અનંત કાય બાવીસ એ. ॥ ૬ ॥ અનંતીરે કંદ જાતિ જાણો સહું, જસ ભક્ષણરે, પાઠક બોલ્યા છે બહુ; કચુરો રે, હલદર નિલુ આદુ વલી; વજ્ર ચૂરણ રે, કંદ બહુ કુંલિ ફલી. ત્રુટક૦ વલી ફલીય કુયલી બીજ પાખે, ચાખે ચતુર નર આંબલી; રતાલુ પેંડાલુ થેગ થોહર, સતાવરી લસણ કલી; ગાજર મુલા ગલો ગરણી, વરીયાલી ઠુંક વથ્થુલો; પલ્યંક સૂરણ બાલ બીલી, મોથ નીલી સાંભલો. ॥ ૮ ॥ વંસ કારેલારે, કુંપણુ કુંલા તરૂતણા; અંકુરારે, લોટા તે જલ પોયણા; કુમારિરે, ભમર વૃક્ષની છાલડી; જે કહીયેરે, લોકે અમૃત વેલડી. ॥ ૯ ॥ ત્રુટક૦ વેલડી કેરા તંતુતાજા, બીલોડાને બરસુઆ; ભોમિ ફોડા છત્રાકાર જાણો, નિલ ફૂલ સવે જુઆ; બત્રીસ બોલ પ્રસિદ્ધ બોલ્યા, લક્ષ્મી રત્નસૂરિ ઈમ કહે; પરિહરે જે નર દોષ જાંણી, તે શિવ સુખ લહે. ॥ ૧૦ ॥

શ્રી હેતવિજયજી કૃત
અઢાર નાતરાની સજ્ઝાય.

પહેલાં તે સમરૂં પાસ પંચાસરો રે, સમરી સરસતી માય, નિજ ગુરૂ કેરા ચરણ નમી કરી રે, રચસું રંગે સજ્ઝાય ભવિ તુમે જોજો રે સંસાર નાતરાં રે. એ આંકણી.

।। ૧ ।। એક ભવે હુઆં અઢાર, એહવું જાણીને દૂર નિવારજો રે, જિમ પામો સુખ અપાર, ભવિ તુમે જોજો રે સંસાર નાતરાં રે. ।। ૨ ।। નગરમાં મોટું રે મથુરાં જાણીએ, તિહાં વસે ગણિકા એક, કુબેર સેના રે, નામ છે તેહનું રે, વિલસે સુખ અનેક. ભ૦ ।। ૩ ।। એક દિન રમતાં પરશું પ્રેમમાં રે, ઉદરે રહ્યું ઓધાન, પૂરણ માસે પ્રસવ્યું જોડલું રે, એક બેટો બેટી સુજાણ. ।। ૪ ।। વેશ્યા વિમાસે આપણને ઘરે રે, કુણ જાળવશે એ બાલ, ક્ષણ ક્ષણ જોવાં ધોવાંને ધવરાવવાં રે, કુણ કરે સાર સંભાલ. ભ૦ ।। ૫ ।। એહવું વિમાસી રે પેટીમાં લઈ રે, ઘાલ્યાં બાલક દોય, માંહે તે મેલી નામાંકિત મુદ્રિકા રે, નદીમાં ચલાવે સોય. ભ૦ ।। ૬ ।। જમુનામાં વહેતીરે આવી સૌરીપુરે રે, વાણું તે વાયુ તે વાર તવ તિહાં આવ્યા રે દોય વ્યવહારિયા રે, નદી કાંઠે હર્ષ અપાર. ભ૦ ।। ૭ ।। દૂરથી દીઠી રે પેટી આવતી રે; હૈડે વિમાસે દોય, એહમાં જે હોશે રે તે આપણુ બેહુ રે, વહેંચી લેશું સોય. ભ૦ ।। ૮ ।। બોલ બંધ કીધા દોય વ્યવહારિયેરે, કાઢી પેટી બહાર, પેટી ઉપાડી રે છાની સોડમાં રે, લઈ આવ્યાં નગર મોઝાર. ભ૦ ।। ૯ ।। પેટી ઉઘાડી રે નિહાલતાં રે, દીઠાં બાલક દોય, મનમાં વિચારે રે દોય વ્યવહારિયારે, શું જાણે પુર કોય. ભ૦ ।। ૧૦ ।। જેને સુત નહીં હતો તેણે બેટો લીયો રે, બીજે બેટી હો લીધ મુદ્રિકા મેલે રે, નામ કુબેરદત્ત દિયો રે, કુબેરદત્તા વલી દીધ. ભ૦ ।। ૧૧ ।। અનુક્રમે વાધ્યાં દોય ભણ્યાં ગણ્યાં રે, પામ્યાં જોબન સાર, માત તાત જોઈને પરણાવિયાં રે. વિલસે સુખ અપાર. ભ૦ ।। ૧૨ ।।

ઢાળ ૨ જી.

એક દિન બેઠાં માલીયે રે લાલ, નર નારી મલી રંગરે, રંગીલા કંત આવોને પિયુડા આપણુ બેલીયેરે, કરૂં છું ઘણી મનોહારરે. રંગીલા કંત આવોને૦ ॥૧॥ એ આંકણી. હાસ્ય વિનોદ કરે ઘણા રે લાલ, માને નિજ ધન્ય અવદાતરે. રં૦ સાર પાસે રમીયેં સોગઠે રે લાલ, આણી મનમાં ઉમંગ રે. રં૦ આ૦ ॥ ૨ ॥ રમત રમેં ખુશીમાં ઘણા રે લાલ, દાવ નાંખે ભરતાર રે, રં૦ દીઠી નામાંકિત મુદ્રિકા રે લાલ, હિયડે વિમાસે નાર રે. રં૦ આ૦ ॥ ૩ ॥ બેહુ રૂપે બેહુ સારિખા રે લાલ, સરિખા વીટીમાં નામ રે, રં૦ નારી વિચારે ચિત્તમાં રે લાલ; મેં એ કીધ અકામ રે. રં૦ આ૦ ॥ ૪ ॥ રમત મેલી પિયરમાં ગઇ રે લાલ, પૂછે માતને વાત રે, રં૦ માત કહે હું જાણું નહીં રે લાલ, જાણે તાહરો તાત રે. રં૦ આ૦ ॥૫॥ તાત કહે સુણજો સુતા રે લાલ, સંક્ષેપે સઘલી વાત રે, રં૦ પેટી માંહેથી વહેંચીયાં રે લાલ, બાલક દોય વિખ્યાત રે. રં૦ આ૦ ॥૬॥ કુબેરદત્ત મન ચિંતવે રે લાલ, મેં કીધો અપરાધ રે, રં૦ ભાઇ વર્યોને ભાઈ ભોગવ્યો રે લાલ, એ સવિ કરમની વાત રે. રં૦ આ૦ ॥ ૭ ॥ એમ ચિંતવીને સંયમ લીયો રે લાલ, પાલે પંચાચાર રે, રં૦ સમિતિ ગુપ્તિનો જપ કરે રે લાલ, છ કાય રક્ષા સાર રે. રે૦ આ૦ ॥ ૮ ॥ કુબેરદત્ત મન ચિંતવે રે લાલ, એ નગર માંહે ન રહેવાય રે, રં૦ બેન વરીને બેન ભોગવી રે લાલ, ઘર ઘર એ કહેવાય રે, રં૦ આ૦ ॥૯॥ કુબેરદત્ત તિહાંથી ચાલીયો રે લાલ, આવ્યો મથુરા માંયરે,

રં૦ વેશ્યા મંદિરે આવીયેા રે લાલ, કરે વેશ્યા શું અન્યાયરે. રં૦ આ૦ ॥ ૧૦ ॥ કુબેરદત્ત નિજ માત શું રે લાલ, સુખ વિલસે દિન રાતરે, રં૦ એમ કરતાં સુત જનમિયેા રે લાલ, એ સવિ કરમની વાત રે. રં૦ આ૦ ॥ ૧૧ ॥ તપ જપ સંયમ સાધતા રે લાલ, પાલતા કિરિયા સાર રે, રં૦ જ્ઞાન અવધિ તિહાં ઉપન્યું રે લાલ, દિયે તિહાં જ્ઞાન વિચાર રે. રં૦ આ૦ અવધિ જ્ઞાનેં સાધવી રે લાલ, દીઠેા મથુરા મેાઝાર રે, રં૦ નિજ જનની સુખ વિલસતેા રે લાલ, ધિકધિક તસ અવતાર રે. રં૦ આ૦ ॥ ૧૩ ॥ ગુરણીને પૂછી કરી રે લાલ, આવી મથુરા જામરે, રં૦ વેશ્યા મંદિર જઇ ઉતરી રે લાલ, કરવા ધર્મનું કામ રે. રં૦ આ૦ ॥ ૧૪ ॥

ઢાળ ૩ જી.

ઇણ અવસર નાનેા બાલુડેારે કાંઇ, પાલણે પેાઢયેા જેહ, ગાઉ હાલરૂઆં, હીલેા હીલેા કહી હુલરાવતીરે કાંઇ, સાધવી ચતુર સુજાણ. ગાઉ હાલરૂઆં૦ ॥ ૧ ॥ સગપણ છે તાહરે માહરે કાંઇ, સાંભળ સાચી વાત સુણતું બાલુડા, કાકેા ભત્રીજો પેાતરેારે, કાંઇ દીકરેા દેવર જેઠ. સુ૦ ॥૨॥ સગપણ છે તાહરે માહરે કાંઇ, બટ બીજા કહુ તેહ, સૂણ તું૦ બંધવ પિતા વડવેા રે કાંઇ, સસરેા સુત ભરતાર સૂણ૦ ॥ ૩ ॥ સગપણ છે તાહરે માહરે કાંઇ, બટ ત્રીજા કહું તેહ, સૂણ તું માતાજી. સૂ૦ માતા કહું સાસુ કહું રે કાંઇ, વળી કહુ શેાકય ભેાજાઇ. સૂ૦ ॥૪॥ વડી આઇ વલી મુજ સગપણ બહુરે કાંઇ, તુજ મુજ સગપણ એહ. સૂ૦ એહ સંબંધ સહુ સાંભળીરે કાંઇ, ઘરમાંથી આવ્યાં દેાય,

સૂણુ તું શ્રમણીજી૦ ॥ ૫ ॥ અછતાં આળ ન દીજીયેરે કાંઇ, તુમ મારગ નહીં એહ. સૂ૦ શ્રમણી કહે સૂણેા દેાય જણાંરે કાંઇ, ખેાટું નહીંય લગાર. સૂ૦ ॥ ૬ ॥ પેટીમાં ઘાલી મુકીયારે કાંઇ, યમુનાયેં વહેતી જોય, તુમે સાંભલજો.સૌરીપુર નગર તિહાં વલીરે કાંઇ, પેટી કાઢી સેાય. તુમે૦ ॥ ૭ ॥ ઇમ નિસૂણિ તે દેાય જણેરે કાંઇ, સંજમ લીધેા તેણી વાર. તુમે૦ સંજમ લેઈ તપ આદરીરે કાંઇ, દેવલેાકે પહેાંતા તેણી વારરે, મન રંગીલા. ॥ ૮ ॥ તપથી સવિ સુખ સંપ જે રે કાંઈ, તપથી પામે જ્ઞાનરે. મન૦ તપથી કેવલ ઉપજે રે કાંઈ, તપ મહેાટું વરદાનરે. મ૦ ॥ ૯ ॥ તપગચ્છ પતિ ગુણ ગાવતાંરે કાંઇ, ઋદ્ધિ વૃદ્ધિ ઘર થાય. મ૦ પંડિત દાનવિજય તણેા રે કાંઈ, હેત વિજય ગુણ ગાય. મ૦ ॥ ૧૦ ॥

શ્રી અર્જુન માલીની સજ્ઝાય.

કિસકે ચેલે કિસકે પૂત. આતમરામ એકિલે અવધુત,
જીઉ જાન લે. (એ દેશી)

સદ્‌ગુરૂ ચરણે નમી કહું સાર, અર્જુન માલી મુનિ અધિકાર, ભવિ સાંભલેા, રૂડી રાજગ્રહી પુરિ જાણુ, રાજ્ય કરે શ્રેણિક મહિરાણુ, ભવિ૦ ॥ ૧ ॥ નગર નિકટ એક વાડી અનુપ, સકલ તરૂ તિહાં સેાહે સરૂપ. ભ૦ દીપે મેાઘર યક્ષ તિહાં દેવ, અર્જુન માલી કરે તસુ સેવ. ભવિ૦ ॥૨॥ બન્ધુમતિ ગૃહણી તસુ જાણુ, રૂપ યૌવને કરી રંભ સમાન. ભ૦ એકદા અર્જુનને ત્રિયા દેવ ગેહ, ગયાં વાડીયે બિહું ધરિ નેહ. ભ૦ ॥ ૩ ॥ ગેાઠિલ ષટ નર આવ્યા તિ વાર,

વિકલ થયા દેખી બંધુમતિ નાર. ભ૦ અર્જુનને બાંધી એકાંત, ભોગવી બન્ધુમતી મનની હો ખાંત. ભ૦ ॥ ૪ ॥ અર્જુન ચિંતે મો ઘર પાણી આજ, સેવકની તું કરજે સાહ્ય ભ૦ એમ નિસૂણી યક્ષ પેઠો હો અંગ, બંધન ત્રોડી ચાલ્યો મન રંગ. ભ૦ ॥ ૫ ॥ ગોઠિલ ષટ નર સાતમી નાર, મો ઘરશું મારીને સાલ્યો તિ વાર. ભ૦ દિન દિન ષટ નર ને એક નાર, હણ્યા છ માસ લગે એક હજાર. ભ૦ ॥૬॥ બસેંસાઠ વળી ઉપર જાણ હણ્યા તે માણસ મોઘર પાણ. ભ૦ વિસ્તરી નયરી માંહે તે વાત, લોક બિહિનાં તે બહાર ન જાત. ભ૦ ॥ ૭ ॥ ઈણ અવસર રાજગૃહી ઉદ્યાન, સમોસર્યા મહાવીર સુજાણ. ભ૦ શેઠ સુદર્શન સુણિ તત્કાલ, વંદનને ચાલ્યો સુકુમાલ. ભ૦ ॥ ૮ ॥ દેખી દોડયો યક્ષ હણવાને કાજ, શેઠે પ્રતિજ્ઞા કરી પંથમાંજ. ભ૦ ઉપસર્ગથી જો ઉગરૂં એણિવાર, પાળું તો જાવ જીવ ચઉવિહાર. ભ૦ ॥ ૯ ॥ કરી નમુથ્થુણં ધરે હવે ધ્યાન, ઉપાડો હણવા મોઘર પાણ, ધર્મ પ્રભાવે હાથ થંભિયા આકાશ, ગયો અર્જુન દેહથી યક્ષ નાશ. ભ૦ ॥ ૧૦ ॥ ધરતી ઉપર પડયો અર્જુન દેહ, ચિત્ત વળ્યું ઘડી એકને છેહ. ભ૦ શેઠ પ્રતિજ્ઞા અર્જુન પેખિ, કિહાં જાશો પૂછે સુવિશેષ. ભ૦ ॥ ૧૧ ॥ વાંદવા જાસું શ્રી મહાવીર, સાંભળી સાથે થયો તે સધીર. ભ૦ વાણી સૂણી ઉપનો વૈરાગ, લીધું ચારિત્ર અર્જુન ધરિ રાગ. ભ૦ ॥ ૧૨ ॥ કીધુરે કર્મ ખપાવાને કાજ, રાજગૃહી પાસે રહેવુ ઋષિ રાજ. ભ૦ યક્ષ રૂપે હણીયા જે જીવ, તેહનું વૈર લાવી મારે સદૈવ. ભ૦ ॥ ૧૩ ॥ થપાટ પાટું મુઠી પેંજાર, ગુરંજ જોડાને પથ્થર પ્રહાર. ભ૦ ઝાપટ ઈંટ

કોરડા નહીં પાર, હણે લાઠી કેઇ નર હજાર. ભ૦ ॥૧૪॥ શુભ પરિણામે સાધુ સહે સદૈવ, તાહરા કીધાં તું ભોગવે જીવ. ભ૦ અભ્યાસે આણી શુભ ધ્યાન, કેવલ લહી પામ્યો શિવ થાન. ભ૦ ॥ ૧૫ ॥ સંવત્ સત્તર સડતાલેં ઉલ્લાસ, શહેર રાણકપુર કર્યું ચૌમાસ. ભ૦ કહે કવિયણ કરજોડી હેવ મુક્તિ તણાં ફલ દેજ્યો દેવ. ભ૦ ॥ ૧૬ ॥

શ્રી સુમતી હંસ કૃત કરમ પચ્ચીશીની સજ્ઝાય.

પેખ કરમ ગતિ પ્રાણીયા, સાયર જેમ અથાહો રે; અલખ અગોચર એ સહી, ઇમ ભાખે જીણ નાહોરે; પેખ૦ ॥ ૧ ॥ બ્રહ્મા વિષ્ણુ મહેસરા, કરતા ભાખે જેહોરે; મારગ ચુકિયા ધીર તે, ઉજડે પડયા તેહોરે; પેખ૦ ॥ ૨ ॥ એહ કરમ કરતાં સહી, મત બીજો મન જાણોરે; કરમ પસાયે ભોગવે, રાંક અને વલી રાણો રે; પેખ૦ ॥ ૩ ॥ પાપ પડલ સહિ પરિહરો, સાચો જીન ધર્મ સંચોરે; પોષી પોઢો મ કરમને, જીવ ભણી મત વંચોરે; પેખ૦ ॥૪॥ કરમ વસે સુખ દુઃખ હુવે, લીલા લખમી લાહોરે; ભલા ભલા ભૂપતિ પડયા, રણ હુંતા જિમ રાહોરે; પેખ૦ ॥૫॥ કરકંડુ ને સાધવી, પરઠવિયો સમ સાણોરે, બેહુ દેશનો રાજીયો, દુષ્કર કરમ પ્રમાણોરે; પેખ૦ ॥ ૬ ॥ સોલ શણગાર બનાવતા, ભરતેસર સુવિચારોરે, તપ જપ વિણ તે પામીયા, કેવલ મહેલ મોઝારોરે; પેખ૦ ॥ ૭ ॥ રાણા રાવણનો કિયો લખમણ વીરે સંહારોરે; લંક વિભિષણ ભોગવે; કરમ વડો સંસારો રે. પેખ૦ ॥ ૮ ॥ અરિસેના અર્ક તૂલ જયું, કૃષ્ણે ઘસી ભુજપાણેરે; ઢાહ

દેખી નિજપુર તણેા, મરણ લહે એક ઠાણેરે. પેખ૦ ॥૯॥
દૃઢ પ્રહારી પાપી વડેા, હત્યા કીધી ચારેારે; કેવલ પામી
તિણે ભવે, પહેાંચ્યેા મેાક્ષ મઝારેારે. પેખ૦ ॥ ૧૦ ॥
શેઠ સુતા શીર પરિહરી, ઈલાચી પુત્ર રસાલેારે; ઉપસમ
રસ ભર પૂરિયેા, મુક્તિ ગયેા તત્કાલેારે. પેખ૦ ॥ ૧૧ ॥
નંદન શ્રી શ્રેણિક તણેા, નંદિસેણ ઋષિ રાયેારે; ચારિત્ર શું
ચિત્ત ચૂકવી, મહિલા શું મન લાયેારે. પેખ૦ ॥ ૧૨ ॥
આષાઢ ભૂતિ મહા મુનિ, મેાદક શું લલચાણેારે; સદ્‌ગુરૂ
વચનને ઓળંગી; નટવી શું ભંડાણેારે. પેખ૦ ॥ ૧૩ ॥
દાસી મેાહે મેાહીયેા, મુંજ વડેા રાજાનેારે; ઘર ઘર ભીખ
ભમાડીયેા, મત કેાઇ કરેા ગુમાનેારે. પેખ૦ ॥૧૪॥ ઘણા
દિવસ હરિને વહે, બલભદ્ર કાંધે વીરેારે; હરિચંદ્ર રાજાએ
આણિયેા, નીચતણે ઘરે નીરેારે, પેખ૦ ॥ ૧૫ ॥ સાઠ
સહસ સૂત સામટા, સગરરાયના સારેારે; નાગકુમારે
બાલીયા, કરમ તણેા પરિચારેારે. પેખ૦ ॥ ૧૬ ॥ તીર્થંકર
ચક્રવર્તી હરી, જે સુખ ભેાગને દેખેરે, શાલિભદ્ર સુખ
ભેાગવે, તે સહુ કરમ વિશેષેરે. પેખ૦ ॥૧૭॥ સિંહ ગુફા
વાસી મુનિ, દેાડયેા કેાશ્યા બેાલેરે; રતન કંબલ કારણ
ગયેા, ચૌમાસે ને પાલેરે. પેખ૦ ॥ ૧૮ ॥ સાધુ થઈ ચંડ-
કેાશિયેા, પામી વીર સંયેાગરે; અણસણ લહી સૂધેં મને,
વિલસે સુરના ભેાગરે. પેખ૦ ॥ ૧૯ ॥ અબલા સબલેા
જાણીને, સૂતી કંત વિમાષીરે; રાત્રિ માંહે મૂકી કરી, નળ
રાજા ગયેા નાસીરે. પેખ૦ ॥ ૨૦ ॥ સતીય શિરેામણી
દ્રૌપદી, નામ થકી નિસ્તારેારે; કરમ વશે તેણે સહી, પંચ
વર્યા ભરતારેારે. પેખ૦ ॥ ૨૧ ॥ સહસ પચીશ સેવા કરે,

સુર લખમી નહિં પારોરે; સુભુમ ચક્રીશ નરકે ગયો, બ્રહ્મદત્તએ અધિકારોરે. પેખ૦ ॥ ૨૨ ॥ ધન્ય ધન્ય ધનો ધીરજે, પગ પગ રિદ્ધિ વિશેશોરે; કરમ પસાય થકી લહે, કયવન્નો વલી દેસોરે. પેખ૦ ॥ ૨૩ ॥ વસ્તુપાલ તેજપાલ જે, કરણ અને વલી ભોજોરે; વિક્રમ વિક્રમ પૂરિયો, કરમ તણી એ મોજોરે. પેખ૦ ॥ ૨૪ ॥ સંવત સત્તર તેરોતરે, શ્રી સુમતિ હંસ ઉવઝાયરે; કરમ પચીશી એ ભણી, ભણતાં આણંદ થાયરે. પેખ૦ ॥ ૨૫ ॥

શ્રી ઘડપણની સજ્ઝાય.

અયવંતી સુકુમાર સૂણો ચિત્ત લાય એ દેશી.

ઘડપણ તું કાં આવિયોરે, તુજ કુણ જોયે છે વાટ; તું સહુને અલખામણોરે, જેમ માંકણ ભરી ખાટરે. ઘડ૦ ગતિ ભાંજે તુંજ આવતાંરે, ઉદ્યમ ઉડી જાય; દાંતડલા પણ ખસી પડેરે; લાળ પડે મુખ માંયરે. ઘડ૦ ॥ ૨ ॥ બલ ભાંગે આંખો તણોરે; શ્રવણે સૂણિયો ન જાય; તુજ આવ્યે અવગુણ ઘણારે, ધવલી હોયે રોમરાયરે. ઘડ૦ ॥૩॥ કેડ દુઃખે ગુડા રહેરે, મુખમાં સાસ ન માય; ગાલે પડે કડોચલીરે, રૂપ શરીરનું જાયરે. ઘડ૦ ॥ ૪ ॥ જીભલડી પણ લડથડેરે, આણ ન માને કોય; ઘરે સહુને અલખામણોરે, સાર ન પૂછે કોયરે. ઘડ૦ ॥ ૫ ॥ દીકરડા નાશિ ગયારે, વહુઅર દીયે છે ગાલ; દીકરી નાવે ડુંકડીરે, સબલ પડયો છે જંજાલરે. ઘડ૦ ॥ ૬ ॥ કાને તો ઢાંકો વલીરે, સાંભલે નહીંય લગાર; આંખે તો છાયા વલીરે, એ તો દેખી ન શકે લગારરે. ઘડ૦ ॥ ૭ ॥ ઉંબરો તો ડુંગર થયુંરે, પોલ

થઈ પરદેશ, ગોલી તો ગંગા થઈરે, તુમે જુઓ જરાના વેશરે. ઘડ૦ ॥ ૮ ॥ ઘડપણ વાહાલી લાપશીરે, ઘડપણ વાહાલી ભીત; ઘડપણ વાહાલી લાકડીરે; જુઓ ઘડપણની રીતરે. ઘડ૦ ॥ ૯ ॥ ઘડપણ તુંઅ કહ્યાગરોરે, અણ તેડયો મા વેસ; જોબનીયુ જગ વાલહોરે, જતન હું તાસ કરેશ. ઘડ૦ ॥ ૧૦ ॥ ફટ ફટ તું અભાગીયાહે, યોવનનો તું કાલ; રૂપ રંગને ભંગી જતોરે, તું તો મહોટો ચંડાલરે. ઘડ૦ ॥ ૧૧ ॥ નીસાસે ઉસાસ મેરે, દૈવને દીજીયે ગાલ; ઘડપણ તું કાં સરજીયોરે, લાગ્યો મહારે નિલ્લાડરે. ઘડ૦ ॥ ૧૨ ॥ ઘડપણ તું સદા વડોરે, હું તુજ કરું રે જુહાર; જે મેં કહી છે વાતડીરે, જાણજે તાસ વિચારરે. ઘડ૦ ॥૧૩॥ કોઈ ન વંછે તુજનેરે, તું તો દૂર વસાય; વિનયવિજય ઉવજ્ઝાયનુંરે; રૂપવિજય ગુણ ગાય. ઘડપણ૦ ॥ ૧૪ ॥

ઋતુવંતીની સજ્ઝાય.

હો વાંસલડી વેરણ થઇ લાગીરે વ્રજની નારને એ દેશી.

સુણ સોભાગી સુખકારી જીન વાણી મનમાં આણી; શિવ સાધક જીનવરની વાણી, કેઇ તરિયા તરશે ભવિ પ્રાણી, પીસ્તાલીશ આગમ શુભ જાણી. સુણ૦ ॥ ૧ ॥ જે પવિત્ર થઇને સાંભલીએ, અપવિત્રતાઇ દૂરેં કરીએ, સમવસરણ માંહે જિમ સંચરિએ. સુણ૦ ॥ ૨ ॥ અપવિત્રતાઈ અલગી કરજો, ઋતુવંતી સંગતિ પરિહરજો, અસજ્ઝાઇથી દૂરે સંચરજો. સુણ૦ ॥૩॥ દર્શન દેહરે કરો ચોથે દિવસે, પડિક્કમણું પોસહ પરિહરશે સામાયિક ભણવું નવિ કરશે. સુણ૦ ॥૪॥ બોધિબિજ તે કીધે જાશે, જ્ઞાનાવરણીય કર્મ તે બંધાશે;

સમકિત તેહનું મૂળથી નાશે. સુણ૦ ॥ ૫ ॥ દિન સાતે જીનવર પૂજી જે, નાત જાતમાં જમવા નવિ જઇયેં; વલી હાથે દાન નવિ દીજે. સુણ૦ ॥ ૬ ॥ ઋતુવંતી તુમે અલગી રાખો, ઘર કારજ કાંઇ મત ભાખો; અન્નપાણી શય્યા દૂર રાખો. સુણ૦ ॥ ૭ ॥ ઋતુવંતી સાધુને વહોરાવે, તસ પાતકથી નરકે જાવે. પાંચે મહાવ્રત અલગા થાવે. સુણ૦ ઋતુવંતી જો વહાણમાં બેસે, તે પ્રવહણ સમુદ્રમાં પેસે; તોફાન ઘણેરા તે લહેશે. સુણ૦ ॥ ૯ ॥ અજીઠ હિંગલો થાયે કાલો, એકેંદ્રિય દલને દુઃખ ભાલો; તો પંચેંદ્રિય વિશેષે ટાલો. સુણ૦ ॥ ૧૦ ॥ સિવાદિક શાસ્ત્રે એમ વાણી, ઋતુવંતી રાખો દૂર જાણી; વળી અસુર કુરાણે ઇમ વાણી. સુણ૦ ॥ ૧૧ ॥ પહેલે દિન ચાંડાલણી સરખી, બીજે દિન બ્રહ્મઘાતણી નિરખી ત્રીજે દિન ધોબલડી પરખી. સુણ૦ ॥ ૧૨ ॥ આંડણ પીસણ રાંધણ પાણી, તસ ફરસે દુઃખ લહે આણી; જ્ઞાનીને હોય જ્ઞાનની હાંણી. સુણ૦ ॥૧૩॥ સૂત્ર સિદ્ધાંત મંત્રજ નાહિં ફલે, અસજ્ઝાયેં આશાતના સબલે; પહોર બોંતેર પછી ના એહવી મલે. સુણ૦ ॥૧૪॥ આશાતના અસજ્ઝાયની રાખી, જીન મુનિ રત્નવિજય ગુરૂ સાખી એ ધર્મ કરણી સાચી ભાખી. સુણ૦ ॥ ૧૫ ॥

તમાકુ પરિહારની સજ્ઝાય.

પ્રિતમ સેંતી વિનવે, પ્રેમદા ગુણની આણ. મેરે લાલ. મનમોહન એકણ ચિત્તે, સાંભલો ચતુર સુજાણ. મે૦ ॥૧॥ કંત તમાકુ પરિહરો. એ આંકણી. મૂકો એહનો સંગ, મે૦ પંચ સાંહે જશ લીજીયે, ડીલે વાધે રંગ, મે૦ કંત૦ ॥૨॥

તમાકુ તે જાણીયે, ખુરાસાણીની આક, મે૦ ઉત્તમ જન તે ઈમ કહે, પીવાની તલાક. મે૦ કં૦ ।। ૩ ।। દૂધ દહીં તે પીજીયે, પીજીયે સાકર ખાંડ, ઘૃત પીજે તન ઉલ્લસે, તમાકુ પરિ છાંડ. મે૦ કં૦ ।। ૪ ।। મહોટા સાથે બોલતાં, મનમાં આવે લાજ, મે૦ દિવસ તે એલે નિગમે, વિણસાડે નિજ કાજ. મે૦ કં૦ ।। ૫ ।। હોઠ લિહાલા સારિખા, શ્વાસ ગંધાયે જેણ, મે૦ દાંત હોવે પણ શામલા, હૈયડું દાઝે તેણ. મે૦ કં૦ ।। ૬ ।। એંઠ પરાઇ આચરે, વટલાવે નિજ જાત, મે૦ વ્યસની વાયો નવિ રહે, ન ગણે જાત પરજાત. મે૦ કં૦ ।। ૭ ।। એકણ ફુંકે જેટલા, વાયુકાય હણાય, મે૦ ખસ ખસ સમ કાયા કરે, તો જંબુદ્વીપ ન માય. મે૦ કં૦ ।। ૮ ।। ગુડાકૂ કરી જે પીએ, તે નર મૂઢ ગમાર, મે૦ જલ નાંખે જે સ્થાનકે, માખીનો સંહાર. મે૦ કં૦ ।। ૯ ।। ચૌમાસાના કંથુઆ; તે કિમ શુદ્ધજ થાય, મે૦ તમાકુ પીતાં થકાં પાપે પિંડ ભરાય. મે૦ કં૦ ।। ૧૦ ।। તલક તમાકુ વાપરે, પરોણા ને ભાગ્ય, મે૦ આગેં કરતાં લાપશી, હવે ઠીકરૂંને આગ. મે૦ કં૦ ।। ૧૧ ।। પાણી એકને બિંદુયેં, જીવ કહ્યા જીનરાય, મે૦ વડખીજ સમ કાયા કરે, જંબુદ્વીપ ન માય. મે૦ કં૦ ।। ૧૨ ।। અગ્નિ એકને ખોડલે, જીવ કહ્યા જીનરાય, મે૦ સરસવ સમ કાયા કરે, તો જંબુદ્વીપ ન માય. મે૦ કં૦ ।।૧૩।। થુંકયે સમૂર્છિમ ઉપજે, નર પંચેંદ્રિય જાણ, તેહ અસંખ્યાતા કહ્યા, શ્રી જગદીશની વાણ. મે૦ કં૦ ।।૧૪।। જલમાં જીવ કહ્યા વલી, સંખ્ય અસંખ્ય અનંત, મે૦ નીલ ફૂલ તિહાં ઉપજે, અગ્નિ પ્રજાલે જંત. મે૦ કં૦ ।।૧૫।। તમાકુ પીતાં

થકાં, ષટ કાય જીવ હણાય; જ્યોતિ ઘટે નયણાં તણી, શ્વાસે પિંડ ભરાય, મે૦ ઉત્તમ કોઈ પીયે નહીં, પંચોમાં પત જાય. મે૦ કં૦ ॥ ૧૬ ॥ તમાકુની સંગતે, આવે સાત વ્યસન, મે૦ દોય ઘડી નિવૃત્ત કરો, સેવો શ્રી ભગવંત. મે૦ કં૦ ॥ ૧૭ ॥ દયા ધર્મ જાણી કરી, સેવો ચતુર સુજાણ, મે૦ આનંદ મુનિ ઇમ ઉચ્ચરે, તે લહે કોડી કલ્યાણ. મે૦ કં૦ ॥ ૧૮ ॥

હરિશ્ચંદ્રરાજાની સજ્ઝાય.

દુહો.

ગુરૂપદ પંકજનમી, સમરી શારદ માય;
સત્યવાદી હરિશ્ચંદ્રની, ઉત્તમ કહું સજ્ઝાય. ॥ ૧ ॥

(પંથીડા સંદેશો કહેજ્જે સ્યામને–એ દેશી.)

સત્ય શિરોમણિ, હરિશ્ચંદ્ર પૃથ્વીપતિ, નગરી અયોધ્યા જેની સ્વર્ગ સમાનજ્જે; સુરગુરૂ સમ વસુભૂતિ, મંત્રી જેહનો રાણી સુતારાને, કુમાર દેવ સમાનજ્જે. સત્ય૦ ॥ ૧ ॥ અવસર જાણી સુરપતિ, એક દિન ઉચરે, હરિશ્ચંદ્રના ગુણ દેવને કરે જાણજ્જે; પ્રાણ જતાં પણ સત્યપણું છોડે નહિં, મનુષ્ય છતાં પણ કેટલાં કરૂં વખાણુજ્જે. સત્ય૦ ॥ ૨ ॥ સ્વામિ વચને શ્રદ્ધા નહિં બે દેવને, તેણે વિકુર્વ્યા, તાપ સો પુરની બાહ્યજ્જે; સુવર થઇને નાશ કર્યો આરામનો, પોકાર કરતો ગયો તાપસ પુરમાંયજ્જે. સત્ય૦ ॥ ૩ ॥ સાંભળી નૃપતિ ચાલ્યો, તાપસ આશ્રમે, હાથમાં લઇને ખેચ્યું તાણી તીરજ્જે; ગર્ભણી હરણીને વચમાં લાગી ગયું, હરણી મરતાં

કુલપતિ કુટે શિરજો. સત્ય૦ ।। ૪ ।। પશ્ચાતાપની સીમા ન રહી રાયને, કુલપતિ પાસે નૃપ નમાવી કાયજો; પ્રાયશ્ચિત માટે રાજપાટ દેઉ આપને, પાપ હત્યા જો લાગેલી મુજ જાયજો. સત્ય૦ ।। ૫ ।। ઉપર લાખ સોનૈયા આપું પુત્રીને, પોષેલી મૃગલી જેણે દિવસને રાતજો; કુળપતિ કહે હું રાજા આજથી પુરનો, લાખ સોનૈયા દ્યો વેચી તુમ જાતજો. સત્ય૦ ।। ૬ ।। રાજ્યને તજતાં, આડો મંત્રી આવીયો, ત્યારે તાપસે કીધો મંત્રી કીરજો; કપિંજલ અંગ રક્ષક વચમાં બોલીયો, તેને પણ કીધો જંબુક છાંટી નીરજો. સત્ય૦ ।। ૭ ।। કસોટી કીધી દેવે રાજ્ય તજાવીયું, તોપણ સત્યમાં અડગ રહ્યા છે ભૂપજો; કાશી નગરીમાં જઈ ચૌટામાં રહી, વેચાણ માટે ત્રણે ઉભા ચૂપજો. સત્ય૦ ।। ૮ ।। વેચાણ લીધી રાણીને એક બ્રાહ્મણે કુમારને પણ વેચ્યો બ્રાહ્મણ ઘેરજો; પોતે પણ વેચાણો ભંગીના ઘરે, કર્મ રાજાએ કીધો કાળો ફેરજો. સત્ય૦ ।। ૯ ।। જળ વહન કર્યું બાર વરસ લગે નીચજો, નોકર થઈને વર્ત્યો ચંડાળ ઘેરજો; દુઃખ સહન કરવામાં મણા રાખી નહિં, તોપણ કરમે જરા ન કીધી મહેરજો. સત્ય૦ ।। ૧૦ ।। રાક્ષસી રૂપ કરાવી કીધી વિટંબના, તારામતીને ભરી સભાની માંયજો; નાગ ડસાવી મરણ કર્યો રોહીતાશ્વને, વિખુટો પડ્યો તારામતીથી રાયજો. સત્ય૦ ।। ૧૧ ।। મૃતક અંબર લેવા પ્રેત વને ગયો, ચંડાળના કહેવાથી નોકર રાયજો; આવી સુતારા કુમાર મૃતકને ઉંચકી, દહન ક્રિયા કરવા મૂકી કાયજો. સત્ય૦ ।। ૧૨ ।। રૂદન કરતી છાતી ફાટ ને કુટતી, ખોળામાં લઈને બાળક ઉપર પ્રેમજો; એટલામાં

હરિ આવ્યો દોડતો આગળે, ઓળખી રાણીને પૂછે છે કુશલ ક્ષેમજો. સત્ય૦ ॥ ૧૩ ॥ સુતારા કહે પુત્ર મરણની આ દશા, ચંડાળ થઈને મને વેચી દીજ ઘેરજો; રાજ્યપાટ ગયુ કુટુંબકબીલો વેગળો, પુત્ર મરણથી વર્ત્યો કાળો કેરજો. સત્ય૦ ॥ ૧૪ ॥ બાર વરસ લગે ભંગીપણું આપે કર્યું, ચાકરડીપણું થયું મ્હારે શિર તેમજો; કુંવર ડસાવ્યો વનમાં કાષ્ટ લેવા જતાં, સ્વામિ હવે શું પૂછો છો કુશલ ક્ષેમજો. સત્ય૦ ॥ ૧૫ ॥ પ્રભુ હવે તો દુઃખની હદ આવી રહી, શિરપર ઉગતા બાકી છે હવે તૃણજો; દુઃખ લખ્યું હશે કેટલું આપણા ભાગ્યમાં, નાથ હવે તો માંગું છું હું મરણજો. સત્ય૦ ॥ ૧૬ ॥ ગભરાયો નૃપ રાણીની વાતને સાંભળી, ધીરજ ધારી કર્યું હૃદય કઠીનજો; સહન કરીશ હું જેટલું જે, દુઃખ આવશે પણ સૂર્યવંશી થાશે નહી કદી દીનજો. સત્ય૦ ॥ ૧૭ ॥ આટલું બોલી પ્રેમનું બંધન તોડીને, મુખ ફેરવીને માંગ્યું મૃતકનું વસ્ત્રજો; રાયની અવસ્થા સુતારા સમજી નહીં, ફરી ફરી નૃપના હાથમાં દે છે પુત્રજો. સત્ય૦ ॥ ૧૮ ॥ પુત્રના સંબંધનું કામ નથી હવે માહરે, ત્યારે શું કહો છો બોલો થઈ સન્મુખજો; લજ્જા મુકી અશ્રુથી નેત્રોભરી નૃપે, માંગ્યું અંબર મૃતકનું ફરી ઉન્મુખજો. સત્ય૦ ॥ ૧૯ ॥ એટલામાં કરી દેવે વૃષ્ટિ પુષ્પની, સત્યવાદી તમે જય પામો મહારાજજો; કસોટી કીધી દુઃખમાં નાંખી આપને, ક્ષમા કરોને સત્યતણા શિરતાજજો ? સત્ય૦ ॥ ૨૦ ॥ દીધું વરદાન દેવે રાજ્ય આબાદનું, સજીવન કરી પુત્રને ગયા દેવલોકજો; મંત્રીશ્વર અંગ રક્ષક બંને આવીયા, શ્લાઘા થઈ છે નૃપની ત્રણે

લોકજો. સત્ય૦ ।। ૨૧ ।। ધન્ય છે ધન્ય છે સત્ય શિરોમણી રાયને, જેમ જેમ કસીયે તેમ તેમ કંચનવાન જો; સુરપતિ આગળ સ્તુતિ કરે હરિચંદ્રની, દીઠો ન જગમાં ધૈર્યમાં મેરૂ સમાનજો. સત્ય૦ ।। ૨૨ ।। વિચરંતા પ્રભુ શાંતિ જીનવર આવીયા, રાયને રાણી વંદન અર્થે જાય જો; દેશનાંતે હરિશ્ચંદ્રે પૂરવ ભવ પૂછીયો, શા કારણથી ભંગીપણું મુજ થાય જો? સત્ય૦ ।। ૨૩ ।। બાર વરસ લગે દુઃખના ડુંગર દેખીયા, સુતારા શિરપર આવ્યું મહાન કલંકજો; વિખુટો કર્યો પુત્રને રાણીથી મુજને, કારણ વિણ કદી કાર્ય બને ન નિઃશંકજો. સત્ય૦ ।। ૨૪ ।। પ્રભુ કહે રાય રાણી તુમે પૂર્વે હતા, સાર્થ સાથે બે મુનિ આવ્યા તુમ ગામ જો રૂપ, દેખીને રાણી વિંધાણી કામથી; બોલાવે દંભથી દાસી દ્વારા ભીડી હામજો. સત્ય૦ ।। ૨૫ ।। હાવભાવ દેખાડયા બહુ એકાંતમાં, પણ મુનિ કહે છે ભસ્મ થયો અમ કામ જો; તેથી અમારો કામ નથી હવે જાગતો, વળી મળ મુત્રની કુંડી કાયા છે ઉદામ જો. સત્ય૦ ।। ૨૬ ।। નિરાશી થઇ રાણી નૃપ કને જઈ, આળ ચડાવ્યું મુનિ ઉપર નિરધાર જો. તાડના પૂર્વક બંદીખાને નખાવીયા; માસાં તે રાય કરે પસ્તાવો અપારજો. સત્ય૦ ।। ૨૭ ।। દોષ ખમાવી મુનિથી સમકિત પામીયા, મુનિવર બંને કાળ કરી દેવલોક જો, કસોટી મિષથી વૈર પુરવ તેણે વાળીયું; સુખ દુઃખ નિમિત્ત કર્મ જાણી તજો શોક જો. ।। ૨૮ ।। રાયને રાણી જાતિ સ્મરણ પામીયાં, અલ્પ નિદાનને દીઠો વિપાક મહાન જો, જગતની વિચિત્રતા સર્વે અનુભવી, કર્મ બંધનના છોડયા સકલ નિદાન જો. સત્ય૦ ।। ૨૯ ।। સાંકેતપૂરનું રાજ્ય દઈ રોહિતાશ્વને, દીક્ષા

લીધી સોલમા જીનવર પાસ જો, કેવલ પામી શિવપુરમાં સિધાવીયાં, નીતિ ઉદયનો કરજો શિવપુર વાસજો. સત્ય૦॥૩૦॥

બેરંદ્રિની સજ્ઝાય.

બેઇંદ્રિ બોલેરે મુખથી એહવું, શું કરવા અમ મારે રે, તારૂ હૈડું રે કેમ પુટી ગયું, દયા દયા પોકારે રે. બે૦ ॥ ૧ ॥ વાસી અન્ન જે ધાંનને રોટલી, તેહમે રહ્યા અમે ઝાઝારે, તેહનું ભક્ષણ કરતો તું નવી બીયે, શાસ્ત્રની મુકી તે માજારે. બે૦ ॥ ૨ ॥ વીશ વસાં નીરે તારી દયા ગઇ, કાંઇ ન રહી બાકી રે; ઉનું પાણીરે વાસી પીવતા, સચિત સમાન એ વાકીરે. બે૦ ॥ ૩ ॥ બેઠવાંણી નારે પાણીમાં હુવે, સમુર્છિમ પંચેંદ્રિ સુધીરે, ચૌદ સ્થાનકીઆરે જીવને વિચારતાં, કેમ ગઇ તુજ બુદ્ધિરે, બે૦ ॥૪॥ મોંઢે પાટોરે દીન આખો રહે, થુંક મેલ પર સેવો રે, તીહાં કને ઉપજે જીવ અસંખ્ય જે, તેહ વિચારિને જુવોરે. બે૦ ॥ ૫ ॥ ઢુઢક ઢુઢક સઘળે ભાટકે, ધર્મ ન પામ્યો લેશજી; રાજ દરબારને નીચના આહારથી, દયા ગઇ છે વિશેષજી. બે૦ ॥ ૬ ॥ બેઇંદ્રિ વચન તે એહવાં બોલતા, સાને તું સાધ કહાવેરે, વડી નીતિને લઘુ નીત ચુથતાં, તીહાં તુંજ દયા ન આવે રે. બે. ॥ ૭ ॥ એકેંદ્રિનોરે ઉગારો કરે, બેરેંદ્રિને તું બાયરે, વિદળવિદારીને કુડાં બોલતા, નીચ ગતિએ તે જાયરે. બે૦ ॥૮॥ દયા વિચારિરે સૂત્ર સિદ્ધાંતથી, ધારજો ગુરૂ ઉપદેશરે, દશ વૈકાલીકેરે હિંસા ટાળવી, અનુબંધી વિશેષોજી. બે૦ ॥ ૯ ॥ ઇમ જાણીનેરે કુમતિ ટાળજો, એ જીન મુનિવર વાણીરે, રત્નવિજય ગુરૂ ચરણ કમળ નમી, ધર્મ કરો

સવી પ્રાણીરે. બે૦ ।। ૧૦ ।। સૂત્ર ઉથાપે સમકિત હીણો, કરે નીચનો આહાર, સમકિત વિનાનો સમકિત આપે, તે નહી તારણહાર. બે૦ ।। ૧૧ ।।

ચોરાસી લાખ જીવાયોનિમાં મુંગાં બહેરાંદિનો છપ્પો.

લક્ષ ચોરાસી યોનિમેં, મુંગા બાવન લાખ, બત્રીશ કહીએ બોલતાં, ચોપનને નહિ નાક. ।। ૧ ।। ચોપનને નહિ નાક, ત્રીશ લાખ નાક વખાણું, છપન આંખે હીણ, અઠયાવીશ દેખતા જાણું. ।। ૨ ।। છવીસ કાને સાંભળે, અઠાવન કાને હીણ કહ્યા, કવિ સુર ગંગ વિનંતિ કરે, લક્ષ ચોરાસી યોનિ એમ થયા. ।। ૩ ।। સંપૂર્ણ.

અથ શ્રી નાગદત શેઠની સજ્ઝાય.

નગરી ઉજેણીરે નાગદત શેઠ વસે, જસોમતી નામે નારોજી; પુત્ર છે નાનોરે તેહને વાલહો, નાણ વીવીધ પ્રકારોજી, મમ કર મમતારે સમતા આદરો. ।। ૧ ।। તેહીજ શેઠેરે મોહોલ ચણાવતાં બાર વરસ વહી જાયજી, પછી ચીતારારે તેણે તેડાવીયા ભલામણ દીયે તેણી વારજી. મ૦ ।। ૨ ।। વાદળીઆ રંગના કરજે વળી, કોઇ દીન તે નવી જાયજી; ત્યાં કને ચૌનાણી મુનીવર નીકલ્યા, હસવું કરે તેણી વારજી. મ૦ ।। ૩ ।। શેઠ જોઇ તીહાં મન શું ચીંતવે, એ નહી મુની આચારોજી; હું ભલામણ દેઉ મુંજ મોલની તેમાં મુનીનું શું જાયજી. મ૦ ।। ૪ ।। નવરો થાઉ તો જાવ મુની પુછવા ઇમ ચીંતવી જમવા આવેજી;

પુત્ર છે નાનો રે તેહનો હુલરાવતો, પુત્ર માત્રા કરી જાવેજી. મ૦ ॥ ૫ ॥ પુત્રના માત્રાના છાંટા પડ્યા, તેહની થાળી માંહેજી; તેહ નવી ગણુકાયું આવા માંડીએ ઘૃત પરે તેણી વારેાજી, મ૦ ॥ ૬ ॥ મુની પણ ફરતા ફરતા રે ગૌચરી, આવ્યા તેહને ઘેરેાજી, વળી પણ મુનીને હસવું આવીયું, જોઇ ચીંતવે તેહેાજી. મ૦ ॥૭॥ સંશય પડયેારે નાગદત શેઠને પછી જમી દુકાને જાયજી, બેાકડેા લેઇને કસાઇ નીકલ્યેા, તેહ દુકાને આવેજી. મ૦ ॥ ૮ ॥ કહે કસાઇ રે એહ દે બેાકડેા, નહીંકાં દે તસ નાણુજી; નાગદત ચીંતવેરે એહ નાણાં તણું, દીસે નહિ ઠેકાણુંજી. મ૦ ॥ ૯ ॥ એમ ચીંતવીને વસ્ત્ર આડુ કર્યું; બેાકડેા ઉતરી જાયેજી, ઉતરતાં તેહને આંસુ પડયાં તીંહાં અણગાર આવેજી. મ૦ ॥૧૦॥ આંસું દેખીને મુની મેા પલટીયું, વલી ચીંતે મન શેઠેાજી; તે મુની ત્રણ વેલા હસવું કર્યું, સુ કામે એ એથ્થેાજી. મ૦ ॥ ૧૧ ॥ એમ ચીંતવીને નાગદત શેઠજી, ખાઇ પછે મુખ-વાસજી; ઉઠી તીહાંથી પેાસહ શાળામાં, બેઠેા મુનીને પાસેજી. મ૦ ॥ ૧૨ ॥ મુનીને પુછેરે તમે હાંસી કરી, ત્રણવાર મુંજ આજજી, તેહનું કારણ આવ્યેા પુંછવા, કહેા મહેર કરી મહારાજજી. મ૦ ॥૧૩॥ પહેલી ભળાંમણ ચીતારાને કરી ત્યાં કરી તુમે હાંસીજી, ઘરનું કામ કેાણ કરતા નથી; તેહથી થયેા હું નીરાશજી. મ૦ ॥ ૧૪ ॥ તેહનું કારણ મુંજને કીજીએ, જેમ મન રાજી થાયજી; મુની કહે તુજ પુછયાનું કામ નહી, સુણ દેવાણુ પીયા ભાઇજી. મ૦ ॥ ૧૫ ॥ તેાપણ શેઠે હઠ કર્યો આકરેા;

મુની બોલ્યા તેણી વારોજી, સાત દીવસનું રે તારૂ આવખું, સાંજે કરીશ તું કાળજી. મ૦ ॥ ૧૬ ॥ મહોલની ભલામણ જગોજગની દીજીએ, તાહરૂ ભાતું ન લેવેજી; તે કારણ મુજને હસવું આવીયું; ઇકારણ પ્રભાવેજી. મ૦ ॥ ૧૭ ॥ વળી શેઠે પુછયું મુનીવર ભણી, શે રોગે મુજ મોતજી; મુની કહે સુલ થાશે કપાલનો, આકરો રોગ ઉદ્યોતજી. મ૦ ॥ ૧૮ ॥ જીવ આવ્યો એકલોને વળી જાશે એકલો, પરભવ નહી સથવારોજી; પુત્ર માતાને પરિગ્રહ અસાર છે, વળી કલત્રા દીકરી વારોજી. મ૦ ॥૧૯॥ વનમાં વડ રે એક મોટો હતો, બહુ કરી કરી તસ છાયાજી; પંખી આશ્રય લેવે ઘણાં, શીતળ જેહની છાંયાજી. મ૦ ॥ ૨૦ ॥ દવ જળ લાગ્યોરે માંડયાં ઉડવા, બલે એકલતરૂ સારોજી; તીમ જીવ પરભવ જાશે એકલો, પાપ છે દુઃખ દાતારોજી. મ૦ ॥ ૨૧ ॥ જીમ કોઇ શેઠનેરે રાજ કુંવર હતો, એકલો ગયો પ્રદેશજી; ભાતુ નવિ લીધુરે મુંઝાણો ઘણું; તિમ પરભવ દુઃખ સહેસોજી. મ૦ ॥ ૨૨ ॥ જીમ કોઇ મેમાન ઘરે આવીયો, તેહને ચાલતાં શી વારોજી; ઇમ ઉઠીને રે ચોર્યાંસીનું ચાલવું, ન જોવે નક્ષત્ર તીથીને વારોજી. મ૦ ॥ ૨૩ ॥ ઘરના કામરે સબ અધવચ રહે, દુઃખ સહ્યાં ન જાશેજી; તું ભલામણ દેતો તો મોહોલની; પણ પરભવ શું થાશેજી. મ૦ ॥ ૨૪ ॥ વાલેસર વીના એકજ ઘડી, નવી સહે તું લગારજી, તે વીણ સુણ જનમારો વહી ગયો, નહી કાગળ સમાચારજી. મ૦ ॥ ૨૫ ॥ કાંઈક શેઠ રે પાપથી ડર્યો ઘણું; આંણી મન મોઝારોજી, સુંધી ધર્મ કરણી સમાચારો; તો તરસો સંસારોજી. મ૦ ॥૨૬॥

શેઠે બીજેરે પ્રશ્ન પૂછીયેા, હું મુંજ પુત્ર રમાડુંજી; તીહાં કને તમે હસવું કર્યું, મન તેથી ભરમાણુંજી. મ૦ ।।૨૭।। મુની કહે તુંજ સ્ત્રીનેા જાર છે, તે તારે હાથે માર્યોજી, તે વેર લેવા તુંજ કુળે ઉપજ્યેા, સાંભળ તેહનેા વિસ્તારેાજી. મ૦ ।। ૨૮ ।। ઝેર દેઇ તુજ નારીને મારશે, વરતસે ભુંડે આચારેાજી, નાણું ખેાશે વ્યસની અતી ઘણેા, મુરખેા તે બહુ થાશેજી. મ૦ ।। ૨૯ ।। હવે મેાટેા થાશેને મેાહેાલ તે વેચશે, નહિં રેવાદે કાંઇજી, માત્રા તું ખાતેાતેા એહની તેણે મુંજ હસવું થાયજી. મ૦ ।। ૩૦ ।। શેઠે ત્રીજે રે પ્રશ્ન રે પુછીયેા જે બેાકડાનેા દ્રષ્ટાંતજી, શે કારણ તુંમે હસવું કર્યું, તે ભાંખેા ભગવંતજી. મ૦ ।। ૩૧ ।। મુની કહે કુડકપટ પ્રભાવથી વળી કુંડાં તેાલાંને માપેજી; તેથી માહા પાપેરે તીર્યંચ ઉપજે, ગુઢ માયા પ્રભાવેજી. મ૦ ।। ૩૨ ।। એક દીન શેઠ રે બેઠાતેા હાટમાં–તીહાં આવ્યેા ચંડાલેાજી; રૂત લેવાને આવ્યેાતેા તે કને, કપટ કેલવે શાલેાજી. મ૦ ।। ૩૩ ।। કપટ કેલવીને રૂત ઓછેા દીએા, ખાઇ ગયેા દેાય સેરેાજી, ઘરે જઇને તેણે તે તેાલીયું; થયેા કદાગ્રહ અપારેાજી. મ૦ ।।૩૪।। કજીયેા થયેા તે પાછેા નવી દીયેા, દેણું રહી ગયું તામેાજી; મરી તુંજ બાપ થયેા તે બેાકડેા, મારવા લઈ ગયેા જામેાજી. મ૦ ।।૩૫।। તે લઇ તુજ દુકાને આવીયેા, તુંજ બાપને તેણી વારેાજી; જાતી સ્મરણ દેખીને ઉપજ્યું, પેઠેા હાટ મેાઝારેાજી. મ૦ ।। ૩૬ ।। લેાભના વશ થકી તુંજ નવી લઇ શકયેા, તવ ઉતરતાં સારેાજી; આંસુ ચેાધારાં તેહને પડ્યાં, આવ્યેા ક્રેાધ અપારેાજી. મ૦ ।। ૩૭ ।। તવ શેઠરે પાધરેા ઉઠીયેા, જીહાં

ચંડાળ તીહાં આવ્યોજી; કહે કસાઇને એહ દે બોકડો, તે કહે રહ્યો રંધાયજી. મ૦ ॥ ૩૮ ॥ મે દેવા માંડયો રે તો તે નવી લીયેા, તેણે મે નાંખ્યો મારીજી; ભાંગે પગે તે પાછો વલ્યેા, હવે મુનીને પુછે તેણી વારોજી. મ૦ ॥ ૩૯ ॥ નરકે ગયેા તે દુઃખ તીંહા અનુભવે, તે કપટે દુઃખીયેા થાયજી; ઈમ સુણી નાગદત્ત મનમાં ધુજીયેા, મનમાં તે પસ્તાયજી. મ૦ ॥ ૪૦ ॥ હવે શેઠે પુછયું મુનીવર ભણી, સાત દીવસનું આયુજી; હવે હું ધર્મ શી રીતે કરૂં, મુની કહે તપસા થાયજી. મ૦ ॥ ૪૧ ॥ એક દિવસનું રે ચારિત્ર સુખ દીયે, મુંકે અનુંતર મોઝારોજી; જેસા ભાવ તેસા ફલ નીપજે, તેણે મત કરજો ચીંતા લીગારજી. મ૦ ॥ ૪૨ ॥ ઇમ ચિંતવીનેરે નાગદત્ત શેઠજી, લેવે ચારિત્રનો ભારજી; પરિગ્રહ સઘળો અસાર તે જાણીઓ, મુક્તાં ન કરી કાંઈ વારોજી. મ૦ ॥ ૪૩ ॥ ચાર દિવસ તેણે ચારિત્ર પાળીયું, દીન ત્રણ કરો સંથારોજી; સાતમે દિવસે કપાળ તે શૂળ થયેા, મુનિ સરણાં દીયે તેણી વારોજી. મ૦ ॥ ૪૪ ॥ સરણાં લેતાં પુરૂ કર્યું આઉખુ, શુભ ધ્યાન મોઝારોજી; મરી સુધર્મા દેવલોક તે ઉપન્યેા, સુખ વિલસે શ્રીકારોજી. મ૦ ॥ ૪૫ ॥ ઇમ જાંણીનેરે ધર્મ જે આદરે, તે સુખ પામે અપારજી; જ્ઞાન વિમળસૂરિ તે એમ કહે, ધર્મે જય જયકારજી. મ૦ ॥ ૪૬ ॥

અથ શ્રી પર્યુષણ પર્વનો સ્વાધ્યાય.

પર્વ પજૂસણ આવિયાં રે લાલ, કીજે ઘણુ ધર્મ ધ્યાન રે; ભવિકજન આરંભ સકલ નિવારીયે રે લાલ,

જીવોને દીજે અભયદાન રે. ભ૦ પર્વ૦ ॥ ૧ ॥ એ આંકણી. સઘલા માસમાંહે શિરેં રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે; ભ૦ તિણમાંહે આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ પર્વ૦ ॥ ૨ ॥ આંડણ પીસણ ગારનાં રે લાલ, ન્હાવણ ધોવણ જેહ રે; ભ૦ એહવા આરંભ ટાલવા રે લાલ, ઉત્સવ કરિયેં અનેક રે. ભ૦ પર્વ૦ ॥ ૩ ॥ પુસ્તક વાસી ન રાખીયેં રે લાલ, ઉત્સવ કરિયેં અનેક રે ભ૦ ધર્મ સારૂ વિત્ત વાવરો રે લાલ, હૈયે આણો વિવેક રે. ભ૦ પ૦ ॥ ૪ ॥ પૂજી અરચિ આણીયેં રે લાલ, શ્રી સદ્‌ગુરૂની પાસ રે; ભ૦ ઢોલ દદામાં ફેરિયાં રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ પ૦ ॥ ૫ ॥ શ્રીફલ સિખર સોપારિયાં રે લાલ, દીજે સહામીને હાથ રે; ભ૦ લાભ અનંતા વધાવતાં રે લાલ, શ્રી મુખ ત્રીભુવન નાથ રે. ભ૦ પ૦ ॥ ૬ ॥ નવ વાંચન કલ્પસૂત્રનું રે લાલ, સાંભલો સુધો ભાવ રે; ભ૦ સાહામી વાસલ કીજિયેં રે લાલ, ભવજલ તરવા નાવ રે. ભ૦ પ૦ ॥ ૭ ॥ ચિત્ત કરિ ચૈત્ય જુહારિયેં રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે; ભ૦ અંગ પૂજા સદ્‌ગુરૂતણી રે લાલ, કીજે હર્ષ અપાર રે. ભ૦ પ૦ ॥ ૮ ॥ જીવ અમારી પલાવિયેં રે લાલ, તિણથી શીવ સુખ હોય રે; ભ૦ દાન સવંત્સરી દીજિયેં રે લાલ, ઈણ સમ પર્વ ન કોય રે. ભ૦ પ૦ ॥ ૯ ॥ કાઉસગ્ગ કરીને સાંભલો રે લાલ, આગમ આપણે કાન રે; ભ૦ છઠ્ઠ અઠમ તપ આકરા રે લાલ, કીજિયેં ઉજવલ ધ્યાન રે. ભ૦ પ૦ ॥ ૧૦ ॥ ઈણ વિધેં જે આરાધશે રે લાલ,

તે લહેશે સુખ કોડિ રે; ભ૦ મુક્તિ મંદિરમેં માલશે રે લાલ, મતિ હંસ નમે કર જોડિ રે. ભ૦ ૫૦ ॥ ૧૧ ॥

બીજની સજ્ઝાય.

બીજ કહે ભવી જીવને રે લોલ, સાંભળો આણી રીજ રે સુગુણ નર; સુકૃત કરણી ખેતમાં રે લોલ, વાવો સમકિત બીજ રે સુ० ॥૧॥ ધરજો ધર્મ શું પ્રીતડી રે લોલ, કરી નિશ્ચય વ્યવહાર રે સુ० ઇણ ભવ પરભવ ભવોભવે રે લોલ, હોવે જય જયકાર રે સુ० ધરજો० ॥ ૨ ॥ ક્રિયા તે આતર નાંખીએ રે લોલ, સમતા દીજે ખેડ રે સુ० ઉપશમ નીરે સિંચીએ રે લોલ, ઉગે જો સમકિત છોડ રે સુ० ધરજો० ॥ ૩ ॥ વાડ કરો સંતોષની રે લોલ, તે પાખર તસ ઠોર રે સુ०; વ્રત પચ્ચખાણ ચોકી ઠવો રે લોલ, વારજો કર્મરૂપ ચોર રે સુ० ધરજો० ॥ ૪ ॥ અનુભવ કેરી મંજરી રે લોલ, મોરે સમકિત વૃક્ષ રે સુ०; શ્રુત ચારિત્ર ફળ ઉતરે રે લોલ, તે ફળ ચાખજો શિષ્ય રે સુ० ધરજો० ॥ ૫ ॥ જ્ઞાનામૃત રસ પીજીએ રે લોલ, સ્વાદ લ્યો સમ તંબોળરે સુ०; એણે રસે સંતોષ પામશો રે લોલ, લેશો ભવનિધિ કુલ[1] રે સુ० ધરજો० ॥ ૬ ॥ ઇણવિધ બીજ તુમે સદ્દહો રે લોલ, છાંડી રાગ ને દ્વેષ રે સુ०; કેવળ કમળા પામીએ રે લોલ, વરીએ મુક્તિ સુવિવેક રે સુ० ધરજો० ॥ ૭ ॥ સમકિત બીજ જે સદ્દહે રે લોલ, તે ટાળે નરક નિગોદ રે સુ०; વિજયલબ્ધિ સદા લહો રે લોલ, નિત્ય નિત્ય વિવિધ વિનોદ રે સુ० ધરજો० ॥ ૮ ॥

---

૧ કાંઠો તીર.

પંચમીની સજ્ઝાય.

શ્રી ગુરૂ ચરણ પસાઉલે રે લોલ પંચમીનો મહિમાય આત્મા; વિવરીને કહેશું અમે રે લોલ, સુણતાં પાતક જાય આત્મા, પંચમી તપ પ્રેમે કરોરે લોલ. ॥ ૧ ॥ મને શુદ્ધે આરાધીએ રે લોલ, તુટે કર્મ નિદાન આત્મા; ઇહ ભવ સુખ પામે ઘણો રે લોલ, પરભવ અમર વિમાન આત્મા. પં૦ ॥ ૨ ॥ સકળ સૂત્ર રચ્યા થકી રે લોલ, ગણધર હુવા વિખ્યાત આત્મા; જ્ઞાન ગુણે કરી જાણતા રે લોલ, સ્વર્ગ નરકની વાત આત્મા. પં૦ ॥ ૩ ॥ જે ગુરૂ જ્ઞાને દીપતા રે લોલ, તે તરીયા સંસાર આત્મા; જ્ઞાનવંતને સહુ નમે રે લોલ, ઉતારે ભવ પાર આત્મા. પં૦ ॥ ૪ ॥ અજવાળી પક્ષ પંચમી રે લોલ, કરો ઉપવાસ જગીશ આત્મા; ૐ હ્રીં નમો નાણસ્સ ગુણણું ગણો રે લોલ, નવકારવાળી વીશ આત્મા. પં૦ ॥ ૫ ॥ પાંચ વર્ષ એમ કીજીએ રે લોલ, ઉપર વળી પંચ માસ આત્મા; યથાશક્તિ કરી ઉજવો રે લોલ, જેમ હોય મનને ઉલ્લાસ આત્માઃ યથાશક્તિ કરી ઉજવો રે લોલ, જેમ હોય મનને ઉલ્લાસ આત્મા. પં૦ ॥ ૬ ॥ વરદત્ત ને ગુણમંજરી રે લોલ, તપથી નિર્મળ થાય આત્મા; કીર્ત્તિ વિજય ઉપાધ્યાયનો રે લોલ, કાંતિ-વિજય ગુણ ગાય આત્મા. પં૦ ॥ ૭ ॥

શ્રી નવપદની સજ્ઝાય.

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદીએ, ગણવંતા ગણધાર સુજ્ઞાની; દેશના સરસ સુધારસ વરસતા, જિમ પુષ્કર

જળધાર. સુ૦ શ્રી૦ ।। ૧ ।। અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર સુ૦; શ્રી શ્રીપાળ ભણી જપ આપીઓ, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર. સુ૦ શ્રી૦ ।। ૨ ।। આંબિલ તપ વિધિ શીખી આરાધીયેા, પડિક્કમણાં દોય વાર સુ૦; અરિહંતાદિક પદ એક એકનેા, ગણણું દોય હજાર. સુ૦ શ્રી૦ ।। ૩ ।। પડિલેહણ દોય ટંકની આદરે, જિન પૂજા ત્રણ કાળ સુ૦; બ્રહ્મચારી વળી ભોંય સંથારે, વચન ન આળ પંપાળ. સુ૦ શ્રી૦ ।। ૪ ।। મન એકાગ્ર કરી આંબિલ કરે, આસો ચૈતર માસ સુ૦; શુદિ સાતમથી નવ દિન કીજીએ, પૂનમે ઓચ્છવ ખાસ. સુ૦ શ્રી૦ ।। ૫ ।। એમ નવ ઓળી એકાશી આંબિલે, પૂરી પૂરણ હર્ષ સુ૦; ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડા ચારે રે વર્ષ. સુ૦ શ્રી૦ ।। ૬ ।। એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીર્તિ રે થાય સુ૦; રેાગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દૂરે પલાય. સુ૦ શ્રી૦ ।। ૭ ।। સંપદા વાધે અતિ સેાહામણી, આણા હેાય અખંડ સુ૦; મંત્ર જંત્ર તંત્ર સેાહતેા, મહિમા જાસ પ્રચંડ. સુ૦ શ્રી૦ ।। ૮ ।। ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ સુ૦; મન અભિલાષ પૂરે સવિ તેહના, જે કરે નવપદ સેવ. સુ૦ શ્રી૦ ।। ૯ ।। શ્રીપાળે તેણી પરે આરાધીઓ, દૂર ગયેા તસ રેાગ સુ૦; રાજઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતેા, મનવંછિત લહ્યો ભેાગ. સુ૦ શ્રી૦ ।। ૧૦ ।। અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય સુ૦; એણી પરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ જસ વાદ ગવાય. સુ૦ શ્રી૦ ।। ૧૧ ।। સાંસારિક સુખ

વિલસી અનુક્રમે, કરી એ કર્મનો અંત સુ૦; ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવો, શાશ્વત સુખ અનંત. સુ૦ શ્રી૦ ॥ ૧૨ ॥ અમ ઉત્તમ ગુરૂ વયણ સુણી કરી, પાવન હુવા બહુ જીવ સુ૦; પદ્મવિજય કહે એ સુરતરૂ સમો, આપે સુખ સદૈવ. સુ૦ શ્રી૦ ॥ ૧૩ ॥

ચરણસિત્તરી કરણસિત્તરીની સજ્ઝાય.

પંચ મહાવ્રત દશ વિધ યતિ ધર્મ, સત્તર ભેદે સંજમ પાળેજી; વૈયાવૃત્ત્ય દશ નવ વિધ બ્રહ્મચર્ય, વાડ ભલી અજવાળેજી. ॥ ૧ ॥ જ્ઞાનાદિક ત્રણ બારે ભેદે, તપ કરી જેહ નિદાન જી; ક્રોધાદિક ચારનો નિગ્રહ, એ ચરણસિત્તરી માન જી. ॥ ૨ ॥ ચઉ વિધ પિંડ વસતિ વસ્ત્ર પાત્ર, નિર્દૂષણ એ લેવે જી; સમિતિ પાંચ વળી પડિમા બારે, ભાવના બારે સેવે જી. ॥ ૩ ॥ પચ્ચીશ પડિલેહણા પણ ઇંદ્રિય, વિષય વિકારને વારો જી; ત્રણ ગુપ્તિ વળી ચાર અભિગ્રહ, દ્રવ્યાદિકથી સંભાળો જી. ॥ ૪ ॥ કરણસિત્તરી ઇણવિધ સેવે, ગુણ અનેક વળી ધારે જી; સંજમી સાધુ તેહને કહીએ, બીજા સવિ નામ ધરાવે જી. ॥ ૫ ॥ એ ગુણ વિણ પ્રવ્રજ્યા બોલી, આજીવિકાને તોલે જી; તે ષટ કાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલે જી. ॥ ૬ ॥ જ્ઞાનવિમળ ગુરૂ આણા ધરીને, સંજમ શુદ્ધ આરાધે જી; જિમ અનુપમ શિવસુખ સાધે, જગમાં સુજશ તે વાધે જી. ॥ ૭ ॥

મનને ઉપદેશની સજ્ઝાય.

કૈસે વિધ સમજાવું હો મન તુને, કૈસે વિધ સમજાવું; હાથીજી હોય તો મેં પકડે મંગાવું, ઝાંઝર પાયે જડાવું; કર મહાવતને માથે બેસાડું તો, અંકુશ દેઇ સમજાવું. હો મન૦ ।। ૧ ।। ઘોડાજી હોય તો મેં ઝેણુ કરાઉં, કરડી લગામ દેવરાઉં; ચડી અસ્વારી ને ફેર ન લાગું તો, નવ નવ ખેલ ખેલાઉં. હો મન૦ ।। ૨ ।। સોનુંજી હોય તો મેં ચુંગી મેલાઉં, કરડે તાપ તપાઉં; લઇ કુડસન ને કુંકણુ લાગું તો, પાણી જ્યું પીગલાઉં. હો મન૦ ।।૩।। લોઢુંજી હોય તો મેં એરણ મંડાવું, ઘોઇ ઘોઇ ઘમણ ઘમાઉં; માર ઘણા ઘમસાણ ઉડાડું તો, જંતર તાર કઢાઉં. હો મન૦ ।। ૪ ।। જ્ઞાનીજી હોય તો મેં જ્ઞાન બતાઉં, અંતર વેણુ વજાઉં; રૂપચંદ કહે નાથ નિરંજન, જ્યોતિસેં જ્યોત મીલાઉં. હો મન૦ ।। ૫ ।।

મન વશ કરવાની સજ્ઝાય.

મન માંકડલું આણા ન માને, અરિહંત કહો કિમ કીજે રે, રાત દિવસ હીંડે હલફલતું, શિખામણ શી દીજે રે. મન૦ ।। ૧ ।। રાજમાર્ગ મૂકી બાપડલું, ઉવટ વાટે જાવે રે; આઠ પહોર અટતો નિરંતર, તૃપતો કિમહી ન થાવે રે. મન૦ ।। ૨ ।। ક્ષણ ધરાયો ક્ષણ ભૂખ્યો ભૂંડો, ક્ષણ રૂષે ક્ષણ તુષે રે; ધર્મ તણાં ફળ સરસ ન ચાખે, પાપ તણાં ફળ લુસે રે. મન૦ ।। ૩ ।। લાખ ચોરાશી ચાચર ચઢીયો, રંકપણે રડવડીયો રે; ધર્મ વિના તે ભવ ભવ હીંડે, કર્મ

તણે વશ પડીયેા રે. મન૦ ॥ ૪ ॥ આશા આંધે ડુંગર જેવડી, ત્રેવડ કિમહી ન પહેાંચે રે; ચિંતા જાળ પડયું પછતાવે, પરવશ પડીયું વિગુચે રે. મન૦ ॥ ૫ ॥ મૂળ મંત્ર ને તંત્ર કરીને, મન મંકડ વશ આણે રે; પભણે પ્રીતવિમળ મન સાચે, એહને સહુએ વખાણે રે. મન૦ ॥૬॥

જીવદયાની સજ્ઝાય.

આદિ જિનેશ્વર પાય પ્રણમેવ, સરસ્વતી સ્વામિની મન ધરેવ; જીવદયા પાળેા નર નાર, તેા તરશેા નિશ્ચે સંસાર. ॥ ૧ ॥ પાણી ગળતાં જયણા કરેા, ખારાં મીઠાં જુદાં ધરેા; જેહને મન દયા પ્રધાન, તે ઘેર દીસે બહુ સંતાન. ॥૨॥ મારે જૂ ન ફેાડે લીખ, નર નારીને એહજ શીખ; તેહને ઘરે નહીં સંતાન, દુઃખ દેખે તે મેરૂ સમાન. ॥ ૩ ॥ પક્ષી ઉંદર માણસના બાળ, જે પાપી મારે ચિરકાળ; તેને પરભવે એહીજ દુઃખ, છેારૂ તણું નવિ હેાયે સુખ. ॥ ૪ ॥ માખણ મધ ઘીલી અથાણ, આદુ સૂરણ વર્જે જાણુ; ગાજર મૂળા રતાળુ જેહ, શુદ્ધ શ્રાવક તરછેાડે તેહ. ॥ ૫ ॥ ફેાગટ કુલે માયા કરે, કહેા કેમ તે ભવસાગર તરે; જેહને દેવગુરૂ શું દ્વેષ, સુખ ન પામે તે લવ લેશ. ॥ ૬ ॥ બહુ દહાડાનું ભેળું કરી, માખણ તાવે અગ્નિએ ધરી; તેહ મરીને નરકે જાય, માનવ હેાય તેા દાહજ્વર થાય. ॥ ૭ ॥ દુધતણે વળી લેાલે જેહ, પાડા ભૂખે મારે તેહ; ફરતાં ઢેારમાં તે જાયે વળી, ભૂખે તરસે મરે ટળવળી. ॥ ૮ ॥ આંખ ફુટે દીયે જે ગાળ, પરભવ આંધેા થાયે બાળ; મારેા પીટયેા દીયે જે ગાળ, પરભવ સુખ ન

પામે બાળ. ।। ૯ ।। પાટ પાટલા ને વસ્ત્ર દાન, સવિ શેઽયું વળી રાંધ્યું ધાન, મુનિવરને દીયે મન ઉલ્લાસ, તસ ઘરે લક્ષ્મી રહે થિરવાસ. ।। ૧૦ ।। દેતાં દાન વિમાસણ કરે, દેઈ દાન મન ચિંતા ધરે; સુખ સંપત્તિ પામે અભિરામ, છેડે ન હોયે વસવા ઠામ. ।।૧૧।। ધન થોડું ને દીએ દાન, મહિયલમાં તે વાધે વાન; ઋષિને દાન દેઈ કરે રંગરોળ, તસ ઘેર લક્ષ્મી કરે કલ્લોલ. ।। ૧૨ ।। સુખ સંપત્તિ જો આવે મળી, ડોસાની દેવા મતિ ટળી; ધન ઉપર જે રાખે સ્નેહ, પરભવ સાપપણે થાયે તેહ. ।। ૧૩ ।। અધિકો ઓછો બાંધે તોલ, દેવા ચાહે નવિ પાળે બોલ, તેહની લોકમાં ન હોયે લાજ, પરભવ તેહનાં ન સરે કાજ. ।।૧૪।। પોથી બાળે બોળો જેહ, પરભવ મૂરખ થાયે તેહ; ભણે ગુણે દે પોથીદાન, પરભવ નર તે વિદ્યાવાન. ।। ૧૫ ।। નાનાં મોટાં કુપળાં હરિ, બાંતે ચુંટે લીલા કરી; કીધાં કર્મ નવિ ઠેલાય, મરીને નર તે કોઢીઓ થાય. ।। ૧૬ ।। પાંખ પંખીની કાઢે જેહ, પરભવ ઠુંઠો થાયે તેહ; પગ કાપે ને કરે ગળગળો, મરી નર તે થાયે પાંગળો. ।। ૧૭ ।। પાડોશીશું વઢે દિન રાત, પરભવ તે ન પામે સંઘાત; માત પિતા સુત બૈયર ઘણી, પરભવ તેહને વઢવાડ ઘણી. ।। ૧૮ ।। અણદીઠું અણસાંભળ્યું કહે જેહ, પરભવ બહેરો થાયે તેહ; પારકી નિંદા કરે નર નાર, જશ નહીં પામે તેહ લગાર. ।।૧૯।। પરના અવગુણ ઢાંકે જેહ, નર નારી જશ પામે તેહ; નિંદા કરે ને દીએ જે ગાળ, પરભવ નર તે પામે બાળ. ।। ૨૦ ।। રાત્રિભોજન કરે નર નાર, તે પામે ઘૂવડ અવતાર; રાત્રે પંખી ન બાયે ધાન; માણસ હૈયે ન દીસે સાન.

॥૨૧॥ સૂર્ય સરિખો આથમે દેવ, માણસને આવાની ટેવ;
ધર્મી લોકજ હોયે જેહ; રાત્રિભોજન ટાળે તેહ. ॥૨૨॥
ગૌતમ પૃચ્છાને અનુસાર, એ સજ્ઝાય કરી શ્રીકાર; પંડિત
હર્ષસાગર શિષ્ય સાર, શિવસાગર કહે ધર્મ વિચાર. ॥૨૩॥

દ્વારિકા નગરીની સજ્ઝાય.

દોહા.

દોનું બંધવ આરડે, દુઃખ ધરતા મન માંય;
બળતી દેખી દ્વારિકા, કીજે કવણ ઉપાય. ॥ ૧ ॥
રત્ન ભીંત સુવર્ણ તણી, તેહ બળે તત્કાળ;
સુવર્ણ થંભા કાંગરા, જાણે બળે પરાળ. ॥ ૨ ॥

ઢાળ ૧ લી.

બળતી દ્વારિકા દેખીને રે, ભાઇ ઘણા થયા દિલગીર;
હઈડું તે લાગ્યું ફાટવા રે, ભાઇ નયણે વછુટયાં નીર રે;
માધવ એમ બોલે. ॥ ૧ ॥ એ આંકણી ॥ બે બંધવ મળીને
તિહાં રે, ભાઇ વાત કરે કરૂણાય; દુઃખ સાલે દ્વારિકા તણું
રે, ભાઈ અબ કીજે કવણ ઉપાય રે; મા૦ ॥ ૨ ॥ કયાં રે
દ્વારિકાની સાહીબી રે, ભાઇ કિહાં ગજદલનો ઠાઠ; સજ્જન-
નો મેળો કિહાં રે, ભાઈ ક્ષણમાં હુવા ઘણા ઘાટ રે; મા૦
॥ ૩ ॥ હાથી ઘોડા રથ બળે રે, ભાઈ બેંતાલી બેંતાલી
લાખ; અડતાળી ક્રોડ પાળા હતા રે, ભાઇ ક્ષણમાં હુઈ
ગયા રાખ રે; મા૦ ॥ ૪ ॥ હળધરને હરિજી કહે રે, ભાઇ
ધિક કાયરપણું મોય; "નગરી બળે મુજ દેખતાં રે, ભાઈ
મુજ જોર ન ચાલે કોય રે; મા૦ ॥ ૫ ॥ નગરી બળે મુજ

દેખતાં રે, ભાઈ રાખી ન શકું રે જેમ; ઇંદ્રધનુષ મેં ચડાવીયું રે, ભાઇ એ બળ ભાગ્યું કેમ રે; મા૦ ॥ ૬ ॥ જેણિ દિશે જોતાં તેણિ દિશે રે, ભાઇ સેવક સહસ્ત્ર અનેક; હાથ જોડી ઉભા ખડા રે, ભાઈ આજ ન દીસે એક રે; મા૦ ॥ ૭ ॥ મોટા મોટા રાજવી રે, ભાંઇ શરણે રહેતા આય; ઉલટો શરણેા તાકીયેા રે, ભાઈ વેરણ વેળા આય રે; મા૦ ॥ ૮ ॥ વાદળ વીજ તણી પરે રે, ભાઇ ઋદ્ધિ બદલાયે સોય; ઇણ દોહિલીમેં આપણેા રે, ભાઇ સગેા ન દીસે કેાય રે; મા૦ ॥ ૯ ॥ મહેલ ઉપગરણ આયુદ્ધ બળે રે, ભાઇ બળે સહુ પરિવાર; આ આપદા પૂરી પડી રે, ભાઈ કીજે કવણ વિચાર રે; મા૦ ॥ ૧૦ ॥ વળતાં હળધર ઇમ કહે રે, ભાઇ પ્રગટયાં પુર્વનાં પાપ; બીજું તેા સઘળું રહ્યું રે, ભાઇ માંહિ બળે માય બાપ રે; મા૦ ॥ ૧૧ ॥ દોનું બંધવ માંહે ધસ્યા રે, ભાઇ નગરીમાં ચાલ્યા જાય; રથ જોડી તેણે સમે રે, ભાઇ માંહે ઘાલ્યા માય તાય રે; મા૦ ॥૧૨॥ દોનું બંધવ જુતીયા રે, ભાઇ આવ્યા પેાળને માંય; દોનું બંધવ બહાર નીકળ્યા રે, ભાઇ દરવાજે પડિયેા આય રે; મા૦ ॥ ૧૩ ॥ પાછું વાળી જુએ તિહાં રે, ભાઇ ઘણા થયા દિલગીર; છાતી તે લાગી ફાટવા રે, ભાઇ નયણે વછુટયાં નીર રે; મા૦ ॥ ૧૪ ॥ હળધરને હરિજી કહે રે, ભાઇ સાંભળ બંધવ વાત; કિણી દિશિ આપણુ જાઇશું રે, ભાઇ તે દિશા મેાય બતાય રે; મા૦ ॥ ૧૫ ॥ વચન સુણી બાંધવ તણાંરે, ભાઈ હળધર બેાલે એહ; પાંડવ ભાઇ કુંતા તણા રે, ભાઇ અબ ચાલેા તેહને ગેહ રે; મા૦ ॥ ૧૬ ॥ વયણ સુણી હળધર તણાં રે, ભાઈ માધવ બેાલે એમ; દેશવટેા દેઈ

કાઢીયા રે, ભાઈ તે ઘેર જાવું કેમ રે; મા૦ ।। ૧૭ ।। વળતાં હળધર એમ કહે રે, ભાઈ દેખી હોશે દીલગીર; તે કેમ અવગુણ આણશે રે, ભાઇ ગિરૂઆ ગુણ ગંભીર રે; મા૦ ।। ૧૮ ।। તેં તેહનાં કારજ કીધાં રે, ભાઇ ઘાતકી-ખંડમે જાય; દ્રૌપદી સોંપી આણીને રે, ભાઈ તે કેમ ભુલશે ભાય રે; મા૦ ।। ૧૯।। અહંકારી શિર શેહરો રે, ભાઈ એહવી સંપદા પાય, તે નર પાળા ચાલીયા રે, ભાઈ આપદા પડી બહુ આય રે; મા૦ ।। ૨૦ ।। પાંડવ મથુરા પ્રગટી જિહાં રે, ભાઈ અગિયારમુ સમુદ્ર તીર; તે નગરી ભણી ચાલીયા રે, ભાઇ બંધવ બેહુ સધીર રે; મા૦ ।।૨૧।। જે નર શય્યાએ પોઢતા રે, ભાઈ તે નર પાળા હોય; કર-જોડી વિનયવિજય એમ ભણે રે, ભાઈ આ ભવ પાર ઉતાર રે; મા૦ ।। ૨૨ ।।

શ્રી બલભદ્રજીની સજ્ઝાય.

શા માટે બંધવ મુખથી ન બોલો, નયણે આંસુડાની ધાર, મુરારિ રે; પુણ્ય જોગે દહિયો એક પાણી, જડયો છે જંગલ જેત, મુરારિ રે. શા૦ ।। ૧ ।। ત્રિકમ રીસ ચડી છે તુજને, વન માંહે વનમાળી, મુરારિ રે; વડી વારથી મનાવું છું વહાલા તુને, વચન બોલ ફરી વાર. મુ૦ શા૦ ।। ૨ ।। નગરી દાઝી ને શોધ ન લાગી, મારી વાણી નીસુણી વ્હાલા મુ૦; આ વેળામાં લીધા અબોલા, કાનજી કાં થયા કાલા. મુ૦ શા૦ ।। ૩ ।। શી શી વાતો કહું શામળીયા, વિઠ્ઠલજી આ વેળા મુ૦; શાને કાજે મુજને સંતાપો, હરિ હસી બોલોને હેળા. મુ૦ શા૦

॥ ૪ ॥ પ્રાણુ અમારા જાશે પાણી વિના, અધઘડીને અ-
ણુબોલે મુ૦; [1]આરતી સઘળી જાયે અળગી, બાંધવ જો
તું બોલ. મુ૦ શા૦ ॥ ૫ ॥ કુટુંબ સંહાર થયો માતા
પિતા દેવલોકે, વલવલતા વિસ્મિત વાટ મુ૦; સંકટ પડયું
સહાય નથી કોઈની, એકલડા નિરધાર. મુ૦ શા૦ ॥ ૬ ॥
ત્રણુ ખંડ નમાવીને વૈર વસાવ્યું, નથી ઉભા રહેવાનું
ઠેકાણું મુ૦; પાંડવને દેશ નિકાલો કીધો, નથી કોઈ બાંહે
ગ્રહણુહાર. મુ૦ શા૦ ॥ ૭ ॥ જરકશીના જામા પહેરતા,
પીળા પીતાંબર સોહે મુ૦; માથે મુગટ શિરછત્ર ધરંતા,
ચઢતા સ્વારી શ્રીકાર. મુ૦ શા૦ ॥ ૮ ॥ રસવતી રસ
ભોજન કરતાં, મુખવાસ મન ગમતાં મુ૦; ગલવટ ગાદી
સુંવાળી ચાદર, પોઢતા સેજ પલંગ. મુ૦ શા૦ ॥ ૯ ॥
ભરી કચેરીમાં જઇ ધસમસતા, કોડિ પરિજન સેવા સારે
મુ૦; સોળ હજાર રાણી સાથે સુખ વિલસતા, રૂકિમણિ
મુખ્ય પટરાણી. મુ૦ શા૦ ॥ ૧૦ ॥ એહવા સંસારમાં
લીલા કરતાં, દૈવ દાટ શિર વાળી મુ૦; માતા પિતાને
વિયોગે વિલખિત, પૂરવ કરમ વિપાક. મુ૦ શા૦ ॥ ૧૧ ॥
ભૂખ તૃષાની વેદના સહેતાં, એ દુઃખથી સહુ દિલગિર
મુ૦; એક હુંકારે હજારો ઉઠતા, આજ રહ્યો એકાકાર.
મુ૦ શા૦ ॥ ૧૨ ॥ આકુળ વ્યાકુળ ચિત્ત ઉચાટન, શૂર-
વીરની મત છુટી મુ૦; બળવંત બળભદ્ર હારણુ સાંનિધ્ય,
કાંઇ કરો કરૂણાય. મુ૦ શા૦ ॥ ૧૩ ॥ જંગલ વાસ વન
અટવીમાં ભમતાં, ભ્રાત શાણા ચતુર થઈ ચૂકો મુ૦ મુજ

---

૧ આર્તિ–પીડા, દુઃખ.

ઉપર શું કોપ કરીને, એક વાર દુઃખ મૂકો. મુ૦ શા૦ ॥ ૧૪ ॥ ચારે તરફની દિશાઓ દેવાણી, દુઃખમાં નથી રહી ખામી મુ૦; આગળ પથરા પાછળ છે કાંટા, વેળુમાં કરી પથારી. મુ૦ શા૦ ॥ ૧૫ ॥ સાંજ વેળા જરાકુમારે ત્યાં આવી, મૃગની ભ્રાંતે બાણ માર્યું મુ૦; કૃષ્ણ કહે એ કોણ મુજ વેરિ, વિણ અપરાધે બાણ માર્યું. મુ૦ શા૦ ॥ ૧૬ ॥ કહે જરાકુમાર હું નહીં તુજ વેરિ, નેમનાં વચન કેમ થાય ખોટાં મુ૦; કૃષ્ણ કહે આ હ્યો કૌસ્તુભ મણિ, જાઓ પાંડવ ચરણે ધાઈ. મુ૦ શા૦ ॥ ૧૭ ॥ ધરતીની ધારણા આભના આધારે, પાણી વિના વિલવિલતા મુ૦; એમ રૂદન કરતા બલભદ્રજી, કૃષ્ણને ખંધે ચઢાવી. મુ૦ શા૦ ॥ ૧૮ ॥ ષટ માસ લગે પાળ્યો છબીલો, હૈયા ઉપર અતિ હેતે મુ૦; સિંધુ તટે સુરને સંકેતે, હરિ દહનકર્મ શુભ રીતે. મુ૦ શા૦ ॥ ૧૯ ॥ સંયમ લઈ ગયા દેવલોકે, કવિ ઉદયરત્ન એમ બોલે મુ૦; સંસારમાંહિ બળદેવ મુનિને, કોઈ ન આવે તોલે, મુરારિ રે. શા માટે૦ ॥ ૨૦ ॥

શ્રી જંબુકુમારનું ચોઢાળીયું.

દુહા.

સરસ્વતી પદપંકજ નમી, પાંમી સુગુરૂ પસાય;
ગુણગાતાં જંબુ સ્વામીના, મુજમન હર્ષ ન માય. ॥ ૧ ॥
યોવન વય વ્રત આદરી, પાલે નિરતિ ચાર;
મનવચ કાયા શુદ્ધશું, જાઉ તસ બલિહાર. ॥ ૨ ॥

ઢાળ ૧ લી.

રાજગૃહી નગરી ભલી રે લાલ, બાર જોજન વિસ્તાર રે; ભવિકજન શ્રેણિક નામે નરેસરૂ રે લાલ, મંત્રિ અભયકુમાર રે. ભ૦ ભાવ ધરી નિત્ય સાંભળો રે લાલ. ॥ ૧ ॥ રૂષભદત્ત વ્યવહારીઓ રે લાલ, વસે તિહાં ધનવંત રે; ભ૦ ધારણી તેહની ભારયા રે લાલ, શીલાદિક ગુણવંત રે. ભ૦ ભાવ૦ ॥ ૨ ॥ સુખ સંસારનાં વિલસતાં રે લાલ, ગર્ભ રહ્યો શુભ દિન્ન; ભ૦ સુપન લહી જંબુવૃક્ષનું રે લાલ, જનમ્યો પુત્રરતન્ન રે. ભ૦ ભાવ૦ ॥ ૩ ॥ જંબુકુમાર નામ સ્થાપીયું રે લાલ, સ્વપ્નતણે અનુસાર રે; ભ૦ અનુક્રમે યૌવન પામીયો રે લાલ, હુઓ ગુણ ભંડાર રે. ભ૦ ભા૦ ॥ ૪ ॥ ગ્રામાનુ ગ્રામે વિચરતા રે લાલ, આવીયા સોહમ સ્વામી રે; ભ૦ પુરજન વાંદવા આવીયાં રે લાલ, સાથે જંબુ ગુણ ધામ રે. ભ૦ ભાવ૦ ॥ ૫ ॥ ભવિકજનના હિત ભણી રે લાલ, દીયે દેશના ગુણધાર રે; ભ૦ ચારિત્ર ચિંતામણી સારખું રે લાલ, ભવદુઃખ વારણહાર રે. ભ૦ ભાવ૦ ॥ ૬ ॥ દેશના સુણી જંબુ રીજીયા રે લાલ, કહે ગુરૂને કરજોડી રે; ભ૦ અનુમતિ લેઇ માતતાતની રે લાલ, સંયમ લીયો મન કોય રે. ભ૦ ભાવ૦ ॥ ૭ ॥

ઢાળ ૨ જી.

ગુરૂવાંદી ઘર આવીયા રે, પામી મન વૈરાગ; માત પિતા પ્રત્યે વિનવેરે, કરશું સંસારનો ત્યાગ; માતાજી અનુમતિ દ્યો મુજ આજ, જેમ સીઝે વંછીત કાજ. માતાજી૦ ॥ ૧ ॥ ચારિત્ર પંથ છે દોહિલોરે, વ્રત છે

ખાંડાની ધાર; લઘુ વયછે વત્સતું મતણુંરે, કેમ પલે પંચાચાર; કુમરજી. વ્રતની મ કરો વાત, તું મુજ એક અંગ જાત. કુ૦ વ્ર૦ ॥ ૨ ॥ એકલ વિહારે વિચરવું રે, રહેવું વન ઉદ્યાન; ભૂમિસંથારે પોઢવું રે, ધરવું ધર્મનું ધ્યાન. કુ૦ વ્ર૦ ॥ ૩ ॥ પાય અણુવાણે ચાલવું રે, ફરવું દેશ વિદેશ; નીરસ આહાર લેવો સદારે, પરિસહ કિમ સહીસ. કુ૦ વ્ર૦ ॥ ૪ ॥ કુમર કહે માતા પ્રત્યેં રે, એ સંસાર અસાર; તન ધન યૌવન કારિમું રે, જાતાં ન લાગે વાર. માતા૦ અનુ૦ ॥ ૫ ॥ માતા કહે આલ્હાદથીરે, વત્સ પરણો શુભ નાર; યૌવનવય સુખ ભોગવીરે, પછી લેજો સંયમ ભાર. કુ૦ વ્ર૦ ॥ ૬ ॥ માતા પિતા આગ્રહ કરીરે, પરણાવી આઠે નાર; જલથી કમલ જેમ ભિન્ન રહેરે, તેમ રહે જંબુકુમાર. કુ૦ વ્ર૦ ॥ ૭ ॥

ઢાળ ૩ જી.

સનેહી પ્રીતમને કહે કામિની કામિની, સુણો સ્વામી અરદાસ; સુગુણીજન સાંભળો. સનેહી અમૃત સ્વાદ મૂંકી કરી, કહો કોણ પીવે છાશ. સુ૦ ॥ ૧ ॥ સનેહી કામ કળા રસ કેળવો, મુકોજી વ્રતનો ધંધ; સુ૦ સનેહી પરણીને શું પરિહરો, હાથ મેલ્યાનો સંબંધ. સુ૦ ॥ ૨ ॥ સનેહી ચારિત્ર વેલુ કવલ જીસ્યું, તેમાં કિસ્યો સવાદ, સુ૦ સનેહી ભોગ સામગ્રી પામી કરી, ભોગવો ભોગ આલ્હાદ. સુ૦ ॥૩॥ સનેહી ભોગ તે રોગ અનાદીનો, પીડે આતમ અંગ; સુ૦ સનેહી તે રોગને સમાવવા, ચારિત્ર છે રે રસાંગ. સુ૦ ॥ ૪ ॥ સનેહી કિંપાક ફળ અતિ કૂટરાં, ભખતાં લાગે

મિષ્ટ; સુ૦ સનેહી વિષ પસરે જ્યા અંગમાં, ત્યારે હોવે અનિષ્ટ. સુ૦ ।। ૫ ।। સનેહી દીપ ગ્રહી હાથમાં, કોણ ઝંપાવે કૂપ; સુ૦ સનેહી નારી તે વિષ વેલડી, વિષફળ વિષય વિરૂપ. સુ૦ ।। ૬ ।। સનેહી એહવું જાણી પરિહરો, સંસાર તે માયાજાળ, સુ૦ સનેહી જો મુંજ શું તુમ નેહ છે; તો વ્રત લ્યો થેઇ ઉજમાલ. સુ૦ ।। ૭ ।।

ઢાળ ૪ થી.

એહવે પ્રભવો આવીયો, પાંચશેં ચોરની સંગરે; વિદ્યાયેં તાલાં ઉઘાડીયાં, ધન લેવાને ઉમંગરે; નમોનમો શ્રી જંબુસ્વામીને. ।।૧।। જંબુયેં નવપદ ધ્યાનથી; થંભ્યા તે સવિ દંભરે થંભ તણી પેરે સ્થિર રહ્યા, પ્રભવો પામ્યો અચંભરે. નમો૦ ।।૨।। પ્રભવો કહે જંબુ પ્રત્યે દ્યો વિદ્યા મુજ એહરે, જંબુ કહે એ ગુરૂ કનેં; છે વિદ્યાનું ગેહરે. નમો૦ ।। ૩ ।। ઘણુ સય ચોર તે બૂઝવી, બૂઝવ્યાં માય ને તાયરે૦ સાસુ સસરા નારી બુઝવી, સંયમ લેવા જાય રે. ન૦ ।। ૪ ।। પંચશયાં સતાવીસશું, પરવર્યો જંબુ કુમારરે; સોહમ ગણધરની કને, લીયે ચારિત્ર ઉદારરે. નમો. ।। ૫ ।। વીરથી વીશમે વરસે, થયા યુગ પ્રધાનોરે, ચૌદ પૂર્વ અવગાહીને, પામ્યા કેવળ જ્ઞાનો રે. નમો૦ ।। ૬ ।। વરસ ચોસઠ પદવી ભોગવી, સ્થાપી પ્રભવ સ્વામીરે; અષ્ટ કર્મનો ક્ષય કરી; થયા શિવગતિ ગામી રે. નમો૦ ।। ૭ ।। સંવત અઢાર તેરોતરેં, રહ્યા પાટણ ચોમાસરે, ચરમ કેવળીને ગાવતાં; હોયે લીલ વિલાસરે. નમો૦ ।। ૮ ।। મહિમા સાગર સદગુરૂં, તાસ તણે સુ પસાયેં રે; જંબુ સ્વામી ગુણ ગાઇયા, સૌભાગ્યેં ધરીય ઉત્સાહ રે. નમો૦ ।।૯।।

શાલિભદ્રની સજ્ઝાય.

રાજગૃહી નયરી મોઝારો જી, વણઝારો દેશાવર સારોજી, ઇણ વણજેજી, રત્નકંબલ લેઇ આવીયાજી, ॥૧॥ લાખ લાખની વસ્તુ લાખેણી, એ વસ્તુ છે અતિ ઝીણી, કાંઇ પરિમલજી, ગઢમઢ મંદિર પરિસરિજી. ॥ ૨ ॥ પુછે ગામને ચોતરે, લોક મલ્યા વિધ વિધ પરે, જઇ પુછયોજી, શાલિભદ્રને મંદિરેજી. ॥ ૩ ॥ શેઠાણી ભદ્રા નિરખેજી, રત્નકંબલ લેઈ પરખેજી, પહોંચાડીજી શાલિભદ્રને મંદિરેંજી. ॥ ૪ ॥ તેડાવ્યો ભંડારીજી, વીશ લાખ નિર ધારીજી, ગણી દેજયોજી એહને ઘરે પહોંચાડજોજી. ॥ ૫ ॥ રાણી કહે સુણો રાજાજી, આપણું રાજ શે કાજજી, મુઝ કાજેજી, એક ન લીધી લોંબડીજી, ॥ ૬ ॥ સુણ હો ચેલણા રાણીજી, એહ વાત મેં જાણીજી, પીછાણીજી એહ વાતનો અચંભો ઘણોજી, ॥ ૭ ॥ દાતણ તો તમ કરશુંજી, શાલિભદ્ર મુખ જોશુંજી, શણગારોજી ગજરથ ઘોડા પાલખીજી. ॥૮॥ આગલ [1]કોંતલ હિંચાવતા, પાછલ પાત્ર નચાવંતા, રાય શ્રેણિકજી, શાલિભદ્ર ઘેર આવીયાજી, ॥ ૯ ॥ પહેલે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકીયો, કાંઈ જો જોજી. આ ઘર તો ચાકર તણાંજી, ॥ ૧૦ ॥ બીજે ભુવને પગદીયો, રાજા મનમાં ચમકિયો, કાંઇ જોજોજી આ ઘર તો સેવક તણાંજી, ॥ ૧૧ ॥ તીજે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો, કાંઇ જોજોજી, આ ઘર તો દાસી તણાંજી, ॥૧૨॥ ચોથે ભુવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો, કાંઈ જો

---

૧ અસ્વાર વિનાના ઘોડા.

જોજી. આ ઘરતો શ્રેષ્ટી તણાંજી. ।। ૧૩ ।। રાય શ્રેણિકની મુદ્રિકા, ખોવાઇ ખોળ કરે જીકા, માય ભદ્રાજી, થાળ ભરી તવ લાવીયાંજી, ।। ૧૪ ।। જાગો જાગો મોરાનંદજી, કેમ સુતા આનંદજી, કાંઈ આંગણેજી, શ્રેણિકરાય પધારીયાજી. ।। ૧૫ ।। હું નવિ જાણું માતા બોલમાં; હું નવિ જાણું માતા તોલમાં, તુમે લેજોજી, જેમ તુમને સુખ ઉપજેજી. ।। ૧૬ ।। પૂર્વે કદી પુછતાં નહિ, તો આમાં શું પુછો સહિ; મોરી માતાજી, હું નવિ જાણું વણજમાંજી. ।। ૧૭ ।। રાય કરિયાણું લેજોજી, મુહ માગ્યા દામ દેજોજી; નાણાં ચુકવીજી, રાય ભંડારે નખાવી દીયોજી. ।। ૧૮ ।। વલતી માતા એમ કહે, સાચી નંદન સદ્દહે; કાંઇ સાચેજી, શ્રેણિકરાય પધારિયાજી. ।। ૧૯ ।। ક્ષણુમાં કરે કાંઈ રાજીયો, ક્ષણુમાં કરે બેરાજીયો; કાંઇ ક્ષણુમાંજી, ન્યાય અન્યાય કરે સહિજી. ।। ૨૦ ।। પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રેં દાન નવિ દીધાં; મુજ માથેજી, હજી પણ એહવા નાથ છેજી. ।। ૨૧ ।। અબતો કરણી કરશુંજી, પંચવિષય પરિહરશુંજી; પાળી સંયમજી, નાથ સનાથ થશું સહિજી. ।। ૨૨ ।। ઈંદુવત અંગ તેજજી, આવે સહુને હેજજી; નખ શિખ લગીજી, અંગો પાંગ શોભે ઘણાંજી. ।। ૨૩ ।। મુક્તાફળ જેમ ચળકેજી, કાંને કુંડળ ઝળકેજી; રાજા શ્રેણિકજી, શાલિભદ્ર બોળે લીયોજી. ।। ૨૪ ।। રાજા કહે સુણો માતાજી, તુમ કુંવર સુખશાતાજી; હવે એહનેજી, પાછો મંદિર મોકલોજી. ।। ૨૫ ।। શાલિ-ભદ્ર નિજ ઘર આવ્યાજી, રાય શ્રેણિક ઘેર સિધાવ્યાજી; પછે શાલિભદ્રજી, ચિંતા કરે મનમાં ઘણીજી. ।। ૨૬ ।।

શ્રી જીનધર્મ આદરૂં, મોહ માયાને પરિહરૂં; હું છાંડું જી, ગજરથ ઘોડા પાલખી જી. ॥ ૨૭ ॥ સુણીને માતા વિલખેજી, નારીયો સઘળી તલખેજી; તેણી વેલાજી, અશાતા પામ્યાં ઘણીજી. ॥ ૨૮ ॥ માતા પિતાને ભ્રાતજી, સહુ આળ પંપાળની વાતજી; એણે જગમાંજી, સ્વારથનાં સર્વે સગાંજી. ॥ ૨૯ ॥ હંસ વિના શ્યાં સરોવરિયાં, પિયુ વિના શ્યાં મંદિરીયાં; મોહ વશ થકાંજી, ઉચાટ એમ કરે ઘણોજી. ॥ ૩૦ ॥ સર્વ નીર અમૂલ્યજી, વાટકડે તેલ કુલેલજી; શાહ ધન્નેજી, શરીર સમારણ માંડિયોજી. ॥ ૩૧ ॥ ધન્નાધેર સુભદ્રા નારીજી, બેઠી મહોલ મોઝારજી; સમારંતાંજી, એકજ આંસુ ખેરીયુંજી. ॥ ૩૨ ॥ ગૌભદ્ર શેઠની બેટડી, ભદ્રા બાઈ તોરી માવડી; સુણ સુંદરીજી, તેં કેમ આંસુ ખેરીયુંજી. ॥ ૩૩ ॥ શાલિભદ્રની બેનડી, બત્રીસ લોળાઈની નણંદલડી; તવ તાહરેજી, શા માટે રોવું પડેજી. ॥ ૩૪ ॥ જગમાં એકજ ભાઈ માહરે, સંયમ લેવા મન કરે; નારી એકએકજી, દિન દિન પ્રત્યે પરિહરેજી. ॥ ૩૫ ॥ એતો મિત્ર કાયરૂ, શું લે સંયમ ભાયરૂ, જીભલડીજી, મુખ માથાની જુદી જાણવીજી. ॥ ૩૬ ॥ કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું; સુણો સ્વામીજી. એહવી ઋધિ કુણ પરિહરેજી, ॥ ૩૭ ॥ કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું, સુણ સુંદરિજી, આજથી ત્યાગી આહનેજી, ॥ ૩૮ ॥ હું તો હસતી મલકીને, તુમે કીયો તમાસો હલકીને, સુણો સ્વામીજી. અમતો ચિંતા નવિ ધરૂંજી ॥ ૩૯ ॥ ચોટી અંબોડો વાળીને, સા ધન્નો ઉઠયો ચાલીને, કાંઇ આવ્યાજી. શાલિભદ્રને મંદિરેજી,

॥ ૪૦ ॥ ઉઠો મિત્ર કાયરૂ, સંયમ લઇએ ભાયરૂ, આપણુ દોયજણુજી, સંયમ શુદ્ધ આરાધિયેંજી, ॥ ૪૧ ॥ શાલિભદ્ર વૈરાગીયા, શાહ ધન્નો અતિ ત્યાગીયા, દોનું રાગીયાજી, શ્રી વીર સંમીપેં આવીયાજી, ॥ ૪૨ ॥ સંયમ મારગ લીનોજી, વૈરાગ્યેં મન ભીનોજી, શાહ ધન્નોજી, માસખમણ કરે પારણાંજી, ॥ ૪૩ ॥ તપ કરિ દેહને ગાળીજી, દૂષણ સઘળાં ટાલીજી, વૈભારગિરિજી, ઉપર અણુસણ આદર્યોજી. ॥ ૪૪ ॥ ચઢતે પરિણામે સોયજી, કાલ કરિ જણ દોયજી, દેવગતિએંજી, અનુત્તરવિમાને ઉપન્યાજી, ॥ ૪૫ ॥ સુર સુખને તિહાં ભોગવી, તિહાંથી દેવ દોનું ચવી, વિદેહેજી, મનુષ્યપણું તે પામશેજી, ॥ ૪૬ ॥ સુધો સંયમ આદરી, સકલ કર્મનો ક્ષય કરી, લહી કેવલજી, મોક્ષ ગતિને પામશેજી, ॥ ૪૭ ॥ દાનતણાં ફલ દેખોજી, ધન્નો શાલિભદ્ર પેખોજી નહિ લેખોજી, અતુલ સુખ તિહાં પામશેજી, ॥ ૪૮ ॥ એમ જાણી સુપાત્રને પોખોજી, જીમ વેગે પામો મોક્ષોજી, નહિ ધોખોજી, કદિય જીવને ઉપજેજી, ॥૪૯॥ ઉત્તમના ગુણ ગાવેજી, મનવંછિત સુખ પાવેજી, કહે કવિયણુજી. શ્રોતાજન તુમે સાંભલોજી, ॥ ૫૦ ॥

શાલિભદ્રધન્નાની સજ્ઝાય.

અજીયાં જોરાવર કર્મે જે જાલમી, અજીયાં શાલિભદ્ર ધન્ના હોય સંત, ધર્મના ધોરી રે; અજીયાં મહાવીર વયણે માતા વંદીએ, અજીયાં બત્રીશ વહુ બલવંત, ધર્મના ધોરી રે. મુનિ તો વૈભારગિરિ જઇ વંદીએ. ॥૧॥ અજીયાં માસખમણને પારણે, અજીયાં આવ્યા દોય અણગાર, ધ-

ર્મના ઘોરી રે; અજીયાં પણ તે કેણે નવિ ઓળખ્યા, અજીયાં આપ્યો નહીં વળી આહાર, ધ૦ ॥ ૨ ॥ અજીયાં વળતી મહિયારી મહી આપીને પડિલાભ્યા દોય અણગાર, ધ૦ અજીયાં પુર્વ ભવ કેરી માવડી, અજીયાં પૂછતાં પ્રભુ કહે વિચાર, ધ૦ ॥ ૩ ॥ અજીયાં તવ તેણે અણસણ આદર્યું, અજીયાં વૈભારગિરિ જઇ તેહ, ધ૦ અજીયા માતા મહિલા તિહાં આવીયાં, અજીયાં વંદે તે બહુ ધરી નેહ, ધ૦ ॥ ૪ ॥ અજીયાં કુલની શય્યા જેને ખુંચતી, અજીયાં સંથરો શિલા કરી સેજ ધ૦ અજીયાં નાથજી અમ સામું જુઓ. અજીયાં હરખાણી કહે ધરી નેહ, ધ૦ ॥ ૫ ॥ અજીયાં માત વચન મન વેધીયું, અજીયાં મોહે વેર્યું મન, ધ૦ અજીયાં જનની સામું જોયું તદા, અજીયાં ધીરજ ધરી રહ્યો ધન્ન, ધ૦ ॥ ૬ ॥ અજીયાં સર્વાર્થસિદ્ધ જઇ ઉપજે અજીયાં ધન્નો પહોચ્યો મુક્તિ મોઝાર, ધ૦ અજીયાં ઉદયરત્ન વંદે તેહને અજીયાં તે પામે ભવ પાર. ધ૦ ॥ ૭ ॥

શ્રી મરૂદેવા માતાની સઝાય.

મરૂદેવી માતા રે એમ ભણે, ઋષભજી આવોને ઘેર; હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુત્ર વિશેષ. મરૂદેવી૦ ॥ ૧ ॥ વત્સ તુમે વનમાં જઇ શું વસ્યા, તમારે ઓછું શું આજ; ઈંદ્રાદિક સર્વ સેવતા, સાધ્યાં ષટ ખંડ રાજ. મ૦ ॥ ૨ ॥ ઋષભજી આવી સમોસર્યા, વિનીતા નગરી મોઝાર; હરખે દેઉં રે વધામણાં, ઉઠી કરૂં રે ઉલ્લાસ. મ૦ ॥ ૩ ॥ આઇ બેઠા ગજ ઉપરે, ભરત સ્વજન વાંદવા જાય; પર્ષદા દીઠી રે પુત્રની, ઉપન્યું કેવળજ્ઞાન. મ૦ ॥૪॥

દુરેથી વાજાં રે વાગીયાં, હૈયડે હરખ ન માય; હરખે આંસુ આવીયાં, પડલ દુરે પલાય, મ૦ ।। ૫ ।। સાચું સગપણ માતા તણું, બીજા કારમા લોક; રડતાં પડતાં મેળો નહિં, હૃદય વિચારીને જોય. મ૦ ।। ૬ ।। ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર; વિનયવિજય ઉવજઝાયનો, વર્ત્યો જય જયકાર. મ૦ ।। ૭ ।।

શ્રી મરૂદેવી માતાની સજ્ઝાય.

એક દિન મરૂદેવી આઇ, કહે ભરતને અવસર પાઈ રે, સુણો પ્રેમ ધરી; તું તો ષટ ખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે રે. સુણો૦ ।। ૧ ।। તું તો ચામર છત્ર ધરાવે, મારો ઋષભ પંથે જાવે રે સુ૦; તું તો સરસાં ભોજન આશી, મારો ઋષભ નિત્ય ઉપવાસી રે. સુ૦ ।। ૨ ।। તું તો મંદિરમાં સુખ વિલસે, મારો અંગજ ધરતી ફરસે રે સુ૦; તું તો સ્વજન કુટુંબે મહાલે, મારો ઋષભ એકલો ચાલે રે. સુ૦ ।। ૩ ।। તું તો વિષયતણાં સુખ સોચી, મારા સુતની વાત ન પૂછી રે સુ૦; એમ કહેતા મરૂદેવા વયણે, આંસુ જળ લાગ્યાં નયણે રે. સુ૦ ।। ૪ ।। એમ સહસ વર્ષને અંતે, લહ્યું કેવળ ઋષભ ભગવંત રે સુ૦; હવે ભરત ભણે સુણો આઈ, સુત દેખી કરો વધાઇ રે. સુ૦ ।। ૫ ।। આઇ ગજ ખંધે બેસાડ્યાં, સુત મળવાને પધાર્યાં રે સુ૦; કહે એહ અપૂરવ વાજાં, કીહાં વાજે છે તે તાજાં રે. સુણો૦ ।। ૬ ।। તવ ભરત કહે સુણો આઇ, તુમ સુતની એ ઠકુરાઇ રે સુ૦; તુમ સુત ઋદ્ધિ આગે સહુની, તૃણ તોલે સુર નર બેહુની રે. સુ૦

॥ ૭ ॥ હરખે નયણે જળ આવે, તવ પડલ એહુ ખરી જાવે રે સુ૦; હું જાણતી દુઃખીયેા કીધેા, સુખીયેા સહુથી છે અધિકેા રે. સુ૦ ॥ ૮ ॥ ગયેા મેાહ અનિત્યતા આવે, તવ સિદ્ધ સ્વરૂપી થાવે રે સુ૦; તવ જ્ઞાનવિમળ શિવ નારી, તસ પ્રગટે અનુભવ સારી રે. સુ૦ ॥ ૯ ॥

સુંદરીના આયંબિલની સજ્ઝાય.

(સુણ મેારી સજની રજની ન જાવે રે–એ દેશી.)

સરસ્વતી સ્વામિની કરેા સુપસાય રે, સુંદરી તપનેા ભણું સજ્ઝાય રે; ઋષભદેવ તણી અંગજાત રે, સુંદરીની સુનંદા માત રે. ભવિજન ભાવે એ તપ કીજે રે, મનુજ જન્મનેા લ્હાવેા લીજે રે. ॥ ૧ ॥ એ આંકણી. ઋષભદેવે જબ દીક્ષા લીધી રે, સુંદરીને આજ્ઞા નવિ દીધી રે; ભરત જાણે મુજ થાશે નારી રે, એ મુજ પ્રાણ થકી છે પ્યારી રે. ભવિ૦ ॥ ૨ ॥ ભરતરાય જબ ષટ ખંડ સાધ્યેા રે, સુંદરીએ તપ માંડી આરાધ્યેા રે; સાઠ હજાર વર્ષ લગે સાર રે, આંબિલ તપ કીધેા નિરધાર રે. ભવિ૦ ॥ ૩ ॥ ચૌદ રત્ન ને નવ નિધાન રે, લાખ ચેારાસી હાથીનું માન રે; લાખ ચેારાશી જેહને વાજી રે, ભરતરાય આવ્યા તબ ગાજી રે. ભવિ૦ ॥ ૪ ॥ ભરતરાય મેાટા નરદેવ રે, દેાય સહસ યક્ષ કરે સેવ રે; અયેાધ્યા નગરીએ ભરતજી આવ્યા રે, મહિલા સર્વે મેાતીડે વધાવ્યા રે. ભ૦ ॥ ૫ ॥ આ કુણ દીસે દુર્બળ નારી રે, સહુ કહે સુંદરી બ્હેન તુમારી રે; કહે તુમે એને દુબળી કીધી રે. મુજ બેનડીની બબર ન લીધી રે. ભ૦ ॥ ૬ ॥ સહુ કહે આયંબિલનેા તપ કીધેા

રે, સાઠ હજાર વરસ પ્રસિદ્ધો રે; જાઓ તુમે બેનડી દીક્ષા પાળો રે, ઋષભદેવનું કુળ અજવાળો રે. ભ૦ ॥ ૭ ॥ ભરતરાયની પામી શિક્ષા રે, સુંદરીએ તવ લીધી દીક્ષા રે; કર્મ ખપાવીને કેવળ પામી રે, કાંતિવિજય પ્રભુમે શિર નામી રે. ભવીજન ભાવે૦ ॥ ૮ ॥

રાજુલ અને રહનેમિની સજ્ઝાય.

(રાગ—ભરથરીનો).

ધિગ મુનિ ધિગ તુમને, ધિગ તુમારાં વેણુજી; ચારિત્ર તમારૂં એળે ગયું, કુડાં તમારાં કેણુજી. મોહ રે ઉતારો મુનિરાજ જી. ॥ ૧ ॥ માતપિતા કુળ બોળીયું બોળ્યું ચારિત્ર આજ જી; વિષય કારણ મોહ લાવીયા, કૂડાં કૃત્યને કાજજી. મોહ રે૦ ॥ ૨ ॥ તપ જપ કરવો છોડી દીયે, રાણી રાજુલ નારજી; સંસારનાં સુખ ભોગવો, કરો સફળ અવતાર જી. પ્રીતિ રે ધરો પ્રેમદા મુજથી. ॥ ૩ ॥ મેવા ફળ ફુલ લાવતો, હું તમારે આવાસ જી; હોંશ ધરીને લેતાં તમે, તેથી થઇ બહુ આશ જી. પ્રીતિ રે૦ ॥ ૪ ॥ વસ્ત્રભૂષણ લીધાં પ્રીતથી, જાણી દેવર જાત જી; વ્રત લેઇને જેણે ભાંગીયાં, થયો નરકમાં પાતજી. મોહ રે ઉતારો૦ ॥ ૫ ॥ રેવતનાથ નિહાળતાં, તુમ હમ દોનું ને આજ જી; નિર્લજ્જ લાજ કિહાં ગઇ, ગયું જ્ઞાન મહારાજ જી. મોહ રે૦ ॥ ૬ ॥ એથી અધિક કહો મુજને, રાજુલ પ્રાણ આધાર જી; વહાલ તમારૂં નવિ વીસરે, સુણો રાજુલ નાર જી. પ્રીતિ રે ધરો પ્રેમદા મુજથી. ॥ ૭ ॥ પિયુ વિણ રાજુલ એકલી, જાણી તમારી દાઝ જી; હોંશ ધરીને અમે

આવતા, કરવા તમારાં કાજ જી. પ્રીતિ રે૦ ॥ ૮ ॥ તારણ તંત્ર તોડી કર્યો, મોહમંત્રનો સંગ જી; મોક્ષ પદવી તમે ખોઇને, કર્યો સંજમ ભંગ જી. મોહ રે૦ ॥ ૯ ॥ સંસાર અસાર છોડી તુમે, લીધો સંજમ ભાર જી; ઉત્તમ પુરૂષ વંછે નહીં, ફરી સંસાર અસારજી. મોહ રે૦ ॥ ૧૦ ॥ માયા કરી જે મીલે નહીં, તે મૂરખની રીત જી; સંસારમાં શું લઇ જવું, એક પૂરણ પ્રીત જી. પ્રીતિ રે૦ ॥ ૧૧ ॥ કુંવારી કન્યાને કંથ કેટલા, સુણ સુણ રાજુલ ભામ જી; એકની ઉપર રાગ નવિ ઘટે, કરો મુજને રવામ જી. પ્રીતિ રે૦ ॥ ૧૨ ॥ અમીરસ મૂકી કાં પીવો, નારી અવગુણ વીખજી; સંસારમાં સાર કાંઇ નથી, ધરો સંજમ શિખ જી. મોહ રે૦ ॥ ૧૩ ॥ દીક્ષા લઈ પ્રભુ પાસથી, પાળો શુદ્ધ આચાર જી; વિષ ફળ ખાવા વાંછા કરી, લેવા પૃથ્વીનો ભાર જી. મોહ રે૦ ॥ ૧૪ ॥ મેં જાણ્યું રાજુલ એકલી, પતિ વિના મુંઝાય જી; પરણીને સુખ આપશું, નહીં લેવા દઉં દીક્ષાય જી. પ્રીતિ રે૦ ॥ ૧૫ ॥ પુણ્ય પ્રતાપે મેં ભેટીયા, આજ કેટલે માસ જી; ચાલો ઘેર જઇએ આપણે, કરવા ભોગ વિલાસ જી. પ્રીતિ રે૦ ॥ ૧૬ ॥ બંધુ તુમારે પરિહરી, જાણી અસ્થિર સંસાર જી; શ્વાન પરે ઇચ્છા કાં કરો, જમવા વમન વિકાર જી. મોહ રે૦ ॥ ૧૭ ॥ શ્વાન કીયો તુમે મુજને, તો શો તુમથી સંસાર જી; દીક્ષા આપી સારી સાધવી, કર્યો તમે ઉપગાર જી. ક્ષમા રે કરો મોરી માત જી૦ ॥ ૧૮ ॥

નાગિલા અને ભવદેવની સજ્ઝાય.

ભવદેવ ભાઇ ઘેર આવીઆ રે, પ્રતિબોધવા મુનિરાજ રે; હાથમાં તે દીધું ઘૃતનું પાતરૂં રે, ભાઇ મને આઘેરો વળાવ રે. નવી રે પરણ્યા તે ગોરી નાગિલા રે. ॥ ૧ ॥ ઇમ કરી ગુરૂજી પાસે આવીયા રે, ગુરૂજી પૂછે દીક્ષાનો કાંઈ ભાવ રે; લાજે નાકારો તેણે નવિ કર્યો રે. દીક્ષા લીધી વિના ભાવ રે. નવી૦ ॥ ૨ ॥ બાર વર્ષ સંજમમાં રહ્યા રે, હૈયે ધરતા નાગિલાનું ધ્યાન રે; હું મૂરખ મેં આ શું કર્યું રે, નાગિલા તજી જીવન પ્રાણ રે. નવી૦ ॥ ૩ ॥ માત પિતાદિ એને નહીં રે, એકલી અબળા નાર રે; તાસ ઉપર કરૂણા કરી રે, હવે કરૂં તેહની સાર રે. નવી૦ ॥ ૪ ॥ શશિ વયણી મૃગલોયણી રે; વલવલતી મેલી ઘરની નાર રે; સોળ વરસની સા સુંદરી રે, સુંદર તનુ સુકુમાર રે. નવી૦ ॥ ૫ ॥ ઉમર ફોગટ વ્રત જે કરે રે, હરખે ગ્રહી કર માંહી રે; પામ્યા તે શુભમતિ જેહની રે, હું તો પડીઓ દુઃખ જાળ જાંહી રે. નવી૦ ॥ ૬ ॥ ભવદેવ ભાંગે ચિંતે આવીઆ રે, અણુઓળખી પૂછે ઘરની નાર રે; કોઇએ દીઠી તે ગોરી નાગિલા રે, અમે છીયે વ્રત છોડણહાર રે. નવી૦ ॥ ૭ ॥ નારી કહે સુણો સાધુજી રે, વમ્યો ન લીએ કોઇ આહાર રે; હસ્તી ચડીને ખર પર કોણ ચડે રે, તમે છો કાંઇ જ્ઞાનના ભંડાર રે. નવી૦ ॥ ૮ ॥ એકકીએ વમ્યો આહાર જે કરે રે, તે નવિ માનવ આચાર રે; જે તમે ઘર ઘરણી તજ્યાં રે, હવે તેનો કરો શ્યું વિચાર રે. નવી૦ ॥ ૯ ॥ ધન્ય બાહુબળ શાલિભદ્રજી રે, ધન્ય ધન્ય મેઘકુમાર

રે; સ્ત્રી તજીને સંયમ જેણે લીએા રે, ધન્ય ધન્ય તેહ અણગાર રે. નવી૦ ।। ૧૦ ।। દેવકી સુલસા સુત સાગરૂ રે, નેમતણી વાણી સુણી ખાસ રે; બત્રીશ બત્રીશ પ્રિયા તણા રે, પરિહર્યા ભોગવિલાસ રે. નવી૦ ।। ૧૧ ।। અંકુશ વશ ગજ આણીએા રે, રાજેમતિ જેમ રહનેમ રે; વચન અંકુશે તિહાં વારીએા રે, નાગિલા ભવદેવ તેમ રે. નવી૦ ।। ૧૨ ।। નારી તે નરકની ખાણ છે રે, નરકની દેવણહાર રે; તે તમે તજો મુનિરાજજી રે, જિમ પામેા ભવજળ પાર રે નવી૦ ।। ૧૩ ।। નાગિલાએ નાથને સમજાવીઆ રે, પછી લીધેા સંજમ ભાર રે; કર્મ ખપાવી મુક્તિ જેસે રે, હોસે હોસે શિવ ભરતાર રે. નવી૦ ।। ૧૪ ।। પાંચમે ભવે જંબૂસ્વામીજી રે, પરણ્યા પરણ્યા પદ્મિણી નાર રે; ક્રોડ નવાણું કંચન લાવીઆ રે, કલ્પસૂત્ર માંહિ અધિકાર રે. નવી૦ ।। ૧૫ ।। પ્રભવક સાથે ચોર પાંચશેં રે, પદ્મિણી આઠે નાર રે; કર્મ ખપાવી મુક્તિ ગયા રે, સમયસુંદર સુખકાર રે. નવી૦ ।। ૧૬ ।।

નારકીના ઢાળીયા.

ઢાળ ૧ લી.

વર્ધમાન જિનને વિનવું, સાહિબ સાહસ ધીરોજી; તુમ દરિસણ વિણ હું ભમ્યેા, ચિહું ગતિમાં વડવીરોજી. ।। ૧ ।। પ્રભુ નરક તણાં દુઃખ દોહિલાં, મેં સહ્યાં કાળ અનંતોજી; શેાર કિયા નવિ કેા સુણે, એક વિના ભગવંતોજી. ।। ૨ ।। પાપ કરીને પ્રાણીયેા, પહોંચ્યેા નરક મેાઝારજી; કઠિન કુભાષા સાંભળી, નયન શ્રવણ દુઃખકારજી.

॥ ૩ ॥ શીતળ જોનિ ઉપજે, રહેવું તપતે ઠામોજી; જાનુ પ્રમાણ રૂધિરના, કીચ કર્યા બહુ તામોજી. ॥ ૪ ॥ તવ મન માંહિ ચિંતવે, જાઇએ કેણી દિશિ નાશીજી; પરવશ પડીયેા પ્રાણીયેા, કરતેા કોડી વિખાસોજી. ॥ ૫ ॥ ચંદ્ર નહીં સૂરજ નહીં, ઘેાર ઘટા અંધકારોજી; સ્થાનક અતિહિ બિહામણું, ફરસ જિસ્યેા ખુરધારોજી. ॥ ૬ ॥ નવેા નરકમાં ઉપજે, જાણે અસુર તિવારોજી; કેાપ કરી આવે તિહાં, હાથ ધરી હાથયારોજી. ॥ ૭ ॥ કરી કાતરણી દેહની, કરતેા ખંડેાખંડજી; રીવ અતીવ કરે બહુ, પામે દુઃખ પ્રચંડજી. ॥ ૮ ॥

ઢાળ ૨ જી, વૈરાગની.

ભાંજે કાયા ભાંજતેા રે, મારે ફાંસા માંય; ઉંધે માથે અગન દેઇ, ઉંચા બાંધે પાય રે, જિનજી સાંભળેા; કડવાં કર્મ વિપાક રે, જિ૦ ॥ ૧ ॥ વૈતરણી [૧]તટિની તણાં રે, જળમાં નાંખે રે પાસ; કરી કુહાડેા [૨]તરૂ પરે રે, છેદે અધિક ઉલ્લાસ રે; જિ૦ ॥ ૨ ॥ ઉંચા જોયણ પાંચશેં રે, ઉછાળે આકાશ; શ્વાન રૂપ કરડે તિહાં રે, મૃગ જિમ પાડે [૩]પાશેા રે; જિ૦ ॥ ૩ ॥ પંદર ભેદે સૂર મળી રે, કરવત દીએ રે કપાળ; આરેાપી શુલી શિરે રે, ભાંજે જિમ તરૂ ડાળ રે; જિ૦ ॥ ૪॥ બેાળે [૪]તાતા તેલમાં રે, તળી કરી કાઢે રે તામ; વળી લેાભરમાં બેપવે રે, વિરૂવા તાસ વિરામ રે; જિ૦ ॥ ૫ ॥ બાલ ઉતારે દેહની રે, [૫]આમિષ દીએ રે આહાર; બહુ અરડાટા પાડતાં રે, તનુ વચ્ચે ઘાલે બાર રે; જિ૦ ॥ ૬ ॥

ઢાળ ૩ જી.

રાગ–માર.

તાપ કરી તે ભૂમિકા રે, વનશું શીતળ જાણ; આવી બેસે તરૂવર છાંયડે રે, પડતાં ભાંજે પ્રાણ; ચતુર મત રાચજો રે. ॥ ૧ ॥ વિરૂઆ વિષય વિલાસ, સુખ થોડાં દુઃખ બહુલાં જેહથી રે; લહીએ નરક નિવાસ, ચ૦ ॥ ૨ ॥ કુંભી માંહે પાક કરે તસ દેહની રે, તલ જિમ ઘાણી માંય; પીલી પીલીને રસ કાઢે તેહનો રે, મહેર ન આવે તાંય; ચ૦ ॥ ૩ ॥ નાઠો જાય ત્રીજી નરકનો રે, મન ધરતા ભય ભ્રાંત; પછે પરમાધામી સુર મળે રે, જેવા કાળ કૃતાંત; ચ૦ ॥ ૪ ॥ ખાલ ઉતારે તેહની ખાંતશું રે, ખાર ભરે તસ ખાસ; પુરાની પરે તે તિહાં ટળવળે રે, મહેર ન આવે તાસ; ચ૦ ॥ ૫ ॥ દાંત વચ્ચે દિયે દશ આંગળીરે, ફરી ફરી લાગે પાય; વેદના સહેતાં કાળ ગયો ઘણો રે, હવે સહી ન જાય. ચ૦ ॥ ૬ ॥ જિહાં જાયે તિહાં ઉઠે મારવા રે, કોઇ ન પૂછે સાર; દુઃખ ભર રોવે શોર કરે ઘણો રે, નિપટ નહીં આધાર; ચ૦ ॥ ૭ ॥

ઢાળ ૪ થી.

(રે જીવ જિન ધર્મ કીજીએ—એ દેશી.)

પરમાધામી સુર કહે, સાંભળ તું ભાઈ; કીયો દોષ અમારડો, નિજ દેખ કમાઇ. ॥ પર૦ ॥ ૧ ॥ પાપ કર્મ કીધાં ઘણાં, બહુ જીવ વિણાસ્યા; પીડા ન જાણી પર તણી; કુડા મુખ ભાષ્યા. પર૦ ॥ ૨ ॥ ચોરી લીધાં ધન પારકાં,

સેવી પર નાર; આરંભ કામ કીધાં ઘણું, પરિગ્રહ નહી પાર. ૫૨૦ ॥ ૩ ॥ નિશિ ભોજન કીધાં ઘણું, બહુ જીવ સંહાર; અભક્ષ્ય અથાણું આચર્યો, પાતક નહીં પાર. ૫૨૦ ॥૪॥ માત પિતા ગુરૂ ઓળવ્યા, કીધો ક્રોધ અપાર; માન માયા લોભ મન ધર્યા, મતિ હીણુ ગમાર. ૫૨૦ ॥ ૫ ॥

ઢાળ ૫ મી.

ઇમ કહી સુર વેદના એ, વળીય ઉદીરે દેહી તો, શીલા કંટાલા વજ્ર તણા એ, તિહાં પછાડે સાહી તો. ॥૧॥ તૃષા વશે તાતો તરૂ એ, મુખમાં ઘાલે તામ તો; અગ્નિ-વર્ણુ પૂતળી એ, આલિંગન દે જામ તો. ॥ ૨ ॥ સયલ વદન કીડા ભરે એ, જીવ કરે શત ખંડ તો; એ ફળ નિશિ ભોજન તણો એ; જાણે પાપ અખંડ તો. ॥ ૩ ॥ અતિ ઊનો અતિ આકરો એ, આણે તાતો નીર તો; તે ઘાલે તસ આંખમાં એ, કાને ભરે કથીર તો. ॥ ૪ ॥ કાળા અધિક બીહામણાં એ, તે હુંડક સંઠાણ તો; દીસે દીન દયામણાં એ, વળી નિરાધાર પ્રાણ તો. ॥ ૫ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

એણી પરે બહુ વેદન સહી, ચિત્ત ચેતો રે; વસતો નરક મોઝાર, ચતુર ચિત્ત ચેતો રે; જ્ઞાની વિણ જાણે નહીં, ચિત્ત ચેતો રે; કહેતાં નાવે પાર, ચતુર ચિત્ત ચેતો રે. ॥ ૧ ॥ દશ દૃષ્ટાંતે દોહીલો, ચિ૦ લાધ્યો નર ભવ સાર, ચતુર૦ પામ્યો આલે મ હારજો, ચિ૦ કરજો એહ વિચાર. ચતુ૦ ॥ ૨ ॥ સુધો સંજમ આદરો, ચિ૦ ટાળો વિષય વિકાર, ચતુ૦ પાંચે ઇંદ્રિય વશ કરો, ચિ૦ જિમ હોય

છુટક બાર. ચતુ૦ ॥ ૩ ॥ નિંદા વિકથા પરિહરો, ચિ૦ આરાધો જિનધર્મ, ચતુ૦ સમકિત રત્ન હઇયે ધરો, ચિ૦ ભાંજે મિથ્યા ભર્મ. ચતુ૦ ॥ ૪ ॥ વીર જિણુંદ પસાઉલે, ચિ૦ અહિપુર નગર મોઝાર, ચતુ૦ સ્તવન રચ્યો રળિયા-મણો, ચિ૦ પરમકૃપાળ ઉદ્ધાર. ચતુ૦ ॥ ૫ ॥

અથ શ્રી અયવંતી સુકુમાલનું તેરઢાલીયું

દુહો.

પાસ જિનેસર સેવીયે, ત્રેવીશમો જિનરાય;
વિઘ્ન નિવારણ સુખ કરણ, નામે નવનિધી થાય ॥ ૧ ॥
ગુણ ગાઉં અંતે કરી, અયવંતી સુકુમાળ;
કાન દઇને સાંભળો, જેમ હોય મંગળ માળ. ॥ ૨ ॥

ઢાળ ૧ લી.

(દેશી ત્રીપદીની)

(એ કરજોડી તામરે ભદ્રાં વીનવે એ દેશી.)

મુનિવર આર્ય સુહસ્તી રે, કિણહિક અવસરે, નયરી ઉજ્જયણી સમોસરયા એ ॥ ૧ ॥ ચરણ કરણ વ્રતધાર રે, ગુણમણી આગરૂં, બહુ પરિવારે પરિવર્યા એ ॥ ૨ ॥ વન વાડી આરામ રે, લેઈ તિહાં રહ્યા, દોય મૂનિ નગરી પઠા વીયા એ ॥ ૩ ॥ થાનક માગણ કાજરે મુનિવર મલપતા, ભદ્રાને ઘેર આવીયા એ ॥ ૪ ॥ શેઠાણી કહે તામ રે, શિષ્ય તુમે કેહના, શે કાજે આવ્યા ઇહાં એ ॥ ૫ ॥ આર્યસુ-હસ્તિ ના શિષ્ય રે, અમે છું શ્રાવિકા, ઉધાને ગુરૂ છે તિહાં એ ॥ ૬ ॥ માગું છું તુમ પાસ રે, રહેવા સ્થાનક પ્રાશુક

અમને દીજીએ એ ।। ૭ ।। વાહનશાળ વિશાળ રે, આપી ભાવશું, આવી ઈહાં રહીજીએ એ ।। ૮ ।। સપરિવાર સુવીચાર રે, આચારજ તીહાં, આવી સુખે રહે સદાએ ।। ૯ ।। નલિની ગુલ્મ અધ્યયન રે, પહેલી નીશા સમે, ભણે આચારજ એકદા એ ।। ૧૦ ।। ભદ્રા સુત ગુણવંત રે, સુખી સુરોપમ રૂપવંત રળીયામણો એ ।। ૧૧ ।। અયવંતી સુકુમાળ રે; સાતમી ભૂમિકા, પામ્યો સુખ વીલસે ઘણું એ ।। ૧૨ ।। નીરૂપમ નારી બત્રીશ રે, રૂપે અપચ્છરા શશીવયણી મૃગલોયણી એ ।। ૧૩ ।। કહે જીનહર્ષ વીનોદ રે, પરમ પ્રમોદશું લીલા લાડે અતી ઘણીએ ।। ૧૪ ।।

દોહા.

પ્રથમ નિશા સમયે મુનિ, કરિ પડિકમણું સાર;
આલોયણ આલોચતાં, કુમર સુણ્યો તેણિવાર. ।। ૧ ।।
રાગ રંગે ભીનો રહે, અવર નહી કોઇ આજ;
લેવો દેવો માતાવશું, કુમર વડો શિરતાજ. ।। ૨ ।।

ઢાળ ૨ જી.

(માયા મોહે દક્ષિણ મેલાઇ–એ દેશી.

મધુર સ્વરે મુનિવર કરે, હોજી સૂત્રતણી એ સજ્ઝાય, શ્રવણે સુપરે સાંભળી, હોજી આવી કુમરને દાય; અયવંતી સુકુમાર, સુણી ચિત્તલાય. ।। ૧ ।। એ આંકણી. વિષય પ્રમાદ તજી કરી, હોજી તન મન વચન લગાય; એ સુખ મેં કિહાં અનુભવ્યાં, હોજી જે કહે મુનિવર રાય. અય૦ ।। ૨ ।। કુમર કરી એમ સોચના, હોજી એડો

ધ્યાન લગાય; હૃદયમાંહી વિચારતાં, હોજી રોમ રોમ ઉલ્લસિત થાય. અય૦ ॥ ૩ ॥ ઇમ ચિંતવતાં ઉપન્યું, હોજી જાતિસ્મરણ જ્ઞાન; આવ્યો તિહાં ઉતાવળો, હોજી ધરતો મન શુભ ધ્યાન. અય૦ ॥ ૪ ॥ ગુરૂનાં ચરણ કમળ નમી, હોજી બેઠો મનને કોડ; ભગવંત ભદ્રાસુત અછું, હોજી પૂછું બે કરજોડ. અય૦ ॥ ૫ ॥ નલિની ગુલ્મ વિમાનનાં, હોજી તુમે સુખ જાણો કેમ; સૂરિ કહે જિન વચનથી, હોજી અમે જાણું છું એમ. અય૦ ॥ ૬ ॥ પૂરવ ભવે હું ઉપન્યો, હોજી નલિની ગુલ્મ વિમાન; તે સુખ મુજને સાંભર્યું, હોજી જાતિ સ્મરણ જ્ઞાન. અય૦ ॥ ૭ ॥ તે સુખ કહો કેમ પામીયે, હોજી કેમ લહિયે તે ઠામ; કૃપા કરી મુજને કહો, હોજી માહરે તેહશું કામ. અય૦ ॥ ૮ ॥ એ સુખ મુજને નવિ ગમે, હોજી અપૂર્વ સરસ વિમાન; ખારો દધિ જળ કિમ ગમે, હોજી, જેણે કીધો પય પાન. અય૦ ॥ ૯ ॥ એટલા દિન હું જાણતો, હોજી મેં સુખ લહ્યાં શ્રીકાર; મુજ સરીખો જગ કોઈ નહીં, હોજી સુખીયો ઇણ સંસાર. અય૦ ॥ ૧૦ ॥ હવે મેં જાણ્યાં કારમાં, હોજી એ સુખ ફળ કિંપાક; કહે જિનહર્ષ હવે કહો, હોજી કિમ પામું તે નાક. અય૦ ॥૧૧॥

દોહા.

એ સંસાર અસાર છે, આવ્યો સ્વર્ગનો દ્વાર;
તીન જ્ઞાન ઘટમેં વસે, સુખ તણો નહી પાર. ॥ ૧ ॥
રયણ મોતી તિહાં ઝળહળે, કૃષ્ણાગર ધમકાર;
તાલ મૃદંગ દુંદુભિતણા, નાટકનો નહિ પાર. ॥ ૨ ॥

ઢાળ ૩ જી.

(તું કુળદેવી સેવી સદા એ દેશી.)

સંયમથી સુખ પામીયે, જાણો તુમે નિરધાર; કુમર જી સુર સુખનું કહેવું કિશું, લહિયે શિવ સુખ સાર. કુમર જી સંયમ૦ ॥ ૧ ॥ એ આંકણી. નર સુર સુખ એણે જીવડે, પામ્યાં અનંતી વાર; કુમર જી૦ નરપતિ સુરપતિ એ થયો, ન લહિ તૃપી લગાર. કુમર જી૦ સંયમ૦ ॥ ૨ ॥ કાગલિંબોળી પ્રિય કરે, પરિહરે મીઠી દ્રાખ; સુગુરૂ જી૦ નલિની ગુલ્મ વિમાનનો, મુજને છે અભિલાખ. સુગુરૂ જી૦ સંયમ૦ ॥ ૩ ॥ તે ભણી મુજશું કરી મયા, દ્યો ગુરૂજી ચારિત્ર; સુગુરૂ જી૦ ઢીલ કિસી હવે કીજીયે, લીજીયે વ્રત સુપવિત્ર. સુગુરૂ જી૦ સંયમ૦ ॥ ૪ ॥ શ્રી આચારજ એમ કહે, હજીય અછે તું બાળ કુમર જી, તું લીલાનો લાડણો, કેળિગર્ભ સુકુમાળ કુમર જી. સંયમ૦ ॥ ૫ ॥ દીક્ષા દુષ્કર પાળવી, પંચ મહાવ્રત ભાર કુમર જી; માથે મેરૂ ઉપાડવો, તરવો જળધિ અપાર કુમરજી. સંયમ૦ ॥ ૬ ॥ મીણ તણે દાંતે કરી, લોહચણા કોણ ખાય કુમર જી; અગ્નિ ફરસ કોણ સહી શકે, દુકકર વ્રત નિરમાય કુમર જી. સંયમ૦ ॥ ૭ ॥ કુમર કહે પ્રભુ સાંભળો, દુઃખ વિણ સુખ કિમ થાય સુગુરૂ જી; અલ્પ દુઃખે બહુ સુખ હોવે, તે તો દુઃખ ન ગણાય. સુગુરૂ૦ સંયમ૦ ॥ ૮ ॥ તપ કરવો અતિ દોહિલો, સહેવા પરીસહ ઘોર; કુમર જી૦ કહે જિનહર્ષ સુભટ થઈ, હણવાં કર્મ કઠોર. કુમર જી૦ સંયમ૦ ॥ ૯ ॥

દોહા.

કુમર કહે મુનિરાયને, વંદૂ બે કરજોડ;
શુરા નરને સોહલું, જુઝે રણમેં દોડ. ॥ ૧ ॥
તે માટે મુજ દીજીએ, સંયમ ભાર અપાર;
કર્મ ખપાવું સદ્‌ગુરૂ, પામું ભવજળ પાર. ॥ ૨ ॥

ઢાળ ૪ થી.

(કપુર હોય અતિ ઉજળો રે–એ દેશી.)

કરજોડી આગળ રહી રે, કુમર કહે એમ વાણ; શૂરાને શું દોહિલું રે, જે આગમે નિજ પ્રાણ; મુનીસર, માહરે વ્રતશું કાજ; મુજને દીઠાં નવિ ગમે રે, ઋદ્ધિ રમણી એ રાજ. મુની૦ ॥ ૧ ॥ એ આંકણી. સાચાં કરી જાણ્યાં હતાં રે, કાચાં સહુ સુખ એહ; જ્ઞાન નયણ પ્રગટયાં હવે રે, હવે હું છાંડીશ તેહ. મુની૦ ॥ ૨ ॥ દુષ્કર વ્રત ચિર પાળવાં રે, તે તો મેં ન ખમાય; વ્રત લેઈ અણસણ આદરૂં રે, કષ્ટ અલ્પ જેમ થાય. મુની૦ ॥ ૩ ॥ જો વ્રત લીએ સુગુરૂ કહે રે, તો સાંભળ મહા ભાગ; ઘેર જઈ નિજ પરિવારની રે, તું તો અનુમતિ માગ. મુની૦ ॥ ૪ ॥ ઘેર આવી માતા ભણી રે, અયવંતી સુકુમાળ; કોમળ વયણે વીનવે રે, ચરણે લગાડી ભાલ. માતાજી માહરે વ્રતશું કામ. ॥ ૫ ॥ અનુમતિ દ્યો વ્રત આદરૂં રે, આર્ય સુહસ્તિ ગુરૂ પાસ; નિજ નરભવ સફળો કરૂં રે, પૂરો માહરી આશ. માતાજી૦ ॥ ૬ ॥ મૂરખ નર જાણે નહી રે, ક્ષણ લાખેણી જાય; કાળ અચિંત્યો આવશે

રે, શરણુ કેાઇ થાય. માતાજી૦ ॥ ૭ ॥ જેમ પંખી પીંજર પડયેા રે, વેદે દુઃખ નિશ દિશ; માયા પીંજરમાં પડયેા રે, તેમ હું વિશવા વીશ. માતાજી૦ ॥ ૮ ॥ એ બંધન મુજ નવિ ગમે રે, દીઠાં પણ ન સુહાય; કહે જિનહર્ષ અંગજ ભણી રે, સુખીયેા કર મેારી માય. માતાજી૦ ॥ ૯ ॥

દેાહા.

આ કાયા અશાશ્વતી, સંઝયા જેહવેા વાન;
અનુમતિ આપેા માતજી, પામું અમર વિમાન. ॥ ૧ ॥
કેનાં છેારૂ કેના વાછરૂ, કેહનાં માય ને બાપ;
પ્રાણી જાશે એકલેા, સાથે પુણ્ય ને પાપ. ॥ ૨ ॥

ઢાળ ૫ મી.

(વાત મ કાઢેા હેા વ્રત તણી–એ દેશી.)

માય કહે વચ્છ સાંભળેા, વાત સુણાવી એસી રે;
સેા વાતે એક વાતડી, અનુમતિ કેાઈ ન દેસી રે. માય૦ ॥ ૧ ॥ એ આંકણી. વ્રત શ્યું તું શ્યેા નાનડા, એ શી વાત પ્રકાશી રે; ઘર જાએ જિણ વાતથી, તે કેમ કીજે હાંસી રે. માય૦ ॥ ૨ ॥ કેણે ધુતારે ભેાળવ્યેા, કે કેણે ભૂરકી નાંખી રે; બેાલે અવળા બેાલડા, દીસે છબી મુખ ઝાંખી રે. માય૦ ॥ ૩ ॥ તું નિશ દિન સુખમાં રહ્યેા, બીજી વાત ન જાણી રે; ચારિત્ર છે વચ્છ દેાહિલું, દુઃખ લેવું છે તાણી રે. માય૦ ॥ ૪ ॥ ભૂખ તૃષા ન ખમી શકે, પાણી વિણ પ્રાણ જાય રે; અરસ નીરસ જળ ભેાજને,

ળાળવી છે નિજ કાય રે. માય૦ ।। ૫ ।। ઇહાં તો કોમળ રેશમી, સૂવું સોડ તળાઇ રે; ડાભ સંથારો પાથરી, ભૂયે સૂવું છે ભાઈ રે. માય૦ ।। ૬ ।। આછાં પહેરણ પહેરવાં, વાધા દિન દિન નવલા રે; તિહાં તો મેલાં કપડાં, ઓઢવાં છે નિત્ય પહેલાં રે. માય૦ ।। ૭ ।। માથે લોચ કરાવવો, રહેવું મલિન સદાય રે; તપ કરવા અતિ આકરા, ધરવી મમતા ન કાંઈ રે. માય૦ ।। ૮ ।। કઠિણ હોએ તે એ સહે, તે દુઃખ તે ન ખમાય રે; કહે જિન હર્ષ ન કીજીયે, જિણ વાતે દુઃખ થાય રે. માય૦ ।। ૯ ।।

દોહા.

કુમર કહે જનની સુણો, મુનિ ચક્રી બળદેવ; સંય-મથી સુખ પામિયા, તે સુણજો સુખ હેવ. ।। ૧ ।। અર્જુન માળી ઉદ્ધર્યો, દૃઢ પ્રહારી સોય; પરદેશી વળી રોહિણો, માત સુણાવું તોય. ।। ૨ ।। સમદૃષ્ટિ હુએ સમકિતી, સંયમ સુર સુખ લીન; કેઇ તર્યા વળી તારશે, મુજ મન હુઓ પ્રવીન. ।। ૩ ।। એકજ અંગજ માહરે, તું પણ આદરે એમ;કિમ આપું હું અનુમતિ, સ્નેહ તૂટે કહે કેમ. ।। ૪ ।।

ઢાળ ૬ ઠી.

(લાલ રંગાવો વરનાં મોળીયાં-એ દેશી.)

હવે કુમર ઇસ્યું મન ચિંતવે, મુજને કોઈ નાપે શિક્ષા રે; જો જાઉં હું વિણ અનુમતે, તો ગુરૂ પણ ન દીયે દીક્ષા રે. હવે૦ ।। ૧ ।। એ આંકણી. નિજ હાથે કેશ લોચન કીયો, ભલો વેષ જતિનો લીધો રે; ગૃહાવાસ તજયો, સંયમ ભજયો નિજ મન માન્યો તેમ કીધો રે.

હવે૦ ॥ ૨ ॥ ભદ્રા દેખી મન ચિંતવે, એ તો વેષ લઇને બેઠો રે; એહને રાખ્યાં હવે શું હોવે, જમીયે મીઠા ભણી એઠો રે. હવે૦ વચ્છ સાંભળ તેં એ શું કીયો, મુજ આશ લતા ઉન્મૂળી રે; તુજ મુખ દેખી સુખ પામતી, દેઈ જાય છે દુઃખની શૂળી રે. હવે૦ ॥ ૪ ॥ તુજ નારી બત્રીશે બાપડી, અબળા ને જોવનવંતી રે; કુળવંતી રહેતી નિશ દિને, તુજ મુખ સામું નિરખંતી રે. હવે૦ ॥ ૫ ॥ રંગે રહેતી તાહરે મન ઉપરે, તુજ વયણ કદી નવિ લોપ્યો રે; અવગુણ પાખે એ નારીશું, કહેને શા માટે કોપ્યો રે. હવે૦ ॥ ૬ ॥ એ દુઃખ બમ્યું જાશે નહિ, પણ જોર નહિ તુંજ કેડે રે, જિનહર્ષ ભદ્રા નારી મળી, આંખડીયે આંસુ રેડે રે. હવે૦ ॥ ૭ ॥

દોહા.

બત્રીશે નારી મિળી, કહે પિયુને સુવિચાર, વય લઘુતા રૂપે ભલા શો સંયમનો ભાર. ॥ ૧ ॥ વ્રત છે કરવત સારિખાં; મન છે પવન સમાન, બાવીશે પરિ સહ સહે, વચન અમારો માન ॥ ૨ ॥ મયગળ દંત જે નીકળ્યા, તે કિમ પાછા જાય, કરમ સુભટ દૂરે કરી, પહોંચવું શિવપુર ઠાય. ॥ ૩ ॥

ઢાળ ૭ મી.

(ઘરે આવોજી આંબો મોરીયો–એ દેશી.)

અનુમતિ દીધીમાયે રોવંતા, તુજને થાઓ કોડકલ્યાણ રે; સફળ થાઓ તુજ આશડી, સંયમ ચઢજો સુપ્રમાણ રે. અનુ૦ ॥ ૧ ॥ એ આંકણી. કુમરતણાં મન

વંછિત ફળ્યાં, હર્ષ્યો નિજ ચિત મઝાર રે; આવ્યો ગુરૂ પાસે ઊમહ્યો, સાથે પરિવાર અપાર રે. અનુ૦ ॥ ૨ ॥ સદગુરૂનાં ચરણ કમળ નમી, ભાંખે કરજોડી કુમારો રે; પ્રવહણ સમ ગુરૂ મુજ ભણી, સંસાર સમુદ્રથી તારો રે. અનુ૦ ॥ ૩ ॥ આચાર જે ઉચ્ચરાવીયાં, વ્રત પંચ વિષે સહુ સાખે રે; ધન ધન એવાં જેણે સુખ તજ્યાં, નર નારી મળી એમ ભાંખે રે. અનુ૦ ॥ ૪ ॥ ભદ્રા કહે આચારજ ભણી, તુમને કહું છું કરજોડ રે; જાળવજો એને રૂડી પરે, મુજ કાળજડાની કોર રે. અનુ૦ ॥ ૫ ॥ તપ કરતાં એને વારજો, ભૂખ્યાની કરજો સારો રે; જનમારે દુઃખ જાણ્યું નથી, અહમિંદ્ર તણો અવતારો રે. અનુ૦ ॥ ૬ ॥ માહરે આથી પોથી એ હતી, દીધી છે તુમચે હાથ રે, હવે જિમ જાણો તેમ જાણજો, વાહલી માહરી એ આથ રે. અનુ૦ ॥ ૭ ॥ સાંભળ સુત જો વ્રત આદરયું, તો પાળજે નિરતિચાર રે; દૂષણ મ લગાડીશ વ્રત ભણી, તું જેમ પામે ભવ પાર રે. અનુ૦ ॥ ૮ ॥ ધન્ય ગુરૂ જેહનો એ શિષ્ય થયો, ધન્ય માત પિતા કુળ જાસ રે; જેહને કુળ એ સુત ઉપન્યો, ઇમ બોલાવી જશ વાસ રે. અનુ૦ ॥ ૯ ॥ એમ કહી ભદ્રા પાછી વળી, દુઃખણી વહુઅરો લેઇ સાથ રે; જિન હર્ષ અલપ જલ માછલી, ઘેર આવી થઈ છે અનાથ રે. અનુ૦ ॥ ૧૦ ॥

દોહા.

ઘેર આવી સાસુ વહુ, મન માન્યો ઉદાસ; દીપક વિણ મંદિર કિશો, પિયુ વિણ સ્ત્રી નીરાશ. ॥ ૧ ॥ પિયુ

વિણ પલક ન રહિ શકું, સેજ લગે મુજ ખાય; પત્થર પડે ભુયંગકો તળફ તળફ જીવ જાય. ॥ ૨ ॥

ઢાળ ૮ મી.

(પ્રાહુણાની દેશી.)

સદ્દગુરૂ જી હો કહું તુમને કરજોડ, ચિર ચારિત્ર પળે નહી; સદ્દગુરૂ જી હો તપ કિરિયા નવિ થાય, કર્મ ખપે જેહથી સહી સ૦ ॥ ૧ ॥ તુમચી અનુમતિ થાય તો હું અણસણ આદરૂં સ૦ થોડા કાળ મઝાર. કષ્ટ કરી શિવપદ વરૂં. સ૦ ॥ ૨ ॥ મુનિ વરજી હો, જેમ સુખ થાયે તુજ, તેમ કરો દેવાણુપ્પિયા. મુનિ૦ ગુરૂને ચરણે લાગિ, સહુશું ખામણડાં કીયાં. મુનિ૦ ॥ ૩ ॥ મુનિ૦ આવ્યો જિહાં સમશાન બળે મૃતક વન્હિ ધગધગે. મુનિ૦ બિહામણો વિકરાળ; દેખતાં મન ઉભગે. મુનિ૦ ॥ ૪ ॥ મુનિ૦ પિતૃવન ઇંણે નામે, દીસે યમવન સારિખો. મુનિ૦ કાંટાળા તિહાં રૂખ, ક્રુર કંથેરી સારિખો. મુનિ૦ ॥ ૫ ॥ મુનિ૦ આવ્યો તિણ વન માંહે, તિહાં આવી અણસણ કરયું. મુનિ૦ કાંટે વિંધાણા પાય, તતક્ષણ લોહીજ રહસ્યુ. મુનિ૦ ॥ ૬ ॥ મુનિ૦ પગ પીંડી પરનાળ, લોહી પાવસ ઉન્નહ્યો. મુનિ૦ સોભાગી સુકુમાળ, કઠણ પરિસહ આદર્યો. મુનિ૦ ॥ ૭ ॥ મુનિ૦ શક્રસ્તવ તિણિવાર કીધો અરિહંત સિદ્ધને. મુનિ૦ ધર્માચારજ ધ્યાન ધરયું જિનહર્ષ ભલે મને. મુનિ૦ ॥ ૮ ॥

દોહા.

વંદન આવી ગોરડી, પ્રાતસમય ગુરૂપાસ; કરજોડી મુખથી વદે, નાહ ન દીસે તાસ. ॥ ૧ ॥ મુનિ કહે અનુ-

મતિ લહી, કાઉસગ રહ્યો સમશાન, મન ઇચ્છા ઘર પામિયો પહોત્યો દેવ વિમાન. ॥ ૨ ॥

ઢાલ ૯ મી.

(ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે. એ દેશી.)

તિણ અવસર એક આવી જંબુકી રે, સાથે લેઇ પોતાનાં બાળ રે, ભક્ષ કરવાને દશ દિશે ફિરેરે, અવળી સવળી દેતી ફાળ રે. તિણ૦ ॥ ૧ ॥ એ આંકણી૦ ચરણ રૂધીરની આવી વાસનારે, બાળસહિત આવી વન માંહ રે. પુરવ વૈર સંભારી શોધતી રે, આવા લાગી પગશું સાહિ રે. તિણ૦ ॥ ૨ ॥ ચટ ચટ ચુંટે દાંતે ચામડી રે, ગટ ગટ આયે લોહી માંસ રે, બટ બટ ચર્મતણાં બટકાં ભરે રે, ત્રટ ત્રટ ત્રોડે નાડી નસ રે. તિણ૦ ॥ ૩ ॥ પ્રથમ પ્રહરે તે જંબુક જંબુકી રે, એક ચરણનું ભક્ષણ કીધરે, તોપણ તે વેદનાયે કંપ્યો નહી રે, બીજે પ્રહરે બીજે પગ લીધ રે. તિણ૦ ॥ ૪ ॥ આયે પિંડી સાથળ ત્રોડિનેરે, પણ તે ન કરે તિલભર રિવ રે, કાયા માંટી ભાંડ અશાશ્વતી રે, તૃપ્તા થાઓ એહથી જીવ રે. તિણ૦ ॥ ૫ ॥ ત્રીજે પ્રહરે પેટ વિદારિયું રે, જાણે કર્મ વિદારયાં એહ રે, ચોથે પ્રહરે પ્રાણ તજી કરી રે, નલિની ગુલ્મ લહ્યાં સુખ તેહ રે. તિણ૦ ॥ ૬ ॥ સુર વંદીને તાસ શરીરનો રે, મહિમા કરે અનેક પ્રકાર રે, કહે જિનહર્ષ તેણે અવસર મળી રે વંદણ આવી સઘળી નાર રે. તિણ૦ ॥ ૭ ॥

દોહા.

ગોરિ સખિ ઝાંખી થઇ, આવી નગરિ મઝાર, મુખ

કમળાણું માલતી, સાસુ દેખે તેણિવાર. ।। ૨ ।। કુળમાં કોળાહળ થયેા, મંદિર આવા ધાય, તન ભોગી જોગી હુએ, કરમ કરે તે થાય. ।। ૨ ।।

ઢાલ ૧૦ મી.

(ભણે દેવકી કેણે ભોળવ્યા, એ દેશી.

વાંદી પૂછે ગુરૂ ભણી, અમચેા દીસે નહી ભરતાર, પૂજ્ય જી. કિહાં ગયેા મુનિ તે કહેા, ઉપયેાગે કહે તેણીવાર, કામિની. વાંદી૦ ।। ૧ ।। એ આંકણી. આવ્યા હતા પેાહત્યા તિહાં, દુઃખ પામિ મરણ સુણેય. કામિની૦ હા હા કરે ધરણી ઢળે, આંસુડા છુટયાં નયણેય. કામિની૦ વાંદી૦ ।। ૨ ।। હીયડું પીટે હાથશું, ઉપાડે શિરના કેશ. કામિની૦ વિલવે પિયુ વિણ પદમિણી, સસનેહી પામે કલેશ. કામિની૦ વાંદી ।।૩।। એટલા દિન દિલમાં હતી વ્રતધારી હતેા ભરતાર. પૂજ્યજી૦ એટલું હી સુખ અમતાણું, સાંસ્યું નહી કિરતાર. પૂજ્યજી૦ વાંદી૦ ।। ૪ ।। અમે મન માંહે જાણુતી, દેખશું દરિસણ નિત્ય. પૂજ્યજી૦ ચરણ કમળ નિત્ય વાંદશું, ચિંતવતી ઇણીપરે ચિત્ત. પૂજ્યજી૦ વાદી૦ ।। ૫ ।। દૈવે દીધ રંડાપણું, હમે હવે થયાં અનાથ. પૂજ્યજી૦ મનમાં દુઃખ કહીએ કેહને, અમચા, પડ્યા ભૂંઇ હાથ. પૂજ્યજી૦ વાંદી૦ ।। ૬ ।। શું કહિએ કરિએ કિશ્યું, અમને હુએા સંતાપ. પૂજ્યજી૦ દુઃખ કહીએ કેહને હવે, અમચાં પૂરણ પાપ. પૂજ્યજી૦ વાંદી૦ ।। ૭ ।। ઉભી પસ્તાવેા કરે, નાંખતી મુખ નિશ્વાસ.

કામિની૦ કહે જિનહર્ષ ઘરે ગઇ, બત્રીશે થઈ નિરાશ. કામિની૦ વાંદી૦ ।। ૮ ।।

દોહા.

ઇણિપરે ઝુરે ગોરડી, તિમ ઝુરે વળી માય, મોહ-તણી ગતિ વંકડી, જેહથી દુર્ગતિ થાય ।। ૧ ।। જિમ જિમ પિયુ ગુણ સાંભરે, તિમ તિમ હૃદય મઝાર, દુઃખ વિરહે સુખ હોય કિહાં નિહુર થયો કિરતાર ।। ૨ ।।

ઢાળ ૧૧ મી.

(દેખો ગતિ દેવનીરે, અથવા ગજરાજની દેશી)

દુઃખભર બત્રીશે રોવંતી રે, ગદ, ગદ બોલે વચન ।। પરલોકે પહોત્યા સહીરે, સાસુ તુમ પુત્ર રતન ।। દેજો મુને મુજરો રે અરે સાસુના જાયા, અરે નણદીના વીરા, અરે અમૂલક હીરા, અરે મન મોહનગારા, અરે પ્રીતમ પ્યારા, દેજો મુંને મુંજરો રે ।। ૧ ।। એ આંકણી૦ ભદ્રા સુણી દુઃખીણી થઇ રે, પુત્ર મરણની વાત ચાર પહોર દુઃખ નિર્ગમી રે, પહોતી તિણે વન પરભાત દેજો૦ ।। ૨ ।। કંથેરી વન ઢુંઢતાં રે, પુત્ર કલેવર દીઠ, નારી માય રોઇ પડી રે. નયણે જળ ધારા નીર. દેજો૦ ।। ૩ ।। હીયડા ફાટે કાં નહી રે, જીવી કાંઇ કરેશ, અંતરજામી વાલહો રે, તે તો પહોંત્યો પરદેશ દેજો૦ ।। ૪ ।। હીયડા તું નીહુર થયું રે, પહાણ જડયું કે લોહ, ફીટ પાપી ફાટયું નહી રે વહાલા તણે વિચ્છોહ. દેજો૦ ।। ૫ ।। હીયડું હણું કટારીયે રે ભુંજું અંગારે દેહ, સાંભળતાં ફાટયું નહી રે,

તો ખોટો તાહરો નેહ. દેજો૦ ॥ ૬ ॥ ઇણી પેરે ઝુરે ગોરડીરે, તિમહી જ ઝુરે માય, પિયુ પિયુ મુખથી કરી રહી રે અપૈયા સુર જિમ જાય. દેજો૦ ॥ ૭ ॥ દુઃખભર સાયર ઉલટયોરે, છાતીમાં ન સમાય, પ્રેતકારજ સુતનું કીયું રે જિનહર્ષ હિયે અકળાય. દેજો૦ ॥ ૮ ॥

દોહા.

વૈરાગ્યે મન વાળિયો, સમજાવે તે આપ, હૈયે હટકયો હાથકર હવે મત કરોવિલાપ ॥ ૧ ॥ એક નારી ઘર રાખિને, સાસુ સહિત પરિવાર, ગુરૂનાં ચરણ નમી કરી લીધો સંયમ ભાર રે ॥ ૨ ॥

ઢાળ ૧૨ મી.

(રાજકુમર બાઇ ભલો ભરતાર, અથવા મોરિ બહિની રે-એ દેશી.)

ક્ષિપ્રા તટે ઉભી રડે રે, માય ચિતા બળતી જોય; આંસુ ભીનો કંચુઓ તિહાં, રહે નિચોય નિચોય; મોરી વહુઅર, એ શું થયું રે અકાજ; ગયો મુજ ઘરથી રાજ, મોરી૦ હું દુઃખીણી થઇ છું આજ. મોરી૦ ॥ ૧ ॥ એ આંકણી. એ ઘર મંદિર કેહનાં રે, કેહની એ ધનરાશિ; પુત્ર વિના સૂનાં સહુ રે, કેહી જીવિત આશ. મોરી૦ ॥ ૨ ॥ દીસે સહુ એ કારમાં રે, વિણુસતાં કાંઇ ન વાર સંધ્યારાગ તણી પરે રે, કારમો સહુ પરિવાર. મોરી૦ ॥ ૩ ॥ બાજી બાજીગર તણી રે, દીસતી જેમ અમૂલ્ય; દિવસ ચારકા પેખણા રે, અંતે ધુળકી ધુળ. મોરી૦ ॥ ૪ ॥ માત પિતા સુત કામિની રે, સંયોગે મળિયાં

આય; વાંયે મળ્યાં જેમ વાદળાં રે, વાયે વિંખરી જાય. મોરી૦ ॥ ૫ ॥ સુપન માંહે જેમ રાંકડો રે, ધન પામી હુઓ શેઠ; જાગી નિહાળે ઠીકરૂં રે, ભાંગ્યું માથા હેઠ. મોરી૦॥ ૬ ॥ સ્વપ્ન જેમ અશાશ્વતાં રે, સહુ દેખાય છે એહ; કહે જિનહર્ષ વૈરાગીયાં રે, સાસુ વહુઅર તેહ. મોરી૦ ॥ ૭ ॥

ઢાળ ૧૩ મી.

(સુણ બહેની પીયુડો પરદેશી–એ દેશી.)

ભદ્રા ઘર આવી એમ ભાંખે, ગર્ભવતી ઘર રાખે રે; અન્ય વધુ પહોતી ગુરૂ પાસે, વ્રત અમૃત રસ ચાખે રે. ભદ્રા૦ ॥ ૧ ॥ એ આંકણી. પંચ મહાવ્રતસુધાં પાળે, દૂષણ સઘળાં ટાળે રે; દુષ્કર તપ કરી કાયા ગાળે, કળિમળ પાપ પખાળે રે. ભદ્રા૦ ॥ ૨ ॥ અંતકાળે સહુ અણસણ લેઇ, તજી ઔદારિક દેહી રે; દેવલોકનાં સુખ તે લેહી, ચારિત્રનાં ફળ એહી રે. ભદ્રા૦ ॥ ૩ ॥ કેડે ગર્ભવતી સુત જોયો, દેવળ તેણે કરાયો રે; પીતા મરણને ઠામે સુહાયો, અયવંતી પાસ કહાયો રે. ભદ્રા૦ ॥ ૪ ॥ પાસ જીણેસર પ્રતિમાં થાપી, કુમતી લતા જડ કાપી રે; કીર્તિ તેહની ત્રીભુવન વ્યાપી, સુરજ જેમ પ્રતાપી રે. ભદ્રા૦ ॥ ૫ ॥ સંવત સત્તર એકતાલીશે, શુકલ અષાઢ કહીશે રે; વાર શનીશ્વર આઠમ દીવસે, કીધી સજ્ઝાય જગીશે રે. ભદ્રા૦ ॥ ૬ ॥ અયવંતી સુકુમાર મલાવે, મધુર સ્વરે ગુણ ગાવે રે; તે જીનહર્ષ દીપે વડદાવે, શાંતી હર્ષ સુખ પાવે રે. ભદ્રા૦ ॥ ૭ ॥

ઉપદેશક પદોનો સંગ્રહ.

ગુરૂ મહારાજજીના અવશાનનું પદ.

રાગ–કવાલી.

મુનિ ગુણે મહદ્ આત્મા, શાંતાત્મા અસ્ત શું થઇ ગયા; દાદા ગુરૂ અમારા શું, અમોને છેક ભુલી ગયા. ॥ ૧ ॥ અમોને લાડમાં લાલી, પઢાવ્યા પુત્રવત પાળી; અચાનક શું ગયા ચાલી, અમોને છેક ભુલી ગયા. ॥૨॥ હતા માણસ હજારો ત્યાં, પળાંસુવાની બજારોમાં; સંકોચન પડત અમ હોતાં. અમોને૦ ॥ ૩ ॥ આખર બાજી સુધારીને, શાસન શોભા વધારીને; શીખીકામાં પધારીને, દાદા ગુરૂ અસ્ત શું થઇ ગયા. ॥ ૪ ॥ હજારો મેદની જામી, મલી ગુરૂ ભક્તિની કાજે; વીરહ અમોને થયો, આજે દાદા ગુરૂ૦ ॥ ૫ ॥ સમાધીમાં લહી શરણું, કરી બહૂ કર્મ નિર્જરણું; તોડી કેઈ જન્મને મરણું. દાદા ગુરૂ૦ ॥ ૬ ॥ નમણ વેલા એક ન બિંદુ, નકામુ ભોંય પર પડીયું; અચરિજ આપનું જડીયું. દાદા ગુરૂ૦ ॥ ૭ ॥ માથાના વાળ પણ કેઇને, નપુરા ભાગમાં આવ્યા; એવા ભકતો હજારોમાં. દાદા ગુરૂ૦ ॥ ૮ ॥ ચીતાની ભસ્મ સૌ લેતા, છેવટ આડો પડયો ભારી; કેઇને ભાગ પણ નાવી. દાદા ગુરૂ૦ ॥ ૯ ॥ પળાંસુંવારાજને રાણી, કુંવર લીએ છળી તાંણી;

માનતાઓ ઘણી માની. દાદા ગુરૂ૦ ।। ૧૦ ।। શીબીકામાં સોવન સરખી, સુશોભીત સુરત નીરખીને; વંદત જન વૃંદ હરખીને. દાદા ગુરૂ૦ ।। ૧૧ ।। આડીસર કારભારીએ, પુનઃ શીબીકા ધરી ખંધે; ગુરૂ ભક્તિ કરી રંગે. દાદા ગુરૂ૦ ।। ૧૨ ।। સેંકડો ધાન્યની કળશી, હજારો કોરીઓ વરસી; હજારો ગુરૂ ચરણ ફરસી. દાદા ગુરૂ૦ ।। ૧૩ ।। કરી જીત કર્મનીભારી, કરાંબુજ ધર્મ ધ્વજ ધારી; ક્રિયા શુદ્ધ પાત્રતા ધારી. દાદા ગુરૂ૦ ।। ૧૪ ।। ગુરૂ જીતવિજયજી દાદા, સ્વર્ગમાં જીવને ઝાઝા, કરી સહ ધર્મનાં કામો. દાદા ગુરૂ૦ ।। ૧૫ ।। પંચમ કલી કાલને આજે, પ્રતાપી સૂર્ય આથમતે; પડી ઓટ જૈનને ભારે. દાદા ગુરૂ૦ ।। ૧૬ ।। પ્રતાપી પૂજ્ય રત્નોથી, જગતમાં ધર્મ રહે જાગૃત; કલીના દર્પના ટાલક. દાદા ગુરૂ૦ ।। ૧૭ ।। આ શિષ્યો આપના અને, બુદ્ધિ તિલકવિજય નામે; ચાતુર્માસ છે ટાણા ગામે, નાગર હૃદયે ગુરૂ રહિ ગયા. ।।૧૮।। ઓગણીસે અગણયાસી વરસે, અષાડ વદી ૬ ના દિવસે; પ્રાતઃ સમય કરી અણસણ. દાદા ગુરૂ૦ ।। ૧૯ ।।

શ્રી જિતવિજયજી મહારાજજીના અવસાન વખતે બોલાયેલી કવાલી.

વિધિના વાયરા વાયા, શીતળ આવી ખરી છાયા; ગમાયા હાથમાં આવ્યા, અરે એ કયાં ગયા ઉડી. ।।૧।। કારીઘા કાળનો લાગ્યો, ભેદીને ભાગમાં વાગ્યો; ઉત્તમ આ આતમા ભાગ્યો, કાળે ન કોઇને છોડયા. ।। ૨ ।। ધીંગોઓ ધર્મનો ધોરી, મુકી અંતે થયો મોહોરિ; સદાના સંગને

છોરી, મહદ્દ એ આત્મા મોટો. ।। ૩ ।। મહાદુઃખ આ થયુ માથે, ગમાયો હિરલો હાથે; નિર્માવ્યું તે વિધિ નાથે, ભાવિનો ભાવ ભજવાયો. ।। ૪ ।। બલ્યુ આ કયાં ગયો બેલી, મુંઝાતા સંઘને મેલી; જડેલા જોગને ઠેલી, ગુણીએ કયાંહિં ગુંથાયા. ।। ૫ ।। જિતવિજય ગયા જિતિ. સદા શું સંતની રિતિ; પુરણ સૌ લોકમાં પ્રિતિ, જગતમાં જાગતો જોગી. ।। ૬ ।। ગુણો જગ આપના જાગે, અરે આ શું કર્યું આજે; એવું તે આમ શું છાજે, ગુણીને કયાં હવે સોધું. ।।૭।। ગુણો જ્યાં આપના ગાવું, સખેદ્દિ સાંભળી થાવું; પરમ જન કયાં હવે પાવું, મહાત્મા કયાં હવે મલશે. ।। ૮ ।। મુનિ ગણમાં થયા મોટા, જડે ન આપના જોટા; તમો વિણ આ તકે તોટા, ગયા કયાં ગુણથી ગિરૂવા. ।। ૯ ।। વાલા અમ જોગમાં વાલી, પઢાવ્યા પુત્ર વત પાલી, જતાં તુમ જગત આ ખાલી, જોવુ કયાં તે હવે જડશે. ।। ૧૦ ।। હતા માણસ હજારો જ્યાં, પળાંસુવાની બજારોમાં, શોકાતુર સૌ બન્યાં છે ત્યાં, જોગી અબ ન જડે એવો. ।।૧૧।। છેલ્લી બાજી સુધારીને, શાસન શોભા વધારીને; મનુષ્યના મુખ ઉતારીને, અચાનક શું ગયા ચાલી. ।। ૧૨ ।। મનુષ્યથી મેદની ગાજે, મલ્યા સૌ ભક્તિના કાજે; વિયોગી તે બન્યા આજે, વાલાના વિરહની વાતો. ।।૧૩।। સમાધિ એ લહિ સરણાં; કર્યાં બહુ કર્મ નિર્જરણાં; મીટાવ્યાં જન્મ ને મરણાં, થયું આ કામ એ ફત્તે. ।।૧૪।। નમણનું એકપણ બિંદુ, નકામુ ભોંય ન પડિયું, અચરિજ એહ ત્યાં જડીયું, ગુણીના ગુણની વાતો. ।।૧૫।। માથાના વાળ મુડાવ્યા, લોક સૌ લેવે લોભાયા; ભવિને ભાગ

ન આવ્યા, ભવિની ભાવના ભારે. ।। ૧૬ ।। ચિતાની ભસ્મને ચાહતા; મનુષ્યો મોકળા જાતા; હૈયે સૌ લેઇ હરખાતા, ભકિતથી લેઈ સૌ હાથે. ।। ૧૭ ।। શીબીકામાં સોહે સારી, મુનિશ્વર મુરતિ ભારિ, નમે ત્યાં નેહે નરનારી, ભકતજન ભકિત ન ભુલે. ।। ૧૮ ।। રોકાયા રાયને રાણી, છેવટની લે છબી તાણી; જોગીએ જાગતો જાણી. જગતથી જોગીઓ ન્યારા. ।।૧૯।। આડી સરકાર ભારી જ્યાં, શીબીકા ખંભમાં હ્યે ત્યાં; મનાતિ માનતાઓ જ્યાં, જોગીના જોગની વાતો. ।।૨૦।। સેંકડો ધાનની કળશી, હજારો કોરીઓ વરસી; શીબીકા સર્વ લે ફરસી, ભકતોની ભકિત શું ન્યારી. ।।૨૧।। અદ્રશ્ય ઇહાં થયો દીવો, જાઉ તે સ્વર્ગમાં જીવો; પરમ રસ ધર્મનો પીવો; પુરણ સુખ શાંતીને પામી. ।।૨૨।। અરે કળીકાળનો આતો, સદાનો સૂર્ય આથમતો; તેનો ઘા જૈનોને થાતો, જોતા કયાં ખોડ્યો ન જડશે. ।। ૨૩ ।। પ્રતાપી પુજ્ય હોવાથી, અધર્મો જાય એનાથી; જાગે શુદ્ધ ધર્મ જેનાથી, મને એ કયાં હવે મળશે. ।।૨૪।। ઓગણીશ એંસીની સાલે, વદ ૬ અશાડી ચાલે; કરી અણસણ પ્રાતઃકાળે, અમર એ આત્મા થાઓ. ।। ૨૫ ।। ગયા ગુરૂ આપ જે ટાણે, બુદ્ધિ તિલક નવી જાણે; ચોમાસુ બેહુ હતા ટાણે, દેખુ ન તે હવે દાદા. ।।૨૬।। ગુણીના ગુણની વિધિ, પુજ્ય પુન્યવિજયે કીધી; કવાલી શુદ્ધ એ કિધિ, દયાળુ મે નથી દીઠા. ।।૨૭।। ગુણીના ગુણને ગાવા, લલીત શીશુ લીજે લાવા; ભવાબ્ધિ તે ભલી નાવા, નજરથી મેં નથી જોયા. ।।૨૮।। સંવત સત્યાશીની સાલે, આસો વદ ૧૧ સાલે કરી અણસણ પ્રાતઃકાળે, અમર એ આત્મા થાઓ. ।।૨૯।।

સાકળચંદ કવીના પદો.

મૂરખડા મન તું મુકને માથાકુટ ઠાલી, હારિ ભવ બાજી, હાથ જવું જીવ ખાલી. એ આંકણી૦ ડાભ અણી જલ બિંદુ સરીખું, જીવતર જીવડા જાણે૦; ધર્મ જહાજ વિણ ભવસાગરમાં, કેમ કરી તરસો પાણે૦ ॥ ૧ ॥ પાતાળમાં પાયો નાંખીને, મંદીર બેશ બનાવ્યું; વાસ્તુ કર્યા વિણ સ્વર્ગ સધાવે, સાથે કાંઇ ન આવ્યું રે. મૂ૦ ॥ ૨ ॥ જગત રૂપ જંગલ ઝાડીમાં, મન મરકટ આથડીઓ, કાળ વ્યાળ વસ ફાળ ચુકીઓ, ચઉગતિ કુપમાં પડીઓરે. મૂ૦ ॥૩॥ પ્રપંચથી પૈસા પેદા કરી, પાપ એકલે બાંધ્યું, સ્વજન સંબંધી ગીધના ટોળે, ફોલી ફોલીને ખાધુ રે. મૂ૦ ॥ ૪ ॥ ચેતન ચેતી મન મરકટને, જ્ઞાન રસથી બાંધો; વિષય કષાય તજો સાકળચંદ અંતે શીવ સુખ સાધો. મૂ૦ ॥૫॥

(૨)

પંથીડા પ્યારા મુસાફર બાનું ન તારૂં, ઉચાળો ભરશે અણધાર્યો નીરધારૂં. એ આંકણી૦ વાદળ ગોટો જળ પરપોટો, બેલ જગતનો બોટો, કાયા કાચો કુંભ પકડશે, કાળ કંઠનો ટોટો રે. પં૦ ॥ ૧ ॥ પર્ણકુટીમાં રહ્યો મુસાફર કાયમનો હક માગી, પવન પ્રચંડે પડે ફરી તવ, જાય મુસાફર ભાગી રે. પં૦ ॥ ૨ ॥ અવધે જીરણ જરૂબો પડશે, નિશ્ચે હંસા જાણે; નવીન મહેલ પણ વાવા ઝરડે, પડે અચિંત્ય અજાણ્યે. પં૦ ॥ ૩ ॥ એક દિન જીવ વિના કાયાની, તાણી બાંધશે ઝોળી; સ્વજન સંબંધી કુટી બાળશે, જેમ ફાગણની હોળી રે. પં૦ ॥ ૪ ॥ પંથીડા પરદેશ જવાનું,

એક દિન નિશ્ચે જાણેા, સાકળચંદ કહે સત સંગે; જગનેા નાથ પીછાણેા રે. પં૦ ॥ ૫ ॥

કાયા અને જીવનેા સંવાદ.

ચેતતેા ચેતાવું તુને. એ દેશી.

કાયા જીવને કહે છે એા પ્રાણુપતિ; લાડતેા લડાવ્યા સારા, કદી ન કર્યા ટુકારા. આજતેા રિસાણા પ્યારારે, એા પ્રાણુપતિ કાયા૦ ॥ ૧ ॥ ભેળા બેસીને જમાડી, આગ બગીચાને વાડી, ફેરવી બેસાડી ગાડી રે, એા પ્રાણુપતિ. કયા૦ ॥ ૨ ॥ અત્તર કુલેલ ચેાળી, કેસર કસુબા ઘેાળી, રમ્યા રંગ રસ રેાળી રે; એા પ્રાણુ પતિ. કાયા૦ ॥ ૩ ॥ સણગારતેા સજાવી, આભૂષણેાને પહેરાવી; મેાજ મુંજને કરાવી રે, એા પ્રાણુપતિ. કાયા૦ ॥ ૪ ॥ રેાજ તેા હસીને રેતા; પાણી સાટે દુધ દેતા, આજ મૌન ધારી બેઠા રે, એા પ્રાણુ પતિ. કયા૦ ॥ ૫ ॥ સજ્જનની એવી રીતી, જેની સાથે કરે પ્રિતિ, વગડે ન મૂકે રેાતી રે, એા પ્રાણુ પતિ. કાયા૦ ॥ ૬ ॥ કરૂ છું હું કાલા વાલા, મુજને ન મુકેા વાલા, સાથે રાખેાને છેાગાળા રે, એા પ્રાણુ પતિ કાયા૦ ॥ ૭ ॥

કાયાને જીવનેા ઉત્તર.

ઉપરનેા રાગ.

જીવ કાયાને સુણાવે રે, એા કાયા ભેાળી; કાયા તું કામણુ ગારી, પાસમાં હું પડયેા તારી, પ્રભુને મુક્યા વીસારી રે, એા કાયા ભેાળી. જીવ૦ ॥ ૧ ॥ તારી સાથે

પ્રીતિ કરી, જરી ન હું બેઠો ઠરી. પાપની મેં પોઠી ભરી રે, ઓ કાયા ભોળી. જીવ૦ ।। ૨ ।। ઘણી વાર તો સમજાવી હઠીલી ન શાન આવી, મુંજને દીધો દુભાવી રે, ઓ કાયા ભોળી જીવ૦ ।। ૩ ।। નિતિનો પ્રવાહ તોડયો, અનીતિનો પંથ જોડયો, સજ્જનનો સંગ છોડયો રે, ઓ કાયા ભોળી જીવ૦ ।। ૪ ।। સદ્‌ગુણને નિવાર્યો, દુરગુણને વધાર્યો; કથન ન કાન ધાર્યો રે, ઓ કાયા ભોળી જીવ૦ ।। ૫ ।। આત્મા હું ચિદાનંદી, કાયા તું દીસે છે ગંદી, તારી સંગે રહ્યો ભંડી રે, ઓ કાયા ભોળી. જીવ૦ ।। ૬ ।। સોબતે અસર આવે, લસણનો સંગ થાવે, કસ્તુરી સુગંધ જાવે રે, ઓ કાયા ભોળી. જીવ ।। ૭ ।। બગડયો હું તારી સંગે, રમ્યો પરરામા રંગે; કુડાં કૃત કીધાં અંગે રે, ઓ કાયા ભોળી. જીવ૦ ।। ૮ ।। પારકી થાપણ રાખી, આળ ઓર શીર નાંખી, જુઠી મેં તો પુરી સાખી રે, ઓ કાયા ભોળી. જીવ૦ ।। ૯ ।। પ્રાણ પાંજરામાં પ્યારી, રહ્યો છું કરાર ધારી; કાયા નાવે કોઈ લારી રે, ઓ કાયા ભોળી. જીવ૦ ।। ૧૦ ।। મારો છેડો છોડો કાયા, કારમી લગાડો માયા, તારાથી ભોળા ઠગાયા રે, ઓ કાયા ભોળી. જીવ૦ ।। ૧૧ ।। કાયાની માયાને છોડી, શુકરાજ ગયા ઉડી, પ્રાણ પાંજરાને તોડી, ઓ કાયા ભોળી જીવ૦ ।। ૧૨ ।। અનિતિનાં કામ તજો, નિંદા તજી પ્રભુ ભજો; સાંકળાની શીખ સજો, ઓ કાયા ભોળી. જીવ૦ ।।૧૩।।

કન્યા વીક્રયનો કેર કરનાર માબાપ પ્રત્યે પુત્રીનો શ્રાપ.

(સુણ ચતુર સુજાણ એ રાગ.)

ઓ દુષ્ટ પીતા દીકરી વેચી ધન લેવા શું ધાય છે. સમજી લેજે લક્ષ્મી નહિ પણ અંતે તેતો લાય છે. ટેક૦ એ પાપ થકી કીડા પડશે, છાતીપર જમ આવી ચડશે; ધગ ધગતા ખીલા ધાબડશે, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૧ ॥ વૃદ્ધ સંગ સુ કન્યા ચોરી ચઢી, જોવા જન મળીયાં એહ ઘડી; તુજ કેમ ન છાતી ફાટી પડી, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૨ ॥ મડદા સાથે મીંઢળ બાંધી, મંડપમાં રંડાપો સાંધી; શું પાપ પાક બાંધો રાંધી, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૩ ॥ કુ ધંધો કયાં સુજ્યો તુજને દુઃખ દરિયામાં નાંખી મુજને; રોકયો શું નહિ તુજને સુજને, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૪ ॥ શું હાથ પગો પડીયા ભાંગી, કન્યા વિક્રય બુદ્ધિ જાગી; લે પાપી મૃત્યુને માગી, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૫ ॥ છે ગાય અને દીકરી સરખી, ઢોરે ત્યાં જાય જુઓ પરખી; શું વેચે છે હરખી હરખી, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૬ ॥ ધન આવ્યું તે રસ્તે જાશે, હાંસલમાં મોં કાળું થાશે, આખર તું તો માંગી ખાશે, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૭ ॥ કસાઈ હણે બકરી ઘેટી, તું તો વધ કરતો નીજ બેટી, તેને તારામાં બહુ છેટી, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૮ ॥ આ અબળા અંતે શું કરશે, રડતી બળતી કુવે પડશે; કાં નિસાંસા નાંખી મરશે, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૯ ॥ કેશવ શીખ આ ઉરમાં ધરશો, સૌ સંઘ મળી બંધી કરશો; તો સજ્જનો શુભ મુક્તિ વરશો,

ઓ દુષ્ટ પીતા૦ ॥ ૧૦ ॥ છે અરજીઆ રંડાતી રામાઓ દેખી આપને ધિક્કાર હોજો, કન્યા વિક્રય કરનારના મા બાપને, ઓ દુષ્ટ પીતા૦ ॥ ૧૧ ॥

વ્યસનીના લક્ષણ.

(રઘુપતી રામ રદયમાં રહેજો રે–એ રાગ.)

સુણો સમજુ સકલ નરનારી રે, કહુ હીત શીખામણ સારી રે; વધે દિન પરદિન અવિચારી, બોળે કુળ બાપનું બહુ વ્યસની રે. ॥ ૧ ॥ ભૂલી ભાન હોટલમાં જાએ રે, રાશી વાશીને એહુ ખાએ રે, મહા રોગના ભોગી તે થાએ. બોળે૦ ॥ ૨ ॥ શાક સ્વાદે બટાટા જમતા રે, જોયા જોટાના પાટીયે ભમતા, બારે માસ જુગારે રમતા. બોળે૦ ॥ ૩ ॥ ઘર નારીનું રાંધ્યું ન ગમતું રે, બાવા હોટલમાં મન ભમતું રે, રહે પાપનું ત્રાજવું નમતું. બોળે૦ ॥ ૪ ॥ બોધ ધર્મ ગુરૂનો ન માને રે, મુછ શ્વાનના પુછ સમાને રે, પાકયા હિંદમાં એવા હેવાન. બોળે૦ ॥ ૫ ॥ પીયે બીડીને કાળજુ બાળે રે, લાભ પાપના બાપ ન ભાળે રે, તો એ ટેવ બુરી નવ ટાળે. બોળે૦ ॥ ૬ ॥ પડે ગળફા ને બાંસી થાએ રે, શ્વાસ વિષ્ટા સમાન સોઢાએ રે, તેજ નેત્ર તણું ઝટ જાએ. બોળે૦ ॥ ૭ ॥ કેઇક હોકો પીએ મહા પાપી રે, દોરી પુન્યની નાંખે કાપી રે, ભરે પાપની પોઠો અમાપી. બોળે૦ ॥ ૮ ॥ એક કુંકે અસંખ્યાતા જીવો રે, મરે બળ્યો હોકો એ પીવો રે, મૂખ સોય દોરાથી શીવો. બોળે૦ ॥ ૯ ॥ તાણી છીંકણી નાક નશીકે રે, દેખા દેખીથી સુંઘવા શીખે રે, મરે કીડી મંકોડી

અનેક. બોળે૦ ॥ ૧૦ ॥ લેશ નેત્રોને લાભ ન જાણો રે, કહે કુશળ વૈદ્ય પ્રમાણો રે, બોદ્દો હાથે ન પાપની બાણો. બોળે૦ ॥ ૧૧ ॥ બુરી હાજતને ઝટ બાળો રે, કદી ડાઘ ન લાગે કાળો રે, બાંધો ધર્મ રૂપી શુભ માળો. બોળે૦ ॥ ૧૨ ॥ લેશ કાવ્યકળા નવ જાણું રે, ગુરૂરાજ પસાએ રચાણું રે, જોયું કેશવે તેવું લખાણું. બોળે૦ ॥ ૧૩ ॥

સટોરીયાને શીખામણ.

(સુણ ચતુર સુજાણ, પરનારી શું પ્રીત કબુ નવ કીજીએ—એ રાગ.)

સુણ સટોરીઆ, સટ્ટાના કુસંગે બટ્ટો લાગશે; તજ ટેવ બુરી, બાવળીયો વાવ્યાથી સુળો વાગશે. એ ટેક. એ ધંધો પાપી પાકો છે, જુગાર તણો પણ કાકો છે; ફોકટ ફાંફાંનો ફાકો છે, સુણ સટોરીયા૦ ॥ ૧ ॥ છે દ્વાર દુરાચારી જનનું, ભક્ષણ કરતું કીરતી ધનનું; રક્ષણ નવ રેતું તન મનનું, સુણ સટોરીયા૦ ॥ ૨ ॥ વ્હેવાર નથી જગમાં એનો, વિશ્વાસ ન કરે કોઇ તેનો; ચિંતા તુર રે જીવડો જેનો. સુણ સટોરીયા૦ ॥ ૩ ॥ ચાંદી પેટીને જોટાનો, ધંધો એ મોટા ટોટાનો, રસ્તો છે ઢોરી લોટાનો. સુણ સટોરીયા૦ ॥ ૪ ॥ સજ્જન કો સંગ નથી કરતું, ચગડોળ સમું મન રે ફરતું, મળતા સંગી ત્યાં મન ઠરતું. સુણ સટોરીયા૦ ॥ ૫ ॥ એ વગર મેનતના ધંધાથી, તારાજ થયા લક્ષાધિપતિ, મડદાને બાંપણ મળતું નથી. સુણ સટોરીયા૦ ॥ ૬ ॥ પળમાં ધનવાન બને તુંતો, પળ એક પછી આંસુ લુતો, ઢીલા લમણે દેખ્યો સુતો. સુણ સટોરીયા૦ ॥ ૭ ॥ મીઠો એ મારગ લાગ્યાથી, બકરી સમ

બનીયા બહુ હાથી, ભીખ માગીને ભાગ્યા ત્યાંથી. સુણ સટોરીયા૦ ॥ ૮ ॥ ઘરબાર ઘરેણાંને મેલી, બત લખી આપે જુગટુ ખેલી, બૈરી બાળકનો કુણ બેલી. સુણ સટોરીયા૦ ॥ ૯ ॥ વ્યસનો વધશે એથી જાઝા, નિજ કુળ તણી ઘટશે માજા, ફીટકાર તણાં વાગે વાજાં. સુણ સટોરીયા૦ ॥ ૧૦ ॥ છે સટ્ટામાંહે પાપ અતિ, મૃત્યુથી પામે માઠી ગતિ, નરકાદિક પણ સંધરતું નથી. સુણ સટોરીયા૦ ॥ ૧૧ ॥ છે ઉત્તમ ધંધાઓ બહુએ, કરી મેનતને રળતા સહુએ, હિતકારક છે તુજને કહું એ. સુણ સટોરીયા૦ ॥ ૧૨ ॥ કેશવ શીખ ઉર ધરજો સારી, તજ સટ્ટાને શત્રુ ધારી, હારી બેઠા કંઇ જબમારી સુણ સટોરીયા૦ ॥ ૧૩ ॥

જીવને તૃષ્ણાનું પ્રાબલ્ય.

રાગ મરસીઓ.

હેંડબીલ તમારૂ મેં સાંભલ્યું, કહ્યું મોક્ષ પુરીનું બારૂ, પણ નથી ઘડી નવરાશ, ગુરૂરાજ મારા ઘડપણમાં પ્રભુનું નામ લેશું; ॥ ૧ ॥ મોટો છોકરો વિલાયત ગયો છે, નાનો છોકરો જુગારી થયો છે. એવો ધમ્મરોળ ચાલી રહ્યો છે ગુરૂ૦ ॥ ૨ ॥ સાઠ લાખની પુજીમાં શું કરીએ, સાઠ અબજ ધન જ્યારે ધરીએ, ત્યારે કાંઇક શાંતી મન કરીએ. ગુરૂરાજ૦ ॥ ૩ ॥ યુરોપ આફ્રીકા સુધી વિચરશું, આસ્ટ્રોલીઆનું સોનું સંધરશું, અમેરીકાની લક્ષ્મી લાવી ભરશું. ગુરૂરાજ૦ ॥ ૪ ॥ હજુ થાશુ હજાર મીલ વાલા, ઘરે બાંધવા છે બારસે માળા, તેમાં કયાંથી ફેરવીએ માળા.

ગુરૂરાજ૦ ॥ ૫ ॥ નાત જાતના સુધારા કરવા છે, કાંઇક કાળા ધોળા કરવા છે, તેમાં કોની અમારે પરવા છે. ગુરૂ-રાજ૦ ॥ ૬ ॥ સાઠ વરસની ઉમર અમારી, તે શું આંખે ચડી છે તુમારી. હજુ પરણવી છે નવી નારી. ગુરૂરાજ૦ ॥ ૭ ॥ હજુ કરવા છે દાઢી મુચ્છ કાળા, જ્યારે થાશુ અજબ ધન વાળા, પછે સુખે ફેરવશું માળા. ગુરૂરાજ૦ ॥ ૮ ॥ સાઠ લાખની પુંજી છે અમારે, તે શું આંખે ચડી છે તમારે, હજુ ભોગવવી છે અમારે. ગુરૂરાજ૦ ॥ ૯ ॥ સાંજ પડે ને રવિ આથમે, મારો જીવ ભમરાની પેઠે ભમે. મને ઘરનો ધંધો ઘણો ગમે. ગુરૂરાજ૦ ॥ ૧૦ ॥ આ ભવ લાગે છે મીઠો, પરભવ તેતો કોણે દીઠો, એવો મારા હૃદયમાં બેઠો. ગુરૂરાજ૦ ॥ ૧૧ ॥ ત્યાં તો પલેગે શેઠને પાડયા. જમડાઓ જીવ લેઇ ચાલ્યા, નરકપુરીમાં પધરાવ્યા. ગુરૂ-રાજ૦ ॥ ૧૨ ॥ કરજોડી કવીજન કેતા હે. જે ત્રસના નદી કું તરતા હે, એ મુક્તિ પુરીકું વરતા હે. ગુરૂરાજ૦ ॥૧૩॥

જીવને શીખામણનું પદ.

જીવ વારૂ શું. એ દેશી૰

ડાક ડમાલ છોડી ચાલવું, ઢોલ વાગશે સહી, હાડ જશે રે ટુટી જીવડા, લાગ મળશે રે નહિ. ડાક૰ ॥ ૧ ॥ ભાર વહિ વહિ વૈતરા, સાર બે ગુરે કીધ, ઇજત ખોઇ ઘડી એકમાં; જો હાથે નવ દીધ, ડાક૰ ॥ ૨ ॥ જાણ જરૂર રે જીવડા, નથી તારૂ રે કોઇ; દેહ નથી તારી તાહરી, માટે ચાલજે જોઈ. ડાક૰ ॥ ૩ ॥ માત પીતા બંધવ વળી; મામા મામી ને ફોઇ, મુખ વિમાસીને બેસશે, રહેશે બે

ઘડી રોઇ. ડા૦ ॥ ૪ ॥ કાકા કાકી કુઆ ફાલતું, મિત્ર પુત્ર પરિવાર, હાહા હું હું કરી નાચશે, માટે રહે ખબરદાર. ડાક૦ ॥૫॥ ચક્લા તે સુધી વેાળાવીને, વળશે નરનારી સાથ, પુરૂષ લેઇ શમશાનમાં બાળશે હાથેા હાથ. ડાક૦ ॥ ૬ ॥ દશ દ્રષ્ટાંતે દેાહલી, કહી સુત્રે જેહ. નદી પાષાણ ન્યાયે કરી. પામ્યેા મનુષ્ય દેહ. ડાક૦ ॥ ૭ ॥ આ રજ ક્ષેત્ર પામ્યેા વળી, પામ્યેા સમકિતી કુળ. હવેરે સુકૃત કર જીવડા નહિ તેા થાસે એ ધુળ. ડાક૦ ॥ ૮ ॥ માટે કહ્યું માર માની ને, ડાહ્યું રાખીને મન. ભજ શ્રી પંચ પરમેષ્ટીને જે છે સાથેનું ધન. ડાક૦ ॥ ૯ ॥

ઉપદેશક પદ.

ગઝલ.

અરે એા ભાઈ જંજાળી, રહ્યો શું મેાહમાં માલી, ન જોયું આપ નિહાળી, રહ્યો જડ ભાવને ઝાલી. ॥ ૧ ॥ કંઇક નિજ હિત સંભાળી, પકડયને પુન્યની ડાળી, કરી માયાજ તે વાહલી, ગુમાવી જીંદગી ખાલી. ॥ ૨ ॥ વરસ પચાસ તેા વિત્યાં, કરી ન આત્મની ચિંતા, ન ગાઈ ધર્મની ગીતા, પકડશે કાળ એચિંતા. ॥ ૩ ॥ મળીએા દેહ બહુ મૂલી, ગયેા દેવા વિષે ડુલી. પકડી તે પાપની પુળી, કનક મુકી ધમે ધુલી. ॥૪॥ મુસાફર બે દિવસનેા તું, મુસાફરી બંગલે આવ્યેા, નથી આ બંગલેા તારેા, વૃથા તું બેાલમાં મારેા, ॥ ૫ ॥ કહું છું પ્રેમથી વાહલા, હવે લે હાથમાં માળા, ઉપાધિના તજી ભાલાં, હૃદયનાં બેાલને તાળા. ॥૬॥ ઉમર આ રાખમાં રોળી, ન જોયું ચિતમાં બેાળી, ગળી

તે ગર્વની ગોળી, ઉદકમાં જીદંગી ઓળી. ॥ ૭ ॥ નથી ઘરબાર આ તારા, નથી સુત દ્રવ્ય કે દારા, ધરિલે ધર્મની ધારા, કહ્યું તું માની લે મારા. ॥ ૮ ॥ હવે લે ચિતમાં ચેતી, ધરમની એડને એતી, શીખામણ હું કહું કેતી, વૃથા તું પીલમાં રેતી. ॥ ૯ ॥ વિનય મુનિ વદે ભાવે, ગજલ એ પ્રેમથી ગાવે, સુબોધે સત્ય સમજાવે, સમય આવો ફરી નાવે. ॥ ૧૦ ॥

રડવા કુટવા વિષે કવાલી.

મૃતક માટે રડી કુટી, કર્મથી સું કરો ભારી, હતો તમને બહુ વહાલો, કરો સું તેહની ખુવારી. ॥ ૧ ॥ કર્યું ભેગું તમો કાજે, અનંતી આપદા વેઠી; આવ્યો ખાલી ગયો ચાલી, ભરી પુન્ય પાપની પેટી. ॥ ૨ ॥ એરેરે તેહને ભાતું, દિયો શું છાતીઓ કુટી; હૃદયની રક્ત ધારાઓ, નયનનાં નીરને ચુંટી. ॥ ૩ ॥ આશીદને રૌદ્ર ધ્યાનેથી, કરો ઉભય તણુ બુરૂં; જગત મર્યાદને છોડી, રડી કુટી કરો પુરૂં. ॥ ૪ ॥ મરેલાની પડી કેડે, પછાડા ખાય બહુ ભાતે; મુકી મર્યાદને લજ્જા, લીએ સૌ સા-જીઆ સાથે. ॥ ૫ ॥ પડી કેઇ ભર બજારોમાં, શરીરનું ભાન પણ ચુકે; સંભાળી કેઇક કાંણેાને, ગજાવી ચોક ત્યાં મુકે. ॥ ૬ ॥ સાજીઆ ગાતાં કરે મોરો, પછાડીમાં નહિ પોરો; નયનમાં નીર વરસાવી, અંધાપાને કરે ઓરો. ॥ ૭ ॥ છાતીમાં મુઠીઓ મારી, કરે છે જાતની ખુવારી; નથી આ રીત કઇ સારી, અનો કાંઇ મુરબ્બના યારી. ॥ ૮ ॥ મૃત-કની ખોટ રડવાથી, કુટવાથી શું થશે પુરી; દેખાડો બહાર

કરવાને, આદત માંડી બરે બુરી ।। ૯ ।। મરેલાને તમે મારો, નહી એ તેહના વાલી; કઢંગા કુરિવાજેથી, ફજેતી થાય છે ઠાલી. ।। ૧૦ ।। બરૂં હિત જો ધારો તેનું, કરો પરમાર્થના કામો; કહો શું લઈ ગયો સાથે, વિચારી રાખજો નામો. ।। ૧૧ ।। ખુણા પાળી બહું લાંબા, નીસાસા મોકલે ભ્રતને; આશિધ્યાને સદા રડતાં; તજે નહિ તપ જપ વ્રતને. ।। ૧૨ ।। દેખાડો શોગનો રાખી, બાવામાં શું મુકો બાકી; ધર્મમાં શોગને રાખી, કરો શું મૃતકને ભારી. ।। ૧૩ ।। કઢંગા કુ રિવાજેથી, બને આત્મા બહુ ભારી; ગુરૂ ઉપદેશ ઉરંધારી, લીયો સૌ આત્મ સુધારી ।।૧૪।। નાગરની અરજ ઉર ધરજો, કું રિવાજોને પરી હરજો; જીનાજ્ઞાને અનુસરજો, જેથી હો સ્વલ્પ સંસારી. ।। ૧૫ ।।

કાળને ભરોસે ન રહેવા વિષે એક વૈરાગ્યમય પદ.

ભરોસે શું રહ્યા ભૂલી, પલકમાં પ્રાણ જાવાના; જુઓ છો અન્યના એવા, નક્કી નિજ હાલ થાવાના. ।। ૧ ।। વળેવી મુઠીએ આવ્યા, નથી સાથે કશું લાવ્યા; ધરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના. ।। ૨ ।। સુખેથી શું હજી સુતા, બરેબર બાડમાં બુતા; સમય વિત્યા પછી પ્યારા, કુશળ કયાંથી કમાવાના. ।। ૩ ।। રહોને સર્વદા સંપી, જગત જંજાળમાં જંપી; મમત્વે મોહ થાવાથી, વિના મોતે મરાવાના. ।। ૪ ।। તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજરે દેખો; ધરા ધન ધામને કામે, નથી નિશ્ચે ધરાવાના. ।। ૫ ।। ભમાઇ ભુલ કીધાથી, વિષયની વાટ લીધાથી; પરાણે પાપને જોગે, ભવે ભાડે

ભરાવાના. ॥ ૬ ॥ ખબર પળની નથી પડતી, નથી ગુણ દોષની ગણુતી; ચડેલા કાળને દાઢે, ચડી ચોંપે ચંપાવાના. ॥ ૭ ॥ સદા સતસંગને સાધો, વિચારો વેદને વાંધો; ઉપાયો આદરો અંતે, મહા સુખને જમાવાના. ॥ ૮ ॥ સદા સન્માર્ગને શોધે, સખા શુભ વાનને બોધે; કૃપા ગુરૂદેવની થાતાં, નથી દુઃખે દબાવાના. ॥ ૯ ॥

કર્મરાયની વિચિત્રતા.

અરે કિસ્મત તું ઘેલું, રડાવે તું હસાવે તું; ઘડી ફંદે ફસાવીને, સતાવે તું રીબાવે તું. ॥ ૧ ॥ ઘડી આશામહી વહેતું, ઘડી અંતે નિરાશા છે; વિવિધ રંગો બતાવે તું, હસે તેને રડાવે તું. ॥ ૨ ॥ કેઈની લાખ આશાઓ, ઘડીમાં ધુળધાણી થઈ; પછી પાછી સજીવન થઇ, રડેલાને હસાવે તું. ॥ ૩ ॥ રહી મશગુલ અભિમાને, સદા મોટાઇ મન ધરતા; નિડરને પણ ડરાવે તું, ન ધાર્યું કેાઈનું થાતું. ॥ ૪ ॥ વિકટ રસ્તા અરે તારા, અતિ ગંભીરને ઉંડા; ન મર્મ કેાઇ શકે જાણી, અતિ જે ગૂઢ અભિમાની. ॥ ૫ ॥ સદાચારીજ સન્તોને, ફસાવે તું રડાવે તું; કરે ધાર્યું અરે તારૂં, બધી આલમ ફના કરતું. ॥ ૬ ॥ અરે આ નાવ જીંદગીનું, ધર્યું છે હાથ મેં તારે; ડુબાવે તું ઉગારે તું, કરે જે દીલ ચાહે તું. ॥ ૭ ॥

ઉપદેશક પદ.

જોને તું પાટણ જેવાં, સારાં હતાં શહેર કેવાં, આજતો ઉજડ જેવાં રે આ જીવ જોને જાય છે જગત-

ચાલ્યું રે. એ આંકણી૦ વળી સિદ્ધ પુરવાડો, મોટો જોને રૂદ્રમાળો, કીહાં ગયો તે રૂપાળો રે. આ૦ ॥ ૧ ॥ રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા, કાળે તેની પડી કાયા રે. આ૦ ॥ ૨ ॥ છત્રે જેની છાયા થાતી, રૂડી જેની રીતિ હતી, કીહાં ગયા કોડાપતીરે. આ૦ ॥ ૩ ॥ જારીજે હજારી થાતા, હજારો હાકીમ હોતા, તેના તો ન લાગ્યા પત્તા આ૦ ॥ ૪ ॥ કોઇ તો કેવાતા કેવા, આભના આધાર જેવા, ઉડી ગયા એવા એવારે. આ૦ ॥ ૫ ॥ જોવનીયામાં જાતાં જોઇ, રાખી શકયું નહીં કોઇ, સગાં સર્વે રહ્યાં રોઇ રે. આ૦ ॥ ૬ ॥ હાજર હજારો રહેતા, ખમાખમા મુખે કેતા, વિશ્વમાંથી ગયા વેતારે. આ૦ ॥ ૭ ॥ મુવા જન જેની સાથે, હિતથી પોતાને હાથે, મરણ તો ન મટયું માથે રે. આ૦ ॥ ૮ ॥ જસ લીધો શત્રુ જીતી, નવીન ચલાવી નીતિ, વેળા તેની ગઇ વીતિરે. આ૦ ॥ ૯ ॥ જગતમાંહી ખુબ જામ્યો, વેરવાળી વિસરામ્યો, પણ તે મરણ પામ્યો રે. આ૦ ॥ ૧૦ ॥ નેકનામદાર નામે, જઇ કર્યા સ્મશાન ઠામે, દીઠા દલપતરામે રે. આ૦ ॥ ૧૧ ॥

(૨)

સજી ઘર બાર સારૂં, મીથ્યા કે છે મારૂં મારૂં, તેમાં નથી કીસ્યું તારૂં રે. પામર પ્રાણી, ચેતતો ચેતાવું તને રે. ॥ ૧ ॥ તારે હાથે વવરાસે, તેટલુંજ તારૂં થાસે, બીજું તો બીજાને જાસે રે, પા૦ ॥ ૨ ॥ માંખીએ તો મધ કીધું, ન ખાધું ન દાન દીધું, લુંટનારે લુટી લીધું રે. પા૦ ॥ ૩ ॥ ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જાવું

ચાલી, કરે માથાકુટ હાલી રે. પા૦ ॥ ૪ ॥ સાહુકારીમાં તું સવાયેા. લખેાપતી તું કહેવાયેા. કેને સાચું શું કમાયેા રે. પા૦ ॥ ૫ ॥ આવે તે સાથેજ લેવેા, કમાયેા તું માલ કેવેા, અવેજ તપાસી લેવેા રે. પા૦ ॥ ૬ ॥ દૈવે તને મણી દીધિ, તેની ન કીંમત કીધી, મણી સાટે મસ લીધી રે. પા૦ ॥ ૭ ॥ ખેાળામાંથી ધન ખેાયું, ધૂડથી કપાળ ધેાયું, જાણપણું તારૂં જોયું રે. પા૦ ॥ ૮ ॥ હજું હાથમાં છે બાજી, કરતું પ્રભુને રાજી, કર તારી મુડી તાજી રે. પા૦ ॥ ૯ ॥ મનનેા વિચાર તારેા, મનમાં રહિ જનારેા, વળી પાછેા નાવે વારેા રે. પા૦ ॥ ૧૦ ॥ હાથમાંથી બાજી જાસે, પાછળથી પસ્તાવેા થાસે, પછી કરી નહી સકાશે રે. પા૦ ॥ ૧૧ ॥ નીકલ્યેા તું શરીરથી, પછી તું માલિક નથી, દીહું દલપતે કથીરે. પા૦ ॥ ૧૨ ।

શીયલ વિશે ઉપદેશક પદ.

ધન શીયલ વ્રત ધારીને, જસ જગમાં ગવાયજી૦ શીયલ સમેા કેા વ્રત નહી; ભાંખે શ્રી જીનરાયજી, ધન્ય શીયલ વ્રત ધારીને. ॥ ૧ ॥ વખાંણાઇ સતીઓરે શીયલથી થયેા અગ્નિ તે જળજી, વરસાદ વરસ્યેા રે પુષ્પનેા, એ સહુ શીયલ પ્રબળજી. ધન્ય૦ ॥ ૨ ॥ પાંચ પુરૂષની પટરાણી, ધર્મે રહી મન ધીરજી, નગ્ન ન હુંઇ દ્રૌપદી, કાઢયાં કૌરવે ચીર જી. ધન્ય. ॥ ૩ ॥ કાપ્યા હાથ કળાવતી, ક્રુર થઇ રે શંખરાયજી, તેાપણ તે સાજા થયા, એ સહુ શીયલ પ્રબળજી. ધન્ય૦ ॥ ૪ ॥ સુદર્શન શુળીએ ચડયા, બારવ્રત ધારી શેઠજી, શુળી મટીને સિંહાસન થયું, એ સહુ શીયલ

પ્રબળજી. ધન્ય૦ ॥ ૫ ॥ દીન પ્રત્યે દેતો લાખનું, દાન લક્ષ્મીવંતજી. તેહથી મહીમારે શીયલનો, પ્રભુ અધીકો ગણુંતજી. ધન્ય૦ ॥ ૬ ॥ માટે શીયલ સૌ પાળજો, નવી બેસે દામજી. જસ વાધે જગમાં ઘણો, થાયે આતમ કામજી. ધન્ય૦ ॥ ૭ ॥ શીયલથી સંકટ સવી ટળે, નીશ્ચે શીવગતિ થાયજી, શાસ્ત્ર વચનને સાંભળી, ગુણ આનંદ ગાયજી. ધન્ય. ॥ ૮ ॥

પરસ્ત્રી વિષે સઝાય પદ.

તું નેત્રે નારીને નીરખી, શું રહ્યો છે હઇડે હરખી; નારી નિશ્ચે નરકે લેઇ જાય, તેં શીયલ ન સાચવ્યું ભાઈ. ॥ ૧ ॥ કરી પરનારીથી પ્રીતિ, તેહ અનંત અનીતિ, શું બેઠો કરે સાફાઇ. તેં શી૦ ॥ ૨ ॥ જે નર ચડયા ઇણે કામે તે ઠરી ન બેઠા હામે, વળી માઠી ગતિએ જાય. તેં શી૦ ॥ ૩ ॥ પરનારી જેણે વેઠી, તેને લોહ પનોતિ બેઠી, આ લોકમાં લજ્જા જાય. તેં શી૦ ॥ ૪ ॥ કુળ વમ્યું તાહરૂ કામી, થાઇ હેરાન મળીશ હરામી, સીદ ખાલી ખાસડાં ખાઇ, તેં શી૦ ॥ ૫ ॥ તું કહ્યું માનને કુમતા, સિદ નાગ જગાવો છોં સુતા, છેડે જાઇશ છેતરાઇ. તેં શી૦ ॥ ૬ ॥ કામ ભોગના ફળ છે કડવાં, તે નિશ્ચે તુજને નડવાં, આ બળી તારી બડાઈ. તેં શી. ॥ ૭ ॥ અંતે ઓરતો થાસે જ્યારે, કાયા હાથથી જાસે ત્યારે, મેલ મૂરખની મિત્રાઈ. તેં શી૦ ॥ ૮ ॥ કઇક ગયા છે હારી,તે નરની થઈ નાદારી, જુઓ આંખ ઉઘાડીને ભાઇ. તેં શી૦॥૯॥ જૂવોને રાવણ રાજા, મુંવો બોઇને માજા, સત્ય ચુકયાં નહીં સીતાઇ. તેં શી૦

॥ ૧૦ ॥ મુવો દુર્યોધન માની, એ વાત નથી કાંઈ છાની. એ લંપટ ગયો લેખાઈ. તેં શી૦ ॥ ૧૧ ॥ પરનારીનો સંગજ કરતાં, નવ લાખજ જણો મરતાં, વીર પ્રભુએ કીધું ધાઈ. તેં શી૦ ॥ ૧૨ ॥ કહે વીરવીજય કરજોડી, પરદારા જેણે છોડી, આ જગમાં જસ કીર્તિ થાઇ. તેં શી૦ ॥ ૧૩ ॥

॥ ઇતિ સજ્ઝાય સંગ્રહ સંપૂર્ણ. ॥

રાયણ પગલાનું સ્તવન.

શોભા સી કહું રે શત્રુંજય તણી, જ્યાં શીવ વસીયા પ્રથમ તીર્થંકર દેવજો; રૂડીને રાયણ તળે રિષભ સમોસર્યા, ચોસઠ સુરપતિ સારે પ્રભુજીની સેવજો. શો૦ ॥ ૧ ॥ નીરખોને નાભીરાય કેરા પુત્રને, માતા મારૂદેવીનો નંદજો; રૂડી ને વિનીતા નગરીનો ધણી, મુખડુ તે સોહે શરદ પુનમનો ચંદજો. શો૦ ॥૨॥ નૃપમ નારીરે કંતને વિનવે, પિઉડા મુજને પાલીતાણું દેખાડ્યજો; એ ગિરિ પૂર્વ નવાણું સમોસર્યા. માટે મુજને આદિશ્વર ભેટાડ્યજો. શો૦ ॥ ૩ ॥ મારે મન જાવાની ઘણી હુંશ છે, કયારે જાઉને કયારે કરૂં દરશન જો; તે માટે મન મારૂં તલખે ઘણું, નયણે નીહાળું તો હરે મારાં લોચન જો. શો૦ ॥ ૪ ॥ એવીને અરજ ભલાની સાંભળો, હુકમ કરોતો આવું તમારી પાસજો; મહેર કરી દાદા દરિશન દીજીએ, શ્રી શુભવીરની પોંચે મનની આશજો. શો૦ ॥ ૫ ॥

સિદ્ધાચલજીનું સ્તવન.

ઢુંઢરીરા જગસારા, જગસારા, સિદ્ધગિરિ શાની ન મીલા. આંકણી૦ દીલ દરશનકેા ચાહ રહાહે, દેખ દેખ મન મેાહ રહારે, કીયે દરશન સુખકારા, સુખકારા, સિદ્ધ ગિરિ શાની ન મીલા. ઢું૦ ।। ૧ ।। રિષભ જીણુંદકી પડીમા સેાહની, ભરતે ભરાઈ માનેા મંતર મેાહની, રતન મહાન ચમકારા, ચમકારા. સિદ્ધ૦ ઢું૦ ।। ૨ ।। ચક્રી સગર સુર દીલમેં ધારી, દુષમ કાળમાં ભાવી વિચારી, બીંબ ગુફામે જાપધારા, જાપધારા. સિદ્ધ૦ ઢું૦ ।। ૩ ।। દેવદેવી મીલ પૂજનકું આતે, ઠાઠ બના સાંઈ ગુણગાતે, જય જય શબ્દ ઉચારા, ઉચારા. સિદ્ધ૦ ઢું૦ ।। ૪ ।। દેવદેવી મીલ નાટક કરતે, ગીતગાન કર પાપકુ હરતે, વીરવચન હીતકારા, હીતકારા. સિદ્ધ૦ ઢું૦ ।। ૫ ।।

સિદ્ધાચલજીનું સ્તવન.

સિદ્ધાચલ ગિરિ ભેટ્યા રે, ધન્ય ભાગ્ય હમારાં. એ આંકણી૦ એ ગિરિવરનેા મહિમા મેાટેા, કેતાં ન આવે પાર; રાયણ રિષભ સમેાસર્યા સ્વામી. પૂર્વ નવાણું વારા રે. ધન્ય૦ સિ૦ ।। ૧ ।। મૂળનાયક શ્રી આદિજીનેશ્વર, ચઉ-મુખ પ્રતિમા ચાર; અષ્ટ દ્રવ્યશું પૂજે ભાવે, સમકિત મૂળ આધાર રે. ધન્ય૦ સિ૦ ।। ૨ ।। ભાવ ભકિત સું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધાર્યા; યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ નિવારા રે. ધન્ય૦ સિ૦ ।। ૩ ।। દૂર દેશાંતરથી હું આવ્યેા, શ્રવણે સુણી ગુણ તેારા; પતીત

ઉદ્ધારણ ધીરૂદ્ધ તુમારૂ, એતીરથ જગ સારા રે. ધન્ય૦ સિ૦ ॥ ૪ ॥ સંવત અઢાર ત્રાશી માસ અસાઢા, વદિ અષ્ઠમ ભોમવારા; પ્રભુજીકે ચરણ પ્રતાપસે સંઘમે, ક્ષિમા રતન પ્રભુ પ્યારા રે. ધન્ય૦ સિ૦ ॥ ૫ ॥

શ્રી સિદ્ધગિરિમંડન આદિનાથ સ્તવન.

સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ, (અંચલી) આદિજીનવર સુખકર સ્વામી; તુમ દર્શનથી શિવપદ ધામી, થયા છે અસંખ્ય, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૧ ॥ વિમલગિરિનાં દર્શન કરતાં, ભવો ભવનાં તમ તિમિર હરતાં; આનંદ અપાર, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૨ ॥ હું પાપી છું નીચ ગતિ ગામી, કંચનગિરિનું શરણું પામી; તરશું જરૂર, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૩ ॥ અણધાર્યો આ સમયમાં દર્શન, કરતાં હૃદય થયું અતિ પરસન; જીવન ઉજ્જવળ, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૪ ॥ ગોડી પાર્શ્વજીનેશ્વર કેરી, કરણ પ્રતિષ્ટા વિનતિ ઘણેરી; દર્શન પામ્યો માની, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૫ ॥ સંવત ઓગણીશ નેંવુ વર્ષે, શુદ પંચમી કર્યા દર્શન હર્ષે; મલ્યો જ્યેષ્ટ શુભ માસ, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૬ ॥ આત્મ કમલમાં સિદ્ધગિરિ ધ્યાને, જીવન ભળશે કેવળ જ્ઞાને; લબ્ધિસૂરિ શિવધામ, જીનને ક્રોડો પ્રણામ. સિદ્ધા૦ ॥ ૭ ॥

ખંભાતબંદર થંભણપાર્શ્વજીન સ્તવન.

પ્રેમ ધર્મનો જગાવ, તારા શુદ્ધ ચિત્તોમાં; પ્રભુ-

પાર્શ્વજી વસાવ, તારા શુદ્ધ ચિત્તોમાં. ॥ ૧ ॥ થંભણ પાર્શ્વજીનજી પ્યારા, છે રાગ દ્વેષથી ન્યારા; તારા કર્મને હટાવ, જાઉં શિવ મહેલોમાં. ॥ ૨ ॥ તું ચાર ગતિમાં રૂલ્યો, જે ધર્મ ભાવના ભૂલ્યો; સુંદર ભાવના જગાવ, તારા શુદ્ધ ચિત્તોમાં. ॥ ૩ ॥ જીવ પુણ્ય ઉદય અહીં આવ્યો, વળી મિથ્યા ભાવ વમાવ્યો; જિનરાજ ધર્મ સોહાયો, તારા શુદ્ધ ચિત્તોમાં. ॥ ૪ ॥ રહો નિત્ય નામ જીન રટતા, હઠશે હૃદયની જડતા; સુખ જામશે અનુપમ, તારા શુદ્ધ ચિત્તોમાં. ॥ ૫ ॥ નિજ ચિત્ત ઠામ જો આવે, લબ્ધિ, આત્મકમલમાં જાગે; ગુણ ગુણો અતિ ઉભરાશે, તારા શુદ્ધ ચિત્તોમાં. ॥ ૬ ॥

મંધર સ્વામીનું સ્તવન.

મન મળવા મુજ અળજ્યુ, વંદન દેવ દયાળ; દુર જઇરે વાલમ વસ્યા, સજ્જન સ્વામી વિશાળ. મન૦ ॥ ૧ ॥ મનોહર મારગ દીજીએ, સુણ સાયર લવણોદ; આડો આવીને શું રહ્યો, મકર તરંગ વિરોધ. મન૦ ॥ ૨ ॥ વિર હો વિષમ વાલમ તણો, આપ સ્વરૂપ વિચાર; ચંદ્ર વિયોગે રે તુંજ હોવે, તેહ દીશા સંભાળ. મન૦ ॥ ૩ ॥ ધાતકી ખંડે પશ્ચિમ દિશે, વપ્રવિજય જયકાર; વિજયા નયરીએ વિચરંતા, રાય શ્રી નાગ મલ્હાર. મન૦ ॥ ૪ ॥ ભદ્રા માતાએ જનમીયો, વિમલાદેવીનો કંત; લંછન ભાનુ મનોહરૂ, વિનય ભજે ભગવંત; મન૦ ॥ ૫ ॥

અથ શ્રી વિહરમાન જીન સ્તવન.

શ્રીમંધર યુગમંધરબાહુ, ચોથા સ્વામિ સુબાહુ; જંબુ-

દ્વિપ વિદેહે વિચરે, કેવલ કમલા નાહુરે ભવિકા, વિહરમાન જીન વંદો આતમ પાપ નીકંદોરે ભવિકા, વિહરમાન જીન વંદો. ॥ ૧ ॥ સુજાત શય્યંભવ ઋષભાનન, અનંતવીર્ય ચિત્ત ધરીયે; સુરપ્રભ શ્રી વિશાલ વજ્રધર, ચંદ્રાનન ઘાતકીએરે ભવિકા. વિહર૦ ॥ ૨ ॥ ચંદ્રબાહુ ભુજંગને ઇશ્વર, નેમીનાથ વીરસેન; દેવજસા ચંદ્રજસા જીતવીરીય, પુષ્કરદ્વિપ પ્રસન્નરે ભવિકા. વિહર૦ ॥ ૩ ॥ આઠમી નવમી ચોવિસમી પચીસમી, વિદેહ વિજય જયવંતા; દશલાખ કેવલી સોકોડ સાધુ; પરિવારે ગહગહંતારે. ભવિકા. વિહર૦ ॥ ૪ ॥ ધનુષ પાંચસે ઉંચી સોહે, સોવન વરણી કાયા; દોષરહિત સુર મહી મહીતલ; વિચરે પાવન પાયારે ભવિકા. વિહર૦ ॥ ૫ ॥ ચોરાસી લાખ પુરવ જીન જીવિત, ચોત્રિસ અતિશય ધારી; સમવસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નરનારી રે ભવિકા. વિહર૦ ॥૬॥ ખિમાવિજય જીન કરૂણા સાગર, આપ તર્યા પરતારે; ધર્મનાયક શિવમારગ દાયક, જન્મજરા દુઃખવારે રે ભવિકા, વિહરમાન જીન વંદો. ॥ ૭ ॥

(૨)

(તમે જો જો ના વાયદા વિતાવજો– રાગ.)

આજ પ્રગટયું પ્રભાત વીતી રાતળો, નાથ મને હૈયેથી ના હવે વિસારજો. ઉંડા અંધાર થકી આવ્યો પ્રકાશમાં, વિષયાનું રાગ ત્યજી આવ્યો હું ભાનમાં; આજ જાગ્યો હું છેદી મોહજાળજો. નાથ મને હૈયેથી૦ ॥ ૧ ॥ કાયરનો સંગ ત્યજી, આવું તુજ સાથમાં, માયાનો રંગ ત્યજી;

રાચું તમ રાગમાં, આજ રમતો રહું હું આત્મ ધ્યાનજો. નાથ મને હૈયેથી૦ ।। ૨ ।। ભાવના અભેદ્ય આજ પ્રગટી મુજ અંગમાં, કે કાયા સમર્પું પ્રભુ તહારા ઉછરંગમાં; આજ અંતર અદ્વૈતતા જગાવજો. નાથ મને હૈયેથી૦ ।।૩।। દ્વૈષને વિસારી મને પ્રેમથી નિભાવજો, કર્મને વિદારી મ્હારી જ્યોતને જગાવજો; આપ જ્યોતિ સું જ્યોતને મિલાવજો. નાથ મને હૈયેથી૦ ।। ૪ ।।

પ્રભુ ગુણ ગાયન.

મન લાગ્યું મારૂં લાગ્યું, પ્રભુ તારા ધ્યાનમાં; પ્રભુ તારા ધ્યાનમાં, એક તારા તાનમાં. મન લાગ્યું૦ ।। ૧ ।। ખાન ન સૂઝે પાન ન સૂઝે, તારા ધ્યાનમાં; માન અને અપમાન ન સૂઝે, તારા તાનમાં. મન લાગ્યું૦ ।।૨।। તું પ્રભુ ત્રાતા છે સુખ દાતા, તારી નામના; સુરવર નરવર મુનિજન ગુણીજન, તારા ગાનમાં. મન લાગ્યું૦ ।।૩।। સ્તવન પૂજન તુમ કરીએ સ્વામિ, પૂરો કામના; શિવસુખ આપો ભવદુઃખ કાપો, રહીએ ધ્યાનમાં. મન લાગ્યું. ।। ૪ ।।

મહાવીર સ્વામિનું હાલરીયું.

છાનો મોરા છબ છાનો મોરા વીર, પછે તમારી દોરીતાણું; મહાવીર કુંવર ઝુલે પારણીએ. ટેક૦ હીરના છે દોર, ધુમે છે મોર; કોયલડી સુરનારી. મહાવીર૦ ।।૧।। ઇંદ્રાણી આવે, હાલણ હુલણ લાવે; વીરને હેતે કરી હુલરાવે. મહાવીર૦ ।। ૨ ।। સુંદર બહેની આવે, આભૂષણ લાવે; બાજા રૂડાં લાવે, મોતીચુર ભાવે; વીરને હેતે કરીને જમાડે.

મહાવીર૦ ॥૩॥ વીર મ્હોટા થાશે, નિશાળે ભણવા જાશે; એમ ત્રિશલા માતા હરખાશે. મહાવીર૦ ॥૪॥ નંદીવર્ધન આવે, રાણી રૂડી લાવે; વીરને હેતે કરી પરણાવે. મહાવીર૦ ॥ ૫ ॥ વીર મ્હોટા થાશે, જગતમાં ગવાશે; એમ કાન્તિવિજય ગુણ ગાશે. મહાવીર૦ ॥ ૬ ॥

શ્રી કેશરીયાજીની લાવણી.

ખડા ખડા પ્રભુ અરજ કરંતા, સમરણ કરતા સબ તેારી; દીનાનાથ મેારી અરજ સૂણ કર, ભવકી ટાલેા તુમ ફેરી. ખડા૦ એ આંકણી. વિનિતા નગરીમેં તેારા જનમ હૈ, માતા મરૂદેવા ચેાસઠ ઈંદ્ર કરે તેારી ચાકરી; સૂર્ય ચંદ્ર કરતા સેવા નાભિરાયાકે કુળમેં સેાહે, ઋષભદેવજી નામ તેારા. દીન૦ ॥ ૧ ॥ ધૂસેવા નગર તેારા ખૂબ બના હૈ, વાંહે દેવલ જીનવરકા ફિરતી આવન દેહરી સેાહે; હસ્તી ખડા મરૂદેવીકા દેાનુ હાથી ઝુલે ગિરવા, દરવાજે પરાક્રમ ભારી. દીના૦ ॥ ૨ ॥ આંગી તેરી ખુબ બની હૈ, ખૂટી શેાભે જડાવનકી ગલે મેાતીયનકેા હાર બિરાજે; શેાભા દીસે કુંડલકી ચમરી તેારી ઉડે શિરપર, રિષભદેવકી બલીહારી. દીના૦ ॥ ૩ ॥ ઠમક ઠમક તેરેા માદલ ઠમકે, જણુણુ જણુણુ નાદ જલરકા ઘનન ઘનન તેારા ઘંટા વાજે; ડંકા વાજે નેાબતકા સબી સાંજકી હેાવે આરતી, મંડપમાંહે ભીડ ભારી. દીના૦ ॥ ૪ ॥ નિત નિત તેારી આંગી સેાહે, મુકુટકી ગત હૈ ન્યારી શિરપર તેારે છત્ર બિરાજે; સામલી સુરત દીસે પ્યારી એક દિનમેં ત્રણુ રૂપજ હેાતા, દેખત હૈ સબ નરનારી. દીના૦ ॥ ૫ ॥ ચાર ખંડમેં નામજ

તોરા, સંઘ આવે સબ દેશનકા છત્રીશ બાવિંદ આણા માને; તુમ સમરણ અરિહંતોકા સ્વર્ગ લોક પાતાલ લોકમેં, મૃત્યુલોક માને ભારી. દીના૦ ॥ ૬ ॥ ઋષભદેવકા દરસન કરતાં, પાપ જાવે ભવો ભવકા સમરણ કરતાં બેડી ભાંજે; બંધ તુટે સબ કર્મોકા ભિલડા તોરી આણ માન, એસોં પરતો હૈ ભારી. દીના૦ ॥ ૭ ॥ સંવત અઢાર ઓગણુસાઠ આષાઢ, સુદ બીજે દિન બુધવારે ઇડર ગઢકા સંઘજ આયા; જાત્રા કરે સબ નરનારી માનતા તોરી સહુકો માને ઐસો પરતો હે ભારી. દીના૦ ॥ ૮ ॥ દરિસણ કરતાં જોડી લાવણી, સુન લો ઉનુંકા ઠિકાણા રાવ મલારકા કડી પર ગણા; ગામ ઉનુંકા મેસાણા રૂપવિજયજી સેવક તુમ્હારો, સુનલો પ્રભુ અરજ મેરી. દીના૦ ॥ ૯ ॥

નેમનાથજીકી લાવણી.

તુમ તજકર રાજુલનાર, તજ્યા સબ ઘરરે. તજ્યા૦ મેં નમું નેમકે પાય, ગયા ગિરિવરરે મેં પ્રિત પિયાકી કર કર, પલ્લે લાગી. પલ્લે૦ તુમ ત્યાગી ચલે વન ખંડ, હુવે વૈરાગી, અબ રાજુલ સરખી સતી, ભાવસે ત્યાગી; ભાવસે૦ થારે અંતર ઘટમેં જ્યોત, જ્ઞાનકી જાગી; યું રોતી રાજુલનાર, નયણ ભર ભરરે. નયણ૦ મેં નમુ૦ ॥ ૧ ॥ મેં અરજ કરૂં કર જોડ, કરો મન પ્રસન્ન, કરો૦ મેરે શિરપર તુમ શિરદાર, દેજ્યો મોહે દરશન; અબ સુખ સખીયનકા દેખ, લગ્યો મન તરસન; લગ્યો૦ મેરે આયો નયનમેં નીર, લગ્યો નિત્ય બરસન; મેરે નેમ મિલનકી આશ, મિલું કિમ કરરે. મિલું૦ ॥ ૨ ॥ મેં

નહીં કીની તકસીર, ચલે કયું રૂઠે, ચલે૦ મેરે ઘરમેં કુટુંબ પરિવાર, ચાર દિસિ ચૂંટે; મેં જો રહું ઘરને માંહે, જોબન સબ લૂંટે; જોબન૦ મેં ચલુ પિયાકે સાથ, પ્રિત કયું ત્રૂટે; મેરે નેમ વિના નહીં ઔર, જગતમેં વરરે. જગતમેં૦ ॥ ૩ ॥ તુમ તારી રાજુલનાર મુક્તિમેં મેલી, મુકિત૦ પીછે નેમ ભયે નિર્વાણ, કર્મ સબ ઠેલી; મેં નિત્ય ઉગે પરભાત, નમું પદ પહેલે, નમું૦ શ્રી જીનવર વિન જુગમાંહે નહીં કોઇ બેલી; પાઠાંતર મેરે નેમ વિના નહીં ઔર, જગતમેં બેલી, યું અરજ કરે જીનદાસ સુણો જીનવરરે. સુણો૦ મેં૦ ॥ ૪ ॥

તપપદની પૂજાની ઢાળ.

દુહા.

દૃઢ પ્રહારી હત્યા કરી, કીધાં કર્મ અઘોર;
પણ તપના પ્રભાવથી, કાઢયાં કર્મ કઠોર. ॥ ૧ ॥

(પુરૂષોત્તમ સમતા છે તારા ઘટમાં-એ દેશી.)

તપ કરિયે સમતા રાખી ઘટમાં, તપ૦ તપ કર વાલ કરાલ લે કરમાં, લડીએ કર્મ અરિ ભટમાં. તપ૦ ॥ ૧ ॥ આવત પીવત મોક્ષ જે માને, તે શિરદાર બહુ જટમાં. તપ૦ ॥ ૨ ॥ એક અચરિજ પ્રતિશ્રોતે તરતાં, આવે ભવસાયર તટમાં. તપ૦ ॥ ૩ ॥ કાલ અનાદિકો કર્મ સંગતિથે, જીઉ પડીયો જયું ખટપટમાં. તપ૦ ॥ ૪ ॥ તાસ વિયોગ કરણ એકરણું; જેણે નવિ ભમિયે ભવતટમાં. તપ૦ ॥ ૫ ॥ હોયે પુરાણ તે કર્મ નિર્જરે,

એ સમ નહિ સાધન ઘટમાં. તપ૦ ॥ ૬ ॥ ધ્યાન તપે સવિ કર્મ જલાઈ, શિવ વધૂ વરિયે ઝટપટમાં. તપ૦ ॥ ૭ ॥

દુહો.

વિઘ્ન ટળે તપ ગુણથકી, તપથી જાય વિકાર;
પ્રશંસ્યો તપ ગુણથકી, વીરે ધન્નો અણગાર. ॥ ૧ ॥

(સચા સાંઈ હો, ડંકા જોર બજાયા હો–એ દેશી.)

ઉજમણું તપ કેરા કરતાં, શાસન સોહ ચઢાયા હો; વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ, કર્મ નિર્જરા પાયા. તપ૦ ॥ ૧ ॥ અઠસિદ્ધિ અણિમાલઘિમાદિક, તિમ લબ્ધિ ચોવીસા હો; વિષ્ણુ કુમારા દિક પરે જગમાં, પામત જયત જગીશા. તપ૦ ॥ ૨ ॥ ગૌતમ અષ્ટાપદગિરિ ચઢિયા, તાપસ આહાર કરાયા હો; જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમા સહિત મુનિરાયા. ત૦ ॥ ૩ ॥ સાડાબાર વરસ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો; ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા. ત૦ ॥ ૪ ॥

શ્રી શત્રુંજય તીર્થની સ્તુતિ.

શ્રી શત્રુંજય મુખ્ય તીર્થતિલકં, શ્રી નાભિરાજાંગજં, વંદે રૈવતશૈલમૌલિમુકુટં, શ્રી નેમિનાથંતથા, તારંગેપ્યજિતં જિનં અગુપુરે, શ્રીસુવ્રતં સ્તંભને, શ્રી પાર્શ્વં પ્રણુમામિ સત્યનગરે, શ્રી વર્ધમાનં ત્રિધા, ॥ ૧ ॥ વંદેનુત્તર કલ્પ તલ્પ ભવને ગ્રૈવેયકવ્યંતર, જ્યોતિષ્કામરમંદરાદ્રિવસતિં, તીર્થં-કરાનાદરાત્ જંબુપુષ્કર–ધાતકી સુરૂચકે, નંદીશ્વરે કુંડલે,

યેચાન્યેપિ જિના નમામિ સતતં તાન્ કૃત્રિમા કૃત્રિમાન્।।૨।।
શ્રીમદ્વીરજિનાસ્યપદ્મહૃદતો, નિર્ગમ્યતાંગૌતમં, ગંગાવર્તન
મેત્યયા પ્રવિભિદ્ય, મિથ્યાત્વ વૈતાઢયકમ્, ઉત્પત્તિ સ્થિતિ-
સંહૃતિ ત્રિપથગા, જ્ઞાનં બુધા વૃદ્ધિગા, સામે કર્મમલં હરત્વ
વિકલં, શ્રી દ્વાદશાંગિનદી. ।। ૩ ।। શક્રશ્ચન્દ્ર રવિગ્રહા-
શ્ચ ધરણ, બ્રહ્મેન્દ્ર-શાન્ત્યાંબિકા, દિક્પાલા શકપર્ષિ-
ગોમુખગણૈશ્ચક્રેશ્વરિભારતિ, યેનેજ્ઞાનતપઃ ક્રિયાવ્રતવિધિ શ્રી
તીર્થ યાત્રાદિષુ, શ્રી સંઘસ્ય તુરા ચતુર્વિધ સુરાસ્તે સંતુ
ભદ્રંકરાઃ ।। ૪ ।।

શ્રી પંચમીની સ્તુતિ.

શ્રી નેમિઃ પંચરૂપ ત્રિદશપતિકૃત-પ્રાજ્યજન્માભિષેક,
શ્ચંચત્ પંચાક્ષમત્તદ્વિરદમદભિદા,પંચવક્ત્રોપમાનઃ, નિર્મુક્તઃ
પંચદેહ્યાઃ પરમસુખમયઃ, પ્રાસ્તકર્મપ્રપંચઃ, કલ્યાણું પંચ-
મીસત્તપસી, વિતનુતાં પંચમજ્ઞાનવાન્વઃ ।। ૧ ।। સંપ્રીણન્
સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાનંદમૂર્ત્તિઃ પુણ્યાબ્ધિઃ-
પ્રીતિદાયિ, સ્મિતરૂચિરિવયઃ સ્વીયગોભિસ્તમાંસિ, સાંદ્રાણિ-
ધ્વંસમાનઃ, સકલકુવલયો-લ્લાસમુચ્ચૈશ્ચકાર, જ્ઞાનંપુષ્યા-
જ્જિનૌધઃ, સતપસિભવિનાં, પંચમીવાસરસ્ય. ।। ૨ ।।
પીત્વાનાનાભિધાર્થામૃતરસમસમં, યાંતિયાસ્યંતિજગ્મુ—
જીવા યસ્માદનેકે, વિધિવદમરતાં, પ્રાજ્ય નિર્વાણ પુર્યામ્,
યાત્વાદેવાધિદેવા ગમદશમસુધા, કુંડમાનંદહેતુ-સ્તત્પંચ-
મ્યાસ્તપસ્યુ,-ધૃતવિશદધિયાં-ભાવિના મસ્તુ નિત્યમ્.।।૩।।
સ્વર્ણાલંકારવદ્ગન્ મણિકિરણગણધ્વસ્ત, નિત્યાંધકારા, હુંકા-
રારાવદૂરીકૃત સુકૃતજન, વ્રાતવિઘ્નપ્રચારા, દેવી શ્રી અંબિ-

કાખ્યા જિનવર ચરણાં–લોજભૃંગી સમાના, પંચમ્યહૂનસ્ત-
પોઽર્થં, વિતરતુ કુશલં, ધીમતાં સાવધાના. ।। ૪ ।।

શ્રી એકાદશીની સ્તુતિ.

શ્રીભાગ્ નેમિ ર્જભાષે; જલશય સવિધે, સ્ફૂર્ત્તિમેકાદ-
શીયાં, માદ્યન્મોહાવનીંદ્ર, પ્રશમન વિશિખઃ, પંચણાણા
ચિરણુઃ મિથ્યાત્વધ્વાંતવાંતૌ, રવિકરનિકરસ્તીવ્રલોભાદ્રિવજ્રં,
શ્રેયસ્તત્પર્વ વસ્તાચ્છિવસુખમિતિ વા, સુવ્રતશ્રેષ્ઠિનોઽભૂત.
।। ૧ ।। ઇંદ્રૈરભ્રભ્રમદ્ભિ, મુંનિપ ગુણરસા,–સ્વાદનાનંદ-
પૂર્ણૈ–દિંવ્યદ્ભિસ્ફારહારૈર્લલિત વરવપુ–ર્યષ્ટિભિસ્સ્વર્વધૂભિઃ,
સાર્ધં કલ્યાણકૌઘો, જિનપતિનવતેર્ભિન્દુ ભૂતેંદુ સંખ્યો,
ધન્યે યસ્મિન્ જગેતદ્ ભવતુ સુભવિનાં, પર્વસચ્છર્મહેતુઃ.
।।૨।। સિદ્ધાન્તાબ્ધિપ્રવાહઃ કુમતજનપદાન્, પ્લાવયન્ યઃ
પ્રવૃત્તઃ સિદ્ધિદ્વીપં નયન્ ધી ધનમુનિવણિજઃ, સત્યપાત્ર
પ્રતિષ્ટાન્, એકાદશ્યાદિપર્વેન્દુમણિમતિદિશન ધીવરાણાં
મહાર્ઘ્યં, સન્ન્યાયાંભશ્ચ નિત્યં, પવિતરતુસનઃ, સ્વપ્રતીરે
નિવાસમ્. ।। ૩ ।। તત્પર્વોદ્યાપનાર્થં, સમુદિત સુધિયાં,
શંભુસંખ્યાપ્રમેયા–મુત્કૃષ્ટાં વસ્તુવીથી–મભયદસદને, પ્રાભૃતી
કુર્વતાંતાં,–તેષાંસવ્યાક્ષપાદૈઃ, પ્રલપિત મતિભિઃ, પ્રેતભૂતા-
દિભિ–ર્વા, દુષ્ટે–જંન્યં ત્વજન્યં હરતુહરિતનુ, ન્યસ્ત
પાદાંબિકાખ્યા. ।। ૪ ।।

શ્રી આદીજીનની આરતી.

પહેલી આરતી પ્રથમ જીણુંદા, શેત્રુંજા મંડણ ઋષભ જીણુંદા; આરતી કીજે જીનરાજ તુમારી. ॥ ૧ ॥ દુસરી આરતી મરૂદેવી માતા, યુગલાધર્મ નિવાર કરંદા. આ૦ ॥ ૨ ॥ તિસરી આરતી ત્રિભુવન મોહે, રત્ન સિંહાસણ મારા પ્રભુજીને સોહે. આ૦ ॥ ૩ ॥ ચોથી આરતી નિત્ય નવી પૂજા, દેવ નિરંજન અવર નહિ દૂજા. આ૦ ॥ ૪ ॥ પાંચમી આરતી પ્રભુજીને ભાવે, પ્રભુજીના ગુણ સેવક ઇમ ગાવે. આ૦ ॥ ૫ ॥

શ્રી વર્ધમાન જીન આરતી.

શ્રી સરસ્વતી માઈ, કૃપા કરો આઇ; સરસ વચન સુખદાઇ, દ્યો મુજ ચતુરાઇ, જયદેવ જયદેવ. ॥ ૧ ॥ શ્રી વર્ધમાન દેવા, જગમાં નહિ એવા; પાતક દૂર કરેવા, કરે ઇંદ્ર સેવા. જય૦ ॥ ૨ ॥ રત્નત્રય રાયા, ત્રિશલાના જાયા; સિદ્ધારથ કુલ આયા, કંચનમય કાયા. જય૦ ॥૩॥ શાસન બહુ સારો, લાગે મુજ પ્યારો; સંકટ દૂર નિવારો, ભવસાયર તારો. જય૦ ॥ ૪ ॥ ત્રિભુવન તુમ સ્વામિ, કર્મ મેલ વામી; કેવલજ્ઞાન સુપામી, શિવપુરના સ્વામિ. જય૦ ॥ ૫ ॥ ભવ આરત ટાળો, નેહ નજર ન્યાળો; મયા કરી મુજ ઉપર, મુજ કર તુમ ઝાલો. જય૦ ॥૬॥

મંગળ દીવો.

દીવો રે દીવો મંગળિક દીવો, આરતી ઉતારણ બહુ ચિરંજીવો. દીવો૦ ॥ ૧ ॥ સોહામણું ઘેર પર્વ દીવાળી;

અંબર ખેલે અપ્સરા બાળી. દીવો૦ ।। ૨ ।। દીપાળ ભણે એણે કુલ અજવાળી, ભાવે ભકતે વદન નિહાળી. દીવો૦ ।। ૩ ।। દીપાળ કવિ કહે ઈણ કળીકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે. દીવો૦ ।। ૪ ।। અમ ઘેર મંગળિક તમ ઘેર મંગળિક, સકલસંઘ ઘેર મંગલિક હોજો. દીવો૦ ।।૫।।

મંગળ દીવો.

ચારો મંગળ ચાર, આજે મારે; ચારો મંગલ ચાર, દેખ્યો દરસ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આજે૦ ।। ૧ ।। છિનું છિનું છિનું મનમોહન ચરચ્યો, ઘસી કેસર ઘનસાર. આજે૦ ।। ૨ ।। વિવિધ જાતી કે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજે૦ ।। ૩ ।। ધુપ ઉવેખોને કરો આરતી, મુખ બોલો જયકાર. આજે૦ ।। ૪ ।। હર્ષ ધરી આદિશ્વર પૂજો, ચૌમુખ પ્રતિમા ચાર. આજે૦ ।। ૫ ।। હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજે૦ ।। ૬ ।। સાંકળચંદ સેવક જીનજીકો, આનંદઘન ઉપકાર. આજે૦ ।। ૭ ।।

પાંચમાઆરાનું સ્વરૂપ.

પાંચમાઆરામાં બનનારા બનાવો જે ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને કહેલા તે શ્રી આર્ય સુહસ્તીસૂરિએ સંપ્રતિરાજાને કહ્યા (આ બાબત દીવાલી કલ્પમાં વિસ્તરથી જણાવેલી છે. પણ અત્રે જગ્યાના સંકોચને લીધે ઘણી સંક્ષેપથી આપી છે. વધુ જાણવાના જીજ્ઞાસુઓએ ત્યાંથી વાંચી લેવું.)

પુણ્યપાલરાજાને થયેલા સ્વપ્નાનું ફળ ભગવાન માહવીરે કહ્યું, તે સાંભળીને ગૌતમસ્વામી યદ્યપી પોતે જ્ઞાને કરી સર્વ જાણતાં છતાં સભાના લોકોને જણાવવાના અર્થે પુછતા હતા. કે હે ભગવન્ આપના નિર્વાણ પછી શું થનાર છે. તે વારે ભગવાન બોલ્યા. કે હે ગૌતમ મારા નિર્વાણ પછી ૯૮ પખવાડીયાં ગયા પછી પાંચમો આરો બેસશે. તેમાં યમદંડ સરખા રાજા થશે. અને મારા નિર્વાણ પછી બારે વર્ષે હે ગૌતમ તું મોક્ષે જઇશ. મારી પાટે ૨૦૦૪ આચાર્યો થશે, તેમાં પ્રથમ સુધર્મ ગણધર બેસશે. તે મારા નિર્વાણ પછી વીશ વર્ષે મોક્ષે જશે અને તેની પાટે જંબૂ આચાર્ય થશે. તે મારા નિર્વાણ પછી ચોસઠ વર્ષે મોક્ષે જશે.

ત્યારપછી આહારક શરીર, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, પુલાકલબ્ધિ, પરમાવધિ, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, યથાખ્યાત ચારિત્ર, પરિહાર વશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, મોક્ષમાર્ગ, જીન કલ્પ, એ દશ વસ્તુ વિચ્છેદ થશે.

જંબુની પાટે પ્રભવસૂરિ થશે, તેની પાટે સયંભવસૂરિ દ્વાદશાંગી દશવૈકાલીક કરશે. તેની પાટે ચૌદ પૂર્વી શ્રી યશોભદ્રસૂરિ થશે, તેને સંભૂતિવિજય અને ભદ્રબાહુ એ બે શિષ્યો થશે, તેમાં ઘણા ગ્રંથોના રચનાર નિર્યુક્તિના કરનારા ભદ્રબાહુ મારા નિર્વાણથી ૧૭૦ વર્ષે દેવલોક જશે. તેના શિષ્ય સ્થુલિભદ્ર થશે, ઈહાં બાર દુકાળી પડશે. એ આચાર્ય દશ પૂર્વ અર્થ સહીત ભણશે અને ચાર પૂર્વ અર્થ વિના ભણશે. તે મારા નિર્વાણથી ૨૧૫ વર્ષે દેવલોકે

જશે. ઇહાં પહેલું સંઘયણ અને સંસ્થાન સૂક્ષ્મ માહા પ્રાણાયામ ધ્યાન વિચ્છેદ જશે, પછી અનુક્રમે ૫૮૪ વર્ષે વજ્ર આચાર્ય થશે, તે વારે દશમું અર્ધ પૂર્વ ચાર સંઘયણ અને ચાર સંસ્થાન વિચ્છેદ જશે, તથા ૬૧૬ વર્ષે પુષ્પ મિત્ર થશે, ઇહાં સાડા નવ પૂર્વ વિચ્છેદ થશે, અને નવ પૂર્વનું જ્ઞાન શેષ રહેશે. મારા નિર્વાણથી ૬૨૦ વર્ષે આર્ય માહાગીરી થશે, અને ૬૦૯ વર્ષે સ્થવીરપુર નગરમાં દિગમ્બર મત થશે. વળી મારા નિર્વાણથી ૩૦૦ વર્ષે ઉજ્જયણીમાં સંપ્રતિ રાજા થશે, તે આર્ય સુહસ્તિસૂરિના ઉપદેશથી જાતિસ્મરણ પામીને જૈનધર્મ ધારણ કરશે, ત્રણ ખંડનો ભોક્તા થશે.

જૈનપ્રાસાદે કરી પૃથ્વી શોભાયમાન કરશે, સવાલાખ દેરાસર, તેત્રીશ હજાર જીર્ણોદ્ધાર, સવા ક્રોડ જીન પ્રતિમા, પંચાણું હજાર ધાતુની પ્રતિમા ભરાવશે. ૧૦૦૦ ઉપાશ્રય, ૭૦૦ દાનશાળા અને અનાર્ય દેશમાં પણ જીનધર્મ પ્રવર્ત્તાવશે, તે પણ કાળ કરી દેવલોકે જશે.

મારા નિર્વાણથી ૪૭૦ વર્ષે વિક્રમાદિત્ય રાજા થશે, તે સિદ્ધસેન સૂરિના ઉપદેશથી સમ્યકત્વ પામશે. એ રાજા વિદ્યાવાન પરોપકારી થશે, સિદ્ધાચલજીનો સંઘ કાઢશે. સંઘની અંદર સિદ્ધસેન દિવાકરાદિ ૫૦૦૦ આચાર્ય તથા તે પ્રમાણમાં સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા સંઘમાં લાભ લેશે વિક્રમરાજા પોતાનો સંવત્સર ચલાવશે. તેમના સંવતથી ૧૩૫ મે વર્ષે શાલીવાહન રાજા થશે, તે પણ પોતાનો શક ચલાવશે.

વિક્રમાદિત્યથી ૫૮૫ વર્ષે શ્રી હરિભદ્રસૂરિ થશે, મારા નિર્વાણથી ૯૯૩ વર્ષે કાલિકા ચાર્ય થશે, અને કારણના યોગે ચોથની સંવત્સરી કરશે, મારા નિર્વાણથી ૧૨૭૦ વર્ષે બપભટ્ટસૂરિ મહા વિદ્યા વિશારદ થશે, જેઓ હંમેશાં એક હજાર શ્લોક કંઠે કરવાની શક્તિવાળા હતા. અને આમ રાજાને પ્રતિબોધી ગ્વાલ્યરના પર્વતમાં ત્રણ કોટી સોનાની મૂર્તિ શ્રી વીર ભગવાનની ભરાવશે.

મારા નિર્વાણથી ૧૩૦૦ વર્ષ ગયા પછી ઘણા ગચ્છો થશે, તે મારા માર્ગને ડોળી નાંખશે. સુધર્મની પરંપરા ઉત્થાપીને પોતપોતાના ગચ્છ સ્થાપી વાડા બાંધશે, સહુ પોતપોતાની જુદી સમાચારી કરશે, પરૂપણા ભિન્ન કરશે, શ્રદ્ધા ભિન્ન કરશે, સિદ્ધાંતની રૂચીવાળા જીવો સ્વલ્પ થશે, લોકમાં કષાય ઘણો થસે, મિથ્યાત્વી ઘણા થશે, પરોપકાર રહિત લોકો થશે, શિષ્ય પોતાના ગુરૂનો વિનય કરશે નહીં. ગામ સ્મશાન સરખાં થશે, નગર ગામડાં સરખાં થશે, ઉત્તમ પુરૂષો ચાકરી કરશે, નીચ જનો રાજા થશે, ઉત્તમનો આચાર નીચ લોકો પાળશે, અને નીચનો આચાર ઉત્તમ જનો પાળશે, ઉત્તમ લોકો નિર્ધન અને દુઃખી થશે, નીચલોકો ધનાઢ્ય થશે. દેવતા દેખાવ આપશે નહીં; જાતિ સ્મરણ જ્ઞાન કોઇને ઉપજશેજ નહીં. લોકો પુન્યના કાર્યમાં પ્રમાદી. અને પાપ કર્મમાં ઉદ્યમી થશે, રાજા પણ નવા નવા કર નાંખશે. દેહરાઓના પાડનારા અને દેવદ્રવ્યના ભક્ષણ કરનારા થશે. યતિયો પણ જ્ઞાન દ્રવ્યના ભક્ષણ કરનારા થશે. શીખામણ આપનારની સાથે કદાગ્રહ કરશે. આચારથી ભ્રષ્ટ થશે. માતા

પિતા પોતાની બેટીને વેચી પેટ ભરશે. અને છોકરાને પરણાવશે, વાણીયા કુડ કપટના કરનારા યતિયોનું અને ચૈત્યોનું દ્રવ્ય ભક્ષણ કરનારા થશે.

વળી પણ એકજવાર કલ્પસૂત્ર સાંભલ્યું માત્રમાં પોતાને સમજી ગયા સમજશે. પોતાનો હઠ લીધેલો મૂકશે નહીં. દુષ્કાળ ઘણા પડશે. રાજાઓના ઝગડા થશે. ઘણા દેશો શુન્ય થશે. એમ પાંચમા આરામાં ઘણા જીવો દુઃખી થશે. અને અગ્નિના અને ચોરના ઉપદ્રવો થશે. દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મનો ક્ષય થશે. શિષ્યો અવિનીત થશે. પુત્રાદિ પોતાના માત પિતાની સેવા કરશે નહીં, વેપારી કુડાં તોલ માપ રાખશે. સત્યપણું તો કોઈ-કજ રાખશે. દશ પ્રકારનો યતિધર્મ તો વીરલા પાળશે સેવકો સ્વામીના દ્રોહી થશે. સાસુ નિર્દયી થશે. અને વહુ વિનય કરશે નહીં. અકાલે મેઘ વૃષ્ટિ થશે. કાલે મેઘ વરસશે નહીં.

દુર્જન જુગારી લોકો સુખીયા થશે. ચોરના મરકીના તથા પારકા કટકના ભય થશે. સંધ્યા ત્યાગી અનાચારી અર્થના લોભી એવા લોભીયા બ્રાહ્મણો થશે. ઔષધી ઘૃત સાકર પુલ વિગેરેના રસ ગંધ સર્વ હીન થશે. મનુષ્યોના બળ બુદ્ધિ આયુષ્ય વિગેરે ઘટી જશે.

આચાર્ય શિષ્યોને વાંચના આપશે નહીં તથા કલહકારી અસમાધીકારી ઉપદ્રવકારી અનિવૃત્તિકારી એવા સાધુઓ દશ ક્ષેત્રોમાં થશે. સાધુનો વ્યવહાર મુકી દેશે.

આગમના અજાણ હોઇ વિપરીત અર્થ પ્રકાશશે. પોતાની સ્તુતિ કરી પારકી નિંદા કરી સ્વકલ્પિત સમાચારી સ્થાપી મુર્ખ લોકોને મોહ પમાડશે.

વળી હે ગૌતમ મારા નિર્વાણથી ૧૬૫૯ વર્ષ ગયે છતે કુમારપાળ નામે રાજા થશે. તે જૈન ધર્મ પાળનારો થશે. અઢાર દેશોમાં જૈન ધર્મ ફેલાવશે. શ્રી હેમચંદ્રસૂરી પાસે શ્રાવકનાં વૃત લેશે. ને તે સમકીત સહિત પાળશે. ઘણા જૈન ચૈત્યો કરાવશે, દેવપૂજા તથા ગુરૂ ભક્તિ વિના ભોજન કરશે નહીં. એકદા એ સૂરિ મહારાજજીના મુખથી જીવીત સ્વામીની મુર્તિનું વર્ણન સાંભળીને ધુલકોટને ખણાવીને તેમાથી પ્રતિમા પ્રગટ કરાવી પાટણમાં લાવીને પધરાવશે. એ રાજા સ્વદ્વારા સંતોષી દાતાર થશે. મનથી પણ વૃત ભંગનો દોષ લાગવા દેશે નહીં. લાગશે તો ઉપવાસ કરશે. અઢાર દેશમાં અમારી પડહ વજડાવશે, ચોમાસામાં સેના ચડાવવી નહી. બહારગામ જાવું નહિ. અને ઘોડા વિગેરે પ્રાણીઓને ગાળીને પાણી પીવરાવશે. શ્રીજૈન શાસનની ઉન્નત્તિ કરશે.

વળી હે ગૌતમ વિક્રમ સંવત ૧૧૦૦ માં શ્રીજીનદત્તસૂરિ તથા શ્રી અભયદેવસૂરિ, નવાંગી વૃત્તિના કર્ત્તા થશે. જેવા અર્થ હશે તેવાજ કરશે. ગચ્છનું મમત્વ રાખશે નહીં. જ્યાં સંદેહ થશે. ત્યાં કેવલી ગમ્ય લખશે. તથા મારા નિર્વાણથી ૯૮૦ વર્ષ પછી સિદ્ધાંત પુસ્તકા રૂઢ થશે.

વિક્રમ સંવત ૧૫૦૦ માં શ્રીઆનંદમેહ વિમલસૂરિ ક્રિયાનો ઉદ્ધાર કરશે. તેમની પરંપરામાં શ્રી હીરવિજયસૂરિ

થશે. હીરવિજયસૂરિને ૨૦૦૦ આશરે સાધુઓનો પરિવાર હશે. જે દિલ્લીના રાજા અકબરને પ્રતિબોધી હિંસા બંધ કરાવશે.

હે ગૌતમ પાંચમા આરામાં ભેખધારી લિંગીઓ ઘણા થશે. તેઓ માંહોમાંહે કલહ કરનારા આશાતના કરનારા લોકોમાં સાધુ કહેવડાવનારા. સૂત્રના પરમાર્થના નહીં જાણનારા થશે. ઇંદ્રિયોના વિષય ભોગવનારા; ઉપાશ્રયને અર્થે કલહ કરનારા, પંચ માહાવૃતના છોડનારા મઠવાસી થશે.

મારા નિર્વાણથી કેટલેક વર્ષે કલંકી રાજા થશે. પાટલીપુર પટ્ટણમાં ચંડાલને ઘેર યશોદા નામની બ્રાહ્મણીની કુંખે ઉત્પન થશે, ત્રણ હાથનું ઉંચું શરીર માંજરી આંખો નિર્લજ નિર્દયી થશે, અઢારમેં વર્ષે તેનો રાજ્યાભિષેક થશે, અદત્ત નામે ઘોડો, દુર્વાસા નામે ભાલુ મૃગાંક નામે મુકુટ, દૈત્યસૂદન ખડગ ધરનારો થશે, તે પોતાનો સંવત્સર થાપશે, સાડી વીશ વર્ષે આબૂના રાજાની પુત્રી પરણશે, તેનાથી દત્ત, વિજય, મુંજ અને અપરાજીત નામે ચાર પુત્રો થશે, તેની રાજધાની પાટલીપુરમાં, દત્તની રાજધાની દત્તપુરમાં, વિજયની રાજગૃહીમાં, મુંજની અણહીલપુર પાટણમાં, અને અપરાજીતની રાજધાની અવંતી નગરીમાં થશે.

મહા રોગ દુર્ભિક્ષ થશે, જ્યારે છત્રીશ વર્ષનો થશે, ત્યારે ભરત ક્ષેત્રમાં ત્રણ ખંડનો અધિપતિ થશે, જ્યાં ધન દેખશે, ત્યાંથી લેઇ લેશે, તે નગરમાં સાડા સતર દિવસ સુધી એક સરખો વરસાદ પડશે, નગર આખુ તણાઈ જશે, ધનના લોભના વશે રૈયત ઉપર ઘણા આકરા કર નાંખશે.

ધનના અભાવે ચામડાનાં નાંણાં ચાલશે. મંદીરો, દેવાલયો, કબરો વિગેરેમાં જ્યાં ધન હશે, ત્યાંથી કાઢી લેશે. સાધુઓ પોતે નિસ્પરિગૃહી હોય છે, તેની પાસેથી પણ ધન માગશે; પણ સાધુઓ પાસે કાંઇ નહીં હોવાથી કાઉસ્સગ્ગ કરી શાસનદેવનું આરાધન કરશે.

શાસનદેવતા આવી તેને વારશે, સાધુઓ ત્યાંથી વિહાર કરશે, કલંકીને ૫૦ વરસ થયા બાદ વરસાદ ઘણો સારો થશે. જેથી ધાન્ય ઘણું સારૂ પાકશે. કેટલેક વખતે કલંકી સાધુઓ પાસે ભીક્ષામાંથી છઠો ભાગ માંગશે, તે સાધુઓ આપશે નહીં, તે વારે શ્રી સંઘ મળી શાસન દેવતાનો કાઉસ્સગ્ગ કરશે, શાસનદેવ પ્રગટ થશે. તેનુ પણ નહીં માને, ત્યારે ઇંદ્રનું આસન ચલાયમાન થશે, ઇંદ્ર આવી તેને સમજાવશે, પણ માનશે નહીં, ત્યારે ઇંદ્ર તેને થાપટ મારવાથી છયાશી વર્ષનુ આયુ પૂર્ણ કરી મરણ પામી નરકમાં જશે.

તેની ગાદીએ દત્તને થાપી અરિહંત ધર્મ આરાધવાની શિખામણ આપી પોતાને સ્થાનકે જશે. તે ઘણો ધર્મીરાજા થશે. દીવાળી કલ્પના મૂળપાઠમાં કલંકીનો જન્મ સંવત ૧૯૧૪ માં લખેલો છે. પણ એમાં કાંઈ ભૂલ થયેલી લાગે છે.

હે ગૌતમ મારો ભસ્મગ્રહ બેસે છે. તેને લીધે પચીશો વર્ષ વિત્યા પછી એટલે સંવત ૨૦૩૦ વર્ષ પછી જીનધર્મની ઉન્નત્તિ થશે. ભસ્મગ્રહ ઉતર્યા પછી દેવતા પણ કદાચ આરાધન કરવાથી પ્રગટ થશે. અવધિજ્ઞાન અને જાતિસ્મરણાદિકના ભાવ પણ કવચિત પ્રગટ થશે.

હે ગૌતમ મારા નિર્વાણ પછી ઉત્તમ મધ્યમ એવા

આચાર્યો સદ્‌ગતિએ જશે, તથા નરકે પણ જશે. તેની સંખ્યા પણ કહું છું ૧૧૧૧૬૦૦૦ ઉત્તમ આચાર્ય શ્રી જીનધર્મના પ્રભાવીક થશે, તેમાં ૨૦૦૪ એટલા તો યુગ પ્રધાન વર્ત્તમાનશ્રુતના જાણુ ચારિત્રવંત તે ત્રેવીશ ઉદયમાં છેલ્લા શ્રી દુપ્પહ સૂરિ સુધી થશે.

૩૩૦૪૪૯૧ એટલા આચાર્ય મધ્યમ ગુણના ધણી થશે, તથા પપપપપપપપપ આટલા અધર્મી આચાર્ય, ભવ્ય જીવોને ભોળવનારા મહા પાપી મહા આરંભી જેનું નામ લેવાથી પણ પાપ લાગે, એવા પ્રાયઃ નરકગામી થશે. એ આચાર્યોના સાધુ સાધ્વી ઓ, શ્રાવક, શ્રાવિકાએ પણ પંચવત ક્રોડના ઠેકાણે ૬૬૬૬૬૬૬૬૬ આટલા નરકગામી થશે. હવે શુદ્ધ સંઘની સંખ્યા કહે છે. ચોપન અબજ અને ચુમાલીસ લાખકરોડ (૫૪૦૦૪૪૦૦૦૦૦૦૦૦૦૦) એટલા ભલા ઉપાધ્યાય થશે. સીતેર લાખ ક્રોડ નવ લાખ ક્રોડ નવ હજાર ક્રોડ અકસો એકવીશ કરોડ એકવીશ લાખ સાઠ હજાર આટલા ભલા સાધુ થશે. દશ હજાર ક્રોડ નવસો ક્રોડ બાર ક્રોડ છપન્ન લાખ છત્રી હજાર એકસો નવાણું આટલી ભલી સાધ્વીઓ થશે. સોળ લાખ ક્રોડ ત્રણ લાખ ક્રોડ સીતેર ક્રોડ આટલા ભલા શ્રાવક થશે. પચીચ લાખ ક્રોડ બાણું હજાર ક્રોડ, પાંચસે ક્રોડ છત્રીશ ક્રોડ તે ઉપર વધારે આટલી ભલી શ્રાવિકા થશે આ પ્રમાણે પાંચમા આરાનો સંઘ જાણવો.

શ્રી મહા નિશીથસૂત્રમાં કહ્યું છે કે જેનાં નામ પણ લેવા યોગ્ય નથી એવા આચાર્ય સાધુ સાધ્વી શ્રાવક

શ્રાવિકાનું પ્રમાણ બહુ દેખાડયું છે તે જેવું ગ્રંથાન્તરમાં છે તેવું લખ્યું છે. ઓછું અધીક હોય તો કેવળી જાણે.

હે વાંચક વર્ગ આ ઉપર લખેલી સંખ્યામા મારી પોતાની બુદ્ધિ તો કંઈ કામ કરી શક્તિ નથી. આટલી વસ્તી માટે સહેજ શંકા ઉપન થાય, પરંતુ જે પરમાત્મા અતુલ જ્ઞાનના ધણી છે તેના વચનમાં ફેર હોય નહીં, એવી બાબતો શ્રદ્ધા ગમ્ય માની શકાય.

હે ગૌતમ મારા નિર્વાણથી એક હજાર વર્ષ પછી પૂર્વ શ્રુતનો વિચ્છેદ થશે, ત્યારપછી ૨૦૦૦૦ વર્ષ પર્યંત મારૂં શાસન આગિયાના ચમકારા જેવું ચાલશે, પાંચમા આરાના અંતે છેલ્લા દુપ્પહસૂરિ થશે, તેમનું બે હાથનું શરીર હશે, શુદ્ધ સમ્યકત્વ ધારી થશે, તેઓ બાર વરસની ઉમરે દીક્ષા લેશે આઠ વર્ષ દીક્ષા રૂડી રીતે પાલશે, દશ વૈકાલીક, અનુયોગ દ્વાર, કલ્પસૂત્ર, ઓધનિર્યુક્તિ, આટલા આગમોના વેત્તા થશે, છઠ છઠ તપ કરતાં આઠ વર્ષ ચારિત્ર પાળી અઠમ તપ કરી અનશન કરી એકાવતારી સૌધર્મ દેવલોકમાં ઉત્પન થસે.

તે વખતે હે ગૌતમ ફલ્ગુશ્રી નામે સાધ્વી, નાગિલ નામે શ્રાવક સત્ય સીરિનામા શ્રાવિકા પણ અનશન કરી દેવલોકે જશે, ત્યારપછી સુમુખ નામે પ્રધાન અને વિમલવાહન નામે રાજા કાળ કરશે, એ રીતે ધર્મનીતિ તથા રાજ્યનીતિ વિચ્છેદ પામશે.

ત્યારબાદ પાછલે પોહોરે અગ્નિનો વર્ષાદ થશે, સર્વ બળી ભસ્મ થશે, એમ ૨૦૯૦૦ વર્ષ ત્રણ માસ પાંચ

દિવસ પાંચ પ્રહર એક ઘડીથી કંઇક વિશેષ એટલો કાલ શ્રી જીનધર્મ વર્ત્તશે.

પછી પ્રલય કાળનો વાયરો વાસે, સાત સાત દિવસ સુધી અગ્નિ વિગેરેના વરસાદ થશે, ને સર્વ ચીજનો નાશ થશે, સિધુ નદીના કાંઠે બહોતેર બીલ છે, તેમાં સર્વ મનુષ્ય અને તિર્યંચો આવીને રહેશે.

ત્યાંની નદીમાંથી માછલાં વિગેરે લાવી ઉની રેતીમાં ભૂંજયા પછી લાવી ઉદર પૂર્ણી કરસે, એવી રીતે છઠા આરાના અંતે એક હાથના શરીરવાળા પુરૂષો વીશ વરસના આયુષ્યવાળા સ્ત્રીનું સોળ વરસનું આયુષ્ય છ વર્ષની સ્ત્રી ગર્ભ ધારણ કરસે, માતા સ્ત્રીનો કાંઈ ફેર રહેશે નહીં. એવી રીતનો છઠો આરો ૨૧૦૦૦ વર્ષનો ચાલશે, તેવોજ ૨૧૦૦૦ વર્ષનો પહેલો આરો ચાલશે, બંને આરાના મનુષ્યો તિર્યંચ સરખા જાણવા.

પછી બીજો આરો બેસશે, તેમાં જાત જાતના સારા મેઘવરશી પૃથ્વી રસકસવાળી ને પ્રફુલીત થશે, મનુષ્યો પણ ધીમે ધીમે સુખી અવસ્થા ભોગવશે, જ્યારે એ બીજા આરાનાં ૨૧૦૦૦ વર્ષ માંહેલા ત્રણ વરસને સાડા આઠ મહીના બાકી રહેશે, ત્યારે શ્રેણિક રાજાનો જીવ પહેલી નરકમાંથી નીકળી ભદ્રારાણીની કુખે પદ્મનાભ નામે પુત્રપણે ઉત્પન થશે, તે શ્રી માહવીર સ્વામીના જેવા ૭૨ વર્ષના આયુષ્યવાળા પેલા તીર્થંકર થશે.

દુહા સંગ્રહ.

પરદારા છે પાપણી, સાપણી ઝેરી એહ;
કરે કાપણી આપણી, તાપણી દુઃખની તેહ. ૧

પરનારી ઝેરી છુરી, મત લગાવો અંગ;
દસ શીર રાવણકે કટે, પરનારી કે સંગ. ૨

પરનારી પંશાન ભઈ, દેવત નહિ કછુ ઓર;
મુત્ર પાત્ર આગે ધરે, ઓહી નરકકા ઠોર. ૩

પ્રમાદ તમે કરો નહી, નથી કાળની જાણ;
ક્યારે આવી લુંટશે, કરશે મુગ્તિ હાણ. ૪

માતા કે પિતા રડે, રડે વહું કે બાળ;
ચાકરકે શેઠજ રડે, તોય ન છોડે કાળ. ૫

શહેર વનકે પહાડમાં, નહી ગુફા કે ઘેર;
સુતો હોય કે જાગતો, કાળ કરે નહિ મ્હેર. ૬

બન્યો રાજા બન્યો જોગી, બન્યો ભિક્ષુકને ભોગી;
તથાપી રોજનો રોગી, સદા સંજોગી વિયોગી. ૭

જગત પડયુ મુખ કાળને, કેડા મોર જનાર,
ઘંટીને ગાળે પડ્યા, દાણા લોટ થનાર. ૮

કાયા બંગલે જીવ મુસાફર, ઘાટ ભલે ઘડતો;
એકદિન એવો આવશે, નરકે જઈ પડતો. ૯

કબીરા કબીરા કયા કરો, સોધો આપ શરીર;
પાંચે ઇંદ્રિય વંશ કરો, આપ હુઇ દાસ કબીર. ૧૦

માળા તો મનકી ભલી, ઔર કાષ્ટકા ભારા;
જો માળાસે ગરજ સરે તો, કેમ વેચે મણીયારા. ૧૧

જીવડો ગર્ભાવાસમાં, પ્રતિજ્ઞા કરે અપાર;
જનમ્યા પછી ભૂલી ગયો, હૈ હૈ મૂઢ ગમાર. ૧૨

પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોઇ,
અઢાઇ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઇ. ૧૩

બેઠે બારા ચલે અઢારા, સુતી વેલા ત્રીશ,
ભોગવેલા ચોસઠ ઘટે, શ્વાસોશ્વાસ જગીશ. ૧૪

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ;
જો આવેલુ જાય તો, જાય સમૂળુ સુખ. ૧૫

દોલત બેટી સુમકી, ખરચી કબુ ન જાય;
પાળી પોષી મોટી કરી, પર ઘર ચાલી જાય. ૧૬

ચૌદા ચુકયા બારા ભૂલ્યા, છ કાયકા ન જાણે નામ;
સારે ગાંમમે ઢંઢેરા ફિર્યા, શ્રાવક હમેરા નામ. ૧૭

બહોત ગઈ થોડી રહિ, મન મત આકુળ હોય;
ધીરજ સબકો મિત્ર હૈ, કરી કમાઈ મત ખોય. ૧૮

મન ચાહે મયગલ ચડુ, મોતી ઘાલું કાંન;
સાંઇ હાથ કતરણીયા, રાખે માનોમાન. ૧૯

આતમ શાખે ધર્મ જ્યાં, ત્યાં જનનું શું કામ;
જન મનરંજન ધર્મનું, મૂલ નહીં એક બદામ. ૨૦

નિંદક ધોબી દો જણા, ધોવત હે સબ મેલ;
ધોબી કમાઈ કરત હે, નિંદક નરકમાં ઠેલ. ૨૧

તિલક કરતાં ત્રેપન થયાં, રૂઢમાળાનાં નાકાં ગયાં;
કથા સુણીને કુટયાકાન, તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન. ૨૨

ઘર છોડી બાવા બન્યા, મનમાં રાખે કુડ;
દોનુ બગાડે બાપડા, પડી મુખમેં ધૂડ. ૨૩

ફિકર સબકુ ખા ગઇ, ફિકર સબકા પીર;
ફિકરકી ફાકી કરે, ઈસિકા નામ ફકીર. ૨૪

વાણી પાણી બે સદા, પવિત્રતા કરનાર;
લલના લાલચ બે સદા, આપદના દાતાર. ૨૫

પરનારી કે યારકો, જરા ન હોવે ચેન;
બાના પીના છોડકે, ફીર પુઠે દિન રેન. ૨૬

સંપથી સંપત્તિ સાંપડે, સંપથી જાએ કલેશ;
જેના ઘરમાં સંપ નહીં, સુખ નહીં લવલેશ. ૨૭

ગાંડી માથે બેડલું, મરકટ કંઠે હાર;
જુગારી પાસ નાંણુ રહે, જતાં કેટલી વાર. ૨૮

સંપત ગઇ તે સાંપડે, ગયાં વળે છે વાહાણુ;
ગત અવસર આવે નાહં, ગયા ન આવે પ્રાણુ. ૨૯

નાણું બીન નીતિતણું, નિશ્ચે નહીં રેનાર;
મુલ્લાં લાવે મુઠીએ, અલ્લા ઉંટ હરનાર. ૩૦

સરખી બુદ્ધિ સર્વને, પ્રભુએ આપી હોત;
તો પંડિત અને મૂરખતણાં, ચિત્ર જગતનહીં જોત. ૩૧

ઉદાર અને કૃપણનો, સરખો વરો સદ્ધાય;
કસર કરે કંજુસ તે, લાખ રીતે લુંટાય. ૩૨
પાપ છિપાવે ન છિપે, છિપેતો મોટો ભાગ્ય;
દાબી દુબી ન રહે, રૂયે લપેટી આગ. ૩૩
પીંપર પાન ખરંતાં, હસતે કુપળીયાં;
હમ વિતિ તુમ વિતશે, ધિરિ બાપડીયાં. ૩૪
નીચી નજરે ચાલતાં, ત્રણ ગુણ મોટા થાય;
કાંટો ટળે દયા પળે, પગ પણ નહીં ખરડાય. ૩૫
ભોજન બીચ પાણી ભલું, ભોજન અંતે છાશ;
મધ્યાને ભોજન કરે, સર્વ રોગનો નાશ. ૩૬
પ્રભુ નામકી ઔષધી, ખરે મન શું ખાય;
રોગ પીડા વ્યાપે નહીં, માહાદુઃખ મીટિજાય. ૩૭
ઓકી દાતણ જે કરે, નયણે હરડે ખાય;
દુધે વાળુ જે કરે, તસ ઘેર વૈદ્ય ન જાય. ૩૮
એક રામ ચડતાં ગયું, રાવણ કેરૂં રાજ;
સોલ રામ શીરપર ચડે, કહો રહે કેમ લાજ. ૩૯
અંધાને અંધો કહે, કડવાં લાગે કેણુ;
ધીરે ધીરે પુછીયે, ભાઇ શાથી ખોયાં નેણુ. ૪૦
વણ પરણેલો પરણવા, પરણ્યો તજવા જાય;
લક્કડકા લાડુ ખાય તે, ન ખાય તે પસ્તાય. ૪૧